ચોથી શ્રેણી

પુસ્તકઃ ૪

બુધવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩
ફાલ્ગુન ૧૫, ૧૯૩૪ શાકે

થી

શુક્રવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૩
ફાલ્ગુન ૧૭, ૧૯૩૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## પ્રથમ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૪)** **ચોથી શ્રેણી**

**વિષય અ નુ ક્ર મ ણિ કા** **પાના નંબર**


### તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૧૫, ૧૯૩૪ શાકે

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ | ૬૩ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૪ | ૯૯ |

### તા.૭મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૧૬, ૧૯૩૪ શાકે

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૦૦ | ૧૧૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૭ | ૧૫૭ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૫૮ | ૧૭૨ |
| ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક,૨૦૧૩ | ૧૭૩ | ૧૭૯ |
| જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક, ૨૦૧૩ | ૧૮૦ | ૧૮૬ |
| સન ૨૦૧૩નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક | ૧૮૭ | ૧૯૪ |

### તા. ૮મી માર્ચ, ૨૦૧૩ / ફાલ્ગુન ૧૭, ૧૯૩૪ શાકે

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૯૫ | ૨૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૧ | ૨૭૮ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૨૭૯ | ૨૮૦ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૮૧ | ૨૮૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૮૨ | ૩૧૭ |

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૧૫, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, તારાંકિત પ્રશ્નો, તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧

**ખંભાતના અખાતમાં બંદર બનાવવાની જાહેરાત**

* ૨૦૧૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાતના અખાતમાં બંદર બનાવવાની જાહેરાત ક્યારે કરવામાં આવી હતી, અને | (૧) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન ઓફરો મંગાવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) કલ્પસર વિભાગ દ્વારા ટેકનોઇકોનોમિક ફીઝીબીલીટી સ્ટડી હાથ ધરવામાં આવી રહેલ છે. જે પૂરી થયેથી આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે. |

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપની મારફતે જાણવા માગું છું કે, જયારે જયારે આણંદ જિલ્લામાં આવેલ બંદરની વાતો થાય છે, પણ છેલ્લા સાત વર્ષથી હજુ સ્ટડી જ કરવામાં આવે છે. ૨૦૦૬-૦૭થી એ સ્ટડી હાથ ધરવામાં આવ્યો છે, એ સ્ટડી કયારે પૂરો થશે, આ યોજનાની શરૂઆત કયારે થશે, આ યોજના પૂરી કયારે થશે અને એનો કુલ ખર્ચો અત્યાર સુધી કેટલો કરવામાં આવ્યો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે જયારે પણ આણંદ જિલ્લામાં જઇને જાહેરાત કરવામાં આવે છે, તો એ સાચી જાહેરાત કરવામાં આવે છે, અત્યાર સુધીમાં એ જાહેરાતના અનુસંધાનમાં ૧૯૯૭થી લઇને આજ સુધીમાં અલગ અલગ પ્રકારની કાર્યવાહી, સમિતિની રચના, કોઇને કોઇ કંપનીને સોંપેલું કામ, એણે કરેલો સર્વે, અને ત્યારબાદ અત્યાર સુધીમાં જે કંઇ કામગીરી થઇ પછી કલ્પસર અને ખંભાત સૂચિત બંદર છે. એ બંને એકબીજા પર આધારિત અને સંકળાયેલા હોવાથી ૨૦૦૮ પછીથી કલ્પસર વિભાગે અન્ય જાહેરાત આપી ઓફરો મેળવી અને એક કંપનીને એ સર્વેની કામગીરી સોપી છે અને એ કામગીરીમાં અત્યાર સુધીમાં ૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલ છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપની મારફતે જાણવા માગું છું કે, આ ખંભાત બંદર ૧૮મી અને ૧૯મી સદીના પ્રારંભમાં મુંબઇ કરતાં પણ વિકસિત હતું પણ સ્થાનિક નેતૃત્વના અભાવે આ ખંભાત..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ પ્રશ્નને લગતો સવાલ પૂછો.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : : માનનીય અધ્યક્ષશ્રી, આના લગતા સવાલની વાત કરું તો આ ખંભાત પોર્ટના અભ્યાસ સાથે બીજા કયા કયા કામ સંકળાયેલા છે એ માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ કામની સાથે ડેમની દક્ષિણમાં દરિયાઇ સર્વેક્ષણ બાબતે નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ ઓશીયન ટેકનોલોજીNI OT દ્વારા છ કરોડ રૂપિયાના ખર્ચે ૨૦૧૦થી કામગીરી શરૂ કરવામાં આવેલી છે, મોટાભાગનો સર્વે પૂર્ણ થયેલ છે, આ એક કામગીરી છે, બીજી કામગીરી કલ્પસર ડેમ સૂચિત છે એના ઉત્તર ભાગમાં દરિયાઇ સર્વેક્ષણ બાબતે આ જ કંપની દ્વારા ૧૪ કરોડ રૂપિયાના ખર્ચે સર્વેક્ષણનો એરિયા ૨૦૦૦ ચોરસ કિલોમીટરનો કરવામાં આવે છે, ત્રીજી કામગીરી ડેમ

કોરીડોર સરવેની કામગીરી આ જ કંપની દ્વારા એટલે કે નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશીયન ટેકનોલોજી,ચિન્નાઇ દ્વારા ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયેલ છે અને ફાઇનલ રિપોર્ટ આવવામાં છે, વધારે અભ્યાસ માટે આ જ કંપની દ્વારા ૦.૦૮૫ કરોડ રૂપિયાના ખર્ચે અન્ય સર્વેની કામગીરી ચાલુ છે, સુનામીની અસરોના અભ્યાસ બાબતે પણ આ જ કંપની દ્વારા ૦.૪૩ કરોડ રૂપિયાના ખર્ચે આ કામગીરી પણ થાય છે, સ્ટોર્મ, પવન, મોજા વગેરેના અભ્યાસ બાબતે આ કંપની દ્વારા ૧ કરોડ ૯૦ લાખ રૂપિયાના ખર્ચે કામગીરી ચાલે છે, અને છેલ્લી કામગીરી હયાત અને નવા સૂચિત બંદર અને કલ્પસરની અસરો બાબતે આ જ કંપની કામ કરી રહી છે.(અંતરાય) બીજો, વહીવટી ખર્ચ થાય ને?

શ્રી પુનમભાઇ મા. પરમાર : : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપની મારફતે જાણવા માગું છું કે, દરેક ચૂંટણીની અંદર હું તો છેલ્લા પંદર વર્ષથી ખંભાતની અંદર જાતે સાંભળું છું, અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ બંદર બનાવવાની જાહેરાત પણ કરેલી છે, તો આ જવાબની અંદર લખ્યું છે કે, નિર્ણય લેવાશે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, બંદર કરવામાં આવશે? અને આવશે તો કેટલા સમયમાં કરવામાં આવશે**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં સ્પષ્ટ લખેલ છે કે, ટેકનોઇકોનીમીક ફીઝીબીલીટી સ્ટડી રિપોર્ટ આ રિપોર્ટ એ ફાઇનલ રિપોર્ટ આવશે અને રિપોર્ટ જે પ્રમાણે સલાહ આપશે એ પ્રમાણે રાજય સરકાર જે જાહેરાત કરે છે એના માટે પૂરો સરવે કરાવે છે અને સરવે પ્રમાણે કામગીરી કરે છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે, આ અંગે સરવે કરવાની જવાબદારી કંપનીને સોંપી છે. ત્યારપછી એની સાથે સંલગ્ન બીજા કામોની જવાબદારી પણ એને સોંપવામાં આવી છે. તો એ બધી વખત ટેન્ડરની પ્રક્રિયા કરી છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હા જી.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૨૦૦૬-૦૭ દરમિયાન ઓફરો મંગાવવામાં આવી હતી, તો કેટલી ઓફરો મળવામાં છે અને આ કલ્પસર યોજના એ નર્મદા યોજના જેવી જ જબરદસ્ત યોજના છે અને ૧૯૯૫થી આનો હજી સ્ટડી ચાલે છે, ૧૯૯૫-૯૬માં જ્યારે માનનીય કેશુભાઇ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે કલ્પસરની એક મોટી વિશાળ જે યોજના બનાવી અને તાત્કાલિક યોજના શરૂ કરવા માટે સમિતિ બનાવી અને કામગીરી શરૂ કરી હતી, આ કલ્પસર યોજના જે નર્મદા યોજના જેવી જ યોજના છે તો એ ક્યારે શરૂ કરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પહેલો સવાલ એમનો હતો કે કેટલી ઓફરો આવી, તો મેસર્સ આઇ.એલ. એન્ડ એફ.એસ. અને બીજી મે. સ્ટર્લીંગ બાયો ટેકનોલોજી અને એમાંથી પહેલી કંપની આઇ.એલ. એન્ડ એફ.એસ.ને કામગીરી સોંપવામાં આવી. બીજો સવાલ બંદરને લગતો છે કલ્પસરની વિગતો માગી છે તેના માટે બીજી નોટિસ આપવાની થાય.

શ્રી દિલીપભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખંભાત બંદર માટે તૈયાર કરવામાં આવેલ અહેવાલ અને શક્યતા અહેવાલ અનુસાર કયા પ્રકારના બંદરની સુવિધા વિકસાવવાનું આયોજન કર્યું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ અંગેનો સ્ટડી રિપોર્ટ આવ્યા પછી જ નક્કી થઇ શકશે. ૨૦૧૩ના અંત સુધીમાં આ સ્ટડી રિપોર્ટ આવશે અને માનનીય સભ્યશ્રીએ જે પૂછયું છે, એ સ્ટડી રિપોર્ટ આવ્યા પછી જ નક્કી થાય.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, યોજનાની જાહેરાત કર્યા પછી કલ્પસર વિભાગને આનું કામ સોંપવામાં આવ્યું અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે કલ્પસર વિભાગે આ સરવે કરવા માટે ટેન્ડરો બહાર પાડ્યા અને એજન્સીની નિમણૂંક આપી, મારે જાણવું છે કે, આ એજન્સી કઇ છે, એનું નામ શું છે અને એ કંપનીએ સ્ટડીનો જે રિપોર્ટ આપવાનો છે એમાં સમય મર્યાદા શું આપવામાં આવી છે અને એ કંપનીએ કેટલા ખર્ચમાં આ કામ કરવાનું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ખર્ચ મેં હમણાં કહ્યો છે. કંપની છે એન.આઇ.ઓ.ટી. નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ ઓશિયન ટેકનોલોજી અને આ કંપની કેન્દ્ર સરકારની છે અને એમાં નેવી ના વાઇસ એડમિરલ  મિસ્ટર બંગાળાના અધ્યક્ષપણા હેઠળ તમામ નિષ્ણાતોની બનેલી કમિટી આ અભ્યાસ કરી રહી છે મેં કહ્યું તેમ પંદર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે અને આ વર્ષના અંત સુધીમાં આ રિપોર્ટ આવી જવાની શક્યતા છે.

**નવસારી જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨-૧૩ દરમિયાન વિના મૂલ્યે કૃષિ કિટસનું વિતરણ**

* ૧૩૮૪ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય કૃષિ  મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨-૧૩ના કૃષિ મહોત્સવ દરમિયાન નવસારી જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૫૫૧ ખેડૂતોને કૃષિ કીટ્સ ૨૬૮૦ ખેડૂતોને બાગાયત કીટ્સ અને ૧૯૩૫ પશુપાલકોને ઘાસચારા કીટ (પશુપાલન ખાતા મારફતે) |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) રૂા. ૧,૨૯,૩૭,૩૪૨/-. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના કાર્યક્ષમ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ...

અધ્યક્ષશ્રી : પિયુષભાઇ અને માનનીય તમામ સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે પ્રસ્તાવના વગર સીધો પ્રશ્ન પૂછો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ દરમ્યાન જે કૃષિ વિકાસ દર જાળવી રાખ્યો છે એના સંદર્ભમાં જ આ સવાલ છે કે નવસારી જિલ્લામાં મારા જે પાંચ તાલુકા આવે છે એમાં કેટલા કૃષિ કીટ્સ ખેતી અંગેના અને કેટલા બાગાયત પાક અંગેના આપવામાં આવે છે અને કૃષિ કીટ્સના વિતરણ માટે કયા ગામોને પસંદગી આપવામાં આવે છે અને આ ગામોમાં યોજનાવાર કેટલી કીટ ફાળવવામાં આવેલ છે.

શ્રી ગોવિંદભાઇ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ અંતર્ગત કોઇ ગામને બાધ નથી. દરેક ગામને એમાં સમાવવામાં આવે છે અને બધાજ ગામોને કૃષિ કીટ્સ આપવામાં આવે છે. ગામદીઠ ખેતી માટે કૃષિ કીટ્સ એગ્રી-૩ અનુસૂચિત જનજાતિને દસ.  અનુસૂચિત  જાતિને  ૩,  સામાન્ય  ખેડૂતને  ૫  અને બાગાયત હોર્ટીકલ્ચરમાં અનુસૂચિત જાતિને ૫, અનુસૂચિત જનજાતિને ૨ થી ૫ અને સામાન્ય ખેડૂતને ૫ એ રીતે કીટનું વિતરણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો જે બીજો પ્રશ્ન છે તેમાં નવસારીમાં ખેતીમાં ૬૫૦, બાગાયતમાં ૫૭૦, ગણદેવી ખેતીમાં ૪૧૦, બાગાયતમાં ૪૧૦, વાસદમાં ખેતીમાં ૧ હજાર, બાગાયતમાં ૩૯૦, ચીખલીમાં ખેતીમાં ૧૧૧૬, બાગાયતમાં ૭૬૦, જલાલપુરમાં ખેતીમાં ૩૭૫ અને બાગાયતમાં ૫૫૦ એમ કુલ મળીને ૩૫૫૧ ખેતીમાં અને ૨૬૮૦ બાગાયતમાં આપવામાં આવે છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, જવાબમાં આપ્યું છે કે ૩૫૫૧ ખેડૂતોને કૃષિ કીટ્સ ૨૬૮૦ ખેડૂતોને બાગાયત કીટ્સ વગેરે આપવામાં આવ્યું છે. આ કૃષિ કીટની અંદર કૃષિ મહોત્સવ ૨૦૧૨માં વિશ્વના બધાજ દેશોએ જે દવાને પ્રતિબંધિત કરી છે અને નામદાર સુપ્રીમ કોર્ટે પણ જેના ઉપર બાન મૂકયો. ભારત સરકારે દરેક રાજયોને પરિપત્ર કર્યો અને એ પરિપત્ર ગુજરાત રાજયને મળી ગયો હોવા છતાં કૃષિ મહોત્સવ ૨૦૧૨ની અંદર એન્ડોસલ્ફાન નામની દવાનું વિતરણ રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યુ હતું એ હકીકત ખરી છે ?

શ્રી ગોવિંદભાઇ  ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એન્ડોસલ્ફાન એ ભૂતકાળમાં એક સકસેસ દવા હતી પરંતુ કોઇ એનજીઓએ સુપ્રીમ કોર્ટમાં આ પ્રકારની રિટ કરેલી તેના કારણે આજે પ્રતિબંધિત છે અને બાકીનું તેમનું સૂચન છે. (અંતરાય) આની અંદર કોઇ એવી માહિતી માગવામાં આવેલી નથી એટલે મારી પાસે માહિતી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આ દવા તમે વેચી છે કે નહીં? (અંતરાય) કૃષિ મહોત્સવ વખતે (અંતરાય)

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧-૧૨માં આવી કોઇ દવાનું વિતરણ કરવામાં આવેલ નથી. .(અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ. તેમણે ના પાડી દીધી. તેમણે એમ કહ્યું કે ૨૦૧૧-૧૨માં આવી કોઇ દવા વેચવામાં આવી નથી અને છતાંય જવાબ ખોટો હોય તો તમે નિયમ મુજબ કાર્યવાહી કરી શકો છો. (અંતરાય) બેસો..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : : માનનીય અધ્યક્ષશ્રી, મને માફ કરશો. અમારે આપનું પ્રોટેકશન જોઇએ છીએ. ડગલે અને પગલે જો •(xxxxxx) આપવાના હોય તો એ રેકર્ડ રાખી રાખીને અમારે આપના માધ્યમથી કહેવું પડે છે.

અધ્યક્ષશ્રી : એવું નથી. વિધાનસભાની અંદર નિયમો છે કે કોઇપણપ્રશ્નનો (xxxxxx)આપ્યો હોય તો તેના માટે ચર્ચા નહીં થઇ શકે .(અંતરાય) તમે બેસો. તેમણે સ્પષ્ટ જવાબ આપ્યો કે ૧૧-૧૨ની અંદર આવી કોઇ કૃષિ મહોત્સવ વચ્ચે દવા વંહેચાઇ નથી. આ એનો સ્પષ્ટ જવાબ છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ખ્યાલ નહીં હોય કે તેઓ શું પૂછી રહ્યાં છે. એમણે પ્રશ્ન માત્ર એટલો જ પૂછ્યો અને પ્રશ્નમાં ના પાડી, આ ૧૨-૧૩નો પ્રશ્ન છે. તેમને ખ્યાલ નહીં આવતો હોય.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨નો તેમણે પ્રશ્ન પૂછ્યો છે અને ૨૦૧૨માં આવી કોઇ દવાનું વિતરણ કરવામાં આવેલ નથી.

**ભરૂચ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૪૧૨ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૬૮ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૫૬ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૫૫,૦૦,૦૦૦/-. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં કેટલી સહાય આપવામાં આવે છે ? અને ભરૂચ જિલ્લામાં અરજીઓ નામંજૂર થઇ તો તેના શું કારણો છે ? સીધી લીટીનો વારસદાર હોય પણ ખાતેદાર ના હોય તો લાભ મળવાપાત્ર છે કે કેમ ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂત અકસ્માત વીમામાં જો કોઇ ખેડૂતનું મૃત્યુ થાય તો ૧ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. એમના બે પગ અથવા બે હાથને નુકસાન થાય તો પણ ૧ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. બે આંખ, કે એમાંથી એક આંખ, એક પગ અથવા એક હાથને નુકસાન થાય તો ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. પતિ અને પત્નિ બે માંથી કોઇ એકને અકસ્માત થયો હોય અને મૃત્યુ થયું હોય તો જે જીવીત હોય તેમને તેનો લાભ મળે છે. બે માંથી એક જ જીવીત હોય અને તેમનું જો અકસ્માતમાં મૃત્યુ થાય તો તેમના પુત્રોને આનો લાભ મળે છે, અને જો પુત્રો ન

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

હોય તો તેમના મા–બાપને લાભ મળે છે, અને જો મા–બાપ ન હોય તો જો એ ખેડૂતની સાથે વિધવા બહેન અથવા અપરીણિત બહેન રહેતી હોય તો તેમને એનો લાભ મળે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એક પગ અને એક હાથ ગુમાવે તો ૫૦૦૦૦ રૂપિયા સહાય મળે છે અને બન્ને પગ અને બન્ને હાથ ગુમાવે તો ૧ લાખ રૂપિયા સહાય મળે છે, મને લાગે છે કે આ જવાબ એમનો ખોટો હોય, બન્ને હાથ કે બન્ને પગ ગુમાવે તો પણ ૫૦૦૦૦ રૂપિયા જ સહાય આપવામાં આવે છે તે વાત સાચી છે? અને આ સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વીમા કંપની સાથે જે રીતે સમજૂતિ થઇ છે તે રીતે મેં જે માહિતી આપી છે તે બરાબર જ છે. અને સહાય વધારવા માટેનું એમનું સૂચન છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ખાતામાં નામ નહીં હોવાના કારણે સીધા વારસદાર હોય તેમને પણ આ યોજનાનો લાભ મળતો નથી, તો સીધા વારસદાર હોય અને તેમના ખાતામાં નામ ન હોય છતાં પણ તેનો લાભ મળે છે કે કેમ તે મારે જાણવું છે.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે ખેડૂત છે તેને, અને તેનો સીધો વારસદાર, એને ખાતામાં નામ ન હોય તો પણ તેનો લાભ મળે છે. આમા કુલ ૩ વ્યક્તિઓને આ વીમા નીચે આવરી લીધેલ છે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે કયારેક અજ્ઞાનતાના કારણે કોઇ ખેડૂતના દીકરાનું કે ખેડૂતનું અકસ્માતમાં મૃત્યું થયું હોય પછી અજાણતાના કારણે તેની વિધિ બધી થઇ જાય અને તેનું પોસ્ટમોર્ટમ કરાવ્યું ન હોય, તો તેના કારણે તેમને સહાય મળતી નથી. તો તેના માટે પોસ્ટમોર્ટમ કરાવ્યું ન હોય તો પણ સહાય મળી શકે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : પોસ્ટમોર્ટમ કરવું ફરજિયાત છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જે ખેડૂત જન્મજાત ખેડૂત ન હોય કે વારસાઇથી પણ ખેડૂત ન બન્યા હોય, પરંતુ વીલથી ખેડૂત બન્યા હોય તેને અકસ્માત થાય તો આ વીમા યોજનાનો લાભ મળી શકે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ખેડૂત છે તે ખાતેદાર ખેડૂત હોવા જોઇએ, ૭/૧૨ અને ૮(અ)માં તેમનું ખેડૂત તરીકે નામ હોય તો તેમને આનો લાભ મળી શકે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, જયારે કોઇ ખેડૂતને હડકાયું કૂતરું કરડયું હોય અને તેના થકી જે ખેડૂત મૃત્યુ પામે તો તેમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવતું નથી, અને તેના કારણે તેમને સહાય મળતી નથી. તો એમાં સુધારો કરી અને તેમને આ વીમા યોજનાનું વળતર આપવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : એવા કિસ્સામાં ડોકટર લખીને આપે કે આ અકસ્માતમાં મૃત્યુ થયું છે અને આ કારણસર તેમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું નથી, તો તેમને પણ સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટેની આ ખૂબ સરાહનીય યોજના છે. ત્યારે આ વીમા યોજના માટે મુખ્ય શરતો કઇ કઇ છે અને સહાયનું ચૂકવણું કેવી રીતે થાય છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા : આમાં મૃતક અથવા કાયમી અપંગ વ્યકિતએ પોતાના નામે જમીન ધારણ કરેલ હોવી જોઇએ, જમીન ધારણ કરેલ ખેડૂતને આ વીમાની રકમ પૂરી પાડવામાં આવે છે. મૃત્યુ અથવા કાયમી અપંગતા એ અકસ્માતના કારણે થયેલ હોવું જોઇએ. કુદરતી મૃત્યુ અથવા અપંગતાના કિસ્સાનો સમાવેશ આ યોજના નીચે થતો નથી.

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩
તારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

* ૧૪૦૧ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૮૦ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂપિયા ૭૯,૭૮૨/–. |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં જીપ્સમનોલાભ ૮૦ જેટલા ખેડૂતોએ લીધો છે અને તેમને ૭૯૭૮૨ રૂપિયા જેટલી રકમ ચૂકવવામાં આવેલી છે. તો ખેતીવાડી શાખા દ્વારા આ યોજના જીપ્સમ સહાયનો લાભ વધુ ખેડૂતો લઇ શકે તે માટે આની વધારે જાહેરાત થાય અને પ્રચાર થાય તેવી મારી વિનંતી છે. હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે ખેતીની જમીનમાં જીપ્સમના ઉપયોગ માટે યોજનાવાર સહાયના ધોરણો શું છે, બીજું કે પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર જીપ્સમનો હાલમાં શું ભાવ ચાલે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : જીપ્સમ છે એ ખાતર બનાવતી કંપનીઓનું આ બાય પ્રોડકટ છે. એટલે ફેકટરીથી ઉપાડીને જે તે તાલુકામાં પહોંચાડવામાં આવે છે એનો કાર્ટીંગનો ભાવ લાગે છે. હાલોલમાં ૬૪૫, કાલોલમાં ૬૪૬, ઘોઘંબામાં ૬૪૭, જાંબુઘોડા ૬૪૭, ગોધરામાં ૬૪૯, શહેરામાં ૬૫૦, મોરવા ૬૫૨, લુણાવાડા ૬૫૨, કોઠંબા ૬૫૨, ખાનપુર ૬૫૪, સંતરામપુર ૬૫૬, કડાણા ૬૫૬ આ પ્રકારે ટનનો ભાવ હોય છે. અને જે પ્રકારે ખેતીની જમીનમાં જીપ્સમની ભલામણ કરવામાં આવે છે. એમાં આઇસોકોમ યોજના એટલે Integrated scheme on Oilseeds and Pulses Oilfarm and Maize Development હેઠળ હેકટરે જીપ્સમ નાખવાના ખર્ચના ૫૦ ટકા અથવા ૭૫૦ અથવા બેમાંથી જે ઓછું હોય એ આપવામાં આવે છે. વર્કપ્લાન યોજના હેઠળ હેકટરે થનાર ખર્ચના ૫૦ ટકા અથવા ૫૦૦ રૂપિયાની મર્યાદામાં. NFSM માં ઘઉં એટલે નેશનલ ફૂડ સિકયોરીટી મિશન હેઠળ યોજનામાં હેકટરે થનાર ખર્ચના ૫૦ ટકા અથવા ૭૫૦ની મર્યાદામાં. NFSMના કઠોળની યોજનામાં હેકટરે થનાર ખર્ચના ૫૦ ટકા અથવા ૭૫૦ રૂપિયા એ રીતે આપવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : મારે મંત્રીશ્રીને પૂછવું છે કે વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન પંચમહાલ જિલ્લામાંથી જીપ્સમ સહાય માટે કુલ કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : પંચમહાલ જિલ્લામાં જીપ્સમ સહાય માટેની કુલ અરજીઓ આઇસોકોમ યોજના નીચે ૬૪ ખેડૂતોની અરજીઓ મળી એમાં સહાય ૫૪૧૪૭ રૂપિયા આપવામાં આવી. બીજી યોજનામાં આઇસોકોમ કુલ ૧૬ મળી અને એ બધી મંજૂર કરવામાં આવી અને ૨૫૬૩૫ રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું.

શ્રી સી. કે. રાઉલજી : આ વેટ ઉપર ચાલતી સરકારને મારે એ પૂછવું છે કે જીપ્સમ સિવાય ખેડૂતો યુરિયા, સલ્ફેટ અને ડી.એ.પી. ખાતર વગેરે વાપરે છે. તો જીપ્સમ સિવાય આ યુરિયા, સલ્ફેટ,ડી.એ.પી. ખાતર ઉપર સહાય આપવા માગે છે છે કે કેમ, જીપ્સમ ઉપર વેટ હોય તો એ દૂર કરવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : આ નાણા ખાતાનો સવાલ છે, આને કંઇ લાગતું વળગતું નથી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હું જાણવા માગું છું કે ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી છે એનાથી ખેડૂતોને ઉત્પાદનમાં શું ફાયદો થયો છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : જે પ્રકારની જમીન ખરાબ હોય, એ પ્રકારની ખરાબ જમીનમાં ખેતીવાડી અધિકારી મારફત ભલામણ કરવામાં આવે કે જેમાં પિયત ૮.૨ થી ઓછું હોય, આવી જમીનમાં જેની ભલામણ કરવામાં આવે છે અને એમાં જીપ્સમ નાખવાથી જમીનમાં સુધારો થાય છે અને ઉત્પાદનમાં વધારો થાય છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : આ જીપ્સમ ખાતર નથી પરંતુ જમીનમાં જીપ્સમની ખોટના હિસાબે એનો ઉપયોગ થાય છે. પણ આ જમીનનો લેબોરેટરી રિપોર્ટ સોઇલ હેલ્થ કાર્ડ દ્વારા થયા પછી જીપ્સમની જયાં ખામી હોય એવા ખેડૂતોને પસંદ કરવામાં આવે છે કે કેમ, અને આ સહાય વધારવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : જે પ્રકારની જમીનમાં ખેતીવાડી ખાતાના અધિકારીઓની ભલામણ હોય છે એ પ્રકારની જમીનના ખેડૂતોને સહાય આપવામાં આવે છે. અને સહાય વધારવા માટેની વાત કરી એ સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જીપ્સમ શા માટે વાપરવામાં આવે છે અને કયા કયા પ્રકારની જમીનમાં તેનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી મેં અગાઉ જવાબ આપ્યો એ પ્રમાણે જે જમીનમાં ભાષ્મિક જમીન હોય એટલે કે પિયત આંક ૮.૨થી ઓછો હોય તેમાં ભલામણ કરવામાં આવે છે અને પાકમાં સલ્ફર પોષક તત્વના સ્ત્રોત તરીકે ૨૫૦ કિલોગ્રામ હેકટરે અને ભાષ્મિક જમીનમાં જમીન સુધારક તરીકે એક થી બે ટન પર હેકટર સૂચવવામાં આવે છે.

**સિધ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા બાબત**

* ૫૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૧લી જાન્યુઆરી–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા અંગે તેમજ મહત્વનું તીર્થસ્થાન જાહેર કરવા અંગે રાજ્ય સરકારને કોના કોના દ્વારા ક્યારે માગણીઓ મળી હતી, અને | (૧) સિધ્ધપુર માતૃતર્પણનું સુપ્રસિધ્ધ તિર્થસ્થાન છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન આ મહત્વના તિર્થસ્થાનને નવપલ્લવિત કરવાનું કાર્ય હાથ ધરવામાં આવેલ છે. તિર્થસ્થાનોના વિકાસના અભિગમના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા આ તિર્થસ્થાનને વિકસાવવામાં આવ્યું છે. |
| (૨) આ અંગેની કાર્યવાહીની પરિસ્થિતિ ઉક્ત સ્થિતિએ શી છે? | (૨) આ કામગીરીના ભાગરૂપે છેલ્લા બે વર્ષ દરમ્યાન 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ' અને 'ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ'દ્વારા સિધ્ધપુર ખાતે ખુબ જ મહત્વના કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં બિંદુ સરોવર, અલ્પા સરોવર, સિધ્ધેશ્વરમહાદેવ, યજ્ઞશાળાને નવપલ્લવિત કરવાના કામો તેમજ જ્યોર્તિલિંગ, ઘાટ વિકાસ, સાઇબાબા મંદિર, ગોગા મહારાજ મંદિર, પરીશર વિકાસ, ઈત્યાદી કામોનો સમાવેશ થાય છે. |

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રીને જે પ્રશ્ન પૂછયો હતો એમાં મને જે જવાબ આપવામાં આવ્યો છે, મેં માત્ર એમ જ પૂછયું હતું કે આ તીર્થ સિદ્ધપુર યાત્રાધામ બોર્ડમાં કોની કોની રજૂઆત કરવામાં આવી તેના બદલામાં મને જવાબ એ પ્રમાણેનો આપ્યો નથી અને બીજી રીતે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. એટલે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આટલા બધા વિકાસમાં આજની સ્થિતિએ શું હતું, તો જેટલો વિકાસ કર્યો એ પ્રમાણેની વાત કરવામાં આવી છે. મારી માનનીય

મંત્રીશ્રી પાસે પ્રશ્ન પૂછવા પાછળની મહત્વની લાગણી હતી કે સરકારે જે કામ કર્યું છે એ પ્રમાણે બિંદુ સરોવરનો જે વિકાસ થયો, સિદ્ધપુરમાં જે વિકાસના કામો બતાવ્યા છે પણ ભૂતકાળમાં આ શરૂઆત ૧૯૯૫થી થયેલી. (અંતરાય) એટલા માટે તમે જવાબ સરખો નથી આપ્યો એટલે.

અધ્યક્ષશ્રી : તેમને જવાબ ન આપો. તમે સવાલ પૂછો. નીતિનભાઇ, તમારે જવાબ આપવાનો છે? તો તમે ઉભા થઇને જવાબ આપો. તમે વચ્ચે શા માટે પ્રશ્ન પૂછો છો. પ્લીઝ. બલવંતસિંહ, તમે તમારો સવાલ પૂછો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે પણ જેમ સરકારે વાત કરી છે એ પ્રમાણેની વાત કરવી છે. આમાં લોકોએ કરોડો રૂપિયા દાન આપેલું છે. કેટલી મોટી જમીન આમાં આપવામાં આવી છે અને છતાં પણ સરકારશ્રી તરફથી હમણાં માત્ર આ લોકોના નામ જતા રહે એ બાબતે ફરીથી એક ટ્રસ્ટ કર્યું છે, જેમાં નિરમાનું પણ મોટું ડોનેશન છે છતાં પણ સરકારશ્રીએ એક પેપરમાં સંપાદન કરવા માટેની એક જાહેરાત આપેલી. તે બાબતે મારે પૂછવું છે કે સંપાદનની પ્રક્રિયા સામે હાઇકોર્ટે સ્ટે આપ્યો છે? બીજી મારે વાત કરવી છે કે જયારે ભારતમાં માતાનું શ્રાદ્ધ સિદ્ધપુરમાં થતું હોય અને મારા પ્રશ્નનો જે હેતુ હતો, તો આટલો મોટો ખર્ચ કરેલ છે, તો સરકાર સિદ્ધપુરને યાત્રાધામ વિકાસ બોર્ડમાં સામેલ કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો તેમાં તેમના લાંબા ભાષણ પછી બે મુદ્દા ઉપસ્થિત થાય છે. એક, હાઇકોર્ટની સંપાદનની પ્રક્રિયા, એ એમના પ્રશ્નમાંથી ઉદભવતો મુદ્દો નથી. બીજો મુદ્દો એ કે આ સરકારે સમગ્ર ગુજરાતમાં જેનું સાંસ્કૃતિક મહત્વ છે, જેનું ઔતિહાસિહ મહત્વ છે, જેનું પૌરાણિક મહત્વ છે, આવા સ્થાનોનો ભૂતકાળમાં ન થયો હોય તેના કરતા અનેકગણો વિકાસ નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં થયો છે.

અધ્યક્ષશ્રી : આને તમે એમાં ભેળવવા માગો છો કે નહીં એ એમનો સવાલ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારા આવા પવિત્ર સ્થાનો જયાં છે તેના વિકાસ માટે અત્યાર સુધીમાં માતબર રકમ બિંદુ સરોવર, સિદ્ધેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવમાં અમે ફાળવી છે અને એના આધાર ઉપર એ વિકાસ પૂર્ણતાના આરે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછયો કે સરકાર સિદ્ધપુરને યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માગે છે કે કેમ? હા કે ના.

અધ્યક્ષશ્રી : વિકાસ બોર્ડમાં નહીં, એની પાછળ પૈસાનો ખર્ચ કરીએ છીએ એમ કહ્યું. એક મિનિટ, માનનીય રણછોડભાઇ..

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સિદ્ધપુરની ધાર્મિક જગ્યાનું મહત્વ શું છે? દર વર્ષે ત્યાં કેટલા લોકો મુલાકાત લેતા હોય છે અને એના પ્રચાર અને પ્રસાર માટે શું શું આયોજન કર્યું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સિદ્ધપુરનું પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક અનેરું મહત્વ છે. આ સ્થાન છે જ્યાં કપિલ મુનિએ એમની માતા દેહુતિને જ્ઞાનનો ઉપદેશ આપીને એમને મોક્ષ પ્રાપ્ત કરાવ્યો હતો અને એ મોક્ષ થવાના કારણે એ સ્થાને માતા દેહુતિની આંખમાંથી હર્ષના આંસુ નીકળ્યા હતા, એના કારણે એને બિંદુ સરોવર કહેવામાં આવે છે. એના કારણે રોજના બે હજાર કરતાં વધારે લોકો એ સ્થાનની મુલાકાત લે છે અને જ્યારે કાર્તિક પૂર્ણિમા હોય છે ત્યારે છથી સાત લાખ લોકો ત્યાં આવે છે અને મહાશિવરાત્રીએ એક લાખ કરતાં પણ વધારે લોકો ત્યાં આવે છે. (અંતરાય) એના પ્રચાર અને પ્રસાર માટે સરકાર કામગીરી કરી રહી છે. આ માતૃતર્પણ સ્થાન છે. આખા દેશમાં જોઇએ તો માન સરોવર, ગંગા સરોવર, પંપા સરોવર, નારાયણ સરોવરની સમકક્ષ આ માતૃતર્પણ સ્થાન છે. આ રીતે પ્રચાર પ્રસાર કરવાના કારણે દેશભરમાંથી મોટી સંખ્યામાં લોકો માતૃ તર્પણ માટે અહીં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ભૂતકાળમાં સરકાર યોજના લઇને આવી હતી. જેટલી પણ નદીઓમાં પાણી નથી, એમાં પાણી નાંખવામાં આવશે. ભૂતકાળમાં કરોડો રૂપિયા ખર્ચીને, પ્લાસ્ટીક પાથરીને સિદ્ધપુરની આ કુંવારીકા સરસ્વતી નદીમાં પાણી

નાંખવામાં આવ્યું હતું. આજની તારીખમાં એમાં પાણી છે કે નહીં? આ યાત્રા સ્થાનો છે એમાં સિદ્ધપુરમાં વ્હોરાની કમ્યુનીટી વધારે વસે છે, ત્યાં તેમનું મ્યુઝિયમ આવેલ છે એનો એમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિંદુ સરોવરમાં હાલમાં પાણી છે, આ સરસ્વતી નદીમાં નર્મદાના પાણીનો સંગમ કરાવીને એક અનેરું સ્થાન ગુજરાતમાં પૂરું પાડ્યું છે. આ સન્માનનીય સભાગૃહને મારે જણાવવું છે કે, આ સરોવરમાં નર્મદાનું પાણી છે અને આ દેશના લાખો લોકો માતૃ તર્પણ ક્રિયા કરાવવા માટે અહીં આવે છે. વ્હોરા મ્યુઝિયમના સંદર્ભમાં જોઇએ તો તેમાં વ્હોરા મ્યુઝિયમ સિદ્ધપુર, એમાં વ્હોરા સમાજના લોકોનું કલ્ચર અને આર્ટ, એમના મકાનના આર્ટી ફેક્ટસ, તેમનો પહેરવેશ, રહેણી–કરણી, ખાણી–પીણી વગેરે વસ્તુઓ મૂકી રાખવાનું નક્કી કરેલ છે. અને એના માટે એના એરાઇવલ પ્લાઝા, પાર્કીંગ, રૂટ આધારીત સાઇનેઝ, હયાત બિલ્ડીંગનું રિનોવેશન, બ્યુટીફિકેશન, આ વ્હોરા સમાજની એકટીવીટી દર્શાવતું પ્રદર્શન, વ્હોરા કોમ્યુનીટી ઉપર સ્ક્રેપ રાઇટીંગ, વ્હોરા સમાજની ધાર્મિક વસ્તુઓ મૂકવાનું શો–કેશ, મ્યુઝિયમમાં આવતી અલાયદી એન્ટ્રી, ટોઇલેટ બ્લોક ઉપરાંત આ સ્થાન માટેની આ સરકારે ચિંતા કરેલી છે.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ પ્રશ્ન પૂછાઇ ગયા પછી ઉભા નહીં થવાનું, તમારા બે પ્રશ્નનો જવાબ આપ્યો છે, તમારે પૂછવું છે. શ્રી તારાચંદભાઇ.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પ્રશ્ન પૂછવા માગું છું કે,...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછવા માગું છું એવી પ્રસ્તાવના કરવાની જરૂર નથી. સીધો પ્રશ્ન જ પૂછો..

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ તો સિસ્ટમ છે એટલે. આ યાત્રાધામોના વિકાસ માટે જે સંગઠન સરકારે રચ્યું, એનો વિચાર કયારે આવ્યો અને એ યાત્રાધામ વિકાસની રચના કયારે થઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારનો યાત્રાધામ વિકાસનો વિચાર આવ્યો છે અને એના આધાર ઉપર આ યાત્રાધામોનો વિકાસ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ ૬. માનનીય ભરતભાઇ પટેલ. (અંતરાય) બધાએ પૂછવો હોય, દસ મિનિટ થઇ. પ્રશ્ન ક્રમાંકઃ ૬. તમે બેસી જાવ પુંજાભાઇ. એક મિનિટ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પૂછયો છે એનો જવાબ જ નથી આપતા. અંતરાય.. મૂળ પ્રશ્નનો જવાબ જ નથી આપ્યો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે બેસી જાવ પુંજાભાઇ (અંતરાય) પ્રશ્ન જેમણે મૂવ કર્યો છે એ બોલે. એક પ્રશ્ન પૂછે એનો સ્પષ્ટ જવાબ આપજો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બુકમાં પણ મેં સ્પષ્ટ પૂછયું છે અને ફરીથી હું એક જ પ્રશ્ન પૂછવા માગુ છું કે સિદ્ધપુરને વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માગો છો કે કેમ? હા કે ના માં કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સિદ્ધપુરનું સ્થાન એ પૌરાણિક અને અત્યંત ધાર્મિક સ્થાન છે. (અંતરાય)આ અત્યંત પવિત્ર અને ધાર્મિક સ્થાનના વિકાસ માટે આ રાજય સરકારે બિંદુ સરોવરના વિકાસ માટે ૩૫.૧૬ કરોડ (અંતરાય)સાહેબ મારો જવાબ તો સાંભળવો પડે. (અંતરાય)સાહેબ જવાબ સાંભળવો પડે.

અધ્યક્ષશ્રી : (અંતરાય) અરે તમે એમનો જવાબ તો સાંભળો તમે શેના માટે બોલો છો? (અંતરાય)બલવંતસિંહને એલાઉ કર્યા છે. મેં પણ કહ્યું છે કે તમે એટલું કહેજો કે તમે યાત્રાધામમાં કરવા માગો છો કે નહીં અને ના કરવાના હોય તો કહી શકે કે સૂચન છે કે એમને જે કહેવું હોય એ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,હું આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે બિન્દુ સરોવરમાં ૩૫.૧૬ કરોડ ખર્ચ્યા (અંતરાય)

અધ્યક્ષશ્રી :તમે એનો યાત્રાધામમમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યંત ધાર્મિક સ્થાન તરીકે અમે આના વિકાસની પ્રક્રિયા આગળ વધારીશું.

**વલસાડ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

* ૧૩૯૧ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં ૬<br>વર્ષ ૨૦૧૧-૧૨ માં ૫<br>કુલ - ૧૧ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ ૫૭૫ ખેડૂતો. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડૂત શિબિરો કયા કયા હેતુસર યોજવામાં આવે છે અને આ શિબિરોમાં કયા વિષયો આવરી લેવામાં આવે છે અને આ શિબિરોમાં ખાતાની કઇ કઇ યોજનાઓની માહિતી આપવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી એ જ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે એ ધ્યાનમાં લઇને આ રાજય સરકારે ખેડૂતોને લેટેસ્ટ ટેકનોલોજીનો અનુભવ થાય એનું પ્રત્યક્ષ જ્ઞાન મળે એનું નિદર્શન થાય એટલા માટે રાજય સરકાર કૃષિ રથનું દર વર્ષે આયોજન કરે છે અને એ જ પ્રકારે કૃષિની શિબિરોનું પણ આયોજન થાય છે. કૃષિ શિબિરોમાં પાકની જમીનની તૈયારીથી માંડીને અનેક પ્રકારની રાજય સરકારની યોજનાઓ ખાતર, જમીનની ચકાસણી, યાંત્રિકરણ, પાણી, કયા પ્રકારના રોગમાં કેવી રીતે એનું નિયંત્રણ કરવું આ તમામ પ્રકારનું ખેડૂત શિબિરમાં માર્ગદર્શન આપવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કયા પ્રકારના ખેડૂતો ભાગ લઇ શકે છે અને જો ભાગ લઇ શકે તો શું ફાયદો થાય છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીકામ કરતો કોઇપણ ખેડૂત આ શિબિરમાં ભાગ લઇ શકે છે. જે ગામમાં શિબિર યોજવામાં આવે છે એ ગામની આજુબાજુના ગામમાં પણ એ લોકો ભાગ લઇ શકે છે અને એમાં કૃષિ તાંત્રિકતામાં વધારો થયેલ છે અને આ પ્રકારની શિબિરના કારણે, ખેડૂતની જાગૃતિના કારણે કૃષિ આવકમાં, કૃષિના ઉત્પાદનમાં વધારો અને પાકમાં સુધારો થયેલો છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વર્ષ ૨૦૧૧-૧૨માં વલસાડ જિલ્લાના પાંજીયા તાલુકામાં કેટલી કૃષિની કાર્ય શિબિર યોજવામાં આવી? અને તેમાં કયા તજજ્ઞો યુનિવર્સિટીના કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના હતા એમને તાલીમ આપવામાં આવી?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં પારડીમાં ૨, ધરમપુરમાં ૧, કપરાડામાં ૧, વલસાડમાં ૧ અને ઉમરગામમાં ૧ એમ કુલ ૬ શિબિરો કરી અને ૬૦૦ જેટલા ખેડૂતોએ એમાં ભાગ લીધો. વર્ષ ૨૦૧૧-૧૨માં ઉમરગામમાં ૧, ધરમપુરમાં ૨, કપરાડામાં ૧ અને પારડીમાં ૧ એમ કુલ ૫ શિબિરો થઇ અને એમાં ૨૭૫ ખેડૂતોએ ભાગ લીધો.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી :** માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂત શિબિરો અને કૃષિ મહોત્સવો દ્વારા કૃષિનો વિકાસ દર તો વધ્યો છે પણ આ રાજય સરકારે કૃષિ મેળાઓ ખૂબ આકર્ષક અને મહત્વના કર્યા છે તો આ રાજય સરકાર આ વર્ષે પણ આવા કૃષિ મેળાઓ કરવા માગે છે કે કેમ?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** આ સવાલ કૃષિ શિબિર અંગેનો છે પણ માનનીય સભ્યશ્રીએ જાણકારી માટે પૂછયું છે તો રાજ્ય સરકારનું ખેડૂતોને માર્ગદર્શન માટેનું કૃષિ રથનું એક આગવું આયોજન છે. એ આયોજન ચાલુ વર્ષે પણ ચાલુ રહેવાનું છે અને આ કૃષિ રથ અને કૃષિ શિબિરો દ્વારા મને કહેતા આનંદ થાય છે કે આ બધી જાગૃતિના કારણે ૯ હજાર કરોડ રૂપિયા ઉપરાંતનું ખેતીનું ઉત્પાદન થયું છે.

**અધ્યક્ષશ્રી :** તમને કહેતા આનંદ થાય એના કરતા સાંભળીને આનંદ થાય એવું બોલો.

**શ્રી રમણલાલ ના. પાટકર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે ૧૧ જેટલી શિબિરો વલસાડ જિલ્લામાં થઇ એ કઇ કઇ યોજના હેઠળ થઇ અને એમાં ખેડૂતોને કયા પ્રકારનું જ્ઞાન આપવામાં આવે છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** મેં કહ્યું એ પ્રકારે હમણાં જ માનનીય સભ્યશ્રીના જવાબમાં મેં કહ્યું કે આટલી શિબિરો કરવામાં આવી. એ શિબિરોમાં જે જ્ઞાન આપનારા તજજ્ઞો છે એ આખો સમુદ્ર ભરીને જાય છે. જેની પાસે જે પ્રકારનું જેવડું પાત્ર હોય એ પાત્ર ભરવાની એમને છૂટ હોય છે. કોઇ પાસે ટબુડી હોય તો ટબુડી પણ ભરી શકે છે અને કોઇ પાસે હાંડો હોય તો હાંડો પણ ભરવાની એમાં છૂટ છે.

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમણે જણાવ્યું કે ૧૧ ખેડૂત શિબિરો કરી છે તો ૭૦૦ વૈજ્ઞાનિકો અને ૪ યુનિવર્સિટીઓ દ્વારા કોઇ નવા બિયારણનું સંશોધન કર્યું હોય એની કોઇ માહિતી આ શિબિરમાં આપેલ છે કે કેમ અને ક્યા ક્યા નવા બિયારણનું આ ૭૦૦ વૈજ્ઞાનિકોએ બે વર્ષમાં સંશોધન કર્યું છે?

**શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ :** લેટેસ્ટમાં લેટેસ્ટ ટેકનોલોજી અને લેટેસ્ટમાં લેટેસ્ટ હાઇબ્રીડ બિયારણ અને દવાની માહિતી આ કૃષિરથ અને શિબિરોમાં આપવામાં આવે છે અને બાકીનું સભ્યશ્રીએ પૂછયું કે કયા કયા પ્રકારના સંશોધનો થયા તો એના માટે અલગથી નોટિસ આપીને પૂછશે તો જવાબ મળશે.

**૨૦૧૧ના વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં ઉદ્યોગગૃહો દ્વારા કરાયેલ એમ.ઓ.યુ.**

* ૨૦૭૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલ એમ.ઓ.યુ. પૈકી તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વાસ્તવિક મૂડી રોકાણ કેટલું થયું,

(૨) આ સમિટમાં સમિટવાર કેટલા ઉદ્યોગગૃહો અને કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા હતાં,

(૩) તેમાંથી કેટલા ઉદ્યોગગૃહો અને કંપનીઓ એમ.ઓ.યુ. માંથી ખસી ગયા (સમિટવાર), અને

(૪) તેઓએ એમ.ઓ.યુ.માંથી ખસી જવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) થી (૪) વાયબ્રન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. માં નાના પ્રોજેક્ટના એમ.ઓ.યુ.ને ઉત્પાદનમાં આવતા બે થી ત્રણ વર્ષનો સમયગાળો તથા મોટા પ્રોજેક્ટના એમ.ઓ.યુ.ને ઉત્પાદનમાં આવતા પાંચ થી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે મોનીટરીંગ સીસ્ટમમાં એમ.ઓ.યુ. કરેલ પ્રોજેક્ટોના ખરેખર મુડીરોકાણની માહિતી જ્યારે અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની હોય છે. જેથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ આ પ્રોજેક્ટોમાં ખરેખર થયેલ મુડી રોકાણનીવિગતો ઉપલબ્ધ થતી નથી. તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ સીસ્ટમ મુજબ વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૧માં થયેલ ૮૩૮૦ એમ.ઓ.યુ. પૈકી ૨૯૦૫ પ્રોજેક્ટ કમીશન્ડ થયેલ છે, તથા ૧૪૧૭ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ. પૈકી તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૧૮.૪૦% પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે. રોકાણકારો ઘણા બધા પરિબળો જેવા કે બજારની પરિસ્થિતિ બિઝનેશ પ્લાનમાં ફેરફાર, નાણાકીય તંગી, આર્થિક પોષણક્ષમતામાં ફેરફાર આંતરરાષ્ટ્રીય મંદી વિગેરે કારણોસર પ્રોજેક્ટો ડ્રોપ કરતા હોય છે.

**શ્રી મણીલાલ જે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ૮૩૮૦ એમ.ઓ.યુ. પૈકી ૨૯૦૫ પ્રોજેક્ટ કમિશન થયેલ છે તો આની પાછળ કેટલું મૂડીરોકાણ થયેલ છે? મારો બીજો પ્રશ્ન છે કે આ ૮૩૮૦ એમ.ઓ.યુ. પૈકી ૧૪૧૭ અમલીકરણ હેઠળ અને ૨૯૫૫ પ્રોજેક્ટ કમિશન હેઠળ એમ કુલ ૪૩૨૨ થયા. આપે જવાબમાં ડ્રોપ આઉટ રેશિયો ૧૮.૪૦ દર્શાવેલ છે તો બાકીના પ્રોજેક્ટો હાલમાં કઇ સ્થિતિમાં છે? કમિશન અને અમલીકરણ હેઠળ જે થયા છે એ લગભગ ૪૮ ટકા થાય છે તો બાકીના પ્રોજેક્ટો કઇ સ્થિતિમાં છે?

**શ્રી સૌરભ પટેલ :** વાયબ્રન્ટ ગુજરાત એક આ સરકારનો બહુ સફળ ઉદ્યોગો અને ઇન્વેસ્ટમેન્ટ માટેનો પ્રોજેક્ટ હાથમાં લઇ અને દર બે વર્ષે કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ વાયબ્રન્ટની અંદર દેશ અને દુનિયામાંથી લોકો અહીંયા આવે છે અને મૂડીરોકાણ કરે છે. એ લોકો ઇચ્છા દર્શાવે છે કે અમારે આમાં મૂડીરોકાણ કરવું છે તો એના કારણે એમ.ઓ.યુ. કરવામાં આવે છે. ૨૦૧૧માં ૮૩૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. આપણે એના ત્રણ–ચાર ફેઝિસ બનાવી દીધા છે. સૌથી અગત્યનું કમિશન ફેઝ છે. બીજો ફેઇઝ છે એ અંન્ડર ઇમ્પ્લીમેન્ટેશન છે, ત્રીજો ફેઇઝ છે એ પ્રિલિનિમરી સ્ટેઝ અને ચોથો ફેઇઝ ડ્રોપ આઉટનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કમિશન એ કહેવાય કે જેની અંદર સંપૂર્ણપણે પ્રોડકશન ચાલુ થયું હોય. હવે સંપૂર્ણપણે એટલે કે એક બિલ પણ ફાટ્યું હોય તો પણ આપણે એને કમિશનની અંદર ગણીએ છીએ. એટલે દા.ત. એક વ્યક્તિએ નક્કી કર્યું હોય કે મારે ૧૦૦ લૂમ નાંખવી છે અને ૧૨ લૂમ નાંખીને ચાલુ કરે એને પણ કમિશન કહેવાય અને કમિશનના બીજા ચેન્જીસ પણ હોય. દા.ત.ત્રણ મહિનામાં આટલું કમિશન કર્યું, પછી છ મહિનામાં બીજું કર્યુ. એટલે કમિશન સંપૂર્ણપણે મૂડીરોકાણ બંધ નથી થતું. એ મૂડીરોકણની પ્રક્રિયા ચાલુ રહે છે તો પણ આપણે એને કમિશનની અંદર મૂકીએ છીએ. કારણ કે દરેક કેન્દ્રનો કાયદો અને ગુજરાતનો કાયદો કહે છે કે બિલ ફાટે એટલે કમિશન કહેવાય. બીજું, અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન એટલે જેણે જમીન ખરીદી લીધી હોય અને જમીન ખરીદી લીધા પછી એના ઉપર જુદા જુદા સ્ટેજ પર બાંધકામ થયું હોય આ બાંધકામના કારણે આપણે એને અંન્ડર ઇમ્પ્લીમેન્ટેશન સ્ટેજ કહીએ છીએ. ત્રીજો ફેઇઝ છે એ પ્રિલિનિમરી સ્ટેઝમાં એ જમીન શોધે છે એના એગ્રીમેન્ટો કરે છે. એના બીજા ઘણા બધા કારણો હોય છે એને આપણે પ્રિલિનિમરી સ્ટેજ કહીએ છીએ અને જે છેલ્લો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ડ્રોપઆઉટ સ્ટેજનો કર્યો છે. કે ડ્રોપઆઉટ સ્ટેજની અંદર આપણે આ ઉદ્યોગકાર કોઇક ને કોઇક કારણસર એને લખીને આપી દીધું હોય કે હવે મારે પ્રોજેક્ટ કરવાની ઇચ્છા નથી. એટલે આપણે એને ડ્રોપઆઉટ સ્ટેજમાં ગણીએ છીએ અને ડ્રોપઆઉટ સ્ટેજ કે આ ૨૦૧૧ ના વાયબ્રન્ટની અંદર ૧૮.૪૯ હતું અને જે ડ્રોપઆઉટ સ્ટેજની સંખ્યા બતાવી છે એ ૧૫૪૨ છે. એટલે આપણે કહી શકીએ કે કુલ ૨૦લાખ ૮૩ હજાર કરોડનું ટોટલ ઇન્વેસ્ટમેન્ટના જે એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં હતાં, એમાંથી આજની તારીખમાં ૧૮ લાખ ૨૭ હજાર ૬૯૭ નું મૂડીરોકાણ જુદી જુદી પ્રક્રિયાની અંદર આજે ચાલુ છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, શું એ વાત સાચી છે કે કેન્દ્ર સરકારમાં ઇન્કમટેક્ષ વિભાગ દ્વારા ૨૦૧૧ ના વાયબ્રન્ટની અંદર એમ.ઓ.યુ. કરનારની વિગતો માગી હતી?

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ કોઇ સવાલ નથી.

શ્રી સૌરભ પટેલ : સાહેબ, ના સાહેબ, સવાલ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ,

શ્રી સૌરભ પટેલ : સાહેબ, ૨૦૧૧માં વાયબ્રન્ટની અંદર ઇન્કમટેક્ષનો સવાલ આવ્યો છે? સાહેબ, મારી પાસે જવાબ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : સાહેબ, વાયબ્રન્ટના સવાલ આવ્યો છે એનો હું જવાબ આપવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : તમારે જવાબ આપવો હોય તો આપો.

શ્રી સૌરભ પટેલ : સાહેબ, ૨૦૧૧માં જ્યારે દેશ અને દુનિયામાં ૨૦ લાખ કરોડ રૂપિયા ગુજરાતમાં મૂડીરોકાણ કરવાનું આવ્યું હતું તો આ કેન્દ્ર સરકારે દેશની અંદર પહેલી વખત કોઇ ગુજરાત સરકાર ઉપર ઇન્કમટેક્ષની નોટિસ મોકલી હોય અને કાગળ મોકલ્યો હતો. સાહેબ, ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૧માં કાગળ મોકલ્યો હતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, પ્લીઝ, વાંચે છે. ભાઇ, જવાબ સાંભળો. બાકીના શાંતિ રાખો.

શ્રી સૌરભ પટેલ : સાહેબ, "You are requested to kindly make arrangements for providing the copies of all such MOUs signed in the Vibrant Gujarat

Summit held on 11th & 12th January, 2013 where pledged investment of more than 1000 crores." માનનીય અધ્યક્ષશ્રી, આપણે સ્પષ્ટપણે એમને ના પાડી દીધી કે આ રાજ્ય સરકાર ઉપર તમારી કોઇ સત્તા નથી અને તમે એ માગી ના શકો અને અમારા મૂડીરોકણ ઉપર તમે ગુજરાતને નુકસાન કરો છો અને આ જ તમારી સરકારે કર્યું છે.(અંતરાય)

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં છે એમાં કેન્દ્ર સરકાર જે ગ્રાન્ટ છે નગરપાલિકાઓને અને કોર્પોરેશનને આપે છે એનાથી કોઇ એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : સાહેબ, જુદા જુદા સેકટરના એમ.ઓ.યુ.ની મારી પાસે યાદી છે. હવે એની અંદર સેકટરવાઇઝ હું આપું તો એગ્રો, બાયોટેક અને કેમિકલ, સીડિક એજ્યુકેશન એન્જિનિયરિંગ, એન્વાયર્નમેન્ટ, ફાયનાન્સિયલ સર્વિસીસ, જેમ્સ એન્ડ જવેલરી, હેલ્થકેર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, ઇન્ફર્મેશન ટેકનોલોજી, લોજીસ્ટીક પાર્ક, મીનરલ બેઇઝ, ઓઇલ એન્ડ ગેસ, (અંતરાય) અધર સ્કીપ્ર્સ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ જવાબ આપે છે.

શ્રી સૌરભ પટેલ : સાહેબ, આમાં નગરપાલિકા છે કે નહિ એ હું જોઇ લઉં છું ભાઇ, ફાર્માસ્યુટીકલ, સ્પોર્ટસ એન્ડ પાવર બેઇઝ, પાવર રીન્યુએબલ, રોડ એન્ડ બિલ્ડિંગ પ્રોજેકટમાં નગરપાલિકા કદાચ હોઇ શકે. રૂરલ ડેવલપમેન્ટમાં કદાચ હોઇ શકે. એસ.ઇ.ઝેડ સ્કિલ ડેવલપમેન્ટ, ટેક્ષટાઇલ, અર્બન ડેવલપમેન્ટમાં એમ.ઓ.યુ. નો સાહેબ એમણે સ્પેસિફિક સવાલ પૂછ્યો છે. જરૂરી નથી કે, મારી પાસે એની માહિતી હોય, પણ મારી પાસે જે માહિતી છે એમાં અર્બન ડેવલપમેન્ટમાં ૬૬૪ એમ.ઓ.યુ. થયા છે અને ૨,૫૪,૪૮૨/- મૂડી રોકાણ એની અંદર.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જયારે વાયબ્રન્ટ ગુજરાત, દેશ અને દુનિયામાં એક સકસેસફૂલ મોડેલ તરીકે જોવામં આવે છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૦૧૧માં થયેલા એમ.ઓ.યુ. ના મોનિટરિંગ માટેની શું પદ્ધતિઓ છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આપણે એક સેલ ઉભું કર્યું છે અને એ સેલની અંદર ઇન્ડેક્ષ-બીને આપણે કામગીરી સોંપી છે અને એ ઇન્ડેક્ષ-બી દ્વારા કામગીરી કરી અને સેકટર વાઇઝ દર ત્રણ-ચાર મહિને સવાલો પૂછીને એમની પાસેથી માહિતી મેળવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત એવું બને છે કે, ઉદ્યોગકાર હોય એક વાર એનો પ્રોજેકટ ચાલુ થયો હોય, સરકારની એને જરૂર ના હોય તો એ ઘણી વખત સરકારની એની પ્રાઇવેટ એટલે કોન્ફીડેન્સિયલ મેટર રાખી, અને મેટર રાખે છતાં એ માહિતી ઘણી વખત આપતા નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આમાં બહુ કલીયર લખેલું છે કે, ગુજરાત સમ્મિટ-૨૦૧૧માં ૮,૩૦૦ એમ.ઓ.યુ. થયા, એમાંથી ૨,૯૦૦ પ્રોજેકટો એ કમિશન્ડમાં છે અને ૧,૪૧૭ પ્રોજેકટો એ અમલીકરણ હેઠળ છે. આનું પ્રમાણ જોઇએ તો કુલ ૪,૩૨૨ પ્રોજેકટો, જવાબ પ્રમાણે આજની તારીખમાં કાર્યરત છે અને ૪,૦૫૮ પ્રોજેકટો કે જે આ જવાબમાં એની અંદર કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જે રીતે ૧૮.૪૦નો પ્રોજેક્ટ ડ્રોપ જે બતાવવામાં આવ્યો છે આની ગણતરી જો કરીએ તો ઓછામાં ઓછા પચાસ ટકા પ્રોજેકટો ડ્રોપ થયા છે, એ આ પ્રશ્નોત્તરીના જવાબમાંથી કલીયર થાય છે. (અંતરાય) બીજું મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એમાં લખવામાં આવ્યું છે કે, આંતર રાષ્ટ્રીય મંદીના કારણે. ગુજરાતમાં વિકાસ થતો હોય અને આટલા બધા પ્રોજેકટો આવતા હોય તો આ એક જ સને ૨૦૧૧ના પ્રોજેકટોના એમ.ઓ.યુ.માં જ આંતરરાષ્ટ્રીય મંદી ક્યાં નડી એ માનનીય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને તો પહેલાં મારે કહેવું છે કે, કેટલા ડ્રોપ થયા છે એ બહુ કલીયર છે, મેં આખી વિગતો આપી દીધી. મારે એમને વધારે કારણો પણ આપવા છે પણ જવાબ નાનો નહીં, કન્ડીશન તો એક કન્ડીશન હતી પણ જુદા જુદા કારણોસર ઉદ્યોગો ડ્રોપ થયા.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો જયારે રોકાણ કરે ત્યારે એ પોતાના રૂપિયા રોકે છે અને પોતાના રૂપિયા રોકતા હોય તો એ જોતા હોય છે કે મૂડી રોકાણમાં એને નફો મળતો હોય છે કે નથી મળતો. માનનીય અધ્યક્ષશ્રી, એણે સરકારી જમીન માગી હોય, સરકારે ના પાડી હોય કે અમે જમીન નથી આપવાના એટલે પ્રોજેક્ટ ડ્રોપ કર્યો હોય, એણે માઈનીંગમાં મોટી માઇન માગી હોય, એ આપણે નક્કી કર્યું હોય કે ભાઇ આને માઇન નથી આપવાની તો એ માઇન ન આપવાના કારણે, આપણે ઓકશન કરતા હોઇએ છીએ માઇનમાં તો એ કારણસર પણ એ ડ્રોપ કરતા હોય છે. માર્કેટ કન્ડીશન, દાખલા તરીકે મંદી આવી ગઇ, જે બનાવવા ઇચ્છતો હોય એ વિષયમાં મંદી આવી ગઇ હોય તો એ ડ્રોપ કરી નાખે, એની પાસે રૂપિયાની જે અપેક્ષા હોય, એ અપેક્ષા પ્રમાણે બેન્કો એને લોન ના આપતી હોય તો એના કારણે પણ પ્રોજેકટ ડ્રોપ થતો હોય, ઇન્ટર નેશનલ થ્રો ડાઉનનું જે કારણ કહ્યું કે ભાઇ, એકસપોર્ટનું એણે ક્વોટેશન કર્યું હોય અને યુરોપમાં ક્રાઇસીસ હોય કે યુ.એસ.માં ક્રાઇસીસ હોય અને એને ત્યાં બાયર ના લેવા માગતા હોય તો એના કારણે એ ડ્રોપ કરી નાખ્યું હોય, કેન્દ્ર સરકાર અને રાજય સરકારના એન્વાર્નમેન્ટ કલીયરન્સની પરમિશન ના મળી હોય એટલે સાહેબ એણે ડ્રોપ કરી નાખ્યું હોય.

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ. એમનો સવાલ એટલો છે કે, પચાસ ટકા ડ્રોપ થયા છે નહી?

શ્રી સૌરભ પટેલ : સાહેબ નથી થયા. એ તો મેં પહેલાં જ કહી દીધું સાહેબ.

અધ્યક્ષશ્રી : એમાં કેટલા ડ્રોપ થયા છે?

શ્રી સૌરભ પટેલ : એમાં ૧૮.૪૦ ટકા અને ૧૫૪૨ અને બાકીના બધા જુદા જુદા..

અધ્યક્ષશ્રી : ૧૫૪૨ ડ્રોપ થયા છે. પ્રશ્ન ક્રમાંક –૮

**ભાવનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૪૧૦ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૪૩ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૨ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૩૨,૦૦,૦૦૦/–. |

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભાવનગર જિલ્લામાં તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૨ સુધીમાં ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયેની ૨૪૩ અરજીઓ આવેલ છે અને એમાં કુલ ૧,૩૨,૦૦,૦૦૦/– જેટલી માતબર સહાય ચૂકવવામાં આવી છે એવું જણાવવામાં આવ્યું છે. માનનીય મંત્રીશ્રી પાસે આપના દ્વારા જાણવા માગું છું કે ૧૩૨ જેટલી અરજીઓ ભાવનગર જિલ્લાની ખેડૂત અકસ્માત વીમાની નામંજૂર કરવામાં આવી છે, તેનાં શાં કારણો છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં તા. ૧–૪–૧૦ થી ૩૧–૩–૧૨ સુધીમાં જે કુલ અરજીઓ આવી, એમાં ૪૧ અરજીઓ નામંજૂર કરેલ છે. તેનાં કારણોમાં ખાતેદાર ખેડૂત ન હોય એવી ૬ અરજીઓ, કુદરતી મૃત્યુ હોય તેવી ૩ અરજીઓ, હાર્ટ એટેકની અંદર ૧૧ અરજીઓ, એફ.એસ.એલ. અને પી.એમ. રિપોર્ટ, પોલીસ તપાસ રિપોર્ટ વગેરે ન હોય તેવી ૧૯ અરજીઓ, આત્મહત્યામાં એક કેસ, ૩૩ ટકા અપંગતા હોય તેવી ૧. આ બધાં કારણોને લીધે નામંજૂર કરેલ છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં મારા વિસ્તાર મહુવા તાલુકામાં આ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી? આ યોજના પેટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : મહુવા તાલુકામાં કુલ ૨૩ અરજીઓ મળી છે. જેમાંથી ૧૪ મંજૂર કરી અને ૭ અરજીઓ નામંજૂર કરેલ છે અને ૨ અરજીઓ પૂર્તતામાં છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૨–૧૩ માં આ વીમા યોજના માટે ખેડૂતો માટે કેટલું પ્રીમિયમ ચૂકવવામાં આવ્યું? અગાઉની સરકારોમાં લઠાકાંડમાં આર્થિક સહાય આપવામાં આવતી હતી, એ વખતે ખેડૂતોને સહાય આપવામાં નહોતી આવતી. આ સહાય માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં શરૂ કરવામાં આવી છે તે વાત સાચી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : આ યોજના પેટે રાજ્યના ૭૦ લાખ ખેડૂતોને આવરી લેવામાં આવે છે. એની અંદર ખેડૂત, એના પત્ની અને સીધો વારસદાર એમ કરીને એક કુટુંબમાંથી ૩ વ્યક્તિને કવર મળે છે. દર વર્ષે રાજ્ય સરકાર ૪૨ કરોડ રૂપિયા પ્રીમિયમ ભરે છે.

**હજીરા બંદર ખાતે એલ.એન.જી. સહિત અન્ય કાર્ગોની હેરફેર**

*૧૫૦૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હજીરા બંદર ખાતે લિક્વિડ નેચરલ ગેસ ઉપરાંત અન્ય કાર્ગોની હેરફેર કરવામાં આવનાર છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો તે માટે સરકારે શી વ્યવસ્થા કરેલ છે? | (૨) હજીરા બંદર ખાતે લિક્વિડ નેચરલ ગેસ ઉપરાંત બલ્ક જનરલ કાર્ગોની હેરફેર શરૂ કરવામાં આવેલ છે. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હજીરા બંદર ખાતે એલ.એન.જી. ઉપરાંત કયા પ્રકારની હેરફેર કરવા માટે બંદરીય સુવિધા વિકસાવવામાં આવી રહેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં માત્ર ગુજરાતમાં જ ૨ એક હજીરા અને બીજું દહેજ ખાતે એલ.એન.જી. ટર્મિનલ ચાલે છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે હજીરા બંદર ખાતે એલ.એન.જી. ટર્મિનલ ઉપરાંત બલ્ક કાર્ગોની હેરફેર કરવાનું આયોજન છે. બલ્ક કાર્ગોમાં કન્ટેઇનર, કોલસો, ફર્ટીલાઇઝર, સ્ટીલ,લિક્વિડ અને ઓટોમોબાઇલ વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્ગોની હેરફેર કરવા માટે પ્રથમ તબક્કામાં નિકાસકાર દ્વારા ૫ બર્થનું આયોજન કરવામાં આવેલ છે. ૫ બર્થમાં બે બર્થ કન્ટેઇનર માટે, બે બર્થ મલ્ટી પર્પઝ કાર્ગો માટે તથા એક બર્થ કોલના કાર્ગો માટે બનાવવાનું આયોજન છે. ઉપર જણાવેલ ૫ બર્થની બર્થ જનરલ કાર્ગો હેન્ડલ કરવાની ક્ષમતા આશરે ૨૦ મિલિયન મેટ્રિક ટન છે. હજીરા ખાતે બલ્ક કાર્ગોની હેરફેર માટે ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં કુલ ૪ બર્થનું કામકાજ પૂર્ણ કરી કામકાજ શરૂ કરવામાં આવેલ છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે પૂછવું હતું તેનો જવાબ આવી ગયો છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજીરા ખાતે ટર્મિનલ પરથી છેલ્લાં પાંચ વર્ષમાં કેટલો એલ.એન.જી. હેરફેર કરવામાં આવેલ છે અને રાજ્યમાં હયાત એલ.એન.જી. ટર્મિનલ પાસેથી કન્સેશન એગ્રીમેન્ટ મુજબ રાજય સરકારને કયા કયા ચાર્જિસ પેટે આવક થાય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હજીરા ખાતે ટર્મિનલ પરથી છેલ્લાં પાંચ વર્ષમાં ૨૦૦૭–૦૮ માં ૨.૦૧ મિલિયન મેટ્રિક ટન, ૨૦૦૮–૦૯ માં ૧.૫૬ મિલિયન મેટ્રિક ટન અને ૨૦૦૯–૧૦ માં ૧.૪૧ મિલિયન મેટ્રિક ટન, ૨૦૧૦–૧૧ માં ૧.૦૩ મિલિયન મેટ્રિક ટન, ૨૦૧૧–૧૨ માં ૨.૫૩ મિલિયન મેટ્રિક ટન રાજયના હયાત એલ.એન.જી. ટર્મિનલ પાસેથી કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઇ અનુસાર કુલ...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### જૂનાગઢ જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨–૧૩ દરમિયાન વિના મૂલ્યે કૃષિ કિટ્સનું વિતરણ

* ૧૩૮૩ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ના કૃષિ મહોત્સવ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૭૭૬ ખેડૂતોને કૃષિ કીટ્સ, ૫૧૦૫ ખેડૂતોને બાગાયત કીટ્સ અને ૪૧૮૦ લોકોને ઘાસચારા કીટ (પશુપાલન ખાતા મારફતે)

(૨) રૂા. ૨,૧૪,૧૮,૭૬૭/–.

---------

### જૂનાગઢ તથા વેરાવળ–સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનાં પાણી માટેનું આયોજન

* ૨૮૮૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ શહેર અને વેરાવળ–સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આગામી દિવસોમાં લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે કોના તરફથી કેટલી માગણીઓ મળી,

(૨) આ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૩) આ વ્યવસ્થાના ભાગરૂપે કેટલા અને કયા ગામોને ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સ્થાનિક સંસ્થાના પ્રતિનિધિઓ/રહીશો તરફથી જુનાગઢ શહેર માટે ૫, વેરાવળ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માટે ૪૮ અને સુત્રાપાડા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારો માટે ૨૬ રજુઆતો મળેલ છે.

(૨) જુનાગઢ શહેરને અપાતા મહી/નર્મદાના પાણીમાં ક્રમશઃ વધારો કરી હાલ ૫૦ લાખ લીટર પાણી આપવામાં આવે છે. તેમજ વિવિધ સ્થળોએ નવા બોર, પાઇપ લાઇન, સ્ટેન્ડ પોસ્ટ તેમજ ટેન્કરથી પાણી પુરુ પાડવામાં આવે છે.

વેરાવળ તથા સુત્રાપાડાના ગ્રામ્ય વિસ્તાર માટે ટેન્કરથી પાણી આપવાની વ્યવસ્થા કરેલ છે.

(૩) હાલમાં **પરિશિષ્ટ** મુજબ માંગણીવાળા વેરાવળ તાલુકાના ૪૨ ગામો અને સુત્રાપાડા તાલુકાના ૨૬ ગામોએ ટેન્કર દ્વારા પાણી અપાય છે. ૬ ગામો સ્થાનિક/ખાનગી સોર્સમાંથી પાણી મેળવે છે.

**પરિશિષ્ટ**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ |
| ટેન્કરથી પાણી અપાતા ગામોની યાદી | | | | ટેન્કરથી પાણી અપાતા ગામોની યાદી | | | |
| વેરાવળ તાલુકો | | વેરાવળ તાલુકો | | સુત્રાપાડા તાલુકો | | સુત્રાપાડા તાલુકો | |
| ૧ | વેરાવળ ઓજી વિસ્તાર | ૨૨ | દેદા | ૧ | કણજોતર | ૧૪ | સરા |
| ૨ | પાટણ ઓજી | ૨૩ | કુકરાશ | ૨ | ટોબરા | ૧૫ | મોરડીયા |
| ૩ | નવાપરા | ૨૪ | પંડવા | ૩ | ઘંટીયા પ્રાચી | ૧૬ | અમરાપુર |
| ૪ | છાત્રોડા | ૨૫ | મલોંઢા | ૪ | લાખાપરા | ૧૭ | નવાગામ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | કિદરવા | ૨૬ | બોળાશ | ૫ | સોલાજ | ૧૮ | ચગીયા |
| ૬ | સીમાર | ૨૭ | નાવદ્રા | ૬ | ગાંગેઠા | ૧૯ | સીગસર |
| ૭ | ઉમરાળા | ૨૮ | ગુણવંતપુર | ૭ | મટાણા | ૨૦ | વડોદરા ઝાલા |
| ૮ | ઉકડિયા | ૨૯ | વાવડી આદ્રી | ૮ | હરણાસા | ૨૧ | પીપળવા |
| ૯ | હસ્નાવદર | ૩૦ | ભેટાળી | ૯ | લાટી | ૨૨ | સુત્રાપાડા બંદર |
| ૧૦ | સોનારીયા | ૩૧ | આંબલીયાળા | ૧૦ | કદવાર | ૨૩ | વાસાવડ |
| ૧૧ | સુપાસી | ૩૨ | ઇણાજ | ૧૧ | ખાંભા | ૨૪ | પ્રાંસલી |
| ૧૨ | રામપરા | ૩૩ | ભેરાળા | ૧૨ | કડસલા | ૨૫ | ખેરા |
| ૧૩ | ડારી | ૩૪ | સવની | ૧૩ | પાદરૂકા | ૨૬ | ભુવાટીંબી |
| ૧૪ | આદ્રી | ૩૫ | મંડોર | **સ્થાનિક સોર્સ/ખાનગી સોર્સમાંથી પાણી મેળવતા ગામોની યાદી** | | | |
| ૧૫ | મીઠાપુર | ૩૬ | ઇશ્વરીયા | **વેરાવળ તાલુકો** | | | |
| ૧૬ | કાજલી | ૩૭ | લુમ્બા | ૧ | મોરાજ | | |
| ૧૭ | આજોઠા | ૩૮ | ખંઢેરી | ૨ | ખેરાળી | | |
| ૧૮ | બાદલપરા | ૩૯ | ઇન્દ્રોય | ૩ | નાખડા | | |
| ૧૯ | બીજ | ૪૦ | હસ્નાવદર | ૪ | ઉંબા | | |
| ૨૦ | ચાંડુવાવ | ૪૧ | ગોવિંદપરા | ૫ | ચમોડા | | |
| ૨૧ | ભાલપરા | ૪૨ | રામપરા | ૬ | દેદા | | |

---------

**પંચમહાલ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલી અરજીઓ**

* ૧૪૦૫ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં ૧૪૪ અરજીઓ<br>વર્ષ ૨૦૧૧–૧૨ માં ૧૩૨ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૮૫ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૬૬,૦૦,૦૦૦/–. |

---------

**પારડી તાલુકાનાં ટુકવાડા ખાતે કોલક નદી પર ચેકડેમ બાંધવાની કામગીરી**

* ૧૪૩૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ટુકવાડા ખાતે કોલક નદી પર મોટો ચેકડેમ બાંધવાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) ચેકડેમની કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે. |
| એચબી–૭૪૫–૨ ડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થવા પામેલ | (૨) તા.૩૧–૧–૧૩ અંતિત રૂ. ૭૪.૬૭ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરનાં નમૂનાની ચકાસણી**

* ૧૩૭૭ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કેટલા નમૂના લેવામાં આવ્યા, | (૧) ૧૯૪૩ નમૂના. |

(૨) તે પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા તથા કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૨) ૧૯૧૫ નમુના પ્રમાણિત થયા તથા ૨૮ નમૂના બિન પ્રમાણિત થયા.

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) ૫ નમુનાઓ અંગે કોર્ટ કેસ કરેલ છે. ૨૩ નમુનાઓ અંગે વહીવટી પગલાં લેવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં નવા બંદરો બનાવવાની તથા જુનાં બંદરો વિકસાવવાની કામગીરી**

* ૨૯૦૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી મંત્રીશ્રી** (બંદરો ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કયા નવા બંદરો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, | (૧) રાજ્યના સમુદ્રતટના વિકાસ અને રાજ્યના ધમધમતા બંદરોએ વિશ્વ વ્યાપારમાં મહત્વનું સ્થાન મેળવેલ હોય તેમજ આ ક્ષેત્રમાં ઉંચો વિકાસ દર હાંસલ કરતા અને આ ક્ષેત્રની નવી ટેકનોલોજીના વિકાસને ધ્યાને લઇને વધારે વિકાસ કરવા નવા બંદરો બનાવવા માટે શક્યતાવર્તી અહેવાલ તૈયાર કરવા તજજ્ઞની નિમણૂંકની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) કયા જુના બંદરો વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, | (૨) (૩) અને (૪) |
| (૩) તે પૈકી કયા બંદરો સરકાર હસ્તક અને કયા ખાનગી ક્ષેત્રો હસ્તક છે, અને | તજજ્ઞનો શક્યતાવર્તી અહેવાલ ઝડપથી મેળવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) આ બંદરવાર કાર્યવાહી કયા તબક્કે છે ? | |

---------

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને જિપ્સમ સહાય**

* ૧૩૯૭ **શ્રી ભરતસિંહજી ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૫૬૬૭ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૭૭,૮૦,૦૦૦/–. |

---------

**અમરેલી જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

* ૧૪૧૮ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૫ (પાંચ). |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ નથી. |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શું છે ? | (૩) ૫૦,૦૦૦ નમૂના. |

---------

**કચ્છ જિલ્લામાં પૂર્ણ કરાયેલા પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામ**

* ૩૦૪૧ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ સન ૨૦૧૨–૧૩ના વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનોનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ગાંધીધામ ખાતે પોલીસ અધિક્ષકશ્રીની કચેરીનું બાંધકામ તેમજ ભૂજ ખાતે એમ.ટી. સેકશનનું બાંધકામ તેની સંપૂર્ણ સવલતો સાથે પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ. ૩૧૨.૫૨ લાખ. |

---------

**નવસારી જિલ્લામાં ઝીંગા ઉછેર ફાર્મનાં માળખાકીય સુવિધાનાં વિકાસની યોજના**

* ૧૪૮૯ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં આવેલ ઝીંગા ઉછેર ફાર્મના માળખાકીય સુવિધાનાં વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે કે કેમ,<br>(૨) જો હા, તો આ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ સવલતો આપવામાં આવી અને તેમાં કેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો, અને<br>(૩) તેમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) (૨) અને (૩)<br>હા, જી. ભાંભરાપાણી મત્સ્યોદ્યોગની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શ્રીમ્પ ફાર્મિંગના નવા તળાવના બાંધકામ તેમજ તળાવની સુધારણા માટે સવલતો આપવામાં આવી. જે અંતર્ગત વર્ષ ૨૦૧૧ માં ૮૦ લાભાર્થીઓએ અને વર્ષ ૨૦૧૨ માં ૬૦ લાભાર્થીઓએ લાભ લીધો જેમાં કુલ રૂ. ૩૮૮.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**ધાનપુર તાલુકામાં પાનમ નદી આધારિત પાણી પુરવઠા યોજનાની દરખાસ્ત**

* ૨૮૬૯ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દેવગઢબારીયાના ધાનપુર તાલુકાની ૫૦ ગામની પાનમ નદી આધારિત જૂથ પુરવઠા યોજનાની દરખાસ્ત કરેલ છે તો તે મંજૂર કરીને ક્યાં સુધીમાં કામગીરી શરૂ કરવાનું આયોજન છે ? | પાનમ નદી આધારિત ૫૦ ગામનો સમાવેશ કરતી ઘડા, ચારી અને તરમકાજ જૂથ યોજના બનાવવાની કામગીરી પ્રાથમિક સર્વેક્ષણના તબક્કે હોવાથી હાલ કામગીરી શરૂ કરવાનું આયોજન નથી. |

---------

**કચ્છ જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો**

* ૧૩૯૨ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ–૧૪ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ–૧૦૧૦ ખેડૂતો. |

---------

**સૌરાષ્ટ્રના જિલ્લાઓ અને કચ્છ જિલ્લામાં નર્મદાનાં પાણી આપવા નવીન પમ્પીંગ મશીનરીની કામગીરી**

* ૧૫૦૧ **શ્રી શામજીભાઈ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ અને કચ્છ જિલ્લામાં હાલ નર્મદાના પાણી આપવા માટે નવીન પમ્પીંગ મશીનરી વિગેરે કામગીરી ચાલુ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ? | (૨) રૂા. ૬૮.૧૦ કરોડ. |

---------

**અમદાવાદ કમિશ્નરેટ વિસ્તારમાં પૂર્ણ કરાયેલા પોલીસ ખાતાના બિન–રહેણાંકના મકાનોના કામ**

* ૩૦૩૬ **શ્રી જગદીશભાઈ ઈ. પંચાલ(નિકોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૨૦૧૨–૧૩ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) પી.આઈ. તથા પી.એસ.આઈ. કક્ષાના ૮૦ માણસોની ક્ષમતા ધરાવતા ૪૦ રૂમો વાળી હોસ્ટેલનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ. ૨૯૮.૫૬ લાખ. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલી અરજીઓ**

* ૧૪૧૪ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૪૭ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૮૩ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૭૭,૦૦,૦૦૦/–. |

---------

**ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં નાની, મધ્યમ અને મોટી સિંચાઈ અંતર્ગત, ડેમમાંથી કાંપ કાઢવાની કામગીરી**

* ૨૫૪૩ **શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજના અંતર્ગત કેટલા ડેમ અને તળાવો આવેલા છે, અને ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ પાણી સંગ્રહ શકિત કેટલી છે, તેમાં કેટલો કાંપ ભરાયેલ છે, | (૧) અમરેલી જિલ્લામાં ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં ૩ મધ્યમ અને ૧૭ નાની સિંચાઈ યોજના અને ૯૩ તળાવો આવેલા છે. જેની ડિસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કુલ પાણી સંગ્રહશકિત ૩૧૨૫.૬૮ મીલીયન ઘન ફૂટ થવા જાય છે ૩ મધ્યમ સિંચાઈ યોજનામાં અંદાજે ૪૧૫.૯ મીલીયન ઘન ફૂટ |

કાંપ જમા થવા પામેલ છે જ્યારે ૧૭ નાની સિંચાઈ યોજના અને ૯૩ તળાવોમાં નહીવત પ્રમાણમાં કાંપ જમા થવા પામેલ છે.

(૨) કેટલા ડેમમાંથી કેટલો કાંપ કાઢવાનું આયોજન છે, આ માટે કોઈ એજન્સી નક્કી થાય છે કે કેમ, કેટલા ભાવથી કામ મંજૂર કરાયા છે, અને

(૨) અમરેલી જિલ્લામાં ધારી, બગસરા અને ખાંભા તાલુકામાં ૩ મધ્યમ સિંચાઈ યોજના અને પાંચ નાની સિંચાઈ યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨૨.૧૭ મીલીયન ઘન ફૂટ કાંપ કાઢવાનું આયોજન છે. ૩ મધ્યમ સિંચાઈ યોજના માટે એજન્સી નક્કી થયેલ છે જેના ભાવોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | કાઢવામાં આવનાર કાંપનો જથ્થો (મી.ઘ.ફુટ) | મંજુર થયેલ ભાવો પ્રતિ ઘ.મી. | |
|---|---|---|---|---|
| | | | ફક્ત કાંપ ખોદી ખેડૂતોના વાહનમાં ભરી આપવાના ભાવ રૂ. | કાંપ ખોદી નિયત કરેલ સ્થળે વહન કરી લઈ જવા સહીતના ભાવ રૂ. |
| ૧ | ખોડીયાર | ૮.૨૦ | ૧૨.૦૦ | ૨૫.૦૦ |
| ૨ | મુંજીયાસર | ૫.૨૯ | ૯.૯૪ | ૨૧.૯૩ |
| ૩ | રાયડી | ૫.૮૨ | ૧૪.૬૫ | ૩૨.૩૨ |

જયારે નાની સિંચાઈ યોજના માટે આજની તારીખે ટેન્ડર માંગવામાં આવેલ છે કોઈ એજન્સી નિયત થયેલ નથી.

(૩) ડેમમાંથી કાંપ બહાર કાઢવા નક્કી કરેલ એજન્સી ખેડૂત પાસેથી કાંપ ભરી જવાના નાણા લે છે કે કેમ ?

(૩) ના, જી.

---------

**વડોદરા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૧૫ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૧) કુલ ૨૩૧ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) કુલ ૧૪૦ અરજીઓ.

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) કુલ રૂ.૧૧૬,૫૦,૦૦૦/-.

---------

એચબી-૭૪૫-૩

**ખેડા જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

૧૪૨૨ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે,

(૧) ૩ (ત્રણ).

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી

(૨) ૧ (એક).

| | |
|---|---|
| કરવામાં આવેલ છે, અને | |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શું છે ? | (૩) ૩૦,૦૦૦ નમુના. |

---------

**વડોદરા જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો**

૧૩૯૪ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ- ૧૪ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ ૮૧૩ ખેડૂતો. |

---------

**ભાવનગર જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો**

૧૩૯૩ **શ્રીમતી ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ- ૨૬ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ ૩૦૧૪ ખેડૂતો. |

---------

**આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૫૦૦ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨ માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં ૮૪ અરજીઓ<br>વર્ષ ૨૦૧૧-૧૨માં ૯૪ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૪૭ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૩૯,૫૦,૦૦૦/-. |

---------

**જામનગર જિલ્લામાં ખેડૂતોની ટ્રેકટર સહાય માટેની અરજીઓ**

૧૬૧૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ખેડૂતોની સને ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં ટ્રેકટર સહાયની કેટલી અરજીઓ મળી, | (૧) સને ૨૦૧૧માં ૧૩૯૩ અને ૨૦૧૨ના વર્ષમાં ૨૭૬૯ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) સને ૨૦૧૧માં ૪૭૯ અને સને ૨૦૧૨માં ડીસેમ્બર-૧૨ અંતિત ૧૬૫૧ એમ મળી કુલ ૨૧૩૦ અરજીઓ. |
| (૩) અરજીઓ નામંજૂર કરવાના શા કારણો છે, અને | (૩) ૧. પ્રાથમિક મંજૂરી આપ્યા બાદ સમય મર્યાદામાં સહાય દરખાસ્ત અરજદાર તરફથી રજુ ન થવાથી.<br>૨. ટ્રેકટર સહાય મેળવવાની અરજી કર્યા પહેલા/પૂર્વ મંજૂરી પહેલા ટ્રેકટર ખરીદ કરવામાં આવેલ હોય તેથી. |

(૪) મંજૂર થયેલ અરજીઓમાં કેટલી સહાય ચૂકવવામાં આવી અને બાકી રહેલી સહાય કયાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે?

(૪) કુલ ૨૧૩૦ લાભાર્થીઓને રૂ. ૧૦૨૪.૩૫ લાખ સહાયની રકમ ચુકવવામાં આવી અને બાકી રહેતા લાભાર્થીઓને વહેલામાં વહેલી તકે સહાય ચુકવવાનું આયોજન છે.

---------

**મધ્યબારા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ પાણી વિતરણની વ્યવસ્થા**

૨૫૧૩ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મધ્યબારા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ, વાગરા તથા આમોદ તાલુકામાં પાણી વિતરણની વ્યવસ્થા કેટલા કીલોમીટર સુધી ફેલાયેલ છે,

(૨) મધ્યબારા જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત કેટલી જગ્યાએ પૂરતા દબાણ તથા કાર્યરત પંપો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે, અને

(૩) મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનાને પૂર્ણ કરવા ૦૧. પાલેજ હેડવર્કસથી સૂડી ઓરા હેડવર્કસ સુધીના કામો માટે ૦૨. વિલા પત–વેસદરા તથા કારેલા–પીપલીયા સેકશનના બાકી કામો માટે ૦૩. નાંદ થી પાલેજ તથા કરમાલી ઝોનની જૂની લાઈનો બદલવાના કામોની મંજૂરીઓ આપી સંપૂર્ણ યોજનાના સુધારણા તથા નવીનીકરણનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવશે.?

**જવાબ**

(૧) ૩૫૦ કિલોમીટર સુધી.

(૨) ૩૭ ગામોએ ૯ હેડવર્કસના ૧૫ કાર્યરત પંપો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે.

(૩) યોજના મંજૂરીની પ્રક્રિયાના વિવિધ તબક્કે હોઈ, મંજૂરી મળ્યેથી કામો હાથ ધરી, પૂર્ણ કરી લોકાર્પણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સિંચાઈ હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર**

૨૮૮૪ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર કેટલા હેકટર વિસ્તારના આદિજાતી ખેડૂતોને સિંચાઈ હેઠળ આવરી લઈ પાણી આપવામાં આવ્યું, અને

(૨) એની પાછળ વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર આદિજાતી ખેડૂતોનો સિંચાઇ હેઠળ આવરી લીધેલ વિસ્તાર તથા ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો ભિલોડા | | તાલકો મેઘરજ | |
|---|---|---|---|---|
| | થયેલ સિંચાઇ (હેકટરમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં ) | થયેલ સિંચાઇ (હેકટરમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં ) |
| ૨૦૧૧–૧૨ | ૪૦૬.૯૪ | ૩૦.૨૮ | ૫૫૮.૦૦ | ૯.૪૮ |

---------

**રાજ્યનાં બંદરો પર ક્રુડ ઓઈલની હેરફેર માટે કાર્યન્વિત સીંગલ બોય મુરીંગ**

૧૫૦૭ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયા કિનારે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ક્રુડ ઓઈલની હેરફેર માટે કેટલા સીંગલ બોય મુરીંગ (એસ.બી.એમ.) ઉપલબ્ધ છે,

(૨) આ એસ.બી.એમ. કયા બંદરો ઉપર કાર્યાન્વિત છે, અને

**જવાબ**

(૧) ૭ (સાત).

(૨) મુન્દ્રા (કચ્છ જિલ્લો) – ૨
સિક્કા (જામનગર જિલ્લો) – ૪
ભોગાત (જામનગર જિલ્લો) – ૧
કુલ–૭

(૩) તેની કુલ ક્ષમતા કેટલી છે?

(૩) મુન્દ્રા (કચ્છ જિલ્લો) – ૧૮ મી.મે.ટન
સિક્કા (જામનગર જિલ્લો) – ૬૬ મી.મે.ટન
ભોગાત (જામનગર જિલ્લો) – ૦૭ મી.મે.ટન
કુલ – ૯૧ મી.મે.ટન

---------

**ઉના તાલુકામાં ખેડૂત ખાતેદારને આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૧૮૧૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૫–૧–૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ઉના તાલુકામાં ગામદીઠ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, | (૧) કુલ ૩૮,૦૭૮ ખેડૂત ખાતેદારોને ગામદીઠ માહિતી દર્શાવતું *પત્રક–૧ સામેલ છે. |
| (૨) કેટલા ખેડૂતોને કયા કારણોસર આપવાના બાકી છે, અને | (૨) ઉના તાલુકાના એગ્રી સેન્સેસ–૨૦૦૧ મુજબ તમામ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) તેઓને કેટલા સમયમાં આ કાર્ડ આપવાનું આયોજન છે? | (૩) એગ્રી સેન્સેસ–૨૦૦૫ મુજબ દર વર્ષે ૨૫% ગામોના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન છે. |

**( *પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**ગાંધીનગર જિલ્લાનાં કાંસ / ડ્રેઈનો પર સ્ટ્રકચર બનાવવાની કામગીરી**

૧૪૩૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ૨૦૧૨–૧૩ વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કાંસ/ ડ્રેઈનો પર કેટલા સ્ટ્રકચરો બનાવ્યા, અને | (૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સઈજ હાજીપુર કાંસ ઉપર સાંકળ ૧૧૪૪૦ મીટર અને ૧૧૭૨૦ મીટર પર નવા વી.આર.બી.ના બાંધકામ કરવા તા. ૨૭–૧૨–૨૦૧૨ ના હુકમથી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે, જે કામ હાલ પ્રગતિ હેઠળ છે. |
| (૨) તેમાં કેટલો ખર્ચ કર્યો? | (૨) અત્યાર સુધી કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

**પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં પીવાના પાણીની સમસ્યા નિવારવાનું આયોજન**

૩૦૪૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલીનો ભોગ બનેલ ગામોએ નવીન ટયુબવેલ, પાણીની ટાંકી તથા પાઈપલાઈન દ્વારા પાણીની મુશ્કેલી નિવારવા ડીસેમ્બર–૨૦૧૨ સુધીમાં કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને<br>(૨) જો હા, તો તે સુવિધા ઉપરોક્ત તાલુકામાં કયા ગામોએ થનાર છે તે સુવિધાઓ ક્યારે પૂર્ણ થવાનું આયોજન છે? | (૧) અને (૨) બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકાના કોઈપણ ગામે હાલમાં પીવાના પાણીની તંગી નથી. જરૂરીયાત ઉપસ્થિત થયે યોગ્ય કાર્યવાહી હાથ ધરવાનું આયોજન કરેલ છે. |

---------

**પાટણ જિલ્લામાં ખેડૂતોને ટ્રેક્ટર સહાય**

૧૩૮૫ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨–૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં સરકાર દ્વારા પાટણ જિલ્લામાં કેટલા ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવામાં આવી, અને | (૧) ૪૭૨ ખેડૂતોને. |
| (૨) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૨૪૯.૬૦ લાખ. |

---------

**અમદાવાદ શહેરમાં પૂર્ણ કરાયેલાં પોલીસ ખાતાના બિન–રહેણાંકના મકાનના કામ**

૩૦૨૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૦૯ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ. ૧૪૬૬.૧૮ લાખ. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત પાણી શુધ્ધિકરણ તથા ગુણવત્તા સુધારણા માટેનાં એમ.ઓ.યુ.**

૧૪૩૦ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી શુધ્ધિકરણ અને ગુણવત્તા સુધારણા માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં | (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ અંતર્ગત વાયબ્રન્ટ ઇવેન્ટ દરમ્યાન પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી શુધ્ધિકરણ અને ગુણવત્તા સુધારણા માટેના ૪ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. |
| એચબી–૭૪૫–૪ ઓ.યુ. કયા કામો માટે કરવામાં આવ્યા, અને | (૨) આ એમ.ઓ.યુ. ખારાશ નિવારણ (ડિસેલીનેશન) તથા પાણી શુધ્ધિકરણ પ્લાન્ટના કામો માટે કરવામાં આવ્યા. |
| (૩) તે કેટલી રકમના કરવામાં આવ્યા છે? | (૩) વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩માં મૂડી રોકાણ બાબતો ધ્યાને લેવાયેલ નથી. |

---------

**સુરત કમિશ્નરેટ વિસ્તારમાં પોલીસ ખાતાના રહેણાકના મકાનોના હાથ ધરાયેલ કામકાજ**

૩૦૩૮ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ ૨૦૧૨–૧૩ના વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૮૦ કામો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) કુલ રૂ. ૯૯૭.૧૨ લાખ. |

---------

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૩૯૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૫૯૫૪ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૧,૩૨,૬૧,૦૦૦/-. |

---------

**જામનગર શહેરને અપાતાં નર્મદાનાં પીવાના પાણીનાં જથ્થામાં વધારો**

૧૪૩૩ **શ્રી પૂનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર શહેરને અપાતા નર્મદાના પીવાના પાણીના જથ્થામાં પાણીની તંગીને ધ્યાને લઈ વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં પાણીના જથ્થાનો કેટલો વધારો કરેલ છે ? | (૨) તા. ૦૧-૦૭-૨૦૧૨ની સ્થિતિએ ૨.૫૨ કરોડ લીટર પાણીનો જથ્થો મળતો હતો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૫.૧૪ કરોડ લીટર પાણીનો જથ્થો આપવામાં આવેલ, આમ ૨.૬૨ કરોડ લીટર એટલે કે બે ગણો પાણીનો જથ્થો વધારેલ છે. |

---------

**જામનગર જિલ્લાનાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારને નર્મદાનાં પીવાના પાણી આપવાની સુવિધા**

૧૪૩૫ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ગ્રામ તથા શહેરી વિસ્તારોને પીવાના પાણીની સંભવિત તંગીને પહોંચી વળવા નર્મદાનું પાણી આપવા સરકારે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં જામનગર જિલ્લાના કેટલા ગામ/શહેરોને નર્મદા પાણી આપવાનું શરૂ કરેલ છે ? | (૨) ૧૬૮ ગામો અને ૫ શહેરો. |

---------

**હજીરા બંદર ખાતે એલ.એન.જી. સહિત અન્ય કાર્ગોની હેર ફેર**

૧૫૦૮ **શ્રી કિશોરભાઈ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હજીરા બંદર ખાતે લિક્વિડ નેચરલ ગેસ ઉપરાંત અન્ય કાર્ગોની હેરફેર કરવામાં આવનાર છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે સરકારે શી વ્યવસ્થા કરેલ છે ? | (૨) હજીરા બંદર ખાતે સબ કન્સેશનથી બલ્ક જનરલ કાર્ગો ટર્મિનલ વિકસાવવા મંજૂરી આપેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલી અરજીઓ**

૧૪૦૬ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૦૦ અરજીઓ
વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૦૪ અરજીઓ

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) કુલ ૧૧૫ અજીઓ.

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) કુલ રૂ. ૧૩૯,૫૦,૦૦૦/-.

---------

**શેરડી પાકની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારનું જમીન ચકાસણી માટેનું આયોજન**

૧૪૨૮ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં શેરડી પાકની ઉત્પાદકતા વધારવા માટે જમીન ચકાસણી સારૂં રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન અમલમાં મૂકવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે ?

(૨) રાજ્યના તમામ તાલુકાઓના ૨૫ ટકા ગામોના ખેડૂત ખાતેદારોના જમીનના નમુના એકત્રીત કરી, જમીન ચકાસણી કરવાનું આયોજન કરેલ છે, જે મુજબ શેરડી પકવતા જિલ્લાઓમાં પણ જમીન ચકાસણી ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

શેરડી પકવતા વિસ્તારમાં આવેલ ૧૬ ખાંડ સહકારી મંડળીઓમાં સૂક્ષ્મતત્વ સાથે જમીનના નમુનાની ચકાસણી થઇ શકે તે માટે જમીન ચકાસણી પ્રયોગશાળા સ્થાપવામાં આવેલ છે.

આ ઉપરાંત, ગૌણ અને સૂક્ષ્મતત્વ આધારીત સોઈલ ફર્ટીલીટી મેપ તૈયાર કરી ગામવાર પ્રદર્શીત કરવામાં આવનાર છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૦% ગામોને આવરી લેવામાં આવનાર છે.

---------

**કચ્છ જિલ્લામાં ગામ તળાવ ઊંડા કરવા માટેની અરજીઓ**

૧૩૭૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગામ તળાવ ઊંડા કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૮૯.

(૨) તે પૈકી કેટલા ગામ તળાવ ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) ૬૨.

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂપિયા ૨,૮૯,૦૫,૩૩૯=૦૦

---------

**અમદાવાદ જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

૧૪૨૧ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ

(૧) ૩ (ત્રણ).

છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને

(૨) ૨(બે).

(૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા વાર્ષિક ક્ષમતા શું છે ?

(૩) ૩૦,૦૦૦ નમુના.

---------

**સુરત જિલ્લામાં યોજવામાં આવેલ ખેડૂત શિબિરો**

૧૩૯૬ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સન-૨૦૧૨-૧૩ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ-૧૫ ખેડૂત શિબિરો. |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ ૧૪૮૧ ખેડૂતો. |

---------

**સુરત જિલ્લામાં કાર્યરત પીવાના પાણીના હેન્ડપંપ**

૧૪૩૨ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલા પીવાના પાણીના હેન્ડપંપ કાર્યરત છે, અને | (૧) ૧૩૨૮૮ હેન્ડપંપ કાર્યરત છે. |
| (૨) આ હેન્ડપંપ રીપેર માટે ઉકત સ્થિતિએ કેટલી ટીમ કાર્યરત છે ? | (૨) ૧૯ ટીમ કાર્યરત છે. |

---------

**અમરેલી શહેરનાં નર્મદાનાં પીવાના પાણીનાં જથ્થામાં વધારો**

૧૪૩૪ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી શહેરને અપાતા નર્મદાના પીવાના પાણીના જથ્થામાં પાણીની તંગીને ધ્યાને લઈ વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં પાણીના જથ્થાનો કેટલો વધારો કરેલ છે ? | (૨) તા. ૦૧-૦૭-૨૦૧૨ની સ્થિતિએ ૫૦ લાખ લીટર પાણીનો જથ્થો મળતો હતો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૧.૫૦ કરોડ લીટર પાણીનો જથ્થો આપવામાં આવેલ, આમ ૧.૦૦ કરોડ લીટર પાણીનો જથ્થો વધારેલ છે. |

---------

**દહેગામ તાલુકામાં મેશ્વો નદીની બાજુમાં તૂટી ગયેલાં ચેકડેમો**

૨૩૨૪ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ દહેગામ તાલુકામાં મેશ્વો નદીની બાજુમાં બનાવેલ ચેકડેમો તૂટી ગયેલી સ્થિતિમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તૂટેલા ચેકડેમો કેટલા સમયમાં રીપેર કરી તેમાં પાણી ભરવાનું આયોજન છે ? | (૨) આ ચેકડેમોનું મજબુતીકરણ અને રીપેર કરવાનું આર્થિક રીતે ખર્ચાળ હોવાથી હાલ આયોજન નથી. |

---------

ફાલ્ગુન ૧૫, ૧૯૩૪ શાકે
અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૪૯૬ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં સન ૨૦૧૨–૧૩ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ –૧૮ ખેડૂત શિબિરો |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ– ૧૬૦૩ ખેડૂતો. |

---------

**સરદાર સરોવર બંધની ઊંચાઈ વધારવા માટે લેવાયેલ પગલાં**

૨૮૫૧ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૧૩૮.૬૮ મીટર સુધીની સરદાર સરોવર બંધની ઊંચાઈ વધારવા માટે પર્યાવરણ સબગૃપ દ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવી, | (૧) ૧૩૮.૬૮ મીટર સુધીની સરદાર સરોવર બંધની ઊંચાઈ વધારવા માટે પર્યાવરણ સબગૃપ દ્વારા તા. ૧–૪–૨૦૧૦ના રોજ બંધની પૂર્ણ ઉંચાઈ સુધી પીચર્સ, બ્રીજ અને દરવાજા બેસાડવાની (દરવાજા ખુલ્લા રાખવાની શરતે) મંજુરી માટે નર્મદા કંટ્રોલ ઓથોરીટીને ભલામણ કરેલ છે. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા આ અંગે તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા,<br>અ એચબી–૭૪૫–૫ | (૨) રાજ્ય સરકાર દ્વારા આ અંગે તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.<br>(અ) મહારાષ્ટ્રના અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા મહારાષ્ટ્ર સરકારને વર્ષ ૨૦૦૯–૧૦માં રૂ।. ૪૩.૦૦ કરોડ એડવાન્સ ચૂકવવામાં આવેલ.<br>(બ) મહારાષ્ટ્રના ૯૦ અસરગ્રસ્તોને ગુજરાતમાં નિઝર તાલુકામાં આશરે ૧૨૫ હેકટર જમીન પુનઃ વસવાટ માટે વર્ષ ૨૦૧૨–૧૩માં ફાળવી દીધેલ છે.<br>(ક) મુખ્ય સચિવશ્રી દ્વારા તા. ૧૧–૦૯–૨૦૧૨ના રોજ અધ્યક્ષશ્રી, પુનવર્સન અને પુનઃસ્થાપન પેટા જુથ, નર્મદા કંટ્રોલ ઓથોરીટીને ઉદ્વેશીને લખેલ વિગતવાર પત્રમાં બંધની ઊંચાઈ વધારવા માટે નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજૂરી માટે રજૂઆત કરવામાં આવેલ છે.<br>(ડ) માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા. ૦૬–૦૨–૨૦૧૩ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીની રૂબરૂ મુલાકાત લઈ બંધની ઉંચાઈ વધારવા બાબતે વહેલીતકે મંજૂરી મેળવી અપાવવા વિનંતી કરવામાં આવેલ. |
| (૩) આ ઊંચાઈ વધારવા માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેર તથા જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ**

૨૪૬૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ક્યા પોલીસ સ્ટેશનમાં કેટલી જગ્યાઓ | (૧) **પત્રક–૧** મુજબ |

કેટલા સમયથી ખાલી છે, અને

(૨) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

(૨) પોલીસ દળમાં કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા કરવામાં આવી છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં તેમજ પી.એસ.આઈ. સંવર્ગમાં પુરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકુળતા મુજબ જયારે એ.એસ.આઈ. અને હેડ કોન્સ્ટેબલ સંવર્ગમાં જિલ્લા કક્ષાએ વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. પોલીસ સ્ટેશનોના પી.આઈ.ની ખાલી જગ્યાઓ પણ વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

**પત્રક–૧**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | કુલ ખાલી જગ્યાની સંખ્યા | ૬ માસ સુધીની ખાલી જગ્યાની સંખ્યા | ૬ માસથી વધુ સમયની સંખ્યા |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | વેજલપુર | ૧૨૬ | ૮ | ૧૧૮ |
| ૨ | એલીસબ્રીજ | ૬૨ | ૨૨ | ૪૦ |
| ૩ | સેટેલાઈટ | ૨૬ | ૬ | ૨૦ |
| ૪ | આનંદનગર | ૧૦ | ૦ | ૧૦ |
| ૫ | વસ્ત્રાપુર | ૨ | ૧ | ૧ |
| ૬ | નવરંગપુરા | ૨૧ | ૩ | ૧૮ |
| ૭ | ગુજરાત યુનિર્વર્સીટી | ૮૦ | ૭ | ૭૩ |
| ૮ | નારણપુરા | ૨૮ | ૦ | ૨૮ |
| ૯ | સોલા | ૭ | ૧ | ૬ |
| ૧૦ | ઘાટલોડીયા | ૭ | ૧ | ૬ |
| ૧૧ | સાબરમતી | ૩૧ | ૧ | ૩૦ |
| ૧૨ | રાણીપ | ૩ | ૧ | ૨ |
| ૧૩ | ચાંદખેડા | ૦ | ૦ | ૦ |
| ૧૪ | માધવપુરા | ૯૮ | ૬ | ૯૨ |
| ૧૫ | શાહપુર | ૩૯ | ૯ | ૩૦ |
| ૧૬ | કારંજ | ૨૮ | ૧૧ | ૧૭ |
| ૧૭ | કાળુપુર | ૧૧૭ | ૪ | ૧૧૩ |
| ૧૮ | શહેરકોટડા | ૮૦ | ૨ | ૭૮ |
| ૧૯ | ખાડીયા | ૧૧૨ | ૪ | ૧૦૮ |
| ૨૦ | હવેલી | ૭૭ | ૪ | ૭૩ |
| ૨૧ | દરીયાપુર | ૩૬ | ૮ | ૨૮ |
| ૨૨ | શાહીબાગ | ૩૪ | ૧ | ૩૩ |
| ૨૩ | સરદારનગર | ૧૫ | ૨ | ૧૩ |
| ૨૪ | નરોડા | ૦ | ૦ | ૦ |
| ૨૫ | મેઘાણીનગર | ૧૧ | ૨ | ૯ |
| ૨૬ | ગોમતીપુર | ૯૦ | ૧ | ૮૯ |
| ૨૭ | બાપુનગર | ૪ | ૩ | ૧ |
| ૨૮ | રખીયાલ | ૨૭ | ૨ | ૨૫ |
| ૨૯ | ઓઢવ | ૧ | ૦ | ૧ |
| ૩૦ | અમરાઈવાડી | ૨૦ | ૭ | ૧૩ |
| ૩૧ | ખોખરા | ૨ | ૨ | ૦ |

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | કુલ ખાલી જગ્યાની સંખ્યા | ૬ માસ સુધીની ખાલી જગ્યાની સંખ્યા | ૬ માસથી વધુ સમયની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩૨ | રામોલ | ૧૬ | ૧ | ૧૫ |
| ૩૩ | મણીનગર | ૨૭ | ૪ | ૨૩ |
| ૩૪ | વટવા | ૨ | ૧ | ૧ |
| ૩૫ | જીઆઈડીસી | ૩૧ | ૩ | ૨૮ |
| ૩૬ | ઈસનપુર | ૨૯ | ૨ | ૨૭ |
| ૩૭ | કાગડાપીઠ | ૮૯ | ૩ | ૮૬ |
| ૩૮ | દાણીલીમડા | ૩૧ | ૨ | ૨૯ |
| ૩૯ | મહીલા પોલીસ સ્ટેશન–૧ | ૧૪ | ૦ | ૧૪ |
| ૪૦ | મહીલા પોલીસ સ્ટેશન–૨ | ૭ | ૭ | ૦ |
| ૪૧ | એરપોટ | ૭ | ૭ | ૦ |
| ૪૨ | વીરમગામ ટાઉન | ૨૮ | ૪ | ૨૪ |
| ૪૩ | વીરમગામ રુરલ | ૮ | ૦ | ૮ |
| ૪૪ | દેત્રોજ | ૧૦ | ૭ | ૩ |
| ૪૫ | વિઠલાપુર | ૭ | ૧ | ૬ |
| ૪૬ | માંડલ | ૭ | ૩ | ૪ |
| ૪૭ | સરખેજ | ૧ | ૧ | ૦ |
| ૪૮ | બોપલ | ૫૫ | ૧૦ | ૪૫ |
| ૪૯ | ચાંગોદર | ૪ | ૦ | ૪ |
| ૫૦ | સાણંદ | ૨૨ | ૨ | ૨૦ |
| ૫૧ | અસલાલી | ૦ | ૦ | ૦ |
| ૫૨ | કણભા | ૫ | ૦ | ૫ |
| ૫૩ | ધોળકા | ૨૫ | ૩ | ૨૨ |
| ૫૪ | કોઠ | ૮ | ૩ | ૫ |
| ૫૫ | બાવળા | ૧૬ | ૨ | ૧૪ |
| ૫૬ | બગોદરા | ૯ | ૩ | ૬ |
| ૫૭ | ધંધુકા | ૧૯ | ૭ | ૧૨ |
| ૫૮ | ધોલેરા | ૨ | ૦ | ૨ |
| ૫૯ | રાણપુર | ૪ | ૨ | ૨ |
| ૬૦ | બરવાળા | ૩ | ૨ | ૧ |
| ૬૧ | સાણંદ જીઆઈડીસી | ૧ | ૧ | ૦ |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૪૦૦ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૨૮૩૯ ખેડૂતોને |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૬૫,૨૬,૦૦૦/– |

---------

**ઉમરગામ–તાપી નગરી ખાતે દરિયાઈ ધોવાણથી થતું નુકસાન અટકાવવાની કામગીરી**

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

૧૪૩૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ જિલ્લામાં ઉમરગામ–તાપી નગરી ખાતે દરિયાઇ ધોવાણથી થતું નુકસાન અટકાવવાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | વલસાડ જિલ્લામાં ઉમરગાવ તાપી નગરી નામનું કોઈ સ્થળ આવેલ નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૩૮૭ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં ૨૫<br>વર્ષ ૨૦૧૧–૧૨માં ૧૫<br>કુલ – ૪૦ ખેડૂત શિબિરો |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) કુલ ૫૧૧૭ ખેડૂતો |

---------

**કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૦૮ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૮ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૯ અરજીઓ |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૫૮,૦૦,૦૦૦/– |

---------

**સુરત જિલ્લામાં ઝીંગા ઉછેર ફાર્મની માળખાકીય સુવિધાના વિકાસની યોજના**

૧૪૮૮ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં આવેલ ઝીંગા ઉછેર ફાર્મની માળખાકીય સુવિધાનાં વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે કે કેમ,<br>(૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા ફાર્મના વિકાસ માટે કઈ સુવિધા આપવામાં આવી છે, અને<br>(૩) તા.૩૧–૧૨–૧૨ની પરિસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં માળખાકીય સુવિધામાં કઈ સવલતો આપવામાં આવેલ છે ? | (૧), (૨) અને (૩) હા,જી. ભાંભરાપાણી મત્સ્યોદ્યોગની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એરેટર સહાય, શ્રીમ્પ ફાર્મિંગના નવા તળાવના બાંધકામ તેમજ તળાવની સુધારણા માટેની સુવિધા આપવામાં આવી છે. અને તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માળખાકીય સુવિધા હેઠળ રોડની સવલતો આપવામાં આવી છે. |

---------

**સુરત જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૦૭ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે | (૧) વર્ષ ૨૦૧૦–૧૧માં ૫૮ અરજીઓ<br>વર્ષ ૨૦૧૧–૧૨માં ૭૬ અરજીઓ |

કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) કુલ ૧૧૦ અરજીઓ

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) કુલ રૂ. ૧૦૨,૦૦,૦૦૦/-

---------

**નર્મદા જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

૧૪૨૩ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૪ (ચાર) |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) ૧ (એક) |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શું છે ? | (૩) ૪૦,૦૦૦ નમુના. |

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં નશાબંધી કાનૂન હેઠળ નોંધાયેલ કેસો**

૨૫૫૪ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નશાબંધી કાનૂન હેઠળ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો થયેલા છે, | (૧) લુણાવાડા- ૫૮૮ કેસો<br>ખાનપુર- ૨૦૫ કેસો |
| (૨) કુલ કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) લુણાવાડા- ૫૭૩ ઇસમો,<br>ખાનપુર- ૨૦૫ ઇસમો |
| (૩) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયો ? | (૩) લુણાવાડા- ૫૨૫ કેસો<br>ખાનપુર- ૧૮૦ કેસો |

---------

**ગાંધીનગર જિલ્લાનાં મલ્ટીપ્લેક્ષ થીયેટરો પાસેથી મનોરંજન કર પેટે થયેલી આવક**

૧૬૯૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ક્યા મલ્ટીપ્લેક્ષ થીયેટરો પાસેથી મનોરંજન કર પેટે કેટલી આવક પ્રાપ્ત થઈ, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે મલ્ટીપ્લેક્ષ થિયેટરો પાસેથી મનોરંજન કર પેટે નીચે મુજબની આવક પ્રાપ્ત થયેલ છે.

| મલ્ટીપ્લેક્ષ થિયેટરનું નામ | મનોરંજન કર પેટે થયેલ આવક (રૂા. લાખમાં) | |
|---|---|---|
| | વર્ષ-૨૦૧૧ | વર્ષ-૨૦૧૨ |
| સીનેમેક્ષ, ગાંધીનગર | ૯૬.૮૨ | ૧૩૮.૪૪ |
| સીટીપલ્સ, કુડાસણ, | ૬૯.૯૦ | ૯૪.૯૧ |

| | | |
|---|---|---|
| તા.જી.ગાંધીનગર | | |
| આર. વર્લ્ડ, જમીયતપુરા, તા.જી.ગાંધીનગર | ૩૬.૫૨ | ૧૫.૮૯ |
| ગ્રાન્ડ સીનેમા, સુઘડ, તા.જી.ગાંધીનગર | ૦ | ૭૫.૬૮ |
| મુવીપ્લેક્ષ, સઈજ, કલોલ | ૩.૪૯ | ૩૯.૪૮ |

(૨) સરકાર તરફથી ઉકત સ્થિતિએ આ થીયેટરોને કેટલી કર રાહતો આપવામાં આવી છે ?

(૨) સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ આ થીયેટરોને કોઈ કર રાહતો આપવામાં આવેલ નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૩૮૮ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ તથા વર્ષ ૨૦૧૧-૧૨ માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૧) વર્ષ ૨૦૧૦-૧૧- ૨૫
વર્ષ ૨૦૧૧-૧૨- ૨૩
કુલ- ૪૮ ખેડૂત શિબિરો.

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ?

(૨) કુલ ૫૫૯૯ ખેડૂતો

---------

**દાહોદ જિલ્લામાં સિંચાઈ માટેની પાઈપલાઈનની કામગીરી**

૧૧૨૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં નર્મદાના પાણી સિંચાઈ માટે મળે તે માટેની પાઈપ લાઈનની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૧) મોજણી હેઠળ છે.

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૨) તાંત્રિક તથા અન્ય પાસાઓ ચકાસી સત્વરે હાથ ધરવાનું આયોજન છે.

---------

**ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ ખાતે ભૂકંપ સંશોધન માટેની કામગીરી**

૧૫૧૦ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ (આઈ.એસ.આર.) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે ક્યા પ્રકારની સગવડો ઉપલબ્ધ છે ?

તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ઈન્સ્ટીટયુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ (આઈ.એસ.આર.) કેમ્પસ ખાતે ભૂકંપ સંશોધન માટે નીચે મુજબની લેબોરેટરીની સગવડો ઉપલબ્ધ છે.

૧. જીપીએસ લેબ
૨. માઈક્રોઝોનેશન લેબ
૩. જીયોટેકનીકલ લેબ
૪. ગ્રેવીટી લેબ
૫. મેગ્નેટો ટેલોરીક લેબ
૬. ઓ.એસ.એલ. લેબ
૭. સિસ્મોલોજીકલ મોનીટરીંગ લેબ (સિસ્મીક ડેટા સેન્ટર)
૮. એન્જીનિયરીંગ જીયોફીઝીકલ લેબ

૯. બ્રોડબેન્ડ સિસ્મોલોજી લેબ
૧૦.એમપીજીઓ

---------

**અમરેલી જિલ્લામાં કૃષિ પાકને થયેલા નુકસાન બદલ વળતરની ચૂકવણી**

૨૮૧૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨ માં પડેલા અપૂરતા અને અનિયમિત વરસાદના કારણે અમરેલી જિલ્લામાં તાલુકાવાર ક્યા કૃષિ પાકોને કેટલું નુકસાન તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં થયેલ છે, | (૧) ચકાસણી ચાલુ છે. |
| (૨) થયેલા નુકસાન બાબતે રાજ્ય સરકાર દ્વારા સર્વે કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું અને તેનો અહેવાલ સરકારને ક્યારે મળ્યો, અને | (૨) સર્વેની કામગીરી ઓક્ટોબર–૨૦૧૨માં તબક્કાવાર શરૂ કરવામાં આવેલ હતી અને તબક્કાવાર અહેવાલ મળેલ છે. જેની ચકાસણી ચાલુ છે. |
| (૩) કૃષિપાકમાં નુકસાન પેટે કેટલું વળતર ચૂકવવાનું આયોજન છે ? | (૩) કૃષિપાકમાં નુકસાનના વળતર પેટે આકસ્મિક રાહત ભંડોળ (સી.આર.એફ.)ના ધારાધોરણ મુજબ તેમજ જે ખેડૂતોએ પાક વિમો લીધેલ છે, તેની ચકાસણી વીમા કંપની તરફથી ચાલુ છે. જે પૂર્ણ થયેથી મળવાપાત્ર રકમ ચૂકવી આપવામાં આવશે. |

---------

**રાજકોટ શહેરમાં પૂર્ણ કરાયેલાં પોલીસ ખાતાના બિન–રહેણાંકનાં મકાનોના કામ**

૩૦૩૨ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૪ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ. ૯૭૬.૬૫ લાખ. |

---------

**સુરત જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૯૯ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૦૧–૦૪–૨૦૧૦ થી તા.૩૧–૦૩–૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૩૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૧૦ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૦૨,૦૦,૦૦૦/–. |

---------

**આણંદ જિલ્લામાં કેનાલ આધારિત સિંચાઈ સુવિધાથી વંચિત ગામો**

૨૫૦૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેનાલ દ્વારા સિંચાઈની સુવિધાથી વંચિત | (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે જણાવેલ ગામો કેનાલ દ્વારા |

તાલુકાવાર કેટલા ગામો છે,

સિંચાઇની સુવિધાથી વંચિત છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ઉમરેઠ | ૧ |
| ૨ | | આણંદ | ૩ |
| ૩ | | બોરસદ | ૧ |
| ૪ | | આંકલાવ | ૯ |
| ૫ | | ખંભાત | ૭ |

(૨) તે ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરૂં પાડવા કોઈ આયોજન થયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો સદર ગામના ખેડૂતોને સિંચાઈ માટે શું સુવિધા આપવામાં આવેલ છે ?

(૨) અને (૩)

સદર ગામોના જમીનના તળ નહેરની પૂર્ણ જળ સપાટીથી ઉંચા હોઇ નહેર દ્વારા સિંચાઇનો લાભ આપી શકાય તેમ નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૧૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધી છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૧) કુલ ૧૬૨ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) કુલ ૧૧૨ અરજીઓ.

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) કુલ રૂ. ૧૦૨,૦૦,૦૦૦/-.

---------

**શેઢી યોજનાથી અમદાવાદ શહેરને પૂરૂં પડાતું પીવાનું પાણી**

૨૪૭૭ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લાની શેઢી યોજનામાંથી અમદાવાદ શહેરને પીવાનું પાણી પૂરૂં પડાય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો અમદાવાદ શહેરને નર્મદા યોજનાનું પાણી અપાતું હોય તો શેઢી શાખાનું પાણી અમદાવાદ શહેરને આપવાનું ક્યારથી બંધ કરવાનું આયોજન છે ?

(૨) શેઢી શાખાનું પાણી અમદાવાદ શહેરને આપવાનું બંધ કરવાનું હાલ કોઇ આયોજન નથી.

---------

**રાજ્યના બંદરો પર ક્રુડ ઓઈલની હેરફેર માટે કાર્યાન્વિત સીંગલ બોય મુરીંગ**

૧૫૦૬ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના દરિયા કિનારે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ક્રુડ ઓઈલની હેરફેર માટે કેટલા સીંગલ બોય મુરીંગ (એસ.બી.એમ.) ઉપલબ્ધ છે.

(૧) ૭ (સાત).

(૨) આ એસ.બી. એમ. કયા બંદરો ઉપર કાર્યાન્વિત છે, અને

(૨) મુન્દ્રા (કચ્છ જિલ્લો) - ૨
સિક્કા (જામનગર જિલ્લો) - ૪
ભોગાત (જામનગર જિલ્લો) - ૧

કુલ – ૭

(૩) તેની કુલ ક્ષમતા કેટલી છે ?

(૩) મુન્દ્રા (કચ્છ જિલ્લો) – ૧૮ મી.મે.ટન.
સિક્કા (જામનગર જિલ્લો) – ૬૬ મી. મે.ટન.
ભોગાત (જામનગર જિલ્લો) – ૦૭ મી. મે.ટન.
કુલ – ૯૧ મી. મે.ટન.

એચબી–૭૪૫–૭

---------

**મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૦૯ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૦૧–૦૪–૨૦૧૦ થી તા. ૩૧–૦૩–૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૯ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૦ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૦૯,૫૦,૦૦૦/–. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૪૯૫ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખાતેદાર ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૧૪૧૦૧ ખેડૂતોને. |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૧,૫૭,૪૫,૪૩૬/–. |

---------

**અમદાવાદ શહેર તથા જિલ્લામાં ગૂમ થયેલા બાળકો**

૧૧૪૩ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલાં બાળકો ગુમ થયાનું પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| શહેર | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૫૭૨ | ૭૩૦ |

**અમદાવાદ જિલ્લો**

| તાલુકાનું નામ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| સીટી | ૧ | ૩ |
| દસ્ક્રોઇ | ૮ | ૨૦ |
| ધોળકા | ૧ | ૫ |
| ધંધુકા | ૧ | ૨ |
| માંડલ | ૦ | ૦ |
| દેત્રોજ | ૦ | ૨ |
| રાણપુર | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| વિરમગામ | ૨ | ૨ |
| બાવળા | ૦ | ૨ |
| સાણંદ | ૧ | ૩ |

(૨) તે પૈકી કેટલા બાળકો મળી આવેલ છે અને કેટલા બાળકો હજુ લાપત્તા છે ?

(૨)

| મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|
| ૧૨૩૫ | ૧૨૩ |

---------

**પોરબંદર શહેર માટે પાણી પુરવઠા યોજના માટે નવીન પાઈપ લાઈન નાંખવાની કામગીરી**

૧૪૩૧ **શ્રી રાજેશભાઈ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) પોરબંદર શહેર માટે નવીન પાઈપ પાણી પુરવઠા યોજના માટે રાજ્ય સરકાર નાખનાર છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેનાથી પોરબંદર શહેરને કેટલો વધારાનો પાણીનો જથ્થો મળશે ?

(૨) મહી/નર્મદા ગ્રુપ આધારિત નવી પાઇપ લાઇન યોજનાના લીધે ૧ કરોડ લીટર પાણીનો જથ્થો વધુ મેળવવા માટે આયોજન થયેલ છે. હાલમાં ફોદાળા–ખંભાળા ડેમ આધારીત યોજના દ્વારા પાણી મેળવે છે.

---------

**રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૦૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં ૧૨૩ અરજીઓ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં ૧૧૪ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૬૫ અરજીઓ.

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ. ૧,૬૩,૦૦,૦૦૦/–.

---------

**આણંદ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૩૮૯ **શ્રી દિલીપભાઈ મ. પટેલ(આણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૨૦૧૨માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં ૨૫
વર્ષ૨૦૧૧–૧૨ માં ૨૫
કુલ – ૫૦ ખેડૂત શિબિરો.

(૨) આ શિબિરોનો કેટલા ખેડુતોએ લાભ લીધો ?

(૨) કુલ ૫૬૭૪ ખેડૂતો.

---------

**સુરત જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૧૬ **શ્રી મુકેશભાઈ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૧) કુલ ૧૪૨ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) કુલ ૧૦૪ અરજીઓ.

| | |
|---|---|
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ. ૧૦૦,૦૦,૦૦૦/- |

---------

**કચ્છમાં પીવાનાં પાણીની સમસ્યા નીવારવાનાં પગલાં**

૨૮૯૫ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ માળીયા શાખા નર્મદા નહેરમાંથી કચ્છ વિસ્તારમાં ઉનાળામાં પીવાના પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ થતો નથી તેવી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં કેટલી મળી, | (૧) કચ્છ વિસ્તાર માટે પીવાના પાણીનો પૂરતો જથ્થો માળીયા શાખા નહેરમાંથી ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર્સ લીમીટેડ (GWI L) ને ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને પૂરતો જથ્થો ઉપલબ્ધ થતો નથી તેવી કોઇ ફરિયાદ નર્મદા નિગમને મળેલ નથી. |
| (૨) આ બે વર્ષ દરમ્યાન સમસ્યા દૂર કરવા સરકારે શાં પગલાં ભર્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આગામી ઉનાળામાં સમસ્યા ઊભી ન થાય તે માટે શાં આયોજનો કરવામાં આવ્યા છે ? | (૩) આગામી ઉનાળામાં પાણીની સમસ્યા ઊભી ન થાય તે માટે પેટ્રોલીંગની કામગીરી સઘન બનાવવામાં આવશે અને ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર્સ લીમીટેડ (GWI L) ની જરૂરિયાત મુજબ પાણીનો પૂરતો જથ્થો પૂરો પાડવાનું આયોજન છે. |

---------

**નર્મદા જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨-૧૩ અંતર્ગત ખેડૂતોને વિનામૂલ્યે કૃષિ કીટસનું વિતરણ**

૧૩૮૨ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨-૧૩ના કૃષિ મહોત્સવ દરમ્યાન નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૮૬૩૪ ખેડૂતોને કૃષિ કીટ્સ<br>૫૪૯૦ ખેડૂતોને બાગાયત કીટ્સ અને ૨૭૫૦ લોકોને ઘાસચારા કીટ (પશુપાલન ખાતા મારફતે). |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂા. ૨,૯૨,૭૬,૬૭૨/- |

---------

**ગાંધીનગર જિલ્લામાં આવેલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ**

૧૪૨૦ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) ૫ (પાંચ) |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ નથી. |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શું છે ? | (૩) ૫૦,૦૦૦ નમુના. |

---------

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

### ભરૂચ જિલ્લામાં નેઝા ગામે સમુદ્રનાં પટ્ટ તથા ખાડી ઉપર દીવાલ બનાવવાની કામગીરી

૧૧૩૫ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાનાં જંબુસર તાલુકામાં ડીસેમ્બર–૧૨ની સ્થિતિએ નેઝા ગામે સમુદ્રનો પટ્ટ અને ખાડી છે ત્યાં મોટુ તળાવ તથા ચેકડેમ કોઝવે અથવા દિવાલની માંગણી અંગે સર્વે થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) તાંત્રિક બાબતો ચકાસી કામગીરી હાથ ધરવાનું વિચારણા હેઠળ છે. |

---------

### બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લામાં આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ

૧૪૧૯ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ આવેલ છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં ૬ (છ)<br>સાબરકાંઠા જિલ્લામાં ૮ (આઠ) |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં નવી જમીન ચકાસણી પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવેલ નથી,<br>સાબરકાંઠા જિલ્લામાં ૧ (એક) |
| (૩) જિલ્લામાં આવેલી તમામ જમીન ચકાસણી પ્રયોગશાળાઓમાં નમૂના ચકાસવા માટે વાર્ષિક ક્ષમતા શું છે ? | (૩) બનાસકાંઠા જિલ્લામાં ૬૦,૦૦૦ નમુના<br>સાબરકાંઠા જિલ્લામાં ૮૦,૦૦૦ નમુના |

---------

### કચ્છ તથા રાજકોટ જિલ્લાના ખાલી થયેલ ડેમ

૨૬૬૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ તથા કચ્છ જિલ્લામાં કેટલા ડેમો ખાલી છે, | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતએ રાજકોટ જિલ્લામાં ૭૭ તથા કચ્છ જિલ્લામાં ૧૩૯ ડેમો ખાલી છે. |
| (૨) આ બન્ને જિલ્લાઓમાં સિંચાઈ માટે સરકારે શી વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે, અને<br>(૩) તેનો અમલ ક્યારે કરવાનું આયોજન છે ? | (૨) અને (૩) નર્મદાના પૂરના વહી જતા વધારાના પાણી દ્વારા આ ખાલી રહેતા ડેમો ભરવા સૌરાષ્ટ્ર માટે “ સૌની યોજના” હેઠળના કામો માહે જુન–૧૩ થી શરૂ કરવાનું આયોજન છે, જ્યારે કચ્છ માટે આ કામ હાલ પ્રાથમિક સર્વેક્ષણ અને અભ્યાસ હેઠળ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૪૯૮ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૨૨૦ અરજીઓ. |
| એચબી–૭૪૫–૮<br>ટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૩૩ અરજીઓ. |

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? (૩) કુલ રૂ. ૧૧૬,૫૦,૦૦૦/-

---------

**રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનામાં વેટેરીનરી ડૉક્ટરોની ખાલી જગ્યાઓ**

૧૬૯૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં કેટલા પશુ દવાખાના આવેલ છે,

(૧)

| | રાજકોટ | સુરેન્દ્રનગર | ભાવનગર |
|---|---|---|---|
| તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતએ | ૩૧ | ૨૬ | ૨૯ |
| તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતએ | ૩૪ | ૨૮ | ૨૯ |

(૨) તે અન્વયે કેટલા પશુ દવાખાનામાં વેટેરીનરી ડૉક્ટોરોની જગ્યા ભરાયેલ છે, અને

(૨)

| | રાજકોટ | સુરેન્દ્રનગર | ભાવનગર |
|---|---|---|---|
| તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતએ ભરાયેલ જગ્યા | ૧૭ | ૧૪ | ૧૨ |

(૩) ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે ભરવાનું સરકારે આયોજન કરેલ છે. ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી પસંદગી પ્રક્રિયા હાલ ચાલુ છે. જે પૂર્ણ થયે અને ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરી શકાશે.

---------

**કચ્છ જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૩૮૬ **શ્રી વાઘજીભાઇ ધ. પટેલ(રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૫
વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૬
કુલ-૫૧ ખેડૂત શિબિરો

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ?

(૨) કુલ-૫૪૦૧ ખેડૂતો.

---------

**રાજકોટ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૩૯૯ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને

(૧) કુલ ૨૨૩૦ ખેડૂતોને.

(૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨) રૂપિયા ૪૫,૮૮,૮૨૬/-.

---------

**ગણદેવી તાલુકાના મોવાસા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાના કામો**

૧૪૩૭ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના મોવાસા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાના કામો તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે ?

તા.૦૭-૦૫-૨૦૧૨ના રોજ રૂ.૨૬૭.૦૬ લાખના ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**પાટણ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૦૩ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં ૬૦ અરજીઓ અને
વર્ષ ૨૦૧૧-૧૨માં ૬૬ અરજીઓ.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૯ અરજીઓ અને
વર્ષ ૨૦૧૧-૧૨માં ૪૦ અરજીઓ.

(૩) કુલ રૂ.૮૮,૦૦,૦૦૦/-.

---------

**ઉદવહન સિંચાઈ વિભાગ ઉકાઇ હેઠળ મંજૂર કરાયેલી સિંચાઈ યોજનાઓ**

૨૪૭૯ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉદવહન સિંચાઇ વિભાગ ઉકાઈ હેઠળ છેલ્લા બે વર્ષમાં કઇ ઉદવહન સિંચાઈ યોજના કેટલા રૂપિયાની મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી યોજનાનું કામ પૂર્ણ થયેલ છે,

(૩) પૂર્ણ થયેલ કામની ગુણવત્તા કેવી છે, અને

(૪) કઈ યોજનાઓ થકી ખેડૂતોને સિંચાઈની સુવિધા મળી રહી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉદવહન સિંચાઈ વિભાગ ઉકાઈ હેઠળ છેલ્લા બે વર્ષમાં

**પત્રક-૧*** મુજબની કુલ ૧૦૫ ઉદવહન સિંચાઈ યોજનાઓ રૂ।.૮૯૬૪.૦૯ લાખનાં અંદાજિત ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી **પત્રક-૧*** મુજબની ૩૭ ઉદવહન સિંચાઈ યોજનાઓનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) સારી.

(૪) **પત્રક-૨*** મુજબની કુલ ૨૭ ઉદવહન સિંચાઈ યોજનાઓ થકી ખેડૂતોને સિંચાઈની સુવિધા મળી રહી છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વડોદરા જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૪૯૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૭
વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૨.
કુલ-૫૯ ખેડૂત શિબિરો.

(૨) કુલ-૩૪૩૪ ખેડૂતો.

---------

**તાલાલા, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં ટેન્કરથી આપવામાં આવતું પાણી**

૧૫૬૧ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૩ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાલા-સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં કેટલા ગામોમાં ટેન્કરથી પાણી આપવામાં આવે છે,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના ૩ ગામોમાં, સુત્રાપાડા તાલુકાના ૨૩ ગામોમાં અને વેરાવળ તાલુકાના ૨૧ ગામોમાં ટેન્કરથી પાણી આપવામાં આવે છે.

(૨) ટેન્કરથી પાણી આપવાનું માથાદીઠ પ્રમાણ કેટલું છે, અને

(૨) વ્યક્તિદિઠ (પશુ સહિત) દૈનિક ઓછામાં ઓછુ ૨૦ લીટર અને વધુમાં વધુ ૩૦ લીટર ટેન્કરથી પીવાનું પાણી આપવાનું પ્રમાણ છે.

(૩) માલ–ઢોર અને પશુઓને પીવાનું પાણી આપવામાં આવે છે કે કેમ, પાણી આપવામાં આવતું હોય તો તેનું પ્રમાણ શું છે ?

(૩) હા,
ખંડ (૨)ના જવાબ મુજબ.

---------

**સુરત જિલ્લામાં યોજાયેલી ખેડૂત શિબિરો**

૧૩૯૦ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં ૭
વર્ષ ૨૦૧૧–૧૨માં ૩.
કુલ–૧૦ ખેડૂત શિબિરો.

(૨) કુલ–૧૧૦૬ ખેડૂતો.

---------

**માનસરોવર યાત્રાએ જતાં યાત્રીઓને સબસીડી સહાયની ચૂકવણી**

૨૧૦૦ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાંથી કૈલાસ માનસરોવર યાત્રાએ જતા યાત્રીઓને છેલ્લા બે વર્ષમાં કેટલા યાત્રીઓને ક્યારે સબસીડીની રકમ ચૂકવવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર બજેટમાં કેટલી રકમ ફાળવી હતી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાંથી કૈલાસ માનસરોવર યાત્રાએ જતા યાત્રીઓને સને ૨૦૧૦ અને ૨૦૧૧ના વર્ષમાં વર્ષવાર નીચે પ્રમાણે સહાયની અને શુભેચ્છા કીટની રકમ તા.૧૮–૧–૨૦૧૨ના રોજ ચૂકવવામાં આવેલ છે.

| **વર્ષ** | **યાત્રીઓની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂપિયા** |
|---|---|---|
| ૨૦૧૦ | ૧૨૪ | ૨૮,૫૨,૦૦૦/– |
| ૨૦૧૧ | ૧૫૮ | ૩૬,૩૪,૦૦૦/– |

(૨) તે અન્વયે વર્ષવાર બજેટમાં રૂપિયા એક કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં પૂર્ણ કરાયેલા પોલીસ ખાતાના રહેણાંકના મકાનના કામો**

૩૦૪૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૨૦૧૨–૧૩ ના વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૫૧ કામો.

(૨) કુલ રૂ. ૨૯૩.૬૪ લાખ.

---------

**સિધ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા બાબત**

૧૪૬૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ૩૧ ડીસે.–૨૦૧૨ ની સ્થિતિએ સિધ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા અંગે તેમજ મહત્વનું તીર્થસ્થાન જાહેર કરવા અંગે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોના દ્વારા માંગણીઓ મળી હતી, ક્યારે મળી હતી,

(૧) સિધ્ધપુર માતૃતર્પણનું સુપ્રસિધ્ધ તિર્થસ્થાન છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન આ મહત્વના તિર્થસ્થાનને નવપલ્લવિત કરવાનું કાર્ય હાથ ધરવામાં આવેલ છે. તિર્થસ્થાનોના વિકાસના અભિગમના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા આ તિર્થસ્થાનને વિકસાવવામાં આવ્યું છે.

(૨) કાર્યવાહીની ઉક્ત સ્થિતિએ શી પરિસ્થિતિ છે, અને

(૨) આ કામગીરીના ભાગરૂપે છેલ્લા બે વર્ષ, દરમ્યાન ‘‘ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ’’ અને ‘‘ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ’’ દ્વારા સિધ્ધપુર ખાતે ખુબ જ મહત્વના કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં બિંદુ સરોવર, અલ્પા સરોવર, સિધ્ધેશ્વર મહાદેવ, યજ્ઞશાળાને નવપલ્લવિત કરવાના કામો તેમજ જ્યોતિલિંગ, ઘાટ વિકાસ, સાઈબાબા મંદિર, ગોગા મહારાજ મંદિર, પરીશર વિકાસ, ઈત્યાદી કામોનો સમાવેશ થાય છે.

(૩) આ માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમો ફાળવવામાં આવી ?

(૩) આ માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૭૮.૭૭ કરોડ ફાળવવામાં આવેલ છે.

---------

## વલસાડ જિલ્લામાં હાથ પર લેવાયેલાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ

૩૦૩૫ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૪૯ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ઼ા. ૩૨૭.૫૪ લાખ. |

---------

## મોન્સેટો કંપનીના બી.ટી. રીંગણને ગુજરાતમાં મંજૂરી આપવા બાબત

૨૦૬૮ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોન્સેટો કંપનીના બી.ટી. રીંગણને ભારતમાં લાવવાની કેન્દ્ર સરકારે અને સુપ્રિમ કોર્ટે મનાઇ ફરમાવી છે તે હકીકતથી રાજ્ય સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) બી.ટી. રીંગણ લોકોના સ્વાસ્થ્ય તથા લાંબાગાળે જમીન માટે હાનીકારક હોવાની હકીકત સાચી છે, | (૨) આધારભૂત માહિતી નથી. |
| (૩) કેન્દ્ર સરકારનો પ્રતિબંધ હોવા છતાં રાજ્ય સરકાર બી.ટી. રીંગણને રાજ્યમાં લાવવા માગે છે તે હકીકત સાચી છે, | (૩) સાચી નથી. |
| (૪) તે સંબંધે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ મળી હતી તે હકીકત સાચી છે, અને | (૪) ના, જી. |
| (૫) જો હા, તો કેન્દ્ર સરકાર તથા સુપ્રિમ કોર્ટની મનાઇ હોવા છતાં વળી લોકોના સ્વાસ્થ્ય અને જમીનની ફળદ્રુપતાને નુકસાનકારક હોવા છતાં બી.ટી. રીંગણને રાજ્યમાં લાવવા પાછળ શા કારણો છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નર્મદા યોજનાની લીંબડી કેનાલનું કામ**

૭૨૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિલો મીટર લંબાઇનું કામ સને ૨૦૧૧–૨૦૧૨ ના વર્ષમાં કઇ કંપનીને આપવામાં આવ્યું હતું, | (૧) મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની , મુંબઈ. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું, અને | (૨) આ કામ કરાર મુજબ ૧૮ (અઢાર) માસના સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. |
| (૩) તા.૩૦–૧–૨૦૧૩ ની સ્થિતિએ કેનાલનું કેટલું કામ પૂર્ણ થયેલ છે ? | (૩) તા. ૩૦–૦૧–૨૦૧૩ની સ્થિતિએ ૧૨ (બાર) વિશાખા તથા ૧૨ (બાર) પ્રશાખા નહેરોની અંશત: કામગીરી થયેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં પોલીસ રહેણાંકના નવા મકાનો તથા જૂના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી**

૨૯૦૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંકનાં કેટલા નવા મકાનો બનાવવામાં આવ્યા, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) કુલ ૧૧૪ રહેણાંકના મકાનો બનાવવા માટે રૂ. ૮૩૦.૧૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૨) રહેણાંક અને બિન રહેણાંકનાં કેટલા મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને | (૨) માત્ર રહેણાંકના ૪૭૦ મકાનોની મરામત કરવામાં આવેલ છે. |
| (૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કામગીરી વાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પૂર્ણ કરેલ રહેણાંકના મકાનો માટે રૂ. ૮૩૦.૧૭ લાખ તેમજ રહેણાંકના મકાનોની મરામત માટે રૂ. ૨૧૨.૯૨ લાખ. |

---------

**મહેસાણા જિલ્લામાં પૂર્ણ કરાયેલાં પોલીસ ખાતાના બિન–રહેણાંકનાં મકાનોના કામ**

૩૦૩૦ **શ્રી ભરતસિંહજી ચં. રાજપૂત(ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૦૪ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૦૧–૨૦૧૩ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ. ૨૮૧.૬૪ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં આવેલી સિંચાઇ યોજનાની કાચી કેનાલો**

૨૦૦૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કઇ સિંચાઇ યોજનાની કેનાલો કાચી છે, | (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ વડીયા, શેલ–દેદુમલ, સુરજવડી તથા ધાતરવાડી–૧ યોજનાની મુખ્ય અને માઈનોર નહેરો કાચી છે. આ ઉપરાંત ખોડીયાર, વડી |

અને મુંજીયાસર યોજનાની ડીસ્ટ્રીબ્યુટરી અને માઈનોર નહેરો કાચી છે.

(૨) ઉક્ત કાચી કેનાલોને પાકી બનાવવા માટે સિંચાઇ યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને

(૨) ધાતરવાડી-૧ માટે રૂ. ૩૧૯.૯૮ લાખ અને સુરજવડી માટે રૂ. ૪૮૦.૩૮ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. જ્યારે બાકીની યોજનાના અંદાજપત્રકો તૈયાર કરવામાં આવી રહેલ છે.

(૩) ઉક્ત કાચી કેનાલો પાકી બનાવવા શું આયોજન છે?

(૩) નાણાકીય ઉપલબ્ધી અનુસાર કેનાલો પાકી બનાવવાનું આયોજન છે.

---------

**દાહોદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૧૧ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૨ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૦૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૭૭ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ. ૭૩,૫૦,૦૦૦/- |

---------

**ખેડા જિલ્લામાં હાથ પર લેવાયેલ પોલીસ ખાતાનાં બિન રહેણાંકના મકાનોના કામ**

૩૦૩૯ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ ૨૦૧૨-૧૩ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન-રહેણાંકના મકાનો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૪ મકાનો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) કુલ રૂ. ૭૮૯.૭૫ લાખ |

---------

**જામનગર જિલ્લામાં કપાસ પકવતાં ખેડૂતોને ચૂકવવામાં આવતી સહાય**

૧૬૧૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને કેવા પ્રકારની સહાય ડીસે.૨૦૧૨ ની સ્થિતિએ પૂરી પાડવામાં આવે છે, | (૧) રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને ફારમર્સ ફીલ્ડ સ્કૂલ, ફીલ્ડ લેવલ ડેમોન્સ્ટ્રેશન અને ક્ષેત્રિય નિદર્શન દ્વારા આધુનિક ખેતી પધ્ધતિની માહિતી આપવામાં આવે છે. કપાસ પાક માટે બિયારણ, જૈવિક ખાતર, સૂક્ષ્મ તત્ત્વો, બાયો એજન્ટ, યાંત્રિક સાધનો, ટપક પિયત પદ્ધતિ ઈત્યાદિ ઘટકો માટે સહાય આપવામાં આવે છે. રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના અંતર્ગત ભરવાના થતા જરૂરી પ્રીમીયમમાં ખેડૂતોને સહાય આપવામાં આવે છે. |
| (૨) જામનગર જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨ ના વર્ષમાં કપાસ પકવતા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૨) સને ૨૦૧૧માં રૂા. ૧૨.૭૨ લાખ, અને<br>૨૦૧૨માં રૂા. ૭૨૮.૩૬ લાખ<br>કુલ રૂ. ૭૪૧.૦૮ લાખ. |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને | (૩) જી.જી.આર.સી. મારફતે ડ્રીપ પેટે ચુકવવાના રૂા. ૫૬.૮૩ લાખ બાકી. |
| (૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે ? | (૪) જૂથમાં ટપક પિયત પદ્ધતિ અપનાવનારા ખેડૂતો દ્વારા ઝડપથી ટીપીએ (ટ્રાય પાર્ટી એગ્રીમેન્ટ) પૂર્ણ |

કરાવ્યેથી અને તેમનો ફાળો જમા કરાવ્યેથી બાકી સહાયનું ચૂકવણું કરવામાં આવશે.

---------

**ભરૂચ જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો**

૧૩૯૫ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં સન ૨૦૧૨–૧૩ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને | (૧) કુલ–૨૪ ખેડૂત શિબિરો |
| (૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો? | (૨) કુલ ૩૮૦૯ ખેડૂતો. |

---------

**ઉના તાલુકામાં પીવાનાં પાણીની સમસ્યા**

૧૮૨૦ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતએ જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે તે હકીકત થી સરકાર વાકેફ છે<br>(૨) જો હા, તો કયા ગામોમાં પીવાના પાણીની તંગી છે, અને | (૧) અને (૨) ગત વર્ષે થયેલ ઓછા વરસાદને કારણે (૧) બેડિયા (૨) મોતીસર (૩) બંધારકા (૪) સોનારિયા (૫) નીતલી અને (૬) વડલી ગામોએ પીવાના પાણીની સમસ્યા ઉભી થયેલ. |
| (૩) આ ગામોને પીવાના પાણીની મુશ્કેલીઓ દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે? | (૩) હાલમાં આ ગામો સ્થાનિક સોર્સ/ખાનગી માલીકીના સોર્સમાંથી પાણી મેળવે છે.સ્થાનિક સોર્સમાં પાણીનો જથ્થો ઓછો થયેથી ટેન્કર દ્વારા તેમજ નવા સોર્સની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. લાંબાગાળાના આયોજન તરીકે મહી/નર્મદા પાઈપ લાઈન યોજનામાં સમાવેશ કરી કામો હાથ ધરેલ છે. |

---------

**રાજકીય મહાનુભાવોના પત્રોનાં પ્રત્યુતરો પાઠવવા બાબત**

૩૦૪૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાલુકા કક્ષાએથી રાજ્યકક્ષા સુધીના મંત્રીશ્રીઓએ ધારાસભ્યો તરફથી લખાતા પ્રશ્નો પત્રોના નિયત સમય મર્યાદામાં પ્રત્યુતુર પાછવવા માટે સરકારશ્રી તરફથી કોઈ માર્ગદર્શક સૂચનાઓ–પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેવી માર્ગદર્શક સૂચનાઓની વિગતો શી છે? | (૨) (૧) માન. ધારાસભ્યશ્રીઓના પત્રો મળે તેના પછી એક અઠવાડિયાની અંદર પત્રોની પહોંચ પાઠવવી. ત્યારબાદ મૂળ પત્ર સંબંધિત વિભાગને મોકલી આપવો.<br>(૨) પત્રોનો આખરી જવાબ ૧૫ દિવસની અંદર પાઠવવો. કોઈ અનિવાર્ય કારણોસર આ સમય મર્યાદામાં આખરી જવાબ પાઠવવો શક્ય ન હોય તો પત્રનો વચગાળાનો જવાબ ૧૫ દિવસની અંદર પાઠવવો.<br>(૩) આખરી જવાબ પત્રની પહોંચ પાઠવવાની |

તારીખથી ૧૫ દિવસની અંદર પાઠવવો. જો તેમ શક્ય ના હોય તો આખરી જવાબ મોડામાં મોડો બે માસની સમયમર્યાદામાં આપવો.

(૪) રજૂઆતના વિષય વસ્તુનો નિકાલ દિન-૬૦માં શક્ય ન હોય તો વચગાળાનો જવાબ આ સમય મર્યાદામાં પાઠવવો.

---------

**દહેગામ તાલુકાનાં ખાત્રીબાનાં વેળાનું બાકી કામકાજ**

૨૩૨૩ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ દહેગામ તાલુકાના ખાત્રીબાના વેળાનું કામ બંધ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) આ કેનાલમાં નર્મદાના પાણી આપવા માટે સરકારે શી કાર્યવાહી કરી? | (૨) નર્મદાનું પાણી આપવાનું કોઈ આયોજન નથી. |

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓનાં ગૂમ થયેલી મહિલાઓ**

૨૫૫૫ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી મહિલાઓ ગૂમ થઈ, અને | (૧) ૪૪ મહિલાઓ |
| એચબી-૭૪૫-૧૦ કેટલી મહિલાઓ પરત મળી આવી, અને | (૨) ૪૦ મહિલાઓ |
| (૩) ન મળી આવેલ મહિલાઓને શોધી કાઢવા શી વ્યવસ્થા કરવામાં આવી છે? | (૩) બાકી રહેલ કુલ-૪ મહિલાઓને શોધવા માટે દરેક પોલીસ સ્ટેશનમાં ચુનંદા પોલીસ અધિકારીઓ/પોલીસ માણસોની ટીમ બનાવવામાં આવેલ છે. ગુમ રહેલ મહિલાઓના વાલીવારસોને તેમજ સગા સબંધીઓના નિવેદનો લીધેલ છે. ફોટા ટી.વી. ચેનલો ઉપર તથા રેડીઓ ઉપર પ્રસિધ્ધ/પ્રસારણ કરવામાં આવેલ છે. અવાર નવાર ડ્રાઈવો પણ રાખવામાં આવેલ છે. અને ગુમ રહેલ મહિલાઓને શોધી કાઢવા હાલમાં તજવીજ ચાલુ છે. |

---------

**મહાત્મા મંદિર પાછળ થયેલ ખર્ચ**

૨૧૩૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરના નિર્માણ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર ખાતે ૧૦,૦૦૦ થી વધારે લોકોની બેઠકની ક્ષમતાવાળો કન્વેન્શન સેન્ટર (હોલ, સેમીનાર રૂમ, કોન્ફરન્સ રૂમ વગેરે) અને ૧૦,૦૦૦/- ચો.મી. થી વધુના ક્ષેત્રમાં પ્રદર્શન માટેના એકઝીબીશન સેન્ટર તથા અન્ય સંલગ્ન સુવિધાઓની ત્રણ અલગ તબક્કાઓમાં નિર્માણ કામગીરી કરીને, તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ સરકાર દ્વારા રૂા. ૩૪૬.૦૦ કરોડનો કુલ ખર્ચ કરવામાં આવ્યો છે. |

(૨) ઉપરોક્ત સ્થિતિએ આ કન્વેન્શન હોલ થી કોઈ આવક થઈ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો કેટલી?

(૩) ઉપરોક્ત સ્થિતિએ મહાત્મા મંદિર ખાતે રૂ઼ા. ૪.૦૮ કરોડની આવક મહાત્મા મંદિર ખાતે યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં થઈ છે.

---------

**ધાનપુર તથા ગરબાડા તાલુકામાં સ્વજલ ધારા યોજનાની કામગીરી**

૧૮૬૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ધાનપુર તેમજ ગરબાડા તાલુકામાં સ્વજલ ધારા કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૧) વર્ષ-૨૦૧૧માં ૦૩ અને વર્ષ-૨૦૧૨માં ૦૭ યોજના તાલુકાવાર નીચેની વિગતે મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૧૧ | ૨૦૧૨ |
| ધાનપુર | ૦૩ | ૦૩ |
| ગરબાડા | ૦૦ | ૦૪ |

(૨) કેટલા કામો પૂર્ણ થયા, અને

(૨) યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

(૩) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) રૂ઼ા. ૮.૮૦ લાખનું ફંડ પાણી સમિતિઓને ફાળવવામાં આવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં બંધ પડેલા ઉદ્યોગો**

૨૫૩૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલા નાના-મોટા ઉદ્યોગો કેટલા સમયથી બંધ છે, અને

(૧) બંધ એકમોની માહિતી નિભાવવામાં આવતી ન હોઈ અમરેલી જિલ્લાની માહિતી ઉપલબ્ધ નથી.

(૨) આવા બંધ થયેલા ઉદ્યોગોને પુનઃસ્થાપિત કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાયતા કરી?

(૨) રાજ્ય સરકારના તા. ૧૫-૦૭-૨૦૧૦ના ઠરાવથી નાનાં-મોટાં માદાં ઔદ્યોગિક એકમોના સરકારી લેણાંની પતાવટ માટે વન-ટાઇમ-સેટલમેન્ટ (ઓટીએસ) યોજના જાહેર કરતાં તે હેઠળ અમરેલી જિલ્લામાં એક એકમની નોંધણી કરવામાં આવી છે.

---------

**સુરત ગ્રામ્ય-જિલ્લામાં એસ.આર.પી. ગ્રુપ ખાતે પૂર્ણ કરાયેલા પોલીસ ખાતાના રહેણાંકના મકાનના કામો**

૩૦૪૨ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત ગ્રામ્ય જિલ્લામાં એસ.આર.પી. ગ્રુપ ખાતે તા.૩૧-૧-૨૦૧૩ ની સ્થિતએ ૨૦૧૨-૧૩ના વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૧) કુલ ૭૨ કામો.

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ રૂ઼ા. ૪૯૦.૫૦ લાખ

---------

**આણંદ જિલ્લામાં કૃષિ ખાતાનું મહેકમ**

૨૫૦૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતએ આણંદ જિલ્લામાં કઈ યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) સામેલ **પત્રક–અ** મુજબ

(૨) તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધો

(૨) આણંદ–૨૮૧૦, બોરસદ–૨૫૩૧, ખંભાત–૪૮૯૮, આંકલાવ–૧૭૦૭, ઉમરેઠ–૧૫૨૫, તારાપુર–૩૪૬૬, સોજિત્રા–૩૧૩૭, પેટલાદ–૪૨૩૩ કુલ ૨૪૩૦૭ લાભાર્થીઓએ લાભ લીધો.

(૩) કૃષિ ખાતાનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, અને

(૩) ગુજરાત ખેતી સેવા વર્ગ–૧ ૧૧૬
ગુજરાત રાજ્ય સેવા વર્ગ–૧ ૦૦૧
ગુજરાત ખેતી સેવા વર્ગ–૨ ૬૫૮
ગુજરાત ખેતી સેવા વર્ગ–૨ (યાંત્રિક) ૦૦૫
સામાન્ય રાજ્ય સેવા વર્ગ–૨ ૦૦૭
સબોર્ડીનેટ એગ્રીકલ્ચર સર્વીસીઝ વર્ગ–૩ ૧૦૬૬
સબોર્ડીનેટ સર્વીસીઝ વર્ગ–૩ ૧૧૮
ઈન્ફીરીયર નોન સેક્રેટરીયેટ સર્વીસીઝ ૨૯૩
**કુલ ૨૨૬૪**

(૪) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

(૩) ૧ વર્ષ સુધીની ૫૮૭, ૧ થી ૩ વર્ષ સુધીની ૩૪૮ અને ૩ વર્ષથી વધુ સમયની ૮૭ એમ કુલ ૧૦૨૨ જગ્યાઓ ખાલી છે.

**પત્રક–અ**

તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કૃષિ વિભાગની વિવિધ યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૧૨–૧૩માં ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત

| **યોજનાનું નામ** | **ફાળવાયેલ ગ્રાન્ટ (રૂ।. લાખમાં)** |
|---|---|
| કૃષિ વિકાસ માટે વહીવટ અને પૂર્વ જરૂરી સવલતો | ૭૯.૫૦ |
| કપાસની જુદી જુદી જાતોની વૃધ્ધિ અને વહેચણી | ૧૬.૭૧ |
| એમોનિયમ સલ્ફેટ અને રાસાયણિક ખાતરોની વહેંચણી | ૩.૬૯ |
| ઉત્પાદક સામગ્રીના વિકાસ માટેની યોજના, રાસાયણિક ખાતર ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળા અને ક્ષેત્ર સંસ્થા | ૧.૬૬ |
| ૧૯૬૮ના જંતુનાશક દવા અધિનિયમનો અમલ | ૪.૪૪ |
| કપાસ ઉત્પાદન | ૨૨.૩૩ |
| કૃષિ વિકાસ કામો માટે તંત્ર રચના | ૨.૯૪ |
| મોજણી પિરયોજના મૂલ્યાંકન અને આકારણી (પાક વિષયક આંકડાની સુધારણા) | ૩.૧૫ |
| કૃષિ શાસ્ત્ર વિષયક પરિસ્થિતિ તપાસ કરવી અને પાક પધ્ધતિ દાખલ કરવી | ૩.૨૪ |
| જિલ્લા મહેકમ | ૧૧.૮૦ |
| એસ.સી./એસ.ટી. સિવાયના ખેડૂતો માટે કૃષિ સહાય કાર્યક્રમ | ૧૭૮.૨૦૪ |
| કૃષિ વિકાસ માટે તંત્ર રચના | ૪૭૧.૩૦ |
| અનુસૂચિત જાતિ પેટા યોજના અનુ સૂચિત જાતિના ખેડૂતોને બિયારણ રાસાયણિક ખાતર અને ઉત્પાદક સામગ્રી પેટીઓની સહાયિત દરે વહેંચણી | ૯૦.૮૪ |

| યોજનાનું નામ | ફાળવાયેલ ગ્રાન્ટ (રૂ઼ા. લાખમાં) |
|---|---|
| ભૂમિ સંરક્ષણ અને મોજણી તંત્ર | ૫.૧૫ |
| વિસ્તાર સિંચાઈ કાર્યક્રમ | ૨૮.૯૦ |
| ઉત્સ્ફોટન દ્વારા સિંચાઈ કુવાની સુધારણા | ૫.૩૯ |
| **કુલ** | **૯૨૯.૨૪** |

---------

**વણાકબોરી ડેમનાં તૂટી ગયેલાં ફ્યુઝ ગેટ**

૨૪૭૮ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલ વણાકબોરી ડેમના ફ્યુઝ ગેટ તૂટી ગયા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ તુટી ગયેલ ગેટની મરામત કામગીરી અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) અને (૨)

ના. જી. વણાકબોરી વીયર ઉપરથી ચોક્કસ માત્રામાં પૂર પસાર થતા આ દરવાજા ફ્યુઝ થાય તે સિધ્ધાંત ઉપર કામ કરે છે. વર્ષ ૨૦૦૬ માં વણાકબોરી વિયર ખાતે ૧૧.૫૦ લાખ ક્યુસેકસ પુર આવતા હાઈડ્રોપ્લસની ડીઝાઈન મુજબ તબક્કાવાર કુલ–૩૩ ગેટ પૈકી ૧૮ ગેટ ફ્યુઝ થવા પામેલ. ફ્યુઝ થયેલ ગેટની મરામત શક્ય નથી.

---------

**૨૦૧૧ અને ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ પાછળ ખર્ચ**

૧૧૪૪ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૧–૧૩ની સ્થિતિએ ૨૦૧૧ અને ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટના આયોજન, સમિટમાં આવેલ લોકોને રહેવા–જમવા, ટ્રાન્સપોર્ટેશન અને અન્ય પ્રકારના ઉદ્યોગ વિભાગ દ્વારા કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

વર્ષ ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટનું આયોજન વર્ષ ૨૦૦૯થી શરૂ કરવામાં આવ્યું હતું અને ૨૦ મહિનાથી વધુના સમયગાળામાં વર્ષ ૨૦૧૧ની સમિટ માટે વિવિધ સેમિનાર, પ્રદર્શન, પ્રચાર ઝુંબેશ, પ્રસિધ્ધિ સાહિત્ય તથા અન્ય આયોજન તેમજ મુખ્ય સમિટના આયોજન વગેરે પાછળ ચૂકવણું કુલ રૂ઼ા. ૩૯.૨૭ કરોડનું અને

તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ માટેના આવા જ આયોજન પાછળ કુલ રૂ઼ા. ૧૨.૭૧ કરોડનું ચૂંકવણું ઈન્ડેક્ષ્ટ બી દ્વારા થયેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં નવા બંદરો બનાવવાનું તથા જૂના બંદરો વિકસાવવાની કામગીરી**

૨૮૯૬ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ક્યા નવા બંદરો બનાવવાનું અને જૂના બંદરો વિકસાવવાનું આયોજન ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં મોઢવા ખાતે નવું બંદર બનાવવાની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ છે. અને જુના બંદરો વિકસાવવા માટે શક્યતાવર્તી અહેવાલના તબક્કે છે.

(૨) તે પૈકી કયા બંદરો સરકાર દ્વારા અને કયા બંદરો ખાનગી ક્ષેત્રો દ્વારા બનાવવાનું અને વિકસાવવાનું આયોજન છે, અને

(૨) આ બંદરો ખાનગી ક્ષેત્રથી વિકસાવવાનું આયોજન છે.

(૩) આ કામો કયારે શરૂ કરી કયારે પૂરા કરવાનું આયોજન છે ?

(૩) વિકાસકારની મંજૂરી મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**નર્મદા જિલ્લામાં હાથ પર લેવાયેલ પોલીસ ખાતાનાં બિન રહેણાંકના મકાનોના કામ**

૩૦૩૩ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૪ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂા. ૬૦૭.૭૫ લાખ. |

એચબી–૭૪૫–૧૧

---------

**ભરૂચ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

૧૪૦૨ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) કુલ ૧૪૦૭ ખેડૂતોને |
| (૨) આ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂપિયા ૨૬.૭૮.૦૨૦/– |

---------

**ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા શરૂ કરાયેલ નવા સંશોધન કેન્દ્રો**

૧૫૧૧ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ૨૦૧૨–૧૩ વર્ષ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) દ્વારા ક્યા જિલ્લાઓમાં નવા સંશોધન કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે ? | કચ્છ જિલ્લામાં નવું સંશોધન કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. |

---------

**જેતપુર પાવી અને છોટા ઉદેપુર તાલુકામાં ખેડૂતોને ઓઈલ એન્જિનની સહાય**

૨૬૬૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના જેતપુર પાવી અને છોટા ઉદેપુર તાલુકામાં કેટલા ખેડૂતો ને સિંચાઈ માટે ઓઈલ એન્જિન ખરીદ કરીને આપ્યા, અને | (૧) સરકારશ્રી દ્વારા ઓઈલ એન્જિનની ખરીદી કરવામાં આવેલ નથી. પરંતુ જરૂરિયાતવાળા ખેડૂતોએ તેમની પસંદગી મુજબ જાતે ખરીદ્યા બાદ જે તે ખાતેદાર ખેડૂતને સરકારશ્રીની યોજનાના ધારાધોરણ મુજબ સહાયનું ચુકવણું કરવામાં આવે છે. |
| (૨) કેટલા એન્જિનો કઈ પધ્ધતિથી ખરીદ કર્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૨–૨૦૧૩ અંતર્ગત આપવામાં આવેલી સહાય**

ફાલ્ગુન ૧૫, ૧૯૩૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

૧૬૯૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૧૨ ના કૃષિ મહોત્સવ પાછળ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) |

| અ. નં. | તાલુકાનું નામ | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૨૧,૩૬,૭૫૫ |
| ૨ | જસદણ | ૨૪,૦૦,૪૪૫ |
| ૩ | મોરબી | ૧૬,૯૦,૫૨૫ |
| ૪ | પડધરી | ૧૩,૪૫,૪૬૪ |
| ૫ | ગોંડલ | ૧૯,૭૨,૮૩૮ |
| ૬ | ધોરાજી | ૭,૨૮,૧૭૫ |
| ૭ | ટંકારા | ૧૧,૭૦,૭૬૦ |
| ૮ | ઉપલેટા | ૧૧,૦૪,૨૮૬ |
| ૯ | વાંકાનેર | ૨૧,૫૨,૧૦૨ |
| **અ. નં.** | **તાલુકાનું નામ** | **કુલ ખર્ચ** |
| ૧૦ | જેતપુર | ૧૦,૦૫,૭૯૦ |
| ૧૧ | જામકંડોરણા | ૧૧,૫૬,૪૩૪ |
| ૧૨ | કોટડા સાંગાણી | ૧૦,૦૭,૧૭૬ |
| ૧૩ | લોધીકા | ૯,૦૭,૯૯૪ |
| ૧૪ | માળીયા મીયાણા | ૧૧,૦૧,૯૨૬ |
| | **રાજકોટ જિલ્લાનો કુલ ખર્ચ** | **૧,૯૮,૮૦,૬૭૦** |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કિટ તેમજ સાધન સહાય કેટલી આપવામાં આવી, અને | (૨) ૬૧૫૧ ખેડૂતોને કૃષિ કીટ્સ, ૫૨૬૦ ખેડૂતોને બાગાયત કીટ્સ, ૪૩૪૫ પશુપાલકોને ઘાસચારા કીટ (પશુપાલન ખાતા મારફતે) ૩૬ માછીમારોને સાધન સહાય (મત્સ્યોદ્યોગ ખાતા મારફતે) |
| (૩) અપાયેલી કિટ્/સાધન સહાય કઈ યોજના હેઠળ અને કયા બજેટના હેડે અપાઈ ? | (૩) **પત્રક – અ** મુજબ |

**પત્રક–અ**

**અપાયેલી કિટ/સાધન સહાય કઈ યોજના હેઠળ અને કયા બજેટના હેડે અપાઈ ?**

| ખેતી નિયામક | પશુપાલન | બાગાયત | મત્સ્યોદ્યોગ |
|---|---|---|---|
| (૧) અનુસૂચિત જાતિના ખેડૂતો (એ.જી.આર–૪) માટે<br>બજેટ હેડ–૨૪૦૧–પાક કૃષિ વ્યવવસ્થા<br>૧૦૩ બિયારણ (૧) અનુસૂચિત જાતિઓના ખેડૂતોને બિયારણ અને રાસાયણિક ખાતર અને ઉત્પાદક સામગ્રી પેટીઓની સહાયતા દરે અને,<br>(૨) ખેડૂતો માટે ખાસ ધ્યાનાર્થ કાર્યક્રમ (એ.જી.આર–૧૦) હેઠળ બજેટ હેડ ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૦૪–કૃષિ ફાર્મ (૧૧) ખેડૂતો માટે ખાસ ધ્યાનાર્થ કાર્યક્રમ | કૃષિ મહોત્સવ ૨૦૧૨ દરમ્યાન પશુપાલન કીટ પુરી પાડવાની યોજના માંગણી નં. ૪ (પ્લાન) સેકટર–ગ–આર્થિક સેવાઓ સબ સેકટર–(ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ મુખ્ય સદર–૨૪૦૪ ડેરી વિકાસ ગૌણ સદર – ૦૦૧ નિર્દેશન અને વહીવટ પેટા સદર–(૦૩) દુધાળા પશુઓનો નિભાવ (ડીએમએસ–૧) | એચ.આર.ટી.–૨ બજેટની હેડની વિગત<br>માંગણી નંબર –૨<br>સેકટર–ગ–આર્થિક સેવાઓ<br>કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ<br>મુખ્ય સદર–૨૪૦૧ પાક અને કૃષિ વ્યવસ્થા<br>ગૌણ સદર –૧૧૯ બાગાયતી અને શાકભાજીના પાકો<br>પેટા સદર–(૦૧) ફળ અને રોપા ઉછેર કેન્દ્રો<br>એચ.આર.ટી. –૪ ની બજેટ હેડની વિગત<br>માંગણી નં. ૯૫<br>સેકટર–ગ–આર્થિક સેવાઓ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ<br>મુખ્ય સદર–૨૪૦૧ પાક અને કૃષિ વ્યવસ્થા<br>ગૌણ સદર–૧૧૯ બાગાયતી અને શાકભાજીના પાકો<br>પેટા સદર –(૦૧) એચ.આર.ટી.–૪ | **પગડીયા સહાય**<br>માગણી નં. ૬<br>સેકટ–ગ–આર્થિક સેવાઓ<br>સબ સેકટર–ક–કૃષિ અને સંલગ્ન સેવાઓ<br>મુખ્ય સદર –૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>ગૌણ સદર–૧૦૩–દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>પેટા સદર–(૦૧) એફ.એસ.એચ.–૭–દરિયાઈ સાધનો પુરા પાડવા<br>અન્ય જરૂરી સવલતો પુરી પાડવી (આયોજીત યોજના)<br>આઈટમ નં. ૩૩૫૫–સહાયકી (ગ)<br>**મત્સ્યોદ્યોગ વેચાણ સહાય**<br>માંગણી નં. ૬<br>સેકટર–ગ–આર્થિક સેવાઓ<br>સબ સેકટર–ક–કૃષિ અને સંલગ્ન સેવાઓ<br>મુખ્ય સદર–૨૪૦૫–મત્સ્યદ્યોગ<br>ગૌણ સદર–૧૦૧–આંદરદેશીય મત્સ્યદ્યોગ<br>પેટા સદર–(૦૨) એફ.એસ.એચ.–૨<br>આંતરદેશીય મત્સ્યદ્યોગ સાધનો વધારવા<br>(આયોજીત યોજના) |

| | | | |
|---|---|---|---|
| | | અનુ. જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના | આઇટમ નં. ૩૩૦૦-રાહત |

---------

**પાટણ જિલ્લામાં પૂર્ણ કરાયેલાં પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામ**

૩૦૩૧ **શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન-રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૭ મકાનો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૩ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ।. ૪૨૦.૩૮ લાખ. |

---------

**હિરણ-૨ ડેમ આધારિત જૂથ યોજનામાં સમાવિષ્ટ વેરાવળ અને સુત્રાપાડા તાલુકાના ગામો**

૧૫૬૨ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકામાં આવેલ હિરણ-૨ ડેમ આધારિત જૂથ યોજનામાંથી સૂત્રાપાડા અને વેરાવળ તાલુકાના કેટલા ગામોનો સમાવેશ થેયલ છે, | (૧) હિરણ-૨ ડેમ આધારિત જૂથ યોજનામાંથી સુત્રાપાડા તાલુકાના ૨૨ અને વેરાવળ તાલુકાના ૨૬ તેમજ અન્ય ૨ ગામો મળી કુલ ૫૦ ગામ/પરાનો સમાવેશ થયેલ છે. |
| (૨) તે પૈકી કણજોતર-રાખેજ-મટાણા-ધામેજ ગામ અને બંદર થોરડી-સીંગસર ગામમાં સારા વર્ષમાં પણ પાણી પહોચતું નથી તે હકીકત સાચી છે, અને | (૨) આ ગામો છેવાડાના ગામો છે. ઉપરાંત મૂળ યોજનામાં વધુ ગામો ઉમેરાતાં વધારાનો સોર્સ કરી જુથ યોજના દ્વારા પાણી પુરૂ પાડવાનું આયોજન કરેલ છે. હાલમાં આ સોર્સમાં પાણી ખૂટી જતાં ટેન્કરથી પાણી પૂરૂ પાડવામાં આવે છે. |
| (૩) જો હા, તો પાણી આ ગામોને પંહોચાડવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) લાંબાગાળાના આયોજન તરીકે મહી/નર્મદા બલ્ક પાઇપ લાઇન આધારિત ગૃપ યોજનામાં સમાવેશ કરી પાણી પુરૂ પાડવાનું આયોજન કરેલ છે. |

---------

**આણંદ જિલ્લામાં નર્મદા યોજનાનાં પિયત કમાન્ડ હેઠળનો વિસ્તાર**

૨૦૧૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલો વિસ્તાર નર્મદા યોજનાનો પિયત કમાન્ડ આવેલો છે, અને | (૧) તા. ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર તાલુકાનો રીઝા ગામનો ૧૨૨ હેક્ટર (૩૦૧.૪૬ એકર) વિસ્તાર નર્મદા યોજના હેઠળ પિયત વિસ્તારમાં સમાવિષ્ટ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખરીફ અને ઉનાળું સિઝનમાં કેટલા વિસ્તારોમાં સિંચાઈનું પાણી આપવામાં આવ્યું ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખરીફ અને ઉનાળુ સિઝનમાં થયેલ સિંચાઈ (ઉદ્વહનથી) નીચે મુજબ છે. |

| ખરીફ સિઝન | | ઉનાળુ સિઝન | | કુલ | |
|---|---|---|---|---|---|
| ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૧ | ૨૦૧૨ |
| ૧૦.૦૦ હેક્ટર | ૦.૦૦ હેક્ટર | ૦.૦૦ હેક્ટર | ૦.૦૦ હેક્ટર | ૧૦.૦૦ હેક્ટર | ૦.૦૦ હેક્ટર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪.૭૧ એકર | ૦.૦૦ એકર | ૦.૦૦ એકર | ૦.૦૦ એકર | ૨૪.૭૧ એકર | ૦.૦૦ એકર |

---------

**પાટણ જિલ્લાનાં કાકોશી વિસ્તારમાં નર્મદા યોજનાની નહેરો બનાવવાનું આયોજન**

૧૪૬૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ કાકોશી વિસ્તારમાં નર્મદા યોજના હેઠળ પાણીની નહેરો બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો કયા કારણોસર, અને | (૨) કાકોશી વિસ્તારનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થયેલ ન હોઈ, નહેરો બનાવવાનું આયોજન કરેલ નથી. પરંતુ નર્મદા મુખ્ય નહેર આધારિત પાટણથી ડીંડ્રોલ પાઈપલાઈન યોજના અન્વયે કાકોશી વિસ્તારનાં ૩૦૦૦ હેક્ટરમાં સિંચાઈની સુવિધા પુરી પાડવાનું આયોજન છે. |
| (૩) જા હો, તો કયા કારણોસર ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં વાહન અકસ્માતથી થતાં મૃત્યુ**

૨૮૯૦ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં વાહન અકસ્માતથી કુલ કેટલી વ્યકિતઓ મૃત્યુ પામ્યા, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ

| | તાલુકા | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૨ |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૩૫ | ૫૦ |
| ૨ | વિસાવદર | ૬ | ૧૦ |
| ૩ | મેંદરડા | ૫ | ૧૪ |
| ૪ | ભેંસાણ | ૩ | ૮ |
| ૫ | કેશોદ | ૨૫ | ૨૨ |
| ૬ | વંથલી | ૧૩ | ૧૭ |
| ૭ | માણાવદર | ૧૦ | ૮ |
| ૮ | વેરાવળ | ૨૧ | ૨૩ |
| ૯ | સુત્રાપાડ | ૨૩ | ૧૬ |
| ૧૦ | કોડીનાર | ૨૪ | ૩૩ |
| ૧૧ | ઉના | ૨૬ | ૨૫ |
| ૧૨ | તાલાલા | ૧૩ | ૧૮ |
| ૧૩ | માંગરોળ | ૯ | ૧૫ |
| ૧૪ | માળીયા | ૩૧ | ૧૬ |
| | **કુલ** | **૨૪૪** | **૨૭૫** |

(૨) અકસ્માતો ઓછા થાય તે માટે આગામી વર્ષોમાં રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૨) નિયમાનુસાર શક્ય તેટલા બધા જ જરૂરી પગલાઓ લેવામાં આવે છે.

---------

**રાજુલા–જાફરાબાદ મહિપરીએજ આધારિત ગ્રુપ પાણી પુરવઠા યોજનાની કામગીરી**

૨૦૦૪ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાજુલા–જાફરાબાદ મહિપરીએજ આધારિત ગ્રુપ પાણી પુરવઠા યોજનાની કામગીરી માટે કેટલી રકમ મંજૂર કરાયેલ છે, | (૧) મહિપરીએજ આધારીત રાજુલા ગૃપ પાણી પુરવઠા યોજના માટે રૂા. ૩૦.૬૯ કરોડ અને જાફરાબાદ ગૃપ પાણી પુરવઠા યોજના માટે રૂા. ૩૧.૫૦ કરોડ. |
| (૨) જે પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, | (૨) રૂા. ૫૫.૦૬ કરોડ. |
| (૩) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ આ યોજનાની કામગીરી કયા તબક્કે છે, અને<br>(૪) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) અને (૪) : યોજનાની કામગીરી ૯૦ ટકા પૂર્ણ થયેલ છે.<br>૨૪ ગામો અને ૨ શહેરોના કામો પૂર્ણ કરી આ યોજના દ્વારા પાણી શરૂ કરવામાં આવેલ છે.<br>બાકી રહેતા કામો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

એચબી–૭૪૫–૧૨

**દેવગઢ બારીયાની ગોલ્લાવ અને મંગોઇ જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી**

૨૮૭૦ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દેવગઢ બારીયા તાલુકાની ગોલ્લાવ અને મંગોઇ જૂથ પાણી પુરવઠા યોજનાઓની છેલ્લા સાત વર્ષથી કામગીરી ચાલે છે જે ડીસે–૧૨ સુધી પૂર્ણ કરીને ૪૬ ગામોને પીવાનું પાણી આપેલ નથી. તે હકીકત સાચી છે,<br>(૨) સદર યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરીને પાણી આપવાનું આયોજન છે, અને | (૧) અને (૨) : યોજનાના કામો માહે ૪/૨૦૧૧માં પૂર્ણ કરવામાં આવેલ છે.<br>યોજનામાં સમાવિષ્ઠ તમામ ૪૦ ગામો પૈકી ૨૩ ગામોને પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. બાકી રહેતા ૧૭ ગામો હાલ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે. વીજ પુરવઠો મળ્યેથી જૂથ યોજનામાંથી પણ ટૂંક સમયમાં પાણી આપવાનું આયોજન છે. |
| (૩) આ યોજનાની પૂરતી ચકાસણી કર્યા વગર એજન્સી પાસેથી શા માટે લેવામાં આવેલ છે ? | (૩) ચકાસણી કર્યા બાદ જ એજન્સી પાસેથી કામો લેવામાં આવેલ છે. |

---------

**કપાસના પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા સરકારના ઉપાયો**

૧૬૧૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ બજારભાવ ન મળે ત્યારે ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા રાજ્ય સરકારે કયા ઉપાયો તા.૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ અમલમાં મૂક્યા છે, અને | (૧) સરકાર દ્વારા કપાસની ટેકાના ભાવે ખરીદી કરવા રજુઆત કરતા નોડલ એજન્સીઓ દ્વારા ગુજરાતમાં કુલ ૬૪ કપાસ ખરીદ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી કોને સોંપવામાં આવી છે ? | (૨) રાજ્યમાં કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડીયા અને નાફેડ (National Agriculture Co–Operative Marketing Federation Of India Ltd.) અમદાવાદને નોડલ એજન્સી તરીકે આ કામગીરી સોંપવામાં આવેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિઓને સહાય**

૧૮૩૨ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ બજાર સમિતિને કયા હેતુ માટે કેટલી સહાયની રકમ મંજૂર કરવામાં આવી,

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને હેતુવાર નીચે મુજબ સહાય મંજુર કરવામાં આવી.

(રકમ રૂા. લાખમાં)

| અ.નં. | નાણાંકીય વર્ષ | તાલુકાનું નામ | બજાર સમિતિનું નામ | મંજુર થયેલ સહાયની રકમ | સહાયના હેતુ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૨૦૧૦–૧૧ | વિસાવદર | વિસાવદર | ૧૭.૨૮ | શોપ કમ ગોડાઉન |
| ૨ | – " – | – " – | – " – | ૦૯.૯૮ | ખેડૂતો માટેનો શેડ |
| ૩ | – " – | ભેંસાણ | ભેંસાણ | ૦૯.૨૨ | ખેડૂતો માટેનો શેડ |
| ૪ | – " – | વેરાવળ | વેરાવળ | ૦૪.૯૦ | ઓવર હેડ ટાંકી તથા અંડર ગ્રાઉન્ડ ટાંકી |
| ૫ | – " – | ઉના | ઉના | ૦૩.૬૯ | અનાજ, મસાલા, કઠોળ સાફ કરવાનું ક્લીનીંગ યુનીટ તથા આંતરીક પાકા રસ્તા |
| ૬ | ૨૦૧૧–૧૨ | કોડીનાર | કોડીનાર | ૧૩.૫૦ | ગોડાઉન |
| ૭ | – " – | વેરાવળ | વેરાવળ | ૪૫.૧૦ | ખેડૂતો માટેનો શેડ |
| | **કુલ** | | | **૧૦૩.૬૭** | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) રૂા. ૧૧.૭૭ લાખ.

(૩) આ સહાયમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો કેટલાં ટકા હિસ્સો છે ?

(૩) સહાયનો તમામ હિસ્સો રાજ્ય સરકારશ્રીનો છે.

---------

**પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં નવીન પશુ સારવાર કેન્દ્રો**

૩૦૪૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં નવીન પશુ સારવાર કેન્દ્રો શરૂ કરવા સરકારે ૩૧ ડીસેમ્બર–૨૦૧૨ની સ્થિતિએ કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉપરોક્ત તાલુકાના કયા ગામોએ નવીન પશુ સારવાર કેન્દ્ર થનાર છે, અને

(૨) આ બાબત સરકારશ્રીની વિચારણામાં છે.

(૩) તે પશુ સારવાર કેન્દ્રો ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે ?

(૩) નિર્ણય થયેથી શરૂ થશે.

---------

**પંચમહાલ જિલ્લામાં નોંધાયેલા ખૂન, લૂંટ અને બળાત્કારના બનાવો**

૨૫૫૭ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાદીઠ ખૂન, લૂંટ અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા છે,

(૧) **પત્રક–૧** સામેલ છે.

(૨) વધતી જતી ગુનાખોરીને ડામવા સરકારે કયા પ્રકારના પગલાં લીધા છે, અને

(૨) ગુનાખોરી ડામવા નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.

| અ. નં. | હેડ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|
| ૧ | સી.આર.પી.સી. ૧૦૭ | ૧૮૧૩૧ | ૨૧૪૮૦ |
| ૨ | સી.આર.પી.સી. ૧૦૯ | ૧૨૬૮ | ૧૪૩૨ |
| ૩ | સી.આર.પી.સી. ૧૧૦ | ૯૬૯ | ૩૦૦૦ |
| ૪ | જી. પી. એક્ટ ૧૨૨ | ૧૬૮ | ૧૦૪ |

(૩) કેટલા ગુનાહીતોને કયા ગુનાસર પકડવામાં આવ્યા છે ?

(૩)

| હેડ | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|
| ખૂન | ૬૭ | ૮૫ |
| લૂંટ | ૨૦ | ૨૫ |
| બળાત્કાર | ૨૧ | ૦૩ |

**પત્રક–૧**

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ | | | ૨૦૧૨ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | લૂંટ | બળાત્કાર | ખૂન | લૂંટ | બળાત્કાર |
| ૧ | ગોધરા | ૧૨ | ૦૩ | ૦૧ | ૧૩ | ૦૯ | ૦૧ |
| ૨ | શહેરા | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૦ | ૦૦ |
| ૩ | મોરવા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૪ | હાલોલ | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૯ | ૦૪ | ૦૧ |
| ૫ | જાંબુઘોડા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૬ | ઘોઘંબા | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૦ |
| ૭ | કાલોલ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૧ |
| ૮ | લુણાવાડા | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ૯ | ખાનપુર | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૧ |
| ૧૦ | કડાણા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સંતરામપુર | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૬ | ૦૧ | ૦૦ |

---------

**વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ પાછળ ખર્ચ**

૨૧૪૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગરમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ સમીટમાં કુલ એમ.ઓ.યુ. કેટલા કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૨૭–૧–૨૦૧૩ની સ્થિતિએ જાન્યુઆરી ૧૧–૧૨–૧૩, ૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં રૂા. ૩.૪૬ કરોડ ખર્ચનું ચૂકવણું થયેલ છે.

(૨) વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૩માં કુલ ૧૭૭૧૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતના આપઘાત**

૧૧૪૫ **શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેડૂતોએ

**જવાબ**

(૧) એક પણ કેસ નોંધાયેલ નથી.

પાક નિષ્ફળ જવાથી આપઘાત કર્યો,

(૨) આવા ખેડૂતોને રાજ્ય સરકારે કોઇ આર્થિક મદદ કરેલ છે કે કેમ, અને

(૨) લાગુ પડતું નથી.

(૩) જો હા, તો કેટલી રકમ, કોને ક્યારે ચૂકવવામાં આવી ?

(૩) લાગુ પડતું નથી.

---------

**પૂર્વ અને પશ્ચિમ કચ્છ જિલ્લામાં મંજૂર થયેલું પોલીસ મહેકમ**

૨૮૯૭ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાની સંવર્ગવાર અને તાલુકાવાર મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે,

(૨) જિલ્લામાં તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) આ જગ્યાઓ સંવર્ગવાર ક્યારથી ખાલી છે,

(૪) આ જગ્યાઓ ભરવાના કારણો શાં છે, અને

(૫) કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) (૨), અને (૩) સામેલ **પત્રક** મુજબ.

(૪) જે તે સ્થળો અને વિસ્તારોની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા અને આંતરિક સુરક્ષા અને સલામતિની વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટે જગ્યાઓ મંજુર કરવામાં અને ભરવામાં આવે છે.

(૫) પોલીસ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં, બઢતીની પ્રક્રિયા થયેથી વહીવટી અનુકૂળતા મુજબ, સત્વરે ખાલી જગ્યા ભરી શકાશે. પીએસઆઈ સંવર્ગમાં સીધી ભરતીની તેમજ બઢતી માટેની જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ, વહીવટી અનુકૂળતા મુજબ પીએસઆઈની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

પોલીસ કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતીની ભરતી પ્રક્રિયા ચાલુ છે. કોન્સ્ટેબલ સંવર્ગમાં પૂરતો સ્ટાફ ઉપલબ્ધ થયેથી વહીવટી અનુકૂળતા મુજબ બનતી ત્વરાએ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે જ્યારે મદદનીશ સબ ઈન્સ્પેક્ટરની તેમજ હેડ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી જિલ્લા કક્ષાએ વહીવટી અનુકૂળતા મુજબ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ માસ સુધીથી | ૬ માસથી ઉપરના |
| ૧ | અંજાર | બિ.હ.પો.ઈ. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.સ.ઈ. | ૩ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એ.એસઆઈ | ૧૬ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. એએસઆઈ | ૩ | ૧ | ૧ | ૦ |
| | | મહિલા એએસઆઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૧૩ | ૨ | ૨ | ૦ |
| | | હથિ. હે. કો. | ૪ | ૧ | ૧ | ૦ |

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ માસ સુધીથી | ૬ માસથી ઉપરના |
| | | મહિલા હે. કો. | ૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.કો. | ૬૧ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૨૫ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા પો.કો. | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | **૧૨૬** | **૪** | **૪** | **૦** |
| ૨ | ગાંધીધામ | બિ.હ.પો.ઈ. | ૭ | ૩ | ૦ | ૩ |
| | | બિ.હ.પોસઈ. | ૨૩ | ૪ | ૦ | ૪ |
| | | બિ.હ.એ.એસઆઈ | ૨૭ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. એએસઆઈ | ૩૦ | ૧ | ૧ | ૦ |
| | | મહિલા એએસઆઈ | ૧૧ | ૧૦ | ૦ | ૧૦ |
| | | બિ.હ.હે.કો. | ૬૪ | ૩ | ૩ | ૦ |
| | | હથિ. હે. કો. | ૨૩ | ૧ | ૧ | ૦ |
| | | મહિલા હે. કો. | ૧૩ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.કો. | ૧૪૯ | ૮૨ | ૦ | ૮૨ |
| | | હથિ. પો.કો. | ૧૯૫ | ૮૨ | ૦ | ૮૨ |
| | | મહિલા પો.કો. | ૪૮ | ૪૪ | ૦ | ૪૪ |
| | | **કુલ** | **૫૯૦** | **૨૩૦** | **૫** | **૨૨૫** |
| ૩ | ભચાઉ | બિ.હ.પો.ઈ. | ૨ | ૧ | ૦ | ૧ |
| | | બિ.હ.પોસઈ. | ૭ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એએસઆઈ | ૩૨ | ૭ | ૦ | ૭ |
| | | હથિ. એએસઆઈ | ૪ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા એએસઆઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૧૪ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૫ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા હે. કો. | ૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.કો. | ૬૭ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૬૧ | ૪૨ | ૦ | ૪૨ |
| | | મહિલા પો.કો. | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | **૧૯૨** | **૫૦** | **૦** | **૫૦** |
| ૪ | રાપર | બિ.હ.પો.ઈ. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પોસઈ. | ૬ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એ.એસઆઈ | ૧૩ | ૨ | ૨ | ૦ |
| | | હથિ. એએસઆઈ | ૩ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા એએસઆઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૨૧ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૭ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા હે. કો. | ૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.કો. | ૩૯ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૫૪ | ૮ | ૦ | ૮ |
| | | મહિલા પો.કો. | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | **૧૪૪** | **૧૦** | **૨** | **૮** |
| ૫ | ભુજ | બિ.હ.પો.ઈ. | ૧૦ | ૫ | ૦ | ૫ |
| | | બિ.હ.પોસઈ | ૨૭ | ૧૩ | ૨ | ૧૧ |

એચબી-૭૪૫-૧૩

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ માસ સુધીથી | ૬ માસથી ઉપરના |
| | | બિ.હ.એએસઆઈ | ૭૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૭૨ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.કો. | ૨૩૪ | ૧૪૨ | ૦ | ૧૪૨ |
| | | હથિ. એએસઆઈ | ૫૪ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૧૨૨ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૫૪૩ | ૨૯૨ | ૦ | ૨૯૨ |
| | | મહિલા એએસઆઈ | ૧૧ | ૬ | ૦ | ૬ |
| | | મહિલા હે. કો. | ૧૭ | ૩ | ૦ | ૩ |
| | | મહિલા પો.કો. | ૭૯ | ૭૪ | ૦ | ૭૪ |
| | | **કુલ** | **૧૨૩૯** | **૫૩૫** | **૨** | **૫૩૩** |
| ૬ | માંડવી | બિ.હ.પો.ઈ. | ૩ | ૧ | ૦ | ૧ |
| | | બિ.હ.પોસઈ | ૫ | ૧ | ૧ | ૦ |
| | | બિ.હ.એએસઆઈ | ૨૦ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૨૯ | ૯ | ૦ | ૯ |
| | | બિ.હ.પો.કો. | ૭૮ | ૪૯ | ૦ | ૪૯ |
| | | હથિ. એએસઆઈ | ૫ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૭ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૪૬ | ૨૫ | ૦ | ૨૫ |
| | | મહિલા એએસઆઈ | ૧ | ૧ | ૦ | ૧ |
| | | મહિલા હે. કો. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા પો.કો. | ૨ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | **૧૯૭** | **૮૬** | **૧** | **૮૫** |
| ૭ | મુંદરા | બિ.હ.પો.ઈ. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પોસઈ | ૩ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એએસઆઈ | ૨૯ | ૪ | ૪ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૨૮ | ૧૫ | ૦ | ૧૫ |
| | | બિ.હ.પો.કો. | ૭૬ | ૨૦ | ૦ | ૨૦ |
| | | હથિ. એએસઆઈ | ૮ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૧૯ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૬૬ | ૫૨ | ૦ | ૫૨ |
| | | મહિલા એએસઆઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા હે. કો. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા પો.કો. | ૪ | ૧ | ૦ | ૧ |
| | | **કુલ** | **૨૩૫** | **૯૨** | **૪** | **૮૮** |
| ૮ | નખત્રાણા | બિ.હ.પો.ઈ. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પોસઈ | ૨ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એએસઆઈ | ૧૧ | ૧ | ૧ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૧૨ | ૫ | ૦ | ૫ |
| | | બિ.હ.પો.કો. | ૨૫ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. એએસઆઈ | ૫ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૪ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૨૪ | ૧૩ | ૦ | ૧૩ |
| | | મહિલા એએસઆઈ | ૧ | ૧ | ૦ | ૧ |

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી | |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ માસ સુધીથી | ૬ માસથી ઉપરના |
| | | મહિલા હે. કો. | ૧ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા પો.કો. | ૨ | ૧ | ૦ | ૧ |
| | | **કુલ** | **૮૮** | **૨૧** | **૧** | **૨૦** |
| ૯ | લખપત | બિ.હ.પોસઈ | ૩ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એએસઆઈ | ૨૦ | ૫ | ૫ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૨૭ | ૧ | ૦ | ૧ |
| | | બિ.હ.પો.કો. | ૭૧ | ૫૮ | ૦ | ૫૮ |
| | | હથિ. એએસઆઈ | ૪ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૪ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૨૪ | ૧૨ | ૦ | ૧૨ |
| | | મહિલા એએસઆઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા હે. કો. | ૩ | ૩ | ૦ | ૩ |
| | | મહિલા પો.કો. | ૬ | ૬ | ૦ | ૬ |
| | | **કુલ** | **૧૬૨** | **૮૫** | **૫** | **૮૦** |
| ૧૦ | અબડાસા | બિ.હ.પો.ઈ. | ૨ | ૧ | ૦ | ૧ |
| | | બિ.હ.પોસઈ | ૬ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.એએસઆઈ | ૨૬ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.હે.કો. | ૪૧ | ૦ | ૦ | ૦ |
| | | બિ.હ.પો.કો. | ૯૮ | ૮૩ | ૦ | ૮૩ |
| | | હથિ. એએસઆઈ | ૭ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. હે. કો. | ૭ | ૦ | ૦ | ૦ |
| | | હથિ. પો.કો. | ૬૦ | ૪૬ | ૦ | ૪૬ |
| | | મહિલા એએસઆઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | મહિલા હે. કો. | ૪ | ૪ | ૦ | ૪ |
| | | મહિલા પો.કો. | ૬ | ૫ | ૦ | ૫ |
| | | **કુલ** | **૨૫૭** | **૧૩૯** | **૦** | **૧૩૯** |
| | | **કુલ સરવાળો** | **૩૨૩૦** | **૧૨૫૨** | **૨૪** | **૧૨૨૮** |

---------

**રવિ પાક નિષ્ફળ જતા ખેડૂતોને ચૂકવવાનો પાક વિમો**

૧૬૩૭ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં રવિપાક નિષ્ફળ જતાં રાજ્ય સરકારે નક્કી કરેલ આનાવારી શું છે,

(૨) આનાવારી અન્વયે ખેડૂતોને ઉત્પાદનમાં થયેલ નુકસાની અન્વયે પાક વિમો મળશે કે કેમ,

(૩) જો હા, તો ક્યારે પાક વિમો ચૂકવવાનું આયોજન છે, અને

(૪) જો ના, તો કારણો શા છે ?

**જવાબ**

(૧) રવિ–૨૦૧૨ પાકની આનાવારી ડીસેમ્બરમાં કરવાની હોતી નથી. ફેબ્રુઆરી–માર્ચ દરમિયાન હાથ ધરવામાં આવશે.

(૨) પાક વિમા આનાવારી અન્વયે નહીં પણ પાક વિમા યોજનાની ગાઈડલાઈન મુજબ પાક કાપણી અખતરા આધારિત પાક ઉત્પાદનના અંદાજો પરથી ગણતરી કરી નક્કી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧–૧૨ની રવિ ઋતુ માટે મળવાપાત્ર પાક વિમાના દાવાઓ ચૂકવવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૧–૧૨ની રવિ ઋતુ માટે મળવાપાત્ર પાક વિમાના દાવાઓ ચૂકવવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી,મારો ઝીરો અવર્સનો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : ઝીરો અવર્સ છે જ નહીં.એક મિનિટ તમે બેસો.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે માનનીય મંત્રીશ્રીઓ •(xxxxxx) આપે છે તે રેકર્ડ ઉપર છે. તે રેકર્ડ ઉપર રહે તે યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ.એવું હશે, (xxxxxx) જે રેકર્ડ ઉપર હશે તે બધુ દૂર કરવામાં આવશે. બોલો બાવકુભાઇ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે ગુજરાતની અંદર...

અધ્યક્ષશ્રી : એમ નહીં તમે શું કહો છો? એક મિનિટ. તમે શું કરવા ઉભા થાઓ છો? બેસોને ભાઇ. સાંભળવાનું નહીં? બાવકુભાઇ, તમે ઝીરો અવર્સ માગો છો.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હાજી.

અધ્યક્ષશ્રી : ઝીરો અવર્સની વિધાનસભામાં કોઇ પ્રથા નથી. છતાં પણ પ્રોસીજર એવી રહી છે કે આપણે જે તે મંત્રીશ્રીની પરવાનગી લેવી પડે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીની ચેમ્બરમાં રૂબરૂ મળ્યો છું.

અધ્યક્ષશ્રી : મળ્યા છો એ નહીં તેમણે પરવાનગી આપી છે? સાંભળો આ બધા સભ્યોને...

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની સલામતિનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : બધા સભ્યોને ખ્યાલ રહે એટલા માટે કહું છું કે ઝીરો અવર્સની કોઇ પ્રોસીજર આ વિધાનસભાના નિયમોમાં....

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને રૂબરૂ જઇ તેમની ચેમ્બરમાં મળ્યો છું. આખા રાજયની.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ પરવાનગી આપી છે? માનનીય મંત્રીશ્રીએ પરવાનગી નથી આપી એટલે હું એલાઉ નથી કરતો. તેનો કોઇ સવાલ નથી. બેસી જાઓ. એક મિનિટ બેસી જાઓ બાવકુભાઇ. તમને પરવાનગી આપે તો હું એલાઉ કરીશ. પરવાનગી નથી એટલે નહીં આપું. પરવાનગી ન હોય એટલે કોઇ પ્રશ્ન જ ઉભો ન થાય. પછી આપ એમ કહો છો કે શું પ્રશ્ન છે તે કહેવા દો તે પણ કહેવાનો ન હોય. પ્રોસીજર જ નથી. તમે બેસો. તમે શું કરવા ઉભા થાઓ છો? તમે બેસી જાઓ. બાવકુભાઇ, એલાઉ નથી કરતા બેસી જાઓ. મારે એક જાહેરાત કરવાની છે કે.. (અંતરાય) એક મિનિટ બેસો તમે. બધાને શું ઉભા કરો છો તમે બેસો. મારે એક જાહેરાત કરવાની કે બંને મુખ્ય પક્ષના દંડકોની વિનંતીને ધ્યાનમાં રાખીને..(અંતરાય) આ યોગ્ય નથી. અધ્યક્ષ ઉભા હોય ત્યારે બધાએ બેસી જવું જોઇએ. આપ આપની જગ્યા લો. બાવકુભાઇ આના માટે કોઇ આગ્રહી થવાની જરૂર નથી. આ વિધાનસભા નિયમ મુજબ ચાલે. નિયમથી વિરુધ્ધ કોઇ વાત નહીં થાય. એક મિનિટ અહીંથી કોઇએ બોલવાની જરૂર નથી. તમારે જવાબ આપવાનો છે? તમે શાંતિ રાખો.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નાણાંકીય સમિતિઓ ઉપર સભ્યશ્રીઓની ચૂંટણીના કાર્યક્રમમાં ફેરફાર અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની કે, મુખ્ય બંને પક્ષના દંડકશ્રીઓની વિનંતીને ધ્યાનમાં રાખીને તા.૨૬-૨-૧૩ના રોજ જાહેર કરેલ નાણાંકીય સમિતિઓ ઉપર સભ્યના ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર કરીને હું નીચે મુજબનો સુધારેલ કાર્યક્રમ ઠરાવું છું.

- નામનિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય મંગળવાર તા.૧૨-૩-૧૩ સાંજના ૬.૦૦ વાગ્યા સુધી.
- નામનિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ સમય અને સ્થળઃ બુધવાર તા.૧૩-૩-૧૩ સાંજના ૫.૩૦ વાગ્યે, ઉપ સચિવ શ્રી જે.યુ. પરમારની ચેમ્બરમાં.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

•

ઉકત ફેરફાર સિવાયની અન્ય બાબતો યથાવત રાખું છું. નેકસ્ટ.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

અધ્યક્ષશ્રી : તા. ૫-૩-૨૦૧૩ના રોજ અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયનું બજેટ, જયારે બજેટમાં કોઇપણ કર વગર મહેસૂલી ખાધ અને પુરાંતવાળું કરીશું તેવું છેલ્લા પાંચ વર્ષથી કહેતા આવ્યા છીએ અને જોતા આવ્યા છીએ. મારે વાસ્તવિકતા એ બતાવવી છે કે છેલ્લા પાંચ વર્ષમાં કર પેટે સવા બે લાખ કરોડ રૂપિયાનો વધારો લોકો પાસેથી ઉઘરાવ્યો છે. તેમાં ૧૨૫ ટકા છેલ્લા પાંચ વર્ષમાં વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આ જે વેરો વધાર્યો છે, રાજયમાં કરવેરાની આટલી બાબતોમાં ખાસ કરીને જમીન મહેસૂલ, સ્ટેમ્પ ફી, વાણિજય વેરો, વાહનવેરો, માલ ઉપરનો વેરો, વીજળી, મનોરંજન એવા અનેક કર પર છેલ્લા પાંચ વર્ષમાં આ પ્રકારનો વધારો કરવામાં આવ્યો છે, અને કહેવામાં એમ આવે છે કે, અમે કરવેરા વગર આ રાજય સરકારમાં આવકમાં વધારો કરવાના છીએ. એ રીતે, મૂડી ખાધ છે એ કરવેરા સિવાય મહેસૂલ ખર્ચ બાદ કરતાં જે થાય તો એની ખાધ અમે કરીશું. ૨૦૦૯-૧૦ની અંદર જે ખાધ હતી એનો અંદાજ હતો એ ૩૯૧૩ કરોડ રૂપિયાનો હતો, એ વાસ્તવિકતામાં ૬૯૬૬ કરોડ રૂપિયા થયો, એટલે ૩ હજાર કરોડ રૂપિયાથી વધારે આનો વધારો થયો છે, એ જ રીતે ૨૦૧૦-૧૧ની અંદરની પરિસ્થિતિમાં પણ ૫૭૪ કરોડ રૂપિયાનો આ રીતે વધારો થયો છે. એટલે જે પ્રમાણેની પરિસ્થિતિનું નિર્માણ કહેવામાં આવે છે, એ પ્રમાણે બજેટની અંદર થતું નથી અને વાસ્તવિક અંદાજ કંઇક જુદો હોય છે. સુધારેલો અંદાજ જુદો હોય છે, અને વાસ્તવિક અંદાજ જુદો હોય છે. એવી રીતે આ સરકાર કઇ રીતે ચાલે છે, એ જયારે વાસ્તવિકતા આવે ત્યારે લોકોને ખબર પડતી હોય છે કે એની વાસ્તવિકતા શું હોય છે.

ખાસ કરીને મારે એ કહેવું છે કે, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ, ગઇકાલે ગેસ માટેની બહુ મોટી મોટી વાત કરીને સરસ આંકડાકીય માહિતી આ સભાગૃહને આપતા હતા. પહેલી બેંચના માનનીય મંત્રીશ્રી જયારે બોલતા હોય અને જયારે રેકર્ડ ઉપરની વાત કરતા હોય ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, તમે મને પૂછો એ પહેલાં મારે કહેવું છે કે, તા. ૨૫-૨ની પ્રશ્નોત્તરી આપશ્રી જોજો અને એમાં સરકારશ્રીએ જે જવાબ આપ્યો છે, દ્વારકા વીજળી મથક જે ગેસની ફાળવણી છે એ ફાળવણીની અંદર આજે પણ એમ કહેતા હતા કે માત્ર ૧૩ ટકાથી અમને ૮૮ ટકા એ ગેસના લીધે બંધ રહ્યા છે. આજે મારે સરકારને આ જવાબમાં એમ કહેવું છે કે, સરકાર સાચી કે માનનીય મંત્રીશ્રી સાચા? આજે પણ એના પ્રશ્નોમાં એમ કહેવામાં આવે છે કે, ૨૦૧૦-૧૧ની અંદર ૪૩.૬૧ ટકા આપેલ છે, (અંતરાય) પહેલાં સાંભળો, અને પછી જવાબ આપજો. માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે જે ગેસની ફાળવણી કરી છે. મેં આપને તા. ૨૫-૨ની પ્રશ્નોત્તરીની વાત કરી છે, એમાં આપે જે જવાબ આપ્યો છે એ જવાબ જોજો. અરે, માનનીય અધ્યક્ષશ્રી, હું જે કહું છું એ સાંભળો. એ જ રીતે કેન્દ્ર સરકારની ફાળવણી બાબતમાં માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે, સમગ્ર ગુજરાતને આજે અન્યાય થઇ રહ્યો છે, ત્યારે મારે આંકડા સાથે કહેવું છે કે, આજે પણ એમને ૬૨.૮૦ ટકા ૨૦૧૦-૧૧માં જયારે ફાળવણી હતી તોયે કેન્દ્રએ એનાથી વધારે ૬૩.૨૫ ટકા આપ્યો હતો એટલે એની ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો આજે પણ ૩૪ ટકાથી પણ વધારે થાય, એ પ્રમાણેનું સ્પષ્ટ દેખાઇ આવે છે. સસ્તા ગેસની વાત કરતા હતા અને દરેક રાજયની વાત કરતા હતા, મને કાલ ઉઠીને એમ કહેવામાં આવે કે, શાના ઉપરથી આંકડા બોલો છો તો મારે કહેવું છે કે પેટ્રોલિયમ મંત્રાલયની આજે જે જાહેરાત છે એના ઉપરથી મારે કહેવું છે કે, સસ્તો ગેસ આજે પણ ગુજરાતને ૩૪ ટકા મળે છે. મહારાષ્ટ્રને ૨૦ ટકા મળે છે, અને દિલ્હીને માત્ર ૫ ટકા મળે છે. સમગ્ર રાજયોને ભેગા થઇને જો ગેસની સંખ્યા હોય તો એ ૪૭ ટકા મળતા હોય છે માટે આ

સરકારમાં ઘણી વખત કહેવામાં આવે છે કે, પેલા હાથીના દાંત ચાવવાના અને બતાવવાના જુદા હોય છે. એ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ આ સરકારમાં છે. જે પ્રમાણે જી.ઇ.બી.ના આંકડા આપતા હતા કે ગેસ આધારિત જે પાવર પ્લાન્ટો ચાલે છે એની ક્ષમતા બાબતની વાત થતી હતી, મારે વાત કરવી છે કે, ૧૯૯૯ની અંદર ૪૫૧૦૩ મિલિયન યુનિટ વીજળી આપણે ઉત્પાદન કરતા હતા, માનનીય સૌરભભાઇ, સાંભળજો, ગેસ વીજળી મથક ઉપરથી માત્ર ૧૦૯૯ આપણને મળતી હતી એ વખતે ૧૦૯૧ મળતી હતી અને એની ટકાવારી માત્ર ૨.૪૫ થતી હતી. વીજળીની ખરીદી એ વખતમાં ૧૨૯૭ મિલિયન યુનિટ થતી હતી એટલે ૨.૮૮ એ વખતે ખરીદી થતી હતી, ૨૦૦૨ પછી દસ વર્ષમાં સરકારે આ કર્યું, સરકારે ઘણી બધી સુવિધા કરી, સરકારે શું વિકાસ કર્યો?, વાસ્તવિક વિકાસ એ છે કે, ૨૦૦૨ પછી જે ખરીદી આવી એમાં કેટલો વધારો થયો ૫૦૬૯ મિલિયન યુનિટ, ગેસમાંથી ૮૧૯ માત્ર અને વીજળી ખરીદીની જે ટકાવારી આવી એ ૫૯૮૯ મિલિયન યુનિટ એટલે ૧૧.૯૬ થઇ. ૨૦૧૧નો આંકડો કેટલો હતો? આ ગુજરાત સરકારને માત્ર વીજળી ખરીદવામાં કેટલો રસ હતો તો ૭૧.૨૫૬ મિલિયન યુનિટમાંથી ૨૦૧૧ની અંદર ઉત્પન્ન થઇ ગેસ વીજળી મથકો જે હતા એમાંથી ૩૮.૩૯ મિલિયન ઉત્પન્ન થઇ, એ ટકાવારી જે છે. જે વીજળી ખરીદી આ ગુજરાત સરકારે એ ૨૯, ૦.૯૬ મિલિયન યુનિટ એટલે ૪૦ ટકા વીજળી ખરીદી. આ ગુજરાત સરકારનો વિકાસ છે. એ જ રીતે ૨૦૧૨ની અંદર જે યુનિટ ખરીદવામાં આવ્યાં એ ૭૮.૬૫૧, ગેસ મારફતે એનું પણ ઉત્પાદન વધ્યું પણ વીજળી ખરીદી દિન પ્રતિદિન એટલી વધી કે ૩૪૯૪૮ મિલિયન યુનિટ એટલે ૪૪.૪૩ ટકા એટલે છેલ્લાં દસ વર્ષમાં ગુજરાત સરકારે વીજળી ઉત્પન્ન કરવાના બદલે ગેસમાં જે સ્થિતિમાં ગેસ મળતો હતો પણ છતાંય આ ૪૫ ટકા વીજળી આજે જ્યારે ખરીદતા હોય દિનપ્રતિદિન ૧૦ વર્ષમાં, તો આ ૧૦ વર્ષમાં કયા પ્રકારની વીજળી ખરીદવામાં અને કોને લાભ કરાવવામાં આ સરકારને રસ છે એ મારે આપના દ્વારા આ સરકારને કહેવું છે.

એકબાજુ સરકાર એમ કહેતી હોય કે અમે બજેટ ઉપર અનેક પ્રકારની મહેસૂલી રાહત આપીશું. બજેટમાં કેટલી બધી રાહતો આપવાની વાત થાય મારે એ કહેવું છે કે સરકારે અત્યાર સુધીમાં કેટલી બધી યોજનાઓમાં કરોડો રૂપિયા ઘટાડ્યા છે. પરિવાર કલ્યાણ એમાં ગયા વખતે બજેટ હતું અને આ વખતે જે બજેટ છે એમાં ૧૦૫ કરોડ રૂપિયા ઘટાડ્યા છે. આરોગ્યની અંદર ૧૦૫ કરોડ રૂપિયા ઘટાડવામાં આવે. પાણી પુરવઠા અને સ્વચ્છતા એની અંદર ૪૪૯ કરોડ રૂપિયા ઘટાડવામાં આવે. આ બજેટના આંકડા કહુ છું. આ બજેટની ગયા વખતની અને આ વખતની જે ફાળવણી છે એ હું કહું છું. શહેરી વિકાસમાં ૪૩૮ કરોડ રૂપિયાનો ઘટાડો, ભૂમિજન્ય ખેડૂતો માટે પાણી નીચે જાય, આજે પાણીની પરિસ્થિતિનું નિર્માણ એવું થાય છે કે એક એક હજાર ફૂટે જ્યારે પાણી જતું હોય, દર વરસે પાંચ મિટર જતું હોય તો અમને એમ થાય કે સરકાર એની ચિંતા કરે. સરકાર દ્વારા ચિંતા કરવાના બદલે ૬૬ કરોડ રૂપિયાનો એમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ખેડૂતો માટેની નાની યોજના, ગયા વખતે ૪૩૩ કરોડ રૂપિયા ફાળવ્યા અને આ વખતે ૩૮૦ કરોડ રૂપિયા ફાળવ્યા એટલે ૫૩ કરોડ રૂપિયા નાના ખેડૂતો માટે પણ આપણે ઓછાં ફાળવ્યા છે. વીજળી શક્તિની જે સબસીડી હતી એમાં પણ એકબાજુ સરકાર એમ કહે કે અમે સબસીડી આપીએ છીએ. એમાં પણ ૨૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. ગ્રામોદ્યોગ અને લઘુઉદ્યોગમાં જોઇ શકાય કે એમાં પણ ૭૫ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. માર્ગ અને પરિવહન માટે ગયા વખતના બજેટમાં ૬૦૩ કરોડ રૂપિયા હતા અને આ વખતે ૫૫૧ કરોડ રૂપિયા એટલે ૫૧ કરોડ રૂપિયાનો એમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આંગણવાડીની યોજના હોય, નાના બાળકોની યોજના હોય, આપણને એમ થાય કે પોષણયુક્ત આહાર માટે સરકાર બહુ ચિંતિત છે, આ સરકાર બહુ મોટી મોટી વાતો કરે છે કે અમે બાળકો માટે, ગરીબો માટે ચિંતા કરીએ છીએ, ગયા વખતે બજેટની અંદર ૫૬૭ કરોડ રૂપિયા ફાળવ્યા હતા અને ૨૦૧૩-૧૪માં માત્ર ૨૦૦ કરોડ રૂપિયા. એટલે ૩૬૬ કરોડ રૂપિયા, આ ઘટાડો જે થયો છે એ હું કહુ છું માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આડકતરી રીતે કેવી રીતે પૈસા પ્રાપ્ત કરતી હતી. આપણા વેચાણ વેરાનો અંદાજ જે ગયા વખતે બજેટમાં ૩૭૫૦૦ તે આપે ૪૫૩૦૦ કરોડ રૂપિયા, એટલે ૭૮૦૦ કરોડ રૂપિયા લોકોની ઉપર બોજો પડવાનો છે. આજે સ્ટેમ્પ ડ્યુટીની અંદર ગયા વખતે અંદાજ હતો ૪૮૦૦ કરોડ રૂપિયા આ વખતે તેમાં ૫ હજાર બતાવ્યો છે એટલે ૨૦૦ કરોડ રૂપિયા તેની

અંદર વધારો થવાનો છે. વાહન–વ્યવહાર કરની અંદર પણ ૧૧૦ કરોડ રૂપિયાનો વધારો થવાનો છે. વીજળી ઉપર ૮૦૦ કરોડ રૂપિયા એટલે સરકાર જુદી જુદી રીતે, અનેક પ્રકારે લોકો પાસેથી ટેક્સ લઇ લેતી હોય છે. અને માત્ર જુદી ટાઇપથી આંકડા રજૂ કરવામાં આવતાં હોય છે તે સ્થિતિ છે. ખાસ કરીને મારે એ કહેવું છે કે, ખાતર ઉપર આપણે જે ટેક્સ છે, જે પ્રમાણે ડિઝલ ઉપરનો ટેક્સ છે તે બીજા રાજયોની હરોળમાં આપણે એમ કહેવાય કે આપણામાં અને બીજામાં શું ફરક છે ?

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણામાં અને બીજામાં એ ફરક છે કે ત્રિપુરા જેવા રાજયની અંદર આજે પેટ્રોલમાં ૧૫ ટકા છે. આજે આપણને એમ થાય કે નાનુ રાજય હોય ઓરિસ્સા જેવામાં ૧૮ ટકા છે જયારે આપણા તો ૨૫ ટકા છે. માનનીય મંત્રીશ્રી જો ડિઝલમાં આ સાત ટકા ઓછું કરી નાંખે તો સૌથી મોટો ફાયદો થાય. વેટની અંદર એક ટકો આખા બધા કરતાં આપણે એક ટકો વધારે છે જેના કારણે સમગ્ર ગુજરાત રાજયની અંદર અનેક પ્રકારનો ટેક્સ લાગુ પડે છે માટે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે ખરેખર એક એવુ બજેટ લઇને આવ્યાં હોત કે જે લોકોના હિતનું હોત, લોકોને તમે જે કહ્યું હતું કે અમે કરવેરા નહીં નાખીએ તો ચોક્કસપણે ગુજરાતનો વિકાસ દેખાત. અનેક યોજનાઓમાં જે રીતે ગરીબોની યોજનાઓ ઘટાડવામાં આવી છે તે પ્રમાણે મંત્રીશ્રીઓએ ચિંતા કરવી જોઇએ. નાની નાની યોજનાઓમાં વધારો કરવો જોઇએ એવું મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત સરકારે તેના બજેટની અંદર તેના કદની દ્રષ્ટિ હોય કે તેના અમલીકરણની બાબત હોય આખા દેશની અંદર એક અનુકરણ કરી શકાય એ પ્રમાણેની એક દિશા આપી છે. તેના પરિવર્તનો પણ દેખાવા માંડયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સરહદી વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવું છું. નર્મદાની કેનાલ ૪૮૦ કિલોમીટર જેટલી મેઇન કેનાલનું કામ એટલો વિસ્તાર આખો બાકી હોય કેનાલનું કામ કરવાનો, ડેમનું કામ બાકી હોય અને લોકો આશાભરી નજરે સરકારોને જોતાં કે કયારે સરકાર આ કામોનું અમલીકરણ કરશે અને કયારે અમારા વિસ્તારની અંદર નર્મદાજીના પાણી પહોંચશે. પ્રશ્ન એ થયો કે આ સરકાર આવી અને બજેટની અંદર સિંચાઇ માટેની જે જોગવાઇ કરી, નર્મદા માટેની, નર્મદાની કેનાલો માટેની જોગવાઇ કરી. નર્મદાજીનું પાણી છેક કેવડિયા કોલોનીથી વાવ જેવા અંતરીયાળ સરહદી વિસ્તાર સુધી પહોંચ્યુ. અને જયાં જયાં પાણી પહોંચ્યુ ત્યાં જીવન ધોરણ આખે આખા બદલાઇ ગયા છે. અત્યારે ગૌરવ સાથે એ વિસ્તારના પ્રજાજનો કહેતાં હોય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ દરમિયાન આ કેનાલોના કામો ચાલુ થયા. અને આ કેનાલોના કામ પૂરઝડપે પૂરાં થઇ રહ્યાં છે. જયારે અગાઉની સરકારોની અંદર એક પાવડો ભરીને માટી કાઢવાનું કામ એ કેનાલોની અંદર થયેલુ નહોતું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે હમણાં માનનીય બલવંતસિંહભાઇ વાત કરતા હતા નર્મદાની સાથે સિંચાઇની સાથે ઇલેકટ્રિસીટીની. સાહેબ, અમે ગામડાંના માણસો ખેતી કરતા હોઇએ ત્યારે ખેતીની અંદર ટ્રાન્સફોર્મર બળી ગયું હોય ત્રણ–ત્રણ મહિને ડી.પી.નહોતી મળતી. અને જેની ડી.પી.બળી જાય તેની આખી ખેતીની સિઝન બળી ગયેલી એવું અમને લાગતું. ત્રણ મહિના સુધી ટ્રાન્સફોર્મર ના મળે આથી ખેડૂતનો આખો પરિવાર તે દેવાના ડુંગરની અંદર ધકેલાઇ જતો. સાહેબ આજે ગૌરવ સાથે કહી શકાય કે આ નરેન્દ્ર મોદીની સરકાર ટ્રાન્સફોર્મર બળ્યા પછી ૨૪ કલાકની અંદર ખેડૂતના ખેતર ઉપર ટ્રાન્સફોર્મર ચડાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, લાઇટ આવતી તો કેવી ? એક બુસ્ટર નામનો શબ્દ અમારા ખેડૂતોને ત્યાં હતો. બુસ્ટર એટલે પાવરને ખેંચવા માટે. કોઇને ત્યાં પૂરતાં પ્રમાણમાં પાવર ના મળે એટલે ટયુબવેલ તેનો ચાલુ કરવો હોય તો જે છેલ્લો રહી જાય તે પોતાનો ટયુબવેલ ચાલુ કરી શકતો નહોતો પાવર ઓછો મળવાને કારણે. અને તે છેલ્લે શું કરે? લંગરીયુ નાખે અને પછી લાઇટની ટીપ મરાય, ટીપ મરાય એટલે પોતે તાત્કાલિક દોડી અને તેની મોટર ચાલુ કરતો.માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૌરવ સાથે કહી શકીએ કે ખેડૂતને પોતાના ખેતર ઉપર પોતે ટ્રાન્સફોર્મર ઉભું કરીને પૂરતા પ્રમાણમાં વીજળી મળતી થઇ હોય તો એ આ વીઝનરી સરકારમાં થઇ શકયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે સિંચાઇની અંદર અને એગ્રીકલ્ચરની અંદર બજેટની ફાળવણી કરી છે, એ જ પ્રમાણે ખૂબ મહત્વની જોગવાઇ અને નાણાની ફાળવણી એજ્યુકેશનની અંદર કરી છે. સાહેબ શિક્ષણની અંદર કેવા દિવસો હતા, શિક્ષકોની ભરતી અને બદલીની અંદર મોટા પ્રમાણની એક ઇન્ડસ્ટ્રીઝ હતી. શિક્ષકોની ભરતી અને બદલી માટે થઇને ગામડે ગામડે, જિલ્લા પંચાયતની અંદર હોય, કે અહીં ગાંધીનગર સુધી એના એજન્ટો દોડતા હતા. આજે ગૌરવ સાથે કહી શકાય કે આ સરકારે શિક્ષકોની ભરતી અને બદલીની અંદર એક પણ જગ્યાએ ભ્રષ્ટાચાર ન થાય તે પ્રમાણે ઉદાહરણરૂપ કામ કર્યુ છે. જેના કારણે શિક્ષકનું સન્માન જળવાવા માંડયુ, શિક્ષણનું ગૌરવ વધ્યું, શિક્ષકનું ગૌરવ વધ્યું અને તેના કારણે શિક્ષક કામ કરતો થયો છે. શિક્ષક શાળાની અંદર ભણાવવા માટે જાય ધોરણો ૧ થી ૭, પરંતુ શિક્ષક માત્ર એક કે બે હોય, એટલે પૂર્વ દિશામાં બેસે એટલે પહેલું ધોરણ હોય, અને પશ્ચિમ દિશામાં બેસે એટલે બીજું ધોરણ ભણાવે, અને ઉત્તર અને દિક્ષણમાં ફરે એટલે ત્રીજું અને ચોથું હોય, આ સ્થિતિની અંદર વર્ષો સુધી વિદ્યાર્થીઓ ભણ્યા. આજે ગૌરવ સાથે કહી શકાય કે આ સરકારે ૧,૩૩,૦૧૮ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરી, ને પૂરતા પ્રમાણમાં શિક્ષકો ફાળવ્યા પછી ખૂબ સારું પરિણામ મળવા માંડયું અને તેની અંદર પણ ૨૨૬૨૫ જેટલા ગણિત વિજ્ઞાનના શિક્ષકો ભરવાને કારણે એક કવોલિટી એજ્યુકેશનની દિશાની અંદર ગુજરાતનો વિદ્યાર્થી પ્રાઇમરી ધોરણથી અપ થાય એવું કામ આ સરકારે ચાલુ કર્યુ છે. અત્યારે ૮૮૦૦ જેટલા નવા શિક્ષકોની ભરતીની પ્રક્રિયા પણ સુપેરે ચાલી રહી છે. શિક્ષકો હોય તો વર્ગખંડ ન હોય, કેટલીયે જગ્યાએ બાવળ કે લીમડાના છાંયે ભણતા વિદ્યાર્થીઓના ફોટા દસ વર્ષ પહેલા છાપાઓની અંદર આપણે જોયા છે. આજે ગૌરવ સાથે કહી શકાય કે નવા વર્ગખંડ બાંધવાની અંદર આ રાજય સરકારે ૭૫૭૪૮ જેટલા નવા વર્ગખંડો બાંધી ગુજરાતના કેટલાયે વિદ્યાર્થીઓને ભણવા માટે સારા કવોલીટી વાળા વર્ગખંડો બાંધ્યા, વિજ્ઞાનની અંદર વિદ્યાર્થી આગળ વધી શકે અને આગળના સમયમાં પોતે સાયન્સના સ્ટુડન્ટ તરીકે પ્રગતિ કરી શકે, સારો વૈજ્ઞાનિક બની શકે કે સારો ડોકટર બની શકે એ માટે પ્રાઇમરીથી પ્રેકટીકલ નોલેજની શરૂઆત થાય તે માટે ૨૪૨૮૮ જેટલી વિજ્ઞાનની લેબો આ રાજય સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ઉભી કરી. અમે ભણતા ત્યારે કેવું હતું બેસવા માટે કોઇ બેન્ચીસની વ્યવસ્થા નહીં, ઘરેથી પાથરણું લઇ અને શાળામાં જતા અને પ્રાથમિક શાળામાં બધા અમે ભણતા. પ્રાથમિક શાળાઓની અંદર પણ ૫ થી ૮ માં ધોરણમાં વિદ્યાર્થી બેન્ચ ઉપર બેસીને ભણી શકે તે માટે ૫,૧૨,૭૮૫ જેટલી બેન્ચીસ પ્રાથમિક શાળાઓની અંદર આ રાજય સરકારે વિદ્યાર્થીના હિત માટે મૂકી, કોમ્પ્યુટર લેબ પણ ૨૦,૫૦૨ જેટલી મૂકી જેના કારણે વિદ્યાર્થી ટેકનોલોજીની અંદર પોતે નિપૂણ થઇ શકે. ધોરણ ૮ ની શાળાઓ જલદી ચાલુ થાય વિદ્યાર્થીને ઘર આંગણે ૮માં ધોરણનું શિક્ષણ મળી શકે તે માટે ૧૩૨૮૦ જેટલા વર્ગખંડો ધોરણ ૮ ના ચાલુ કર્યા. શાળાઓમાં પ્રવેશ માટે વિદ્યાર્થી રડતો રડતો ન જાય અને હસતો હસતો જાય તે માટે શાળા પ્રવેશોત્સવ નામનું એક મિશન તરીકેનું કામ મુખ્યમંત્રીશ્રીએ શરૂ કરાવ્યું અને તલાટી મંત્રી સુધીની આખી સરકાર કામે લાગી અને હાલ પરિણામ એ આવ્યું છે કે ગુજરાતની અંદર શાળાઓમાં ભણવા જાય પછી સ્થાયીકરણનો પ્રશ્ન હતો, નામાંકરણનો પ્રશ્ન હતો, સો ટકા નામાંકરણની પ્રક્રિયા આ રાજય સરકારે કરાવી અને સ્થાયીકરણનો પ્રોબ્લેમ હતો તેમાં વિદ્યાર્થી વચ્ચેથી ઉઠી જતો હતો અને એના કારણે ડ્રોપઆઉટ રેશીયો બહુ મોટા પ્રમાણમાં હતો, પરિણામ અત્યારે એ આવ્યું છે કે ૩૮.૯૨ ટકા જે ડ્રોપ આઉટ રેશીયો હતો તે ઘટીને અત્યારે ૭.૫૬ ટકા જેટલો ડ્રોપ આઉટ રેટ થયો છે. જેના કારણે પ્રાથમિક શિક્ષણની અંદર ગુણાવત્તા વધી અને હમણાં એક ગુણોત્સવના માધ્યમથી પ્રાઇમરી એજ્યુકેશનમાં કવોલિટી એજ્યુકેશનની શરૂઆત થાય અને આપણા બાળકો તેજસ્વી થાય અને આરોગ્ય તપાસણી થાય, આ પ્રાથમિક શિક્ષણની સાથે રાજય સરકારે ખાસ કરીને ઉચ્ચ શિક્ષણની અંદર ગુજરાતના વિદ્યાર્થીઓ બહાર ભણવા જતાં હતાં એના બદલે આપણા વિદ્યાર્થીઓ અહીંયા જ ભણી શકે એ માટે પહેલા શાળાઓ ૨૦૦૧ની અંદર કોલેજોની સંખ્યા આખા રાજયમાં ૪૪૨ની હતી એ ૨૦૧૧ની અંદર ૧૭૬૨ નવી કોલેજો શરૂ કરી છે. પહેલાના ૫૦ વર્ષ અને છેલ્લા દસ વર્ષનો સરવાળો કરશો તો અંદાજ આવશે. આખા રાજયમાં ૨૦૦૧માં યુનિવર્સિટીની સંખ્યા માત્ર ૧૧ હતી અને અત્યારે આ દસ વર્ષના શાસનમાં ૧૧ માંથી ૪૫

યુનિવર્સિટીઓ આ ગુજરાતની ધરતી ઉપર ઉચ્ચ શિક્ષણનું કામ કરી રહી છે. અનેક પ્રકારે આ બજેટની અંદર સારુ અમલીકરણ કરવાના કારણે ખાસ કરીને નાણાકીય શિસ્તના કારણે રાજય સરકારે ખૂબ પ્રજાલક્ષી કામો કર્યા છે અને કવોલિટી એજયુકેશનની અંદર સીટોની ગુણાવત્તા વધે વિદ્યાર્થીઓને સારુ એજયુકેશન મળે, એ પ્રકારના પરિણામ દેખાવા મંડ્યા છે. સીટોમાં ૨૦૦૨માં ૨૨ જેટલી સંસ્થાઓ હતી અને એ વધીને આ વરસે ૧૦૬ જેટલી થઇ. વિદ્યાર્થીઓની સંખ્યા ડીગ્રી ઇજનેરીમાં ૮૫૦૧ હતી જે અત્યારે વધીને ૪૯,૯૬૩ બેઠકો થઇ છે. એ પ્રમાણે એમ.બી.એ. હોય એમ.સી.એ. એ તમામની અંદર જોઇએ તો એમ.બી.એ. ની ૧૧૭૦ સીટો હતી પરંતુ ગુજરાતના વિદ્યાર્થીઓ આગળ વધીને સારુ શિક્ષણ મળવી શકે એ માટે ૧૩૪૮૫ જેટલી સીટો કરવામાં આવી છે. આ બજેટને હું મારુ સમર્થન આપું છું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૩-૧૪ના વર્ષ માટેનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

ગુજરાતની જીવાદોરી મા નર્મદાનું અને નર્મદા કેનાલોનું જે કામ છે એ રાજયના મુખ્યમંત્રીશ્રી આ ગુજરાતના ખેડૂતોને કેમ ઝડપથી પાણી મળે એની ચિંતા કરે છે ત્યારે રાજય સરકારે ૪૮,૮૪૪ કરોડ ૧૧ લાખ ૫૯ હજાર જેવી માતબર રકમ આ નર્મદા યોજના માટે ફાળવી છે, આ યોજના પાછળ માર્ચ, ૨૦૧૨ સુધી ૨૩,૯૨૩.૫૬ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે જે ગુજરાતના ખેડૂતોના હિત માટે આ રાજય સરકારે ખર્ચ કરેલ છે. આ ગુજરાતના ખેડૂતોનું હિત ખેડૂતોને જલદી પાણી કેમ મળે એની ચિંતા આ સરકાર કરે છે ત્યારે નર્મદા યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં ૧૫૬ કિલોમીટર અને ૮૪૨ કિલોમીટરની શાખા નહેર અને ૧૪૫૯૦ કિલોમીટર વિતરણ નહેરોનું કામ આ રાજય સરકારે પૂરું કર્યું છે. નર્મદા યોજનાને ૯૦ મીટરથી ૧૨૧.૯૨ મીટરની ઉંચાઇએ લઇ જવાનું સુંદર કામ આ રાજય સરકારે કર્યુ છે. ત્યારે વર્ષ ૨૦૦૯માં સૌરાષ્ટ્ર શાખા નહેરના તમામ પાંચેય પમ્પીંગ સ્ટેશન કાર્યાન્વિત કરીને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમમાં પાણી પહોંચાડીને ખેડૂતો માટે સુંદર કામ આ રાજય સરકારે કર્યું છે. વર્ષ ૨૦૧૦માં યોજના માટે ૩૯,૨૪૫ કરોડના રીવાઇઝ એસ્ટિમેટ પ્રમાણે કેન્દ્ર સરકાર પાસેથી આ રાજય સરકારે મંજૂરી લીધી છે. આ કેનાલ જલદી પૂરી થાય અને રાજયના ખેડૂતોને જલદી પાણી મળે એના માટે રાજય સરકારે જમીન સંપાદન કેમ ઝડપી થાય અને કેનાલનું કામ ઝડપથી કેમ થાય એના માટે કમિટીઓ બનાવીને ખેડૂતલક્ષી કેનાલનું કામ ઝડપથી થાય એના માટે રાજય સરકારે પ્રયત્નો કર્યા છે. એના માટે એક સંકલન સમિતિ માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના અધ્યક્ષસ્થાને બની છે. ઉપરોકત પગલાં લેવાથી ૨૦૧૦ પછી ટૂંકા ગાળામાં ૧૬,૬૧૩ હેકટર જમીનનું તાત્કાલિક સંપાદન થયું અને નહેરના કામ આ રાજયમાં ઝડપથી થઇ રહ્યા છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને નર્મદા ભૂકંપીય હિલચાલવાળી જયાં જગ્યાઓ છે. જયાં કેનાલ ભૂકંપ જેવા વિસ્તારોમાંથી પસાર થાય છે ત્યાં ૧૭ સ્થાયી અને ૧૧ અસ્થાયી જી.પી.એસ. સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે જેથી ભૂકંપની હિલચાલ થતી હોય અને આ કેનાલને ડેમેજ ન થાય એવું પણ આયોજન આ રાજય સરકાર કરી રહી છે. મારા કચ્છ જિલ્લાની નર્મદામૈયાની વાત કરું તો કચ્છ શાખા નહેર ૮૨.૩૦ કિલોમીટરની નર્મદા યોજના મુખ્ય નહેર, કચ્છ, પાટણ ૫૨,૧૦૦ કરોડનો ખર્ચ કરીને જયારે કચ્છ શાખા ગાંધીધામમાં ૮૨.૩૦ કિલોમીટરની ૧૮૯.૯૭ કિલોમીટર ૮૩,૧૬૧ કરોડ રૂપિયાનું ખર્ચ કરેલ છે. કચ્છના લોકો આ નર્મદાનું પાણી આવવાથી બહુ સુખી થવાના છે. આનંદની લાગણી અનુભવી રહ્યા છે. નર્મદા મુખ્ય નહેર ૪૫૮ કિલોમીટર લાંબી કોંક્રીટ અસ્તરવાળી પાકી કેનાલ છે. કુલ ૩૮ કેનાલો છે જેમાંથી ૩૦ કેનાલોનું કામ સંપૂર્ણ પૂરું થઇ ગયું છે. આઠ કેનાલનું કામ બાકી છે તે ગામોમાં, તે શહેરોમાં બોલેરા, રાજપુરા, અમરાપુરા, રાધનપુર વેજપુર, ઢીમ અને ગઢશીર અને કચ્છ શાખા નહેરનું કામ પણ પ્રગતિમાં છે. જયારે કચ્છ શાખા નહેરનું કામ પૂરું કરવા માટે માનનીય મુખ્યમંત્રીએ સંકલ્પ કર્યો છે કે ગુજરાત અને કચ્છ. કેવડીયાથી કચ્છ સુધી જલ્દી પાણી કેમ પહોંચે તેની ચિંતા રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં નવેમ્બર–૨૦૦૧માં જયારે રાજયના મુખ્યમંત્રીએ રાપર ખાતે પાંચ એવી શાખાનું ભૂમિપૂજન કર્યું ત્યારે કચ્છના લોકો છેલ્લા ૫૦ વર્ષથી માં નર્મદા મૈયાનું કામ કયારે શરૂ થશે, માં નર્મદા મૈયાનું પાણી કયારે કચ્છમાં પહોંચશે એની ચિંતા કરીને કચ્છના ખેડૂતો અને પ્રજાજનો જે રાહ જોઇ રહ્યા હતા તેનો અંત ૯મી એપ્રિલ ૨૦૧૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારે તેનું ભૂમિપૂજન કર્યું ત્યારે કચ્છમાં નવી દિવાળી ઉજવવામાં આવી હતી. ઘેર ઘેર મીઠાઇ વહેંચવામાં આવી હતી અને લોકોએ આનંદ વ્યકત કરીને મુખ્યમંત્રીનો જયજયકાર કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, દુઃખની વાત એ છે કે કેન્દ્ર સરકારમાં એક આઇ.બી.પી. યોજના છે કે જે વિસ્તારમાં અછત હોય એ વિસ્તારમાં ૯૦ ટકા કેન્દ્ર સરકાર તરફથી ફંડ મળતું હોય છે. કચ્છ અને બનાસકાંઠા એક ખારાશવાળો પ્રદેશ છે. નોસોર્સ વિસ્તારનો પ્રદેશ છે. જયાં પાણીનો કોઇ વિકલ્પ જ નથી અને દરિયો, ડુંગર અને રણ જેવો પ્રદેશ છે ત્યારે અહીં બેઠેલા લોકોને મારે વિનંતી કરવી છે કે આ કેન્દ્ર સરકાર આઇ.બી.પી.ની યોજના હેઠળ બનાસકાંઠા અને કચ્છ જિલ્લાને આ યોજનાનો લાભ મળે, જેથી આ નર્મદા મૈયાના પાણીનો પ્રશ્ન અને ખેડૂતોનો કેનાલનો પ્રશ્ન ઝડપથી હલ થાય. આપણે છેલ્લા ૯ વર્ષથી કેન્દ્ર સરકારમાં બેઠાં છીએ ત્યારે કચ્છની અને નર્મદાની ચિંતા કરી નથી. હું આ લોકોને વિનંતી કરું છું કે આટલું તો કરો, હવે એક વર્ષ રહ્યું છે. ગુજરાતને કંઇક તો આપો.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત અને પકિસ્તાન વચ્ચે ભાગલા પડયા ત્યારે સિંધુના પાણીનું પણ વિતરણ કરવાનું ભારત સરકારે નકકી કર્યું હતું. પણ સિંધુનું પાણી હજી સુધી ગુજરાતને અને કચ્છને મળ્યું નથી. ભાજપની એન.ડી.એ. સરકાર વખતે માનનીય શ્રી અટલબિહારી બાજપાઇ સાહેબે નદીઓને જોડવાની જયારે વાત કરી હતી, આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાબરમતી નદીમાં માં નર્મદા મૈયાનું પાણી જયારે વહેવડાવે છે ત્યારે અહીંથી નીકળેલો ગુજરાત રાજયના દરેક જિલ્લાનો માણસ જોઇને આનંદિત થાય છે કે ગુજરાતની આ સાબરમતી નદીમાં આટલું સરસ મજાનું પાણી વહી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪થી માર્ચ ૧૯૯૭, નિયમ–૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ, પાના નં. ૪૯૪ ઉપર માનનીય વિરોધપક્ષના નેતા મુખ્યમંત્રી તરીકે બોલ્યા છે કે ગુજરાતની આ નર્મદા સરોવર માટે ગાંધીજી ઝઝૂમ્યા છે તેમજ સરદાર વલ્લભભાઇ પટેલ પણ ઝઝૂમ્યા છે. મુખ્યમંત્રી કોઇપણહોય, સરકાર કોઇપણહોય, પણ ગુજરાતનો પ્રત્યેક નાગરિક આ નર્મદા મૈયાના પ્રશ્ન માટે કયારેય પણ વિરોધ ન કરે એવું વિરોધપક્ષના નેતા બોલ્યા છે. મને અહીં બેઠેલા વિરોધપક્ષના સભ્યોને જણાવવું છે કે આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના નર્મદા ડેમની ઉંચાઇ માટે ઉપવાસ કરે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના આ ડેમ ઉપર જઇને ડેમ ઉપર દરવાજા લગાવવા માટેની મંજૂરીની માંગણી કરી, અમને આ ડેમ ઉપર દરવાજા મૂકવા દો. છતાં પણ આ કેન્દ્રની સરકારે આપણને મંજૂરી ન આપી, આ આપણને અન્યાયરૂપ છે, ગુજરાતના લોકો માટે અન્યાયરૂપ છે. ડેમના બાંધકામને રોકવા માટે બાબા આમ્ટે અને મેઘા પાટકરને પાછલા બારણેથી આપણા સામે મૂકીને આંદોલનો ચલાવવામાં આવ્યા. આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી રાત્રે વિચારે અને સવારે વહેલા ઉઠીને ગુજરાતના વિકાસ માટે એ વિચારને વહેતો કરે. આ રીતે વિચારતા હોય છે. કાલે એક સભ્ય બોલ્યા હતા, કોંગ્રેસ સરકારે ડેમો બનાવ્યા છે, ડેમનું નામ પણ આપ્યું, ડેમની ડિઝાઇન પણ બની, તેમ ગામોમાં ન બન્યું, પાણી ડેમમાં ન આવ્યું, પાણી દરિયામાં ગયું. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જળ ક્રાંતિવીર તરીકે પાણીની ક્રાંતિ માટે આયોજન કર્યું, ચેકડેમ બનાવ્યા, તળાવો બનાવ્યા, ખેત તલાવડીઓ બનાવી, એનાથી ભૂગર્ભ જળ ઉંચા આવ્યા અને એનાથી ગુજરાતમાં જે ડાર્ક ઝોન હતો એક ભૂત હતો, એક શ્રાપ હતો એ દૂર કરવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. એટલે આ રાજ્ય સરકારને અભિનંદન આપવા માટેની ઇચ્છા થાય છે. વિરોધીઓ જ્યારે ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ આગળ રાખીને આગળ વધ્યા છે અને તેમના નામે કેન્દ્રમાં સરકાર પણ બનાવે છે, ઇટાલીના બહેન પણ આવીને ગાંધીજીનું નામ આગળ રાખે છે, ચૂંટાઇને આવ્યા પછી ગાંધીજીના નામે કોઇપણ વિકાસનું કામ આ કેન્દ્ર સરકારે વિચાર્યું નથી. આ ગુજરાતના મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધીનું મંદિર બનાવ્યું છે. કેન્દ્ર સરકારે

ક્યારેય આવું વિચાર્યું પણ નહીં હોય, આ ગાંધી પરિવારે આવું ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે, ગુજરાતમાં જેની જન્મભૂમિ છે, જેને આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહીએ છીએ. એના માટે આ કોંગ્રેસે કાંઇ વિચાર્યું નથી. જ્યાં જાય ત્યાં ગાંધી.. ગાંધી... ગાંધી, પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગાંધીજી માટે મહાત્મા ગાંધી મંદિર જેવું નામ આપ્યું છે..

શ્રી કેશુભાઇ સ. પટેલ(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે બોલું છું ત્યારે એ સ્પષ્ટ કરવા માગું છું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કાંઇ કર્યું નથી એવું કોઇ માનતું હોય તો એ ખોટું છે. નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી છે. એમના સમય દરિમયાનમાં ઘણા બધા કામો થયા છે, એને હું આવકારું છું અને પછી કહેવા માગું છું કે, જરા, સૌ ધ્યાન આપજો.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના સોશિયો ઇકોનોમીક સરવેના પાના નં.૧૦માં આ સરકારે એકરાર કર્યો છે કે, આર્થિક ક્ષેત્રમાં વિકાસ સાધવાની લ્હાયમાં માનવી ભૂલાયો છે. એક ધારું આર્થિક.. આર્થિક.., એની અંદર માનવી ભૂલાયો છે. જે વિકાસના મૂળમાં આમ આદમી ન હોય, ગરીબ ન હોય, ગામડાનો માનવી ન હોય એ કેવો વિકાસ? આ સરવેમાં કહેવાયું છે કે, આરોગ્ય, બાળમૃત્યુ અને બીજા અનેક મુદ્દાઓના આંકમાં ગુજરાત ઘણું પછાત છે. ગુજરાત સરકારની જ આ બધી ચોપડીઓ છે. એના આ સરવેમાં તમે કબૂલ્યું છે. એકથી દસ રાજ્યોમાં તમે આવતા નથી. અગિયારમા નંબરે તમે આવો છો. તો આ બધું કોના માટે છે? આ બધા માટે ગરીબોની ઉપેક્ષા થઇ છે, આમ આદમીની ઉપેક્ષા થઇ છે. માથાદીઠ આવક કેટલી? માનવ સૂચકાંકનું મહત્વ એમ છે કે, ગુજરાત પહેલા, બીજા કે ત્રીજા નંબરે નથી, ગુજરાત નવમા સ્થાને છે. આપણે ગમે તેટલાં ભાષણો ઠપઠપાવતા હોઇએ પણ વાસ્તવિકતા મટી જવાની નથી. માનનીય અધ્યક્ષશ્રી, આયોજન પંચના રીપોર્ટ મુજબ મહારાષ્ટ્ર, હરિયાણા, ગોવા જેવા ઘણા રાજયમાં ગુજરાત કરતા માથાદીઠ આવક વધુ છે. દિલ્હીમાં ૧,૦૮,૮૭૬ની સાથે ગુજરાતને આપણે સરખામણી કરીએ, બીજા રાજયો પણ છે. એમાં પણ વધારે જ છે. સામે ગુજરાતની ૫૨,૭૦૮ની આવક લગભગ દિલ્હી કરતા અડધી છે. ગરીબી ઘટાડવામાં તો આપણી અગ્રતામાં પ્રાથમિકતામાં પ્રથમ સ્થાને આ મુદ્દો હોવો જરૂરી છે પરંતુ નેશનલ સેમ્પલ સરવે ઓર્ગેનાઇઝેશનના ૨૦૦૪ થી ૨૦૧૦ના રીપોર્ટ મુજબ ગુજરાત ગરીબી ઘટાડનાર રાજયોમાં પણ મહારાષ્ટ્ર, તાલિમનાડુ, કર્ણાટક, રાજસ્થાન પછી પાંચમા નંબરે આવે છે. ગરીબી હટાવવાની ખૂબ વાતો થાય છે અને ખૂબ બજેટ બને છે પરંતુ અંતે કોને માટે બજેટ બને છે? આ બધું બન્યા પછીથી પણ ગુજરાત અત્યારે પાંચમે નંબરે છે, નેશનલ સેમ્પલ સરવે ઓર્ગેનાઇઝેશન દ્વારા કરવામાં આવ્યું છે.

આટલી વાત કર્યા પછી હું કહીશ હમણા વાઇબ્રન્ટનો પ્રશ્ન આવ્યો હતો અને લાખો કરોડો રૂપિયાના મોટા મોટા ધરખમ આકડાઓ. હવે જો આ આકડાઓનું અમલીકરણ થઇ જાયને તો તો ગુજરાતની અંદર સોનાની નોટોની જ નહીં. સોનાની છોળો ઉડવા મંડે. સોનાની છોળ નથી ઉડતી, આ અધિકારીઓ લાંચ લે છે ને એ લાંચ હવે રૂપિયામાં નથી માગતા. પીળું માગે છે. પીળું. હવે નવી પદ્ધતિ શરૂ થઇ છે. આ પીળું એટલે સોનું. આ સોનું મોંઘુ કેમ થાય છે કારણ કે આ લાંચરૂપે લેવાતા આ પૈસામાં સોનું જાય છે અને ગરીબ માણસને અડધો તોલો અને એક તોલો સોનું જોઇતું હોય એ સોનું એના કારણે મોંઘુ થાય છે એના લગ્ન પ્રસંગોમાં અને આ લાંચ રૂશ્વતની અંદર નોટોને બદલે હવે સોનું આવ્યું કારણ કે નોટો સંઘરવી મુશ્કેલ. વાઇબ્રન્ટની બાબત આ અમલીકરણનો રેશીયો ઘટતો ગયો છે. અમલીકરણનો રેશીયો ઘટતો ગયો છે. ૨૦૦૩ની અંદર મૂડીરોકાણ ૬૬,૦૬૮, અમલીકરણ ૩૭,૭૪૬ કરોડ આવ્યું. ૫૭ ટકા. ૨૦૦૫ના વાઇબ્રન્ટમાં ૧,૦૬,૧૬૦ કરોડનું મૂડીરોકાણ. અંદાજો ૩૭,૯૪૯ આવ્યું. ૩૫.૭૩ ટકા. ૨૦૦૭ ૪ લાખ ૬૫ હજાર અંદાજ આવ્યું. ૧ કરોડ અને ૭ લાખ. ૨૩ ટકા. ૨૦૦૯માં ૧૨ કરોડ ૩૯ લાખ. ૧ લાખ અને ૪ હજાર આવ્યું. ૮.૪૩ ટકા. ૨૦૧૧, ૨૦,૮૩,૪૭,૦૦૦ અને એમાં આવ્યું માત્ર ૨૯,૮૧૩. પહેલું સાત, આઠ, દસ, બાર વર્ષે ૫૭ ટકા. પછી ૩૫ ટકા, પછી ૨૩ ટકા પછી ૮ ટકા પછી ૧.૪૩ ટકા. આમ આ વાત આટલી નથી. ૧ કરોડ અને ૪ લાખ લોકોને રોજગારી નોંધાય, આ બધા વાઇબ્રન્ટમાં ૧ કરોડ અને ૪ લાખને રોજગારી હોય તો હું એમ કહેવા માગુ છું કે એક પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું છે. દસમા મહિનામાં હમણા માનનીય મંત્રીશ્રીએ કમિશન શબ્દની વ્યાખ્યા કરી. કમિશન નહીં કમીશન્ડ નબળો શબ્દ મારા

મોઢામાંથી નહીં નીકળે. એમાં ૨૦૦૩ના કમિશન, એમાં ૧૭ની અંદર રોજગારી ૪૧માંથી ૧૭ની અંદર રોજગારી શૂન્ય. આ મૂડીરોકાણને શું કરવું છે? બાકીના ૨૦૦૫માં ૧૧૪માંથી ૮૫. આ કમિશન થયેલા લોકોના ઉદ્યોગોની વાત કરી રહ્યો છું અને મારી પાસે અહીંયા સરકારે આપેલો જવાબ પણ પડેલો છે. ૧૧૫ માંથી ૮૫ લોકોને જ રોજગારી મળી છે. ટાટા કંપનીને જે પૈસા આપ્યા, આપણે પોણા નવ ટકાના વ્યાજે લઇએ છીએ અને ટાટાને પહેલો હપ્તો ચૂકવ્યો ૦.૦૧ ટકાએ. આ કોનો પૈસો છે? પ્રજાનો પૈસો છે અને પ્રજાના પૈસામાં આ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટના નામે અને બાકીની બધી બાબતોનો વિચાર કરીએ તો હું તમારા સૌનું ધ્યાન દોરવા માગું છું કે, આ વખતની વાયબ્રન્ટની અંદર અત્યારે અધિકારીઓએ કહ્યું કે હવે અમે કેટલા એમ.ઓ.યુ. થયા અને કેટલી રકમના એમ.ઓ.યુ. થયા એ જાહેર નહીં કરીએ. ભાઇ, જાહેર શા માટે કરવા માગતા નથી? કારણ કે જૂના થયા એ રોકાણો થયા નથી અને થયું છે એ અલ્પ થયું છે. આ વાયબ્રન્ટનો ડુંગર ખોદ્યો અને એમાંથી નીકળ્યો ઉંદર. બતાવો મને કે વાયબ્રન્ટમાંથી આટલી રોજગારી મળી છે તો હું આંકડા સહિત આ બધું હું ૧૦-૧૨ મિનિટમાં બોલી ન શકું. આ તો એવું છે કે *(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** એ શબ્દો કાઢી નાખું છું. આમાં અસંસદીય આવી જાય છે. (xxxxxx)

**શ્રી કેશુભાઇ સ. પટેલ :** હા, (xxxxxx) સોસિયો ઇકોનોમિક સરવેના આંકડા બતાવે છે કે ૨૦૦૫માં શિક્ષિત બેરોજગારો ૭.૪૨ લાખ હતા. ત્યાર પછી આ વાયબ્રન્ટ અમલમાં આવ્યું. ૨૦૧૨માં એ આંકડા વધીને ૮.૧૫ લાખ થયા. એપ્રિલ ૨૦૦૦ થી જૂન ૨૦૦૦ વચ્ચે વિદેશી મૂડીરોકાણ ક્યાં કેટલું ? એની અંદર ગુજરાત છઠ્ઠા નંબરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરોનો વિકાસ અમે કર્યો એમ કહેવાય છે. પરંતુ આપણા ૨૦૧૧-૧૨ની સામાજિક આર્થિક સમીક્ષામાં આ સરકારે કબૂલ કર્યું છે કે ૧૯૯૫ની અભૂતપૂર્વ પોર્ટ પોલિસીના કારણે ગુજરાતમાં વિકાસના દ્વાર ખુલી ગયા છે. જરા ક્યાંક તો સાચી વસ્તુને સમજવા કોશિશ કરો. મારી પાસે એના આંકડા છે. બંદરોની હેરાફેરીમાં ૧૦ વર્ષના ગાળા ગણીએ તો ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીમાં ગણીએ તો ૧૯૯૦ થી ૨૦૦૧ અને ૨૦૦૧ થી ૨૦૧૧ એ દશકો ગણવામાં આવે તો ૧૯૯૧ થી ૨૦૦૧ના વર્ષના દશકામાં આ દશકા કરતાં વધુ હેરાફેરી બંદરોમાં ટ્રાફિકમાં થઇ છે. અમે બહુ કરી દીધું છે એવી વાત જો કરવામાં આવતી હોય તો એ સત્યથી વેગળી છે. ૨૦૧૨-૧૩ની આર્થિક સમીક્ષામાં સમૃદ્ધિ માટે પ્રજાની ખરીદશક્તિ જે છે એમાં મોટરો અને મોટરસાઇકલો ખરીદાઇ. આ મોટરો અને મોટરસાઇકલો ખરીદાઇ ૧૯૯૧ થી ૨૦૦૦ સુધીમાં અને ૨૦૦૦ થી ૨૦૧૦ સુધીમાં આંકડા બતાવે છે કે એના પહેલાના દશકામાં વધારે છે. (સમયસૂચક ઘંટડી)

**શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૩-૧૪ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે તે બજેટની રકમ માત્ર ૧,૧૩,૪૮૧.૬૮ કરોડનું બજેટ ગૃહમાં રજૂ કર્યું છે. મારે આપના દ્વારા કહેવું છે કે તેમાં ૨૬,૯૮૭ કરોડ જાહેર દેવું કરીને મેળવવા માગે છે.માનનીય અધ્યક્ષશ્રી, આપના વખતમાં ગયા વર્ષ કરતા આ કદ ૧૨.૨૧% જરૂરથી વધારો થયો છે પણ જાહેર દેવાની ચૂકવણીમાં ૬૨૧૭.૮૪ કરોડ અને વ્યાજના ૧૩૬૫૯.૪૫ કરોડ. આમ વ્યાજ અને હપતાના ૧૯૮૭૭.૨૮ કરોડની માત્ર લોન અને વ્યાજ પરત કરવાના થાય છે તો ૧૭.૫૧% જેવી અંદાજીત બજેટની રકમ આમાં થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ૨૮૯ કરોડના નવા વેરા નાખ્યાં છે અને ૨૪૫ કરોડની રાહતો જાહેર કરી છે. આ ગુજરાતમાં ૬૦૦૦નો પગારદાર જે હોય એને વ્યવસાય વેરામાંથી મૂક્તિ આપી છે. સરકારના સ્કેલ છે કે વર્ગ-૪નો જે કર્મચારી હશે એને પણ ૬૦૦૦ રૂપિયા ઉપરનો પગાર હોય છે તો આ રાહત આપવાનો •(xxxxxx) છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાંખીએ છીએ.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એવો શબ્દ કાઢી નાંખજો. આ ગુજરાતની જનતાની અપેક્ષા ઉપર પાણી ફેરવતું આ બજેટ છે. મારે આપના દ્વારા કહેવું છે કે, ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં થઇ. એમાં ઘણી સરકારો આવી છે. જીવરાજ મહેતા, ઘનશ્યામભાઇ ઓઝા, બાબુભાઇ જશભાઇ, માધવસિંહભાઇ, ચિમનભાઇ, અમરસિંહભાઇ, છબીલદાસભાઇ, કેશુભાઇ, શંકરસિંહભાઇ, સુરેશભાઇ આ બધાએ વહીવટ કર્યો છે. માત્ર અને માત્ર આપને હું કહેવા માગુ છું કે આ ૧૦ વર્ષનો જ વહીવટ જોવામાં આવે છે. પહેલા કોઇએ કામ કર્યું નથી અને જો ના કર્યુ હોય તો આજે આ પરિસ્થિતિ આ ગુજરાતની ના હોય. અમે જ કર્યું, અમે જ કર્યુ એ વાત સાથે આઝાદી પહેલા અને બ્રિટિશકાળમાં મારે કહેવું છે કે, જ્યારે વર્ષો પહેલા અને આઝાદી પહેલા એક તો આખા હિન્દુસ્તાનમાં રોડ-રસ્તા નહોતા. એનો અર્થ એક કે એની સાથે અત્યારે સરખામણી કરવી. અત્યારે ૨૧મી સદી ચાલે છે. ચંદ્ર ઉપર રહેવા માટે ત્યાં બૂકીંગ થાય છે ત્યારે અત્યારે અહીંયા વાહ! વાહ! કરવી અને આ ૧૦ વર્ષમાં ગુજરાતને તારણહાર કર્યું છે એના સામે મારી વાત કરવા માગુ છું. આ ખેડૂત ગુજરાતનો નહિ પણ હિન્દુસ્તાનનો ખેડૂત છે, એને જગતનો તાત કહ્યો છે. આ બજેટમાં જગતના તાતને આખા હિન્દુસ્તાનના કોઇપણ સ્ટેટની અંદર ખાતર ઉપર વેટ લેવામાં આવતો નથી. આ ગુજરાતમાં લેવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા કહેવા માગુ છું કે ખેડૂતના જે ૪૨% આખા ગુજરાત નહિ, આખા હિન્દુસ્તાનમાં ૪૨% રોજગારી પૂરું પાડનાર આ ખેડૂતના તાતના ખાતર ઉપર વેટ લેવાય છે માત્ર ગુજરાતમાં! માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા વાત કરવી છે કે ૧૯૯૨-૯૩ થી રાજ્યના ખેડૂતોને તાત્કાલિક કનેકશન, ૧૯૯૨-૯૩ થી રેગ્યુલર કનેકશન આ બધા ૧૫ લાખ કનેકશનો દેવાના બાકી છે, ડાર્કઝોનથી બધાના, આ ખેડૂતોના છે અને જ્યારે ખેડૂતના પાક થાય છે, બટાકા, ડૂંગળી, લસણ વગેરે. હમણાં બટેકાના માર્કેટયાર્ડો ઉપર ઢગલા થયા હતા. ટામેટાના ઢગલા થયા હતા ત્યારે ગુજરાતની સરકાર ક્યાં ગઇ હતી? ત્યારે માર્કેટમાં આવીને એને સબસિડી આપી આ ખેડૂતને બચાવવાની કોશિશ ગુજરાતના તાત એવા ખેડૂતની કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા વાત એટલા માટે કરવી છે કે કેન્દ્રની વાત થઇ. કેન્દ્ર સરકારમાં હિન્દુસ્તાનની આઝાદી પછી કોઇએ પણ જો ખેડૂતને યાદ કર્યો હોય તો માત્ર અને માત્ર કેન્દ્ર સરકાર છે અને વડાપ્રધાન મનમોહનજીની સરકારે ૭૩૦૦૦ કરોડનું પેકેજ આપ્યું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવાનું છે કે, આ વૈદ્યનાથ સમિતિના ૧,૪૦૦/-કરોડ આ હિન્દુસ્તાનમાં પ્રથમ વખત કેન્દ્ર સરકારે આપ્યા છે. તમે કેટલા આપ્યા છે? મારે કહેવું છે કે, આજે ગુજરાતના ખેડૂતો હોય કે હિન્દુસ્તાનના ખેડૂતો હોય એને સાત ટકાના ધિરાણથી ખેડૂતોને ધિરાણ મળે છે અને એમાં વધારો કર્યો છે, ૧ લાખ અને ૨૫ હજાર કરોડ, સાત ટકાના વ્યાજે ધિરાણ આપે છે. એમાં રેગ્યુલર જે ખેડૂત હોય એને ત્રણ ટકા એમાંથી મુક્તિ આપવામાં આવે છે એ કેન્દ્ર સરકાર ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા બીજી પણ વાત કરવી છે કે, આ દસ વર્ષમાં વરસાદ થયો એટલે વરસાદમાં પણ અભિમાન ઠર્યું હતું કે, અમારા હિસાબે જ વરસાદ થાય. કુદરત આવું ન કરે પણ જયારે કુદરતે અર્ધ દુષ્કાળ પાડ્યો ત્યારે કેમ કહેતા નથી કે, કુદરતને અમે નથી કહ્યું? અને એના માટે આપને કહેવા માગુ છું કે, અમારા વિસ્તારની અંદર પીવાના પાણીના ટેન્કર, એટલે બધા મિત્રો કહેતા હતા કે, ટેન્કર એટલે ભૂતકાળ. અત્યારે ટેન્કરના મારા પ્રશ્ન નંબર-૧૧માં ૧૦૧ ગામોમાં, ૭૨ ગામો ટેન્કરથી પાણી પીવે છે. આ વિકાસ થયો છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા વાત કરવી છે કે, જંગલના સિંહો, અમારા વિસ્તારમાં આવી ગયા છે અને સિંહો નહીં પણ હવે એક જંગલી દીપડો અમારા વિસ્તારમાં આવી અને ૧૫-૧૫ બાળકોને ફાડી ખાય છે, એને પીવાનું પાણી જંગલમાં રક્ષિત કરો તો પણ તમને લાભ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પેટ્રોલ અને ડીઝલનો વેટ, આખા હિન્દુસ્તાનમાં હું તમને કહું, ગોવામાં જાવને, પારીકરને તો લાલકૃષ્ણ અડવાણીજીએ અભિનંદન આપ્યા. તમે પણ અભિનંદન લોને, શું ના પાડીએ છીએ અમે ?

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બાળક જન્મે અને ગુજરાતમાં એક લાખ અને પાંત્રીસ હજાર કરોડ રૂપિયાના દેવા સાથે, જે દેવુ કરી મેં બજેટમાં વાત કરી કે, અઢાર ટકા જેટલી રકમ તો દેવામાં જાય છે પાછી અને એક દિવસ એવો આવશે કે, આ બધું બજેટ છે ને વ્યાજ અને દેવા સાથે બધું પરત કરવું પડે એ સ્થિતિનું નિર્માણ થશે. મારે બંદરોની વાત કરવી છે એમાં મારે કહેવું છે કે, આ ગૃહની અંદર આ છેલ્લા અગિયાર વર્ષમાં ગવર્નમેન્ટે ફીશરીઝ હાર્બર બંદર બનાવ્યું હોય તો જવાબ આપે. ભાગીદારીમાં બંદર બન્યું છે, એક પણ બંદર નથી બન્યુ,(અંતરાય) અને શેનું ? આજે ત્રીસ હજાર કરોડ રૂપિયાની માછીમારી બંદરેથી આજે નિકાસ થાય છે અને ગુજરાતમાં પહેલા નંબરનું જો કોઇ બંદર હોય તો એ વેરાવળનું બંદર છે. અત્યારે ડ્રેઝીંગના કામ સિવાય, આજે માછીમારો રોજ ઝઘડા, તોફાન અને માથાકુટ કરે છે, હોડી કે બોટ સમાતી નથી, આ સ્થિતિ નિર્માણ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું નર્મદાના ડેમની વાત કરીશ. હું એ કહેવા માગુ છું કે, છેલ્લા અગિયાર વર્ષથી તો તમે કબૂલો છો ને કે, તમે સરકારમાં બેઠા પણ હું તો એમ કહેવા માગુ છું કે, ૧૯૯૫ થી કાયદેસર ભારતીય જનતા પાર્ટી સત્તા ઉપર છે. મારે કહેવું છે કે, ૧૨૨ મિટરની જયારે ડેમની ઉંચાઇ આવી છે ત્યારે સિંચાઇના પાણી માટે અઢાર લાખ હેકટરમાં પાણી આપવા માટેનો પૂરતો જથ્થો છે જે ડેમનો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૨૨ મિટરમાં અઢાર લાખ હેકટરમાં પાણી પૂરું પાડવા માટે પૂરેપૂરું પાણી ઉપલબ્ધ છે, શા માટે નથી આપતા ? નહેરો નથી થઇ. નહેરો કોણ કરશે? છેલ્લાં ૧૧ વર્ષમાં તમે કહો છો. ૨૦૦૪–૦૫ માં નહેરોનાં કામ પૂર્ણ થવાનાં હતાં.(અંતરાય) નીતિનભાઇ સાંભળો. ૨૦૦૪–૦૫ માં નહેરોનાં કામ પૂરાં કરવાં જોઇએ, તેને બદલે આ નહેરનાં કામ નથી થયાં. પરિસ્થિતિ એવી આવી છે કે અર્ધ દુષ્કાળ. ખાલી છબુકલું ભગવાને કર્યુ છે અને ગુજરાતનો તાત અત્યારે મૂંઝાયો છે. માલ, ઢોર,ગાય, ભેંસ, બકરી, બળદ એમના માટે પીવાનું પાણી નથી. ટેન્કરોથી પાણી તમારો જ જવાબ છે. ૧૦૧ ગામોમાંમાથી ૭૮ ગામોમાં ટેન્કરોથી પાણી મળે છે. આ પરિસ્થિતિ છે માત્ર અર્ધ દુષ્કાળના હિસાબે થઇ છે. આપના દ્વારા જે વાત કહેવા માગું છું કલ્પસર..

અધ્યક્ષશ્રી : જસાભાઇ, આપનું પ્રવચન પૂરું થઇ ગયું. ૧૨ મિનિટ પૂરી થઇ. શ્રી દિલીપભાઇ

શ્રી જસાભાઇ ભા. બારડ : કલ્પસર યોજના અંગે હું કહેવા માગું છું કે આ ઐતિહાસિક યોજના થશે. તમારા વખતમાં જરૂરથી કરો...

અધ્યક્ષશ્રી : માનનીય દિલીપભાઇ.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર(ચાણસ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે, એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

આમ તો નાણા મંત્રી એમના કદમાં ખૂબ નાના છે, પણ એમનું વિશાળ બજેટ એ ગુજરાતને ખૂબ વિશાળ ફલક ઉપર લઇ જવા માટે આપની વચ્ચે લઇને આવ્યા છે. હું કેટલાક દિવસોથી કેટલીક ચર્ચા આ વિધાનસભા ગૃહમાં સાંભળતો આવ્યો છું. નર્મદા યોજના માટેની વાતો થતી હોય, ખેડૂતો માટેની વાતો થતી હોય, સિંચાઇ માટેની ઘણી બધી વાતો આ સન્માનનીય સભાગૃહમાં કરવામાં આવતી હોય છે. મને ઘણીવાર એવું લાગતું હોય છે કે સભ્યોને કદાચ ખબર નહિ હોય કે જે વિસ્તારમાં હંમેશા દુષ્કાળ પડતો હતો, પીવાના પાણીની જે મુશ્કેલીઓ હતી, સિંચાઇના પાણી માટેની મુશ્કેલીઓ હતી, તો એ વિસ્તારમાં કદાચ પ્રવાસ કરવાની જરૂરિયાત મને દેખાઇ રહી છે. ગુજરાતની અંદર અપુરતા વરસાદના કારણે અને અનિયમિત વરસાદના કારણે હંમેશા દુષ્કાળ અને અર્ધ દુષ્કાળમાં પસાર થતું આપણું ગુજરાત હતું. અમે જે વિસ્તારમાંથી આવીએ છીએ એ અમારો ઉત્તર ગુજરાતનો વિસ્તાર લગભગ ૧૦ વર્ષની અંદર ૭–૭ વર્ષ સુધી દુષ્કાળમાં પસાર કરેલ છે. પીવાનું પાણી ન હોય, ખેતી માટે પાણી કયાંથી લાવવું એ મોટી વિકટ સમસ્યા અમારા વિસ્તાર માટેની હતી. આજે જે રીતે નર્મદા યોજનાનાં કામ યુદ્ધના ધોરણે આ વિસ્તારમાં નર્મદામાંથી પાણી

આપવા માટે સરકાર આગળ વધી રહી છે. મુખ્ય કેનાલનાં કામ પૂર્ણ થયાં છે. નર્મદા યોજનાનાં માઇનોર અને સબમાઇનોર કેનાલનાં કામ પૂર્ણતાનાં આરે આવી ગયાં છે. એમાંથી નીકળતી સબ માઇનોરનાં કામ યુદ્ધનાં ધોરણે આ વિસ્તારમાં આગળ વધી રહ્યાં છે. ઢાળિયા સુધીનાં કામ પૂર્ણ કરવા માટે સરકાર આગળ વધી રહી છે, ત્યારે આપણે નજરે જોઇ શકીએ છીએ કે એક વર્ષની અંદર સમી, હારીજ, રાધનપુર,સાંતલપુર વિસ્તારોમાં રોજીરોટી માટે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાંથી હિજરત કરીને લોકોને બહાર જવું પડતું હતું તે આજે અમારે ત્યાં મજૂર નથી મળતા, એનું મુખ્ય કારણ આ સરકારનું જળ સંચયનું કામ, નર્મદા યોજનામાંથી છોડવામાં આવેલ પાણી અને એના કારણે અમારા વિસ્તારમાં આજે મજૂર નથી મળતા એ જળ સંચયના કારણે થયેલ છે. સરકારની વિવિધ યોજના મારફતે વરસાદના પાણી રોકવા માટેના અથાગ પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. હું તો આટલું જ કહીશ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં શાસન સંભાળ્યું છે, ત્યારથી જળસંચયનાં કામ આ ભાજપની સરકારે હાથ ઉપર લઇને આગળ વધવા માટે આગળ વધી રહ્યા છે. નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી યુદ્ધના ધોરણે જળસંચયનાં કામ હાથ ઉપર લીધાં. જમીન વિકાસ નિગમ હોય, જળસંપત્તિ વિભાગ હોય, ગ્રામ વિકાસ વિભાગની અનેક પ્રકારની યોજના હોય આ યોજનામાંથી આ વિસ્તારની અંદર ગુજરાતની ધરતીની અંદર વરસાદનું એક એક ટીપું પાણી રોકાઇ રહે અને કેવી રીતે રોકી રાખવું એ પ્રકારનું આયોજન કરીને આ ગુજરાતની ધરતીને ફરીવાર જીવિત કરવાનું કામ આ ગુજરાતમાં ચાલી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા જ માટે આજે આપણા ગુજરાતની ધરતીની અંદર પાણીનો સમાવેશ થઇ રહ્યો છે. આ ધરતી ઉપર તળાવો ઉંડા કરવાનું કામ ચાલી રહ્યું છે. આ ગુજરાતની નદીઓની અંદર ચેકડેમો બનાવીને પાણી રોકવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જયાં ચેકડેમ બની શકે તેમ નથી તેવા વિસ્તારોની અંદર મોટા તળાવો બનાવીને, નાના તળાવો બનાવીને વરસાદનું એક એક ટીંપુ પાણી આ ધરતીમાતાની અંદર ઉતરે અને જળ સંચય થાય તેના માટેના અથાગ પ્રયત્નો કરીને જળ સંચયનું કામ આ રાજય સરકારની અંદર કરવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો એટલું જ કહીશ કે જેવી રીતે યમુના નદીની અંદર કાળી નાગને નાથીને ભગવાન કૃષ્ણએ ઝેર મુક્ત યમુના નદીને બનાવી હતી એમ આ ઉત્તર ગુજરાતની અંદર આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ દુષ્કાળને નાથીને દુષ્કાળ મુક્ત ગુજરાત બનાવવાનું કામ કોઇએ કર્યુ હોય તો આ કળયુગના કૃષ્ણ સમાન નરેન્દ્રભાઇ મોદી કરી રહ્યા છે. આ રીતે સરકાર કામ કરવા માટે આગળ વધી રહી છે. જગતના તાત ખેડૂતની વાતો આ હાઉસની અંદર કરવામાં આવે છે. ખેડૂતને શું જોઇએ છે? ખેડૂતને તેની ખેતી માટે પાણી જોઇએ છે. તેને પૂરતું પાણી જોઇએ છે. તેને પીવા માટે શુદ્ધ પાણી જોઇએ છે. તેના પશુઓ માટે તેને પાણી જોઇએ છે. આ પાણી કયાંથી લાવવું તેવી વાતો કરવાથી પાણી મળવાનું નથી. તેના માટેનું ચોક્કસ આયોજન કરવું પડે. એટલા માટે આવા ચોક્કસ આયોજનના કારણે આજે ઉત્તર ગુજરાત એ ઉત્તમ ગુજરાત બનવા માટે આગળ વધી રહ્યું છે. હું તો એટલું જ કહીશ, અમારા ગામડાંઓની અંદર કહેવત હતી કે નેવાના પાણી કોઇ દિવસ મોભે ન ચડે. પરંતુ ચોક્કસ કહીશ કે આ ગુજરાતની અંદર નરેન્દ્રભાઇ મોદીએ આ નેવાના પાણી મોભે ચડાવવાનું કામ કર્યુ છે. આ રાજયના મરદ મુખ્યમંત્રીએ આ કામ કર્યુ છે. નર્મદા નહેરની કેનાલનું પાણી જયાં જવાનું છે અને જે વિસ્તારની અંદર નર્મદાનું પાણી નથી જવાનું તેવા વિસ્તારોમાં નર્મદાની પાઇપ લાઇનો નાંખીને, તેના ઉપરવાસમાં પાણી છોડીને, નદીઓની અંદર પાણી છોડીને, નાના નાના વોકળાઓની અંદર પાણી છોડીને, તળાવો ભરીને જીવંત કરવાનું કામ આ સરકારની અંદર ચાલી રહ્યું છે.

મારા ઘણા મિત્રો એવી વાતો કરતા હોય છે કે સરકાર કોઇ આયોજન કરતી નથી. આ સરકારનું ચોક્કસ આયોજન છે. આ રાજય સરકાર લોકભાગીદારીથી કામો કરવા માટે આગળ વધી રહી છે. એટલા માટે આ રાજયની પ્રજા લોકભાગીદારીની અંદર કામો કરવા માટે આ સરકારમાં વિશ્વાસ રાખીને આગળ વધી રહી છે. ૮૦ઃ૨૦ની યોજના હોય, ૯૦ઃ૧૦ની યોજના હોય, સરદાર સહભાગી જળસંચય યોજનાની અંદર ૭૨૩૫૦ જેટલા ચેકડેમો આ રાજયની ધરતી ઉપર બનાવવામાં આવ્યાં છે. અન્ય વિભાગો મારફત ૮૪૩૭૫ જેટલા ચેકડેમોનું બાંધકામ આ ધરતી ઉપર કરીને આ જળસંચયનું કામ કરીને ગુજરાતની જમીન, જે

ખેડૂતોની જમીનનું ધોવાણ થતું હોય તે ધોવાણ અટકાવવાનું કામ આ ચેકડેમો મારફત કરવામાં આવી રહ્યું છે. સરકારની આવી બીજી અનેક યોજનાઓ મારફત ૧૫૫૬૭૯ જેટલાથી વધારે ચેકડેમો ગુજરાતની ધરતી ઉપર આ સરકાર મારફતે બનાવવામાં આવી રહ્યા છે. જે નદીઓની અંદર પાણી વહી જતું હતું તે પાણી રોકવા માટે સીરીઝ ઓફ ચેકડેમ બનાવીને, નદીઓ ઉપર આઠ–આઠ દસ–દસ કિલોમીટરના અંતરે ચેકડેમ બનાવીને આ નદીઓને જીવંત કરવાનું કામ કોઇએ કર્યુ હોય તો તે આ સરકારની અંદર કરવામાં આવેલ છે. આ રીતે આ સરકારે જળસંચયનું કામ કરીને સમગ્ર ગુજરાતને આગળ લાવવા માટે, સમગ્ર ગુજરાતને ઉત્તમ કરવા માટે આગળ વધી રહી હોય, સમગ્ર ભારત દેશની અંદર પાણી બચાવવાનું સાથે સારું કામ થયું હોય તો આ ભારત દેશની અંદર ગુજરાત સરકારમાં થયું છે. આવી જ રીતે માનનીય નાણામંત્રી મોટા પ્રમાણમાં બજેટ લઇને આગામી દિવસોમાં ગુજરાતને આગળ લાવવા માટે આગળ વધી રહ્યા છે ત્યારે હું માનનીય નાણા મંત્રીના બજેટને અનુમોદન આપું છું.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ જે ભાઇએ હમણાં કહ્યું તેમ અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૧,૧૧,૧૧૧ કરોડનો લક્ષ્યાંક હતો તેને વટાવીને ખર્ચ ૧ લાખ ૨૮ હજાર ૫૦૦ કરોડનો થયો. તેનાથી ડબલ વધીને આ બારમી પંચવર્ષીય યોજનામાં ૨ લાખ ૮૩ હજાર ૬૨૩ કરોડનું બજેટ, એટલે જેમ ભાઇએ કહ્યું તેમ કદ કરતાં ત્રણગણું વધારે લઇને આવ્યા છે તેને આવકારું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ઘરેથી નીકળ્યો ત્યારે ટીવીમાં એક લાઇન આવતી હતી, મુરબ્બી જસાભાઇ હમણાં જે વાત કરતા હતા ખેડૂતોની, તો આ ટીવીની એક લાઇનમાં એવું આવતું હતું કે, ખેડૂતોના દેવા માફ કેન્દ્રએ કરેલ તેનો કંઇક કેગનો રિપોર્ટ આવ્યો, અને એમાં મોટો ભ્રષ્ટાચાર થયો છે. બંન્ને, લોકસભા અને રાજયસભા પણ બંધ થઇ ગયેલ હતા. મુરબ્બી શ્રી જશાભાઇ જે કહેતા હતા કે આ કેન્દ્ર સરકાર ખેડૂતોની હામી સરકાર છે પણ ખેડૂતોના પણ ખાઇ ગયા, એ કેન્દ્ર સરકારના વખાણ કરે છે તો મને એક બીજું પણ યાદ આવ્યું કે, અગાઉ આ જે ઘરના ઘરની વાત હતી એમાં સૈનિકોની વિધવાઓના ઘરોમાં પણ મોટો ભ્રષ્ટાચાર. એ ઘરો પણ ખવાઇ ગયા, હમણાં મુરબ્બી શ્રી વાત કરતા હતા કે, જયારે ચંદ્ર ઉપર લોકો આ એકવીસમી સદીમાં ઘર લેવા જાય છે, ત્યારે અહીંના ઘરનું શું? એ તો જોજો. જયારે આપણે આ દેશમાં ગેસ પણ બંધ કરી દેતા હોય આ રાજયમાં, અને કોલસા પણ ખવાઇ જતા હોય ત્યારે આપણે કેવી રીતે આગળ વધીશું એની મને ખબર પડતી નથી. હમણાં મુરબ્બીશ્રીએ વાત કરી કે અમારા જંગલમાં સિંહ, પણ અહીંયાં કાલે જે સૌરભભાઇ સિંહની જેમ ત્રાડથી જવાબ દેતા હતા ત્યારે આ સામેથી સભાગૃહ અર્ધુ ખાલી થઇ ગયું હતું, (અંતરાય) તમે કયાં ગયા હતા એ અમને કયાં ખબર હતી? મિટિંગમાં ગયા હતા કે આ ગૃહમાં સાંભળવાની તૈયારી ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે રીતે વિકાસ થયેલ છે, એ વિકાસમાં કોઇ મહત્વનો ફાળો હોય તો ઉદ્યોગ, ખાણ, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, અને એમાં ૩૦૫૫ કરોડ રૂપિયાનું આયોજન આ રાજય સરકારે કરેલ છે. કોઇપણ રાજયનો વિકાસ કોને આધારિત છે તો રાજયના વહીવટકર્તા કેવા છે, એ કેવો વહીવટ છે એના ઉપર ઉદ્યોગો આવતા હોય છે અને સારા ઉદ્યોગો આવવાના કારણે રાજયની ઉત્પાદન શક્તિ વધતી હોય છે, લોકોને રોજગારી મળતી હોય છે, અને રાજયનો વિકાસ થતો હોય છે, એનો પણ સમન્વય હોય તો એનું નામ છે ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકારના સારા વહીવટ અને આયોજનને લીધે ૨૦૦૩થી ૨૦૧૩ સુધી વાયબ્રન્ટ સમ્મીટ થયેલ તેમાં ઉદ્યોગકારોએ ખૂબ જ મોટા રોકાણો ગુજરાતમાં કરીને ગુજરાત અને ગુજરાત સરકાર ઉપર વિશ્વાસ દાખવેલ છે. વાયબ્રન્ટ ૨૦૧૩માં ૧૨૧ દેશોના લોકોએ, ૨૧૦૦ ડેલીગેટોએ ભાગ લીધેલ, અને આ વાયબ્રન્ટ ૧૩માં હિંદુસ્તાનમાં કોઇ દિવસ નથી થયો એવો વેપાર મેળો એક લાખ ચોરસમીટર કરતાં વધારેમાં ફેલાયેલો હતો અને આ મેળામાં દેશ અને દુનિયાની ૧૨૦૦ કંપનીઓએ ભાગ લીધો હતો, અને એમાં ૧૯૩ કંપનીઓ વિદેશની હતી, આ વિશ્વાસ ન હોય તો આવા ઉદ્યોગપતિઓ કોઇ દિવસ કયારેય આવે નહીં. ભારત સરકાર એકાદ વખત તો આવો મેળો કરી જુએ, આ મેળામાં ૨૪

રાજયોમાંથી ૫૦૦૦૦ જેટલા ડેલીગેટો પણ આવેલા હતા. માનનીય અધ્યક્ષશ્રી, જાપાન અને કેનેડા જેવા વિકસિત દેશોએ આમાં ભાગ લીધો હતો. એક કહેવત છે કે નદી દરિયામાં ભળે. પણ આની જગ્યાએ ઉંધુ થયું. દરિયો નદીમાં ભળ્યો. કારણ કે મોટા દેશો આ નાના રાજ્યની સાથે ભાગીદારી કરે એ કોઇ નાનીસૂની વાત નથી. ગુજરાત રાજ્યમાં ઉદ્યોગકારો રોકાણ કરે છે એટલે કે રાજ્યમાં શાંતિ, સલામતિ અને વીજળી પણ પૂરતા પ્રમાણમાં મળે છે એવું સાબિત થાય છે. ગુજરાતમાં આવા ઉદ્યોગો આવવાથી રોજગારી પણ ખૂબજ વધેલી છે. જો હિંદુસ્તાનમાં ૧૦૦ રોજગારી મળતી હોય, એમાં ૭૨ રોજગારી એકલું ગુજરાત આપે છે. એ આ સરકાર પણ ઉદ્યોગકારોનો વિશ્વાસ છે અને ઉત્પાદનમાં પણ આ રાજ્ય નંબર–વન રહેલ છે.

આ મિત્રો કહેતા હતા કે આ રાજ્ય પહેલાં પણ હતું કંઇ આ દસ વર્ષથી રાજ્ય નથી. અમે પણ કહીએ છીએ કે પહેલાં પણ હતું. કોઇપણ વસ્તુ હોય ધારો કે ઘઉં હોય અને એ એક જણને સોંપો તો એ એમાંથી ઘેસ બનાવે, પણ હોંશિયાર બહેન હોય તો એમાંથી લાપસી પણ બનાવે. આ રાજ્ય અગાઉ પણ હતું જ (અંતરાય) થૂલું પણ બનાવે. અગાઉ બનાવી દીધું હતું. આ રાજ્યના સારા વહીવટના હિસાબે ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ થયો છે. સાથે સાથે મોટા ઉદ્યોગોની સાથે નાના ઉદ્યોગોનો પણ વિકાસ થયો છે. ૨૦૦૧–૦૨માં ૨,૬૭,૬૩૧ની જે સંખ્યા હતી એ ૨૦૧૧–૧૨માં ૩,૫૫,૮૯૪ એકમો સ્થાપિત થયાં છે. દુનિયામાં રાજ્યના જો કોઇ ઉદ્યોગોનો વિકાસ થયો હોય તો એમાં આ રાજ્યમાં હીરા ઉદ્યોગની વાત કરું તો ૧૦ હીરા દુનિયામાં તૈયાર થાય છે તેમાંથી ૮ હીરા એકલા આ ગુજરાત રાજ્યમાંથી તૈયાર થાય છે. એ રીતે એમાં નંબર–વન, દિવેલા, ઇસબગુલ, વરિયાળી એ પણ સૌથી વધારે ઉત્પાદન કરતું હોય તો એનું નામ છે ગુજરાત, દુનિયામાં પેટ્રોલિયમ રિફાઇનરીનું મોટું કોઇ મથક હોય તો એનું નામ છે ગુજરાત. ભારતમાં દવાઓ, કેમિકલ, પેટ્રોકેમિકલ સૌથી વધારે કોઇ ઉત્પાદન કરતું હોય તો એનું નામ છે ગુજરાત. ભારતમાં મીઠું, સોડા–એશ, દરિયાઇ ઉત્પાદનમાં સૌથી મોટું કોઇ રાજ્ય હોય તો એનું નામ છે ગુજરાત. ભારતમાં સૌથી પહેલું એન.એલ.જી. ટર્મિનલ હજીરા દહેજ ખાતે છે ભારતમાં એકમાત્ર રાજ્ય જેની પાસે રાજ્ય વ્યાપી ગેસ ગ્રીડ છે તેનું નામ છે ગુજરાત.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી, વર્ષ ૨૦૧૩–૧૪નું જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. ગુજરાતની પ્રજાને ખૂબ મોટી અપેક્ષાઓ હતી. આ મોંઘવારી વધી ગઇ છે એટલે વેટમાં કંઇક ફેરફાર થશે. કંઇક ઓછો થશે, ઘટાડો થશે, એવી આશાઓ હતી, પણ ગુજરાતની પ્રજાની આ આશાઓ ઠગારી નિવડી છે. વધુ ૨૮૯ કરોડ રૂપિયાના કર સાથે આ નાણામંત્રીશ્રી વિધાનસભામાં આવ્યા છે. આ વેરો ૭૩.૨૬ ટકાના દરે છે. જે ટોટલ કર છે એનો અને છેલ્લાં ૨૦૦૪–૦૫થી ૨૧.૧૩ ટકાના દરે વધતો જાય છે. આ સરકારે ટુ–વ્હીલર અને ફોર વ્હીલર સેકન્ડ હેન્ડ જે હોય અમારે ગામડામાં એને ડોઘલું કહેવાય.આખા ગામડાંના વિસ્તારમાં ગાડી ફરી ફરીને બગડી જાય તેને ડોગલુ કહે આમણે ડોગલાને પણ છોડેલું નથી. તેમાં ૧ ટકાના દરે તેમણે વેટ નાખ્યો છે. અને તેમાં ટુ વ્હીલર એટલે મોટર સાયકલ કે એ હોય તેને પણ ૨ હજાર રૂપિયા અને ફોર વ્હીલર માટે પાંચ હજાર રૂપિયા વેરો લેવાનો આ સરકારે વધારાનો વેરો નાખ્યો છે તે આ જનતા ઉપર ખૂબ મોટું ભારણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની મધ્યમ વર્ગની વ્યાખ્યા બદલાઇ ગઇ લાગે છે. ૩ હજાર રૂપિયાથી ૬ હજાર રૂપિયા જે માસિક ભાડુ મેળવતા હોય તેના ઉપર જે વ્યવસાય વેરો છે તે માફ કર્યો. મને એમ લાગે છે સાહેબ કે, કાયદામાં એમ છે કે વર્ક સમાન વેતન હોવું જોઇએ. સાહેબ, આ સરકાર એટલા માટે ઘણા સમયથી ફિક્સ પગારના કર્મચારીઓને ફિક્સ પગાર જ આપ્યા કરે છે. તેમણે જે વાત કરી છે મધ્યમ વર્ગની આ ત્રણ હજારથી છ હજાર તો જે માણસ મજૂરી કરતો હોય જે ૨૦૦/– રૂપિયા રોજના રળે છે અને તેના જ છ હજાર રૂપિયા થઇ જાય છે. આ પ્રજાની ક્રૂર મજાક કહેવાય. જે લોકો મજૂરી કરતા હોય એને મધ્યમ વર્ગમાં ગણવામાં આવ્યાં છે આ એક ખરેખર મજાક સમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વીજળીની વાત થતી હતી. ૨૪ કલાક થ્રી ફેઇઝ લાઇટ. સાહેબ, મારે કહેવું છે કે સરકારે જરૂર જાહેરાત કરી હોય પણ મારે તો સૌરભભાઇને પણ કહેવું છે કે, એક દિન આદિવાસી ગાંવ મેં બિતાઇયે સાહેબ. આવો એટલે ખબર પડે સાહેબ કે તમારી ટયુબલાઇટ ઉપડે છે કે નહીં ? લો

પાવરની કેટલી પરિસ્થિતિ છે અને કેટલા વિસ્તારના કનેકશનો હજુ પણ બાકી છે. છેલ્લાં ત્રણ વર્ષથી સબ સ્ટેશનો મંજૂર થાય પણ તેની કામગીરી થાય નહીં. ઘણાં એવા ગામડાં છે અને અમે અધિકારીઓને કહીએ છીએ કે તમે વિસ્તારમાં જાવ, છોકરાઓ વાંચી શકતા નથી કમસે કમ તેની ટ્યુબલાઇટ ઉપડે તેના માટેની અમે ચિંતા કરતાં હોઇએ છીએ. એવા ઘણાં વિસ્તાર છે તો એ વિસ્તારમાં તપાસ થાય અને ત્યાં લાઇટ વ્યવસ્થિત મળે તો શિક્ષણ સારું થાય અને છોકરાઓને વાંચવાની તકલીફ ના પડે.

આ સરકાર એમ કહે છે કે અમે ખેડૂતો માટે બહુ કર્યુ. પણ મારે એમ કહેવું છે કે આ સોશિયલ ઇકોનોમીક સરવે તમારો જ કહે છે કે અમે ખેડૂતોને લાઇટ ઓછી આપી દીધી. આ મુખ્યમંત્રી ૨૦૦૨ પછી, ૨૦૦૨માં જે લાઇટ મળતી હતી ૧૫૬૯૫ મિલિયન યુનિટ. આજે એ લાઇટ ઘટતી ઘટતી ગઇ અને આજે તે લાઇટ ૧૩૯૫૫ મિલિયન યુનિટ મળે છે. એનો મતલબ એ થયો કે પહેલાં ખેડૂતોને આના કરતાં વધારે લાઇટ મળતી હતી. આજે કેમ ઓછી થઇ ગઇ સાહેબ ? આ લાઇટ ઓછી થઇ એટલુ જ નહીં સાહેબ, પહેલાં કોઇ મંત્રીશ્રી કહેતા હતા કે ૮૭–૮૮માં વીજળી નહોતા આપતા અમે એટલી વીજળી આપીએ છીએ. અરે, ૮૭–૮૮માં હોર્સ પાવરથી લાઇટ મળતી હતી. તે વખતે હોર્સ પાવરના ૧૯૨ રૂપિયા હતા આજે કેટલો બધો ભાવ વધારો થઇ ગયો છે. અને આ વીજળી ખેડૂતોને કાપી અને આ સરકારે ઉદ્યોગોને આપી છે. હું સરવેના આંકડા સાથે કહું છું. ૨૦૦૦માં તમે જે ઉદ્યોગોને લાઇટ આપતા હતા એ ૯૮૧૭ મિલિયન યુનિટ હતી. આજે કેટલી વીજળી વધી સાહેબ ? ઉદ્યોગોને ૧૭૭૮૯ મિલિયન યુનિટ તે વધારે આપી. આ સરકાર કોની છે તે આના ઉપરથી તમને ખબર પડે કે વીજળી કોને વધારે મળે છે.

હમણાં શંકરભાઇ શિક્ષણની વાત કરતા હતા કે એક તરફ ફરીએ તો પહેલું ધોરણ આવે અને બીજી તરફ ફરીએ તો બીજુ ધોરણ આવે. અમારા ગઇકાલના અશ્વિનભાઇના ચોથા નંબરના પ્રશ્નમાં જુઓ સાહેબ આદિવાસી વિસ્તારમાં સાબરકાંઠામાં જ સાહેબ ૫૩૭ ઓરડાઓ બનાવવાના બાકી છે. ગણિત અને અંગ્રેજીના શિક્ષકો નથી. ૨૯૦ અંગ્રેજીના શિક્ષકો મંજૂર થયા છે પણ એક શિક્ષક નથી અને વિજ્ઞાનના શિક્ષકોની પણ આ જ હાલત છે. તમે વિચાર કરો સાહેબ કે આદિવાસી વિસ્તારની શું હાલત હશે અને કઇ રીતે છોકરાઓ ભણતા હશે અને આપણે સાહેબ વાયબ્રન્ટ વાયબ્રન્ટની વાત કરીએ છીએ. આનાથી અટકતું નથી અમારા આદિવાસી વિસ્તારમાં જે હોંશિયાર છોકરાઓ હોય છે તેના માટે સ્પેશ્યલ એકલવ્ય રેસિડન્સી સ્કૂલો ચાલે છે. લગભગ એવી એકલવ્ય રેસિડન્સી સ્કૂલો બધી મળીને ૬૮ સ્કૂલો છે. આ ૬૮ સ્કૂલોમાં એક પણ શિક્ષક રેગ્યુલર નથી. આ તો શિક્ષકો થોડાક સમય માટે આવે પછી જતાં રહે આ તો છોકરાઓના ડ્રોપ આઉટના બદલે શિક્ષકોનો ડ્રોપ આઉટ વધતો જાય છે. થોડોક સમય શિક્ષકો આવે અને પછી કયાંક સારી તક મળે એટલે જતાં રહે છે. સરકાર આમાં કાંઇક વિચારે અને શિક્ષકોને કાયમી કરવાનો કાંઇક વિચાર કરવો જોઇએ નહીંતર આમને આમ કયાં સુધી આ ટ્રાયબલ વિસ્તાર ચાલશે. એટલું જ નથી સાહેબ, અમારો વિભાગ પણ એવો છે. એમાં પણ એવું છે કે મોટાભાગની, ડી–સેગ હોય કે ગમે તે હોય બધા ટેમ્પરરી રાખેલા માણસો, કયારે શું ઉલાળીયું કરીને જતા રહે છે કાંઇ ખબર પડતી નથી સાહેબ, એટલે મારી નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તમે કાયમી માણસો રાખો કે જેથી વ્યવસ્થિત સરવે થાય અને કામ પણ વ્યવસ્થિત થાય.

બીજી વાત કરું તો હમણા સિંચાઇની વાત ચાલતી હતી, નર્મદાની વાત કરી કે ૧૮ લાખ હેકટરમાં પાણી મળવાનું છે, સાહેબ સરકારે જે વિસ્તારમાં કોઇપણ જાતનું સિંચાઇનું પાણી નથી મળતું તેના માટે કયારેય વિચાર્યુ છે? નાણામંત્રી તો ઉત્તર ગુજરાત ઉત્તર ગુજરાત એમ કહે છે પણ અમારો ઉત્તર ગુજરાતમાં સમાવેશ કરતા નથી, અમારા ભીલોડા, મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાનો સમાવેશ આ સિંચાઇમાં આવતો નથી. એના માટે જોગવાઇ કરી હોત તો આનંદ થાત પણ આવા વિસ્તારો માટે કોઇ જોગવાઇ કરતા નથી, દર વખતે અમે જોઇએ કે મંત્રીશ્રી એમ કહે છે કે તમારો વિસ્તાર ૪૫.૫ ટકા વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લીધો છે. સાહેબ તમે આ વિસ્તારમાં એકાદ વખત આવો, જુઓ, કયા વિસ્તારમાં કયાં સિંચાઇ મળે છે? મુખ્યમંત્રીશ્રીએ એમ કહ્યું હતું કે તળાવના કાંઠે કોઇ તરસ્યુ ન રહેવું જોઇએ, અહીંયા તો તળાવના કાંઠે બધા જ તરસ્યા છે. મોટા ભાગના ડેમો અમારે ત્યાંના વિસ્તારમાં, ટ્રાયબલ વિસ્તારમાં મોટા

મોટા ડેમો છે, પણ તળાવના કાંઠે આજે તરસ્યા છે સાહેબ, સરકાર એમ કહે છે કે ૩૭.૫ ટકા વિસ્તારને ઘરે ઘરે નળથી પાણી આપે છે, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે અમારા વિસ્તારમાં તપાસ કરો, કયા ઘરે નળથી પાણી આપો છો? મારા પોતાના ઘરની વાત કરું નીતિનભાઇ, અમારે ત્યાં પણ નળથી પાણી નથી મળતું. હમણાં નરોતમભાઇ ગઇકાલે વાત કરતા હતા, આદિવાસી વિસ્તારમાં આત્મા ગામડાંનો અને વિકાસ શહેરનો એવી વાત કરતા હતા અને આદિવાસી વિસ્તારમાં ગટરની વ્યવસ્થા કરશે, મારે માનનીય નરોતમભાઇને કહેવું છે એક પણ એવું આદિવાસી ગામ બતાવો, મારી તમને ચેલેન્જ છે, એક પણ આદિવાસી ગામમાં ગટર લાઇનની વ્યવસ્થા કરી હોય તો બતાવો. મને કહેશે તો ખરેખર આનંદ થશે. આ તો વાતો બધી ચાલે છે કંઇ છે નહીં આ કાગળીયા ઉપર છે.

સરકારે તો ઉદ્યોગોની વાત કરી છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ થી ચાલે છે. ઔદ્યોગિક નીતિમાં સરકારે નકકી કર્યું હતું કે આદિવાસી વિસ્તારમાં દરેક તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવામાં આવશે. સભાગૃહમાં આ ખાતરી ૨૦૦૯માં આપી હતી. આજે દરેક જગ્યાએ તપાસ કરો, ઔદ્યોગિક વસાહતો કયાં છે? કોઇ જગ્યાએ ટ્રાયબલ વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતો આવતી નથી, આ જે કંઇ ખર્ચ થયો હશે અને જે કંઇ ઉદ્યોગો આવતા હશે એ ફકત અને ફકત શહેરમાં અમુક ગણ્યાં ગાંઠયા વિસ્તારોમાં જ આવે છે. અમારા વિસ્તારમાં આવા નવા ઉદ્યોગો અમે જોતા પણ નથી, અને અમારા વિસ્તારના જે છોકરાઓ ભણી ગણીને આગળ આવેલા છે એમને નોકરીઓની તક પણ નથી મળતી અત્યારે આ સરવે પણ એમ કહે છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે બાકી.

ડો. અનિલ જોષીયારા : ૧૦ લાખ શિક્ષિત બેકારો છે. અર્ધ શિક્ષિત પણ લગભગ ૨૧ લાખ છે. અને અશિક્ષિત તો ઘણા બધા છે. આ સરકારે આંકડાઓની માયાજાળ રચી છે. બાકી જે છોકરાઓ ભણી ગણી અને ૧૦-૧૨ કે ગ્રેજયુએટ થયેલા છે તે હજુ પણ રખડે છે, એમના માટે કોઇ વ્યવસ્થા આ સરકારે નથી કરી. ગરીબ કલ્યાણ મેળા સરકાર દર વખતે યોજે છે. પણ જે મજૂરો અમારા વિસ્તારોમાંથી અને પંચમહાલ અને દાહોદ જિલ્લામાંથી આવતા હશે તે અહીંયા રહે છે એ લોકો બિલ્ડીંગ અને કન્સ્ટ્રકશન સાથે જોડયેલા છે સાહેબ. એના માટે જે કાયદો છે એમાં બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર સેસ એકટ, આ સેસ એકટ પ્રમાણે જે સેસ જમા થાય છે તે લગભગ ૫૦૦ કરોડ રૂપિયા થાય છે. આ સેસની રકમ એમના વેલ્ફેર માટે હોય છે. અને એ રકમ એમના માટે વપરાતી નથી. એમના બાળકોને સ્કોલરશીપ, કોઇ બિમાર પડે તો તેમને માટે અને એમને મકાન બનાવવા માટે આ પૈસા વપરાવા જોઇએ. મારી વિનંતી છે નાણામંત્રીશ્રીને કે તપાસ કરે કે આ પૈસા કયાં પડયા છે અને કેમ વપરાતા નથી, તેનો યુઝ ફકત ૧.૫ ટકા જેટલો જ થયો છે એટલે આપ તેની તપાસ કરી અને આ લોકો જે મજૂરી કરે છે એમને આ સહાય મળે તો મને એમ લાગે છે કે ખૂબ આનંદ થશે. ગેસની થોડી વાત કરી લઉં, હમણા કેન્દ્ર સરકાર અન્યાય કરે છે એમ કહે છે. પણ સૌથી વધુ ગેસ ગુજરાતને મળે છે. અને એમાંયે હમણાં સૌરભભાઇ નીકળી ગયા, ગેસ પર વધુમાં વધુ વેટ લેવાતો હોય તો ગુજરાતમાં લેવાય છે. કે.જી. બેઝીનમાં જે ગેસ મળવો જોઇતો હતો એમાં જીયોગ્લોબલ જે કંપનીઓ હતી તે બધા જતા રહ્યા અને ૧,૭૭,૧૪૦૦૦ જેટલો ગોટાળો થયો છે.....

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. હવે વિરામનો સમય થયો છે.

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૩-૧૪ના વર્ષ માટેનું સંપૂર્ણ વિકાસલક્ષી અને એક આદર્શ અંદાજપત્ર લઇને આવ્યા છે એને મારું પૂરેપૂરું અનુમોદન આપું છું અને એના અનુસંધાને મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

આ વખતની ચૂંટણીમાં ઘણા નવા ધારાસભ્યો આવ્યા છે એ પૈકીનો હું એક છું કે પ્રથમવાર ગૃહમાં વાત કરવા ઉભો થયો છું. લર્નિંગ લાયસન્સ ડ્રાઇવર પાસે હોય અને બ્રેક અને એકસીલેટરમાં ભૂલ થાય એવી રીતે કદાચ બ્રેક એકસીલેટરમાં ભૂલ થાય તો નજર અંદાજ કરવા વિનંતી છે.

આગળ વાત કરું તો હું એમ.બી.બી.એસ. થયા પછી છેલ્લા ૩૫ વર્ષથી બોટાદ ખાતે મેડીકલ પ્રેકટીસ કરી રહ્યો છું. આરોગ્ય ક્ષેત્રે ૩૫ વર્ષનો મારો અનુભવ છે. એના અનુસંધાને હું વાત કરું તો આ દુનિયામાં સૌથી લાચાર વ્યકિત કોણ? સૌથી બાપડો કહેવાય જે ગરીબડો, એ વ્યકિત કોણ તો હું ચોક્કસ મારા અનુભવના આધારે કહીં શકું કે ધનનો ગરીબ એ બાપડો બિચારો ન હોય, શિક્ષણથી વંચિત હોય એ પણ બિચારો કે બાપડો ન હોય, સામાજીક પછાત હોય એ પણ ન હોય પણ જે આરોગ્યથી વંચિત હોય તંદુરસ્તીની તકલીફ હોય એ માણસ દુનિયામાં સૌથી લાચાર હોય. દરદી બહાર સિંહ જેવો હોય પણ દવાખાને શિયાળ બની જતાં મેં જોયા છે. બહાર વાઘ પણ દવાખાને આવતા બકરી બની જતાં પણ મેં જોયા છે. ગમે તેમ કરીને ડોકટરને પગે લાગતા હોય કે અમને આમાંથી છોડાવો અને અમને તરત રાહત આપો. એટલે આરોગ્ય છે એ સૌથી અગત્યની વસ્તુ છે. પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવત આપણે જાણીએ છીએ, વેસ્ટર્ન કલ્ચરમાં હેલ્થ ઇઝ વેલ્થ કહેવાય છે. વેદોમાં પણ સર્વે સુખીના ભવન્તું, સર્વે સન્તું નિરામયા. એટલે ટૂંકમાં આરોગ્યનું મહત્વ સૌથી વિશેષ છે. દરેકની પ્રાયોરિટીમાં આરોગ્ય હોવું જોઇએ એના અનુસંધાને માનનીય નાણામંત્રીશ્રીએ માનનીય મુખ્યમંત્રીશ્રીના વિચારો પ્રમાણે આરોગ્યમાં જે જોગવાઇ કરી છે એ પ્લાન અને નોન પ્લાન ભેગા કરીએ તો સાડા પાંચ હજાર કરોડ કરતાં પણ વધારે છે. આ આંકડો આ બાજુના સાથીઓ બેઠા છે એ પણ સાંભળે. સામાન્ય સેવામાંથી છૂટી પડેલી આરોગ્યની હું વાત કરું છું. ગયા વર્ષ કરતાં સવાઇ જોગવાઇ કરવામાં આવી છે.

આરોગ્યની યોજના વાઇઝ વાત કરું તો સૌ પ્રથમ મુખ્યમંત્રી અમૃતમ યોજના, મા નામથી જે પ્રખ્યાત છે. આપણે જાણીએ છીએ કે મા કયારે યાદ આવે, સોય વાગે, કાંટો વાગે કે જરાક પીડા ઉભી થાય તો આપણે ઓય મા ઓય મા બોલીએ છીએ, એ મા યાદ કરીએ ત્યારે આ માનનીય મુખ્યમંત્રીશ્રીની અમૃતમ યોજના છે એ ગુજરાત સરકાર રૂપી એ વખતે તમને મદદરૂપ થવા આવવાની છે. આ બહુ જ સરસ યોજના છે, આ યોજના અંતર્ગત બી.પી.એલ. કાર્ડ ધારક પાંચ વ્યકિતના કુટુંબને વાર્ષિક બે લાખ સુધીની સહાય આપવામાં આવે છે અને આને અંતર્ગત મુખ્ય રોગો હૃદયને લગતા, કીડનીને લગતા કેન્સર, મગજને લગતા રોગો, બર્નર્સ એટલે ગંભીર રીતે દાઝેલા વ્યકિત, ટ્રોમા એટલે અકસ્માત કે વાગેલો વ્યકિત, ન્યુ બોર્ન ચાઇલ્ડ એટલે નવજાત શિશુની ગંભીર બીમારી આ પાંચ રોગો માટેની યોજના છે અને વાર્ષિક બે લાખથી ઓછી આવક હોય એને માટે એક વધારાની જોગવાઇ કરી છે. પેલા માટે ૭૦ કરોડની જોગવાઇ અને વધારાના ૧૨ કરોડ વાર્ષિક ૨,૦૦,૦૦૦થી ઓછી આવકવાળા માટે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મહત્વાકાંક્ષી અને ચમત્કારિક યોજના ૧૦૮ એમ્બ્યુલન્સ. કટોકટીમાં આપણને તરત જ ભગવાન યાદ આવતા હોય ત્યારે આપણે પ્રાર્થના માટે હાથમાં માળા પકડીએ. આ તમને ૧૦૮ નંબર યાદ રહે એટલે વાત કરું છું કે માળા ૧૦૮ મણકાની હોય અને જયારે આપણે ગુજરાતમાં મોબાઇલ હાથમાં પકડી અને ૧૦૮ નંબર દબાવો એટલે દેવદૂતરૂપી વાહનરૂપી ભગવાન હાજર થઇ જશે અને ગણતરીની મિનિટોમાં તમને દવાખાને પહોંચાડશે. એટલે આ એક ચમત્કારિક યોજના છે. સાડા પાંચ વર્ષથી આ યોજના ચાલુ છે. તેમાં ૩૨ લાખ ઇમરજન્સી એટેન્ડ કરેલી છે. સવા બે લાખ મનુષ્યજીવો બચાવ્યા છે. ૧૦ લાખ જેટલી પ્રસૂતિઓ માટેની ઇમરજન્સી એટેન્ડ કરેલી છે અને હાર્ટ એટેકના કેસ માટે ખાસ કહું તો એમાં સમયની કટોકટી હોય છે. હાર્ટ એટેક જયારે આવે, હૃદયને લોહી પૂરું પાડતી નળીઓ જયારે બ્લોક થાય ત્યારે હૃદયનો હુમલો આવે અને એ નળી જો વધુ સમય બ્લોક રહે તો હૃદયની દિવાલને કાયમી નુકસાન થતું હોય છે. એટલે પહેલી કલાકની અંદર જો કાર્ડિયાર્ક હોસ્પિટલે પહોંચે તો એ જે પહેલો કલાક છે તેને અમારી ડોકટરોની ઇમરજન્સી ભાષામાં 'ગોલ્ડન અવર' કહેવાય. એવી ઘણી વ્યકિતઓને ગોલ્ડન અવરમાં–એક કલાકમાં દવાખાને પહોંચાડ્યા છે. ફકત હૃદયરોગના હુમલાથી બચ્યા એવું નહીં પણ એના

હૃદયની દિવાલો પણ સલામત, જેથી હૃદય છે એ ભવિષ્યમાં પૂરેપૂરી ક્ષમતાથી કાર્યક્ષમ રહી શકે એ પણ એક અગત્યની સારવાર ગણી શકાય. અત્યારે પ્રતિદિન હાલમાં પણ ૨૦૦૦થી ૨૨૦૦ કરતા વધુ ઇમરજન્સીને દરરોજ આ વાહન દ્વારા પ્રતિસાદ મળ્યો છે. આ સેવાની કાર્યસાધકતા અને ચોકસાઇના લીધે ડો. સી.કે. પ્રહલાદ, હાવર્ડ બીઝનેસ રીવ્યુમાં એમણે આના માટેનું એક સ્પેશિયલ બિરુદ આપ્યું છે કે ગાંધીજીના સિદ્ધાંતોનું નવીનીકરણ એ આ એમ્બ્યુલન્સ દ્વારા કરવામાં આવે છે. એવું જ એક પિરામલ ફન્ડેશન અને આઇ.આઇ.એમ. અમદાવાદ દ્વારા આ યોજનામાં ભારતમાં આરોગ્ય સારવારની લોકશાહી બનાવવા બદલ પણ એવોર્ડ આપવામાં આવ્યો છે. આના માટે આ બજેટમાં ૭૮ કરોડ નવી ૧૦૦ એમ્બ્યુલન્સ માટેની જોગવાઇ કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી એક યોજના ચિરંજીવી યોજના. તેની સાથે સાથે બાલ–સખા યોજના અને શિશુ–જનની સુરક્ષા કાર્યક્રમ. આ ત્રણે સંકલિત હોય, એક બીજાને લાગે વળગે એટલે એ રીતે ભેગું નામ આપ્યું છે. ચિરંજીવી યોજના માટે બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબની સગર્ભા માતાઓની પ્રસૂતિ વિના મૂલ્યે કરાવવામાં આવે છે. એમાં નોર્મલ ડીલીવરી હોય તો પણ ભલે, કોમ્પ્લીકેટેડ ડીલીવરી હોય, ફોર્સેપની ઘણીવાર જરૂર પડે તો એ પણ કરવામાં આવે છે. સિઝેરિયનની જરૂર પડે તો તેના માટે પણ ફ્રી સારવાર આપવામાં આવે છે. બાલ–સખા યોજના– ચિરંજીવી યોજના બન્ને ૬૬ કરોડની યોજના મંજૂર કરેલી છે અને શિશુ–જનની સુરક્ષા માટે ચાર કરોડની યોજના મંજૂર કરવામાં આવી છે. આ વિવિધ પ્રકારની યોજનાઓ એટલી બધી છે કે વાંચીએ તો વાંચવાવાળા થાકે. સાંભળવાવાળા થાકે. સરકારે એટલી બધી યોજના બનાવી છે ત્યારે આ યોજનાનું અમલીકરણ એટલું બધું અઘરું હોય એ જરા વિચારવા જેવો, કલ્પનાનો વિષય છે. મુખ્યમંત્રીશ્રી આ કામ કઇ રીતે કરી શકે, આ બધા ગરીબ દર્દીઓના આશીર્વાદથી જ એમને આ શકિત મળે છે અને એના માટે આટલી કાર્યક્ષમ વ્યકિત બની શકયા છે. એટલે આ અમલીકરણમાં એક વાત કહું કે–

“ સફળતા હથેળીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઇમારત એના નકશામાં નથી હોતી. ”

એના માટે પરિશ્રમ કરવો પડે છે. એટલે એક વાત કહી મારી વાત પૂરી કરું છું. ઘણા વર્ષો પહેલાં કવિ નર્મદે ‘ જય જય ગરવી ગુજરાત’ કવિતા લખેલી. અત્યારે આપણાં સી.એમ. સાહેબે ગુજરાતને દેશ અને દુનિયાના નકશામાં અગત્યનું સ્થાન આપી ‘ ગરવી ’ ગુજરાત બનાવી છે. એવી જ રીતે આરોગ્યલક્ષી યોજનાઓ થકી ગુજરાતને ‘નરવી’ ગુજરાત પણ બનાવી છે અને ત્રીજું, ૨૦–૧૨–૧૨ના રોજ વિપક્ષોને ગુજરાતમાંથી સાચું સ્થાન બતાવીને પાર્ટીથી ‘નવરી’ ગુજરાત બનાવી છે ત્યારે સી.એમ. સાહેબને લાખ લાખ અભિનંદન. છેલ્લે સર્વાંગી વિકાસના કામોમાં “લોકસેવામાં કયારેય મોદી સરકાર મોળી ન હોય, મોદી સરકાર લોકસેવામાં કયારેય મોડી ન હોય.” આ સૂત્ર સાથે અંદાજપત્રને અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જ્યારે વર્ષ ૨૦૧૩–૧૪નું અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ અને રાષ્ટ્રીય વચનબદ્ધતાને અનુલક્ષીને રાજ્યની અંદર સર્વ શિક્ષા અભિયાનનો કાર્યક્રમ વર્ષ ૨૦૦૧–૦૨થી અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાનની અમલવારી અને સંચાલન રાજ્ય સ્તરની નોંધાયેલ સ્વતંત્ર સંસ્થા ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ જીસીઇઇ દ્વારા કરવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે ચોક્કસ સમય રેખાનો કાર્યક્રમ એના દ્વારા નક્કી કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ પૂરું પાડવું એ પણ નક્કી કરવામાં આવ્યું છે. એ જ રીતે પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટે તક પૂરી પાડવી એ પણ એની અંદર નક્કી કરવામાં આવ્યું છે. પ્રારંભિક શિક્ષણને લગતી સંસ્થાઓના વહીવટ અને વ્યવસ્થાપન ક્ષેત્રમાં પાયાના સ્તરે કાર્યરત સંસ્થાઓ ગ્રામ્ય શિક્ષણ સમિતિ સ્વતંત્ર સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવા માટે, પ્રોત્સાહિત કરવા માટે આ કાર્યક્રમની અંદર નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે રાજયની

અંદર આની સાથે સાથે રાજ્યના મુખ્યમંત્રી, રાજય મંત્રી મંડળના મંત્રીઓ અને સાથી ધારાસભ્યો તથા વહીવટી તંત્રના તમામ કર્મચારીઓ દ્વારા સમગ્ર રાજયની અંદર શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું અને શાળા પ્રવેશોત્સવની અંદર આપણે ભૂતકાળની અંદર જોયું છે. જ્યારે ભૂતકાળની અંદર સ્કૂલની અંદર બાળકોને દાખલ કરવામાં આવતા હતા ત્યારે એ સ્કૂલની અંદર ઘેરથી રડતું રડતું બાળક મમ્મી, પપ્પા કે ભાઇની સાથે જતું હોય, એને દાખલ કરવા જતા હોય ત્યારે એક હાથ પકડીને આવતા હતા અને બાળક રડતું રડતું એ સ્કૂલની અંદર હાજર થતું હતું, એ બધું જ આપણે જોયું છે. આ શાળા પ્રવેશોત્સવના કારણે રાજયના મુખ્યમંત્રી હોય, મંત્રીઓ હોય, ધારાસભ્ય હોય, તે વિસ્તારના આગેવાન હોય કે આઇએએસ કક્ષાના અધિકારી હોય એમની ઉપસ્થિતિમાં એક સરસ મજાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે અને એ કાર્યક્રમની અંદર શાળાની અંદર એ બાળકને દાખલ કરવામાં આવતા હોય ત્યારે એને કુમકુમ તિલક કરવામાં આવે, મીઠું મોંઢું કરાવવામાં આવે છે અને બાળક ખેલતું કૂદતું શાળાની અંદર દાખલ થાય છે. બાળકની અંદર ઉત્સાહ, પ્રેમ અને લાગણીના દર્શન થાય છે ત્યારે એમ થતું હોય છે કે, ખરેખર આ સ્કૂલની અંદર આવો સરસ મજાનો કાર્યક્રમ છે.

આ બાળક જ્યારે શાળાની અંદર અભ્યાસ કરીને મોટું થશે ત્યારે એને કોઇ પ્રશ્ન પૂછશે કે, તમારા પ્રાથમિક શિક્ષણના અભ્યાસકાળ દરમિયાનનો તમારો યાદગાર પ્રસંગ ક્યો? ત્યારે એ હસતાં હસતાં કહેશે કે, સ્કૂલની અંદર પ્રથમ વખત મારું નામાંકન થયું ત્યારે મારા કાર્યક્રમની અંદર ધારાસભ્ય ઉપસ્થિત હતા, રાજયના મંત્રીઓ ઉપસ્થિત હતા અને તેથી આ પ્રસંગ મને બરાબર યાદ છે. એ બાળક આ વાતને વાગોળશે, શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમના કારણે સર્વ શિક્ષા અભિયાનના કારણે એના અમલીકરણના કારણે બાળકોના નામાંકનમાં ગણનાપાત્ર વધારો થયો છે. ૨૦૦૩–૦૪ની સરખામણીએ વર્ષ ૨૦૧૧–૧૨માં કુલ નામાંકનમાં ૨૬.૯૪ ટકાનો કન્યાના નામાંકનમાં અને ૨૭.૯૯ ટકાનો વધારો જોવા મળેલ છે. વર્ષ ૨૦૦૫માં ધોરણ ૧ થી ૫ ના બાળકોનો ડ્રોપ આઉટ રેટ ૧૦.૧૬ ટકા હતો જે વર્ષ ૨૦૧૧–૧૨માં ડ્રોપ આઉટ રેશીયો ૨.૦૭ સુધી નીચે આવ્યો છે. એ જ પ્રમાણે ધોરણ ૧ થી ૭ ના બાળકોનો ડ્રોપ આઉટ રેશીયો વર્ષ ૨૦૦૪–૦૫માં ૧૮.૭૯ ટકા હતો જે વર્ષ ૨૦૧૧–૧૨ની અંદર ૭.૫ ટકા સુધી નીચો આવ્યો છે. આમ બાળકોના ડ્રોપ આઉટ રેટમાં નોંધપાત્ર ઘટાડો સિદ્ધ થયો છે. વર્ષ ૨૦૦૩–૦૪માં ધોરણ ૧ થી ૭માં ૧ હજાર કુમારોએ ૮૪૫ કન્યાઓનું નામાંકિત થતું હતું જે વર્ષ ૨૦૧૧–૧૨ની અંદર ૮૭૯એ પહોંચાડવામાં આવ્યું છે. એ જ રીતે વર્ષ ૨૦૦૩–૦૪માં કુમારોમાં જી.આર. ૯૬.૬૨ ટકા હતો જે વર્ષ ૨૦૧૧–૧૨ની અંદર ૧૦૫.૦૮ ટકા થયો. જે લગભગ ૮.૪૬નો સુધારો દર્શાવે છે. વર્ષ ૨૦૦૩–૦૪માં કન્યાઓનો જી.આર. ૯૪.૩૮ ટકા હતો જે વર્ષ ૨૦૧૧–૧૨ની અંદર ૧૦૪.૨૦ ટકા થયો અને જેના પરિણામે ૯.૮૨ ટકાનો સુધારો જોવા મળ્યો છે.

આ જ રીતે ગુણોત્સવનો કાર્યક્રમ સમગ્ર રાજયની અંદર અમલ કરવામાં આવ્યો જેના પરિણામે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષક અને વિદ્યાર્થીની શૈક્ષણિક સજ્જતા અને ક્ષમતા ચકાસવા માટે શાળાનું શૈક્ષણિક સ્તર નક્કી કરવા અને શિક્ષકોને વર્ગખંડ પ્રક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન આપવા માટે વર્ષ ૨૦૦૯–૧૦માં ગુણોત્સવનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો અને આ કાર્યક્રમની અંદર પ્રથમ તબક્કાની અંદર સ્વ મૂલ્યાંકન દ્વારા સમગ્ર રાજયની તમામ પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક તેમજ બૌદ્ધિક ક્ષમતાની ચકાસણી કરવામાં આવી. ત્યાર બાદ દ્વિતિય તબક્કાની અંદર રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને આઇ.એ.એસ. કક્ષાના ઉચ્ચ અધિકારીઓ દરેક શાળાની અંદર જઇ અને લગભગ ૨૫ ટકા જેટલી શાળાની અંદર આ ઉચ્ચ અધિકારી અને પદાધિકારીની ઉપસ્થિતિની અંદર આ ગુણોત્સવનો કાર્યક્રમ કરવામાં આવ્યો અને જેના પરિણામે આખો દિવસ પ્રત્યક્ષ રીતે શાળાની અંદર રોકાઇ અને શૈક્ષિણક, બૌદ્ધિક મૂલ્યાંકન કરવામાં આવ્યું અને ચાલુ વર્ષે પણ બે તબક્કાની અંદર ધોરણ ૨ થી ૮ બધા જ ધોરણો, વર્ગો અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે અને વિશેષમાં ધોરણ ૨ થી પને માટે લેખન, વાંચન, ગણિત અને પર્યાવરણ તથા ધોરણ ૬ થી ૮ માટે ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન વાંચન, લેખન અને અંગ્રેજી વિષય જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાથે સાથે આ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાલુકાને બ્લોક કક્ષાએ અને શાળા જૂથ ક્લસ્ટર કક્ષાએ બી.આર.સી. સી.આર.સી. ભવનો મુખ્ય શિક્ષક ખંડ તેમજ પ્રાથમિક શાળાઓ અને ટોયલેટ બ્લોક્સ, પીવાના પાણીની વ્યવસ્થા અને સાથે સાથે કમ્પાઉન્ડ હોલ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. સાથે વર્ગખંડ ૧૪૯૮૯ મંજૂર કરવામાં આવ્યા. હેડમાસ્તર રૂમ ૧૫૯૭ મંજૂર કરવામાં આવ્યા. ટોયલેટ બ્લોકસ ૯૬૧ મંજૂર કરવામાં આવ્યા. કમ્પાઉન્ડ વોલ ૨૧૬૨ મંજૂર કરવામાં આવી. અને શાળા મરામતની અંદર ૧૨૮૧ જેટલા કામો મંજૂર કરવામાં આવ્યા. રાજયની અંદર આવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટું કામ થયું છે. ભૂતકાળમાં ૧૯૯૫માં હું જયારે પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો ત્યારે .. ( સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : માનનીય બાવકુભાઇ.. ..

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં પાના નં. ૧૩ ઉપર ભાગ-ક માં જે વિગતો મૂકી છે એના તરફ ધ્યાન દોરતાં જણાવું કે પોષણનું સ્તર સુધારવા ૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને આંગણવાડીમાં આવતા ઓછા પોષણવાળા બાળકો માટે ૭૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે ત્યારે મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આ રાજ્યમાં ૫૭ ટકા બાળકો કુપોષણથી પીડાતા હોય, એમાં આદિવાસી વિસ્તારની ટકાવારી ૭૯ ટકાની હોય ત્યારે આ રાજ્યમાં આપણે વિકાસની વાતો કરીએ છીએ પણ હાઇ-રાઇઝ બિલ્ડીંગો, મોલો અને ટોકિઝો થાય એટલે આ રાજ્યનો વિકાસ થઇ ગયો? આ રાજયમાં આ સન્માનનીય ગૃહમાં બેઠેલા ૧૭૯ સભ્યો માટેનો આ અતિ ગંભીર પ્રશ્ન છે. આપણે બધાને ચિંતા હોવી જોઇએ કે રાજ્યના ૫૭ ટકા બાળકોને કુપોષણથી મુક્ત કરવા માટે આટલી રકમ ખૂબ ઓછી છે અને એ વધારવી જોઇએ એવી મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે. સમગ્ર રાજ્યમાં ૦ થી ૬ વર્ષના બાળકોના પોષણનો જે રેશિયો છે એમાં ગુજરાત રાજ્ય ૧૫ મા ક્રમે છે. આ રાજયમાં ગરીબોની જે ટકાવારી છે એ ટકાવારીમાં ઘટાડો કરવા માટે રાજ્ય સરકારે જે કામગીરી કરવી જોઇએ એમાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય ૮મા ક્રમે છે ત્યારે આ ગરીબો માટેની ચિંતા પણ રાજ્ય સરકારે કરવી જોઇએ.

રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી, આરોગ્યની સગવડતા, શિક્ષણની સગવડતા અને રાજ્યની અંદર કુપોષણમુક્ત વ્યવસ્થાઓ થાય ત્યારે એ રાજ્ય વિકાસની વ્યાખ્યામાં આવે. આજે અમરેલી જિલ્લામાં ૧૨-૧૨ દિવસે નર્મદાનું પાણી મળે છે. જ્યારે ઉંડેથી પાણી ખેંચવામાં આવે છે ત્યારે ફ્લોરાઇડવાળું પાણી આવે છે. રાજ્યમાં પાણીની પૂરતી વ્યવસ્થા થતી નથી. આ રાજ્યમાં કેટલા શિક્ષકોની ભરતી કરી એના આંકડા અમારે જાણવા જરૂરી નથી પણ આ રાજ્યમાં કેટલી સ્કૂલોમાં અત્યારે કેટલા શિક્ષકોની ઘટ છે અને આ ઘટના કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડે છે તો રાજ્યના શિક્ષણ માટે પૂરેપૂરા શિક્ષકો ભરવા માટે આગોતરું આયોજન કરવું જોઇએ કે છ મહિના પછી આટલા શિક્ષકો નિવૃત્ત થવાના છે તો અગાઉથી ભરતી લિસ્ટ તૈયાર હોવું જોઇએ અને જેવો શિક્ષક નિવૃત્ત થાય કે તરત જ લિસ્ટમાંથી ઓર્ડર કાઢી નાખવો જોઇએ.

રાજ્યમાં કેટલા પી.એચ.સી., સી.એચ.સી. કે સિવિલ હોસ્પિટલો અને કેટલા દવાખાના છે એના આંકડાની રાજ્યની જનતાને જરૂર નથી. રાજ્યની જનતાને આ દવાખાનામાં પૂરતા ફાર્માસિસ્ટો, પૂરતા ઓપરેશન થિએટરો, જરૂરી દવાઓ અને સૌથી અગત્યના ડોકટરોની કેટલી જગ્યાઓ પૂરતી છે એ આરોગ્ય માટે જરૂરી છે. એવી જ રીતે આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કેવી છે? બે દિવસ પહેલા ઉત્તરપ્રદેશમાં એક આઇ.પી.એસ. અધિકારીનું મૃત્યું થાય ત્યારે ભારતીય જનતા પક્ષ ત્યાં રાષ્ટ્રપતિ શાસનની માગણી કરે. બોપલમાં ૫-૬ દિવસ પહેલા લાખો રૂપિયાની ચોરી થાય અને બીજી વખત લૂંટ અને ચોરી કરવા આવે ત્યારે ત્યાં પોલીસ આવી, પોલીસ આવ્યા પછી પણ આ લૂંટનું કામ ચાલુ રહે. હથિયારધારી પોલીસ હોવા છતાં કોઇએ હવામાં ફાયરિંગ કર્યું નહીં. એનો પીછો પણ કર્યો નહીં અને કાયદો અને વ્યવસ્થામાં ખાલી અમદાવાદ શહેરની વાત કરીએ તો અમદાવાદ શહેરમાં દરરોજના પાંચ બહેનોના ગળામાંથી ચેઇન લૂંટાઇ જાય છે. દરરોજની પાંચ ઘરફોડ ચોરીઓ થાય છે. દર ૩-૪ દિવસે એક આંગડિયાની લૂંટ થાય છે. હવે તો અમદાવાદની અંદર જ્યારે બહેનો મોટરસાઇકલ ઉપર નીકળે છે ત્યારે ચેઇન પહેરતાં બંધ થઇ ગયા કાં તો

બગસરાની ચેઇન પહેરતાં થઇ ગયા છે. આવી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે ત્યારે આ રાજ્ય સબ સલામતની વાત થાય. રાજ્યના વિકાસની વાત થાય. સમગ્ર ભારત દેશની અંદર પ્રદૂષિત શહેરોમાં વાપી, અંકલેશ્વર, વટવા એમાં નંબર વન ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય રાજ્ય સરકારશ્રી દ્વારા સ્ત્રીભૃણ હત્યા અટકાવવાની ખૂબ મોટી મોટી વાતો, ખૂબ જાહેરાતો, ખૂબ કામગીરી થઇ પણ સમગ્ર ભારત દેશમાં નવી દિલ્હી, કેરળ, મહારાષ્ટ્ર, આસામ, અરૂણાચલ પ્રદેશ, હરિયાણા, આંધ્રપ્રદેશ, હિમાચલપ્રદેશ, રાજસ્થાન આ બધા રાજ્યોની અંદર આ દીકરીઓના જન્મનો જે રેશિયો એ વધ્યો છે ત્યારે ગુજરાતની અંદર ૩% માયનસ ગયો છે. કારણ કે, રાજ્ય સરકાર  સ્ત્રીભૃણ હત્યા અટકાવવા માટેના જે કાયદાઓ છે એની પૂરેપૂરી કાળજી રાખતી નથી, એના માટે પૂરેપૂરી જવાબદારી રાજ્ય સરકાર નીભાવતી નથી. એટલે આજે પરિસ્થિતિ એવી થઇ છે કે આજથી ૩૦ વર્ષ પહેલા અમારા વિસ્તારમાં કદાચ કોઇ ૨૦ વર્ષનો વાંઢો હોય તો આખું ગામ વાત કરે કે આના ઘરે છોકરો વાંઢો. હવે અત્યારે ૩ ખટારા ભરાય એટલા વાંઢાને કયાંય દીકરી મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પટાવાળાની નોકરી કરતા હોય ત્યારે દીકરી મળે પણ ૧૦૦ વીઘાના ખેડૂત ખાતેદારને દીકરી મળતી નથી ત્યારે આ સ્ત્રીભૃણ હત્યાના અટકાવવાના કાયદાની કડક અમલવારી આ રાજ્ય સરકાર પૂરી કરી શકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શિક્ષણની વાત થઇ. સાક્ષરતા અભિયાનની વાત થઇ, ઉત્સવોની વાત થાય છે ત્યારે આજની તારીખે ભારતમાં ગુજરાત સાક્ષરતામાં ૧૭માં ક્રમે છે.  અહીંયા મોટા રોકાણોની વાતો થઇ. (અંતરાય) ખોટા આંકડા હોય તો મારી પાસે પુરાવા છે, તમને આપીશ, રેકર્ડ ઉપર મૂકીશ. અહીંયા વાયબ્રન્ટમાં દુનિયામાંથી ખૂબ પૈસા આવ્યાં છે, રાજ્યની અંદર બહુ રોકાણ થાય છે ત્યારે ફોરેનમાંથી જે રોકાણો આવ્યાં છે. મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, તમિલનાડુ આ લોકોએ કોઇ વાયબ્રન્ટ નથી કર્યા છતાં આ ચારે–ચાર રાજ્યો ગુજરાત કરતા આગળ છે અને એવી જ રીતે ગરીબ માણસોની ચિંતા કરવા માટે જ્યારે કેન્દ્ર સરકારે નરેગાની યોજના કરી ત્યારે નરેગાની યોજનામાં એમને જે રૂપિયા ચૂકવવામાં આવે છે એમાં ૧૪માં ક્રમે એટલે કે જે ૧૨૧ રૂપિયા આપે છે. ગુજરાતમાં ગરીબોની આવી હાલત છે ત્યારે મારે દેવા વિષે વાત નથી કરવી. કેટલું દેવું થયું? કેમ થયું? પણ હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે તમે આ દેવું જે કર્યુ છે એનું વ્યાજ કેટલું ચૂકવો છો? અને તમે જે ટાટા કંપનીને પૈસા આપ્યાં છે એની પાસેથી તમે કેટલું વ્યાજ લ્યો છો? ૯%ના દરે આપણે પૈસા લઇએ અને .૦૧%ના દરે બીજાને વ્યાજે પૈસા આપીએ. આ કયા પ્રકારનો વહીવટ કહેવાય? કેવા વહીવટ છે આ કેગના રિપોર્ટમાં છે. આ સન્માનનીય સભાગૃહમાં જે કેગનો રિપોર્ટ મુકયો. કેગના રિપોર્ટની અંદર એવું જણાવ્યું છે કે અદાણીને મોંઘા ભાવનો ગેસ લઇને આ સરકાર સસ્તા ભાવે ગેસ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કઇ રીતે આ રાજ્યનો વહીવટ ચાલે છે?

હમણાં બનાસકાંઠાની અંદર જઇને મુખ્યમંત્રી એમ કહે કે મારો ખેડૂત ટમેટાનો સોસ બનાવે, બટાકાની વેફર બનાવે, પાઇપલાઇનના દ્વારા યુરોપ જાશે અને યુરોપથી યુરોના ઢગલા ગુજરાતમાં થશે તો આ સરકાર બટાકા, ટમેટા પકવતા ખેડૂતોની હાલત શું થઇ? રોડ ઉપર બટાકા નાંખી દેવા પડ્યા એના ઉપર બુલડોઝર ફેરવવું પડ્યું. આ રાજયમાં જ્યારે અહીંયા ૧૫ પૈસાની રાજીવ ગાંધીની વાત કરતા હતા. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક જ મુદ્દો, છેલ્લો

અધ્યક્ષશ્રી : પૂરું થઇ ગયું છે તમારું. માનનીય ભૂષણભાઇ. આપને બે મિનિટ પહેલાં જાણ કરી હતી. માનનીય શ્રી ભૂષણભાઇ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ખટારા મોંઢે પુસ્તકો ભાવનગરની કબાડી બજારમાં..

અધ્યક્ષશ્રી : હવે પૂરું થઇ ગયું આપનું. શ્રી ભૂષણભાઇ.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ, જે વર્ષ ૨૦૧૩–૧૪નું ૧,૧૪,૪૫૦/– કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે તેને મારા સમર્થન સાથે સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદાજે છ કરોડની વસ્તી અને એમાં લગભગ પચાસ ટકા વસ્તી જે શહેરી વિસ્તારમાં આજે રહે છે અને શહેરી વિસ્તારમાં રહે છે ત્યારે આપણા રાજયમાં ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૯ નગરપાલિકાઓ હાલમાં અસ્તિત્વમાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ શહેરી વિકાસના વકતવ્યમાં કહ્યું હતું કે, ગામમાંથી શહેર તરફ લોકો આવતા અટકે અને શહેરનો વિકાસ અને ગામનો વિકાસ, સમતોલ વિકાસ થાય એવો વિકાસ આ દસકામાં ગુજરાત રાજયમાં આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનની અંદર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઝડપી અને સારો શહેરીકરણનો જે વિકાસ થયો છે એની વાત કરીએ તો છેલ્લા દસ વર્ષની અંદર જે, ૨૦૦૫ના બજેટની વાત કરીએ તો શહેરી વિકાસનું બજેટ માત્ર ૧૨૭ કરોડ રૂપિયા હતું અને આજે ૨૦૧૩–૧૪નું ૫,૬૭૦ કરોડ રૂપિયાનું એ શહેરી વિકાસ વિભાગનું બજેટ છે. આ જ બતાવે છે કે, દસ વર્ષની અંદર વિકાસ થયો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, વેટની આવકો તો તમારા વખતમાં પણ હતી. માનનીય અધ્યક્ષશ્રી, જે દસ વર્ષના વિકાસની વાત હતી, આ સભાગૃહની અંદર દરેક મારા વિપક્ષના સાથી મિત્રો કહેતા હતા એમ કે, શું દસ વર્ષની પહેલા કે બાર વર્ષ પહેલા ગુજરાત ન હતું ? અનેક લોકોએ એવા સવાલો કર્યા. ગુજરાત એ વખતે પણ હતું પણ મારે એ કહેવું પડે કે, ગુજરાતની અંદર જે શાસનકર્તાઓ હતા એ શાસનકર્તાઓની સાથે સાથે દીકરા કે જમાઇઓ કે વહીવટદાર કે વિભાગો હતા, પણ એ સમયની અંદર આ વિકાસ? માનનીય અધ્યક્ષશ્રી, દસ વર્ષથી માનનીય આદરણીય શ્રી નરેન્દ્રભાઇને ન તો દીકરો છે, ન તો જમાઇ છે. આ વિકાસ એના નામનો છે. (અંતરાય) તમારે કશું કરવાની જરૂર નથી ભાઇ, તમારે સાંભળવાનું જ છે. અને ૨૦૧૪ના નજીકના ભવિષ્યમાં, હમણાં તમને ૨૦મી, ડિસેમ્બરે લોકોએ સંભળાવી દીધું છે, બાકી હશે તો ૨૦૧૪માં પણ સંભળાવી દેવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૦૦૬ અને ૨૦૦૭ની અંદર આ રાજયના વિકાસ માટે થઇને શહેરી વિકાસ વર્ષની ઉજવણી થઇ અને શહેરની અંદર કે ગામની અંદર, નગરપાલિકાની અંદર ભૂગર્ભ ગટર યોજના હોય, પાણીની સુવિધા પૂરી પાડવાની હોય, જળ શુદ્ધિકરણ હોય, એ ગામ કે શહેરની અંદર બાગ–બગીચા હોય, ફુવારા હોય, ગૌરવ પથ યોજના હોય, સેન્ટ્રલ વર્જ હોય, રસ્તા હોય, મૉડેલ રોડ હોય, આવી કલ્પના ભૂતકાળમાં કોઇ શાસનકર્તાઓને આવી ન હતી. એ આ દસકામાં રાજયના વિકાસની અંદર શહેરી વિકાસ વિભાગને આવી અને જેના પરિણામે દસ વર્ષનો વિકાસ આજે આપણે જોઇ શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે દસ વર્ષના વિકાસની વાત કરી મેં તમને, અનેક બાબતો જેની વાત કરી. હું અમદાવાદ શહેરમાંથી આવું છું, કાંકરીયાની વાત અગાઉ થઇ ગઇ છે એટલે ફરી પુનરોક્તિ નથી કરતો. કાંકરીયા પહેલાં પણ હતું અને આજે પણ છે. દસ વર્ષ પહેલાનું કાંકરીયા અને આજનું કાંકરીયા. એ જ કાંકરીયાના વિકાસ માટે કયા કયા લોકો, વિકાસમાં વિરોધ કરનારા લોકો કોણ હતા ? જરા તપાસ તો કરો. દરવાજા ખુલ્લા અને ખાળે ડૂચા.પેટ્રોલ, ગેસ, ડીઝલના ભાવ વધે એમાં બૂમો ના પડે. ૫ રૂપિયાની અટલ એક્સપ્રેસની ટિકિટ લેવામાં વધારો કરે કે કાંકરિયામાં ૫ રૂપિયા એન્ટ્રી ફી રાખો તો એમાં વિરોધ દેખાય. એમાં તમને દેખાવો કરવાનું સૂઝે. આ જ કાંકરિયાએ છેલ્લાં ૩ વર્ષની અંદર કાંકરિયા કાર્નિવલના માધ્યમથી કાંકરિયાને દેશ અને દુનિયાનું એક અનોખું કાર્નીવલ બનાવ્યું છે. ૨૫ ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી આ કાર્નીવલ છેલ્લાં ૪ વર્ષથી અમદાવાદ શહેરમાં ઉજવાય અને એમાં ૨૫ થી ૪૦ લાખ લોકો એની મુલાકાત લેતા થયા છે. આ કાંકરિયાની વાતની સાથે સાથે તમને વાત કહું આખા દેશની અંદર બી.આર.ટી.એસ. એટલે બસ રેપિડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમ, જનમાર્ગની સુવિધા આખા દેશમાં ફેઇલ ગઇ હોય. પૂનામાં ફેઇલ ગઇ, દિલ્હીમાં ફેઇલ ગઇ હોય, પણ અમદાવાદમાં આ જનમાર્ગ સુવિધા અમદાવાદ, રાજકોટ, સુરતમાં શરૂ કરી હોય અને એ સુવિધા આજે સક્સેસ ગઇ હોય અને એક લાખ લોકો બસ સિસ્ટમનો લાભ લે છે. એની અંદર આદરણીય વડાપ્રધાનના હાથે બેસ્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમનો એવોર્ડ મળે. એ અમારા વડાપ્રધાન નહિ, પણ તમારા વડાપ્રધાન. આ દેશના વડાપ્રધાનના હાથે આ દેશના શહેરી વિકાસ મંત્રીના હાથે એવોર્ડ મળે એ સ્વીકારી શકે?(અંતરાય) તમને આ બધુ નહિ દેખાય.

બી.આર.ટી.એસ.ની સાથે સાથે સાબરમતી રિવર ફ્રન્ટની વાત કરું. દેશની અંદર એશિયાનું પહેલું સાબરમતીનો કિનારો કે જ્યાં દધીચિ ઋષિએ તપસ્યા કરી હતી. આજદિન સુધી કોઇને સાબરમતી નદીનો કિનારો ન દેખાયો. આ સૂકી નદીમાં બે કાંઠે સાબરમતી વહેતી થઇ અને આની અંદર બોટ સર્વિસ, ફેરી સર્વિસ જેવી અનેક સુવિધાઓ આવનારા દિવસોની અંદર શરૂ થશે. આની અંદર પાણી ભરાવાને કારણે એની અંદર હોટલ, ગાર્ડન જેવી અનેક સુવિધાઓ (અંતરાય) પાણી એમને નહિ દેખાય. એ સાબરમતી નદીના કિનારે રિવર ફ્રન્ટને બેસ્ટ એવોર્ડ સાબરમતી રિચાર્જ થવાના કારણે ચારેબાજુએ પાણીના સ્તર ઊંચા આવ્યા. ન દેખાય એટલે કહેવું પડે. એ સાબરમતી રિવર ફ્રન્ટ પૂરી નથી થઇ, તો પણ પહેલો આંતરરાષ્ટ્રીય એવોર્ડ, રાષ્ટ્રીય એવોર્ડ સાબરમતી રિવર ફ્રન્ટને મળ્યા.

મારે એ જ વાત કહેવી હતી કે જે રીતે શહેરોની અંદર વિકાસ થયો છે. જે રીતે વિકાસની વાત છે, એ કોઇને ગમતી નથી. આજે ચર્ચા ચાલી રહી છે, ત્યારે મારે કહેવું પડે આ સભ્ય મિત્રોને આ ગુજરાતનો વિકાસ કેવી રીતે શક્ય બન્યો? એક મુખ્યમંત્રી સૌને સાથે રાખીને, દરેક લોકો માટે થઇને સદ્ભાવના મિશન કરે. સમાજના દરેક લોકોને સાથે રાખીને, દરેક સમાજનો ઉત્કર્ષ થાય, એના કારણે સમાજનો વિકાસ થાય એટલા માટે સૌને સાથે રાખીને ચાલે. જ્યારે એક મુખ્યમંત્રીએ એવું કર્યું સદ્ભાવના ટ્રસ્ટ બનાવી જમીન લીધી. આપણા મુખ્યમંત્રીએ કોઇ ટ્રસ્ટ બનાવી આજદિન સુધી એક વીઘા જમીન નથી લીધી. સદ્ભાવના ટ્રસ્ટના નામે કયા મુખ્યમંત્રીએ લીધી તમે જુઓ. આ વિકાસ કરવાની વાત છે. તમારે એ સ્વીકારવી પડે. આજે જેના પરિણામે વિકાસની વાત કરીએ છીએ, ત્યારે ગુજરાતમાં શહેરી વિકાસ વિભાગને ૫૬ એવોર્ડ મળ્યા હોય. એમાંથી ૨૫ એવોર્ડ અમદાવાદને મળ્યા છે, રાજકોટને મળ્યા છે, સુરતને મળ્યા છે. જામનગરને મળ્યા છે. આ ગુજરાતના શહેરી વિકાસના કારણે ૫૬ કરતા વધારે એવોર્ડ ગુજરાતને મળ્યા છે. મારે કહેવું પડે જે રીતે ગુજરાતનો વિકાસ આ લોકોને દેખાતો નથી. માત્રને માત્ર વિવાદ દેખાય છે. આ વિવાદ દેખનારા લોકોને(અંતરાય) બહાર તો બધાને ખબર પડી ગઇ છે. જેનું પરિણામ લોકોએ આપી દીધું. એક દિવસ એવું બન્યું કે હું પૂલે ઊભો હતો. એક રીક્ષા વાળા ભાઇ આવ્યા. સુરદાસ હતા. સુરદાસ હોવા છતા એને ૫૦૦ રૂપિયાની નોટ આપી અને રીક્ષાવાળાને કહ્યું તારા ૧૦૦ કાપી લે. માનનીય અધ્યક્ષશ્રી, રિક્ષાવાળાને થયું કે આ તો દેખતા નથી. તેને કયાં ખબર પડવાની છે. તેણે કહ્યું કે ૮૦ રૂપિયા થયા લો આ ૨૦ રૂપિયા પાછા. પેલાએ કહ્યું ભાઇ હું ભલે સુરદાસ છું પણ મને ખબર છે કે મેં ૫૦૦ની નોટ આપી છે. કાગળ મારા હાથમાં આવે એટલે મને ખબર પડે છે કે આ ૫૦૦ની નોટ છે. આ સુરદાસોને ગુજરાતનો વિકાસ, પેલા સુરદાસને ૫૦૦ની નોટની ખબર પડી જાય છે પણ ગુજરાતના આ સુરદાસોને વિકાસ નથી દેખાતો.

અધ્યક્ષશ્રી : માનનીય મોતીલાલ વસાવા. આપ બેસો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરદાસોને તેનો મતલબ માનનીય સભ્યશ્રીઓને ઉદ્દેશીને થયો.આ શબ્દો દૂર કરવામાં આવે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : આમાં વ્યક્તિ આધારિત ટીકા ન થાય. જનરલ થાય. માનનીય મોતીલાલ વસાવા.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં ૫૮ હજાર ૫૦૦ કરોડની નિયત જોગવાઇ લઇને જયારે આવ્યા છે ત્યારે તેમને મારું સમર્થન આપું છું. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતમાં સર્વ સમભાવે વિકાસ તેમજ સહભાગી એવા સમગ્ર ગુજરાતના વિકાસના જયારે દર્શન કરાવે છે ત્યારે ખરેખર આ અંદાજપત્રને અભિનંદન આપવા પાત્ર છે. જયારે *(xxxxxx) અને મોંઘવારી અને બેકારી વધારનારું છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાંખો. (xxxxxx) તે શબ્દો કાઢી નાંખીએ છીએ.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : કાઢી નાંખો સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના ઘણા સભ્યો રોજરોજ ક્રમ ગણી બતાવે છે. આ ક્રમ, તે ક્રમ. ગુજરાતની પ્રજાએ નંબર એક આપ્યો છે તેનો તો વિચાર કરો. નંબર એક દૂર કરવા પ્રયત્ન કરો. અંદાજપત્રની અંદર વન વિભાગની ૯૩૦ કરોડ રૂપિયાની નાણા મંત્રીશ્રીએ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યા.

જે જોગવાઇ પર્યાવરણ અને વનોની જાળવણી માટે કરી છે તે ઉપરાંત સામાજિક વનીકરણની અંદર ૧૧૫ કરોડ જેવી માતબર રકમ વનોના વિકાસ માટે જયારે આપી છે ત્યારે આ જોગવાઇથી ૧૮૬૦૦ ગામડાઓની અંદર અને ૧૩૦૦૧ જેટલી ગ્રામ પંચાયતોની અંદર આ વનોનું નિર્માણ થવાનું છે. ગ્રામ પંચાયતોને તેમાંથી જે આવક મળે તેનો ૭૫ ટકા હિસ્સો મળે તેવી પણ જોગવાઇ સરકારશ્રીએ કરી છે. તેની સાથે સાથે ગુજરાતમાં સૌ પ્રથમવાર ડ્રીપ ઈરીગેશનથી વનો ઉછેરવાનો કાર્યક્રમ પણ અમારી સરકારશ્રીએ કર્યો છે. તેની સાથે સાથે રસ્તાઓની બાજુમાં, રેલવે અને કેનાલ જેવી સાઇડમાં વૃક્ષોનું મોટાપાયે વાવેતર કરવાની જોગવાઇ કરવામાં આવી છે. તેની સાથે ગુજરાતની અંદર ઘણી બધી બહેનોએ વન વ્યવસ્થાની અંદર સહભાગી મંડળીઓ બનાવી છે. ૩૨૭૧ જેટલી મહિલા સહભાગી મંડળીઓમાં પાંચ લાખ જેટલી બહેનોએ આ વન અને પર્યાવરણ બચાવવા માટે ગુજરાતમાં પહેલ કરી છે.

આપ પણ જાણો છો અને સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે આ વનનો કાયદો અને વનની અંદર આવતી સેન્કચ્યુરીની અંદર ભારત સરકારની વિશેષ જવાબદારીઓ છે અને તે તેમના તાબામાં હોય છે. કેટલાક સભ્યશ્રીઓએ વાત કરી હતી કે ગીરના સિંહોના રંજાડથી માણસોને હેરાન થવાનું થાય છે, તેના માટેની કોઇ વ્યવસ્થા નથી. એના માટે કોઇ વ્યવસ્થા નથી, ખરેખર સેન્કચ્યુરી જે સરકારની લાગતી હોય એ સરકારની એની અંદર વિશેષ જવાબદારી હોય છે તેમ છતાં પણ ગુજરાત સરકારે ૧૨ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ગીરના સિંહોના અને એ વિસ્તારના વિકાસ માટે જોગવાઇ કરી છે. માનવને રંજાડે અને એનું મૃત્યુ થાય તો પણ સરકારશ્રી દોઢ લાખ રૂપિયા જેટલી સહાય કરે છે, સિંહ જંગલમાંથી ખુલ્લા ભાગમાં ન જાય એના માટે ખેડૂતોએ પોતાના કૂવા હોય, પોતાની વાડી હોય એને ફેન્સીંગ કરવાની પણ વ્યવસ્થા અમારી સરકારશ્રીએ આ અંદાજપત્રમાં કરી છે.

કેટલાક માનનીય સભ્યશ્રીઓએ રોઝના ત્રાસની પણ વાત કરી હતી, આ સરકારે એના માટે પણ જે ખેડૂતોને પોતાના ખેતરના શેઢે આ જંગલી પ્રાણી પોતાના ખેતરમાં ના પ્રવેશે એના માટે પણ જો ફેન્સીંગ કરવું હોય તો, એને તારની વાડ બનાવવી હોય તો પચાસ ટકાની સહાયની વ્યવસ્થા પણ કરી છે. એની સાથે સાથે આ વાઇલ્ડ લાઇફ બોર્ડર તરીકે ત્યાંના સરપંચ અને ખેડૂતોની કમિટી બનાવવામાં આવી છે અને એ લોકો પણ નિર્ણય લઇ શકે છે. એની સાથે સાથે આજે જંગલો ઓછા થતા જાય છે, આજે પર્યાવરણ પણ બગડતું જાય છે, એના માટે પણ જંગલો વધે, પર્યાવરણ જળવાઇ રહે એના માટે ભૂમિ અને એના રક્ષણ માટે સરકારશ્રીએ વ્યવસ્થા કરી છે અને એના માટે લગભગ ૧૫૧૮૨ જેટલા હેકટરની અંદર નવા વન અને એનો વિકાસ કરવા માટેની પણ જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે પ્રકૃત્તિ સાથે વન સાથે જયારે સંસ્કૃત્તિ જોડાયેલી હોય તો આ ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીએ શરૂઆત કરી. પહેલીવાર આ આખા ગુજરાતની અંદર દર વર્ષે એક સાંસ્કૃતિક વન ઉભું કરવામાં આવે છે, આખા ભારત દેશમાં આવું સાંસ્કૃતિક વન કયાંય નથી હોતું. માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવતાં મને આનંદ થાય છે કે, આજે આવા સાંસ્કૃતિક વન ગાંધીનગર ખાતે પુનિત વન, અંબાજી ખાતે માંગલ્ય વન, તારંગા પર્વત ખાતે તીર્થ વન, સોમનાથ ખાતે હરીવન, ચોટીલા ખાતે ભક્તિવન, પાલીતાણા ખાતે પાવન વન અને માધવગઢ ખાતે ગયા વર્ષે ગોવિંદ સ્મૃતિ વન નિર્માણ કર્યું, આ રીતે વનનો વિકાસ આખા રાજયમાં કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણેક ચોર વનમાં ગયા અને વનમાં જઇને એક ઝાડ નીચે બેઠા, એ વનમાં જઇને ઝાડ નીચે એટલા માટે બેઠા કે ચોરી કરીને જે માલ લાવ્યા હતા એને વહેંચવો હતો, ભાગ કરવો હતો, એટલે જે ઝાડ નીચે બેઠા હતા એ ઝાડનું નામ પણ આલા ઝાડ હતું અને એ ઝાડના ફળ પણ આલા લાગેલાં હતાં, પછી એક ચોરની નજર ઉપર ગઇ અને એને જોયું એટલે એ ચોર બોલ્યો, આલા.. આલા.. એવું બોલ્યો, એટલે બાકીના જે બે ચોર હતા એમને એમ લાગ્યું કે કોઇક આવ્યું, એવું લાગવાથી એ ચોર એમનો સામાન મૂકીને ભાગી ગયા, એટલે જે પેલો બોલવાવાળો ચોર હતો એ પણ ભાગી ગયો. એમ આખા ભારત દેશની અંદર માનનીય નરેન્દ્રભાઇ મોદી આલા..આલા.. થઇ ગયા છે અને એટલે આ કોંગ્રેસીઓ પણ ભાગવા માંડ્યા છે, આટલું કહીને હું મારી વાત પૂરી કરું છું.

જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે, એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર એમાંય ખાસ કરીને ઉત્તર ગુજરાતની અંદર ખેડૂત દિવસે દિવસે •(xxxxxx) થતો જાય છે. (અંતરાય) સાહેબ, હું દાખલા સાથે માનનીય નાણામંત્રીશ્રીને વાત કરીશ કે, કોંગ્રેસનું શાસન હતું, માનનીય અમરસિંહભાઇ ચૌધરીએ એ વખતમાં મીટરો કાઢી અને વીજળી એક હોર્સ પાવરે ૩૬૦ રૂપિયે કરી. એના પછી શંકરસિંહ વાઘેલાની સરકાર આવી, એમાં હોર્સપાવર દીઠ ૧૦૦ રૂપિયા ઘટાડ્યા. આપની ભારતીય જનતા પાર્ટીની સરકારે એ વખતે ખેડૂતોને કહેલું કે અમે વીજળી મફત આપીશું, હું ખેડૂત છું, હું જાતે ખેતી કરું છું. પહેલાં સાંભળી લો મને, હું સત્યથી વેગળી વાત નહિ કરું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, કોઇને (xxxxxx) કહેવાય, કોઇને નિર્ભર કહેવાય, કોઇને (xxxxxx) કહેવાય, પણ ખેડૂતને તો જગતનો તાત કહેવાય, અને તમે કોંગ્રેસવાળા ખેડૂતને (xxxxxx) કહો છો આ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા જોઇએ અને પાછા ખેંચવા જોઇએ. (xxxxxx) કહીને ખેડૂત જગતનું અપમાન કરે છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ હું રેકર્ડ પરથી કાઢી નાંખું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : ખેડૂતના પદને નીચું લઇ જવાનો મારો કોઇ આશય નથી. છતાં પણ એ શબ્દો આપને અયોગ્ય લાગતા હોય તો કાઢી નાંખો.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ પણ કાઢી નાંખું છું. આપ ચાલુ રાખો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : ખેડૂતને એ વખતે આપે વચન આપ્યું હતું કે અમે મફત વીજળી આપીશું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એનો જવાબ આપવાની જરૂર નથી. અસંસદિય શબ્દ હોય એ કાઢવાની વાત છે. પછી તમે જવાબ આપજો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : નાણાંમંત્રીશ્રીને મારી વિનંતી છે, અહીંયા વીજળી મંત્રીશ્રી પણ ઉપસ્થિત છે. શંકરસિંહ બાપુની સરકારમાં પણ વીજળી સસ્તી કરી. બી.જે.પી.ની સરકાર આવી, દિવસે દિવસે વીજળી મોંઘી થતી ગઇ છે. હવે મારે દાખલા સાથે કહેવું છે કે, અહીંયા વીજળી મંત્રીશ્રી બીજા રાજ્યનો દાખલો આપે છે. મારી વીજળી મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી છે કે, આંધ્રપ્રદેશમાં જે ધોરણે સરકાર ખેડૂતોને વીજળી આપે છે એ ધોરણે આપ વીજળી આપવા માગો છો,જો ખેડૂતોનું હિત આપના દિલમાં હોય તો. ચાલો આંધ્રની વાત જવા દો. હરિયાણામાં જે ધોરણે ખેડૂતોને વીજળી સરકાર આપે છે એ ધોરણે આપ વીજળી આપવા માગો છો?, ચાલો એ વાત પણ રહેવા દો, પંજાબની અંદર એન.ડી.એ. ની યુતિ સાથે જોડાયેલી પંજાબ સરકાર છે. પંજાબ સરકાર ખેડૂતોને જે ધોરણે વીજળી આપે છે એ ધોરણે ખેડૂતોને વીજળી આપવા માગો છો? જો ખેડૂતોનું હિત આપ જોતા હો તો. બનાસકાંઠા જિલ્લાની અંદર પાણી ઉંડા ગયા, અત્યારે ખેડૂતોને પચ્ચીસ પચ્ચીસ હજાર, ત્રીસ ત્રીસ હજાર રૂપિયાનું પુરવણી બિલ આપવામાં આવે છે કે તમારા હોર્સ પાવર વધી ગયા છે, પાણી ઉંડા ગયા છે. ૧૦ વીઘા જમીન હોય, ૨૦ હોર્સપાવરની મોટર હોય વીજળી મંત્રીશ્રીએ ખેતી કરી છે?, કોઇક ખેતી કરનાર મંત્રી હોય તો એને પૂછો કે ખેતી કેટલી મુશ્કેલીથી થાય છે. મારી આપના મારફતે એટલી વિનંતી છે કે, કપરાં સમયની અંદર ખેડૂતોની ઉપર આ લોડ વધારાના નામે જે મોટા બિલો ઝીંકવામાં આવે છે એ સત્વરે બંધ કરવામાં આવે. સમતુલિત વિકાસની હું વાત કરું. નાણાં મંત્રીશ્રીને મારી વિનંતી છે આપના મારફતે કે, બનાસકાંઠા જિલ્લાનો વિકાસ, મહેસાણા જિલ્લાનો વિકાસ થયો, એના પ્રમાણમાં શૈક્ષણિક ક્ષેત્રે થયો નથી. એમાં આપે ૫૦ ટકા પણ ધ્યાન રાખ્યું હોત તો અમે સંતોષ માન્યો હોત. તમે મોટા ભાઇ છો અમે નાના ભાઇ છીએ. આખા જિલ્લાની અંદર એક જ સાયન્સ કોલેજ આવેલી છે. ગ્રાન્ટેડ કોલેજોનો અભાવ છે. માનનીય મંત્રીશ્રી આપને વિનંતી છે કે, મહેસાણા જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક અને હાયર સેકન્ડરી સ્કૂલો છે એટલી બનાસકાંઠા જિલ્લામાં છે કે નહિ એ જોવાની દરકાર આપે કરી છે? મારી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આપને વિનંતી છે કે, નાનો ભાઇ હોય એને સાથે લઇને ચાલવાની સરકારની જવાબદારી છે જે સમતુલિત વિકાસ થવો જોઇએ એ વિકાસ કરવામાં આપ ઉણાં ઉતર્યા છો. આરોગ્યની વાત કરું, બનાસકાંઠા જિલ્લાની અંદર ફ્લોરાઇડવાળું પાણી મળે છે, જેના કારણે લોકોને ઢીંચણના રોગો વધારેમાં વધારે થાય છે, લોકો ચાલી શકતા નથી. બનાસકાંઠા જિલ્લાની અંદર કેન્સરના રોગોનું પ્રમાણ પણ આખા રાજ્યની સરખામણીમાં વધારે છે એના પછી કિડનીના રોગોનું પ્રમાણ પણ વધારે છે. ટી.બી.નું પ્રમાણ પણ બનાસકાંઠા જિલ્લાની અંદર વધારે છે. આંકડા જોઇ લેજો આપ. મારી વાત ખોટી હોય તો મને સજા કરજો આપ. આરોગ્યની આટલી મોટી તકલીફ અમારા જિલ્લામાં છે. મારી આપને વિનંતી છે કે સિવિલમાં કોઇક અમદાવાદ દવા કરાવવા જાય બે લાખ રૂપિયાથી જો આવક વધારે હોય તો મફત દવા મળતી નથી. આ જમાનાની અંદર બે લાખ કરતાં જે આવકની લિમિટ છે તે પાંચ લાખ કરવામાં આવે તો બનાસકાંઠા જિલ્લાના પછાત વિસ્તારને ખૂબ આશીર્વાદરૂપ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં દાંતીવાડામાં કૃષિ યુનિવર્સિટી જે તે વખતે કોંગ્રેસની સરકારે સ્થાપી. તેના પછી આ કૃષિ યુનિવર્સિટીને મજબૂત કરવાને બદલે જુદી જુદી પ્ર–શાખાઓ ખસેડીને બીજે લઇ જવામાં આવી અને કૃષિ યુનિવર્સિટીનો જે વિકાસ કરવો જોઇએ તે કરવામાં નથી આવતો. આમાં સરકારશ્રી તરફથી ધ્યાન આપવામાં આવતું નથી. પ્રાથમિક શાળાઓની અંદર વ્યાપક પ્રમાણમાં ઘટ. તમે પંચાયતની અંદર જાવ, આજે જ મેં માનનીય પંચાયત મંત્રીશ્રીને વિનંતી કરી છે બનાસકાંઠા જિલ્લાની અંદર ત્રીજા ભાગની તલાટીઓની જગ્યાઓ ખાલી. આવી રીતે એક એક તલાટી પાસે ચારથી પાંચ પંચાયતનો ચાર્જ. એક તલાટી ૫ થી ૧૦ ગામડાંનો ચાર્જ લઇને ફરતા હોય તો એમાં લોકોને શું ન્યાય મળે અને લોકોની કેવી સેવા થઇ કહેવાય? આવા સંજોગોમાં સરકારી તંત્ર ખાડે ગયુ છે.

સહકારી ક્ષેત્રની વાત કરું તો સહકારી ક્ષેત્રની અંદર સરકાર ફક્ત અને ફક્ત સહકારી આગેવાનોને દબાવવાનો પ્રયત્ન કરે છે. અમારો બનાસકાંઠા જિલ્લો પશુપાલન અને ખેતી ઉપર આધારિત છે. માનનીય ખેતી મંત્રીશ્રી ત્યાં પશુપાલન અને ખેતી સિવાય બીજો કોઇ ધંધો નથી કે ઉદ્યોગ નથી. હમણાં હું બનાસ ડેરીની અંદર ચેરમેનને મળવા ગયો એટલે મેં તેને પૂછ્યું કે કેમ જરા વિચારમાં છો ? તો કહ્યું કે હમણાં ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડના એક અધિકારી આવ્યા અને તેમણે કહ્યું કે ડેરી બંધ કરાવી દઇશ. ચેરમેન ફફડી ગયા. મેં કહ્યું કે તમે ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા માણસ છો અને આટલા કેમ ડરી ગયા ? તો એ કહે કે અમને તો તે અધિકારીએ ખૂબ ખખડાવ્યા. એટલે વહીવટી તંત્રની ઉપર સરકારનો જે કંટ્રોલ હોવો જોઇએ તે કંટ્રોલ નથી. તેના પછી હું શિક્ષણની વાત કરું. શિક્ષણની અંદર જે ગ્રાન્ટેડ શાળાઓ અમે માગી છે તે ગ્રાન્ટેડ શાળાઓ અંગે બનાસકાંઠા જિલ્લાની અંદર ભેદભાવ રાખવામાં આવે છે. મહેસાણાની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લાની અંદર ગ્રાન્ટેડ શાળાઓ નથી. રાજસ્થાનની અંદર દોઢ રૂપિયો, પોણા બે રૂપિયા ડિઝલ સસ્તું. આપણે દાખલો આપીએ રાજસ્થાન સરકાર આપણા કરતાં આર્થિક રીતે પછાત છે છતાં ત્યાં પોણા બે રૂપિયે લિટર ડિઝલ સસ્તું નીતિનભાઇ, આપ પોણા બે રૂપિયા એક લિટરે ડિઝલ મોંઘુ વેંચો છો. જો આપના દિલમાં ખેડૂતો પ્રત્યે પ્રેમ અને હેત હોય, ખેડૂતોને મર્દાનગીથી જ આપણે જીવાડવા હોય તો રાજસ્થાનના ધોરણે આપ ડિઝલ અને ખાતર આપો એવી મારી આપને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજસ્થાનની અંદર ખાતર સસ્તુ. એમ.એલ.એ. જે છે તેને તેના વિસ્તારના વિકાસ માટે બે કરોડ રૂપિયા આપે છે. રાજસ્થાન સરકાર આપણા કરતાં આર્થિક રીતે પછાત છતાંય એમ.એલ.એ.ને વિકાસના કામો માટે બે કરોડ આપે છે. શું આપણે બીજા રાજયોના દાખલા આપતાં હોઇએ તો દિલ્હીની અંદર એમ.એલ.એ.ને વિકાસ માટે ચાર કરોડ આપે છે. એમ.એલ.એ. જે વિસ્તારની અંદર જાય અને ૫૦ લાખની અંદર એમ.એલ.એ.શું વિકાસ કરવાનો છે? તો બીજા રાજયોની સરખામણીમાં તમે વિકાસના દાખલા આપો છો તો આ પછાત રાજયો કે જે આપણા કરતાં પછાત છે આપણા કહેવા પ્રમાણે. તો એ રાજયોની સરખામણીમાં આપણે તેમને કેમ અનુસરતા નથી? માનનીય નાણામંત્રીશ્રીને સિંચાઇ ક્ષેત્રે મારે કહેવું છે કે, બનાસકાંઠા જિલ્લો જુદી ભૌગોલિક પરિસ્થિતિમાં વહેંચાયેલો છે. ઉત્તરની અંદર, પૂર્વની અંદર અંબાજીના પર્વતો મધ્ય જે પાલનપુર છે, વડગામ છે, દાંતા , દાંતીવાડા છે, ધાનેરા છે, ડીસા છે ત્યાં નીચે

પથ્થર, પાણી ઉંડુ, ભૂગર્ભમાં પાણી નહીં. પશ્ચિમના વિસ્તારની અંદર નર્મદાની કેનાલો આવી, નહેર આવી પણ તેની જે પ્ર–શાખાઓ છે, કેનાલ આવ્યાને તો પાંચ વર્ષ થયા પણ તેની જે ઉપશાખાઓ છે તે ઉપશાખાઓ બાંધવામાં પણ આ જ શંકરભાઇ હમણાં ગૃહમાં બોલ્યા કે હવે અમે કામ શરૂ કર્યુ છે. દસ વર્ષ સુધી તમે કયાં ઉંઘેલા હતા ? એ વિસ્તારની અંદર જો વહેલી ઉપશાખાઓ થઇ હોત તો જિલ્લાના વિકાસને મદદરૂપ થયા હોત.

અધ્યક્ષશ્રી : બસ, બસ જોઇતાભાઇ આપનું પૂરું થાય છે.

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટની જોગવાઇઓ લઇને આવ્યા છે તેમાં, દેશના અન્ય રાજયોમાં ૪૬૫૩ રૂપિયાનો માથાદીઠ ખર્ચ થાય છે તેની સામે માનનીય મંત્રીશ્રી આ બજેટમાં રૂપિયા ૮૪૪૬ ના માથાદીઠ ખર્ચની જોગવાઇ લઇને આવ્યા છે તેના માટે હું તેમને ટેકો આપવા માટે ઉભો થયો છું.

એક સમય એવો હતો કે આ દેશના પ્રવાસીઓ મહાત્મા ગાંધીનુ ગુજરાત જોવા આવતા હતા. એક સમય એવો આવ્યો કે ત્યાર પછી પ્રવાસીઓ મહાત્મા ગાંધીનું અને સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત જોવા આવવા માંડયા, હવે સમય એવો આવ્યો છે કે મહાત્મા ગાંધીનું, સરદાર વલ્લભભાઇ પટેલનું અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું ગુજરાત જોવા દેશ અને દુનિયાના લોકો આવવા માંડયા છે. એક સમય એવો હતો કે ગુજરાત ટુરીઝમ સેકટરમાં કયાંય પણ જાણીતું નહોતું, પણ દુનિયામાં ગુજરાત એક ટુરીસ્ટ તરીકે ખૂબ જાણીતું હતું. રાજય સરકારની પાછલા બાર વર્ષની સખત મહેનતના પરિણામે ગુજરાતનું ટુરીઝમ સેકટર આજે ૧૬ ટકાના ગ્રોથ પર છે અને દેશનો ગ્રોથ માત્ર ૭ ટકા ઉપર છે. આપણે સવારે જયારે ઉઠીએ છીએ ત્યારે ઘેર ઘેર ટી. વી. ઉપર અમિતાભ બચ્ચન દેખાય છે અને કહે છે ''કુછ દિન તો ગુજારીએ ગુજરાતમેં'' અને તેના પરિણામે ગિરના સિંહો જોવા, સોમનાથ જોવા, મહાત્મા ગાંધીનું પોરબંદર જોવા, કચ્છનું સફેદ રણ જોવા દુનિયાભરના લોકો આવી રહ્યા છે. ગઇકાલ સુધી કચ્છનું સફેદ રણ બિહામણું લાગતું હતું. આજે કચ્છનું સફેદ રણ હિન્દુસ્તાનનું તોરણ બની ગયું છે. આ કચ્છનું સફેદ રણ અમારા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા ત્યાર પછી નથી જન્મ્યુ. પણ એને ઓળખ અને આની દીર્ઘદ્રષ્ટિ પાછલી જે સરકારો રાજ કરી ગઇ તેમને નહોતી, આ કચ્છનું સફેદ રણ દુનિયાને બતાવવાની શકિત એમનામાં નહોતી. આ કચ્છનું સફેદ રણ દુનિયાને દેખાડવાની શકિત અને દ્રષ્ટિ આ રાજય સરકારમાં હતી અને લાખો સહેલાણીઓ આ સફેદ રણમાં આવ્યા, આપને જાણીને આનંદ થશે કે, દુનિયાની ૭ અજાયબીમાંની એક અજાયબી એટલે તાજમહેલ, આ તાજમહેલને ચાંદની રાતમાં જોવા માટે લોકો ઉમટે છે તેનાથી પણ ઘણા વધારે લોકો આ સફેદ રણને ચાંદની રાતમાં જોવા માટે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક મિત્રો આ હાઉસની અંદર ઉત્સવોનો વિરોધ કરતા આવ્યા છે. અમુક લોકોને ઉત્સવોથી ખૂબ જ વિરોધ છે. આપણે પતંગ ઉત્સવની વાત કરીએ તો આ પતંગ ઉત્સવનો વિરોધ કરનારા કેટલાયે લોકો આજે ઘરભેગા થઇ ગયા છે. ભૂતકાળની સરકારો ઉત્સવોને દુનિયાભરના ટુરીસ્ટ સાથે જોડાણ કરી શકી નહોતી. અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પતંગના માધ્યમથી અનેક નાના માણસોને પતંગ બનાવવામાં રોજગારી ઉપલબ્ધ કરાવી અને ૨૦૧૩ ના પતંગ ઉત્સમાં ૫૦ દેશ અને ૧૦ રાજયો જોડાયા, ગુજરાતનો વિકાસ અને પ્રજાની વિકાસધારાને દુનિયા સુધી લઇ ગયા. સાપુતારાની વાત કરું તો હિમગીરી તરીકે, ગીરીમાળા તરીકે ઠંડી હવા ખાવા માટે શહેરીજનો આવે તેના માટે ભૂતકાળમાં અનેક પ્રયત્નો થયા, અનેક ચર્ચાઓ પણ આ હાઉસમાં થયેલી છે. પણ માત્ર કાગળ ઉપર રહી ગઇ હતી. સાપુતારાને આબુની જેમ વિકસાવવાના સપના અમારા વનવાસી મિત્રોને બતાવવામાં આવેલા હતા. એ સાપુતારાની વાત કરીએ તો આ સદીના મહાનાયક અમિતાભ બચ્ચન ગામે ગામ અને દુનિયાભરમાં ફરી અને એમ કહે છે કે ગુજરાતકી આંખોકા તારા સાપુતારા, અને અનેક વનવાસી યુવા ભાઇઓને આ ટુરીઝમના માધ્યમથી રોજગારી પ્રાપ્ત થઇ રહી છે. દુનિયાના એડવેન્ચર ગેઇમો ચાલુ કરવામાં આવ્યા જેનાથી અનેક વનવાસી ભાઇઓને એના માધ્યમથી મોટી રોજગારી પ્રાપ્ત થઇ.

આપણે નવરાત્રી ઉત્સવની વાત કરીએ, મા અંબેના ગરબા એ ગુજરાતની ઓળખ છે, મને દુઃખ થાય છે કે મા અંબેના ગરબાનો ધામધૂમથી ઉત્સવ કરીએ એનો હાઉસના અમુક લોકો વિરોધ કરે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિચાર્યું કે આ અજોડ તહેવાર જે ગુજરાતની ઓળખ છે એને દુનિયા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો. દેશ અને દુનિયામાંથી મોટી સંખ્યામાં લોકો ગુજરાતના ગરબા ઉત્સવમાં જોડાયા, આ માધ્યમથી ગુજરાતનું કલ્ચર, હેન્ડીક્રાફ્ટ, આર્ટીસ્ટ, ટ્રાન્સપોર્ટ અને હોટલ ઉદ્યોગને મોટો ફાયદો થયો.

હમણાં સાબરમતી રીવર ફ્રન્ટની ભૂષણભાઇએ વાત કરી. સાબરમતી રીવર ફ્રન્ટ દુનિયાના સૌથી વધારે ઇનોવેટીવ પ્રોજેક્ટમાંથી એક પ્રોજેક્ટ છે. આ ગુજરાત સરકાર નથી કહેતી, દુનિયાની લીડીંગ એડવાઇઝરી કંપની કે.પી. એમ.જી. કહે છે. આ પ્રોજેક્ટને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. હુડકોનો નેશનલ એવોર્ડ અને એમના જ પ્રધાનમંત્રી, Prime Minister Award for innovative infrastructure development and design for a public project " હમણાંજ બે દિવસ પહેલા એક સભ્યશ્રીએ વાત કરેલી હતી કે આ લોકોને મહાત્મા મંદિર બનાવવાનો હકક નથી, મહાત્માનું નામ વાપરવાનો હક્ક નથી. હું સભ્યશ્રીને કહેવા માગું છું કે આપને જો મહાત્માનું નામ વાપરીને વરસો વર્ષથી આ દેશની અંદર જયારે રાજનીતિ આપ કરો છો તો કેન્દ્ર સરકારની અંદર પ્રપોઝલ, "A proposal is requested by Hon'ble Her Highness, Govt. of Gujarat, for the development and upgradation of the Gandhi Ashram and its surrounding area in Ahmedabad vide her letter". આ ૨૦૦૯થી જયારે અમદાવાદની એ.એમ.સી. અને રાજય સરકાર ૬૫ ટકા ચૂકવવા રેડી છે તો પણ માત્ર ૩૫ ટકા સાબરમતી આશ્રમ માટે, ગાંધી આશ્રમ માટે કેન્દ્ર સરકાર આપવા રેડી નથી. બે બે વર્ષથી આ પ્રશ્નનો ઉકેલ નથી આવતો, રાજય સરકારે બે બે વખત લેટર લખ્યા છે, હું માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું કે જો મહાત્મા ગાંધીની અનેક વાતો આપ કરતાં હોય તો આ પ્રશ્નનો ઉકેલ લવડાવો અને આ ગાંધી આશ્રમને કંઇકને કંઇક ડેવલપમેન્ટ અને ઇન્ફ્રાસ્ટ્રકચરમાં આપ મદદરૂપ થાવ.

કાંકરિયા કાર્નિવેલની વાત કરીએ, કાંકરિયા કાર્નિવેલે ગુજરાતને ઉંચાઇ અપાવી છે. પહેલા ગુજરાતીઓ દુબઇ કાર્નિવેલમાં જતા હતાં, સીંગાપુર કાર્નિવેલમાં જતા હતાં, હવે દુનિયાના પ્રવાસીઓ કાંકરિયા કાર્નિવેલમાં ભાગ લેવા માટે ગુજરાતમાં આવે છે.

વાયબ્રન્ટ ગુજરાતની વાતો અહીંયા સભ્યશ્રીઓ કરે છે. વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી દેશ અને વિદેશના ૧૮૦૦ જેટલા ટુરિસ્ટ ૧૨૦ દેશોમાંથી આવ્યા, ૨૨ રાજયોમાંથી ૫૦ હજાર જેટલા લોકો આવ્યા અને ગુજરાતના ભવ્ય દર્શન કર્યા. હું આપના માધ્યમથી જણાવવા માગું છું કે ૨૦૦૨ પહેલા ૬૧,૬૫,૨૧૭ જ ટુરિસ્ટ ગુજરાતની અંદર આવેલા હતા. જયારે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને ટુરીઝમ મંત્રીની મહેનતથી સન ૨૦૧૨-૧૩ માં ડિસેમ્બર તક ૧,૮૬,૫૨,૮૨૦ ટુરિસ્ટો સહેલાણી તરીકે આવ્યા. આ લોકો ખૂશ્બુ ગુજરાતનો વિરોધ કરે છે, આ ખૂશ્બુ ગુજરાતી હવે દિલ્હી તક પહોંચવા આવી, ખૂશ્બુ ગુજરાત નવી શ્રેણીમાં આવે છે, મસ્જિદ સે લેકર મંદિર તક,ખૂશ્બુ ગુજરાતની, અમદાવાદમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર બનાવવાનું આવ્યું, જામા મસ્જિદનું પણ શુટીંગ આવનાર દિવસોમાં થનારું છે, તેથી હજારો સહેલાણીઓ અમદાવાદમાં આવશે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ સન્માનનીય સભાગૃહમાં વર્ષ ૨૦૧૩-૧૪નું બજેટ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે તથા કેટલાક મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. સૌનો સાથ સૌનો વિકાસ એ સાથે આ બજેટ ઉપર નજર કરતાં ખૂબ જ સારું વિકાસલક્ષી અને સમતોલ વિકાસના ધ્યેય સાથે રજૂ થઇ રહ્યું

છે. સન ૨૦૧૨–૧૩ના બજેટમાં જે રકમ મૂકવામાં આવી હતી એ ૧,૦૧૧૩૫ કરોડ જયારે સન ૨૦૧૩–૧૪ના બજેટમાં ૧,૧૩,૨૭૮ કરોડ રૂપિયા એટલે કે ૧૨.૧૨ ટકા જેટલો વધારો સૂચવે છે. તેમાં પણ જે વિકાસલક્ષી રકમ ખર્ચાવાની છે તે ગયા વખતે ૫૮,૫૦૦ કરોડ હતા, તેની જગ્યાએ ૭૬,૬૭૯.૧૭ કરોડ ખર્ચાવાના છે. આનો અર્થ એ થાય કે જે સરકારની તિજોરીમાં પૈસા આવે છે એ પૈસા સમગ્ર ગુજરાતમાં વિકાસ અર્થે કમસેકમ ત્રીજા ભાગની રકમ ખર્ચાવાની છે અને એટલે જ આજે આપણે પરિણામ પણ જોઇ શકયા છીએ. અહીં કેટલાક માનનીય સાથી ધારાસભ્યશ્રીઓએ મુદ્દો લીધો કે અમને સરકારની કામગીરીમાં બરાબર દેખાતું નથી. હું આ અંદાજપત્રની વહીવટી કામગીરી જોઇ ગયો છું. એમાં ૨૦૦૧થી ૨૦૧૩ સુધી જે જોગવાઇ, જોગવાઇની સાથે નાણાકીય ફાળવણી અને તેની કામગીરીની ટકાવારી એ ૯૯થી ૧૦૦ ટકાની આજુબાજુ થયેલી છે એટલે સરકારની કામગીરી ખૂબ જ સારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના સમતોલ વિકાસનો દષ્ટિકોણ કયારે કહી શકીએ? તો દષ્ટિકોણ ત્યારે કહી શકીએ કે આ ગુજરાત સમગ્ર ૧૮,૫૫૨ ગામોનું, ૮ મહાનગરપાલિકા, ૧૫૯ નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોનો સમતોલ વિકાસ સમગ્ર ગુજરાતનો થાય તો જ આપણે તેને વિકાસ કહી શકીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેજા હેઠળ ૨૦૦૧થી અત્યાર સુધીનું બજેટ અને વિકાસનો એક દસકો રહ્યો છે એ ખૂબ જ ઉંચો અને સારો રહ્યો છે. આજે મને કહેતા ગર્વ થાય છે કે ગુજરાતમાં ૧૪ જેટલા જિલ્લા જો ક્ષેત્રફળની દષ્ટિએ જોઇએ તો ૫૦ ટકા આદિવાસી ક્ષેત્ર વિસ્તાર છે. એ આદિવાસી ક્ષેત્ર વિસ્તારનો અત્યાર સુધી આઝાદી મળ્યાને ઘણાં વર્ષો થયા છતાં પણ જે વિચાર અને જે વિકાસની દષ્ટિ મૂકાવી જોઇતી હતી એ ભૂતકાળમાં ન મૂકાઇ અને પરિણામે કેટલાક વિસ્તારના કામો લોકોને ખૂબ જ સતાવતા હતા. અંબાજીથી ઉમરગામ સુધી એના ૧૩ જિલ્લા ટ્રાઇબલ તરીકે સરકારે જાહેર કર્યા એવા છે. એ ૧૩ જિલ્લામાં ૧૨ જેટલા ટ્રાઇબલ પોકેટો છે. જેને આપણે ટ્રાઇબલ સબપ્લાન તરીકે કહીએ છીએ. એના નેજા તળે આજે ઉમરગામથી અંબાજી સુધી સારો વિકાસ થઇ રહ્યો છે. એ વિસ્તારમાં ભૂતકાળમાં મારી જયારે ૯૫થી ૯૮ સુધીની જવાબદારી હતી એ વખતે દરેક જિલ્લાની અંદર હું પ્રવાસ કરી રહ્યો હતો અને એ વખતે મેં જોયું હતું કે ઘણા બધા પ્રશ્નો એમને મૂંઝવતા હતા. આજે હું એક આદિવાસી ક્ષેત્રમાંથી ઉમરગામમાંથી આ ગુજરાત રાજયની વિધાનસભાની છેલ્લી સીટ ઉપરથી આવું છું. મારી આ ચોથી ટર્મ છે. મારા તાલુકાની ભૌગોલિક દષ્ટિએ જો હું કહીશ તો આજે વિકાસ કોને કહી શકાય? અમારે ત્યાં આજે ૭૮ ટકા આદિવાસી ક્ષેત્ર છે. છતાં દરેક ૨૦,૬૭૨ ઘરના ગેસ કનેકશન આ માર્ચ પહેલાં આપી દીધા. પીવાના પાણીની વ્યવસ્થા. ૪૦ ગામની જૂથ પાણી પુરવઠા યોજના આપી દીધી. ઘરેઘર પીવાનું પાણી આપી દીધું છે. રેલવેથી પૂર્વ ભાગના જે ૧૨ ગામો રહેતા હતા એની પણ આ વખતે ૨૫ કરોડ રૂપિયા મંજૂરી મળી છે. સાથે સાથે જે આદિવાસી ક્ષેત્રમાં ૧૫,૦૦૦ જેટલા બી.પી.એલ. કુટુંબો હતા એ તમામને આવાસની સગવડતા મળી છે. એક પણ ઘર વીજળી વિનાનું રહ્યું નથી. આજે અમે એમ કહીએ છીએ કે ગામડાંના એક તાલુકાનો સરવે તમે કરો તો ચિત્ર આપણને ખ્યાલ આવે કે સરકારની કામગીરી કેવી છે. આજે અમે દાવા સાથે કહીએ છીએ કે જેને આપણે ગરીબ કહીએ છીએ, પરંતુ આજે આખી પરિસ્થિતિ બદલાયેલી છે. આદિવાસી ક્ષેત્રમાં જમીનના ભાવો આર્થિક ઉન્નતિ આવી અને વિકાસદર ઉંચો ગયો એના કારણે આજે ગામડાંની આખી કાયાપલટ થઇ ગઇ છે. ગામડાંમાં ૪૦–૫૦ લાખ રૂપિયા પર એકર જગ્યાનો ભાવ થઇ ગયો છે. મજૂરો, આજે એમ કહીએ છીએ કે ખેતરનો લઘુત્તમ વેતન ધારો છે, ૧૩૫ રૂપિયા. આજે ૩૦૦ રૂપિયા સિવાય કોઇ મજૂર મળતા નથી. આ પરિસ્થિતિ થઇ છે, તો કેમ? જો તેનો આર્થિક વિકાસ થયો હોય તો જ એની આટલી ડિમાન્ડ આજે વધી છે. આ વિકાસ થયો છે એ શેના બેઝ ઉપર થયો છે? તો સમતલ બજેટ જો રજૂ કર્યું હોય તો.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓ માટે કેટલીક બાબત મારે રજૂ કરવાની છે. અમારા આદિવાસી ક્ષેત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સારો દષ્ટિકોણ રાખીને વનબંધુ કલ્યાણ યોજના આપવામાં આવી. સામાન્ય રીતે ૫૦ ટકા વન વિસ્તારમાં આદિવાસી ક્ષેત્ર હોય તો એના અનેક પ્રશ્નો સામે આવતા હોય છે. (સમય સૂચક ઘંટડી) આ ક્ષેત્રમાં મારે ઘણું બધું કહેવાનું હતું પરંતુ હવે હું બે સૂચનો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા દક્ષિણ ગુજરાતની અંદર ખૂબ જ ઔદ્યોગિક વિકાસ થયો છે અને એની સામે હરોળના રાજ્યો રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, દમણ અને સેલવાસ છે. દમણ, મહારાષ્ટ્ર અને સેલવાસ, વાપી સુધીમાં કમ સે કમ ૫૦૦૦ જેટલા ઉદ્યોગો આવેલા છે અને એ ત્યાં ટોટલ ઉત્પાદન થયેલ માલનું મુંબઇથી એક્સપોર્ટ કરવામાં આવે છે. જો આપણે વિકાસના દષ્ટ્રીકોણથી ચાલીએ છીએ ત્યારે સેલવાસ, દમણ, ઉમરગામ, સૂઇ ગામ અને વાપી વિસ્તાર જે ઇન્ડસ્ટ્રીયલ ઝોન છે એને એક્સપોર્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવે તો જે અત્યારે બંદરનું કામકાજ ટૂંક સમયમાં ચાલુ થવાનું છે ત્યારે એના આધાર ઉપર આવકના સ્ત્રોત પણ સંગીન બનશે. મજૂરોની ડીમાન્ડ વધી છે. ગરીબ લોકો માટે, આ મજૂરો આ વિસ્તારમાં ૧૫-૧૫ દિવસની રોજગારી મેળવવા માટે શહેરોમાં આવતા હોય છે. એમને રહેવા માટેની વ્યવસ્થા, જેને આપણે રૈનબસેરા કહીએ છીએ, એવી વ્યવસ્થા એ ઔદ્યોગિક ક્ષેત્રમાં બનાવવામાં આવે તો આ મજૂરો ત્યાં કામ કરવા માટે આવશે અને એ ૧૫ દિવસ ત્યાં રહેશે અને એમાંથી રોજી મેળવશે અને પછી એ પોતના નિવાસસ્થાને જાય એવી વ્યવસ્થા સરકાર કરે તો મારી દ્રષ્ટિએ આપણે ખૂબ જ સારું કામ કર્યું ગણાશે. આ મારા વિચારો રજૂ કર્યા છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ(રાજકોટ (પૂર્વ) : રિસ્પેક્ટેડ ચેર પર્સન, આપણને સૌને ગૌરવ છે કે આપણે ગુજરાતીઓ છીએ, આ ગૌરવ મારા વડિલો પણ લેતા હતા અને તમારા સૌના વડિલો પણ લેતા હતા. બજેટમાં આપણા વિકાસનું સ્વપ્ન ગુજરાતના લોકોએ જોયું છે, એ સ્વપ્નને પૂરું કરવા માટે કેટલા પૈસા આપણે નાંખ્યા છે એ આયોજનને આપણે બજેટ કહીએ છીએ. સ્વપ્ન છે ગુજરાતના વિકાસનું એ આપણો મુળભૂત હેતુ છે. ગુજરાતનો વિકાસ ફક્ત પૈસાથી જ થાય એટલી અપેક્ષા લોકોની નથી. વહીવટની દ્રષ્ટિએ પણ સંપૂર્ણતા આવે એ અપેક્ષા છે. અહીંયાં ગુજરાતીઓ બેઠા છે. આ ગૃહમાં જવાબદાર લોકો પાસેથી આ વહીવટી તંત્ર કેવી રીતે સુધરે તેની સલાહ માગે છે, એની ચર્ચા થાય તો એ આવકારદાયક ગણાય. આજે વિકાસ પૈસા ફાળવી દીધા પછી ક્યાં અને કેવો થાય છે એનું મોનીટરીંગ જરૂરી અને જવાબદારીપૂર્વક થાય એ જરૂરી છે. આજે કોર્પોરેશન અને જિલ્લા પંચાયતોના બજેટના આયોજનમાં એને વાપરવાની પદ્ધતિમાં ટ્રેનીંગ આપવી જોઇએ કે, છેવાડાના માણસ સુધી એનો લાભ કેવી રીતે પહોંચે? આજે ગુજરાતમાં ચોથા નંબરનું સ્થાન ધરાવતું મુખ્ય શહેર રાજકોટ છે. મારે કમનસીબે કહેવું પડે છે કે, આજે આપણે વિકસીત ગુજરાત કહીએ છીએ, એ વિકસીત ગુજરાતમાં, એ રાજકોટ શહેરમાં ૨૦ ટકા વિસ્તારો એવા છે કે, જ્યાં પાણી, ગટર, રોડ-રસ્તા કાંઇ પહોંચ્યું નથી. આ ટ્રેનીંગની વાત હું એટલા માટે કરું છું કે, રાજકોટમાં અમુક જગ્યાએ સિમેન્ટના રોડની જાહેરાત કરવામાં આવે અને મોટા મોટા અક્ષરોમાં છાપવામાં આવે છે...

અધ્યક્ષશ્રી : એ કોર્પોરેશનમાં આવે, રાજ્ય સરકારમાં એ આવે નહીં, રોડ આપવા એ કોર્પોરેશને કરવાનું છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : સરકારની જવાબદારી છે એ લોકોને ટ્રેઇન કરવા, સિમેન્ટના રોડ કરવાના બદલે નાના માણસોને પ્રાથમિક સુવિધા મળી રહે એ લોકોને શિખવવું જોઇએ. ગામડાઓમાંથી શહેર તરફ લોકો ઝડપથી ફરતા જાય છે અને એના લીધે શહેરોનો જે ઝડપી વિકાસ થઇ રહ્યો છે તેમાં પણ કંઇક આયોજન થવું જોઇએ કે ગામડાના લોકોને એના ગામડામાં રહેવાની ઇચ્છા થાય જે તાલુકા મથકો મુખ્ય હોય ત્યાં કયાંક મોલ બને, કયાંક થિયેટર બને તો એને એમ થાય કે ના અહીયા પણ એટલી જ સુવિધા છે. જો શહેરીકરણ ઓછું થશે તો મને લાગે છે કે આપણે કોપ અપ કરવામાં કયાંક ઓછી મુશ્કેલી પડશે. આજે સાહેબ ટી.પી. સ્કીમ શહેરોમાં જમીનો ખૂબ અને રાજકોટમાં ખૂબ મોંઘી જમીન થતી જાય છે અને એની પાછળ મુખ્ય કારણ હોય તો ટી.પી. સ્કીમો જે સમયસર પૂરી નથી થતી અને ટી.પી. સ્કીમો પૂરી ન થવાને કારણે અને એમાં પૂરી કરીને જેમ ઔડામાં જે વિકસિત થવા જઇ રહી હોય એ વિસ્તારમાં રોડ, રસ્તા, ગટર આપી દે છે તો જમીનના ભાવ ઓછા થાય છે કારણ કે એપ્રોચેબલ જગ્યા વધુ પ્રાપ્ત થાય એટલે આપોઆપ જમીનની કિંમત નીચે આવે એવું રાજકોટમાં અને અન્ય શહેરોમાં થાય તો એ મોંઘવારીમાં નાના માણસને મકાન લેવાનું પોસાય. આજે બહુ દુઃખ સાથે મારે કહેવું પડે છે કે દરેક રાજકારણી ખરાબ હોય અને અધિકારીઓ સારા હોય એવું એક વાતાવરણ રાજયમાં ઉભું થયું છે. આપણા બંધારણમાં એની જોગવાઇ

બન્નેને સમકક્ષ અને કયાંક રાજકારણીને ઉપર રાખવામાં આવ્યા છે, કેમ કે રાજકારણી છે એ સામાન્ય લોકોને જવાબદારીમાં બંધાયેલો છે ત્યારે એની અવગણના એ રાજયના વિકાસને નડતરરૂપ થતી હોય છે. એનો એક દાખલો તમને હું આપું, રાજકોટ રૂડાના હોદ્દાની રૂએ એક આઇ.એ.એસ. અધિકારી, એમને વિચાર આવ્યો કે આપણે ૪૦ ટકા જમીન ટી.પી.ને મોડું થાય એમ છે એટલે કાપી લેવી ખેડૂતોની. ૪૦ ટકા કાપવાનું એણે ચાલુ કરી દીધું અને એને હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યો અને હાઇકોર્ટે એની દાદ ફરિયાદીની માન્ય રાખી. માન્ય રાખી અને એની જમીન ન કાપવી એવો ઓર્ડર આપ્યો. એના પછીના આઇ.એ.એસ. અધિકારી જે ચેરમેન આવ્યા એની સાથે મેં રૂબરૂ ચર્ચા કરી કે આવી રીતના તમે કાપો છો તો એનો અર્થ એટલા માટે નથી કારણ કે આમાં કોઇ નગર આયોજન થતું નથી. એક જણ એની કપાતની જમીન આ બાજુ મૂકે, બીજો આ બાજુ મૂકે અને જયારે તમારે રોડ કાઢવો હોય ત્યારે તમે શું કરશો? આમ આમ વળતો વળતો રોડ લેશો? મારી સાથે સહમત થયા મૌખિક રીતે પરંતુ એના નિર્ણયમાં અને નિયમમાં કોઇ ફેરફાર ન કર્યો ત્યારે હાઇકોર્ટ એવું માનતી હોય, ખેડૂતો જયારે એમાં નારાજ હોય ત્યારે એ રૂડાના ચેરમેનને બેકઅપ આપતી હોય એમ અહીંથી શહેરી વિકાસ ખાતામાંથી એને કાયમી કરતો હુકમ કરી દેવામાં આવે, સમજયા વગરનો કરી દેવામાં આવે તો સામાન્ય માણસની વાત આમાં ઉભી નથી રહેતી એ આજે હું અહીંયા જણાવવા માગુ છું.

અહીંયા મારા આદરણીય નેતા મોહનસિંહભાઇએ બહુ સરસ વાત કરી. ૪૦ વર્ષથી અહીંયા છે અને ભાઇ આ વિકાસ રાતોરાત નથી થતો. તમે જે વાત કરી એમ. આ વિકાસ આ રાજયનો વિકાસ તમારા હાથમાં આવ્યો ત્યારે થયેલો હતો. આ રાજયમાં જયારે કોંગ્રેસ આવી ત્યારે સામાન્ય માણસને ગામડે પહોંચવા માટે રસ્તો નહોતો, એની પાસે વીજળી નહોતી, એની પાસે ડેમ નહોતા, પીવાના પાણી નહોતા અને મુખ્ય માર્ગો પણ નહોતા એ કોંગ્રેસના કાળ દરમિયાન કરવામાં આવ્યા છે. તમે જે આ નર્મદાની વાત કરો છો એ નર્મદા એ કોંગ્રેસે નાખેલા પાયા ઉપર તમે અત્યારે (xxxxxx) વિકાસ રાતોરાત નથી થતો. (અંતરાય) એક મિનિટ .આઝાદી બાદ.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બોલવા દોને એમાં કાંઇ, એ અમે અને તમે તો ચાલવાનું.. (અંતરાય.) (xxxxxx) એ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ. (અંતરાય) તમે બેસો ભાઇ. તમે વળી પાછું બોલશોને, એ આખે આખું નીકળી જશે. એના કરતા એમને બોલવા દો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : આઝાદી બાદ સામાન્ય લોકો માટે અન્ન પણ આપણે બહારથી લઇ આવવું પડતું હતું અને આજે આપણે અહીંથી બહાર મોકલતા થયા એને વિકાસ કહેવાય (સમયસૂચક ઘંટડી) આજે તમને કહી દઉં કે વહીવટી તંત્રની વાત કરું તો આજે સિવિલ હોસ્પિટલોમાં કેટલી મુશ્કેલીઓ છે એ તમને અને મને બધાને ખબર છે. સાચી બાબત શિખીશું તો ગુજરાતના, મારા અને તમારા બધાના ફાયદામાં રહેશે. આજે કમનસીબની તો એ વાત છે કે આ ગૃહ છે એમાં *(xxxxxx)તો અહીંયા બેઠેલા ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એ શબ્દો કાઢી નાખીએ છીએ કે (xxxxxx) માનવું ન માનવું એ એકબીજાની ઇચ્છાની વાત છે.

**શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ :** આપણે સાચા થવા માંડીશું તો અહીંયા બેઠેલા અધિકારીઓ એની નોંધ લઇને જશે અને એની અસર છેવાડાના માણસને સારી રીતે પહોંચશે. એટલે આપણે અહીંથી વધારે જવાબદારીપૂર્વક પ્રયત્નો કરીને સૌ ધારાસભ્યો જે ખરેખર લોકોના મતોથી એમાં પંજો કે કમળ ન હોય, આપણી પહેલી ફરજ લોકોની સેવા કરવાની છે એ નિભાવીશું તો સફળ થઇશું. આપણે સૌ જાગૃતિપૂર્વક એ ફરજ બજાવીએ એવી આ ગૃહ પાસે અપેક્ષા રાખું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ, માર્ગ અને મકાન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ બજેટ લઇને આ ગૃહમાં આવ્યા છે એને હું મારો સપોર્ટ કરું છું અને બાવકુભાઇ અને જોઇતાભાઇએ વાત કરી એની પહેલા વાત કરી લઉં. બાવકુભાઇએ એવું કહ્યું કે અત્યારે

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

૨૫–૩૦ વર્ષની ઉંમરના છોકરાઓ કુંવારા છે, વાંઢા છે. ૨૫–૩૦ વર્ષના યુવકને પરણાવવા માટે ૧૦–૧૨ વર્ષની કન્યા જોઇએ કે ૨૫ વર્ષની કન્યા જોઇએ? તમારા સમયમાં બહેનોની ભૃણ હત્યાઓ થઇ એના કારણે આજે આ પરિસ્થિતિ છે. થોડો તો વિચાર કરો અને ઇન્દ્રનિલભાઇએ કહ્યું એમ (xxxxxx) સાચું આ છે. આજે રાજ્ય સરકારે ૨૦૦૧માં ભૃણહત્યાના આંકડા આપ્યા એના કારણે સમગ્ર રાજ્યમાં બેટી બચાવોના આંદોલનો શરૂ કર્યા. એના પરિણામે આજે આપણે જોઇએ છીએ કે એક–બે વર્ષ પછી આ રાજ્યમાં કોઇ છોકરો કુંવારો નહીં હોય એની ખાતરી આપીએ છીએ. જોઇતાભાઇ કહેતા હતા. એમણે મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાની કમ્પેર કરી. સારું થયું તમે બન્ને જિલ્લાની કમ્પેર કરી. ૧૯૯૮માં જ્યારે આ રાજ્યમાં હું પહેલી વખત શિક્ષણમંત્રી બની ત્યારે બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ૩૦ ટકા સાક્ષરતા દર હતો અને ૩૦ ટકા સાક્ષરતા દર હોય તો ત્યાં હાઇસ્કૂલ કોના માટે આપવાની? કોલેજ કોના માટે હોય? તમારો દીકરો ૭મા ધોરણમાંથી ૮મા ધોરણમાં પહોંચતો ન હોય તો માધ્યમિક શાળા કેવી રીતે મળી શકે? કોલેજ કેવી રીતે મળી શકે? એ વખતે આપનું શાસન હતું. એ શાસનમાં જો ગુણોત્સવ અને પ્રવેશોત્સવના કાર્યક્રમો કર્યા હોત તો આ બનાસકાંઠા જિલ્લો આજે મહેસાણા કરતા આગળ જઇ શક્યો હોત. આ ન થયું એનું કારણ એ છે કે આપે દીકરીઓના શિક્ષણમાં રસ ન લીધો અને ત્યાં વધારેમાં વધારે બક્ષીપંચની વસતિ છે એને ભણાવવા માટે આપે રસ લેવો જોઇતો હતો એ ન લીધો. માત્રને માત્ર રાજ્યમાં દીકરો અને દીકરીઓને ભણાવવા માટેનું જો અભિયાન કોઇએ ચલાવ્યું હોય તો રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ચલાવ્યું. એના પરિણામે આજે આ પરિણામ આપણી નજર સમક્ષ છે.

આજે દિવસભર બજેટની ચર્ચાઓ થઇ છે. ઘણા બધાએ એકબીજા ઉપર આક્ષેપો કર્યા છે. મારે અહીં આ સભાગૃહને જણાવવું છે કે જ્યારે આપ બધા આ સરકાર વિશે બોલો છો કે પેપર ઉપર ચાલે છે અને કામો નથી કરતી. નબળી સરકાર છે પણ શંકરસિંહ વાઘેલાને ટેકો પાછો ખેંચતી વખતે જે આવેદનપત્ર આપ્યું, કોંગ્રેસે રાજ્યપાલશ્રીને જે આવેદન આપ્યું એ આવેદનપત્રની અંદરના શબ્દો હું આપ સૌને વાંચી સંભળાવું છું. ''રાજ્ય સરકાર ના તો ચોખ્ખો અને કાર્યક્ષમ વહીવટ પૂરો પાડી શકી. (અંતરાય)આ રાજ્ય સરકાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કોઇ વાંધો નથી. બેસો તમે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : શંકરસિંહભાઇ વાઘેલાની સરકાર ન તો ચોખ્ખો અને કાર્યક્ષમ વહીવટ આપી શકી..

અધ્યક્ષશ્રી : બોલતી વખતે ધ્યાન રાખવું હતું ને કે આપણેય કેશુબાપાનું નામ લીધું, શંકરસિંહનું નામ લીધું, ઘણાં નામ લીધા.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : તમે બધા બેસો શાંતિથી. ''શંકરસિંહભાઇ વાઘેલાની સરકાર ન તો ચોખ્ખો અને કાર્યક્ષમ વહીવટ પૂરો પાડી શકી. ના તો લોકશાહી બિન સાંપ્રદાયિક સરકાર રાજ્યને આપી શકી. દુર્ભાગ્ય. શંકરસિંહભાઇ વાઘેલાની સરકાર ભ્રષ્ટાચારી છે, બિન કાર્યક્ષમ છે, નબળી છે, એકહથ્થું છે અને તરંગી સરકાર તરીકે કુખ્યાત થઇ છે.'' આ શબ્દો તમારા છે. (અંતરાય) આ આવેદન પત્ર આપનાર બીજું કોઇ નહિ પણ તમારી જ સરકારના નેતાઓ હતા. ( આ તબક્કે માઇક બંધ થતાં )

અધ્યક્ષશ્રી : માઇક ચાલુ કરો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : જે કાંઇ અહીંયા બોલાય છે એ તદન સાચું બોલાય છે.

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહિ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી ભ્રષ્ટાચારી સરકારને આ રાજ્ય સરકાર માટે એક શબ્દ પણ કહેવાનો અધિકાર નથી. ભા.જ.પ. મિશનથી કામ કરે છે કોંગ્રેસ કરપ્શનથી કામ કરે છે મિત્રો, અને એ આખા દેશની સવાસો કરોડની પ્રજાએ જોઇ લીધું છે કે આખા દેશની અંદર કોંગ્રેસનું શાસન કઇ રીતે ચાલી રહ્યું છે અને કેટલો ભયંકર ભ્રષ્ટાચાર તમે કર્યો છે એ સૌએ અનુભવ કરી લીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા શાસ્ત્રોમાં રામે રાવણને માર્યો, કૃષ્ણએ કંસને માર્યો, ઓબામાએ ઓસામાને માર્યો તો કોંગ્રેસને કરપ્શન મારશે મિત્રો.

અધ્યક્ષશ્રી : તમે પાછું સજીવન કરવા માગો છો?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : જરાય નહિ.

અધ્યક્ષશ્રી : તો ઠીક. ચલો આગળ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આખા દેશે નક્કી કરી લીધુંછે કે હવે આ જવાના જ છે. ઔદ્યોગિક ગૃહોને જમીનો આપી અને બોલે શું? પાંચ ઉદ્યોગપતિઓને જમીન આપી. સાહેબ, અમારાં તો કાન સાંભળી, સાંભળીને થાકી ગયા. સાચું તો સ્વીકાર કરો. ૧૯૮૦ થી ૧૯૯૦ સુધી જે તમે જમીનો આપી એમાં ગૌચરની ફાળવણી ૯૩% તમે કરી છે. ભા.જ.પે. ૧૧ વર્ષની અંદર જે જમીનો આપી એની અંદર માત્ર ૪.૯૭% ગૌચરની જમીન ભા.જ.પ.ના સરકારની અંદર આપવામાં આવી છે. આ સનાતન સત્ય છે મિત્રો અને જે જમીન આપી છે ગૌચરની એ જમીનની અંદર ૩૦% વધારાનો ફાળો એ કંપનીઓ પાસેથી પણ આ જ રાજ્ય સરકારે લીધો છે. જમીનો કેવી આપીએ? ૧૯૮૫થી ૧૯૯૦માં ૧૦ કેસ એમણે કર્યા. કિંમત કેટલી? ૫ પૈસા, ૧૦ પૈસા, ૨૦ પૈસા. તમે ૧૯૯૧થી ૧૯૯૫ કેટલા કેસ કર્યા? ૧૮ કેસ કર્યા. જમીનની કિંમત કેટલી? ૧ રૂપિયા કરતા ઓછી. ૧૯૯૬થી ૨૦૦૦ ૧૦ કેસ કર્યા. જમીનની કિંમત કેટલી? ૧ રૂપિયો અને ૧ રૂપિયા કરતા ઓછી. ૨૦૦૧થી ૨૦૧૨ની વચ્ચે માત્ર બે કેસ થયા છે. જેમાં ૧ રૂપિયા કરતા ઓછી કિંમતથી જમીન આપી હોય. જ્યારે આ રાજ્ય સરકારની અંદર જે જમીનો આપીએ એમાં ૨૫ રૂપિયે જમીન અપાણી, ૩૪ રૂપિયા લીધા, એ ઉપરાંત ૩૨ રૂપિયા, ૬૭૧ રૂપિય ચોરસ મીટરના, ૩૦૦ રૂપિયા ચોરસ મીટરના અને છેલ્લે તો ૧૫૦૦ રૂપિયા ચોરસ મીટરે આ સરકારે જમીન આપી છે.તમારા જેવા બે પૈસે અને પાંચ પૈસે, આ રાજય સરકારે જમીન નથી આપી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે જરા આ પાના તરફ હું તમારું ધ્યાન કેન્દ્રીત કરું છું મિત્રો, અને એ ૧૫–૪–૧૯૯૭ના દિવસે આ હુકમ થયેલો છે. કોની સરકાર હતી? ૧૫–૪–૧૯૯૭એ આ હુકમ થયેલો છે. હુકમમાં શું લખ્યું છે? પ્રતિ ચોરસ મિટર રૂપિયા એકથી, દોઢસો એકર જમીન આપવા સૂચન કરેલ છે. કોણે ? સચિવશ્રીએ, મુખ્ય સચિવશ્રીએ આ સૂચન કર્યું કે, દોઢસો એકર જમીન એક રૂપિયા પ્રતિ ચોરસ મિટરે કિંમત લઇને આપીએ પછી લખે છે શું ? તેના બદલે ત્રણસો એકર જમીન આપીએ. પેલી કંપની દોઢસો એકર જમીન માગે છે અને આ સાહેબો એમ કહે છે કે, દોઢસોના બદલે, ત્રણસો. ત્રણસો એકર જમીન આપીએ અને આ લૂંટાય એટલું લૂંટો અને બીજું (અંતરાય) આ રેકર્ડ છે, તમારી સહીઓનું રેકર્ડ છે અને મારે નામ નથી આપવા, જાણવું હોય તો હું નામ પણ તમને આપું કે, એ વખતના મહેસૂલ મંત્રી કોણ હતા અને એ વખતના આપના નાણા મંત્રી કોણ હતા? માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ જ છે, અસલ રેકર્ડ છે (અંતરાય) એના પછી, એક મિનિટ, આટલી જમીન તો આપી દીધી, ત્રણસો એકર જમીન આપી. અહીં લખ્યું છે કે, ધ્રપ, તાલુકો મુંદ્રા, જિલ્લો કચ્છની ત્રણસો એકર જમીન સોલ્ટ સ્કેટીંગ, ગોડાઉન, ઓપન સ્ટૉરેજ, ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધા, કાર પાર્કીંગ અને કેમીકલ હેન્ડલીંગ ટર્મિનલના હેતુ માટે આપવામાં આવેલ છે. હવે અદાણી કેમીકલ્સ લી.ને આ જમીનને અડીને આવેલી ત્રણસોને પચીસ એકર જમીન ક્લોરો આલ્કલી, પેટ્રો–કેમીકલ્સ પ્લાન્ટ માટે અને અદાણી પોર્ટ લી.ને એકસો પંચોતેર એકર જમીન ઉપર જણાવેલ પ્રોડક્ટસના સ્ટૉરેજના હેતુ માટે આપવાની માગણી છે એટલે ત્રણસોને પચીસ અને એકસો પંચોતેર એમ કરીને પાંચસો એકર જમીન એમણે આપવાની છે. હવે લખે છે શું ? તમારા અધિકારીઓ અને તમારા મંત્રીઓ ? સાથો સાથ નવી જમીન ફાળવતા પહેલાં અગાઉ ફાળવવામાં આવેલી જમીન સંબંધી જે શરતો મૂકવામાં આવી છે તેનું પાલન કંપનીએ કેટલા અંશે કર્યું છે, તેની વિગતો પણ મેળવવી જરૂર જણાય છે. આ નાણા મંત્રી લખે છે કે, પહેલાં જે ત્રણસો એકર જમીન આપી છે એ આ અદાણી પૉર્ટે એનો ઉપયોગ કર્યો છે કે, કેમ એની વિગતો મેળવીએ અને ત્યાર પછી આ પાંચસો એકર જમીન આપવાનો નિર્ણય કરીએ. આટલી મોટી જમીનની ફાળવણી કરતા પહેલાં ઉપરની વિગતો પ્રથમ મેળવીએ અને ત્યારબાદ જરૂરી નિર્ણય લઇએ, આ નાણા મંત્રી અને મહેસૂલ મંત્રી પોતે લખે છે. પછી શું થયું? પરંતુ રાજયના એ વખતના મુખ્યમંત્રી, અત્યારે વિરોધપક્ષના નેતા છે, પોતે જ લખી નાખ્યું કે, અભિપ્રાયો મેળવવાની શરતે, અભિપ્રાયો હજુ તો મેળવવાના બાકી છે. અભિપ્રાયો મેળવવાની શરતે, નગર નિયોજક જે કિંમત નક્કી કરે એ પ્રમાણે મંજૂરી આપી દઇએ. આ રાજય

સરકારે આવું કર્યું નથી ભાઇ. આ રાજય સરકારે (અંતરાય) જેની કિંમત નક્કી ના થાય, (અંતરાય) જે કેબીનેટની અંદર આવે નહીં, વગર કેબીનેટની અંદર લાવ્યા પહેલાં, કિંમતો નક્કી કરતાં પહેલાં, માત્ર ને માત્ર આપી દો પાંચસો એકર જમીન અને આ જમીનો આ રીતે અપાઇ છે. તમને કોઇ અધિકાર નથી કે આ રાજય સરકારે કઇ રીતે જમીનો આપી છે. આપણો ભૂતકાળ આપણે જોઇએ. (અંતરાય) ભૂતકાળ જુઓ (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨માં ચૂંટણી આવવાની હતી એટલે કોંગ્રેસે જાહેરાત કરી કે, અમે દર અઠવાડિયે એક મેનીફેસ્ટો બહાર પાડીશું, એક સ્કીમ બહાર પાડીશું. એવી દર અઠવાડિયે સ્કીમ બહાર પાડતા હતા અને આ સ્કીમ કોણ બહાર પાડે, કોણ બોલે એના માટે ત્રણ મહાનુભાવો. કોઇ વખતે એક વચમાં હોય, તો બીજી વખતે બીજો વચમાં હોય તો ત્રીજી વખતે ત્રીજો વચમાં હોય. આ સ્પર્ધા ચાલતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, અને એમણે એક સ્કીમ બહાર પાડી. માનનીય અધ્યક્ષશ્રી, ઘરનું ઘર. આ આપનું ફોર્મ, આમાં લખ્યું છે, ગુજરાતની દોઢ કરોડ નહીં પણ ત્રણ કરોડ મહિલાઓ માટે તમે કેવી *(xxxxxx) કરી છે આ આની અંદર લખેલ છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) કાઢી નાખીએ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : ઘરનું ઘર એ રક્ષાબંધનની ભેટ. કોંગ્રેસના મિત્રોને મારે આટલું જ પૂછવું છે કે રક્ષાબંધન આવે ત્યારે તમારી બહેનો પાસેથી પૈસા માગો છો કે પહેલા હજાર રૂપિયા મોકલી આપો. હું સાડી બજારમાંથી લઇ આવું અને આવીને પછી હું તને આ સાડી આપું. આવો આ ધંધો કર્યો છે. બીજું પાનું ફેરવો, એટલે ખબર પડે. બહેનો તો બિચારી અભણ. પહેલું પાનું એમણે જોઇ લીધું કે આ કોંગ્રેસના અમારા ભાઇઓ અમને મફતમાં ઘર આપવાના છે. લાઇનમાં ઊભી રહી ગઇ. રાતના ૧૨, ૧ વાગ્યા સુધી ફોર્મ લીધા. ઘરે ગઇ. પાણી ન મળ્યું, જમવાનું ન મળ્યું અને ઉપરથી માર પડ્યો. પડી ગઇ. બધુ થયું. ઘરે જઇને વાંચ્યું તો રક્ષાબંધનની ભેટ..

અધ્યક્ષશ્રી : ભાઇ, માનસિંહભાઇ સાંભળો. તમારે બોલવાની કોઇ જરૂર નથી.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : હું કોઇના વખતે બોલી નથી. શાંતિથી બેસો. 'એ' કેટેગરીનું મકાન જોઇએ તો રૂપિયા ૭૦,૦૦૦ ભરો, 'બી' કેટેગરીનું મકાન જોઇએ તો ૧ લાખ ભરો, જોયું હતું આ બધુ. 'સી' કેટેગરી તો ૧,૮૦,૦૦૦ રૂપિયા ભરો અને ત્યાર પછી બાકીની રકમ સરળ હપ્તેથી ખૂબ જ ઓછા વ્યાજે લોનની વ્યવસ્થા કરવામાં આવશે. કઇ બહેનને કઇ બેન્ક લોન આપવાની હતી? જે બહેનના નામે કોઇ મિલકત નથી, જે બહેનના નામે કોઇ જમીન નથી. તમે લખો છો કે તમારા નામે કોઇ જમીન, તમારા નામે કોઇ મકાન ન હોવું જોઇએ. એને જ આ મકાન અમે આપીશું. આટલા રૂપિયા ભરો. બાકીની લોન ભરો. લોનનું વ્યાજ તમે ભરો. આને કહેવાય શું? રક્ષાબંધનની ભેટ? શું (xxxxxx) કરો છો? રક્ષાબંધનની ભેટ. ત્યાર પછી એમણે છેલ્લે એવું લખેલું છે. કબૂલાતનામું. હજુ તો ઠેકાણા નથી, ત્યાં તો કબૂલાતનામું કરી આપો. કુટુંબના સભ્ય માલિકીનું મકાન ધરાવતા નથી. ઘરનું ઘર યોજના કોંગ્રેસ પક્ષની રાજય સરકાર રચાયા પછી અમલમાં આવે તો આ યોજનામાં જોડાવવા ઇચ્છું છું. આવું કબૂલાતનામું. જયારે આપીએ ત્યારે કબૂલાતનામું હોય. આપતા પહેલા ન થાય. આ એમની એક જ સાજીસ નથી. એમણે તો ૨૦૦૭ માં દિલ્હીમાં જ્યારે સરકાર આવવાની હતી, ઇલેક્શન આવ્યું, ત્યારે પણ આજ પુનરાવર્તન ત્યાં કર્યુ હતું. ત્યાંના લોકોને જાહેરાત કરી હતી કે અમે તમને મફતમાં ઘર આપવાના છીએ અને દિલ્હીમાં ગરીબ લોકો લાઇનમાં ઊભા રહીને કેટલાય લોકોએ ફોર્મ લીધા. લાઇનમાં ઊભા રહીને ૧,૬૦,૦૦૦ લોકોએ ફોર્મ લીધા. એક ફોર્મના ૧૦૦ રૂપિયા. આ કોંગ્રેસના લોકોએ ઉઘરાવી લીધા. ૧૦૦ રૂપિયા લેખે ૧ કરોડ ૬૦ લાખ રૂપિયા (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. શાંતિ રાખો. કાંઇ નથી આમાં.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : કોર્ટની અંદર સાબિત થઇ ચૂક્યું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેસો. સાંભળો. નહિ, રાઉલજી. એ ઘરના ઘરની જ વાત કરે છે. એક મિનિટ. દિલ્હીના ઘરના ઘરની વાત કરે છે.(અંતરાય)

* આ શબ્દો અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આર્મીના માણસો આપણી સરહદ સાચવે છે. આપણી સરહદ સાચવનાર સૈનિકો જ્યારે શહીદ થાય છે ત્યારે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલા અહીયા બોલ્યા એનો જવાબ આપે છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : કેન્દ્ર સરકારે જાહેરાત કરી કે અમે શહીદોની પત્નીને મકાન આપીશું. શહીદોની પત્નીને ફ્લેટ આપીશું. મુંબઇમાં આદર્શ સોસાયટી બનાવી. આદર્શ સોસાયટીના ફ્લેટ કોણ લઇ ગયું. એ તમને બધાને ખબર છે. મારે આની અંદર પડવું નથી.માનનીય અધ્યક્ષશ્રી, એટલા જ માટે આ બહેનો સાથે જે પ્રકારનો વ્યવહાર કોંગ્રેસે કર્યો તેને કારણે ૨૦૧૨ની ચૂંટણીમાં બહેનોએ કચકચાવીને મતદાન કર્યું અને પોપટ ઉડી ગયો. પોપટ ઉડી ગયો. એક પોપટ નહીં બીજા ત્રણ પોપટને જોડે લઇ ગયો. કોંગ્રેસના શાસનમાં ૦ થી ૧૬ અંક ધરાવતા બી.પી.એલ. ફેમીલીને ૪૦ વર્ષમાં ૧૨ લાખ મકાનો આપેલા. ભાજપના ૧૨ વર્ષના શાસનની અંદર, હજુ તો બારમું વર્ષ શરૂ નથી થયું ૨૦.૯૬ લાખ મકાનો આ સરકારે આપ્યા છે. ૦ થી ૧૬માં બધા જ લોકોને મકાનો મળી ચૂક્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમારે જવાબ નથી આપવાનો. તમારો વારો આવતીકાલે આવશે ત્યારે બોલજો. તમને જવાબ આપવાની છૂટ છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે ૧૭ થી ૨૦ કેટેગરીના ૧૨.૯૦ લાખ કુટુંબોને રાજય સરકારના ૧૦૦ ટકા ખર્ચે રાજય સરકાર આમને મકાનો આપી રહી છે. આ રાજય સરકાર ગરીબો માટે કેટલી કટિબદ્ધ છે તેનો આના ઉપરથી તમને અંદાજ આવશે. શંકરસિંહભાઇએ એમના પ્રવચનમાં એક વાત કરેલી. જયારે વિરોધપક્ષના નેતા તરીકે પહેલા દિવસે બોલ્યા ત્યાર, તેઓએ આ ગૃહની અંદર ખૂબ સમય લઇ કે.જી. બેઝીનમાં જે ગેસ નીકળે છે તેમાં જીઓ ગ્લોબલને આ સરકારે કરોડો રૂપિયાનો ફાયદો કરાવ્યો છે તેવા *(xxxxxx) આક્ષેપો રજૂ કર્યા હતા.

અધ્યક્ષશ્રી : આક્ષેપો કહો. *(xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાઢી નાંખીએ. મારે સ્પષ્ટપણે આ ગૃહના સભ્યોને જણાવવું છે કે જીઓ ગ્લોબલને જી.એસ.પી.સી.એ કે.જી. બેઝીનમાં ૧૦ ટકા ભાગીદારી આપી હતી. આ ભાગીદારીને કેન્દ્ર સરકારની ડી.જી.એચ.ની મંજૂરી મળેલ છે. જીઓ ગ્લોબલે તેના ભાગનો ખર્ચ ન આપવાના કારણે તેને કે.જી. બેઝીનમાંથી આપણે સંપૂર્ણપણે તેના હિસ્સામાંથી કાઢી મૂકેલ છે. મારે સ્પષ્ટપણે કહેવું છે કે, આજની તારીખે એક રૂપિયો જી.એસ.પી.સી.એ જીઓ ગ્લોબલને આપ્યો નથી અને ભવિષ્યમાં આપવાના પણ નથી. આથી ભ્રષ્ટાચારનો કોઇ વિષય આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે વિરોધપક્ષના નેતાએ પોતાના પ્રવચનની અંદર એક રોડની વાત કરી હતી. કેટલો વધ્યો, કેટલો ઘટયો બધી વાત કરતા હતા. જયારે માર્ગ અને મકાન વિભાગની વાત આવશે ત્યારે તેની ડીટેઇલમાં વાત કરીશ. આજે મારે એટલું કહેવાનું છે કે ગુજરાતના રસ્તાઓને આખો દેશ વખાણે છે. આખો દેશ નહીં પરંતુ વિશ્વ બેંકે પણ **લર્ન ફ્રોમ ગુજરાત**નું એક પુસ્તક લખ્યું છે અને તેની અંદર આ રોડની વાત કરી છે. મિત્રો, મારે આપને યાદ અપાવવું છે. તમારું દિલ્હીમાં ચાલતું હોય તો કહેજો કે જયારે ૨૦૦૫માં આપ બધાએ ભેગા મળીને અમદાવાદના સાબરમતી આશ્રમમાંથી, સુંદર મજાના ધોળા કપડાં પહેરીને છેક દાંડી સુધી આપ બધા ગયેલા અને દાંડીયાત્રા કાઢી હતી. ૧૯૩૦માં મહાત્મા ગાંધીએ દાંડી યાત્રા કાઢી તેના ૭૫ વર્ષ પૂરા થયા ત્યારે આપણે આ યાત્રા કાઢેલી. ત્યારે આ દેશના વડાપ્રધાન યુ.પી.એ.ના લીડર ડો.મનમોહનસિંહ આ દાંડીયાત્રામાં ભાગ લેવા માટે આવેલા. ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૦૫ના દિવસે જાહેરાત કરી હતી કે સાબરમતી આશ્રમથી દાંડી સુધીનો દાંડી હેરીટેઝ માર્ગ મારી કેન્દ્ર સરકાર બનાવશે. કયાં ગયો, કયાં ગયો ભાઇ દાંડી હેરીટેઝ માર્ગ. કયાં ગયો? આજે આઠ વર્ષ થયા આ રોડનું નામોનિશાન લેવા કોઇ માગતું

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો.

નથી અને અમે આટલું કામ કરીએ છીએ ત્યારે એમ કહેવામાં આવે છે કે આ કામ થતા નથી. આ તો એમના સમયમાં કયા કામો થયા અને કયા કામો નહોતા થયા તેની માત્ર ઝલક આપું છું.

૧૪–૯–૧૯૯૭, કોની સરકાર, કોણ મુખ્યમંત્રી હતું? ત્યારે અમદાવાદ જિલ્લાના વૌઠા આગળ સાત નદીઓ ભેગી થાય છે. તે નદીઓમાં મેળો ભરાય છે ત્યારે લાખો લોકો ત્યાં આવે છે. ત્યારે ૧૪–૯–૯૭ તેમાં આપણા મુખ્યમંત્રી શંકરસિંહભાઇ વાઘેલા જઇને ખાત વિધિ કરી આવ્યા. ખાત વિધિ કરી આવ્યા. બજેટમાં જોગવાઇ કેટલી? તો પાંચ લાખ રૂપિયા. ૫૦ કરોડનો પુલ, બજેટમાં જોગવાઇ ૫ લાખ રૂપિયા, અને જઇને ખાતમુહૂર્ત કરી આવ્યા, અમારા માતરના માનનીય ધારાસભ્યશ્રીઓ એ પથરો હજુ શોધે છે કે એ ખાત મુહૂર્ત કર્યું હતું એ પથરો ગયો કયાં? આ સરકાર અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ત્યાં આવીને ખાતમુહર્ત કર્યું, કામ શરૂ થયું ૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ પૂરો કર્યો છે, એક વર્ષની અંદર વૌઠાનો પુલ પૂરો થઇ જશે.

માનનીય અધ્યક્ષ શ્રી, ભરૂચ પાસે નર્મદા પરનો પુલ, કેન્દ્રમાંથી કોણ આવ્યું તો કેન્દ્રીય મંત્રીશ્રી આવ્યા, પહેલી મેના દિવસે આવ્યા, અહમદભાઇ કરે છે, અહમદભાઇ કરે છે, કેન્દ્ર કરે છે, કેન્દ્ર કરે છે, વાહ, ખાતમુહૂર્ત કર્યું સાહેબ, આજે દશ મહિના થયા હજુ એ કામનો આરંભ નથી થયો, (અંતરાય) એ કંપનીએ છ મહિનાનો વધારાનો સમય માગ્યો, એનો અર્થ એ થયો કે દોઢ વર્ષ સુધી તો કોઇ પથરો ત્યાં મૂકાવાનો નથી, અને બીજું, દોઢ વર્ષ પછી પણ થશે કે કેમ? એ મને શંકા છે, ગાણાં એવાં ગવાતાં હતાં કે, ભાઇ, અમે કરીએ છીએ પણ ખબર પડી કે આ તો બીઓટી ધોરણે થઇ રહ્યો છે, એટલે કેન્દ્રનો તો રૂપિયોય નથી આની અંદર, એવું છે. (અંતરાય) બધાં બધું સમજે છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા વીસ વર્ષથી આખો દેશ સાંભળી રહ્યો છે કે અમે ગંગાનું શુદ્ધિકરણ કરી રહ્યા છીએ, યમુનાનું શુદ્ધિકરણ કરી રહ્યા છીએ, અને આ બધું પેપર ઉપર, પેપર ઉપર રહ્યું અને ૫૫૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કર્યો, હજુ ગંગા મેલીને મેલી છે, યમુના પણ મેલીને મેલી છે, આજે ગુજરાતની અંદર આ અમદાવાદ શહેરની અંદરથી વહેતી સાબરમતી નદી આજે દશ જ વર્ષની અંદર ૧૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને આખા અમદાવાદની કાયાપલટ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. આ એકલી સાબરમતીની કાયાપલટ નથી થવાની (અંતરાય) કેન્દ્ર સરકારનો રૂપિયોય નથી, બધા શું કરવા કેન્દ્ર કેન્દ્ર કરી રહ્યાં છો? બીજી બાજુ, (અંતરાય) અને સભ્યશ્રીઓ આપની ઇચ્છા હોય તો લખજો, રૂપિયા આપણને મળે તો લખજો. મિત્રો, વડોદરાની વિશ્વામિત્રી નદીની પણ કાયાપલટ આ જ રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેતાજી સુભાષચંદ્ર બોઝે આઝાદીના આંદોલન સમયે આ દેશની જનતાને કહ્યું હતું કે, '' **તુમ મુઝે ખૂન દો, મૈં તુમકો આઝાદી દુંગા** '' અને આ એક વાકય આ નેતાજી સુભાષચંદ્ર બોઝ બોલ્યા ત્યારે મિત્રો, અંગ્રેજોના હાલહવાલ થઇ ગયા હતા અને આને જ કારણે દેશની અંદર એક જુવાળ પેદા થયો કે અમારે હિન્દુસ્તાનને ગુલામીમાંથી મુકત કરાવવું છે, અને દેશવાસીઓને એમણે પ્રેરિત કર્યા હતા. ગાંધીજી સાથે કામ કર્યું, સશસ્ત્ર ક્રાંતિ પણ એમણે કરી હતી. એ નેતાજી સુભાષચંદ્ર બોઝ એ ગુજરાતમાં પણ આવ્યા હતા અને સુરતની અંદર ૧૯૩૮ની અંદર હરીપુરાની અંદર કોંગ્રેસનું અધિવેશન ભરાયું હતું ત્યારે ચૂંટણી થઇ હતી અને એ ચૂંટણીની અંદર આ સુભાષચંદ્ર બોઝ ચૂંટણી જીતી ગયા હતા અને કોંગ્રેસના પ્રમુખસ્થાને બિરાજયા હતા, એમને યાદ કરીને ૧૯૩૮માં જયારે સુભાષચંદ્ર બોઝ હરીપુરાની અંદર આવ્યા હતા ત્યારે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઇ–ગ્રામ વિશ્વગ્રામનો જે પ્રોજેકટ શરૂ કર્યો હતો એ પ્રોજેકટનું લોકાર્પણ એ હરીપુરાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૯માં કર્યું હતું. ૨૦૦૯ની અંદર રાજયના ૧૮૦૦૦ ગામડાઓને બ્રોડબેન્ડ કનેકટીવીટીથી જોડીને આખાય ઇ–ગ્રામ વિશ્વ ગ્રામને ગ્રામ વિકાસ માટે આ કામ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા મંદિરમાં આકર્ષણનું કેન્દ્ર શું બન્યું? મારે વાયબ્રન્ટ ગુજરાતની વાત નથી કરવી પરંતુ મહાત્મા મંદિરમાં એક વિશેષ આકર્ષણ ઉભું કરી શકે એવું એક પ્રદર્શન યોજાયું. પ્રદર્શનનું નામ શું હતું? ગાંધી ટુ મહાત્મા, દક્ષિણ આફ્રિકામાં જયારે ટ્રેનના ડબ્બાની અંદરથી મહાત્મા ગાંધીને એમના

સામાન સાથે જયારે બહાર ફેંકી દીધા હતા, ત્યારે એ ગાંધીના મનની અંદર એક વિચાર આવ્યો કે જે રીતે મને આ ટ્રેનના ડબ્બાની અંદરથી અંગ્રેજોએ બહાર ફેંકી દીધો છે એવી જ રીતે હું હિન્દુસ્તાનની ધરતી ઉપરથી પણ અંગ્રેજોને બહાર ફેંકી દઇશ. એ મહાત્મા ગાંધી બાપુના આદર્શો સત્ય, અહિંસા, ભાતૃભાવ, શાંતિ, ત્યાગ, આત્મશુદ્ધિ, સ્વતંત્રતા, સમાનતા, સદ્ભાવના, એમના જે આ મૂલ્યો હતા એ મૂલ્યોને દૃશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને ઉજાગર કરવામાં આવ્યા. એમની જ સાથે સરદાર વલ્લભભાઇ પટેલ પણ સહયોગી બન્યા હતા અને એ સમયે બારડોલી સત્યાગ્રહની આગેવાની સરદાર વલ્લભભાઇ પટેલે લીધી હતી માટે સરદાર નામ પડ્યું હતું. એ જ રીતે ખેડા સત્યાગ્રહ થયો એમાં પણ એ આગેવાન હતા. ચંપારણનો સત્યાગ્રહ થયો. આ આખી આઝાદીની અંદર જે કોઇ ઘટનાઓ બની એ બધી જ ઘટનાઓ આ ગાંધી ટુ મહાત્માના પ્રદર્શનની અંદર નિરુપીત કરવામાં આવી. આપણા દેશની આઝાદીનો ઇતિહાસ કોઇને ખબર જ નથી અને આપણે આપણા બાળકોને શીખવતા પણ નથી. આ સરકાર રાજનીતિ નથી રમતી. દેશના યુવાનોમાં, બાળકોમાં દેશભક્તિ જાગે એના માટેનો પ્રયત્ન કરે છે અને આ એક કલાકના પ્રદર્શનની ઓછામાં ઓછાં ૨૫ લાખ લોકોએ મુલાકાત લીધી અને આપ ટીકા કરો છો કે આવા બધા પ્રદર્શનોમાં ખોટાં ખર્ચ આ રાજ્ય સરકાર કરી રહી છે, આ ખોટાં ખર્ચ નથી પરંતુ સાચા અર્થની અંદર આઝાદી મળી ત્યારે જો કોંગ્રેસે આવા કોઇ કાર્યક્રમો કર્યા હોત તો આજે આ ભ્રષ્ટાચાર ના ઉભો થયો હોત અને પ્રમાણિકપણે આખો દેશ ઉભો થયો હોત.

ભારતમાં એકતા અને અખંડિતતા કોણ લાવ્યું? તો સરદાર વલ્લભભાઇ પટેલે ૪૩૦ કરતાં વધારે રાજા-રજવાડાઓને એક કરીને અખંડ ભારતની ભેટ ધરી અને હિંદુસ્તાનને ભેટ આપી. એમના નામ સાથે જોડીને "સ્ટેચ્યુ ઓફ યુનિટી" ૧૮૨ ફૂટ ઉંચા કદનું સરદાર સરોવર પાસે મૂકવામાં આવે, એની પાછળ ખર્ચ કરવામાં આવે ત્યારે તમને તકલીફ પડે છે, સરદારનું નામ આવે ત્યારે તમને તકલીફ પડે છે એ હું સમજી શકું છું. કારણકે સરદાર જેવી એક ઉચ્ચ કોટિનો માનવીને પણ તમે લોકસભાના મંદિરની અંદર સ્થાન નહોતું આપ્યું એ અટલબિહારી બાજપાઇની સરકારમાં આ સરદાર વલ્લભભાઇ પટેલને લોકસભાના મંદિરની અંદર સ્થાન આપ્યું હતું. કવિ દર્શકના શબ્દોમાં, –

''શિક્ષણની કેવી ફસલ નીપજે છે, અહીં એક આખી ગઝલ નીપજે છે.'' કેટલાય સિદ્ધાંતો અને મૂલ્યો ભેગાં થાય ત્યારે એક આદર્શ શિક્ષક જન્મે છે અને આ દેશને ઘડવાનું કામ, એને સારા સંસ્કાર આપવાનું કામ શિક્ષક સિવાય કોઇ કરી શકતું નથી અને એટલા માટે જ શિક્ષકોની સજ્જતા માટે, શિક્ષકોની તાલીમ માટે આ રાજ્યની અંદર પહેલીવાર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ યુનિવર્સિટીની શરૂઆત કરનાર આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી છે. ૧૧ યુનિવર્સિટીઓ આપના સમયમાં અને આજે ૪૫ યુનિવર્સિટીઓ આ ગુજરાતની અંદર છે અને એમાં પણ ચીલાચાલુ યુનિવર્સિટી નહિ, પરંતુ ચીલ્ડ્રન યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, નેશનલ લો યુનિવર્સિટી, સ્પોર્ટ્સ યુનિવર્સિટી, આવી વિવિધ પ્રકારની યુનિવર્સિટીઓ આ રાજ્યની અંદર ઉભી કરીને ગુજરાતના અને બહારના લાખ્ખો વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનું કામ આ રાજ્ય સરકાર જ્યારે કરી રહી છે ત્યારે મારે કહેવું છે કે આ રાજ્યની અંદર મહિલા સાક્ષરતા દર ૨૦૦૧માં માત્ર ૫૭ ટકા હતો, દસ વર્ષના અથાગ પ્રયત્નો પછી આજે મહિલા સાક્ષરતાનો દર ૭૧ ટકા સુધી આ રાજ્ય સરકારે પહોંચાડ્યો છે. આવી ઘણી બધી વાત હું સભાગૃહ સમક્ષ કરી શકું તેમ છું પરંતુ સમયના અભાવે વધારે વાત ન કરતાં માનનીય નીતિનભાઇ જે બજેટ લઇને આવ્યા છે એ બજેટને હું સંપૂર્ણ સમર્થન આપું છું અને એ બજેટનો તમામ ઉપયોગ ૧૦૦ ટકા, એ રાજ્યની છ કરોડની પ્રજાના કલ્યાણ માટે થાય એના માટે અમે સતત પાંચ વર્ષ સુધી ઝઝૂમીને મહેનત કરીને અને સુંદર પરિણામો પ્રાપ્ત કરીશું જયહિન્દ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, ગુરૂવાર તારીખ ૭મી માર્ચ, ૨૦૧૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૭મી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૧૬, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજયમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન પર વેટનો દર**

* ૨૮૯૧ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને રાંધણ ગેસ પરના વેટના દરો શા છે, અને

(૧)

| **વિગત** | **વેટનો દર** |
|---|---|
| પેટ્રોલ | ૨૩% |
| ડીઝલ | ૨૧% |
| કેરોસીન (પી.ડી.એસ.) | માફી |
| કેરોસીન (ઈન્ડસ્ટ્રીયલ) | ૨૫ % + ૨.૫૦% વધારાનો વેરો |
| એલપીજી (ડોમેસ્ટીક) | માફી |
| પી.એન.જી (પાઈપ લાઈનથી ઘર વપરાશ માટે અપાતો ગેસ) | ૧૨.૫૦% + ૨.૫૦ વધારાનો વેરો |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજય સરકારને વેટ પેટે કેટલા રૂપિયાની આવક થઈ?

(૨)

| **વિગત** | **વેટની આવક (રૂ. કરોડમાં)** | | | |
|---|---|---|---|---|
| **વર્ષ** | **પેટ્રોલ** | **ડીઝલ** | **પી.એન.જી** | **કેરોસીન** |
| ૨૦૧૧ | ૧૭૩૪.૩૪ | ૩૬૬૦.૧૩ | ૨૫.૦૫ | ૨.૮૫ |
| ૨૦૧૨ | ૧૯૧૩.૪૪ | ૩૯૫૨.૧૮ | ૩૭.૨૪ | ૦.૪૭ |

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગુ છું કે આ રાજય સરકાર નંબર વન સરકાર છે ત્યારે પેટ્રોલ, ડીઝલ ઉપર વેટ લેવામાં પણ નંબર વન છે. મારો પ્રશ્ન એ છે કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ડીઝલ, પેટ્રોલના ભાવ વધવાના કારણે ડીઝલ ઉપર ભાવ વધવા પામેલ છે જેથી પ્રજા ઉપર જે ભારણ વધવા પામેલ છે તો બીજા રાજયની સરખામણીમાં આ રાજય સરકાર વેટ ઘટાડવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે, ઘર વપરાશનો ગેસ અને ભારત સરકાર તરફથી ફાળવવામાં આવતો એ.પી.એસ. ગેસ ભારત સરકારનો સૌથી વધારે ૩૦ ટકા ગેસ ફાળવવામાં આવે છે તે ગેસ ઉદ્યોગોને ફાળવવામાં આવે છે તે વાત ખરી છે? અને ત્રીજો પ્રશ્ન એ છે કે, વેટ સિવાય કોઇ સેસ કે અન્ય વેરો અન્ય રીતે દાખલ કરેલ છે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જસાભાઇનો હું આભાર માનું છું કે આ પ્રશ્ન એમણે પૂછ્યો, એટલા માટે કે ઘણા વખતથી ગુજરાતની અંદર કેટલાક હિત ધરાવતા તત્વો એવો અપપ્રચાર રાજય સરકારની સામે કરે છે કે, ગુજરાત રાજય એકલુ જ પેટ્રોલ અને ડીઝલ તેમજ અન્ય પેટ્રોલિયમ પેદાશો ઉપર વેટ વધારે લે છે અને બીજા રાજયો જાણે કોઇ જાતની વેટની આવક મેળવતા જ ન હોય એવું ચિત્ર વિધાનસભાની ચૂંટણી પહેલાથી સતત હેમરિંગ કરીને ઉભું કરવાનો પ્રયત્ન કર્યો હતો. આમેય જસાભાઇએ આ પ્રશ્ન ન પૂછ્યો હોત તો પણ હું આજે મારા બજેટ પ્રવચન વખતે આ વાત કહેવાનો હતો.

બીજો આભાર પણ હું એમનો એ માનું છું કે એમણે અન્ય રાજયની પણ આમાં સરખામણી કરવાની વાત કરી છે. તો પહેલા પ્રશ્નનો જવાબ હું આપીશ કે જે આ સન્માનનીય ગૃહ મારફત આખા ગુજરાતની પ્રજા સુધી હું પહોંચાડવા માગુ છું. હમણાં જ ભારત સરકારે પેટ્રોલમાં ૧.૫૦ રૂપિયાનો લિટરે વધારો કર્યો એ પછીના ભાવ, હવે તો વેબસાઇટો ઉપર દરેક રાજયના ભાવની માહિતી ઉપલબ્ધ છે એટલે અમારા ડિપાર્ટમેન્ટ મારફતે મે માહિતી મેળવી કે ભાઇ, આપણે ગુજરાતમાં ક્યાંય અન્ય રાજયો કરતા વધારે તો નથી લેતાને? એટલે છેલ્લામાં છેલ્લા ભાવ વધારા પછી દેશના અગત્યના મોટા શહેરોની અંદર પેટ્રોલ, ડીઝલના જે ભાવ છે એ હું આ સન્માનનીય સભાગૃહના સભ્યોને બતાવું છું જેથી બધાને ખ્યાલ આવે કે ક્યાં કેટલો ભાવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા અમદાવાદમાં બધા ટેક્સ સહિતનો, વેટ સહિતનો ભાવ ૧ લિટર પેટ્રોલનો ૭૪.૩૧ રૂપિયા છે, ડીઝલનો ૫૩.૩૯ રૂપિયા છે. કાલે અહીંયા જયપુરની વાત થઇ, એ આપણું પડોશી રાજય છે ત્યાં પણ ૧ લિટર પેટ્રોલનો ૭૪.૧૫ રૂપિયા ભાવ છે, કલકત્તા દેશનું જે મોટું મહાનગર ગણાય ત્યાં ૧ લિટર પેટ્રોલનો ૭૮.૩ રૂપિયા ભાવ છે, લખનૌમાં ૧ લિટર પેટ્રોલનો ૭૬.૨૧ રૂપિયા ભાવ છે, આપણું પડોશી રાજય મહારાષ્ટ્ર જયાં કોંગ્રેસની સરકારના આ લોકો બહુ વખાણ કરે છે એવા મુંબઇમાં ૧ લિટર પેટ્રોલનો ૭૭.૬૬ રૂપિયા ભાવ છે, પૂનામાં ૧ લિટર પેટ્રોલનો ૭૭.૯૨ રૂપિયા ભાવ છે અને પટણામાં ૧ લિટર પેટ્રોલનો ૭૫.૫૨ રૂપિયા ભાવ છે એટલે લગભગ ૨૦-૨૫ પૈસાનો ભાવનો ડીફરન્સ રાજયો વચ્ચે એટલા માટે છે, એની પણ મેં તપાસ કરી ઓઇલ કંપનીઓ પેટ્રોલ, ડીઝલની રીફાઇનરીથી જે તે શહેરમાં ડિલિવરી આપે એનું જે અંતર હોય અને જે ટેન્કરનું ભાડુ થાય છે એની સરખામણી આમાં એ લોકો ઉમેરી દેતા હોય છે. આ જોયા પછી આખા દેશની અંદર લગભગ પચીસેક પૈસાના ભાવની હેરફેર બાદ કરતાં તમામ જગ્યાએ ભાવો સરખાં છે. એટલા માટે મારે કહેવું પડે છે આ વિગત કે વેટ હોય કે મૂળ કિંમત હોય, ગ્રાહકને બન્નેનો ઉમેરો કર્યા પછીની કિંમત ચૂકવવાની હોય છે, એટલે બન્નેની કિંમત ભેગી કર્યા પછી હું ફરીથી કહું છું કે આખા દેશની અંદર પેટ્રોલ ડિઝલમાં પચીસ-પચાસ પૈસા કરતાં વધારે ફરક નથી પછી એ ભા.જ.પ. શાસિત રાજ્ય હોય કે કોંગ્રેસ શાસિત રાજ્ય હોય કોઇ જગ્યાએ ફરક નથી. હવે વેટના દરની વાત કરૂં. મધ્યપ્રદેશમાં પેટ્રોલમાં ૨૭ ટકા છે, ડિઝલમાં ૨૩ ટકા છે,

અધ્યક્ષશ્રી : એક મિનિટ.ત્રણ સવાલ પૂછયા છે, સાંભળો પહેલાં, ત્રણ સવાલ પૂછયા કે બીજા રાજ્યોની અંદર અને આપણા વચ્ચે શું ફેર છે, વેટની અંદર વધારો છે કે નહિ અને વેટમાં સેસ છે કે નહિ, પ્રશ્ન જે પૂછયા છે ત્રણ એના જ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :બધી વિગતવાર માહિતી આપું છું.

અધ્યક્ષશ્રી : બધી વિગતવાર માહિતી નથી જોઇતી પ્રશ્ન ૩ પૂછયા એટલાના જ જવાબ આપો તમે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પૂછેલી માહિતી આપુ છું. આપણા જે પાડોશી રાજ્યો છે ત્યાં જે વેટ છે એમાં મધ્યપ્રદેશમાં પેટ્રોલમાં ૨૭ ટકા છે, ગુજરાતની વાત કરીએ તો આપણે ત્યાં ૨૩ ટકા છે, મહારાષ્ટ્રમાં ૨૫ ટકા વત્તા લિટરદીઠ એક રૂપિયો સરચાર્જ, મુંબઇ, થાણે, નવી મુંબઇ, સોલાપુર, અમરાવતી, નાગપુર, ઔરંગાબાદ તથા નંદુરબારમાં ૨૬ ટકા વત્તા એક રૂપિયો એમ કરીને ૨૭ ટકા છે.

અધ્યક્ષશ્રી : હવે વેટ ઉપર સેસ છે કે નહિ તેનો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજસ્થાન કહી દઉં સાહેબ, રાજસ્થાનમાં પેટ્રોલમાં

અધ્યક્ષશ્રી : એક સવાલમાં છ - છ મિનિટ જાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજસ્થાનમાં પેટ્રોલમાં વેટનો ૨૬ ટકા દર છે, અને પ્રતિ કિલોલીટરે ૫૦૦ રૂપિયા સેસ છે એટલે ગુજરાત કરતાં અન્ય રાજ્યોમાં વેટ પણ વધારે છે અને વેટનો અને બધો સરવાળો કરીએ તો ગ્રાહકોને જે ચૂકવવું પડે છે એ આખા દેશની અંદર સરખું છે. એટલે વારંવાર જે વાત કરતા હતા કે વેટ ઘટાડો તો એનો જવાબ આ છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : મારા બે પ્રશ્નના જવાબ બાકી રહ્યા છે, એક જ પ્રશ્નનો જવાબ આપ્યો છે. ગેસ સૌથી વધારે ઉદ્યોગોને ફાળવી આપવામાં આવે છે અને વેટ સિવાય અન્ય સેસ લેવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : ગેસ વિશેનો એમનો જે સવાલ હતો.

શ્રી જસાભાઇ ભા. બારડ : એ લેવામાં આવે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એની પણ સ્પષ્ટતા કરી દઉં, પહેલાં તો ગેસ કેટલો ફાળવવામાં આવે છે એ પ્રશ્ન નાણાં વિભાગને લાગુ પડતો નથી. આ પ્રશ્ન વેટનો છે એના માટે ઉર્જામંત્રીશ્રીને અલગ નોટિસ આપશે તો એનો જવાબ ત્યાંથી મળી શકશે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : નેચરલ ગેસ ઉપર વેરાના દર કેટલા છે અને નેચરલ ગેસની આવક ક્યાંથી થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :આપણું ગુજરાત રાજ્ય આપણે કહીએ છીએ એ પ્રમાણે પ્રગતિશીલ રાજ્યની ગણતરીમાં એટલા માટે આવે છે કે, આપણે પેટ્રોલ ડિઝલ તો આપીએ જ છીએ પેટ્રોલિયમ પ્રોડક્ટસમાં..

અધ્યક્ષશ્રી : તમે એમના સવાલનો સીધો જવાબ આપજો. ગુજરાત રાજ્ય પ્રગતિશીલ રાજ્ય છે આ કોઇ પૂર્વભૂમિકા બાંધવાની જરૂર નથી. એમણે જેટલું પૂછયું એનો જ જવાબ આપો, કારણ કે બાકીના પણ પ્રશ્નો પૂછવાવાળા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :બીજા રાજ્યોમાં નેચરલ ગેસ ઓછો છે એટલા માટે મારે કહેવું પડે છે. નેચરલ ગેસ પી.એન.જી. અને સી.એન.જી. બન્ને પ્રકારના છે, પી.એન.જી. ગેસ ઘરોમાં હાઉસ કનેકશન ડોમેસ્ટિક આપીએ છીએ. આખા દેશમાં ગુજરાત રાજ્ય એવું પ્રથમ રાજ્ય છે કે જ્યાં ૧૧ લાખ ઘરોમાં પી.એન.જી. કનેકશન આપવામાં આવેલ છે. રાંધણગેસ તરીકે આપેલ છે. સી.એન.જી. ગેસ પેટ્રોલપંપ ઉપરથી પંપો દ્વારા વાહનો માટે આપવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે હમણાં એમણે ૨૩ ટકા ટેક્સ કીધો એમાં સેસ જે છે એ અલગ છે કે ભેગો છે? સેસ જો અલગ હોય તો એ કેટલા ટકા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાંથી જ્યારે ઓકટ્રોયની નાબૂદી કરવામાં આવી ત્યારે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ એ પણ સ્વાયત્ત સંસ્થા છે બંધારણીય સંસ્થાઓ છે એના પણ કાયદાકીય હક્ક છે, પણ ગુજરાતના ટ્રાન્સપોર્ટરો, વેપારીઓ, નાગરિકો એ બધાની સગવડ માટે

અધ્યક્ષશ્રી : સેસ કેટલા ટકા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું એ જ વિગત આપું છું. ઓકટ્રોય નાબૂદ કરી ત્યારે મહાનગરો, નગરપાલિકાઓને વિકલ્પરૂપે જે સરકારે આપવાની રકમ છે એ મેળવવા માટે આ સેસ નાંખવામાં આવેલ છે અને એ વર્ષોથી ચાલુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, સેસ કેટલા ટકા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :સાહેબ એક ટકો અને અઢી ટકા છે.

**ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના અમલીકરણ માટે લીધેલ પગલાં**

* ૨૩૧૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નવા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના અમલીકરણ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ અને | (૧) નવા ફુડ સેફ્ટી એક્ટના અમલીકરણ માટે,<br>● ફુડ બીઝનેશ ઓપરેટરો તથા જુદા જુદા વેપારી મંડળોને F S S A ના કાયદાની સમજણ આપવા માટે ફુડ સેફ્ટી કમિશ્નર/જિલ્લા અધિકારીશ્રીઓ દ્વારા જિલ્લા /તાલુકા કક્ષાએ વિવિધ સેમીનાર/ મીટીંગોનું આયોજન કરેલ છે.<br>● દરેક જિલ્લા તેમજ મહાનગરપાલિકાઓના ડેઝીગ્નેટેડ ઓફીસરોની નિમણૂંક કરી.<br>● રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાઓ હસ્તકની ખોરાક પ્રયોગશાળાના ફુડ એનાલીસ્ટો ને નોટીફાય કર્યા.<br>● એરીયાને ડીસ્ટ્રીક તરીકે જાહેર કર્યા. |

| | |
|---|---|
| ૨૦૧૨-૧૩માં તા. ૩૧-૧-૧૩ સુધીમાં કયા કયા પગલાં ભરેલ છે, અને | • બે સંયુક્ત કમિશ્નરોને એડજ્યુડીકેટીંગ અધિકારી તરીકે નોટીફાય કર્યા.<br>• મોબાઈલ ટેસ્ટીંગવાન તથા પ્રદર્શન વાન શરૂ કરવામાં આવી.<br>• ટ્રીબ્યુનલ સ્થાપવા માટે કાર્યવાહી કરવામાં આવી.<br>• પ્રજાની જો કોઈ ફરિયાદ હોય તો તે માટે ટોલ ફ્રી નંબર-૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ તથા http//gujhealth.gov.in/complaint-feedback-public-htm વેબસાઈટ શરૂ કરવામાં આવી. |
| (૨) આ માટે કેટલી નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી છે? | (૨) ૧૨૫ જગ્યાઓ. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું જાણવા માંગુ છું કે, જે ૧૨૫ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે તેની સંવર્ગવાર મને માહિતી મળે અને આ જગ્યાઓમાંથી કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે ? તેમજ બાકીની જે જગ્યાઓ ખાલી છે તેની શું કાર્યવાહી ચાલી રહી છે ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૨૫ જગ્યાઓ ઉભી કરવામાં આવેલી છે તેમાંથી ૨૦૧૧-૧૨માં ૫૦ જગ્યાઓ ઉભી કરી છે અને ૨૦૧૨-૧૩માં ૭૫ જગ્યાઓ. જેમાં પ્રિસાઇડીંગ ઓફિસર વર્ગ-૧ની ૧ જગ્યા, રજિસ્ટ્રાર વર્ગ-૨ની ૧ જગ્યા, સિનિયર ફૂડ સેફટી ઓફિસર વર્ગ-૨ની ૧૯ જગ્યા, ફૂડ સેફટી ઓફિસર વર્ગ-૩ની ૨૫ જગ્યા, કલાર્ક-૧, સ્ટેનોગ્રાફર વર્ગ-૩ની ૧ જગ્યા અને પટાવાળાની ૨ જગ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે ભરવાની કાર્યવાહીની વાત કરી તેમાં પ્રિસાઇડીંગ ઓફિસર વર્ગ-૧ છે તે જયારે અમદાવાદ ખાતે ટ્રિબ્યુનલની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવેલ છે અને ભરતી નિયમોનું આખરીકરણ થયેથી જગ્યા ભરવામાં આવશે. રજિસ્ટ્રાર વર્ગ-૨ જે છે તે જગ્યાઓ પ્રતિનિયુકિતથી ભરવાનું પ્રાથમિક ધોરણે નક્કી કરવામાં આવેલ છે અને આખરીકરણ થયેથી જગ્યા ભરવામાં આવશે. સાથે સાથે સિનિયર ફુડ સેફટી ઓફિસર વર્ગ-૨ કે જેની ૧૯ જગ્યાઓ છે અને તે ૧૯એ ૧૯ જગ્યાઓ ભરી નાંખવામાં આવેલી છે. ફુડ સેફટી ઓફિસર વર્ગ-૩ની જે ૫૦ જગ્યાઓ છે તેમાં ૨૦૧૧-૧૨માં ૨૫ અને ૨૦૧૨-૧૩માં ૨૫ એમ કુલ-૫૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલી. હાલ ૨૮ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ૨૨ જગ્યા ગૌણ સેવા પસંદગી મંડળના કાર્યક્ષેત્રમાંથી બહાર કાઢી ખાતાકીય પસંદગી સેવા સમિતિ દ્વારા ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬નો અમલ થયા પહેલાં અમલીકરણના ભાગરૂપે સરકારશ્રીએ કયા કયા પગલાં લીધાં?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ રાજયમાં ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટની જોગવાઇઓને ધ્યાનમાં રાખીને ખાદ્ય ચીજના વેચાણ માટે ઉત્પાદન કરતી વખતે સ્વચ્છતા બાબતે, આ ઉત્પાદન કરતા મનુષ્યોના આરોગ્ય વિશે, આ ઉત્પાદન દરમિયાન વપરાતા સાધનોની સ્વચ્છતા અને ચોખ્ખાઇ બાબતે ફેરિયાઓનો સેમિનાર યોજી સંપૂર્ણ માર્ગદર્શન આપેલ છે. જયારે ભારત સરકારના પહેલા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ચેર પર્સન શ્રી પી.જે.સુવર્ધને આ રાજયની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ જયારે પણ આ દેશમાં અમલમાં આવે ત્યારે તેના અમલીકરણ માટે રાજય સરકાર દ્વારા જે માળખું તૈયાર કરવામાં આવેલ હતું તે માળખા વિશે સંપૂર્ણ જાણકારી આપવામાં આવેલ અને આ માળખાથી તેઓ

સંપૂર્ણ રીતે સંતુષ્ટ થયેલ હતા અને આ માળખા પ્રમાણે બાકીના રાજયોને પણ પોતાના રાજયોમાં તૈયારી કરવા માટે જણાવેલ. જયારે સાહેબ ભારત સરકારના હાલના ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ચેર પર્સન શ્રી પી.ચંદ્રમૌલિય ગુજરાત રાજયની મુલાકાત લીધેલ. તે સમયે અમદાવાદમાં આવેલ લો ગાર્ડન, ખાણી પીણી બજાર...

અધ્યક્ષશ્રી : માનનીય પરબતભાઇ, બહુ વર્ણન કરવાની જરૂર નથી. તેમનો જે સવાલ છે તેનો ટૂંકમાં જવાબ આપો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે સાહેબ ભારત સરકારના ચેર પર્સને ફરીથી પણ કહ્યું કે જે ગુજરાતે અમલ કર્યો છે એ સમગ્ર દેશમાં આનો અમલ કરવો.

**રાજય સરકારે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી લીધેલ બેંક ઓવરડ્રાફ્ટ**

* ૨૧૪૫ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) સરકારે તે પેટે કેટલું વ્યાજ ચૂકવ્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માઘ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવર ડ્રાફ્ટ લેવામાં આવ્યો? પ્રશ્ન ૨, રાજય સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં છેલ્લી સ્થિતિએ બે વર્ષમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલો ઓવરડ્રાફ્ટ મેળવેલ છે અને કેટલું વ્યાજ ચૂકવેલ છે?

અધ્યક્ષશ્રી : એ જવાબ તો છાપ્યા મુજબ આપેલ જ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : છતાં મારે કહેવું છે કે ગુજરાત રાજયની સમૃદ્ધિ, વિકાસ અને પ્રગતિ એ નાણાકીય બેઇઝથી જોવાતી હોય છે, રાજયની આર્થિક સદ્ધરતા ખૂબ અગત્યની છે. આ સરકારમાં ભૂતકાળમાં જે પારદર્શી વહીવટ થયો છે તેને કારણે ગુજરાતમાં આપણે કોઇ ઓવરડ્રાફ્ટ છેલ્લા સાત–આઠ વર્ષથી લેવો પડયો નથી. ૨૦૦૪–૦૫થી આપણે ઓવરડ્રાફટ લેવો પડયો નથી અને કોઇ પણ જાતનું વ્યાજ પણ ચૂકવવું પડયું નથી.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : હું જાણવા માગું છું કે છેલ્લા ૩ વર્ષમાં રાજય સરકારે કેટલીવાર અને કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી ઓવરડ્રાફટ લેવો પડે એ રાજય સરકારની મજબૂરી હોય છે. ભારત સરકારના અને રિઝર્વ બેંકના કાયદા પ્રમાણે રિઝર્વ બેંક એ રાજય સરકારની બેંકર છે, રાજય સરકારના તમામ એકાઉન્ટ ઉપર રિઝર્વ બેંક વોચ રાખે છે અને અંકુશ રાખે છે અને રાજયની નાણાકીય સ્થિતિની ચોક્કસતાથી દેખરેખ રાખે છે. રાજયનું બેલેન્સ ઓછું થાય, પુરાંત ન હોય તો ટેમ્પરરી રાજય સરકારની માગણી પ્રમાણે રિઝર્વ બેંક તરફથી .....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સાધનોપાય શું છે તેની ડેફીનેશન વર્ણવવાની જરૂર નથી. સાધનોપાય કેટલીવાર લીધી છે એ સવાલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાધનોપાય કોઇ લોન લેવી પડી નથી, તે પછી સ્પેશ્યલ હોય કે ખાસ હોય કે સામાન્ય હોય, જયારે ઓવરડ્રાફટ તો ત્રીજો તબકકો આવે છે. એટલે ઓવરડ્રાફટ તો દૂર રહ્યો આપણે સાધનોપાય પણ લેવી નથી પડી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે સરકારે જો બજારમાંથી લોન લીધી હોય તો બજારમાંથી લોન લીધી તેના કરતા ઓવરડ્રાફટ લીધો હોત તો તેનું વ્યાજ ઓછું થાત તે વાત

સાચી છે? અને બીજું કે બજારમાંથી લોન લીધી તેના કારણે ઓવરડ્રાફ્ટ લેવો પડયો નથી અને તેના કારણે રાજય સરકારને વધુ વ્યાજ ચૂકવવું પડયું છે તે વાત સાચી છે?

અઘ્યક્ષશ્રી : લોનને બદલે ઓવરડ્રાફ્ટ લીધો હોત તો વ્યાજ ઓછું થાત?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તો પ્રોફેસર છે....

અઘ્યક્ષશ્રી : એટલે જ આવું પૂછે છે ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ઓવરડ્રાફ્ટ એ અલગ વસ્તુ છે. અને ગુજરાત સરકારની સિલકમાં કોઇ ઘટાડો નથી થયો કે જેથી ઓવરડ્રાફ્ટ લેવો પડે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અઘ્યક્ષશ્રી, આ જવાબમાં એવું બતાવેલ છે કે તા. ૩૧–૧ર–ર૦૧રની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એકપણ વખત રિઝર્વ બેંક પાસેથી ઓવરડ્રાફ્ટ લીધો નથી. વર્ષ–ર૦૧૩ના બજેટ પબ્લિકેશન બૂકના પાના નંબર ૩૦ ઉપર કોલમ પ માં દર્શાવ્યા મુજબ નાણાકીય વર્ષ ર૦૧ર–૧૩માં લખેલ છે કે "That means advance as O.D. through R.B.I .", એક વખત ઓવરડ્રાફ્ટ લીધો છે. એવું ગુજરાત સરકારના આ બજેટ પબ્લિકેશનના પેઇઝ નંબર ૩૦ ઉપર બતાવ્યું છે. તેથી મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે આ પબ્લિકેશન ખોટું છે કે અહીં આપેલો જવાબ ખોટો છે?

અઘ્યક્ષશ્રી : સાચું શું છે તે કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, જયારે બજેટ બને ત્યારે કોઇ પણ કામ માટે બજેટમાં ટોકન જોગવાઇ કરવી પડે. સમજી લો કે ર૦૦૪–૦પ થી લેવો જ નથી પડયો, પણ કોઇ અનહોની થઇ જાય, કોઇ એવા સંજોગો ઉભા થાય તો લેવો પડે, અને તેના માટે આ બજેટમાં ટોકન જોગવાઇ ૧ રૂપિયાથી માંડીને અમુક રકમ તો મૂકવી પડે તે મૂકવી જ પડે, પણ એકપણ વખત લીધો નથી અને અમારા પૂર્વ નાણામંત્રીશ્રીનું એટલું સરસ આર્થિક વ્યવસ્થાપન હતું જે મને વારસામાં મળ્યું છે, તેથી મારે પણ કદી ઓવરડ્રાફ્ટ ન લેવો પડે તેવો સરસ વારસો મને અમારા પૂર્વ નાણા મંત્રીશ્રીએ આપ્યો છે.

**રાજય સરકારે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી લીધેલ બેંક ઓવરડ્રાફ્ટ**

* ર૩૪૩ **શ્રી જેઠાભાઈ દા. સોલંકી(કોડીનાર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકાર દ્વારા તા. ૩૧–૧ર–ર૦૧રની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (ર) સરકારે તે પેટે કેટલું વ્યાજ ચૂકવ્યું ? | (ર) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અઘ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક –૩ અને પ્રશ્ન ક્રમાંક–૪ એકજ પ્રશ્ન છે એટલે એકને એક પ્રશ્ન બીજી વખત ચર્ચાય નહિ. એટલે માનનીય સભ્યશ્રીને ફકત મુવ કરવાની જ પરવાનગી આપવામાં આવી છે.

**અમદાવાદ ખાતેની મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને અદ્યતન બનાવવાની યોજના**

* ર૩૦૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧ર–ર૦૧રની સ્થિતિએ અમદાવાદ ખાતેની સરકારી મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને અદ્યતન બનાવવા માટેની રાજય સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (ર) જો હા, તો આ યોજના અંતર્ગત તા ૩૧–૧ર–ર૦૧રની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ કામગીરીઓ | (ર) આ યોજના અંતર્ગત તા. ૩૧–૧ર–ર૦૧રની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (અ) હયાત મકાનમાં |

| | |
|---|---|
| કરેલ છે, અને | બાળવિભાગ, સ્ત્રી–પુરૂષ વોર્ડ, પંચકર્મ વિભાગમાં ફલોરીંગ, વિદ્યુતીકરણ, બારી દરવાજા, પ્લાસ્ટરીંગ રંગ રોગાન કરવામાં આવેલ જયારે (બ) નવીન બ્લોકના બાંધકામ હેઠળ ગ્રાઉન્ડ તથા ફર્સ્ટ ફ્લોરના બાંધકામમાં ઓ.પી.ડી. રૂમ, કન્સલ્ટીંગ રૂમ કેસ પેપર, એક્ષરે રૂમ, ડ્રેસીંગરૂમ, ટેકનીશ્યનરૂમ, એમ.આર.આઈ.રૂમ, રીકવરીરૂમ, સ્ટોરરૂમ તથા સેમી સ્પેશ્યલરૂમ વિગેરેનું બાંધકામ કરવામાં આવેલ છે. આ નવીન બિલ્ડીંગમા લીફ્ટની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ નવા તથા જુના બિલ્ડીંગને જોડતો વોક વે બનાવવામાં આવેલ છે. |
| (૩) આ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૩૧૪.૪૬ લાખ. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : હોસ્પિટલ વિકાસની શી યોજના છે, મારો બીજો પ્રશ્ન છે કે રાજયની બીજી આયુર્વેદિક હોસ્પિટલોને આ રીતે અદ્યતન બનાવવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : અમદાવાદ ખાતેની શ્રીમતી મણીબેન અમૃતલાલ હરગોવિંદદાસ સરકારી આર્યુર્વેદિક હોસ્પિટલને સેન્ટર ઓફ એકસલન્સ ન્યુરોલોજી ડીસ ઓર્ડર તરીકે વિકસાવી મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ તરીકે વિકસાવવાની યોજના રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવનાર છે. જેમાં પક્ષઘાત, શ્રવણઘાત, પંગુ જેવા ન્યુરોલોજીકલ ડીસ ઓર્ડર જાતના રોગોની અદ્યતન ટ્રીટમેન્ટ તેમજ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવનાર છે. રાજય સરકાર દ્વારા બાંધકામ માટે સન ૨૦૦૯–૧૦માં રૂપિયા ૯૦ લાખ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૨ કરોડ તેમજ વર્ષ ૨૦૧૧–૧૨માં ૧. ૩૬ કરોડ મળીને કુલ ૪.૨૬ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હયાત મકાનમાં બાળ વિભાગ, સ્ત્રી પુરૂષ વોર્ડ, પંચકર્મ વિભાગમાં ફ્લોરીંગ, વિદ્યુતીકરણ, બારી દરવાજા, પ્લાસ્ટરીંગ રંગ રોગાન કરવામાં આવેલ જયારે નવીન બ્લોકના બાંધકામ હેઠળ ગ્રાઉન્ડ તથા ફર્સ્ટ ફલોરના બાંધકામમાં ઓ.પી.ડી. રૂમ, કન્સલ્ટીંગ રૂમ કેસ પેપર, એકસ–રે રૂમ, ડ્રેસીંગરૂમ, ટેકનિશીયનરૂમ, એમ.આર.આઇ. રૂમ, રીકવરીરૂમ, સ્ટોરરૂમ તથા સેમી સ્પેશ્યલરૂમ વિગેરેનું બાંધકામ કરવામાં આવેલ છે. આ નવીન બિલ્ડિંગમાં લીફટની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ નવા તથા જૂના બિલ્ડિંગને જોડતો વોક વે બનાવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : આ બધુ વાંચવાની જરૂર નથી. તમે બીજી આવી હોસ્પિટલો કરવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ ફકત મણીબેન હોસ્પિટલ પૂરતો જ સવાલ છે.

ડો. અનિલ જોષીયારા : હોસ્પિટલ એટલા માટે અદ્યતન કરવામાં આવે છે કે દર્દીઓને સારી સુવિધા મળે. એક હોસ્પિટલને અદ્યતન બનાવવામાં આવી તો એની અંદર ડોકટરોના મહેકમમાં વધારો કર્યો છે કે કેમ, અને અત્યારે ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : ડોકટરોની વાત છે એમાં રાજય સરકારના વખતો વખત નિયમ પ્રમાણે વધારો થાય છે પરંતુ આપે જગ્યાની વાત કરી છે ત્યારે આ હોસ્પિટલની અંદર મોટા ભાગે મહેકમ છે એમાં વર્ગ–૧ની તમામ જગ્યા ભરેલી છે, વર્ગ–૨ની ૧૦માંથી ૮ જગ્યાઓ ભરેલી છે. વર્ગ–૩ની ૫૪ જગ્યામાંથી ૪૨ જગ્યાઓ ભરેલી છે. વર્ગ–૩ની ભરવાપાત્ર ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. વર્ગ–૪ની ૨૯ જગ્યા ભરેલી છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : રાજયની આયુર્વેદિક હોસ્પિટલ બનાવવા સંદર્ભે નાણાકીય જોગવાઇ સહિત શું આયોજન કરેલા છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ રાજય સરકાર દ્વારા બાંધકામ માટે વર્ષ ૨૦૦૯–૧૦માં ૯૦ લાખ રૂપિયા. ૧૦–૧૧માં બે કરોડ, વર્ષ ૧૧–૧૨માં ૧.૩૬ કરોડ મળી કુલ ૪.૨૬ કરોડ મંજૂર કરવામાં આવેલ

છે અને સાથે સાથે ૨૧ કરોડ બાંધકામ પેટે મંજૂર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ બે વર્ષમાં ૩૧૪.૪૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું જાણવા માગું છું કે મણીબેન આયુર્વેદિક હોસ્પિટલ એક ઉત્તમ પ્રકારની હોસ્પિટલ છે. તેમાં કેટલી પથારીની વ્યવસ્થા છે? અને પથારીમાં કેટલા ટકા ઓકયુપન્સી રહે છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : મણીબેન હોસ્પિટલમાં નવા બ્લોકના બાંધકામની કામગીરી કરવામાં આવેલી છે. તેમાં તમામ ક્ષેત્રે જે અધિક્ષકો છે, જુદા જુદા બધા જ પ્રકારની આયુર્વેદિક સારવાર મળે તેના માટે વૈદ્ય પંચકર્મ વર્ગ–૧, વૈદ્ય ક્ષારસૂત્ર વર્ગ–૧, આર.એમ.ઓ., મેડીકલ ઓફિસર, bone setter, physiotherapy વર્ગ–૨, આ રીતે જે સેવાઓ આપવાની છે કે આરોગ્યના ક્ષેત્રમાં રાજય સરકારે જે નકકી કરેલું છે અને સાથે સાથે દિલ્હીની મેડીકલ કાઉન્સીલ તેને મંજૂરી આપે છે એ મુજબના બધા જ કામો આ હોસ્પિટલમાં થાય છે અને જેથી કરીને જાન્યુઆરી–૨૦૧૨થી ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં ઓ.પી.ડી. વિભાગમાં બહારના દર્દી તરીકે ૬૫,૦૮૨ દર્દીઓ તેમજ ઇન્ડોર દર્દી તરીકે ૪૮,૩૩૮ દર્દીઓએ સારવાર લીધેલી છે અને પંચકર્મની સઘન સારવાર આ હોસ્પિટલમાં આપવામાં આવે છે એ આ હોસ્પિટલની વિશેષતા છે અને પક્ષઘાતના દર્દીઓમાં પણ ઉત્તમ પરિણામ મળેલા છે..

અધ્યક્ષશ્રી : બસ,બસ.. સાંભળીને હોસ્પિટલમાં દાખલ થવું પડશે એટલું બધું છે, પ્રશ્ન ક્રમાંક–૬.

**એન.એ.બી.એલ. ધરાવતી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રયોગશાળાઓ**

* ૨૧૩૨ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજયની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કેટલી પ્રયોગશાળાઓ એન. એ.બી.એલ. ધરાવે છે, અને | (૧) ૨ (બે) |
| (૨) બાકીની પ્રયોગશાળાઓ માટે એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મેળવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) બાકીની પ્રયોગશાળાના નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાત રાજયમાં સરકારની ખોરાક અને ઔષધ નિયમન માટેની કેટલી પ્રયોગશાળા છે અને કયાં છે? તેમાંથી એન.એ.બી.એલ. ધરાવતી કેટલી છે? અને બાકીની પ્રયોગશાળાના એન.એ.બી.એલ. મેળવવા માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજયમાં ગુજરાત સરકારની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ત્રણ પ્રયોગશાળાઓ છે. જે વડોદરા, ભૂજ અને રાજકોટમાં છે. વડોદરા ખાતેની ખોરાક અને ઔષધ પ્રયોગશાળા જે સમગ્ર દેશમાં પ્રથમ એન.એ.બી.એલ. ધરાવે છે. ભૂજ ખાતેની પ્રાદેશિક પ્રયોગશાળા પણ એન.એ.બી.એલ. ધરાવે છે અને રાજકોટ ખાતેની જે પ્રયોગશાળા છે એના માટે રાજય સરકાર તરફથી કાર્યવાહી કરવાનું ચાલુ છે. કારણ કે જયારે તેનું નવું મકાન બાંધવામાં આવે છે, એટલે મકાન બાંધ્યા પછી જ એની કાર્યવાહી ચાલુ થાય, એના માટે જે કાર્યવાહી થઇ છે એમાં એન.એ.બી.એલ.ની ગાઇડલાઈન, ISO, IEC 17025 2005 મુજબ Quality Manager and Technical Manager ની નિમણૂક કરવામાં આવેલ છે. સાથે સાથે quality manual અને safety manual તૈયાર કરી દેવામાં આવેલ છે. ૨૦૧૧–૧૨માં Internal and Intra laboratory quality assurance programme કરવામાં આવેલ છે. Repeated and periodic ને લગતી કામગીરી વર્ષ ૨૦૦૯થી શરૂ કરી દેવામાં આવેલી છે. Determination of Measurement uncertainty for a particular parameter ને લગતી ટેકનિકલ કામગીરી શરૂ કરી દેવામાં આવેલી છે. પ્રયોગશાળાના વૈજ્ઞાનિકોને એન.એ.બી.એલ.ને લગતી તાલીમ માટે જયપુર ખાતે યોજાનાર તાલીમ

વર્ગમાં મોકલવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે અને એન.એ.બી.એલ.ની કામગીરી માટે નિભાવવા પડતા તમામ રજિસ્ટરો અને ફાઇલો તૈયાર કરી દેવામાં આવેલ છે અને નિયત કરવામાં આવેલ સ્કોપ મુજબ Standard Operating Test Procedure તૈયાર કરી દેવામાં આવેલ છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે રાજયની એન.એ.બી.એલ. ધરાવતી પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ માટેની મંજૂરી મળેલ છે અને કયારે મળેલ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા ખાતેની ખોરાક અને ઔષધ પ્રયોગશાળાને ઔષધના ૨૬૭ અને ખોરાકના ૭૩, કુલ ૩૪૦ ટેસ્ટ માટેની મંજૂરી મળી છે અને કેમિકલ ટેસ્ટ માટે તા. ૬–૬–૨૦૦૮ અને બાયોલોજી ટેસ્ટ માટે તા. ૧૮–૬–૨૦૦૮થી મંજૂરી મળેલ છે. ભૂજ ખાતેની પ્રાદેશિક ખોરાક પ્રયોગશાળાને ૧૩ ટેસ્ટ માટે તા. ૧૯–૮–૨૦૧૧થી મંજૂરી મળેલ છે.

શ્રી અશોકકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એનએબીએલ એટલે શું અને એ સર્ટિફિકેટ કઇ એજન્સી પાસેથી મળે છે અને એ મેળવવા માટે ક્યાં અરજી કરવી પડે છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એન.એ.બી.એલ. એટલે નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબરેશન લેબોરેટરી. એન.એ.બી.એલ. ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યુ દિલ્હી દ્વારા આપવામાં આવે છે. એન.એ.બી.એલ. સર્ટીફિકેટ મેળવવા માટે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની નવી દિલ્હી ખાતે ઓફિસ છે. ત્યાં અરજી કરવાની હોય છે.

શ્રી જીતેન્દ્ર સુખડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ ખોરાકના નમૂનાઓની તપાસ થાય છે. એ માટે કઇ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં પ્રયોગશાળાઓને મંજૂરી આપી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ ખોરાકના નમૂનાઓની તપાસ માટે સુરત, વડોદરા અને અમદાવાદ આ ત્રણ મહાનગરોમાં લેબોરેટરી આપેલ છે અને રાજ્ય સરકારની વડોદરા, રાજકોટ અને ભુજ આ ત્રણ જગ્યાએ પ્રયોગશાળાઓ છે.

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ**

* ૨૧૧૭ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા કોઈ રકમ મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ પીએચસી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરાવવા માટેના માપદંડો શું છે? પીએચસી. ચલાવવા માટે જરૂરી સ્ટાફ ભરવા માટેની પેટર્ન કઇ છે અથવા ક્યા પ્રકારના ધારા ધોરણો છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌના આરોગ્યને ધ્યાને લઇને ગ્રામ્ય આરોગ્યના માળખાને સુદ્રઢ કરવા માટે દર ૩૦૦૦૦ની વસ્તીએ એક પ્રાઇમરી હેલ્થ સેન્ટર આપવામાં આવે છે અને આદિજાતિ વિસ્તારમાં ૨૦૦૦૦ની વસ્તીએ એક પ્રાઇમરી હેલ્થ સેન્ટર આપવામાં આવે છે. સાથોસાથ રાજયમાં ૧૦૦૦૦ની વસ્તીએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવામાં આવે છે. એમના બીજા પ્રશ્નના જવાબમાં

જણાવવાનું કે, આમાં ભરતી માટે જુદી જુદી જગ્યાએ સામાન્યતઃ સ્ટાફીંગ પેટર્ન એ છે કે, પીએચસીમાં ૯ની અને આદિજાતિ વિસ્તારમાં પ્રાઇમરી હેલ્થ સેન્ટરમાં ૧૨નો સ્ટાફ હોય છે. આ ભરતી માટે પ્રાઇમરી હેલ્થ સેન્ટર જિલ્લા પંચાયત અન્ડરમાં ચાલતું હોય ત્યાં વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓની ભરતી જિલ્લા પંચાયતના માધ્યમથી થાય છે અને વર્ગ–૨ના મેડિકલ ઓફિસરની ભરતી રાજય સરકાર દ્વારા દર અઠવાડિયે વોક ઇન ઇન્ટરવ્યૂ દ્વારા થાય છે. આજે વર્ગ–૨ના બધા જ ડોકટરોની ભરતી વોક ઇન ઇન્ટરવ્યૂના માધ્યમથી થાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ભાવનગર જિલ્લા બાબતમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે? મંત્રીશ્રીએ ના પાડી છે. મારે એ જાણવું છે કે, ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન બનાવવા માટેની જરૂરિયાત હતી કે કેમ? હા કે ના. બીજો પ્રશ્ન, વસ્તીના ધોરણે જે ફાળવણી કરવામાં આવે છે એમાં ભાવનગર જિલ્લામાં જે વસ્તી છે એ વસ્તીની દૃષ્ટીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઘટ છે કે પૂરતી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને જે જવાબ આપ્યો છે એ બરાબર છે. એક વર્ષમાં એટલે છેલ્લા વર્ષની વાત હતી. અગાઉના વર્ષમાં ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામ માટે આની અંદર જોગવાઇ થયેલ છે અને એના કામો ક્યાં સુધી પહોંચેલા છે તો એમાં જણાવવાનું કે, આની વિગતો સભ્યશ્રીને જોઇતી હોય તો હાલ જ આપી દઉં. માનનીય અધ્યક્ષશ્રી, ઉંટડી, ઉંડવી, મોટાસરણા, સરતાનાપર, તણસા, મોરચંદ, પીછલપુરની કુંઢેલી એમ કુલ ૪૨૬ લાખ અને ૩૬ હજાર જે રકમ મંજૂર થઇ અને એમાં ૧૫૦ લાખ અને ૧૬હજારની ..

અધ્યક્ષશ્રી : પરબતભાઇ એ જવાબ આવી ગયો, પણ એમ કહે છે કે જયાં જરૂરત છે એવું હજી તમારા માપ પ્રમાણે કોઇ વસ્તી પ્રમાણે કેન્દ્ર બાંધવાનું બાકી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ સરકારી મકાનો છે એ બધા સરકારી મકાનોમાં જ અમારી હોસ્પિટલો બેસે છે. નવા મકાનો પણ આપ્યા છે અને એની અંદર એક જ મહુવાનું કે જેને કાર્યાન્વિત કરવાનું બાકી છે. જે ૪૯ છે એની અંદરથી ૪૮ અમારા સરકારી મકાનમાં બેસે છે અને એક મહુવાનું જ કાર્યાન્વિત કરવાનું બાકી છે. જરૂરિયાત પ્રમાણે જે ૨૦૦૧ની વસ્તી પ્રમાણે ૫૧ જોઇએ એની સામે ૪૯ આપણે ઓલરેડી આપી દીધા છે.

**રાષ્ટ્રીય/રાજય ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘવાયેલ લોકો માટે તાત્કાલિક સારવારની વ્યવસ્થા**

* ૨૩૧૯ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજયમાં રાષ્ટ્રીય/રાજય ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘવાયેલ લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સરકારે કોઈ વ્યવસ્થા ઊભી કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તેની વિગતો શી છે ? | (૨) રાજયમાં રાષ્ટ્રીય/રાજય ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘવાયેલ લોકોને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે નીચે મુજબની વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે.<br>● વર્ષ–૨૦૦૭ થી ૧૦૮ ઇમરજન્સી સેવા શરૂ કરવામાં આવેલ છે. તે પૈકી ૨૦૦ જેટલી એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત છે.<br>● ૧૩ ટ્રોમા સેન્ટર કાર્યરત છે.<br>● ૨૦ હોસ્પિટલો ખાતે આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત છે. |

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી મારા પ્રશ્નના જવાબમાં ૧૩ ટ્રોમા સેન્ટર ચાલુ કર્યા છે કઇ કઇ જગ્યાએ અને અત્યારની પરિસ્થિતિ પ્રમાણે ખૂબ જ ઉત્તમ સેવા શરૂ કરવામાં આવેલી છે પરંતુ દિવસે

દિવસે વાહનો વધતા જાય છે અને જે કંઇ નવા વાહનો બનતા જાય છે એના પીકઅપ એક થી એક ચઢિયાતા બનતા જાય છે તો એને માટે ભાવિ આયોજન શું છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં રાષ્ટ્રીય/રાજય ધોરી માર્ગો પર થતા અકસ્માત સમયે ઘવાયેલાઓને ગોલ્ડન અવર દરમ્યાન તાત્કાલિક સારવાર મળી રહે તે માટે રાજયની હોસ્પિટલો ખાતે નિષ્ણાત તબીબો અને આધુનિક તબીબી ઉપકરણો સહિતનું ટ્રોમા સેન્ટર શરૂ કરવાનું આયોજન છે. સાથે સાથે ૧૦૮ની સેવા, આઇ.સી.યુ. ઓન વ્હીલ અને હાલ રાજયની જે ૧૩ હોસ્પિટલો છે કે જેમાં ટ્રોમા સેન્ટર ઓલ રેડી ચાલુ થઇ ગયેલા છે એમાં અમદાવાદ, નડિયાદ, સોલા, વડોદરા, સુરત, વલસાડ, હિંમતનગર, મહેસાણા, પાલનપુર, અમરેલી, રાજકોટ, જામનગર અને ભાવનગર આ ચાલુ થઇ ગયા છે. અને જે સાત હોસ્પિટલો છે કે જેમાં ભરૂચ, લીમડી, પોરબંદર, જેતપુર, મોરબી, રાધનપુર અને ભચાઉ ખાતેના ટ્રોમા સેન્ટરો ચાલુ કરવાનું આયોજન છે.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ રાજય ધોરી માર્ગોના અકસ્માતમાં જે બચાવવા માટે ૧૦૮ની યોજના કયારે શરૂ કરવામાં આવી અને એ ૧૦૮ યોજનાના કારણે કેટલા માનવીના જીવો આ યોજના શરૂ કર્યા પછી આપણે બચાવી શકયા છીએ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાઃ ૨૯-૮-૨૦૦૭થી આ યોજના શરૂ કરવામાં આવી. ૧૦૮ દ્વારા જીવલેણ અકસ્માત હોય, અથવા ઇન્ટીરીયર એરીયામાં બહેન દીકરીની ડીલીવરી હોય કે જેના માટે સેવા જરૂરી હતી અને જે અત્યારે સમગ્ર રાજયમાં ૫૨૫ એમ્બ્યુલન્સ મારફત આ સેવા આપવામાં આવે છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટરની વાત થઇ એમાં નવસારીનું નામ ના આવ્યું તો નવસારી ખાતે ટ્રોમા સેન્ટર ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય અને રાજયના ધોરી સેન્ટરો જે સ્ટેટ હાઇવે અને રાષ્ટ્રીય ધોરી માર્ગ પર અત્યારે જે સેન્ટરો છે એ ૨૦ ટ્રોમા સેન્ટર શરૂ કર્યા છે. એમાં અત્યારે નવસારી નથી.

અધ્યક્ષશ્રી : એ એમ કહે છે કે ટ્રોમા સેન્ટર ત્યાં ચાલુ કરવા માગો છો કે નહીં?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ ઓલરેડી ચાલુ થઇ ગયા છે અને ૭ ચાલુ કરવાના છે

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રોમા સેન્ટર બધા શહેરી વિસ્તારોમાં છે અને ટ્રાયબલ બેલ્ટને જોડતો શામળાજીથી વાપી સુધીનો નેશનલ હાઇવે છે અને એ હાઇવે ચાર આંતર રાજયને જોડે છે તો આ વિસ્તારમાં ઘણી વખત અકસ્માત થાય છે તો જે હાઇવે છે એ વિસ્તારની અંદર વચ્ચે કયાંય એક બે સેન્ટરમાં ટ્રોમા સેન્ટર આપ ખોલવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં અંતરિયાળ વિસ્તાર હોય કે હાઇ-વે વિસ્તાર હોય, આ પ્રશ્ન રાજયના ધોરીમાર્ગો અને રાષ્ટ્રીય માર્ગોનો હતો. એના માટેના ટ્રોમા સેન્ટરોની વાત છે. સમગ્ર રાજ્યમાં નવસારીનું કહ્યું એમ નવસારી જિલ્લામાં તો આપણી સેવાઓ ઉપલબ્ધ છે જ. જેમ મોતીભાઇએ કહ્યું એમ વાંસદા અને બિલિમોરામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે. એવી જ રીતે ચીખલી, ગણદેવી, અમલસાર, ખડસૂબા અને મરોલી આ બધી જ જગ્યાએ છે જ. ખાસ કરીને હાઇ-વે ઉપર ઘવાયેલા દર્દીઓને તાત્કાલિક સારવાર અને જીવન જરૂરી દવાઓ ઉપલબ્ધ થાય તેના માટેની તમામ વ્યવસ્થાઓ અમે ઉપલબ્ધ કરી છે.

શ્રી નિરંજન પટેલ : ૧૦૮ની સેવાની વાત કરી છે. કુલ કેટલા અકસ્માતો થયા કે જેમાં ૧૦૮ની સેવાઓ આપી અને ૧૦૮ અત્યારે જૂની થઇ ગઇ છે, રીક્ષાની ગતિએ ચાલે છે એમાં એને નવી કરીને ફાસ્ટ કરવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : એની વ્યવસ્થા હોય જ. જે કન્ડમ કરવા લાયક હોય એની જગ્યાએ નવી રિપ્લેસ થાય એટલે એની એ જ ચલાવવાની જરૂર ન હોય. એ નિયમમાં જોગવાઇ હોય છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે ટ્રોમા સેન્ટરો છે એ રાજ્ય સરકારે ૧૩ ખોલ્યા છે એ ખૂબ આશીર્વાદરૂપ છે એમ કહું તો ખોટું નથી. આ ટ્રોમા સેન્ટરોમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ ટ્રોમા સેન્ટરો ખાતે ટ્રોમા માટેનું અલાયદું મકાન, આધુનિક તબીબી ઉપકરણો, નિષ્ણાત તબીબો તથા એમ્બ્યુલન્સ સેવાઓ ઉપલબ્ધ હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તા. ૨૯–૭–૨૦૦૭ના રોજ આ ૧૦૮ માટેની વાત કરી એમાં કેન્દ્ર સરકારના કેટલા ટકા અને રાજ્ય સરકારના કેટલા ટકા છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ યોજના રાજ્ય સરકારની જ છે. જે પૈસા મળે એ પૈસાનો ક્યાં ઉપયોગ કરવો એ રાજ્યની સરકાર નક્કી કરે છે. મારે કહેવું છે, (અંતરાય) જાહેરમાં તમામ જગ્યાએ એવી વાત કરે છે કે *(xxxxxx) અને એનો અમે ઉપયોગ કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાંખીએ છીએ. રાજ્ય સરકારના છે, કેન્દ્ર સરકારના નથી એટલું જ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : વડોદરા, ભરૂચ અને સુરતની વચ્ચે ઘણા બધા અકસ્માતો થાય છે તો આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ એ ખૂબ સારી એમ્બ્યુલન્સ તૈયાર થઇ છે. એમાં વેન્ટીલેટર પણ આપેલ છે. આવી આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ એક્સિડન્ટ ઝોનમાં વધારે આપવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : સમગ્ર રાજ્યમાં અત્યારે ૨૪ જગ્યાએ આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ આપવામાં આવેલ છે. એમાંથી જે હોસ્પિટલોને આપી છે એ ૨૦ જિલ્લા હોસ્પિટલો ખાતે સોલા, નડીયાદ, વડોદરા, જનરલ હોસ્પિટલ ભરૂચ, જનરલ હોસ્પિટલ નવસારી, વલસાડ, વ્યારા, ગોધરા, દાહોદ, ગાંધીનગર, હિંમતનગર, મહેસાણા, પાલનપુર, પાટણ, ગાંધીધામ, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી અને સુરેન્દ્રનગર આ ૨૦ જગ્યાએ આપવામાં આવી છે.

શ્રી સી. કે. રાઉલજી : મારે જાણવું છે કે મોટા ભાગે આ ગુજરાત રાજ્યમાં અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. અગાઉ દરેક જિલ્લામાં જે સિવિલ હોસ્પિટલો હોય, પી.એચ.સી., સી.એચ.સી. હોય પણ અકસ્માત થાય એટલે સ્વાભાવિક છે કે હાડકાં ભાંગી જાય, બ્રેઇન હેમરેજ થાય. આ જે સી.એચ.સી અને હોસ્પિટલો છે એમાં ઓર્થોપેડિક ડોકટરો જ નથી. એ તમે મૂકવા માગો છો કે કેમ? અને સિટીસ્કેન મશીન મોટાભાગે હોવા છતાં પણ એનો ઉપયોગ થતો નથી. કારણ કે, આ સિટીસ્કેન મશીન હોય તો ગરીબ માણસને અકસ્માત થયો હોય તો એને પ્રાઇવેટ હોસ્પિટલમાં લઇ જવામાં આવે છે. સિટીસ્કેન મશીન આ મંત્રીનો જ સવાલ છે. એટલે આ મશીનો મૂકવા માગે છે કે કેમ? બીજી વસ્તુ એ કે, આ કેન્દ્ર સરકારની જ યોજના છે અને ૫૯ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આ યોજનામાં આપેલા છે તો ટ્રોમા સેન્ટરમાં આવી જાતના અદ્યતન સાધનો મૂકવા માગો છો કે નહિ?

અધ્યક્ષશ્રી : એક મિનિટ બોલો, કેન્દ્ર સરકારે ૫૯ આપ્યા છે અને ટ્રોમા સેન્ટરમાં તમે આવી જાતના અદ્યતન સાધનો મૂકવા માગો છો કે નહિ? બે સવાલ છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટરમાં બધી જાતના અદ્યતન સાધનો વસાવવાની વાત કરી. એમણે સાહેબ સવાલ એવો કર્યો કે, સામૂહિક આરોગ્ય કેન્દ્રની વાત કરી, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ટ્રોમા સેન્ટર છે એમાં સાહેબ મેં અગાઉ કહ્યું હતું કે તમામ પ્રકારના આધુનિક ઉપકરણો આવે એ માટે અને તાત્કાલિક બધા જ પ્રકારની સારવાર મળે એ માટેની વ્યવસ્થાની સાથે સાથે આઇ.સી.યુ. ઓન વ્હીલ એટલા માટે કરી છે કે કદાચ એને ટાઇમસર સારવાર ના મળે તો બિલકુલ સારી રીતે બધી જ સગવડતા સાથે નજીકની હોસ્પિટલમાં જ્યાં સુપર સ્પેશિયાલિટી સેવા મળતી હોય ત્યાં આગળ સાહેબ આને મોકલવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારે ૫૯ આપ્યા છે એમ કહે છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : એ માહિતી સાહેબ અત્યારે મારી પાસે નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કેન્દ્ર સરકારના પૈસા આવે છે. નીતિનભાઇ જવાબ આપે છે. ભાઇ, બે જણા જવાબ દેવાવાળા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ પ્રશ્ન ફક્ત ૧૦૮ની સેવાઓ અને આઇ.સી.યુ. ઓન વ્હીલ અને ટ્રોમા સેન્ટર પૂરતો છે (અંતરાય) તમે જે પ્રશ્ન પૂછ્યો છે ૫૯ કરોડ આપ્યા છે એનો જવાબ હું હમણાં મારૂં બજેટ પ્રવચન છે, ત્યારે આપવાનો છું અને બધા જ બેસે એવી મારી વિરોધપક્ષના સભ્યોને અને સૌને વિનંતી છે. એ માહિતી અત્યારે ના હોય. (અંતરાય)

**રાષ્ટ્રીય/રાજય ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘવાયેલ લોકો માટે તાત્કાલિક સારવારની વ્યવસ્થા**

* ૨૧૨૯ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય રાષ્ટ્રીય/રાજય ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘવાયેલ લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સરકારે કોઈ વ્યવસ્થા ઊભી કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તેની વિગતો શી છે ? | (૨) રાજ્યમાં રાષ્ટ્રીય/રાજ્ય ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘવાયેલ લોકોને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે નીચે મુજબની વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે.<br>• વર્ષ–૨૦૦૭ થી ૧૦૮ ઇમરજન્સી સેવા શરૂ કરવામાં આવેલ છે. તે પૈકી ૨૦૦ જેટલી એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત છે.<br>• ૧૩ ટ્રોમા સેન્ટર કાર્યરત છે.<br>• ૨૦ હોસ્પિટલો ખાતે આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત છે. |

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઘવાયેલા લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે જે આઇ.સી.યુ. ઓન વ્હીલ કયા પ્રકારના સાધનોથી સજ્જ છે? અને કઇ ૨૦ હોસ્પિટલમાં કાર્યરત છે?

અધ્યક્ષશ્રી : ખાલી મૂવ જ કરવાનો હતો. પ્રશ્ન ક્રમાંક:૮ અને ૯ બેય સરખા છે, એમાં કોઇ પ્રશ્ન ના હોય.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : વધારાનો પ્રશ્ન છે?

અધ્યક્ષશ્રી : જો ભાઇ, વધારાનો પ્રશ્ન છે એનો અર્થ એ થાય કે પ્રશ્ન ચર્ચા ઉપર આવે તો પછી બધા સભ્યોને પૂછવાનો વારો ના આવે. એક જ પ્રકારના બે સવાલો આવે તો એક ખાલી મૂવ કરવાનો હોય. પ્રશ્ન ક્રમાંક:૧૦

**રાજુલા ખાતેની ભુતા વોરા જનરલ હોસ્પિટલના આધુનિકરણ માટે ફાળવેલ નાણા**

* ૨૦૧૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજુલા ખાતેની ભુતા વોરા જનરલ હોસ્પિટલના વિકાસ અને આધુનિકરણ કે નવા કામો માટે કેટલા નાણા ફાળવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજુલા ખાતેની ભૂતા વોરા જનરલ હોસ્પિટલના વિકાસ અને આધુનિકરણ કે નવા કામો માટે નીચેની વિગતે નાણાં<br>ફાળવેલ છે. |

| **ક્રમ** | **વિગત** | **ફાળવેલ નાણાં** |
|---|---|---|
| ૧. | બાંધકામ | ૧૦૦.૦૦ લાખ |

| | | |
|---|---|---|
| ૨. | મહેકમ | ૨૧.૭૪ લાખ |
| ૩. | સાધનસામગ્રી | ૨૪.૦૦ લાખ |
| | **કુલ :–** | **૧૪૪.૪૪ લાખ** |

(૨) તેમાં કયાં કયાં પ્રકારના કામો હાથ ધરાશે તથા હોસ્પિટલની સુવિધામાં શો વધારો થશે, અને

(૨) આ હોસ્પિટલમાં તાલુકા કક્ષાની હોસ્પિટલને અનુરૂપ તજજ્ઞોની સેવા મળી રહે તે માટે (૧) જરૂરી સાધન સામગ્રીની સુવિધા થશે, (૨) ૧૫૦ પથારીની સુવિધા આધુનિક ઓ.પી.ડી સહિત ઉભી કરવા બાંધકામ થશે. અને (૩) નવા વોર્ડ ઉપલબ્ધ બનશે.

(૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) મહેકમ ભરવાની કાર્યવાહી ગતિમાં છે. તેમજ જરૂરી સાધનસામગ્રી ખરીદવાની પ્રક્રિયા હાથ ધરાયેલ છે. હોસ્પિટલના બાંધકામ માટે નકશા તૈયાર થઈ ગયેલ છે અને વિગતવાર અંદાજો બનાવવાની કાર્યવાહી પી.આઈ.યુ. દ્વારા કરવામાં આવેલ છે. અંદાજો તૈયાર થયેથી ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવાની થશે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, રાજુલા હોસ્પિટલના વિસ્તરણ માટે સ્ટાફમાં શું વધારો કર્યો? અને હોસ્પિટલમાં હાલમાં કેટલી પથારી છે? અને વિસ્તરણ થવાનું છે તેમાં કેટલી પથારી વધારે થવાની છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનરલ હોસ્પિટલ રાજુલા ખાતે જુદા જુદા નિષ્ણાતોની વર્ગ–૧ની કુલ ૧૧, વર્ગ–૨ની કુલ ૨, વર્ગ–૩ની કુલ ૫૪ નવી જગ્યાઓ મળી ૬૭ નવી જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવેલું છે. અગાઉનું જે ૩૪નું મહેકમ હતું. નવું મહેકમ ૬૭ થતાં ૧૦૧ જગ્યાઓ કુલ મહેકમની થઇ છે. રાજુલા હોસ્પિટલમાં હયાત ટોટલ ૭૬ પથારીની સુવિધા છે. જેને ભવિષ્યના વિસ્તરણને ધ્યાને લઇ ૧૫૦ પથારીની સુવિધા ધરાવતી સબ જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપડેટ કરવામાં આવશે જેથી ૭૪ પથારીની સુવિધાનો વધારો થશે. આ માટે ૨૦૧૨–૧૩ના વર્ષમાં ૭૬ પથારીમાંથી ૨૪ પથારીનો વધારો કરી કુલ ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ કરેલ છે જેમાં તાલુકા કક્ષાની હોસ્પિટલમાં તરત જ સેવાઓ મળી રહે તે રીતે માનવબળ મંજૂર કરવામાં આવેલું છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એવું જાણવા માગું છું એમણે એમના જવાબમાં કીધું છે કે મહેકમ ભરવાની કાર્યવાહી ગતિમાં છે. એટલે આ ગતિમાં છે મહેકમ એ કેટલા સમયમાં ભરાઇ જશે? બીજો જવાબ આપ્યો છે કે, સાધન સામગ્રી ખરીદવાની પ્રક્રિયા હાથ ઉપર છે એટલે આ સાધનો પણ કેટલા સમયમાં ખરીદાય અને આ હોસ્પિટલને મળશે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ભરતીની પ્રક્રિયા હોય છે જુદી જુદી બધી જ જગ્યાએ એ જે જગ્યાઓ મંજૂર કરેલી છે એમાં સરકારશ્રીએ જે ધારા ધોરણ નક્કી કર્યા છે. કયાંક બોન્ડેડ ઉમેદવારો હોય છે, કયાંય એડહોક ઉમેદવારો હશે એના મારફત સાહેબ જેમ જેમ ઉપલબ્ધ થાય એમ એમ જગ્યા ભરીએ છીએ. સાધનો માટેની કાર્યવાહી છે એમાં ટેન્ડરની પ્રક્રિયા હોય છે. ટેન્ડર પ્રક્રિયા પછી જ્યારે એનું ફાઇનલ થાય અને એના પછી સાહેબ એને વહેલામાં વહેલી તકે વર્ક ઓર્ડર મળે આ બધું કરવા માટે સરકાર કાયમના માટે પ્રયત્નમાં છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજુલા હોસ્પિટલનું જયારે વિસ્તરણ થઇ રહ્યું છે ત્યારે એની અંદર ક્યા ક્યા પ્રકારના નવા બાંધકામો કરવા માગો છો એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજુલા હોસ્પિટલની બિલ્ડિંગના વિસ્તરણમાં નવા ઓ.પી.ડી. મકાનનું બાંધકામ તથા હયાત ૭૬ પથારીમાંથી, ૧૫૦ પથારીમાં અપગ્રેડ કરવા માટેની ધારા ધોરણસરની તમામ સુવિધાઓનું બાંધકામ હાથ ધરવામાં આવશે અને આધુનિક ઓ.પી.ડી. સહિત નવા વોર્ડ પણ એમાં ઉપલબ્ધ કરાવવાના છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જયારે ગામડાંના, તાલુકા લેવલની હોસ્પિટલોમાં મોટા ભાગે એ જનરલ હોસ્પિટલ હોય કે પ્રાઇવેટ પણ મોટાભાગે અકસ્માતના કે જે પણ બ્લડ લોસના લીધે મૃત્યુ થતા હોય છે એટલે બ્લડ બેન્કોના અભાવના લીધે મોટાભાગના દર્દીઓ મરી જતા હોય છે, તો બ્લડ બેન્ક માટેની સગવડ કરવા માગો છો કે કેમ ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાંથી ઉભો થતો નથી, માત્ર રાજુલા પૂરતો જ પ્રશ્ન છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, બાંધકામ માટે ૧૦૦ લાખ રૂપિયાની ફાળવણી કરી છે, તો બાંધકામ શરૂ કરવામાં આવેલ છે કે કેમ અને શરૂ કરવામાં આવેલ છે, તો હાલ કયા સ્ટેજે છે ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે એના બાંધકામ માટેના ૧૦૦ લાખ રૂપિયા અને સાધન સામગ્રી માટેના ૨૪ લાખ રૂપિયા છે ત્યારે એ બાંધકામ માટે જે રકમ આપી છે એમાં ...

અધ્યક્ષશ્રી : બાંધકામ શરૂ કર્યું છે કે નહીં?

શ્રી પરબતભાઇ સ. પટેલ : જે છે, એની શરૂઆત થઇ ગઇ છે.

**પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ**

* ૨૫૬૦ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેન્દ્રો દીઠ મંજૂર મહેકમ કેટલું છે,<br>(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓની ઘટ છે, અને | (૧) અને (૨) : તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અને સંવર્ગવાર જગ્યાઓની ઘટની વિગતો સંલગ્ન *પત્રક–અ અને *પત્રક–બ મુજબ છે. |
| (૩) આ ઘટ પૂરવા શું આયોજન છે? | (૩) સા.આ.કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે તેમજ રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે, ખાલી જગ્યા ઉપર નિમણૂંક કરવામાં આવે છે .<br>આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી /બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ભરવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ અને ડ્રાયવર સંવર્ગની અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછયો છે પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ શું સ્થિતિ છે ? વર્ગ–૧માં ૨૮ માંથી ૨૭ જગ્યાઓ ખાલી છે અને વર્ગ–૨માં ૪૬ માંથી ૨૪ જગ્યાઓ ખાલી છે. જયારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ–૨ની જે જગ્યાઓ છે એ ૧૦૦ છે એમાંથી ૫૨ જગ્યાઓ ખાલી છે અને વર્ગ–૩માં ૨૬૭ માંથી ૧૩૩ ખાલી છે, આ જગ્યાઓ ક્યારેય પૂરાતી નથી. રાજયના પ્રયત્નો છતાં એ ન પૂરાવાના કારણો શાં છે અને આ પૂરવા માટે કોઇ આયોજન છે કે કેમ ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં જે ડોકટરોની ઘટ છે પણ જે સાહેબ, આપના મારફતે માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, તા.૧–૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ અને તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૨ સુધીમાં જે ડોકટરોની જગ્યાઓ ભરવા માટે આ રાજય સરકારે જે પ્રયત્નો કર્યા છે, જેમાં જી.પી.એસ.સી.ના ૬૬૫ને નિમણૂકો આપી છે, બોન્ડેડને ૨૦૧૧માં ૮૮૪, ૨૦૧૨માં ૯૦૯, કુલ ૧,૭૯૩ નિમણૂકો, જેમાંથી ૨૪૭ હાજર થયા અને એડહોકને નિમણૂક ૨૦૧૧માં ૪૫૭, ૨૦૧૨માં ૪૪૯, કુલ ૯૦૬ માંથી ૪૮૬. આ બે વર્ષમાં ૩,૩૬૪ની નિમણૂકોની સામે ૧,૨૩૯ વર્ગ–૨ના નવા ડોકટરો ભર્યા છે, પણ આ રાજય સરકારની જે નવા વિસ્તરણની નીતિ અને જેને લીધે જગ્યાઓમાં ક્યાંક ઘટાડો લાગે છે કે દર સાલનું વિસ્તરણ, એક્સપાન્સનઆ બધાથી આગળ વધીને સાથે સાથે કયાંક ચિરંજીવી યોજના, કયાંક બાળસખા યોજના, કયાંક શાળા આરોગ્ય કાર્યક્રમ, અમૃતાયમ્ નામની યોજના. આ બધી યોજનાના લીધે પ્રાઈવેટમાં પણ સારવાર છે અને તેની સાથે સાથે સ્પેશ્યાલિસ્ટોની પણ અમે જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર આપીએ છીએ.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં તબીબી અધિકારી વર્ગ–૨ ની થયેલ નિમણૂકની વિગતો શું છે? પંચમહાલ જિલ્લામાં પૂરી પડાયેલ આરોગ્ય સુવિધાની વિગતો શું છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પંચમહાલ જિલ્લામાં વર્ગ–૨ ની જી.પી.એસ.સી. માં કુલ ૨૪ ઉમેદવારોને નિમણૂક આપી હતી, જેમાંથી ૧૫ ઉમેદવારો હાજર થયા છે. બોન્ડેડ ઉમેદવારો ૧૯ ને નિમણૂક આપી. એક પણ હાજર થયા નથી. એડહોકમાં ૧૮ ને નિમણૂક આપી એમાંથી ૮ હાજર થયા છે. સાથે સાથે સભ્યશ્રીએ કહ્યું આ યોજના માટેની શું જોગવાઇ છે? તો અગાઉ મેં કહ્યું કે જે ચિરંજીવી યોજનામાં જિલ્લામાં કુલ ૩૭ ડોક્ટરો જોડાયેલા છે. એપ્રિલ–૨૦૧૨ થી જાન્યુઆરી ૨૦૧૩ સુધીમાં ૧૦,૫૬૬ લાભાર્થીઓએ લાભ લીધો છે. બાળસખા યોજનામાં ૮ ડોક્ટરો જોડાયેલા છે. એપ્રિલ–૨૦૧૨ થી જાન્યુઆરી ૨૦૧૩ સુધીમાં ૨,૯૪૭ લાભાર્થીઓએ જેનો લાભ લીધો. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ ૩૩ ડોક્ટર નોંધાયેલા છે. પંચમહાલ જિલ્લામાં ૧,૫૬૮ આશાની ભરતી કરવામાં આવેલ છે. પંચમહાલ જિલ્લામાં કુલ ૩૬ આયુષ તબીબોની નિમણૂક કરવામાં આવેલ છે. સાથે સાથે ૨૦૧૨–૧૩ માં વનબંધુ વિસ્તાર યોજના અંતર્ગત જે ૨૦૦ ડોક્ટરોની ભરતી કરી અને એમાંથી ૧૨ પંચમહાલ જિલ્લામાં જે દવાખાના આદિવાસી વિસ્તારમાં છે. જેમાં ૧૨ ડોક્ટરોને નિમણૂક આપી દીધી છે.

**નવસારી અને દાહોદ જિલ્લામાં આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવા બાબત**

* ૨૩૩૬ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારે નવી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાની કોઈ યોજના કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, અને | (૨) આદિજાતિ વિસ્તારમાં વાંસદા, જિ. નવસારી તેમજ દાહોદ, જિ. દાહોદ ખાતે રાજ્ય સરકારે આયુર્વેદ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કરેલ છે. |
| (૩) આ માટે અંદાજિત કેટલો ખર્ચ થશે? | (૩) આ માટે પ્રત્યેક કોલેજ દીઠ અંદાજિત રૂા. ૭૫.૦૦ કરોડનો ખર્ચ થવાની ધારણા છે. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સરકારી ગ્રાન્ટ ઈન એઈડ અને આયુર્વેદિક કોલેજો કેટલી છે અને કયાં આવેલી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : રાજ્યમાં જે કોલેજોની વિગતો માગી છે. તેમાં કુલ ૧૧ કોલેજો આવેલી છે. સરકારી આયુર્વેદિક કોલેજ ૪, ગ્રાન્ટ ઈન એઈડ ૪, સ્વ નિર્ભર ૩ એમ કુલ ૧૧. હોસ્પિટલો ૩૩ સરકારી

અને ગ્રાન્ટ ઇન એઇડ ૭ એમ કુલ ૪૦ છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : વાંસદા ખાતે આયુર્વેદિક કોલેજ બનાવવા માટે આમાં બતાવેલ છે કે જે જમીન કોલેજ માટે માગવામાં આવે છે, તે જુથ ડેમમાં ડૂબાણવાળા વિસ્તારના લોકોને અત્યારે પુનઃવસવાટ માટે છેલ્લાં વીસેક વર્ષથી આપી છે, તે જગ્યાએ સરવે કરવામાં આવે છે, તો તે જગ્યા છોડીને બીજી જગ્યાએ હોસ્પિટલ બનાવવા માગો છો કે કેમ?

શ્રી પરબતભાઇ સ. પટેલ : વાંસદા માટેની જગ્યા પસંદગીનું કામ ચાલુ છે. કોઇ જગ્યા નક્કી કરી નથી. કલેકટરશ્રીના પરામર્શમાં અમારો વિભાગ રહીને જે જગ્યા, કારણ કે આયુર્વેદિક માટે જે જગ્યા જોઇએ, ગાર્ડનિંગની જે સુવિધા જોઇએ અને એ પણ પસંદગી પ્રમાણેની જગ્યા મળે ત્યારે નક્કી થશે. એટલે અત્યારે કહ્યો તેવો કોઇ વિષય રહેતો નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવી શરૂ થનાર સરકારી આયુર્વેદિક કોલેજ વાંસદા તથા દાહોદ સંલગ્ન હોસ્પિટલમાં કેટલી પથારીની સુવિધા આપવામાં આવનાર છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : આ બંને જગ્યાએ અત્યારે જે ૫૦ બેઠકો સાથે શરૂ થશે. ૧૦૦ પથારીની સુવિધા આપવામાં આવશે.

**વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૨૩૧૯ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૧૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની વિગત સંલગ્ન ***પત્રક–૧**માં દર્શાવ્યા મુજબની છે.<br>આ ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગત સંલગ્ન ***પત્રક–૨** (ભાગ–૧, ભાગ–૨ અને ભાગ–૩) માં દર્શાવ્યા મુજબની છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) સા.આ.કેન્દ્રોની મેડીકલ સંવર્ગની વર્ગ–૧ અને વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે, ખાલી જગ્યા ઉપર નિમણૂંક કરવામાં આવે છે .<br>આ ઉપરાંત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ ભરવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સીંગથી પણ કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં પી.એચ.સી., સી.એચ.સી માં ઇન્ડોર અને આઉટ ડોર દર્દી તરીકે કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૮૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે, એમાં જાન્યુઆરી ૨૦૧૨ થી ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં ૫,૭૯,૬૪૩ ઓ.પી.ડી.ના દર્દીઓ તથા ૧૦,૭૧૦ ઇન્ડોર દર્દી એમ કુલ મળીને ૫,૯૦,૩૫૩ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### નવસારી અને દાહોદ જિલ્લામાં આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવા બાબત

* ૨૩૩૦ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારે નવી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાની કોઈ યોજના કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, અને | (૨) આદિજાતિ વિસ્તારમાં વાંસદા, જિ. નવસારી તેમજ દાહોદ, જિ. દાહોદ ખાતે રાજ્ય સરકારે આયુર્વેદ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કરેલ છે. |
| (૩) આ માટે અંદાજિત કેટલો ખર્ચ થશે? | (૩) આ માટે પ્રત્યેક કોલેજ દીઠ અંદાજીત રૂ઼ા. ૭૫.૦૦ કરોડનો ખર્ચ થવાની ધારણા છે. |

---------

### રાજ્યમાં કન્યાઓની સંખ્યામાં ઘટાડા સામે લીધેલાં પગલાં

* ૧૮૨૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બેટી બચાવો ઝુંબેશ સઘન કરવા છતાં રાજ્યમાં કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે નિવારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### નાણા વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ની જગ્યાઓ ભરવા લીધેલ પગલાં

* ૨૩૩૧ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ નાણા વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૧) નાણા વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ની નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | વાણિજ્યિક વેરા કમિશનર | – | ૧૦૮૯ |
| (૨) | હિસાબ અને તિજોરી નિયામક | – | ૦૮૭૬ |
| (૩) | વીમા નિયામક | – | ૦૦૧૮ |
| | **કુલ** | **–** | **૧૯૮૩** |

(૨) ખાલી જગ્યાઓ ભરવા કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને

(૨) હા.

(૩) જો હા, તો શાં પગલાં લીધેલ છે?

(૩) ભરતી નિયમોઅનુસાર સીધી ભરતી, બઢતી તથા સેમી ડાયરેક્ટ પદ્ધતિથી જગ્યાઓ ભરવા પગલાં લીધેલ છે.

---------

તા.૭મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

## ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ

* ૨૧૧૬ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ભાવનગર જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસનો કાર્યક્રમ

* ૨૧૦૯ **શ્રી જેઠાભાઇ ઘે. આહીર(શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૨) જો હા, તો તેમાં કયા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે DTT (ડાઈ-ઈથીયોનાઈડ ટ્યુબ ટર્બીડીટી) સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવે છે. આ સ્ક્રીનીંગ ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPLC (હાઈ પરફોર્મન્સ લીક્વીડ ક્રોમેટોગ્રાફી) ટેસ્ટ દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય.

(૩) નીચે જણાવ્યા મુજબ વ્યક્તિઓની ચકાસણી કરવામાં આવી છે.

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ | કુલ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી | સીકલસેલ ટ્રેઈટ | સીકલસેલ ડિસીઝ |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૧ | ૩૫૪૯૦ | ૧૮૭૪ | ૧૬૯ |
| | | ૨૦૧૨ | ૩૬૯૧૩ | ૨૭૯૫ | ૧૮૩ |
| ૨ | દાહોદ | ૨૦૧૧ | ૫૨૮૦૬ | ૨૧૫૫ | ૮૩ |
| | | ૨૦૧૨ | ૧૭૩૬૩૯ | ૧૮,૨૬૭ | ૩૪૯ |

(૪) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૧ | ૪,૫૪,૪૭૧/- |
| | | ૨૦૧૨ | ૨૪,૫૨,૦૨૩/- |
| ૨ | દાહોદ | ૨૦૧૧ | ૬,૩૫,૮૩૧/- |
| | | ૨૦૧૨ | ૧,૨૧,૮૦,૮૦૫/- |

---------

**અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ**

* ૨૩૧૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે રૂ. ૫૨૦.૦૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે.

(૨) તે પૈકી બોપલ–ઘુમા અને બગોદરા ખાતે બાંધકામ હાથ ધરવાનું છે.

આ કામગીરીના ટેન્ડરો મંજૂર થયેલા છે.

(૩) આ કામગીરી વર્કઓર્ડર આપ્યેથી ૧૨ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસનો કાર્યક્રમ**

* ૨૧૦૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સિકલસેલ એનીમીયા રોગની તપાસ માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૨) જો હા, તો તેમાં કયા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે.

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે D T T (ડાઈ–ઈથીયોનાઈડ ટ્યુબ ટર્બીડીટી) સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવે છે. આ સ્ક્રીનીંગ ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે H P L C (હાઈ પરફોર્મન્સ લીક્વીડ ક્રોમેટોગ્રાફી) ટેસ્ટ દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય છે.

(૩) નીચે જણાવ્યા મુજબ વ્યક્તિઓની ચકાસણી કરવામાં આવી છે.

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ | કુલ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી | સીકલસેલ ટ્રેઈટ | સીકલસેલ ડિસીઝ |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૧ | ૩૫૪૯૦ | ૧૮૭૪ | ૧૬૯ |
| | | ૨૦૧ | ૩૬૯૧૩ | ૨૭૯૫ | ૧૮૩ |
| ૨ | દાહોદ | ૨૦૧૧ | ૫૨૮૦૬ | ૨૧૫૫ | ૮૩ |
| | | ૨૦૧૨ | ૧૭૩૬૩૯ | ૧૮,૨૬૭ | ૩૪૯ |

(૪) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૧ | ૪,૫૪,૪૭૧/– |
| | | ૨૦૧૨ | ૨૪,૫૨,૦૨૩/– |
| ૨ | દાહોદ | ૨૦૧૧ | ૬,૩૫,૮૩૧/– |

તા.૭મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

---------

**નડિયાદ જનરલ હોસ્પિટલમાં મંજૂર થયેલ મહેકમ**

* ૨૪૭૫ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નડિયાદ જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નડિયાદ જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાની વિગતો તથા ક્યારથી જગ્યા ખાલી છે તેની માહિતીનું *પત્રક–૧ સામેલ છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ સરકાર દ્વારા કેટલા સમયમાં ભરવામાં આવનાર છે ? | (૨) બનતી ત્વરાએ. |

**(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

**સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે નવી સરકારી હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવા બાબત**

* ૨૩૩૮ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના દેથળી ખાતે નવી સરકારી હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાની રાજય સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, અને | (૨) રાજ્ય સરકાર દ્વારા વર્ષ–૨૦૧૦–૧૧માં મુ. દેથળી, તા. સિધ્ધપુર, જિ. પાટણ ખાતે નવી સરકારી હોમિયોપેથિક કોલેજ શરૂ કરવા નિર્ણય થયેલ છે. મહેસૂલ વિભાગ દ્વારા ૧૯.૭૫ એકર જમીન ફાળવવામાં આવેલ છે. હાલ બાંધકામ ચાલુ છે. |
| (૩) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ અંદાજિત કેટલો ખર્ચ થયેલ છે? | (૨) છેલ્લા બે વર્ષમાં અંદાજિત રૂા. ૧૨.૭૫ કરોડ ખર્ચ થયેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં પ્રેકટીસ કરતા બોગસ ડૉક્ટરો સામે લીધેલ પગલાં**

* ૨૯૦૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બોગસ ડૉકટરો પ્રેકટીસ કરતા હોવાની કેટલી ફરિયાદો મળી, | (૧) ૩૫ ફરિયાદો મળેલ છે. |
| (૨) કેટલા બોગસ ડૉક્ટરો તાલુકાવાર પકડવામાં આવ્યા, અને | (૨) ગોંડલ–૨, લોધિકા–૧, જસદણ–૧ , મોરબી–૧, માળીયા–(મી) –૧, ટંકારા–૫, જેતપુર–૬, ધોરાજી–૧ |
| (૩) બોગસ ડૉકટરો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પોલીસ કેસ કરી કાયદાકીય રીતે ગુન્હા નોંધાવવામાં આવેલ છે. |

---------

**નાણા વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ની જગ્યાઓ ભરવા લીધેલ પગલાં**

* ૨૧૪૨ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ નાણા વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) નાણા વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ની નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.<br>(૧) વાણિજ્યિક વેરા કમિશનર –૧૦૮૯<br>(૨) હિસાબ અને તિજોરી નિયામક –૦૮૭૬<br>(૩) વીમા નિયામક –૦૦૧૮<br>----<br>--<br>કુલ –૧૯૮૩ |
| (૨) ખાલી જગ્યાઓ ભરવા કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) જો હા, તો શાં પગલાં લીધેલ છે ? | (૩) ભરતી નિયમોઅનુસાર સીધી ભરતી, બઢતી તથા સેમી ડાયરેક્ટ પધ્ધતિથી જગ્યાઓ ભરવા પગલાં લીધેલ છે. |

---------

**વેરાવળની જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

* ૧૫૫૯ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના વેરાવળ ખાતે આવેલ જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) જનરલ હોસ્પિટલ, વેરાવળનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે. |

| સંવર્ગ | મંજૂર મહેકમ |
| --- | --- |
| વર્ગ–૧ | ૨૭ |
| વર્ગ–૨ | ૦૯ |
| વર્ગ–૩ | ૧૦૭ |
| વર્ગ–૪ | ૩૬ |
| કુલ – | ૧૭૯ |

| | |
| --- | --- |
| (૨) મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટલા સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સંવર્ગવાર ખાલી જગ્યાની વિગત સામેલ **પત્રક** મુજબ |
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

**પત્રક**

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **કઈ તારીખથી ખાલી છે.** |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | ૧૫–૯–૦૮ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| ૩ | ફીજીશીયન | ૨ | ૦ | ૨ | ૨૦–૭–૧૦ |
| ૪ | જનરલ સર્જન | ૩ | ૧ | ૨ | ૨૧–૬–૧૦, ૨૦–૭–૧૦ |
| ૫ | સ્ત્રીરોગ નિષ્ણાત | ૪ | ૧ | ૩ | ૨૦–૭–૧૦ |
| ૬ | મનોરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૨૧–૬–૧૦ |
| ૭ | ચામડી રોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૨૭–૧૦–૧૨ |
| ૮ | બાળરોગ નિષ્ણાત | ૨ | ૧ | ૧ | ૨૦–૭–૧૦ |
| ૯ | એનેસ્થેટીક | ૩ | ૦ | ૩ | ૨૧–૬–૧૦, ૨૦–૭–૧૦ |
| ૧૦ | ઈ.એન.ટી. સર્જન | ૧ | ૦ | ૧ | ૨૧–૬–૧૦ |

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|---|
| ૧૧ | આંખના સર્જન | ૨ | ૨ | ૦ | |
| ૧૨ | ઓર્થોપેડીક સર્જન | ૨ | ૦ | ૨ | ૨૧-૬-૧૦, ૨૦-૭-૧૦ |
| ૧૩ | રેડીયોલોજીસ્ટ | ૨ | ૦ | ૨ | ૨૦-૭-૧૦ |
| ૧૪ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૧૫ | માઇક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૧-૬-૧૦ |
| | **વર્ગ-૧ કુલ** | **૨૭** | **૬** | **૨૧** | |
| ૧૬ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૬ | ૬ | ૦ | |
| ૧૭ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૧૮ | ફોરેન્સીક એક્ષપર્ટ | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૧૯ | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | **વર્ગ-૨ કુલ** | **૯** | **૭** | **૨** | |
| ૨૦ | મેટ્રન | ૧ | ૧ | ૦ | |
| ૨૧ | આસીસ્ટન્ટ મેટ્રન | ૨ | ૦ | ૨ | ૨૦-૭-૧૦ |
| ૨૨ | હેડ નર્સ | ૪ | ૧ | ૩ | ૨૦-૭-૧૦ |
| ૨૩ | સ્ટાફ નર્સ | ૭૨ | ૭ | ૬૫ | ૨૦-૭-૧૦ |
| ૨૪ | એ.એન.એમ. | ૧ | ૧ | ૦ | |
| ૨૫ | કચેરી અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૨૬ | હેડ ક્લાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૨૭ | સિનિયર ક્લાર્ક | ૪ | ૧ | ૩ | ૨૦-૭-૧૦ |
| ૨૮ | કોમ્પ્યુટર ઓપરેટર | ૧ | ૧ | ૦ | |
| ૨૯ | ડ્રાયવર | ૨ | ૧ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૩૦ | ઓપ્થલ્મિક આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | ૨૦-૭-૧૦ |
| ૩૧ | ઈ.સી.જી. ટેક્નીશિયન | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૩૨ | લેબોરેટરી ટેકનેશીયન | ૨ | ૧ | ૧ | ૦૧-૦૩-૨૦૦૮ |
| ૩૩ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૩૪ | કેશ રાઈટર | ૧ | ૧ | ૦ | |
| ૩૫ | જુનિયર ફાર્માસીસ્ટ | ૩ | ૩ | ૦ | |
| ૩૬ | સાયકો ટેકનીશીયન | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૩૭ | ડાયેટીશીયન | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૩૮ | એક્સ-રે-ટેકનીશીયન | ૨ | ૦ | ૨ | |
| ૩૯ | એક્સ-રે-આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૪૦ | ફીજીયોથેરાપીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૪૧ | સ્ટેટેસ્ટીક-આસીસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૪૨ | ઈલેક્ટ્રીશીયન | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| ૪૩ | પ્લમ્બર | ૧ | ૦ | ૧ | ૨૦-૭-૧૦ |
| | વર્ગ-૩ કુલ | ૧૦૭ | ૨૩ | ૮૪ | |
| ૪૪ | વોર્ડ સરવન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૪૫ | વોર્ડબોય | ૧૪ | ૧૪ | ૦ | |
| ૪૬ | સ્વીપર | ૧૪ | ૧ | ૧૩ | |

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|---|
| ૪૭ | લેબ. એટેન્ડન્ટ | ૨ | ૨ | ૦ | |
| ૪૮ | એક્સ–રે–એટેન્ડન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૪૯ | પટાવાળા | ૨ | ૨ | ૦ | |
| ૫૦ | ચોકીદાર | ૨ | ૨ | ૦ | |
| | **વર્ગ–૪ કુલ** | **૩૬** | **૨૩** | **૧૩** | |
| | **વર્ગ–૧ થી ૪ કુલ** | **૧૭૯** | **૫૯** | **૧૨૦** | |
| | | | | | |
| | સમરી | મંજૂર | ભરેલી | ખાલી | |
| | વર્ગ–૧ કુલ | ૨૭ | ૬ | ૨૧ | |
| | વર્ગ–૨ કુલ | ૯ | ૭ | ૨ | |
| | વર્ગ–૩ કુલ | ૧૦૭ | ૨૩ | ૮૪ | |
| | વર્ગ–૪ કુલ | ૩૬ | ૨૩ | ૧૩ | |
| | **કુલ** | **૧૭૯** | **૫૯** | **૧૨૦** | |

---------

**નવસારી અને દાહોદ જિલ્લામાં આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવા બાબત**

૨૩૦૫ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આરોગ્ય અને પરિવાર મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારે નવી આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાની કોઈ યોજના કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, અને

(૩) આ માટે અંદાજિત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આદિજાતિ વિસ્તારમાં વાંસદા, જિ. નવસારી તેમજ દાહોદ, જિ. દાહોદ ખાતે રાજ્ય સરકારે આયુર્વેદ કોલેજ તેમજ સંલગ્ન હોસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કરેલ છે.

(૩) આ માટે પ્રત્યેક કોલેજ દીઠ અંદાજિત રૂ઼ા. ૭૫.૦૦ કરોડનો ખર્ચ થવાની ધારણા છે.

---------

**અમદાવાદ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવા બાબત**

* ૨૧૧૦ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨માં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો બાકી છે, અને

(૨) બાકી રહેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨)

ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબ (૧) ભૌતિક સુવિધા (૨) સાધન સામગ્રી(૩) માનવ સંસાધન અને તાલીમનું તબક્કાવાર આયોજન કરવામાં આવેલ છે.

– અમદાવાદ જિલ્લાના ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી આ પહેલાં ૮ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ભૌતિક સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. ૪ સામુહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ ભૌતિક સુવિધા માટે આવરી લેવામાં આવેલ છે.

–૭ સામુહિક આરોગ્ય કેન્દ્રોને સાધન સામગ્રી પૂરી

પાડવામાં આવેલ છે. બાકી રહેતા ૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોને સાધન સામગ્રી પુરી પાડવાનું આયોજન છે.
–માનવ સંસાધન અને તાલીમ વગેરેની કાર્યવાહી તબક્કાવાર હાથ ધરવાનું આયોજન કરેલ છે.

---------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સીંગથી કરેલ ભરતી**

૨૯૩૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કઈ કઈ જગ્યાએ આઉટ સોર્સીંગ–કરાર આધારિત અને વીઝીટીંગ ધોરણે ભરવામાં આવેલી છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ કોને કોને કયારથી કેટલા પગારથી નિમણૂક આપવામાં આવેલ છે, અને<br>(૩) કઈ ગ્રાન્ટ યોજનામાંથી પગાર ખર્ચ ચૂકવાય છે ? | (૧) (૨) અને (૩)<br>તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં સા.આ. કેન્દ્ર અને પ્રા.આ. કેન્દ્રોમાં આઉટ સોર્સીંગ, કરાર આધારિત અને વીઝીટીંગ ધોરણે ભરવામાં આવેલ વિવિધ સંવર્ગની જગ્યાઓ ક્યારથી કેટલા પગારથી અને કઈ ગ્રાન્ટ યોજનામાંથી પગાર ખર્ચ ચુકવાય છે તેની વિગતો સંલગ્ન **પત્રક–અ** અને **પત્રક–બ** માં દર્શાવ્યા મુજબની છે. |

(***પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**)

---------

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

૨૬૬૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) રૂા. ૬૧,૨૮,૫૪,૮૦૬/– |
| (૨) ઉક્ત ફાળવેલ રકમમાંથી કેટલી રકમ વણ–વપરાયેલી રહી, | (૨) રૂા. ૬,૨૮,૪૬,૬૩૭/– |
| (૩) કયા કારણોસર વણવપરાયેલી રહી, અને | (૩) વહીવટી કારણોસર |
| (૪) વપરાયેલ ગ્રાન્ટ કયા કામો માટે ઉપયોગમાં લીધી ? | (૪) પ્રજનન અને બાળ આરોગ્ય, રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય અભીયાન, રસીકરણ, માળખાકીય સુવિધા, બાંધકામ અને મરામત |

---------

**પેન્શનરોને પેન્શન અંગેની માહિતી ઓનલાઈન મેળવવાની વ્યવસ્થા**

૨૧૫૩ **શ્રી રણજીતભાઈ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજયમાં પેન્શનર તેમના પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને | (૧) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પધ્ધતિ (I FMS) અંતર્ગત તૈયાર કરેલ સાઈટ ઉપર 'પેન્શન પોર્ટલ' ની વ્યવસ્થા કરેલ છે. |
| (૨) આ વ્યવસ્થાનો ક્યારથી અમલ કરવામાં આવ્યો ? | (૨) તા. ૦૨–૧૦–૨૦૧૧ થી. |

---------

**પેન્શનરોને પેન્શન અંગેની માહિતી ઓનલાઈન મેળવવાની વ્યવસ્થા**

૨૩૩૯ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં પેન્શનર તેમના પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને | (૧) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ (I FMS) અંતર્ગત તૈયાર કરેલ સાઈટ ઉપર 'પેન્શન પોર્ટલ' ની વ્યવસ્થા કરેલ છે. |
| (૨) આ વ્યવસ્થાનો ક્યારથી અમલ કરવામાં આવ્યો ? | (૨) તા. ૦૨–૧૦–૨૦૧૧ થી. |

---------

**એન.એ.બી.એલ. ધરાવતી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રયોગશાળાઓ**

૨૩૦૯ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કેટલી પ્રયોગશાળાઓ એન. એ.બી.એલ. ધરાવે છે, અને | (૧) ૨(બે). |
| (૨) બાકીની પ્રયોગશાળાઓ માટે એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મેળવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) બાકીની પ્રયોગશાળાના નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજૂર કરેલ રકમ**

૨૩૧૮ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૧) ભાવનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂ. ૫૨૦.૦૦ લાખની રકમ મંજૂર થયેલ છે. |
| (૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી કયાં સુધીમાં શરૂ થશે, અને | (૨) ટેન્ડરો બહાર પાડી બગદાણા તથા લાઠીદડ ખાતે બાંધકામ હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) બાંધકામ શરૂ કર્યા બાદ ૧૧ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**એન.એ.બી.એલ. ધરાવતી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પ્રયોગશાળાઓ**

૨૧૩૧ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કેટલી પ્રયોગશાળાઓ એન. એ.બી.એલ. ધરાવે છે ? | ૨ (બે). |

---------

**અશક્ત પેન્શનરો માટે હયાતીની ખાતરી માટે ઊભી કરેલ વિશિષ્ટ વ્યવસ્થા**

૨૧૫૦ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ માંદા અને અશક્ત પેન્શનરની હયાતીની ખાતરી કરવા માટે રાજ્ય સરકારે કોઈ વિશિષ્ટ વ્યવસ્થા ઊભી કરેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૨) અશક્ત પેન્શનર ઘરે બેઠા હયાતિની ખાતરી |

કરાવવા ઈચ્છતા હોય તો, તે અંગેની જાણ તિજોરી / પેટા તિજોરી કચેરીને, અગાઉથી લેખિતમાં કર્યેથી, દર વર્ષે જુલાઈ માસમાં અશક્ત પેન્શનરના ઘરે રૂબરૂમાં જઈને હયાતિની ખાતરી કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા મંજુર કરેલ રકમ**

૨૧૧૯ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે રૂ. ૫૨૦.૦૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે.

(૨) તે પૈકી બોપલ–ઘુમા અને બગોદરા ખાતે બાંધકામ હાથ ધરવાનું છે.

આ કામગીરીના ટેન્ડરો મંજૂર થયેલા છે.

(૩) આ કામગીરી વર્કઓર્ડર આપ્યેથી ૧૨ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**આયોજન પંચ દ્વારા રાજ્ય સરકારને ફાળવેલ રકમ**

૩૨૧૨ **શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના આયોજન પંચ દ્વારા કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવવામાં આવી ?

**જવાબ**

ભારત સરકારના આયોજન પંચ દ્વારા વર્ષવાર વધારાની કેન્દ્રીય સહાય (One time ACA) રાજ્ય સરકારને નીચે મુજબ ફાળવવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | રકમ (` કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૬૩.૦૦ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૭૦.૦૦ |

--------

**વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસનો કાર્યક્રમ**

૨૩૧૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૨) જો હા, તેમાં કયા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે,

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે DTT (ડાઈ–ઈથીયોનાઈડ ટ્યુબ ટર્બીડીટી) સ્ક્રીનીંગ ટેસ્ટ કરવામાં આવે છે. આ સ્ક્રીનીંગ ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPLC (હાઈ પરફોર્મન્સ લીકવીડ ક્રોમેટોગ્રાફી) ટેસ્ટ દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય

(૩) નીચે જણાવ્યા મુજબ વ્યક્તિઓની ચકાસણી કરવામાં આવી છે.

| અ.નં. | જિલ્લાનું | વર્ષ | કુલ | સીકલસેલ | સીકલસેલ |
|---|---|---|---|---|---|

| | નામ | | વ્યકિતઓની તપાસ કરવામાં આવી | ટ્રેઈટ | ડિસીઝ |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૧ | ૩૫૪૯૦ | ૧૮૭૪ | ૧૬૯ |
| | | ૨૦૧૨ | ૩૬૯૧૩ | ૨૭૯૫ | ૧૮૩ |
| ૨ | દાહોદ | ૨૦૧૧ | ૫૨૮૦૬ | ૨૧૫૫ | ૮૩ |
| | | ૨૦૧૨ | ૧૭૩૬૩૯ | ૧૨૬૭ | ૩૪૯ |

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૪) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૧ | ૪,૫૪,૪૭૧/– |
| | | ૨૦૧૨ | ૨૪,૫૨,૦૨૩/– |
| ૨ | દાહોદ | ૨૦૧૧ | ૬,૩૫,૮૩૧/– |
| | | ૨૧૨ | ૧,૨૧,૮૦,૮૦૫/– |

---------

**ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટના અમલીકરણ માટે લીધેલ પગલાં**

૨૩૧૩ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) નવા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના અમલીકરણ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ માં તા. ૩૧–૧–૨૦૧૩ સુધીમાં કયા કયા પગલાં ભરેલ છે, અને

(૧) નવા ફુડ સેફ્ટી એકટના અમલીકરણ માટે,

- ફુડ બીઝનેશ ઓપરેટરો તથા જુદા જુદા વેપારી મંડળોને FSSA ના કાયદાની સમજણ આપવા માટે ફૂડ સેફ્ટી કમિશ્નર/ જિલ્લા અધિકારીશ્રીઓ દ્વારા જિલ્લા/તાલુકા કક્ષાએ વિવિધ સેમીનાર/ મીટીંગોનું આયોજન કરેલ.
- દરેક જિલ્લા તેમજ મહાનગરપાલિકાઓના ડેઝીગ્નેટેડ ઓફીસરોની નિમણૂક કરી.
- રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાઓ હસ્તકની ખોરાક પ્રયોગશાળાના ફુડ એનાલીસ્ટોને નોટીફાય કર્યા.
- એરીયાને ડીસ્ટ્રીક તરીકે જાહેર કર્યા.
- બે સંયુકત કમિશ્નરોને એડજ્યુડીકેટીંગ અધિકારી તરીકે નોટીફાય કર્યા.
- મોબાઈલ ટેસ્ટીંગવાન તથા પ્રદર્શન વાન શરૂ કરવામાં આવી.
- ટ્રીબ્યનુલ સ્થાપવા માટે કાર્યવાહી કરવામાં આવી.
- પ્રજાની જો કોઈ ફરીયાદ હોય તો તે માટે ટોલ ફ્રી નંબર–૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ તથા http//gujhealth.gov.in/complaint–feedback–public–htm વેબસાઈટ શરૂ કરવામાં આવી.

(૨) આ માટે કેટલી નવી જગ્યાઓ

(૨) ૧૨૫ જગ્યાઓ.

ઊભી કરવામાં
આવી છે?

---------

**રાજય સરકારે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી લીધેલ બેંક ઓવરડ્રાફ્ટ**

૨૧૪૬ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૧૨નાં છેલ્લાં બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) સરકારે તે પેટે કેટલું વ્યાજ ચૂકવ્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કોલવડા ખાતેની મૉડેલ આયુર્વેદિક કોલેજના મકાનના બાંધકામ પાછળ થયેલ ખર્ચ**

૨૧૨૪ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લાના કોલવડા ખાતેની મોડેલ આયુર્વેદિક કોલેજના મકાનના બાંધકામની કામગીરી કયા તબકકે છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતેની મોડેલ આયુર્વેદિક કોલેજના મકાનના બાંધકામની કામગીરીનું ૮૫% કામ પૂર્ણ થયેલ છે. જે હાલ પૂર્ણતાની કક્ષાએ છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કૂલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કુલ રૂ. ૭૬.૦૨ કરોડ ખર્ચ થયેલ છે. |
| (૩) આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) આ કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ઇકોનોમીક ઝોનમાં સ્થાપિત ઉદ્યોગો માટે વેટ અમલીકરણ માટે કરેલ કાર્યવાહી**

૧૪૭૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૧૨–૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર વેટનો અમલ શરૂ કર્યા પછી સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં સ્થાપિત ઉદ્યોગો માટે વેટના સઘન અમલીકરણ માટે છેલ્લા ત્રણ મહિનામાં નાણાં વિભાગ દ્વારા કયારે અને શી કાર્યવાહી કરવામાં આવી ? | સ્પેશીયલ ઈકોનોમિક ઝોનનાં વેચાણો નિકાસ માટેના હોઈ વેટ લાગતો નથી. પરન્તુ કાયદાને અધિન તેઓએ ડોમેસ્ટિક ટેરીફ એરિયામાં કરેલ વેચાણો વેરાપાત્ર છે. |

---------

**નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ફાળવેલ ગ્રાન્ટ**

૨૦૧૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રવાર નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળની કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) અને (૨) : ***પત્રક–અ** અને ***પત્રક–બ** મુજબ. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | |

**પત્રક–અ**

પ્રા. આ. કે. વાર એનઆરએચએમ અંતર્ગત વર્ષવાર ગ્રાન્ટ અને ખર્ચની વિગત

| ક્રમ | તાલુકા | વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ | ક્રમ | પ્રા..આ.કે.નું નામ | વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ |
|---|---|---|---|---|---|---|---|

| | | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ | | | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ |
(૪) (૧) સા. આ. કેન્દ્રોની વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે.

૨. રાજ્યની મેડિકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળે , ખાલી જગ્યા ઉપર નિમણૂક કરવામાં આવે છે.

૩. વર્ગ–૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ભરવામાં આવે છે.

૪. વર્ગ–૩ની પેરામેડિકલ સંવર્ગની અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–૧**

રેફરલ હોસ્પિટલ –જોડીયા ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેડરવાઈઝ ખાલી જગ્યાની વિગત

| અ. નં. | સંવર્ગ | મંજુર | ખાલી જગ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૧ | – |
| ૨ | તબીબી અધિકારી, વર્ગ–૨ | ૩ | ૦ | |
| ૩ | સીનીયર આસીસ્ટન્ટ વર્ગ–૩ | ૨ | ૦ | એક જગ્યા સી.એચ.સી.–સીક્કા ખાતેથી તબદીલ થયેલ છે. |
| ૪ | સીનીયર ક્લાર્ક વર્ગ–૩ | ૨ | ૨ | એક જગ્યા સી.એચ. સી.–કાલાવાડ ખાતેથી તબદીલ થયેલ છે. |
| ૫ | એકસરે ટેકનીશીયન વર્ગ–૩ | ૧ | ૦ | – |
| ૬ | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ–૩ | ૧ | ૦ | – |
| ૭ | જૂનીયર ફાર્માસીસ્ટ વર્ગ–૩ | ૨ | ૦ | ઈન્ડીયન રેડક્રોસ દ્વારા નિમણુંક પામેલ છે. |
| ૮ | હેડ નર્સ | ૧ | ૧ | સ્ટાફ નર્સને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| ૯ | સ્ટાફ નર્સ વર્ગ–૩ | ૧૦ | ૩ | – |
| ૧૦ | ઓપ્થલ્મિક આસીસ્ટન્ટ | ૧ | ૧ | સી.એચ.સી. ના સ્ટાફ પેટર્નમાં આ જગ્યા મંજુર થયેલ નથી. પરંતુ રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ માટે તબદીલ કરી આપવામાં આવી છે. |
| ૧૧ | ડ્રાઈવર વર્ગ–૩ | ૧ | ૦ | – |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૦ | – |
| ૧૩ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૧ | અન્ય વર્ગ–૪ના કર્મચારી પાસે કામગીરી લેવામાં આવે છે. |
| ૧૪ | ચોકીદાર | ૧ | ૦ | – |
| ૧૫ | વોર્ડ સરવન્ટ વર્ગ–૪ | ૫ | ૩ | – |
| ૧૬ | વોર્ડ આયા વર્ગ–૪ | ૫ | ૩ | – |
| ૧૭ | સ્વીપર વર્ગ–૪ | ૬ | ૩ | – |
| | કુલ | ૪૪ | ૧૮ | – |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વેટની આવક**

૩૨૧૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૨ ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વેટની કેટલી આવક થઇ, | (૧) રૂા. ૨૨૨.૭૧ કરોડ. |
| (૨) તા.૩૧–૦૧–૧૩ ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂા. ૧૭૯.૧૧ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવી તબીબી શિક્ષણની કોલેજો શરૂ કરવા બાબત**

૩૦૫૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં નવીન તબીબી શિક્ષણની કોલેજો શરૂ કરવા સરકારે તા.૩૧મી ડીસેમ્બર–૨૦૧૨ સુધીમાં કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા તાલુકામાં એવી તબીબી શિક્ષણની કોલેજ શરૂ થનાર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે તબીબી શિક્ષણની કોલેજ ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યના આંતરિક દેવામાં થયેલ વધારો**

૨૮૫૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના આંતરિક દેવામાં કેટલી રકમોનો વધારો થયો, અને

(૨) ક્યા કારણોસર ?

**જવાબ**

(૧) (રૂા. કરોડમાં)

| નાણાકીય વર્ષ | આંતરિક દેવામાં ચોખ્ખો વધારો |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૩૩૨૮ |
| ૨૦૧૧–૧૨ | ૧૩૪૬૪ |

(૨) રાજ્યના વિકાસ આયોજનના કામો માટે જાહેર દેવા દ્વારા સંશાધન ઊભા કરવા, તે સ્વીકાર્ય પધ્ધતિ છે. વાર્ષિક વિકાસ યોજનાના ખર્ચની વૃદિધ અનુસાર અને કાયદા હેઠળ નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં આવેલ આયુર્વેદ દવાખાનામાં ખાલી જગ્યાઓ**

૨૦૭૩ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ તાલુકાવાર કેટલાં આયુર્વેદ દવાખાનાઓ આવેલાં છે,

(૧)

| તાલુકો | આયુર્વેદ દવાખાનાની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૫ |
| અમીરગઢ | ૪ |
| દાંતા | ૫ |
| વડગામ | ૩ |
| થરાદ | ૪ |
| વાવ | ૨ |
| ભાભર | ૨ |
| ધાનેરા | ૧ |
| ડીસા | ૩ |
| કાંકરેજ | ૧ |
| **કુલ** | **૩૦** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા દવાખાનાઓમાં આયુર્વેદ ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે,

(૨)

| તાલુકો | ખાલી જગ્યાઓની વિગત |
|---|---|
| અમીરગઢ | ૩ |
| દાંતા | ૨ |
| થરાદ | ૨ |
| વાવ | ૧ |
| ભાભર | ૧ |
| ડીસા | ૨ |
| કાંકરેજ | ૧ |
| **કુલ** | **૧૨** |

(૩) રાજ્યમાં આયુર્વેદ થયેલ અસંખ્ય ડોક્ટરો બેકાર છે ત્યારે આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા મેડીકલ ઓફીસર વર્ગ–૨ની જગ્યાના સુધારેલ ભરતી નિયમો આખરી થયા બાદ માંગણીપત્રક મોકલી આપવા જણાવેલ હોઈ ભરતી નિયમો આખરી કરવાની કાર્યવાહી ચાલુ હોવાના કારણે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૪) તે ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ભરતી નિયમો આખરી થયા બાદ જગ્યાઓ ભરવાની રહેશે.

---------

**અમરેલી જિલ્લામાં પંચાયત હસ્તકના દવાખાનાઓમાં ડોક્ટરોની જગ્યાઓ ભરવા બાબત**

૨૮૨૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં પંચાયત હસ્તકના કેટલા દવાખાના તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ડોક્ટર વિહોણા છે, અને

(૧) એક પણ નહીં.

(૨) આવા દવાખાનાઓમાં ડોક્ટરોની જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૮૯૩ **શ્રી જસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૭મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૨ માં જૂનાગઢ જિલ્લાની આર.ટી.ઓ. કચેરીને કુલ કેટલી રકમની આવક થઇ,

(૧)

| વર્ષ | થયેલ આવક રૂપિયા કરોડમાં |
|---|---|
| ૨૦૧૧ | ૪૮.૦૫ |
| ૨૦૧૨ | ૪૯.૬૨ |

(૨) વર્ષવાર આવકમાં વધારો થયો કે ઘટાડો,

(૨) વર્ષવાર આવકમાં વધારો થયો.

(૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને

(૩) આવકમાં રૂા. ૦૧.૫૭ કરોડનો વધારો થયો.

(૪) ઘટાડો થયો હોય તો તેનાં કારણો શાં છે ?

(૪) આવકમાં વધારો થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પોતાના મકાનો

૨૦૧૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પોતાનું મકાન નથી, અને

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના પ્રા.આ.કેન્દ્રોને પોતાના મકાન નથી.

| અ.નં. | તાલુકાનું નામ | પ્રા.આ.કેન્દ્રોનું નામ |
|---|---|---|
| ૧ | અમરેલી | શેડુભાર |
| ૨ | લાઠી | જરખીયા |
| ૩ | કુકાવાવ | લુણીધાર |
| ૪ | કુકાવાવ | દેવગામ |
| ૫ | સાવરકુંડલા | બાઢડા |

(૨) પોતાનું મકાન નહી ધરાવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે નવા મકાન બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ ?

(૨) (૧) લુણીધાર, દેવગામનું નવીન મકાનનું બાંધકામ ચાલુ છે.

(૨) જરખીયા, બાઢડા પ્રા.આ.કેન્દ્રોના નવા મકાન માટે ટેન્ડરીંગ થઈ ગયેલ છે.

(૩) શેડુભાર પ્રા.આ.કેન્દ્રના નવીન મકાન બાંધકામ માટે નાણાંકીય જોગવાઈ થયેથી હાથ ધરવાનું આયોજન છે.

---------

## વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના જર્જરિત મકાન રીપેરીંગ

૨૬૬૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૩ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા પંચાયત સંચાલિત દવાખાનાઓના જર્જરિત મકાન સમારકામ કરવા લાયક છે,

(૧) કેટલાક મકાનો નાનું મોટું સમારકામ માંગે છે- જર્જરિત નથી.

(૨) આ મકાનોનું સમારકામ ક્યારે કરવામાં આવશે, અને

(૨) સમારકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) કેટલી માગણી સામે કેટલી રકમની મંજૂરી આપવામાં આવી ?

(૩) રૂા. ૪૪૭.૨૯ લાખની માગણી સામે પૂરેપૂરી રકમની મંજૂરી આપવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં વાહનના પાસીંગ, ડ્રાઈવીંગ, લાયસન્સ, વાહનના ટેક્ષ વસુલાત માટે તાલુકા કક્ષાએ કેમ્પ યોજવા બાબત**

૩૨૧૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં નવા તથા જૂના વાહનના પાસીંગ, ડ્રાઈવીંગ લાયસન્સ, વાહનના ટેક્ષની વસુલાત સંબંધી કામગીરી માટે તાલુકા કક્ષાએ પ્રત્યેક મહિનામાં ફક્ત એકવાર કેમ્પ ડીસે.૨૦૧૨ ની સ્થિતિએ યોજવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાલુકા કક્ષાએ આવા કેમ્પ મહિનામાં ફક્ત એકવાર યોજવાથી તાલુકાની પ્રજા ભારે હાલાકી ભોગવે છે અને કામકાજનો એક દિવસે ભરાવો થવાથી નાગરિકો પરેશાની ભોગવે છે, તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આવી કોઈ ફરિયાદ મળેલ નથી.

---------

**ગુજરાત વાહન વ્યવહાર નિગમને નવી બસો ખરીદવા આપેલ મંજૂરી**

૩૨૧૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી એસ.ટી. બસો ખરીદવા વાહન વ્યવહાર નિગમને સરકારે મંજૂરી આપી, અને

(૨) તે પૈકી કેટલી નવી બસો ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | રાજ્ય સરકારશ્રી દ્વારા સૈધ્ધાંતીક મંજુરી આપેલ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૨૮૫૦ નવી બસો |
| ૨૦૧૨–૧૩ | ૧૬૧૫ નવી બસો |

(૨) ૨૫૯૭ બસો ખરીદવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજૂર થયેલ મહેકમ**

૩૦૫૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દિયોદર અને ભાભર તાલુકામાં ડીસેમ્બર–૨૦૧૨ ની સ્થિતિએ ફીમેલ હેલ્થ વર્કરનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ક્યા તાલુકામાં કેટલી જગ્યા ભરવાની બાકી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, દીયોદર અને ભાભર તાલુકામાં ડીસેમ્બર–૧૨ની સ્થિતિએ ફીમેલ હેલ્થ વર્કરનું મહેકમ નીચે મુજબનું મંજૂર થયેલ છે.

| તાલુકાનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|
| પાલનપુર | ૪૯ |
| ડીસા | ૫૬ |
| દીયોદર | ૧૯ |
| ભાભર | ૧૪ |

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ફક્ત દીયોદર તાલુકાની એક જગ્યા ભરવાની બાકી છે.

(૩) દીયોદર તાલુકાની એક ખાલી જગ્યા યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવાનું આયોજન છે.

---------

**અમદાવાદ શહેરમાં પી.એન.જી. પર વેટની આવક**

તા.૭મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

૩૧૭૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં રાંધણગેસ ઉપર કોઇ વેટ લેવાતો નથી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેરમાં ઘરે ઘરે પાઇપ લાઇન દ્વારા અપાતા પી.એન.જી. ઉપર રાજ્ય સરકારને કેટલો વેટ મળે છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પી.એન.જી. ઉપર વેટની કુલ કેટલી આવક વર્ષવાર થઇ ?

**જવાબ**

(૧) રાજ્યમાં રાંધણગેસ તરીકે વપરાતા એલ.પી.જી. સીલીંડર (ડોમેસ્ટીક) પર કોઈ વેટ લેવાતો નથી.

(૨) પી.એન.જી. ઉપર રાજ્ય સરકારને ૧૨.૫ ટકા વેરો+ ૨.૫ ટકા વધારાના વેરા પ્રમાણે વેટ મળે છે.

(૩)

| ક્રમ | વિગત | આવક (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | તા. ૧–૪–૨૦૧૧થી તા. ૩૧–૩–૨૦૧૨ | રૂા. ૧૮.૭૨ |
| ૨. | તા. ૧–૪–૨૦૧૨થી તા. ૩૧–૧–૨૦૧૩ | રૂા. ૧૭.૬૨ |
| | **કુલ :–** | **રૂા. ૩૬.૩૪** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખાદ્ય વસ્તુમાં ભેળસેળના પકડાયેલ કિસ્સામાં લીધેલ પગલાં**

૨૦૭૪ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખાદ્ય વસ્તુઓમાં થતી ભેળસેળ અટકાવવા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેચાણના કેટલા એકમોમાંથી ખાદ્ય વસ્તુઓના કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવ્યું,

(૩) તે પૈકી કેટલા કેસોમાં ભેળસેળ થયાનું માલુમ પડ્યું, અને

(૪) ભેળસેળના કિસ્સામાં જવાબદારો/ગુનેગારો સામે શિક્ષાત્મક શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) કુલ–૧૩૫ એકમોમાંથી ૧૪૫ નમૂનાઓ લીધા.

(૨) ૧૪૫ નમૂનાઓનું પૃથ્થકરણ કરવા લેબોરેટરીમાં મોકલેલ તે પૈકી ૧૨૬ નમૂનાઓના અહેવાલ આવેલ છે, જ્યારે ૧૯ નમૂનાઓ લેબોરેટરીમાં પડતર છે.

(૩) ૧૩ કેસો

(૪) ૧૩ કિસ્સામાંથી ૮ એડજ્યુડીકેટીંગ ઓફીસરને દંડની સજા માટે અરજી કરેલ છે, ૩ કિસ્સામાં કાર્યવાહી ચાલુ છે, જ્યારે ૨ કિસ્સા અનસેઈફ હોઈ, કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**તેરમા નાણાપંચની ભલામણ અન્વયે રાજ્ય સરકારને મળેલ રકમ**

૨૮૨૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ ૧૨મા નાણાપંચની ભલામણ કરતાં ૧૩મા નાણાપંચની ભલામણ અન્વયે રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમની વધુ ફાળવણી મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી નાણાપંચની ભલામણ/ફાળવણી અન્વયે રાજ્ય

**જવાબ**

(૧) **સહાયક અનુદાન** તરીકે રૂા. ૫૯૭૪.૫૪ કરોડ

(૨) વર્ષ : ૨૦૧૨–૧૩ (તા. ૩૧–૧૨–૧૨ સુધી)માં રૂા. ૯૭૬.૪૨ કરોડ

સરકારને કેટલી રકમ ફાળવવામાં આવી ?

---------

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રીને જયારે અમે કોઇ પ્રશ્નોત્તરી દરમ્યાન જયારે પૂછતા હોઇએ છીએ અને આપે પણ કહ્યું પણ તેમાંથી કાઢ્યા નહીં. એવું કહેવામાં આવ્યું કે અમારા અને તમારા. મેં માત્ર સીધો પ્રશ્ન પૂછયો હતો. અત્યાર સુધીમાં અમે પ્રશ્નોત્તરીમાં જેટલા લોકો ભાગ લઇએ છીએ અને અમને જે અનુભવ થાય છે, તો અમે કાલથી આમાંથી બિલકુલ બંધ કરી દઇએ. પ્રશ્નોત્તરીમાં..

અધ્યક્ષશ્રી : તમારે શું કરવું, એક મિનિટ. આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો કહો. તમારે શું કરવું તેના માટે તમે સ્વતંત્ર છો. તમે એમ કહો કે આ નહીં ને આ વસ્તુ થવી જોઇએ. આ વિધાનસભાના નિયમની વિરુદ્ધ વાત છે. તે વિધાનસભાના નિયમ મુજબ ચાલવી જોઇએ. એટલો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું એ તરફ જ આપનું ધ્યાન દોરું છું કે માનનીય મંત્રીશ્રીને મેં જ પ્રશ્ન કર્યો હતો કે કેન્દ્રના પૈસા કેટલા ટકા અને રાજય સરકારના કેટલા ટકા**?** એમાં આપે પણ એમને ટકોર કરી કે અમારા અને તમારા જવા દો. છતાં રેકર્ડ ઉપરથી દૂર નહીં કર્યુ.

અધ્યક્ષશ્રી : કાઢી નાંખ્યું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે ભાષામાં જે શબ્દોનો ઉપયોગ કર્યો.

અધ્યક્ષશ્રી : તે મેં કઢાવી નાંખ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં જે કોઇ જવાબ અમને મળે છે તે આ સિસ્ટમથી મળે છે. મારો જે કહેવાનો ભાવાર્થ છે કે અમે પૂછીએ છીએ શું અને તેનો જવાબ જે રીતે, જે ભાષામાં મળે છે તેનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રી જે બોલ્યા, આપે કહ્યું કે આ સ્થિતિમાં ના બોલી શકાય.

અધ્યક્ષશ્રી : નહીં અમારું અને તમારું નહીં. જે આપણું હાઉસ છે, હાઉસને અનુરૂપ શબ્દો હોય, મારું અને તમારું હોય નહીં એટલા માટે હું એ શબ્દો કાઢી નાંખવા માટેનું કહું છું. હજી તમામ સભ્યોને ફરીથી કહું છું કે તમારે સવાલ પૂછવો હોય તો આ જે સવાલ છે તે આખેઆખો વાંચી જાઓ અને પાછું તેમાંથી પૂછો નહીં. તમે ડાયરેકટ સવાલ પૂછો. સવાલની કોઇ પ્રસ્તાવના બાંધવાની જરૂર નથી. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે પણ કોઇ પ્રસ્તાવના કરવાની જરૂર નથી. ડાયરેકટ સવાલ અને ડાયરેકટ જવાબ ભવિષ્યમાં આપશો એનું ખાસ બધા સભ્યો ધ્યાન રાખે તેવી રીકવેસ્ટ કરવામાં આવે છે. માનનીય શૈલેષભાઇ પરમાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્ર પર મારા વિચારો રજુ કરું છું. હું કાલે માનનીય આનંદીબેનને સાંભળી રહ્યો હતો કે આ સભાગૃહમાંથી ત્રણ પોપટો ઉડી ગયા. માનનીય મંત્રીશ્રીને વાત કરવા માગું છું કે તમારા પણ આઠ પોપટો ઉડી ગયા છે. કેબિનેટ મંત્રી પણ ઉડી ગયા છે અને તમારા પ્રમુખ પણ ઉડી ગયા છે.

અધ્યક્ષશ્રી : ફરી પાછું અમારા અને તમારા આવ્યું. શાસક પક્ષ અને વિપક્ષ એ રીતે વાત કરો. અમારું અને તમારું નહીં. હમણાં જ મેં સૂચના આપી છે. તેમણે કહ્યું એટલે સૂચના આપી અને પાછી શરૂઆત તમે કરો છો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં કોંગ્રેસના ઘરના ઘરની બહુ ટીકા કરવામાં આવી. ગુજરાતની અંદર છ કરોડની વસ્તી છે. એક ઘરની અંદર ચાર પરિવારના સભ્યો ગણીએ તો ગુજરાતની અંદર ૧ કરોડ અને ૫૦ લાખ મકાનોની જરૂર પડે. જે રીતે માનનીય મંત્રીશ્રીએ કાલે વાત કરી કે ૪૦ વર્ષની અંદર ૧૨ લાખ અને ૫૦ હજાર મકાનો બન્યા. ભાજપના ૧૨ વર્ષની અંદર ૨૦ લાખ અને ૯૬

હજાર મકાનો બન્યા. આમ કુલ ૬૨ વર્ષમાં ૩૩ લાખ અને ૪૬ હજાર મકાનો બન્યા છે ત્યારે ગુજરાતની અંદર બાકી રહેલા પરિવારો જે છે તે ૧ કરોડ અને ૧૩ લાખ છે. આ રાજયની અંદર ૧ કરોડ કરતાં વધારે લોકો પોત પોતાના મકાનો શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય ત્યાં ધરાવે છે. ગુજરાતને અત્યારે ૧૩ લાખ અને ૫૪ હજાર મકાનોની જરૂર છે. ભારતીય જનતા પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું કે અમે પાંચ વર્ષની અંદર ૫૦ લાખ મકાનો બનાવીશું. પાંચ વર્ષમાં ૫૦ લાખ મકાનો એટલે ૧ વર્ષની અંદર ૩૬૫ દિવસ હોય એટલે પાંચ વર્ષની અંદર ૧૮૨૫ દિવસ થયા. આ ૫૦ લાખ મકાનો બાંધવા માટે રોજના ૨૭૪૦ મકાનો બને તો પાંચ વર્ષમાં ૫૦ લાખ મકાનો પૂર્ણ થાય. સરકારને ૬૦ દિવસ થઇ ગયા છે અને આ ૬૦ દિવસના ગાળા દરમિયાન એક દિવસનાં મકાનો ગણીએ તો ૧,૬૪,૪૦૦ મકાનો અત્યારે બની રહ્યાં હોવાં જોઇએ. આ ૫૦ લાખ મકાન બનાવવાની વાત કરી છે, ગુજરાતમાં ચાલતી જે તમામ સ્કીમો છે, એક મકાનની અંદર માનો કે, ૭૫ હજાર રૂપિયાનો ખર્ચ થાય તો ૫૦ લાખ મકાનો બાંધવાના છે. એ ૫૦ લાખ મકાન બનાવવાનો ખર્ચ થવાનો છે એ ખર્ચ હું આ માનનીય સભાગૃહમાં કહેતાં દુઃખ અનુભવું છું, કે ૩ ખર્વ ૭૫ અબજ રૂપિયા જેટલો ખર્ચ આ ૫૦ લાખ મકાનો બનાવવામાં થશે. એક મકાનની કિંમત જો ૭૫ હજાર ગણીએ તો (અંતરાય) બહુ પૈસા છે એ સાચી વાત છે માનનીય વસુબેન, બહુ પૈસા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ગુજરાત સરકારનું અંદાજપત્ર લઇને આવ્યા છે, એ અંદાજપત્ર ૨૦૧૩-૧૪માં વાર્ષિક વિકાસ યોજનાનું કદ ૫૮૫૦૦ કરોડ રૂપિયાનું આવ્યું છે, પાંચ વર્ષનું જોઇએ તો ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮માં ગણીએને દસ દસ હજાર કરોડનું માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં કદાચ વધારો કરવામાં આવે તો ૩ લાખ અને ૯૪ હજાર કરોડનું બજેટ થાય. ૫૦ લાખ મકાનની સામે ૩ ખર્વ ૭૫ અરબ રૂપિયા ખર્ચની સામે આ ગુજરાત સરકારનું બજેટ પાંચ વર્ષનું ગણીએને તો ૩ લાખ ૯૪ હજાર કરોડ રૂપિયા જ થાય છે. બાકીના પૈસા સરકાર કયાંથી લાવશે એ માનનીય સભ્યશ્રીએ અને માનનીય નાણામંત્રીશ્રીએ વિચારી લેવાની જરૂર છે. પ્રજાના મત લેવા માટે કોંગ્રેસ પાર્ટીએ ઘરના ઘરની વાત કરી એટલે એમ લાગ્યુ કે અમારો ગરાસ લૂંટાઇ જશે અને પાર્ટીએ નકકી કર્યું અમદાવાદનું ગુજરાત હાઉસિંગ બોર્ડ બંધ હાલતમાં છે એ હાઉસિંગ બોર્ડને તાત્કાલિક ફોર્મ્સ વહેંચવાની વાત થઇ. માનનીય આનંદીબહેને કહ્યું કે, બહેનો ગઇ, ધક્કામૂક્કી થઇ, બહેનોને વાગ્યું પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ગુજરાત હાઉસિંગ બોર્ડની નારણપુરાની ઓફિસની અંદર સરકાર દ્વારા જયારે ફોર્મ વિતરણની વાત કરી અને ફોર્મ વહેંચવાની વાત થઇ ત્યારે મહિલાઓ ઉપર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો એ હું કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાલે ગૌચરની ખૂબ ચર્ચા થઇ છે ત્યારે મારે એક શાયરી કહેવી છે કેઃ-

**''હમને દેખા નુર હીરોં કા, સભીકે તુરર હૈ હીરોં કા,**
**એક નજર તુમ દેખ લેના, મગર તૂટ જાત ગુરુર હીરોં કા ''**

માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની વાત કરી કે માનનીય શંકરસિંહ વાઘેલાની સરકારમાં આટલી ગૌચર ગઇ, હું બે વર્ષની ખાલી માહિતી આપું છું કે કચ્છની અંદર ૨ કરોડ ૩૧ લાખ ચોરસ મીટર જેટલી જગ્યા, જામનગરમાં ૨૮ લાખ ૭૨ હજાર જેટલી જગ્યા, અમદાવાદ શહેરમાં ૫ હજાર જેટલી જગ્યા, એમ અંદાજે ૨ કરોડ, ૬૦ લાખ જેટલી ગૌચરની જગ્યા આ સરકારે ઉદ્યોગપતિઓને વહેંચી દીધી છે. રાજયના પાટનગરમાં જે ફકત ઉદ્યોગપતિઓ છે એ ઉદ્યોગપતિઓમાં સાત લોકોને એમાં એ કે.રાહેજા હોય, એ ડી.એલ.એફ. હોય, એ ટી.સી.એસ. હોય, એ આઇ.સી.આઇ.સી.આઇ. હોય, એ સત્યમ કોમ્પ્યુટર્સ હોય, ટૉરેન્ટ પાવર હોય અને દુઃખ સાથે કહેવું પડે છે કે, પૂરી ફાઉન્ડેશનને ૧૦ લાખ ચોરસમીટર જગ્યા, ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ફકત એક રૂપિયામાં આપી દીધી છે, એના આ આંકડા છે. તાતા નેનોના પ્રોજેકટની અંદર ૩૩૦૦૦ કરોડની છૂટ આપવામાં આવી છે. ૯૦૦ ચો.મી.ની એક ૧૧૦૦ એકર જેટલી જમીન જે ૪૦૦ કરોડ લેખે જેનો ભાવ દસ હજાર ચોરસ મીટરનો હતો, એ જગ્યા સરકારશ્રીએ વેચી દીધી છે.

મુન્દ્રાની વાત કરૂં તો, મુન્દ્રા પોર્ટ અને મુન્દ્રા સ્પેશીયલ ઇકોનોમીક ઝોનના નામે આ અદાણી ગૃપની માનનીય મંત્રીશ્રી કાલે વાત કરી રહ્યાં હતા. આ અદાણી ગૃપની અંદર ૨૦૦૩-૦૪ની અંદર જે જમીનો આપવામાં આવી છે. ૩,૮૬,૮૩,૦૦૦ ચોરસ મીટર જેટલી જમીન ફક્ત અદાણી ગૃપને આપવામાં આવી છે અને એ પણ નજીવા ભાવે ૧ રૂપિયાથી માંડીને ૩૨ રૂપિયાના ભાવે આ જમીનો આપવામાં આવી છે અને એનાથી રૂપિયા ૪૬.૩ કરોડનું નુકસાન ગુજરાત સરકારને પડ્યું છે. •(xxxxxx)એ રીતે કચ્છની અંદર (અંતરાય) એજ રીતે કચ્છની અંદર...

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે છત્રાલાની જમીનના સંદર્ભમાં કહે છે એ આખે આખો પ્રશ્ન એમ.બી.શાહ કમિશનની તપાસ હેઠળ છે. જે બાબત કોઇ તપાસ પંચ હેઠળ સોંપાઇ ગયેલ હોય એવા પ્રકારના મુદ્દાનો ઉલ્લેખ આપણે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કરતા નથી. મારો મુદ્દો એ છે કે એમના આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : જે બાબત કોઇ પંચ પાસે હોય કે કોર્ટ પાસે હોય એ સબજ્યુડીશ અને સેમિસબજ્યુડીશ કહેવાય એટલે એનો આપણે ઉલ્લખ ન કરીએ. આ છત્રાલાની જમીનના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૭૮,૮૩,૮૦,૫૬૧ ચોરસ મીટર જગ્યા સરકારે અલગ અલગ ૨૫ કંપનીઓને આપી દીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન પાસે ત્રણ વ્યક્તિઓ ગઇ એક નાનું બાળક, એક કુંવારી દીકરી ગઇ અને એક પરણેલી બહેન ગઇ. આ ત્રણે જણાએ ભગવાનને પ્રસન્ન કર્યા, ભગવાન પ્રસન્ન થયા અને કહ્યું બેટા હું તને ભણતર આપીશ, કુંવારી દીકરીને કહ્યું તને સારો વર આપીશ અને પરણેલી બહેનને કહ્યું કે હું તારા પતિની રક્ષા કરીશ. આ ત્રણેમાંથી બાળકે અપહરણની વાત કરી, દીકરીએ બળાત્કારની વાત કરી અને પરણેલી બહેને મંગળ સુત્રની વાત કરી. (અંતરાય)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ (શહેરા)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૨-૧૩ નું જે અંદાજ પત્ર લઇને આવ્યા છે તેમાં હું મારૂં સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ૧૧ વર્ષની અંદર અગિયાર વર્ષના અદકેરા પ્રવાસની આ વાત છે, સૌની સાથે સૌના માટે વિકાસની આ વાત છે, લોકશાહીનું પર્વ છે સત્યની અગન કસોટી છે, ૬ કરોડ જનતાના વિશ્વાસની આ વાત છે, જનસેવા જનહિત વિચાર જેના હૈયે હોય એવા આયોજન પ્રયોજનના પ્રકાશની આ વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, વાત સાવ સાચી છે અઘરો કોઇ પ્રકલ્પ નથી કરવા જેવો સંકલ્પ છે, વિકાસનો કોઇ વિકલ્પ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે, આજે ભાઇ શૈલેષભાઇ બોલતાં હતાં એમા મારે એમને કહેવું છે કે, ગુજરાતની અંદર ઘરનું ઘર ચૂંટણી સમયે આ લોકો લઇને નીકળ્યા હતા આ ઘરનું ઘર ક્યાંય ખોવાઇ ગયું. બીજી જાહેરાત હતી અને જાહેરાત એવી હતી કે દશા બદલો અને દિશા બદલો. તો સાહેબ, કોંગ્રેસની દિશા અને દશા બંને બદલાઇ ગઇ. આ બંને વાત એમની બદલાઇ ગઇ અને ગુજરાતની પ્રજાએ બિલકુલ સારી રીતે એમને બેસાડી દીધા અને જ્યાં એમનું સ્થાન હતું એ ગુજરાતની પ્રજાએ એમને બતાવી દીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત છે, માનનીય શૈલેષભાઇને કહેવું છે કે 'જલી કો આગ કહેતે હૈ બૂઝી કો રાખ કહેતે હૈ, જીસમે સે બના બારૂદ ઉસકો નરેન્દ્ર મોદી કહેતે હૈ..' મુદઇ લાખ બૂરા ચાહે તો કયા હોતા હૈ વહી હોતા હૈ જો મંજૂરે ભગવાન હોતા હૈ. આ કોંગ્રેસવાળા ગમે તેટલી બૂરાઇ ચાહે તો પણ એનાથી આ સરકારને કોઇ ફરક પડવાનો નથી, મારે સિંચાઇ વિભાગ વિશે કહેવું છે. મારા વિસ્તારની અંદર પાનમ હાઇ લેવલ કેનાલ બનાવી છે. ગુજરાતમાં નહિ પણ દેશની અંદર સૌપ્રથમ વખત સિંચાઇ માટે ચાર

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

કિલોમીટરની ટનલ બનાવી છે અને એ માટે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપવા છે, ચાર કિલોમીટરની વચ્ચે આવેલા પર્વતો ખોદીને પીવાના પાણી માટે, ખેતીના પાણી માટે, સિંચાઇ માટે આ જે ચાર કિલોમીટરની ટનલ પહાડોની અંદર જે આ પડી જાય એવો ભય હતો એવી ભીતિ હતી અને જો કદાચ સકસેસ ના ગયા હોત તો આ કોંગ્રેસવાળા ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર* (xxxxxx) હોત.

અધ્યક્ષશ્રી : (xxxxxx)એ શબ્દ કાઢી નાંખું છું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) :માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા મહાનગરપાલિકામાં પાનમ નદીનું પાણી આપવામાં આવતું હતું એના લીધે આજે પાનમ હાઇ લેવલ કેનાલ શહેરા વિસ્તારની અંદર કાઢીને ૧૨૭ કિલોમીટર એફ.આર.એલ. ખટકપુર પાસેથી નવો એચ.આર. બનાવી ૧૨૦ મીટરના લેવલથી પાનમ હાઇ લેવલ કેનાલ બનાવવામાં આવી છે. આ કેનાલ માટે ૧૩૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થઇ ચૂક્યો છે. આ યોજનાના પાંચ એપ્રોચ કેનાલ ટનલ, લિન્ક કેનાલ, આર.બી.એમ.સી., એલ.બી. એમ.સી. આ બધી શાખાઓ અને પૂર્વ પટ્ટીમાં સિંચાઇનું આયોજન સિંચાઇ મંત્રીશ્રીએ કરેલું છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે આવું જો કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી હોય અને એમાં પણ આ લોકોને તકલીફ પડતી હોય (xxxxxx)*

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાખું છું. જરાક આઇસક્રીમ નાંખો પેટમાં ઠંડક રહે એટલા માટે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) :માનનીય અધ્યક્ષશ્રી, આર.બી.એમ.સી.ની કુલ લંબાઇ નવ કિલોમીટર છે. કામ સ્ટ્રક્ચર સાથે પૂર્ણ થયેલ છે. ૧૩૦૩ લાખના અંદાજો સરકારની મંજૂરી અર્થે મોકલેલા છે. એલ.બી.એમ.સી.ની અંદર લગભગ ૨૫ કિલોમીટરમાંથી ૧૬ કિલોમીટર જેટલી લંબાઇ પૂર્ણ થયેલી છે. આ નહેરની અંદર ૨૨૫૬૦ થી ૨૩૦૪૦ વચ્ચેની લંબાઇમાં જે ફોરેસ્ટ લેન્ડ આવે છે એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરૂં છું કે એમાં જલ્દીમાં જલ્દી મંજૂરી મળી જાય અને અમારા શહેરા, ગોધરા અને લુણાવાડા તાલુકાના ગામોને સિંચાઇનો લાભ મળે તેમ છે અને એનાથી ખૂબ ફાયદો થવાનો છે. ૧૮૦૦૦ હેક્ટર જમીનને જ્યારે પાણી મળવાનું છે. રાજ્યની અંદર છેલ્લાં ૧૦ વર્ષથી જળસંચય હેઠળ જે કામો થઇ રહ્યા છે એમાં આજે ૧,૫૦,૦૦૦ જેટલા ચેકડેમો બનાવીને ગુજરાતના ગરીબ ખેડૂતોને ફાયદો થાય એના માટેનું કામ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે. ૨૩૦૦૦ જેટલા તળાવો ઉંડા કરીને પાણીનું સિંચન કરવા માટેની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે ત્યારે મારે ખાસ વિનંતી કરવાની છે કે, ૩૩૨ કિલોમીટરની યોજના એ દ્વિતિય હરિયાળી ક્રાંતિનો મંત્ર બની રહેશે તેવું કામ જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે ત્યારે એને હેરાન પરેશાન કરવા માટે આ કોંગ્રેસના મિત્રો રોજ કંઇકને કંઇક (xxxxxx) લઇ આવે છે. નવી નવી વાતો કંઇક લઇ આવે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ (xxxxxx) એ શબ્દ કાઢી નાંખું છું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે દુષ્કાળ હોય દુષ્કાળની અંદર પીવાના પાણીની મુશ્કેલી નિવારવા માટે પાઇપલાઇનનું કામ પૂર્ણ કરીને ગુજરાતના તમામ ખેડૂતોને પીવાના પાણીનો લાભ આપવા માટેની પણ વ્યવસ્થા કરી છે. અંબાજીથી ડાંગ સુધી આદિવાસી વિસ્તારમાં ૧૦ વર્ષ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડમાંથી દૂર કરવામાં આવ્યાં.

સુધી મોટાપાયે કામગીરી કરીને ૨૩૫૦૦ જેટલા ચેકડેમો બનાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. લિફ્ટ ઈરીગેશન માટે કડાણાની અંદરથી સુજલામ્–સુફલામ્ યોજના કાઢીને ગુજરાતના ખેડૂતોને લાભ થાય એના માટેની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલી છે. પાનમ હાઇ લેવલ કેનાલ જે મારા શહેરા મત વિસ્તારની અંદર આવેલી છે એની અંદર ૧૫૫ મિલિયન ઘનમીટર પાણીના વપરાશ માટે મૂળ આ યોજના સિંચાઈથી વંચિત રહેલા શહેરા તાલુકા માટે કરી છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા મહિને ફરિયાદ અને સંકલન સમિતિની મિટિંગ હતી. ત્યાં હું ગયેલો હતો અને નવનિર્મિત કલેકટર ઓફિસ જોઇને હું અંજાઇ ગયો. ઘણી મોટી, મારી કલ્પનાથી પણ ઘણી મોટી ઓફિસ બનાવી હતી. જુનાગઢના નવાબને શોભે તેવી ઠાઠમાઠ સાથેની ઓફિસ હતી. જયારે હું ઓફિસની અંદર ગયો ત્યારે ૫૦ ટકાથી વધારે વિભાગ ખાલી હતો. એટલે મેં પૂછયું કે આ ઓફિસ કયારે ચાલુ કરશો ? એટલે મને કહ્યું કે ઓફિસ ૫૦ ટકા ખાલી રહેવાની જ છે. એટલે મેં કારણ પૂછયું, તો કહે જયારે ઓફિસનું પ્લાનીંગ થયુ ત્યારે જિલ્લો બહુ મોટો હતો. મારા જેવા ધારાસભ્યો જિલ્લામાં હતા અને તે ગણતરીએ પ્લાનીંગ થયું હતું. પછી જિલ્લાનો એક હાથ પોરબંદર કપાઇ ગયો અને અલગ જિલ્લો બની ગયો અને હમણાં હમણાં તેનો બીજો હાથ સોમનાથ કપાયો. જેના કારણે જુનાગઢના બન્ને હાથ કપાઇ ગયા છે. શોલે પીકચરમાં આપણે ઠાકુરને બે હાથ વગરનો જોયો હશે તે સ્થિતિમાં અમારો જિલ્લો પહોંચી ગયો છે. (અંતરાય) ગબ્બર તો ઘણાંય આમાં આવી ગયા છે. અમારો જિલ્લો નાનો થઇ ગયો ઓફિસ મોટી થઇ ગઇ. હવે અમારા જિલ્લાનો ભવ્ય ઇતિહાસ છે. અમારો જિલ્લો મહાત્મા ગાંધીના નામે ઓળખાતો,તે ભાગ અમારામાં નથી રહ્યો. અમારો જિલ્લો ઓળખાતો સોમનાથના નામે, તે ભાગ અમારામાં નથી રહ્યો. અમારો જિલ્લો ઓળખાતો સિંહના નામે, તે ભાગ પણ હવે અમારામાં નથી રહ્યો. અમારા જિલ્લામાં હવે જે કંઇ બચ્યુ છે તે જુનાગઢ શહેર અને ગીરનાર પર્વત. આ બે જ અમારી પાસે બચ્યા છે. અમારા જિલ્લાની અંદર એક પણ કહી શકીએ એવો ઉદ્યોગ નથી. આવકની દ્રષ્ટિએ યાત્રાળુઓ સિવાય અમારી પાસે કોઇ આવક નથી રહી. આના ઉપરથી માણાવદરના એક કવિ જે મારા વિનુભાઇ મિત્ર છે જેણે કવિતા બનાવી છે કે,

સિંહોમાંથી તમે કર્યા અમને શિયાળ, મોરને તમે કર્યા કાગ,
અમારી ઢેલને કરી વિધવા સમાન. ડોકટર હતા તમે ઢોરના,
છતાં માણસ જાતનો કર્યો તમે ઈલાજ અને દીધો અમને કીડીને કોસનો ડામ.
જુનાગઢના તો એવા ભાગલા કર્યા,જાણે થાળી ભાંગી વાટકા કર્યા.
કાપકુપ તમે એવી કરી,જાણે શોલેનો સંજીવકુમાર.

સરકારની ઘણી યોજનાઓ ભૂતકાળમાં અમારા જિલ્લા માટે આવી. બહુ ગાજી પણ ખરાં. સ્વર્ણિમ સોરઠ વિકાસ યોજના હેઠળ ૬૦૦ કરોડ રૂપિયા જાહેર થયા હતા તે તો હવામાં જતાં રહ્યાં. ત્રણેક વર્ષ પહેલાં અમારા જિલ્લામાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર દ્વારા એક યોજના જાહેર થઇ હતી. ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ હેઠળ. ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસેલીટી એટ જુનાગઢ હેઠળ સાત પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા હતા. જેને સરસ નામ આપ્યું હતું સપ્તરંગી. આ પ્રોજેકટની અમલવારી થાય એવું આપણા મુખ્યમંત્રીશ્રીનુ પણ સ્વપ્ન હતું. ત્રીસેક માસ પહેલાં આ પ્રોજેકટનું સ્થળ નિરીક્ષણ થયું, પ્રોજેકટની શકયતાઓ તપાસવામાં આવી, પ્રોજેકટની મુશ્કેલીઓ જોવામાં આવી, પ્રોજેકટના પ્લાન એસ્ટીમેટ અને પ્રોજેકટની નાણા ફાળવણી પણ થઇ ગઇ. છેલ્લે પ્રોજેકટના ટેન્ડરો પણ નીકળી ગયા અને વર્ક ઓર્ડરો પણ અપાય ગયા, પણ સાતમાંથી એક પણ કામ આ પ્રોજેકટમાં તણખલું હજુ હલ્યું નથી. આ સાત કામો જે હતા તે કામો પેટે નરસિંહ મહેતાનું તળાવ હતુ, વિલીંગડન ડેમ હતો, સરદાર પટેલના મજેવડી ગેઇટ પણ આમાં આવતા હતા, સર્કલ અને દીવાન ચોક ચોક, ઉપરકોટ, લાયબ્રેરી. અમારા જે સ્થળો હતા એનું બ્યુટીફિકેશનનું કામ હતું અને આ સાતેયને જોડતો એક હેરીટેઝ વોક હતો. સાતમાંથી એકેય પ્રોજેકટ હજુ ચાલુ નથી થયા. માનનીય અધ્યક્ષશ્રી, હેરીટેઝ વોક બની ગયો છે, હવે ગામ એના ઉપર ભલે ચાલે, મને આશ્ચર્ય એ થયું કે ગુજરાતનો

નાથ જે વિચાર નકકી કરે તેને રોકવા વાળો કોણ, પણ આવા વિરલાઓ અમારા જિલ્લામાં મોજૂદ છે. આ વિરલાઓએ પત્ર દ્વારા એક યા બીજે એન.ઓ.સી. ન આપવાને કારણે આ પ્રોજેકટ આગળ કયાંય ન જાય, એમ આખો પ્રોજેકટ ઘોળીને પી ગયા છે. આ મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલ યોજનાઓ અને ભંડોળ કેમ વપરાતા નથી? આમાં કોઇ અધિકારી દોષિત હોય તો કેમ પગલાં નથી લેતા? આ સાબિત કરે છે કે અમારો જિલ્લો સરકાર માટે ઓરમાયા જિલ્લા તરીકે ચાલે છે. જેથી અવાર નવાર અમારા જિલ્લાના ભાગલા પાડવામાં આવે છે.

પર્યટનની દૃષ્ટિએ અમારો જિલ્લો સમૃદ્ધ હોવા છતા તેની ઉપેક્ષા કરવામાં આવે છે અને અમારો જિલ્લો ધણી ધોરી વગરનો થઇ ગયો છે. પાંચ લાખ પર્યટકો આ જિલ્લામાં આવ્યા હતા, સાસણમાં રહેવા માટે રૂમ નથી. રોજના ૬ હજાર માણસો આવે છે. સૂવા માટે ૪૦૦ માણસની વ્યવસ્થા હોય, ૧ રૂમની વ્યવસ્થા નથી કરી શકતા, ૫ લાખ પર્યટકો આવી ગયા પણ એમાંથી સંતોષ લઇને ગયા હોય તેવા શોધવા અઘરા છે. અહીં બેઠા બેઠા મોટી વાતો કરીએ છીએ કે ગુજરાતનો નાથ, જેને ભારતનો સમ્રાટ થવાની ઇચ્છા ધરાવે છે. આ વાત ઉપરથી મને મારા ગામડાંના ભૂવાની વાત યાદ આવી ગઇ.

અધ્યક્ષશ્રી : વાર્તા નહીં, એ સિવાય ગમે તે કહો, કવિતા કહો. વાર્તા નહીં.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : ભૂવો બેઠો બેઠો વાત કરતો હતો, કે આકાશ બાંધુ પાતાળ બાંધુ, ધારું તો નવલખ તારા બાંધુ, એની પત્નિએ તેમને કહ્યું કે પહેલાં તું સૂતો છે તે ખાટલાની પંગત બાંધ, આપણા ઘરમાં કૂતરા આવી જાય છે તો પહેલા તું ઘરની ઝાંપલી બાંધ. હવે આપણા નાથ જેને કહીએ છીએ, જેને ગુજરાતને જાપાન બનાવવું છે. અમદાવાદને ટોકીયો બનાવવું છે અને સુરતને સીંગાપોર બનાવવું છે. આની વાત અમારા જિલ્લામાં જ માણસ સાંભળતા નથી. જેની વાત જ માણસ અમારા જિલ્લામાં સાંભળતા ન હોય તે સમ્રાટની વાત કયાંથી કરવાની ? અમારા ઘરે પાણી પહોંચતું નથી. અમારા ગરીબોને બી.પી.એલ.કાર્ડ મળતું નથી, અમારા ઢોર માટે જોઇતું ઘાસ નથી મળતું, જ માણસ અમારા જિલ્લામાં એમની વાત ન સાંભળતા હોય અને એમને ભારતના સમ્રાટ બનવું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં હમણાં એક બાળકનો જન્મ થયો, એ જન્મ સાથે બોલવા માંડયો.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે, માનનીય ભરતભાઇ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના વિકાસ પુરુષ અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વમાં ગુજરાત સરકારના માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તેના સંદર્ભમાં અને સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરૂં છું.

જયારથી ગુજરાતમાં મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબ બિરાજમાન થયા છે ત્યારથી દરેક વર્ષે એ સમયના નાણામંત્રીશ્રી વિકાસલક્ષી બજેટ રજૂ કર્યા છે. જેથી કરીને આજે સમગ્ર ગુજરાતે વિકાસની રાહ પકડી છે. ગુજરાત નંબર ૧ બન્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત માટે વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વ વાળી સરકારે ગુજરાતમાં જે વિકાસ કરી અને પ્રગતિ કરી છે તેની નોંધ સમગ્ર દેશની પ્રજાએ તથા વિશ્વની ટોચની નેતાગીરીએ લીધી છે. જે ગુજરાતની પ્રજા માટે ગૌરવની બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે દરેક ક્ષેત્રમાં પ્રગતિની હરણફાળ ભરી છે જેની વિગતવાર માહિતી મારા સાથી મિત્રોએ ગૃહમાં આપી છે, પણ આજે હું મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ગુજરાત સરકારે જે પ્રગતિ કરી છે તે વાત જણાવવા માગું છું.

મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ભારતભરમાં પશ્ચિમ બંગાળ પછી બીજો ક્રમ ગુજરાતનો આવે છે. ગુજરાત રાજયની સરહદે કુલ ૧૬૦૦ કિલોમીટર વિસ્તારનો લાંબો દરિયા કિનારો છે. આ કિનારા પર મત્સ્યોદ્યોગને સરખી રીતે વિકસાવવાનું કામ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા માછીમારોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. જેના ફળ સ્વરૂપે સન ૨૦૦૯-૧૦માં વેનેમાય નામની માછલીની પ્રજાતિનું ઉત્પાદન ફકત ૪૬ ટન જેટલું થતું હતું તે વધીને સન ૨૦૧૦-૧૧માં ૭૧૬ મેટ્રિક ટન થયું છે જે એક સિદ્ધિ છે. ભાંભરા પાણીમાં મત્સ્ય ઉછેર માટે ફાર્મનું બાંધકામ, જીંગા ઉછેર વિગેરે માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. રાજયમાં જીંગા

ઉછેર પ્રવૃત્તિ માટેના ૭૦૫ ફોર્મ રજીસ્ટર્ડ થયેલ છે. છેલ્લા બે વર્ષમાં ૫૬૭૫ મેટ્રિક ટન તથા ૬૦૬૪ મેટ્રિક ટન જીંગાનો ઉછેર કરવામાં આવ્યો છે.

એ જ રીતે દરિયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ માટે રાજય સરકાર દ્વારા જરૂરિયાત મુજબ વિવિધ લાભાર્થીલક્ષી યોજનાઓને અમલમાં મૂકવામાં આવે છે. પગડીયા માછીમારોને જાળ, સાયકલ, બોકસ અને વજનકાંટા માટે સહાય આપવામાં આવે છે. પગડીયા માછીમારોને સહાય વિતરણ સાયકલ માટે રૂપિયા ૩૦૦૦/- જાળ માટે રૂપિયા ૩,૦૦૦/- ઇન્સ્યુલેટેડ બોકસ માટે રૂપિયા ૧૫૦૦/- વજન કાંટા માટે રૂપિયા ૫૦૦/- એમ રૂપિયા ૮૦૦૦ ના ૯૦ ટકા લેખે રૂપિયા ૭૨૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે.

સન ૨૦૧૧-૧૨માં ૫૦ લાખની જોગવાઇ રાખવામાં આવેલ અને ૧૧૧૧ યુનિટના ભૌતિક લક્ષ્યાંકની સામે ૨૬૬૧ યુનિટની સિદ્ધિ થયેલ છે અને રૂપિયા ૧૦૯.૮૮ લાખની નાણાકીય સિદ્ધિ થયેલ છે. સન ૨૦૧૨-૧૩ના વર્ષમાં આ કાર્યક્રમ તળે રૂપિયા ૮૦ લાખની જોગવાઇ રાખવામાં આવેલ છે અને ભૌતિક લક્ષ્યાંક ૬૯૪ પગડીયા માછીમારોને ચૂકવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૩-૦૪ થી ૨૦૧૨-૧૩ સુધીમાં ૭૩૩૩ પગડીયા માછીમારોને આવરી લેવામાં આવેલ છે. તેને રૂપિયા ૩,૪૩,૦૯,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે.

રાજયના માછીમારો દરિયામાં માછીમારી કરવા જાય ત્યારે દરિયાઇ વાવાઝોડા/ તોફાનમાં થતી જાનહાનિને ધ્યાનમાં લેતાં તેમની સલામતી માટે લાઇફ સેવિંગ્ઝ એપ્લાયન્સીસ જેવા કે, લાઇફ જેકેટ, લાઇફબોય રીંગ્સ, ઇમરજન્સી લાઇટની ખરીદી પર સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૧૪માં માછીમારો માટે લાઇફ સેવિંગ્ઝ એપ્લાયન્સીસ માટે રૂપિયા ૨૧૨ લાખની જોગવાઇ રાખવામાં આવેલ છે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહમાં બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

સૌ ગૃહના મિત્રો, માનનીય નીમાબેન આચાર્ય અને અન્ય સાથી મિત્રોએ પંકિતથી શરૂઆત કરી તો મને થયું કે કોંગ્રેસ પણ કિસીસે કમ નહિ હૈ. બીજા પૈરેગ્રાફમાં ૧૧ વર્ષના અદકેરા એમાં મારી સ્વયંભૂ પંકિત છે.

"૧૧ વર્ષના અદકેરા પ્રવાસ પૈકી ૪ વર્ષ પહેલાંની આ વાત છે.

લોકશાહીનું પર્વ નથી પણ અગત્યના વાયદાની આ વાત છે.

જનસેવા જનહિત વિચાર નથી પરંતુ પોતાની જ વાહ વાહ કરવાની આ વાત છે".

ઘણી બધી વાત થઇ, સૌના સાથ સૌના વિકાસની વાત થઇ. આ પંકિત એટલા માટે મેં રજૂ કરી છે કે ભૂતકાળમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી જે બોલે એ કાયદો બની જતો હતો જે બોલે એ વચન પળાતું હતું મને યાદ છે ગયા વર્ષે વિધાનસભામાં હું બોલ્યો હતો. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ સ્વાતંત્રય પર્વ દિને આ રાજયના મુખ્યમંત્રી અને ગૃહના નેતા ગોધરા ખાતે આવ્યા ત્યારે કહ્યું કે સૌના સાથ અને સૌના વિકાસની વાત કરે છે ત્યારે ગોધરા ખાતે ૧૪૪૦ કરોડના વિકાસનું પેકેજ,એક વર્ષ ગયું બે વર્ષ ગયું, ગોધરામાં પત્રિકા ફરતી થઇ કે મોદી કયા હુંઆ તેરા વાદા, ત્યારપછી સદ્ભાવના મિશન મને એકઝેટ યાદ છે કે ૦૯-૧-૨૦૧૨ના રોજ સદ્ભાવના મિશનમાં ગોધરા ખાતે પધાર્યા ત્યારે બીજી જાહેરાત ૧૪૬૦ કરોડ સાહેબ, બીજી જાહેરાત. વિકાસ પેકેજની. બીજા કેટલા? ૧૪૬૦ કરોડ આ બન્નેનું ટોટલ ૨૯૦૦ કરોડ મને વિચાર આવ્યો કે આખા પંચમહાલ જિલ્લાની સાત વિધાનસભાની બેઠકોના ૧૧ તાલુકા. સાત વિધાનસભામાં વર્ષે દોઢ કરોડ આયોજન માટે જે સરકાર ફાળવે. ૫૦ લાખ ધારાસભ્યના મત વિસ્તાર દીઠ ફાળવે અને બે કરોડ ડી.આર.જી.વાય. અને આદિવાસીમાં મળતી ગ્રાન્ટ, ટ્રાઇબલ સબપ્લાનની. આ બધુ ટોટલ મારીએ તો દોઢ કરોડના સાત વિસ્તારના બેઝ પર ગણીએ તો સાડાસત્તર કરોડ, ૫૦ લાખ પ્રમાણે ગણીએ તો સાતના સાડાત્રણ ગુણ્યા પાંચ કરીએ તો સાડા દસ કરોડના ભાગ રૂપે અને પેલા બે કરોડ ગણીએ તો એક વર્ષના ૧૪ કરોડ અને પાંચ વર્ષના ૭૦ કરોડ આ સાહેબ, ૧૪૦ જિલ્લા ચલાવવા ગ્રાન્ટ

આવે છે, પણ બાકીના ૨૯૦૦માં ૧૪૦ કરોડ બાદ કરીએ તો ૨૭૬૦ કરોડ. ગોધરાની પ્રજા આજે પણ એમ કહે છે કે મોદી સાહેબ મોટી મોટી વાત કરીને ગયા. પણ ગોધરા ખાતે ૨૭૬૦ કરોડ છે એમાંથી જો ૨૦૦૦ કરોડ આપ્યા હોત તો અમારો કડાણા જેવો ડેમ, અમારો પાનમ જેવો ડેમ. જાહેર દેવાની વાત પર પછી આવુ છું, પણ ગોધરામાં આ ૨૦૦૦ કરોડ ફાળવ્યા હોત તો અમારી ગટર વ્યવસ્થા થઇ ગઇ હોત અને ચાંદીના રોડ થઇ ગયા હોત. આ સૌનો સાથ અને સૌનો વિકાસની વાત કરનારી સરકારને હું જણાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને પેલી •(xxxxxx) વાત યાદ આવે છે. આ તો અમારા પંચમહાલ જિલ્લાની વાત થઇ. આખા ગુજરાત રાજયમાં ૨૬ જિલ્લા જૂના હતા, પછી બીજા સાત જિલ્લા થયા. હમણાં પાછા માનનીય મુખ્યમંત્રીશ્રીએ બીજા ચાર જિલ્લા જાહેર કર્યા છે. આ જિલ્લાઓમાં પણ જઇને વાત કરી, ૧૮૦૦ કરોડ રૂપિયાનું પેકેજ, ૨૨૦૦ કરોડ રૂપિયાનું પેકેજ. બજેટમાં કોઇ જોગવાઇ નહીં. સૌનો સાથ સૌનો વિકાસ. સાહેબ, આપ્યા હોત તો હું તેમને અભિનંદન આપત. પણ આજદિન સુધી, આ પાંચમું વર્ષ જાય છે. આ પૈકી એક રૂપિયો પણ જો પંચમહાલમાં ન આપ્યો હોય તો બીજાં જિલ્લાઓમાં શું આપ્યું હશે? એક વિચારની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) વાત એટલા માટે યાદ આવે છે કે (xxxxxx) બોલવામાં શું જાય છે? મને ખબર છે કે હું છેલ્લા પંદર વર્ષ પહેલાંની વાત કરીશ. કારણ કે હું પણ ભાજપમાં હતો. સાહેબ, જોરથી બોલો, જુઠ્ઠું બોલો અને વારંવાર બોલો અને વાત પતી જાય. આજે અમે વિધાનસભામાં અમારા પ્રશ્નોની રજૂઆત કરીએ. અમારી વાત કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર દેવાની વાત કરીશ ત્યારે સાહેબ, અઘઘ..થાય એટલી બધી વાત છે. ૨૦૦૭-૦૮માં ૭૯,૩૦૯ કરોડ જાહેર દેવું હતું. ૯.૯૨ ટકાનો વધારો. ૨૦૧૨-૧૩માં ૧,૩૮,૯૩૮. સાહેબ, ૬૨ ટકાનો વધારો થયો છે. ૨૦૧૩-૧૪ હજુ કહે છે કે જેની છાતીએ વાળ હોય એ દેવું કરે. હું આ સામેવાળાને પૂછું છું કે તમારી પોતાની પેઢી હોય, તો તો વિચાર કરો, ગુજરાતની છ કરોડની પ્રજાએ તમને ટ્રસ્ટી તરીકે મૂકયા છે. નહીં કે જાહેરાતો પાછળ બેફામ ખર્ચ કરવા માટે. નહીં કે ઉત્સવો પાછળ ખર્ચ કરવા માટે. આ જે વાયબ્રન્ટની બધી વાતો થાય છે. બીજાં રાજયોમાં વાયબ્રન્ટ સમિટ યોજયા સિવાય ઇક્વિટી મૂડી રોકાણ મહારાષ્ટ્રમાં ૨.૮૨ લાખ કરોડ, ૩૩ ટકા. દિલ્હી-હરિયાણામાં ૧.૬૫ લાખ કરોડ, ૧૯ ટકા. કર્ણાટકમાં ૪૭,૫૪૫ કરોડ, વિદેશી ઇક્વિટી મૂડી રોકાણની વાત કરૂં છું. તામિલનાડુમાં ૪૫,૪૬૨ કરોડ અને ગુજરાતમાં ૩૮,૪૭૪ કરોડ આ કયાં ગયું તમારૂં એક નંબરનું ગુજરાત?

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની વાત કરીશ. ઘરના ઘરની વાત તો શૈલેષભાઇએ કરી. એમાં હું કહીશ કે, ૫૦ લાખ મકાનો પાંચ વર્ષના હિસાબે જોઇએ ૫૦ લાખ ભાગ્યા ૧૮૨૫ એટલે રોજના ૨૭૩૯ થાય. રોજના ૨૭૩૯ મકાનો એક દિવસમાં બનાવવા પડે. આટલા મકાનોના તો એક દિવસમાં પાયા પણ ન ખોદાય. જરા એન્જિનિયરોની સલાહ લીધી હોત તો. અમે તો તજજ્ઞો મારફતે ઘરના ઘરની યોજના કરી હતી. સમય મળે તો અમારી પાસે આવજો. રમણભાઇ, ૨૭૩૯ મકાનના પાયા તો એક દિવસમાં પૂરી જુઓ. લોકોને ઉંધા પાટે ચડાવ્યા. મારે ના કહેવું જોઇએ. પ્રજામાં પણ અમારા જે કોઇ કાર્યકરો કોંગ્રેસમાંથી જાય છે એને અંદરખાનેથી જો એ ધંધો કરતા હોય તો સેલ્સ ટેક્સની રેડ પાડીશું, આ કરી દઇશું, તે કરી દઇશું. આ ગુજરાતના લોકોને ધાક ધમકી આપવામાં આવે છે. સૌનો સાથ સૌનો વિકાસની વાત કરે છે. આ પક્ષમાં બેઠા છીએ, કોંગ્રેસ પક્ષમાં બેઠા છીએ. અમારા વડાપ્રધાનશ્રી મનમોહનસિંઘ છે. આજે દુનિયાભરમાં આર્થિક મંદી છે છતાં એમણે ભારતને આર્થિક મંદીથી બચાવ્યું છે. એ મનમોહનસિંઘની સરકાર છે. ભાજપમાં કેટલાય કાર્યકરો દુઃખી છે. ભૂતકાળમાં એક કાર્યકરે એક ચિઠ્ઠી લખી. એમના મુખ્ય વડા અડવાણીને, એમણે લખ્યું હતું કે, મારી એક અમૂલ્ય અને ખાનગી ચીજ વસ્તુ ખોવાઇ છે. એનો આજે પણ કોઇ જવાબ નથી. સાહેબ,

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

વિચાર કરો. આજે ભાજપના કાર્યકરો દુઃખી છે. અમે તો વિરોધપક્ષમાં છીએ. અમે તો ન્યાય માટે કોર્ટમાં જઇશું.

છેલ્લો દાખલો આપીશ. મારો બાબો કવોરી ચલાવે છે. દર મહિને રૂ.૧.૨૦ બિલ આવે છે. ઇરાદાપૂર્વક સરકારે એક મહિના પહેલાં તપાસ કરી, સરવે કરાવ્યો તો એમાં કોઇ ખામી ન મળી. એક સ્કવોર્ડ પછી બીજા મહિને બીજી સ્કવોર્ડ મોકલી. બીજી સ્કવોર્ડે રૂ.૨૨/– લાખનું બિલ મોકલ્યું. આ હેરાન કરવાની વાત છે. એમને એમ કે સી.કે.રાઉલજી કોંગ્રેસમાંથી ભાજપમાં આવી જાય, પણ હું ભાજપમાં નહીં આવું. આ કોંગ્રેસ છે. તમે ચિંતા નહીં કરતા. રમણભાઇ, તમે જે બોલો છો, અમને પણ બોલતાં આવડે છે.(અંતરાય)સો દા'ડા સાસુના તો એક દા'ડો વહુનો આવે. રામ રાજ્યની અંદર રાજા રામે ૧૫ વર્ષનો વનવાસ ભોગવ્યો હતો. હજુ અમારે ૧૧ વર્ષ થયા છે. ૨૦૧૪ પછી આ વાત અમે અમારી ફરજના ભાગરૂપે ગુજરાતની પ્રજાને કહીશું. છ કરોડ ગુજરાતીઓને ગુમરાહ કરવાની વાત છે. આ બજેટ લઇને આવ્યા છે એમાં હું સંમત થતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની છ કરોડની પ્રજા માટે, ગુજરાતના વિકાસ માટે, ગુજરાતના નાગરિકોને તમામ પ્રકારની સુખ, સુવિધા, સગવડો અને વ્યવસ્થાઓ આપવા માટે, ગુજરાતના ગરીબોને રોજગારી આપી અને એમને સુખી કરવા માટે ગુજરાતનો માનવ વિકાસ આંક ઉંચો લઇ જવા માટે, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા માટે, ગરીબો માટેના ઘર, શિક્ષણ આવી સુવિધાઓ વધારવા માટે અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ચાલતી આ સરકાર દ્વારા આ વર્ષે મેં બજેટ રજૂ કર્યું એનું મને ગૌરવ છે, એનો મને આનંદ છે. મને હોદ્દો મળ્યો, નાણામંત્રી બન્યો એ બહુ ગૌરવની વાત મારા માટે નથી, પણ મારા માટે ગૌરવ છે કે, ગુજરાતની છ કરોડની પ્રજાને, અમારા વિવિધ વિભાગના માનનીય મંત્રીશ્રીઓના નેતૃત્વમાં, અમારા ધારાસભ્યશ્રીઓની મદદથી અમારી ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકરોના પ્રયત્નોથી ગુજરાતમાં સુખ, સુવિધા અને સમૃદ્ધિ વધારવા માટે જે પાયાની જરૂરિયાત છે તેને નાણાકીય મદદ પૂરી પાડવાની જવાબદારી મારા નાણાં વિભાગને મળી છે. એનો મને આનંદ અને સંતોષ છે.

મને એ વાતનો આનંદ છે કે અમે જે રૂપિયા ગરીબો માટે ખર્ચીશું અને ગરીબોને એનાથી સંતોષ થશે. મને એ વાતનો આનંદ છે કે અમે જે રકમ આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓ માટે ખર્ચીશું એમાંથી એ લોકો સાજા નરવા થશે, સ્વસ્થ થશે અને એમના પરિવાર સાથે હળી મળીને રહેશે અને એમના જીવનને વધારે પ્રગતિના પંથે લઇ જશે. કોઇ દર્દીનું જીવન બચી જશે એનો લાભ પણ અમને સંતોષકારક રીતે મળવાનો છે. કોઇ ગરીબ આદિવાસી દલિત હશે, બક્ષીપંચનો વ્યકિત હશે ભૂતકાળની સરકારો વખતે એની જે અવગણના થઇ, એને ફકત મતબેંક તરીકે જોવામાં આવ્યો, એક માનવ તરીકે નહીં, એક નાગરિક તરીકે નહીં, એક ગુજરાતી તરીકે નહીં, એક ભારતીય તરીકે નહીં પણ ફકત મતદાર તરીકે પાંચ વર્ષે એક વખત એનો ઉપયોગ કરી અને યુઝ એન્ડ થ્રો કરવાની, સરકારોની, જૂના પક્ષોની જે નીતિ હતી એના બદલે અમે આવા લાખો ગુજરાતના નાગરિકોને સ્વાવલંબી બનાવ્યા, સ્વમાન આપ્યું અને એમને પણ ગૌરવ આપ્યું કે અમે પણ ગુજરાતી છીએ, અમે પણ ભારતીય છીએ. એમને તમામ સાથે પ્રજાના સહયોગમાં અમે જોડયા છે. ગુજરાતની વિકાસ યાત્રામાં જોડયા છે. સૌનો સાથ, સૌનો વિકાસ એ સૂત્ર અમે ખાલી બોલવા માટે નથી આપ્યું પણ ગુજરાતનો વિકાસ બધાએ સાથે મળીને કરવાનો છે.

પાંચ–છ મુદ્દાઓ ખાસ જે અમારા ધ્યાન ઉપર આવ્યા છે અને સવારે પણ મેં જે પ્રશ્નોત્તરીમાં કહ્યું કે કેટલાક લોકોને ગુજરાતની પ્રજાનું હિત કે ગુજરાતની પ્રજાનું ભલુ, ગુજરાતની પ્રજાને સુખી કરવાની, સમૃદ્ધ કરવાની એ બધી વાતોમાં એમને રસ નથી. અંગ્રેજોના જમાનામાં વાઇસરોય હતા. વાઇસરોય એટલે હાકેમ. એમનું કામ શું? રહેવાનું દિલ્હીમાં, અત્યારનું જે રાષ્ટ્રપતિભવન છે એ વાઇસરોય માટે અંગ્રેજોએ બનાવેલું જયાં આપણા મહામહિમ રાષ્ટ્રપતિજી અત્યારે વસવાટ કરે છે. એમનું ઘર છે અને કાર્યાલય પણ ત્યાં છે. વાઇસરોયનું કામ શું હતું, વાઇસરોયનું કામ એ હતું કે અંગ્રેજોની સરકાર સારી રીતે ભારત ઉપર ગુલામી રાખે ભારતના સ્વાતંત્ર સેનાનીઓ કોઇપણ રીતે સ્વાતંત્રતા મેળવવામાં સફળ ન થાય, પછી એમને ફાંસીની સજા આપવી પડે તો આપવાની. કાળા પાણીની સજા આપવી પડે તો આપવાની, કરોડો લોકોને જેલોમાં પૂરી

દેવા પડે તો પૂરી દેવાના. આ વાઇસરોયની ફરજો. અને એમનો પગાર ક્યાં થતો હતો? ભારત સરકારની તિજોરીમાંથી આ વાઇસરોયનો પગાર પડતો હતો. એની જાહોજલાલીનો તમામ ખર્ચો એ ભારતની પ્રજા ઉપાડતી હતી પણ વાઇસરોયની વફાદારી કોના ઉપર હતી જે ભારતની પ્રજા ઉપર એ રાજ કરતો હતો, જે ભારતની પ્રજાના પરસેવાની આવકમાંથી એનો તમામ ખર્ચ નીકળતો હતો, એની જાહોજલાલી નીકળતી હતી એ ભારતની પ્રજા ઉપર વાઇસરોયની વફાદારી નહોતી. એની વફાદારી ઇંગ્લેન્ડની રાણી તરફ હતી. ઇંગ્લેન્ડની સરકાર તરફ હતી એ જ રીતે આજે મને દુઃખ છે ગુજરાતમાં એવા કેટલાય લોકો છે કે જે ગુજરાતમાં રહે છે, ગુજરાતના અન્ન પાણી ખાય છે, નર્મદાનું પાણી પીવે છે, ગુજરાત સરકારની યોજનાઓનો લાભ લે છે, એમના બાળકોને ગુજરાતની સરકારની યોજનાઓનો લાભ અપાવી સુખી સમૃદ્ધ કરે છે પણ એમની વફાદારી કોના માટે છે? એમની વફાદારી ગુજરાત માટે નથી. એમની વફાદારી જેમ વાઇસરોયની વફાદારી રાણી તરફ હતી એમ એમની પણ વફાદારી કઇ રાણી ઉપર છે એ આપણે બધા જાણીએ છીએ. વિચારો માનનીય અધ્યક્ષશ્રી, હું એમને એમ નથી કહેતો. આ બજેટ જે રજૂ થયું ૫૮,૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતના વિકાસ માટે વપરાવાના છે. હું પણ ૧૯૯૦થી એક વખત છોડીને બાકીના સમયે ધારાસભ્ય છું. અમે પણ વિરોધ પક્ષમાં હતા અને રાજપા સરકાર વખતે અમે પણ સામે હતા. આ બધા એ વખતે •(xxxxxx) બધા મંત્રીઓ પણ હતા. અંતરાય ...

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો કાઢી નાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પક્ષપલટુઓ સાહેબ, પક્ષપલ્ટુઓ મંત્રીઓ હતા. (અંતરાય) પક્ષ પલટુઓ મંત્રી હતા. મને એ વાતનું દુઃખ છે કે વિરોધપક્ષના કોઇપણ સભ્યએ, કોઇપણ માનનીય ધારાસભ્યશ્રીએ નથી આ વિભાગના પ્રવચનનો 'ક' વિશે કોઇ ઉલ્લેખ કર્યો કે બજેટની જે અમે કરવેરાની દરખાસ્ત લાવ્યા એના 'ખ' વિશે કોઇ ટિપ્પણી કરી. અમે પણ હતા. ભૂતકાળના રેકર્ડ કાઢીને જોવા હોય તો જોઇ લો. અમે એકે એક પાના ઉથલાવીને કહેતા હતા. દા.ત. રાઉલજી તમે વાહન વ્યવહાર મંત્રી રહી ચૂકેલા છો. તમારે કહેવું હતું કે વાહન વ્યવહારમાં આ કરવા જેવું છે. એસ.ટી. બસને સેવાઓમાં આ કરવાની જરૂર છે. માનસિંહ ભાઇ તમે શિક્ષણ મંત્રી રહી ચૂકેલા છો. તમે કહી શક્યા હોત કે શિક્ષણને વધુ આગળ વધારવા, ગરીબ અને બક્ષીપંચના શિક્ષણમાં આમ કરીને હજુ પણ સારૂં શિક્ષણ આપવા આપણે આવુ કરવું જોઇએ. એવી રીતે મોહનસિંહભાઇ આદિજાતિ અને વન મંત્રી રહેલા છે. પર્યાવરણમાં સુધારા માટે શું શું કરવું જોઇએ. આ બજેટમાં અમે ક્યાંક જોગવાઇ ઓછી કરી છે તો સરકારનું ધ્યાન દોર્યું હોત તો સરકાર ચોક્કસ એના ઉપર આજે નહીં તો બીજા બજેટમાં અમે તમારા સારા, પોઝિટીવ અને રચનાત્મક, ગુજરાતને વધારે સારી જગ્યાએ લઇ જવાના સૂચનોનો વિચાર કરીએ, પણ ચાર મુદ્દા મેં જોયા છે. ચાર મુદ્દામાં મેં કહ્યું કે ગુજરાતનું હિત નહીં, ગુજરાતને કેવી રીતે પાછળ રાખવું, ગુજરાતને કેવી રીતે બદનામ કરવું, ગુજરાતના નેતાઓ, ગુજરાતના સરકારી અધિકારીઓને અન્ય બંધારણીય સંસ્થાઓના, બંધારણીય હોદ્દાઓનો દુરૂપયોગ કરી કેવી રીતે હેરાન કરવા, ગુજરાતની પ્રજાને કેવી રીતે ત્રાહિમામ્ કરવી આ જ એક માત્ર લક્ષ્યથી જે વાતો કરવામાં આવી એ આપણે બધાએ, ૧૮૨ માનનીય સભ્યશ્રીઓએ સાંભળ્યું છે અને એ રેકર્ડ ઉપર પણ આવ્યું છે.

આ પુસ્તિકા જેણે વાંચી હોય, એણે ગુજરાતની આવનારા વર્ષ માટેની અમારી ભા.જ.પ.ની માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકારે દરેક વર્ગનો, ગુજરાતનો સર્વાંગી વિકાસ એ અમારૂં સ્વપ્ન છે. હું જ્યારે બજેટ રજૂ કરવાનો હતો ત્યારે ઘણા પત્રકાર મિત્રોએ મને પૂછયું કે નીતિનભાઇ તમારૂં બજેટ કેવું હશે? તમે શું શું આયોજન કરવાના છો? સ્વાભાવિક છે કે એ વાત જાહેર ન કરી શકાય. પણ પત્રકાર મિત્રોને મારે કાંઇક માહિતી આપવી પડે. મેં પત્રકાર મિત્રોને એમ કહ્યું કે મારૂં બજેટ એક ગુલદસ્તા જેવું હશે. ગુલદસ્તામાં શું હોય? વિવિધ પ્રકારના ફુલો હોય. તમને કાંટા દેખાય છે. કારણ કે ૪૦ વર્ષ સુધી ગુજરાતની પ્રજાને તમે કાંટા ઉપર ચલાવી છે. કાંટા ન હોય. ગુલદસ્તામાં દરેક પ્રકારના ફુલો હોય, કલર હોય, સુવાસ હોય એમ મારૂં બજેટ પણ ગુજરાતની છ કરોડની પ્રજા માટે એક ગુલદસ્તા સમાન છે. ગરીબમાં ગરીબ અને પછાતમાં પછાત

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

માણસ અમે ઈચ્છીએ કે કોઇ અભણ ન રહે. કાલે એક પ્રશ્ન આવ્યો હતો. ઘણા પ્રશ્નો અમને વારસામાં મળ્યા છે. મને આનંદ છે કે અમારા માનનીય મંત્રીશ્રીઓ આદરણીય આનંદીબેન, રમણભાઇ, સૌરભભાઇએ વિભાગોની માહિતી આપી. ક્યાંક અમારા માનનીય ધારાસભ્યશ્રીઓએ પણ વિગતવાર છણાવટ કરી. મને એ પણ આનંદ છે કે અમારા પક્ષના અમારા સમર્થક માનનીય ધારાસભ્યશ્રીઓએ એવા પ્રેરક સૂચનો કર્યા કે જેઓ પહેલીવાર ચૂંટાયા છે. વિધાનસભામાં પગ મૂક્યાને એક મહિનો પણ નથી થયો એમણે એવા સુંદર પ્રવચનો કર્યા કે જેમાંથી નવી પ્રેરણા મળે, માર્ગદર્શન મળે કે જેની નોંધ કરવાનું મન થાય. હું બેઠો બેઠો નોંધ કરતો હતો. કુલ ૪૮ માનનીય સભ્યશ્રીઓએ આ ચાર દિવસની ચર્ચામાં ભાગ લીધો છે. વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓએ પણ ભાગ લીધો છે. હું પેન અને પેડ લઇને બેઠો હતો. મને દુઃખ છે કે કોઇનું એક સૂચન પણ ન આવ્યું કે જેનો જવાબ આપવાનું મન થાય. આ પ્રકારની વાત આવી એનું મને દુઃખ છે. કોઇ ચાર–પાંચ ટર્મથી છે, કોઇ મુખ્યમંત્રી રહ્યા, કોઇ મંત્રી રહ્યા પણ કોઇએ એવું પ્રેરક સૂચન ન કર્યું કે જેનો અમે ગુજરાતની વિકાસ યાત્રામાં સહભાગી બનાવવા માટે લાભ લઇ શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત આવી છે એના પણ ખુલાસા કરવાની મારી ફરજ છે. આ ગૃહને મારે માહિતી આપવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એક વાત બહુ ચલાવવામાં આવી છે કે ચૂંટણી પહેલા પાંચ વર્ષ કેન્દ્રએ આપ્યું, કેન્દ્રએ આપ્યું જાણે ગુજરાતની ૬ કરોડની પ્રજા એ કેન્દ્રના પૈસા આવે તો જ ગુજરાત સરકારના ૬ લાખ કર્મચારીઓનો પગાર થાય, જાણે કેન્દ્રની ગ્રાન્ટ આવે તો જ ગુજરાતના પેન્શનરોને અમારે દર વર્ષે ૬૦૦૦ કર્મચારીઓને પેન્શન ચૂકવાય. તમારી ગ્રાન્ટ આવે તો જ તમારાથી જાણે ગુજરાતની સવાર પડતી હોય અને તમારાથીજ જાણે ગુજરાતની રાત પડતી હોય એવો માહોલ ઊભો કર્યો. આ લોકોએ પ્રજાને ૫૦ વર્ષ સુધી •(xxxxxx) છે એટલે એમને ટેવ પડી ગઇ પણ ખુલ્લા પડ્યાં અમારા (અંતરાય) એ લોકો કહ્યું છે કોઇ વ્યક્તિ નથી કીધું સાહેબ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું છે? બલવતસિંહભાઇ..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે (xxxxxx) એ શબ્દ કહે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં નામ ક્યાં દીધું છે? બલવંતસિંહે (xxxxxx) એમ નથી કહ્યું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇએ છેતરી છે એવું કહ્યું તમે.

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો. (xxxxxx)આપણે કાઢી નાખીએ. બાકી બીજી પીંડી જવા દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ માનનીય સભ્યશ્રીઓને આ પવિત્ર ગૃહ મારફતે ગુજરાતની ૬ કરોડની જનતા સુધી આ વાત સ્પષ્ટ કરી દેવા માગુ છું. સવારે તો પેટ્રોલ–ડીઝલના વેટ ઉપર સ્પષ્ટ કરી દીધું. બીજી એક વાતે સ્પષ્ટતા આપું છું કે આપણો ભારત દેશ એ અનેક રાજ્યોનો બનેલો એક બંધારણીય રીતે સંગીન સ્ટ્રકચર ધરાવતો દેશ છે. આપણાં બંધારણીય ઘડવૈયાઓ પૂજ્ય બાબા સાહેબ આંબેડકર અને અન્ય સૌ મહાનુભવોએ જ્યારે બંધારણની વ્યવસ્થાઓ કરી છે એમાં પણ કદાચ એમને અંદેશો આવી ગયો હશે કે ભવિષ્યમાં કદાચ અત્યારની જે કોંગ્રેસ છે એ વખતની કે જેને મહાત્મા ગાંધીજીએ તો વિખેરી નાંખવાનું કીધું હતું. એ ભવિષ્યમાં ભારતની પ્રજાને બ્લેકમેલ ના કરે, હેરાન ના કરે. હું જ તમને ખવરાવું છું, તો જ તમે ખાવ છો એવું વાતાવરણ ઊભું ના થાય. એમણે બંધારણમાં જોગવાઇઓ કરી હતી. ભારતના બંધારણમાં લખવું હોય તો લખી લો, એટલે ભવિષ્યમાં કોઇ કહે ના કરો. તમને છાપેલા સૂચનો આપે છે. તમને એ વાતનો ખ્યાલ નહિ આવે.

અધ્યક્ષશ્રી : નટવરસિંહ, તમને બધું મોઢે રહે છે. તમારે ક્યાં લખવાની જરૂર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ બંધારણના આર્ટિકલ નંબર ૨૮૦ પેટાકલમ–૩ (અ) અન્વયે દર વર્ષે ભારત સરકાર નાણાપંચની રચના કરે છે. આપણે જેમ કહીએ છીએ ને કે ૧૧મું નાણાપંચ, ૧૨મું નાણાપંચ, ૧૩મું નાણાપંચ એ કોઇ સરકાર કોઇ એન.ડી.એ.ની હોય કે યુ.પી.એ.ની સરકાર હોય એની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

મહેરબાનીથી એ નાણાપંચ નથી બનતાં. બંધારણની જોગવાઇ પ્રમાણે આ નાણાપંચો બને છે અને બંધારણમાં એ પણ જોગવાઇ છે કે આ નાણાપંચોની કામગીરી શું? એની જવાબદારી શું? એની ફરજ શું? અને એની સત્તા શું? નાણાપંચે બંધારણીય રીતે જે કામગીરી કરવાની છે એમાં કેન્દ્રીય કરની જે ચોખ્ખી આવક થાય, એટલે ભારત સરકારની જે પોતાની આવકો થાય – ઇન્કમટેક્ષ, એક્સાઇઝ, કસ્ટમ અને અન્ય પ્રકારની જે આવક હોય એ બધી જ ભારત સરકારની આવકોને દેશના રાજ્યોની વચ્ચે વહેંચવા માટેની વ્યવસ્થા કરવી, એની ફોર્મ્યુલા બનાવવી એ કામ બંધારણના ચેપ્ટર –૧ના ભાગ ૧૨ મુજબ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારો વચ્ચે એ રકમની વહેંચણી કરવાની જોગવાઇ છે અને એ જોગવાઇ પ્રમાણે આ નાણાપંચ સહાયક અનુદાન, જેને આપણે ગ્રાન્ટ કહીએ છીએ એ કેવી રીતે ભારત સરકારે રાજ્યોને આપવું એ નક્કી કરવાનું હોય છે. ૧૩મું નાણાપંચ જે છે એમાં શેરેબલ એટલે કે વહેંચણીપાત્ર કેન્દ્રીય કરની ચોખ્ખી આવકના ૩૨% રાજ્યોને ફાળવવાની ભલામણ કરી છે. એટલે ભારત સરકારની કુલ જે આવક થાય એમાંથી ૩૨% નાણાપંચની ભલામણ પ્રમાણે ભારત સરકારે દેશના તમામ રાજ્યોને વહેંચવાની રહે છે. એમાં જે ફોર્મ્યુલા નક્કી કરી છે એ ફોર્મ્યુલા પણ હું આપને કહું. એમાં વસ્તીનું ધોરણ એના ૨૫ ટકા વેઇટેજ મળે. કોઇ રાજ્ય નાનું હોય, કોઇ રાજ્ય મોટું હોય, કોઇ બે કરોડની વસ્તીવાળું હોય, કોઇ વીસ કરોડની વસ્તીવાળું હોય તો વસ્તીના આધારે એના ૨૫ ટકા વેઇટેજ મળે. બીજો વિસ્તાર, કોઇ રાજ્ય મોટા વિસ્તારમાં ફેલાયેલું હોય, કોઇમાં ઓછો ભૌગોલિક વિસ્તાર હોય તો એને દસ ટકા વેઇટેજ આપવામાં આવે છે. પછી ફીસ્કલ ડેફિસિટ કેપેસિટી ડિસટન્સ, રાજયની આર્થિક પરિસ્થિતિ, એના આધારે ૪૭.૫ ટકા વેઇટેજ આપવામાં આવે છે અને સુખી રાજ્ય હોય તો ઓછી રકમ મળે, ગરીબ રાજય હોય તો વધારે રકમ મળે પછી રાજયની રાજવિત્તીય શિસ્ત એટલે દરેક રાજય પોતાની આવકની અને ભારત સરકારની ગ્રાન્ટોની કેવું ડિસીપ્લીનરી રીતે, ફાયનાન્સિયલ એનું ડિસ્ટ્રીબ્યુશન એનો વહીવટ કરે છે એનું પણ ૧૭.૫ ટકા વેઇટેજ છે. આ પ્રમાણે તેરમા નાણા પંચે જે રાજયોને રકમ ફાળવી છે એમાં ગુજરાતનો હિસ્સો ૩.૦૮૯ ટકા છે. આ વારંવાર કહે છે, તમારા કરતાં વધારે, તમારા કરતાં વધારે માનનીય અધ્યક્ષશ્રી, જે બારમું નાણાપંચ હતું એમાં ગુજરાતનો હિસ્સો ૩.૬૧૬ ટકા હતો, જે ઘટાડી ૩.૦૮૯ કર્યો. અગિયારમા નાણાપંચમાં એ પણ જોગવાઇ હતી હવે માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગુ છું કે, ભારત સરકારની કુલ ૧૦ લાખ કરોડ રૂપિયાની આવક આ વર્ષે માનનીય નાણા મંત્રીશ્રી કેન્દ્રના શ્રી ચિદમ્બરમજીએ જે બજેટ રજૂ કર્યું લોકસભામાં, ૧૦ લાખ કરોડ રૂપિયાની કેન્દ્રની આવકનો અંદાજ કર્યો છે એમાંથી, આ ૧૦ લાખ કરોડમાંથી ગુજરાતની પ્રજા માટે, ગુજરાતની છ કરોડની જનતા માટે કેન્દ્ર સકારે કેટલા ફાળવ્યા? એક ટકા રકમ એટલે ૧૦ લાખ કરોડમાંથી ફકત ૧૦ હજાર કરોડ ૧૦ લાખ કરોડમાંથી, ૧૦ હજાર કરોડ હવે મારી વાત સાંભળો (અંતરાય) બધું જ હવે સાહેબ, ગુજરાત સરકારનું આ વખતનું આપણું બજેટ, માનનીય અધ્યક્ષશ્રી, આપણે કુલ ૧ લાખ, ૧૪ હજાર કરોડ, સાંભળી લેજો, ૧ લાખ, ૧૪ હજાર કરોડનું બજેટ ગુજરાતની વિધાનસભામાં આપણે સૌ મંજૂર કરવાના છીએ ૫૮,૫૦૦ એ પ્લાન બાકીનું નોન–પ્લાન. હવે એમાં રાજયનો હિસ્સો કેટલો રહેવાનો છે ? માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કુલ કરવેરાની આવક ૬૦,૨૦૦ કરોડ છે. એમાંથી વેટની આવક ૪૫,૩૦૦ કરોડ, સ્ટેમ્પ ડ્યૂટીની આવક ૫,૦૦૦ કરોડ, ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીની આવક ૪,૫૦૦ કરોડ, મોટર વ્હીકલની આવક ૨,૨૦૦ કરોડ, જમીન મહેસૂલની આવક ૨,૦૪૧ કરોડ, અન્ય આવક ૧,૧૬૦.૭૦ કરોડ આમ રાજયની જે સાહેબ કુલ આવક આપણી થવાની એ લગભગ બધું જ થઇ અને ૧ લાખ, ૯ હજાર કરોડની આજુબાજુ આપણી આવક થવાની.

બીજુ માનનીય અધ્યક્ષશ્રી, ફરી માનનીય વિરોધપક્ષના મિત્રોને કહું, જેથી હવે ભવિષ્યમાં તમે ખોટું, પ્રજાને ગેરમાર્ગે દોરવાનો કે કેન્દ્ર આપે છે, કેન્દ્ર આપે છે, એ ભૂલી જાવ. ગુજરાત એ ભારતનું એક અભિન્ન અંગ છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇએ આ ભારતની એકતા, અખંડતાથી સર્જન કર્યું છે. આની અંદર બંધારણ પ્રમાણે થતી જે રકમ ભારત સરકારે ફરજીયાત આપવી પડે. એ આપવી પડે, કોઇ દયા કરતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, કાલે કોંગ્રેસના એક સભ્યએ કહ્યું, મને દુઃખ થયું હતું, સાહેબ કે, ગુજરાતના ખેડૂતોને એમણે (xxxxxx) કહ્યા પણ મારે કોંગ્રેસવાળાને, તમને કહી દેવાનું છે કે, તમે જેવા હોય એવા,

અમારી ગુજરાતની છ કરોડની પ્રજા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સ્વમાની પ્રજા છે, તમારા ટુકડા ઉપર જીવવાવાળી આ પ્રજા નથી.૧ લાખ ૧૪ હજાર કરોડની બજેટમાં...

અધ્યક્ષશ્રી : *(xxxxxx) શબ્દ કાઢી નાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમણે કહ્યું હતું.

અધ્યક્ષશ્રી : બંનેનું. એમનું હોય તો એ પણ કાઢી નાંખીશું. ત્યારે પણ એ શબ્દ કાઢી નાંખ્યો. જોરદાર થાવને, (xxxxxx) શુકામ કોઇ રહે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નથી થઇ શકતા સાહેબ.

અધ્યક્ષશ્રી : તાકાત વગરના કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ આવક છે. એ આવક ગુજરાતની પ્રજાની મહેનતથી કરવેરા દ્વારા ગુજરાત સરકારની સેવા દ્વારા મળે છે. આ બધા જ પૈસા ગુજરાતની પ્રજાના છે. કોઇ દિવસ નરેન્દ્રભાઇએ, ભાજપે અમે કોઇ કદી એમ નથી કહ્યું આ અમારા પૈસા છે. આ ગુજરાતની પ્રજાના પરસેવાની કમાણીના, સરકારની તિજોરીમાં આવેલા પૈસા છે. એકે એક રૂપિયાનો સદુપયોગ કરવો એ અમારી જવાબદારી છે. ભૂતકાળમાં શું થતું હતું એ તમે જાણો છો.

વિકાસ કોને કહેવાય? પ્રગતિ કોને કહેવાય? સગવડો કોને કહેવાય? આ બધુ જ અમે ક–ખ માં બધુ આપ્યું છે. ગુજરાતનો વિકાસ તબક્કાવાર આગળ વધી રહ્યો છે. ગઇકાલે એમ ત્રણેય દિવસોમાં માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ કહ્યું મેં કર્યુ, મેં કર્યુ, એવો અમારા ઉપર એમનો આક્ષેપ છે. મારી ચેલેન્જ છે વિરોધ પક્ષના અહીંયા બેઠેલા સભ્યશ્રીઓને કે ગુજરાતની બહાર બેઠેલા એમના પક્ષના મિત્રોને કે અમારૂં એક પણ વક્તવ્ય, એક પણ અમારી નોંધ, એક પણ અમારૂં ભાષણ જો તમે બતાવો આ અમે જ કર્યુ છે એવું કહ્યું હોય તો બતાવો. જે કરેલ છે તે કહીએ છીએ.(અંતરાય) મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી થતી હતી. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી વખતે ૫૦ વર્ષની ગુજરાતની વિકાસ યાત્રા, જે રથ અમે બનાવેલ તે ગામડે ગામડે ગયો. ગુજરાતના પૂર્વ સરપંચો, સિનિયર સિટિઝનો, આઝાદીની લડતના લડવૈયા, મહા ગુજરાતની ચળવળના લડવૈયા એમને અભિનંદનનો પત્ર આપી,સન્માન પત્ર આપી, શાલ ઓઢાડીને સન્માન કર્યુ. તે વખતે મને યાદ છે. એક ગામમાં હું ગયેલ. લગભગ ૮૦ વર્ષની ઉંમરના એક વડીલ હતા. તેઓ કોંગ્રેસી હતા. એમણે એમના પ્રવચનમાં એમ કહ્યું. એમના પ્રવચનની મારી પાસે કેસેટ છે. તમારે જોઇતી હોય તો. નીતિનભાઇ, નરેન્દ્રભાઇ મોદીનો મારા વતી આભાર માનજો. અમારા કોંગ્રેસવાળાએ કદી અમારૂં સ્વમાન નથી વધાર્યુ કે સન્માન નથી કર્યુ. આ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ અમે ૧૯૭૦ માં સરપંચ હતા, ૧૯૭૫ માં સરપંચ હતા. ૧૯૮૫ માં સરપંચ હતા. અમારા મંત્રીઓ અમને હડધૂત કરતા હતા. આ નરેન્દ્રભાઇએ અમારૂં સન્માન કર્યુ છે, એ બદલ અમારો આભાર માનજો. આ અમે કર્યુ છે. આપણે બધા સાક્ષી છીએ. આ જ પવિત્ર સભાગૃહ, આ જ વિધાનસભા આપશ્રી જ્યાં બિરાજમાન છો તે અધ્યક્ષના મંચ ઉપર ગુજરાતના તમામ પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ, ગુજરાતના, કેન્દ્રના મંત્રીશ્રીઓને, માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિમંત્રણ આપ્યું હતું અને અહીંયા જ એમનું સન્માન અને ગુજરાતની વિકાસ યાત્રાની વાત કરી હતી. આવવાવાળા મુખ્યમંત્રીશ્રીઓ અહીંયા પધાર્યા પણ હતા, પણ જે લોકો ગુજરાતની સમૃદ્ધિ, ગુજરાતની પ્રજાનો મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી ઉપર જે પ્રેમ છે, એને પચાવી શક્યા નહિ, જોઇ શક્યા નહિ તે લોકો ન આવ્યા. તમે ન આવો તો અમારા હાથમાં કઇ છે નહિ. વિકાસ અવિરત છે. મારૂં કહેવું એ છે. ૧૯૬૦ થયું, ૧૯૭૦માં થયું, ૧૯૮૦ માં થયું. ૨૦૦૪ માં અમારી જ સરકાર હતી. ૨૦૦૪ માં અમારો પ્રાણ હતો ૯૪૯૦ કરોડ. પછી ૨૦૦૫–૦૬ માં ૧૨,૧૪૨ કરોડ. એમ વધતા વધતા અમે ધીમે ધીમે મક્કમતાથી આગળ વધ્યા છીએ અને આજે ૫૮,૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ અમે લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં દેવાંની પણ વાત કરી. સ્વાભાવિક છે બધા બહુ અર્થશાસ્ત્રી હોય નહીં, સાદું સમજી નથી શકતા તો આંકડાકીય, સ્ટેટેસ્ટીક, ઇકોનોમિકસ તે ન સમજી શકે અને તેનો મારી

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પાસે કોઇ ઉપાય નથી. ભૂતકાળમાં ન ભણ્યા હોય, આનંદીબેને કાલે કહ્યું, કાલે કોઇએ કહ્યું કે તમે, હા, અમને બધુ ગમ્મતમાં દેખાય છે. કોઇનો છોકરો કુંવારો રહે તેમાં તેમને આનંદ થાય છે કે આનો છોકરો કુંવારો રહે. સાહેબ બજેટમાં બોલ્યા છે. સામાજિક સેવાની મારે વાત કરવી છે. સરકારની ફરજ, સરકારની જવાબદારી તે સરકારી વહીવટીતંત્ર પૂરતી જ છે. અમારા મુખ્યમંત્રીશ્રી દીર્ઘદૃષ્ટિવંતા છે. સામાજિક રીતે સરકારની જવાબદારીમાંથી જે બહાર આવે તે કન્યા કેળવણીનું કામ, ડ્રોપ આઉટ રેશિયો, સ્ત્રીભૃણ હત્યા નાબૂદી. અમારા ભાજપના કાર્યકરો ગામડે ગામડે ફર્યા, સાધુ સંતો, મહંતોને જોડે રાખી ફર્યા અને એક પબ્લિક જાગૃત્તિ ઉભી કરી. કાયદાકીય જોગવાઇઓ કરી સ્ત્રીભૃણ હત્યા નાબૂદ કરી. મારે કોંગ્રેસના જોષીયારાજી અહીં બેઠા છે તેઓ તો આરોગ્ય મંત્રી હતા. તમે સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા શું પગલાં લીધા હતા તે મને બતાવજો. સાહેબ ખબર જ ન હતી. સાહેબ કશી ખબર જ ન હતી. સ્ત્રીભૃણ હત્યા, છોકરીઓને ગર્ભમાં જ એમને મારી નાંખવાનું •(xxxxxx) કોંગ્રેસના જમાનામાં ચાલ્યું. આ તો અમારી સરકાર આવી, મુખ્યમંત્રીએ આ અટકાવ્યું અને તે દીકરીઓના આશિર્વાદ આજે મુખ્યમંત્રીશ્રીને મળી રહ્યા છે. દેવાની વાત કરી, (xxxxxx) પણ મારી ફરજ છે કહેવાની. દરેક રાજ્ય સરકાર પોતે કેટલું, કેટલી રકમનું....

અધ્યક્ષશ્રી : ઘણા નહીં સમજે તે શબ્દો કાઢી નાંખીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (xxxxxx) તે કાઢી નાંખો ચાલો. રાજયનું દેવું કરવા માટે ભારત સરકારનું આયોજન પંચ, ભારત સરકારનું નાણા પંચ અને ભારત સરકારની રિઝર્વ બેંક આ ચારેય જગ્યાએથી સ્ક્રુટીની થાય છે. ભારત સરકારે જે દેવું, દેવું એટલે લોન. લોન લેવાની ભારત સરકારને સત્તા આપી છે. તેના કરતાં અમે ઓછી લઇએ છીએ. અમારી સત્તા છે છતાં અમે નથી લેતા. જે નથી સમજયા તે મારે કહેવું છે. તમને કયાં કહીએ છીએ.

અધ્યક્ષશ્રી : કોઇ વ્યક્તિને નથી કહેતા. જનરલ ચર્ચા કરે છે હાઉસની અંદર. હાઉસના સભ્યને સંબોધીને નથી કહેતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧–૧૨માં લક્ષ્યાંક એટલે લોન લેવાની સત્તા રાજયના જી.ડી.પી.ના ૨૭ ટકા હતી. આપણે ૨૦ ટકા લીધી. તેમાં ઘટાડો કરી ૨૦૧૨–૧૩માં ૧૯ ટકા કરી. ૨૦૧૩–૧૪માં ૧૯.૮૯ ટકા કરી. તબકકાવાર રાજયની લોન અમે ઘટાડતા જઇએ છીએ. રાજય ઉપરનો બોજો અમે ઘટાડતા જઇએ છીએ. તેને ટકાવારીમાં મૂલવીએ તો તેનો ખ્યાલ આવે. નર્મદા યોજનાનું કામ આગળ વધારવા માટે મોટી રકમની જોગવાઇ કરવી પડે. ૯ હજાર કરોડ રૂપિયાની આ વખતે અમે જોગવાઇ કરી છે. તે કામ પૂરૂં કરવા માટે. અમે વિકાસના કામ માટે લોન લઇએ છીએ. રાજયને ભવિષ્યમાં તેનાથી ફાયદો થાય તેવા કામ માટે લોન લઇએ છીએ. ગુજરાતનો કૃષિ વિકાસદર અને તેમાંય ભારત સરકારનો જે ૩ ટકાની મર્યાદામાં છે અને ગુજરાતનો ૧૦ ટકા ઉપર છે. તે કોના કારણે**?** નર્મદા યોજના, સિંચાઇ યોજનાઓનું સુદ્દઢીકરણ, જળ સંચયના કામો છે. ખેડૂતોને શું જોઇએ તે અમે જોઇએ છીએ. આજથી આઠ વર્ષ પહેલાં ગુજરાતનું કૃષિ ઉત્પાદન ૯ હજાર કરોડ હતું તે આજે આ ગુજરાત સરકારે જે વ્યવસ્થાઓ ઉભી કરી તેના કારણે ૯૦ હજાર કરોડથી વધ્યું. ખેડૂતોના ઘેર તે રકમ ગઇ. આ સગવડ આપણે જોવી જોઇએ. મેડિકલ કોલેજો, હોસ્પિટલો, શાળાઓ, મહાશાળાઓ, આઇ.ટી.આઇ., એન્જિનિયરીંગ કોલેજો, ડેન્ટલ કોલેજ આ બધું જ આ બજેટમાં બતાવ્યું છે. સમયની મર્યાદા છે એટલે એ બધુ નહીં કહું પણ એ બધુ વધારવું રાજય માટે જરૂરી નથી? તમે શું એવું ઇચ્છો છો કે ગુજરાતની મેડીકલની સીટો એટલીને એટલી જ રહે? તમે શું એવું ઇચ્છો છો કે હોસ્પિટલો પણ એટલીને એટલી જ રહે? આઇસીયુ ઓન વ્હીલ્સ, ૨૦ લાખ રૂપિયાની ગાડી. સાહેબ, હું તો એમ કહું છું કે, અમારી ૧૦૮માંથી જે લાખો લોકોને સેવાઓ મળી એમાં હજારોના જીવ બચી ગયા, હજારો પરિવારોએ આ રકમ અમારી વાપરેલી અને તેથી માનનીય મુખ્યમંત્રીશ્રીને પ્રજાના આશીર્વાદ મળે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ, સામાજિક સેવાઓ અંગે કોઇ મહાનુભાવ બોલ્યા કે સામાજિક સેવાઓમાં જોગવાઇ ઓછી છે, તો ૨૦૦૯–૧૦ની અંદર ૨૧૬૬૫ કરોડ રૂપિયાની જોગવાઇ હતી. આ વર્ષે ૪૦૫૭૪ કરોડ રૂપિયા એટલે બે વર્ષમાં ડબલ રકમ અમે ફાળવી છે. એ માનવ વિકાસ સૂચક આંકની કામગીરી માટે આ ૪૦૫૭૪ કરોડની રકમ એ પ્રજા માટે વપરાવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, માથાદીઠ આવક– તો ગ્રોથ કોને કહેવાય? બે પાંચ માણસો સુખી થાય, ૫૦૦ માણસો સુખી થાય કે રાજયની તમામ પ્રજા સુખી થાય? ભારત સરકારના જ આંકડા પ્રમાણે ગુજરાતની ગયા વર્ષની માથાદીઠ આવક ૮૯૬૬૮ રૂપિયા હતી, જે ભારતની ઓલ ઇન્ડીયા એવરેજ ૬૧૫૬૪ રૂપિયા એટલે લગભગ એક ગુજરાતીની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૩૦૦૦૦ રૂપિયા દર વર્ષે વધુ છે. આ વિકાસ નહીં તો શું કહેવાય એ તમે મને સમજાવજો.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જે વ્યવસ્થાઓ કરી છે એ વ્યવસ્થાઓ પણ આપણે સમજવી જોઇએ. અહીંયાં વાયબ્રન્ટ ગુજરાત વગેરેની વાતો કરી. મારે ખાલી એક જ આંકડાથી વાત કરવી છે. દસમી અને અગિયારમી પંચવર્ષીય યોજનામાં ગુજરાતનો ગ્રોથ ૧૦.૨૪ ટકા, આ ભારત સરકારના આંકડા છે ગુજરાતના નહીં. રાષ્ટ્રીય સરેરાશ ૭.૮૭ ટકા અને આ ૭.૮૭ પણ એટલા માટે કે ગુજરાતે પોતે વિકાસની જે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ભારતના ગ્રોથ એન્જીન તરીકે ગુજરાતે જે કામ કર્યું એના કારણે આ ભારતની એવરેજ ઉંચી આવી છે અને ગુજરાતનો વિકાસ આટલો ઝડપથી આટલો ઉંચો ન થયો હોત તો કદાચ ભારતની એવરેજ પણ નીચી આવી હોત પણ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ એ રાષ્ટ્રભક્ત છે. હંમેશાં કહે છે કે, હું ગુજરાતના વિકાસની સાથે ભારતનો પણ વિકાસ કરવા માગું છું અને ગુજરાતના વિકાસનો લાભ ભારતની ૧૨૧ કરોડ પ્રજાને પણ મળે. દર વર્ષે હજારો લોકો ગુજરાતની અંદર રોજગારી માટે આવે છે. સુરત ઉભા રહો, મારી વિનંતી છે અને મારૂં આમંત્રણ છે. સુરત રેલવે સ્ટેશને ઉભા રહો તો ઓરિસ્સા, બિહાર અને ભારતના બીજા રાજયોમાંથી લોકો ગુજરાતમાં રોજગારી માટે આવે છે. સુરતના રેલવે સ્ટેશને ઉભા રહો. શામળાજી ચેકપોસ્ટ ઉપર ઉભા રહો અને બાજુમાં જ રાજસ્થાન છે, રાજસ્થાનમાંથી લકઝરી બસો ભરી ભરીને દરરોજ ગુજરાતમાં આવે છે. આખા ભારતમાંથી રેલવે મારફત હજારો લોકો રોજગારી માટે ગુજરાતમાં આવે છે. અમે સંકુચિત નથી. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભારતના એક રાષ્ટ્રવીર છે. આખા દેશના નાગરિકોનો ગુજરાતમાં સમાવેશ કરી રોજગારી આપવાનું અમે કામ કરીએ છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,એક બહુ જ ચલાવ્યું છે, આજે પણ ચલાવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, ખાતર..

અધ્યક્ષશ્રી : (માનનીય નાણા મંત્રીશ્રીને બોલવામાં તકલીફ પડતાં) ભાઇ, માનનીય નીતિનભાઇને પીવાનું પાણી આપો.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત બહુ જ ચલાવી છે અને આજે પણ એ વાત ચલાવી છે. ખાતર ઉપર વેટ એ પણ એક ચલાવ્યું હતું. ખાતર ઉપર વેરો એકલુ ગુજરાત જ લે છે એવી વાત ઘણા વખતથી ચલાવવામાં આવે છે. આજે અહીંયાથી ગુજરાતની પ્રજાને, ગુજરાતના ખેડૂતોને આ ગૃહના માધ્યમથી આ •(xxxxxx) હું પર્દાફાશ કરવા માગુ છું. આંધ્રપ્રદેશ ૫ ટકા, હરિયાણા માફી, જમ્મુ કાશ્મીર ૫ ટકા, મધ્યપ્રદેશ ૫ ટકા, ઓરિસ્સા ૫ ટકા, ઉત્તરાખંડ ૪.૫ ટકા, દિલ્હી ૧૨.૫૦ ટકા ખાતર ઉપર વેરો લેતું હતું અને બીજાં રાજયો એમાં જે રાજયોમાં ખેતી નથી પહાડી વિસ્તાર છે એ વિસ્તારમાં જ ખાતર ઉપર વેરો નથી. એટલે હવે ગુજરાતની પ્રજાને, ગુજરાતના ખેડૂતોને ગેરમાર્ગે દોરતા નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારો અવાજ બેસી ગયો છે. ગઇકાલે મોહનસિંહભાઇએ એમ કહ્યું કે અમારી સરકારોમાં ગ્રોથરેટ વધારે હતો, પણ સભાગૃહના ખાસ કરીને મોહનસિંહભાઇના ઘ્યાન ઉપર હું મૂકવા માગુ છું કે એમણે જે ગ્રોથ રેટ કહ્યો, માધવસિંહભાઇનો ઉલ્લેખ કર્યો, ચીમનભાઇનો અને અમરસિંહભાઇનો ઉલ્લેખ કર્યો અન્ય સરકારનો પણ ઉલ્લેખ કર્યો, પણ ભૂલથી એમણે એક વર્ષને બદલે ચાર વર્ષના આંકડા વાંચ્યા આ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સરકારી રેકર્ડ છે અને તમારી પાસે પણ હશે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે ૯૦ થી ૯૧નું જે વાંચ્યુ ટોટલ એવરેજ ગ્રોથ રેટ ૪.૮૯ ટકા હતો, એવી રીતે ૮૧ થી ૮૫ એ વખતે આ બધી કોંગ્રેસની સરકારો હતી એમાં એવરેજ ૬.૬૮ ટકા હતો, ૮૫ થી ૯૦ના વર્ષમાં ૫.૯૪ ટકા હતો એટલે ગમે તે કારણસર માનનીય મોહનસિંહભાઇ બોલ્યા ૩૫ ટકા અને ૪૦ ટકા જો આવો ગ્રોથ રેટ હોત તો અમારે ૪૦ ના બદલે ૮૦ ટકા કરવો પડ્યો હોત. અમે વધારત તો ખરા. એક લોજીક સમજવા જેવું છે કે, એક વિદ્યાર્થીને ૯૦ ટકા માર્કસ આવતા હોય અને એને જો ૯૫ ટકા માર્કસ આવે તો એમાં વધારો ઓછો કહેવાય અને એક વિદ્યાર્થીને ૪૦ ટકા માર્કસ આવતા હોય અને ૬૦ ટકા માર્કસ આવે તો કેટલો ગ્રોથ કહેવાય ૫૦ ટકાનો ગ્રોથ. પણ ૪૦ ના ૬૦ જ થયા છે અમે ૯૦ થી ૯૫ કર્યું તો ઉપરનો ડીફરન્સ જે છે એ તમે સમજી શકો છો કે કેટલું એનાથી ટકાવારીમાં ઉંચુ જાય! એટલે માનનીય અધ્યક્ષશ્રી એમની આ વાત યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેશુભાઇએ વાત કરી સોશ્યલ ઇકોનોમીક સરવેની વાત કરી. એ પુસ્તક પણ બધા સભ્યશ્રીઓને સરકારશ્રી તરફથી આપવામાં આવ્યું છે. આમાં એવું છે કે કોઇ જગ્યાએ શેરડીનો રસ પીવા આપણે જઇએ તો બે વસ્તુ ઉપર નજર જાય, એક શેરડીના રસ ભરેલા સાંઠા પડ્યા હોય અને બાજુમાં શેરડીનો રસ કાઢી નાંખેલા કૂચા પડ્યા હોય. આમાં ૯૯ ટકા શેરડીનો રસ ભરેલા સાંઠા છે, પણ કમનસીબે તમારી નજર રસ ભરેલા સાંઠા ઉપર ન ગઇ અને તમારી નજર કૂચા ઉપર ગઇ. માનનીય અધ્યક્ષશ્રી, આ જ પુસ્તક સભ્યશ્રીએ જો આખું વાંચ્યુ હોત તો સારૂં રહેત. હજી મારી વિનંતી છે કે આ પુસ્તક આખું વાંચજો. તમે તો નહિ વાંચો, કારણ કે તમારી એ વાંચવાની ટેવ છે જ નહિ. ગુજરાતની જે પ્રગતિ છે, મહત્વની સિદ્ધિઓની, એ ઉપર આપણે જો ધ્યાન દોરીએ તો માનવ વિકાસ સૂચકાંક જે ગરીબોને લાગુ પડે છે એમના માટે છે માથાદીઠ આવક વધી એ વાત મેં કરી. રાજ્યનો વિકાસ દર જે છે એ કેટલો વધ્યો છે એની પણ મેં વાત કરી. ગુજરાત દેશની ૫ ટકા વસતિ ધરાવે છે, પણ દેશનું ૧૭ ટકા ઔદ્યોગિક ઉત્પાદન ગુજરાત કરે છે એ તમારા ધ્યાન પર ના આવ્યું. ગુજરાતમાં રોજગારી ૫.૨૮ ટકા લોકોને આપીએ છીએ. આપણા મોટાભાગના ગુજરાતીઓ વેપારી છે, દુકાનદારો છે, સર્વિસ કરીએ છીએ. બહારના લોકો અને ગુજરાતના યુવાનોને આપણે રોજગારી આપીએ છીએ. ગુજરાતનો વીજળી વપરાશ જે છે એ દેશનો વીજળી વપરાશ જે છે એનાથી લગભગ ડબલ છે, કેવી રીતે ડબલ હોય? ગુજરાતના લોકોની સહન કરવાની, એની પેયેબલ કરવાની કેપસિટી એ વધી છે, સુખી થયાં છે, માટે વધુ વીજળી વાપરે છે. આજે ગુજરાતમાં કોઇ ગરીબ હોય તો એ મોટરસાયકલ વાપરે છે, મોબાઇલ વાપરે છે, એના ઘરમાં ટી.વી. હોય છે આ કેમ છે આ ગુજરાતની સમૃદ્ધિના કારણે છે. આમ તો પ્રણાલિ રહી છે કે વિપક્ષના નેતા દરેક વખતે જ્યારે પ્રવચન કરીને જાય પછી જ્યારે જવાબ હોય બજેટની જનરલ ચર્ચાનો ત્યારે એ હંમેશા ઉપસ્થિત રહ્યા છે મારી દૃષ્ટિએ..

**અધ્યક્ષશ્રી :** એ તો કેશુભાઇ અને શંકરસિંહ બન્નેએ કહ્યું છે કે તેઓ હાજર નહિ રહે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કોઇ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી :** કંઇ વાંધો નહિ, દરેક બોલનાર હાજર હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કોઇ વાંધો નથી. એમણે રસ્તાઓનું કહ્યું હતું. (અંતરાય) સાંભળી શકે એમ જ નથી. સાંભળવાની શક્તિ જ નથી.

**અધ્યક્ષશ્રી :** કંઇ વાંધો નહિ, તમે તમારૂં ચાલુ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે રોડનું કહ્યું હતું પણ ગુજરાતમાં સરેરાશ ૧,૪૧,૫૪૫ કિલોમીટરના જે રસ્તા છે એના નેવું ટકા એ પાકા ડામર રસ્તા છે, ભારતમાં ૬૧ ટકા છે, આપણે ત્યાં નેવું ટકા છે, આ વિપક્ષના નેતા ગુજરાતમાં ક્યાં ફરે છે એ જ મને ખબર નથી પડતી. કેમ કાચા રસ્તા ઉપર ફરે છે? નર્મદાનું કામ ‘સૌ’ની યોજના, નર્મદા પછીની સૌરાષ્ટ્રના જિલ્લા માટે ૧૧૫ ડેમોમાં પાણી આપવા માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે મને દુઃખ એ વાતનું છે કે કોંગ્રેસનો એક પણ સભ્ય ‘સૌ’ની યોજના વિશે નથી બોલ્યો. જે સભ્યશ્રીઓએ આ બજેટને સમર્થન આપ્યું છે એમને અભિનંદન આપીને મારૂં બજેટ સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી :** અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા પૂરી થાય છે.

**(વિરામ બપોરના ૨–૨૯ થી ૩–૧૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

બિન સરકારી વિધેયક

સન ૨૦૧૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૨

ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક,૨૦૧૩

ગુજરાત રાજયમાં કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઇચ્છતી તમામ વ્યકિતઓને રોજગારની બાંયધરી આપીને કામ મેળવવાનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ ૧૨, સન ૨૦૧૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકનું પહેલુ વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા આ સરકારશ્રીને ખાસ વિનંતી અને સૂચન કરવા આજે ઉપસ્થિત થયો છું અને આ બિલ લાવ્યો છું. આ બિલ લાવવાનો મારો સૌથી મોટો હેતુ છે કે સમગ્ર ગુજરાતની અંદર આજે બેરોજગારી જે રીતે કુશળ, ભણેલા ગણેલા વ્યકિતઓની અને જે લોકો ખેત મજૂર અને ઓછું ભણેલાં છે એવા લોકોનો ગુજરાતમાં દિન–પ્રતિદિન વધારો થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં કેટલાય વખતથી માનનીય બધા જ સદસ્યશ્રીઓ જાણતા હશે કે સમગ્ર ગુજરાતની અંદર છ કરોડ લોકોમાં આજે સૌથી મોટી કોઇ સમસ્યા હોય તો એ છે કે, આજે ગુજરાતની અંદર બેરોજગારીના પ્રશ્નો અનેક થયા છે. આજે પરિસ્થિતિનું નિર્માણ એ છે કે, આજે ગુજરાતમાં દિન–પ્રતિદિન ૧૮ હજાર ગામડાંઓમાંથી રોજગારીના પ્રશ્નો હોવાના કારણે આજે ધીમે ધીમે લોકો શહેરો તરફ આવવા માંડયા છે. આજે શહેરની અંદર પણ રોજગારીનો જે પ્રશ્ન હલ થવો જોઇએ તે આજે થતો નથી, માટે જે પ્રમાણે આપણી બંધારણીય કલમ–૪૧ હેઠળ જે સત્તા મળેલી છે તેના આધાર ઉપર લોકોને બેરોજગારી ભથ્થું મળે એવી ગુજરાત સરકાર કાંઇક યોજના કરે, કાંઇક નક્કી કરે એવી હું વિનંતી લઇને આવ્યો છું.

આજે પશ્ચિમ બંગાળ, કેરાલામાં બેરોજગારી ભથ્થું મળવાનો હક્ક કાયદાકીય આજે મળેલો છે. માટે મારે આપના દ્વારા એ કહેવું છે કે, આ સૌથી મોટી યોજના મહારાષ્ટ્રની અંદર આની દિન–પ્રતિદિન આજે એ યોજના બાંયધરી કાયદો લાવીને તેના જે હેતુઓ છે. તે હેતુઓને કારણે આજે મહારાષ્ટ્રમાં અનેક લોકોને આવી સારી સુવિધાઓ પ્રાપ્ત થઇ રહી છે.  મારે ખાસ કરીને એ કહેવું છે કે, આજે ગુજરાતની અંદર જે સ્થિતિ છે એ સ્થિતિમાં ૨૦૦૧ની અંદર જે ચોપડે નોંધાયેલા જે આંકડા છે તેમાં ૧૦ લાખ ૭૦ હજાર હતા અને આજે ખાસ કરીને એમ થાય કે ગુજરાતે દસ વર્ષમાં જબરજસ્ત પ્રગતિ કરી છે, ગુજરાત નંબર વન થઇ રહ્યું છે એવી સ્થિતિ જયારે સમગ્ર ભારતની અંદર પ્રચાર કરવામાં આવતો હોય તો એના આંકડા ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે કે આજે ૨૦૧૨માં ચોપડે નોંધાયેલા એમ કહી શકાય કે જે લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે એવા દસ વર્ષના આંકડામાં માત્ર ૧૬ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે, એમના જે સરકારી આર્થિક સમસ્યા પાના નંબર–૮૩ ઉપર કહેવામાં આવ્યું છે કે ૩૧ લાખ લોકો આજે બેકાર છે. આ ગુજરાતના છ કરોડમાં જયારે ૩૨ લાખથી વધારે લોકો બેકાર હોય, ગામડાંઓ તૂટી રહ્યાં હોય અને લોકો શહેર તરફ આવતાં હોય અને બેકારી એટલી બધી વધતી હોય ત્યારે આજે ગુન્હાખોરીનું પ્રમાણ બિહાર અને ઉત્તર પ્રદેશ કરતાં પણ વધી રહ્યું છે એનું સૌથી મોટું કારણ હોય તો આ રોજગારીનો સૌથી મોટો પ્રશ્ન છે.

આજે ગામડાંમાં ખેતીમાં પણ સૌથી મોટી સમસ્યા ઉભી થઇ છે, પાણી મળતું નથી, પાણીના તળ નીચા જઇ રહ્યા છે, જેને કારણે ખેતીમાં સૌથી મોટી સમસ્યા પેદા થઇ છે. તેવા સંજોગોમાં આ રોજગારી ભથ્થું આપવા માટે સરકારે વિચારવું જોઇએ તેવી વિનંતી કરૂં છું.  બીજા રાજયોમાં જેમ ૪૫ રૂપિયા ભથ્થું આપવામાં આવે છે તે રીતે ગુજરાતના યુવાનોને જો આ ભથ્થું આપવામાં આવે  તો ગુજરાતના યુવાનો જે બીજી તરફ જઇ

રહ્યા છે તે અટકી શકે તેવી સ્થિતિ પેદા થાય. કેન્દ્ર સરકારે સમગ્ર ભારતમાં આ બાબતે ચિંતા કરી અને વિચાર્યુ કે સમગ્ર ભારતના લોકોને કંઇક ભથ્થું મળે, રોજગારીની ગેરંટી મળે, અને મને આજે કહેતા આનંદ થાય છે કે અમારા માનનીય સોનિયા ગાંધીએ સમગ્ર દેશમાં સો દિવસ લોકોને રોજગારી પ્રાપ્ત થાય તે માટે નરેગા યોજના મૂકી, અને આજે કેટલાયે લોકોને આજની તારીખે આ રોજગારી પ્રાપ્ત થઇ રહી છે. એ જ રીતે જો આ સરકાર ચિંતા કરતી હોય, અને અહીં વાત કરતી હોય તો સરકારે આ બાબતમાં વિચારણા કરવી જોઇએ. છેલ્લા પાંચ દસ વર્ષથી મોટી મોટી જાહેરાતો, મોટા મોટા એમ.ઓ.યુ. થાય, મોટા મોટા લોકોને બોલાવવામાં આવે, આ ગુજરાતની કિંમતી જમીન માત્ર ટોકન રૂપિયા લઇને આપી દેવામાં આવે.

અધ્યક્ષશ્રી : આ રોજગારીની વાતમાં કિંમતી જમીન ક્યાંથી આવે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૧ રૂપિયાના ટોકને જમીન આપી દેવામાં આવે, અને ગુજરાતના લોકોને બતાવવામાં આવે કે ગુજરાતમાં મોટા મોટા ઉદ્યોગો આવશે, તેને કારણે હજારો લોકોને, લાખો લોકોને રોજગારી પ્રાપ્ત થશે. હમણાં હમણાં આપણે જોયું કે ટાટા આવી, પશ્ચિમ બંગાળમાંથી અહીં લાવ્યા, પરિસ્થિતિનું નિર્માણ એવું હતું કે ટાટા આવશે તેને કારણે લાખ-બે લાખને રોજગારી મળશે તેમ કહેવામાં આવ્યું. પરંતુ તેના માટે સ્થિતિ શું ઉભી કરવામાં આવી? કે ગુજરાતની જે સીસ્ટમ કહેવાય, તેમાં ખેડૂતો બધા એકબાજુ રહી ગયા, અને ટાટાને મજબૂત કરવા માટે ૬૬-૬૬ કે.વી.ના સબ સ્ટેશન સરકાર તરફથી બનાવવામાં આવે, જેનું વ્યાજ માત્ર ૧ ટકો, અને ૨૦ વર્ષ પછી વ્યાજ ગણવામાં આવે, આવી સીસ્ટમ ઉભી કરવામાં આવી. અને ૩૨ હજાર કરોડ રૂપિયાથી વધારે સરકારની જુદા જુદા વ્યાજ સાથેની રકમ ગણીએ ૨૦ વર્ષમાં, ત્યારે માત્ર રોજગારી કેટલા લોકોને મળી, તો માત્ર ૭૫૦ લોકોને મળી, આ પૈસા કદાચ નાના ઉદ્યોગોને, ખેતમજૂરો માટે કે બીજી સંસ્થાઓ માટે વાપર્યા હોત તો કદાચ આનંદ થાત, આપણને એમ થાત કે ખરેખર સરકાર આ બાબતમાં ચિંતા કરે છે, સરકાર બેરોજગારો માટે કંઇક વિચારે છે. આજે મને કહેતાં એવું લાગે કે ગુજરાતમાં સૌથી મોટો જે અમારો વિસ્તાર છે અને એ વિસ્તારમાં આજે જે પ્રમાણે ખેતમજૂરો છે તે ૫૮ લાખ લોકો છે, નાના નાના ગૃહ ઉદ્યોગોના કામ કરનારા લોકો છે તે ૫ લાખ લોકો છે, અને આ બધાની અંદર મારા ગરીબ સમાજના ભાઇઓ છે, દલિત સમાજ અને લઘુમતિ સમાજના ભાઇઓ છે ગામડાંમાં, આજે પણ સરકારના આંકડા એમ કહે છે કે પાંચ પાંચ, સાત સાત ટકા લોકો ત્યાં બેકાર છે, આજે એમ કહી શકાય કે, (અંતરાય) માનનીય આત્મારામભાઇ, કંઇ કરો નહીં તો કંઇ નહીં, પણ આ દલિત સમાજની વાત તો સાંભળો.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, તમે અહીંયાથી બોલો એટલે એને જવાબ આપવો પડે ને? એ ખુરશીમાં કંઇ છે ? તે જે બોલે, તે બોલવા દો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહને વિનંતી કરવી છે, આ સભાગૃહને કહેવું છે કે ગુજરાતની અંદર કદાચ સાચો વિકાસ થાય, અને સાચી દ્રષ્ટિએ કંઇક કરે, અને બેરોજગારોની સંખ્યા ઓછી થાય તો તો બરાબર છે, પરંતુ આ બેરોજગારોની સંખ્યા ઓછી ન થાય, તો મારી આપના મારફત વિનંતી છે કે સરકાર કંઇક એવું બિલ લાવે, પક્ષાપક્ષી ભૂલીને હું કહું છું કે આવું બેકારી ભથ્થું જયારે બીજા રાજયો આપતા હોય, ત્યારે ગુજરાત માટે તો કહી શકાય કે ગુજરાત તો પહેલેથી સમૃદ્ધ હતું અને રહેવાનું છે, ત્યારે એ સ્થિતિમાં અહીં બેકારી ભથ્થું આપવામાં આવે તેવી હું આ ગૃહને વિનંતી કરૂં છું અને ચોકકસપણે આ ગૃહ મારા બિલને પોઝીટીવ થીન્કીંગથી લેશે એવી મારી વિનંતી છે.

શ્રી હર્ષ ૨. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સાથી સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક આ હાઉસમાં લાવ્યા છે ત્યારે મારે માનનીય સભ્યશ્રીને એટલું જ કહેવાનું કે આ વિધેયકને ૧૫ વર્ષ પહેલા લાવ્યા હોત તો ગુજરાતના યુવાનોને રોજગારી શોધવા માટે દેશ અને દુનિયામાં ભટકવું પડ્યું ન હોત, એને ખૂબ જ કામ આવત, અમારા ઘણા યુવા મિત્રોને એનાથી લાભ મળત. સન ૨૦૦૪ની લોકસભાની ચૂંટણી વખતે દેશના પ્રધાનમંત્રી મનમોહનસિંહ પ્રચાર કરવા જતા હતા ત્યારે દેશના યુવાનોને એવી માહિતી આપી હતી કે આવનાર દિવસોમાં દરેક સામાન્ય પરિવારની અંદરથી એક એક યુવાનને નોકરી આપીશું. ત્યારબાદ બીજી બે-બે ચૂંટણીઓ નીકળી ગઇ.

આ ૨૦૧૩ આવી ગયું, પરંતુ પ્રધાનમંત્રી દ્વારા એક પણ યુવાનને આખા દેશમાં નોકરી અપાઇ હોય તેવો એક પણ દાખલો નથી.

માનનીય બલવંતસિંહજીએ જે વિધેયક મૂકયું એની અંદર ઉદ્દેશ અને કારણો બતાવ્યા છે. પશ્ચિમ બંગાળ અને કેરાલાએ બેરોજગાર વ્યકિતઓને બેરોજગારી ભથ્થું મેળવવાનો હક્ક મળે એવો કાયદો કર્યો છે. મહારાષ્ટ્ર સરકારે પણ આ દિશામાં પગલાં લીધા છે. સ્વાતંત્રયના ૬૪ વર્ષ પછી પણ બેરોજગારો, કુશળ અને બિન કુશળ વ્યકિતઓની સંખ્યા વધતી રહી છે. આઝાદ થયાને ૬૫ વર્ષ થયા એમાંથી ૫૫ વર્ષ તો ફકત તમે આ દેશ પર શાસન કર્યુ છે, આ કેન્દ્ર સરકારનો રિપોર્ટ છે. મહારાષ્ટ્ર અને કેરાલામાં આ ભથ્થાં યોજના આપતા હોય તો કેન્દ્ર સરકારના રિપોર્ટની અંદર પશ્ચિમ બંગાળ અને કેરાલા have the largest number of unemployed persons મહારાષ્ટ્ર અને દિલ્હીની અંદર આ ભથ્થું unemployment rate ૪.૮ અને ૩.૮ છે તેથી હું માનનીય બલવંતસિંહજીભાઇને વિનંતી કરૂં કે તમારા સાથી મિત્રોને કહો કે આ પ્રકારનું બિલ લાવે અને ત્યાંના લોકોને મદદગાર થાય. એમના કેન્દ્રીય મંત્રીએ Mallikarjun Kharge રાજયસભાની અંદર આવો જવાબ આપ્યો હતો. He told in Rajya Sabha in response to a question that three years from 2007 to 2009 Gujarat has managed to place 1,78000, 2,17,000, and 1,53000 workers respectively through employment exchange and the nation will follow his Model એમના કેન્દ્રીય મંત્રી રાજસભામાં કહે છે આ પત્ર જોઇએ તો લઇ જજો. મધ્યમવર્ગના યુવક અને યુવતીઓને આર્થિક સ્વનિર્ભરતા એમના સ્વપ્ના હોય છે એ યુવાનોને જરૂર હોય છે એમને માત્ર એક તક અને અવસરની. આ શિક્ષણના માધ્યમથી અને અન્ય ક્ષેત્રમાંથી અમારી સરકાર એ પૂરી પાડવા વચનબદ્ધ છે. ગુજરાતમાં અનેક ક્ષેત્રોમાં પૂરી પાડેલ છે. આ રાજય સરકારે આ ક્ષેત્રે અનેક મોટા અભિયાનો કરેલા છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોથી રાજયના યુવાવર્ગને દેશ અને દુનિયામાં ઝડપથી નોકરી મળી શકે એ માટે ગામે ગામ એમ્પાવર યોજના લાવી. આ યોજનાથી ઘણો લાભ મળ્યો છે. આ વર્ષે માનનીય નીતિનભાઈ પટેલ ૨૬ કરોડ રૂપિયાની યોજના આ એમ્પાવર માટે લાવ્યા, એનાથી ગામના સામાન્ય નાગરિકોને એમ્પાવરના માધ્યમથી દેશ અને દુનિયામાં અનેક નોકરીઓ મળશે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ એના માટે અભિનંદનને પાત્ર છે. એક સમય એવો હતો કે ગામડાંની અંદર જવા માટે રસ્તા નહોતા એવા અનેક ગામોમાં અમે કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કર્યા છે. હું એના માટે તાજુ ઉદાહરણ આપવા માગું છું. આ ગુજરાત સરકારે માનનીય સૌરભભાઇ અને માનનીય નીતિનભાઇ પટેલે નવી ટેકસટાઇલ પોલિસી આ ગુજરાતની પ્રજા માટે મૂકી. આ ટેકસટાઇલ પોલિસીના માધ્યમથી અનેક મધ્યમ વર્ગના લોકો ટેકસટાઇલની અંદર કામ કરવા માગતા હોય એને તાત્કાલિક ધોરણે ટ્રેનિંગ સાથે સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. બાબા આદમના જમાનાની આ આઇ.ટી.આઇ.ઓ હતી એ દૂર કરીને એને આધુનિક વિકાસ જોડે ઉચ્ચ પ્રર્દશન કરી શકે એટલા માટે નવી દસ-દસ આઇ.ટી.આઇ. શરૂ થઇ ગઇ છે. અને નવા અંદાજપત્રમાં આ ક્ષેત્રે ચાર નવા આઇ.ટી.આઇ.ના ભવન બાંધવા, આદિજાતિ વિસ્તારની અંદર પણ ચાર આઇ.ટી.આઇ. સહિત કુલ ૨૦ આઇ.ટી.આઇ.ના બાંધકામ થનાર છે. આ મોડેલને જોવા ભારત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ગુજરાતમાં આવીને તેનો સ્ટડી કર્યો છે. યુવાનોના આદર્શ સ્વામી વિવેકાનંદજીના જન્મજયંતિ વર્ષે જ આખા ગુજરાતભરમાં અનેક ઇન્ડસ્ટ્રીઝ સાથે મળીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારના પ્રયાસથી ૨,૩૧,૦૦૦ લોકોને નોકરી અપાવવામાં આવી. રાજયના યુવાનોની ક્ષમતા પર વિશ્વાસ ધરાવતા, આ યુવાનો પર આશા ધરાવતા અમારા મુખ્યમંત્રીશ્રીને ઘ્યાને આવ્યું કે રાજયના કેટલાક યુવાનોને ગૅરેન્ટરના અભાવે સ્વરોજગાર માટે આર્થિક સહાય નથી મળતી એવી શક્યતાના કારણે યુવાનોની આશા, રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ બુલંદ રીતે જાહેર કર્યું કે મારી

સરકાર મારા રાજયના યુવાનોની ગૅરેન્ટર બનશે. આ માધ્યમથી ખૂબ જ મોટી સંખ્યામાં યુવાનોને આર્થિક સહાય મળી. (સમયસૂચક ઘંટડી) આ માધ્યમથી સ્વરોજગારી ઉભી કરી.

અધ્યક્ષશ્રી : માનનીય રજનીભાઇ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ (અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક–૨૦૧૩ લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અવારનવાર વિરોધપક્ષના નેતાશ્રી અને વિરોધપક્ષના સાથી મિત્રો ગુજરાત સરકારે ઇકોનોમિક સરવે બહાર પાડ્યો છે તેની વાત કરે છે. થોડા સમય પહેલાં લોકસભામાં ભારત સરકારે ઇકોનોમિક સરવે ૨૦૧૨–૧૩ રજૂ કર્યો છે. મારે વિનંતી કરવાની કે તેના પાના નં. ૨૭૭ ઉપર એક ટેબલ આપવામાં આવ્યું છે. તેમાં ભારતમાં ૨૦૦૯–૧૦ની સ્થિતિના આંકડા છે. જૂના છે, કારણ કે ભારત સરકાર માહિતી મેળવતા વાર  કરતી હોય છે એટલે આંકડા જૂના મળે. તેમાં જણાવ્યું છે કે ૧૦૦૦એ ઇન્ડિયાનો અન એમ્પ્લોયમેન્ટ રેટ ગ્રામીણ વિસ્તારમાં ૧૬ છે અને અર્બન એરિયામાં ૩૪ છે. આજે આ વિધેયકમાં કેરાલા અને વેસ્ટ બેંગાલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મારે માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે કેરાલામાં બેરોજગારી ૧૦૦૦એ  ૭૫ રૂરલ એરિયામાં અને અર્બન એરિયામાં ૭૩ છે. કયારેય પણ ગુજરાત કેરાલા અને વેસ્ટ બેંગાલના મોડેલને ફોલો કરવા માગતું નથી. કારણ કે ગુજરાતમાં જે વિકાસ કરવામાં આવ્યો છે એ જુદા પ્રકારનો વિકાસ છે. એ કેરાલા, વેસ્ટબેંગાલ જેવો વિકાસ નથી. ગુજરાતમાં જે વિકાસ કરવામાં  આવ્યો છે એ સમતોલ વિકાસ કરવામાં આવ્યો છે. કૃષિક્ષેત્રે, ઉદ્યોગ ક્ષેત્રે, સેવા ક્ષેત્રે આ ત્રણે ક્ષેત્રોમાં સમતોલ વિકાસ કરવામાં આવ્યો છે. આપ જાણો છો માનનીય સભ્યશ્રી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કૃષિમાં નિષ્ફળતાની વાત કરી પણ એ ભૂલી જાય છે કે રાષ્ટ્રનો જે કૃષિ વિકાસદર છે એ ફકતને ફકત ૩ ટકા છે જયારે ગુજરાતનો વિકાસદર ૧૦.૮૦ ટકા છે. આ અમારા આંકડા નથી, આ ભારત સરકારના આંકડા છે. ઉદ્યોગોમાં  આપણે છ વાયબ્રન્ટ સમિટો કરી. તેના કારણે રાજયમાં પુષ્કળ પ્રમાણમાં મૂડીરોકાણ આવ્યું છે. ગુજરાતમાં સેવાકીય ક્ષેત્રનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. એટલે એલાઉન્સ આપવાથી કામ પતતું નથી. રાજયના પ્રદેશનો વિકાસ જરૂરી છે અને એ વિકાસ સમતુલિત હોય એનું મોડેલ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આખી દુનિયાને આપ્યું છે, ભારતને નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, અવારનવાર કહેવામાં આવે છે કે વાયબ્રન્ટ સમિટ મારફતે કશું થયું નથી. અત્યાર સુધીના ૨૦૦૩થી ૨૦૧૧ સુધીના વાયબ્રન્ટ સમિટમાં જે એમ.ઓ.યુ. થયા અને જેના કારણે જે પ્રોજેકટો કાર્યાન્વિત થયા એવા ૭,૩૦૭ પ્રોજેકટમાં ૮,૩૬,૫૬૭ લોકોને રોજગારી આપવામાં આવી છે. તે પછી છઠ્ઠી વાયબ્રન્ટ સમિટ ૨૦૧૩માં થઇ તેમાં પણ ૧૨,૮૮૩ જે ઇન્ટેન્શન મળ્યા. એની અંદર પણ ૩.૭૩ લાખ લોકોને રોજગારી આપવા માટેનો અંદાજ છે. ગુજરાતની અંદર ૧૮ જેટલા એસ.ઇ.ઝેડ. છે જેમાં ૮.૮૭ લાખ લોકોને રોજગારી મળે છે. ૨૮ ઔદ્યોગિક પાર્કમાં ૧૪૮૦૯ લોકોને રોજગારી આપવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે, ૨૦૦૨થી ૨૦૧૧ સુધીમાં એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ મારફતે રોજગારી આપી હોય એમાં ગુજરાત પ્રથમ છે. ૨૦૧૦ની અંદર, આખા દેશની અંદર ૯૬૬ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ મારફતે ૫.૯૬ લાખ લોકોને રોજગારી આપી છે. ગુજરાતની અંદર ૨૦૧૦માં ૪૧ રોજગાર કેન્દ્રો મારફતે બે લાખ લોકોને રોજગારી આપી છે. ૪૮ ટકા રોજગારી દેશની ગુજરાતમાં આપવામાં આવી રહી છે. છતાંય આ વિકાસ ઘણા લોકોને જોવા મળતો નથી. ૨૦૧૧–૧૨ની અંદર ૯૬૬ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ મારફતે ૪,૭૧,૫૦૦  લોકોને રોજગારી આપવામાં આવી છે. આ બધુ શક્ય બન્યું છે. ગુજરાતમાં તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. ૬૭૫૫ જેટલી તાલીમ સંસ્થાઓમાં ૭.૭૫ લાખ લોકોને આપણે તાલીમ આપી રહ્યા છીએ. મિશન મંગલમ્ મારફતે ૨.૫ લાખ સ્વસહાય સખી મંડળોની રચના કરવામાં આવી છે. એમાં ૫૦ ટકા બહેનો બીપીએલ હોય છે. એમાં એમને રૂ.૫૦૦૦/–કરોડનું ધિરાણ મળે એવું આયોજન કરવામાં આવ્યું છે. ૧.૬૯ લાખ મંજૂર થઇ ગયા છે. (અંતરાય) એટલે આ બિલ છે એની કોઇ જરૂરિયાત નથી એમ હું માનું છું.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રી બલવંતસિંહ ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, ૨૦૧૩ જે લઇને આવ્યા છે હું એમાં મારો સૂર પૂરાવું છું. આ સન્માનનીય ગૃહને ચિંતા હોવી જોઇએ કે, ગુજરાતના ૬ કરોડ લોકો એમાંથી ૩.૬૫ કરોડ કરતાં વધુ પુખ્ત ઉંમરના, ૧.૯૮ કરોડ જેટલા મારા જેવા નવ યુવાન સાથીઓ ૧૮થી ૪૫ વર્ષની વય આયુ ધરાવે છે. આ વિધાનસભાગૃહ આ યુવાનો પોતાનો પરસેવો પાડી મહેનતનો રોટલો ખાવા માટે દર દર ભટકી રહ્યા છે એની ચિંતા કરે. ‘‘હર હાથ કો કામ મિલે, ઔર હર કામ કા દામ મિલે.’’

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજ્યની અંદર ૨૦૦૧ના સેન્સસ મુજબ ૩૯,૪૧,૫૦૦ જેટલા લોકો કામ કર્યા વગરના વસે છે, ૫૮ લાખ લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. કુલ કામ કરતા લોકો પૈકીના ૩૮ ટકા જેટલા લોકો ખેતી અને ખેતી વ્યવસાય સાથે સંકળાયેલ છે અને છતાંય આપણો અહેવાલ સામાજિક આર્થિક સમીક્ષામાં બતાવે છે કે, ગુજરાત રાજ્યની અંદર તા.૩૧–૧૦–૨૦૧૨ની સ્થિતિએ ૮.૭૯ લાખ રોજગાર વાંચ્છું રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા છે. આ નોંધાયેલા લોકોની સમીક્ષા કરવામાં આવી છે. વીતેલા ૧૦ વર્ષના સમયગાળા દરમિયાન ૨૦૦૧માં ગ્રામ્ય વિસ્તારમાં વસતા ૬૨.૧૪ ટકા લોકો હતા. ૨૦૧૧ના વર્ષના સુધારેલા અંદાજ મુજબ ૫૭.૪૨ ટકા એટલે કે, ૪.૭૨ ટકા લોકોએ ગામડાંમાંથી શહેર તરફ દોટ વાળી. શું કામ કે ગામડાંનો મારો નવજુવાન સાથી એને પરસેવો પાડવો છે એને કોઇ રોજગારીની તકો ત્યાં પ્રાપ્ત થતી નથી. અમારી મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાથી આ દેશના યુવાઓની ધડકન સન્માનનીય રાહુલજીએ ચિંતા કરી કે દેશમાં મારો ગામડાંનો નવયુવાન એણે રોજગારી મેળવવી હોય તો વર્ષમાં ઓછામાં ઓછા સો દિવસ રોજગારી એના ઘરઆંગણે મળે. આ યોજના નીચે ભારત સરકાર કરોડો રૂપિયા ગુજરાતની અંદર ફાળવે છે. મને આ સન્માનનીય ગૃહ સમક્ષ કહેતા દુઃખ થાય છે કે આ યોજનાના રૂપિયાનો પૂરો ખર્ચ નથી થતો અને જે ખર્ચ થાય છે એમાંથી પણ સરકાર એની વહીવટી સેવાઓની અંદર ખર્ચ કરે છે. મારે વિનંતી કરવી છે સભાગૃહને કે સો દિવસ રોજગાર યોજનાનો જે એકટ ભારત સરકારે લાગુ કર્યો છે કમસેકમ એ એકટને જો આપણે ગુજરાતની અંદર નિષ્ઠાપૂર્વક લાગુ કરીએ તો પણ આ ગુજરાતની અંદર બેરોજગારીના દરને ઘટાડી શકીએ. યુવાનોનો પ્રશ્ન છે. ઝાઝો સમય નહીં લઉ..

અધ્યક્ષશ્રી : ઝાઝો નહીં, પૂરો થઇ ગયો હવે. માનનીય હસમુખભાઇ ..

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સભ્યશ્રી બલવંતસિંહજી ગુજરાત રોજગાર ગેરંટી બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજીમાં કહેવત છે It is good to give the fish but it is better to train one to catch the fish. એનું ગુજરાતીમાં ભાષાંતર કરૂં તો કોઇપણ વ્યકિતને સીધેસીધો રોટલો આપવો એના કરતા એમને રોટલો કમાવાની કળા શિખવાડવી એ વધારે સારી વસ્તુ છે અને અમારી ગુજરાત સરકાર આ દિશામાં પ્રયત્નશીલ છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કામ કરતી આ સરકારે સ્કિલ ડેવલપમેન્ટની બાબતમાં ખૂબ નોંધનીય અને પ્રશંસનીય કામગીરી કરી છે. શહેરી વિસ્તારોની વાત કરૂં તો જે કોઇ યુવાનો અથવા યુવતીઓ કયાંક સંજોગોવશાત પૂરતું શિક્ષણ ના લઇ શકયા હોય કે અશિક્ષિત રહ્યા હોય એમના માટે એમને સ્કિલ મળે એના માટે ઉમ્મીદ નામની યોજના મહાનગરોમાં શરૂ કરી છે. અમદાવાદ શહેરની વાત કરૂં તો અમદાવાદ શહેરના જુદાજુદા નવ કેન્દ્રો ઉપરથી અનેક યુવાન યુવતીઓને ત્રણ મહિના, છ મહિનાની આવી સ્કિલ ડેવલપમેન્ટ ના માધ્યમથી તાલીમ આપીને એમને રોજગારી પૂરી પાડવામાં આવે છે. જુદી જુદી એકસપર્ટ એજન્સીઓના માધ્યમથી આ યુવાન યુવતીઓને ખૂબ સારી તાલીમ આપીને એમનું પ્લેસમેન્ટ થાય છે. એના આંકડા કહું તો ૨૦૦૮થી શરૂ કરીને ઓગસ્ટ ૨૦૧૦ સુધીમાં ૧૮૮૮૮ તાલીમાર્થીઓને તાલીમ આપી એમાંથી ૧૨૫૨૮ લોકોનું પ્લેસમેન્ટ થયું. નવેમ્બર ૨૦૧૦ થી જાન્યુઆરી ૨૦૧૨ સુધી ૬૫૮૦ તાલીમાર્થીઓને તાલીમ આપી અને ૪૬૫૩ લોકોને પ્લેસમેન્ટ મળ્યું. આ જ

રીતે ફેબ્રુઆરી ૨૦૧૨ થી ડીસેમ્બર ૨૦૧૨ સુધીમાં કુલ ૨૦૨૨ તાલીમાર્થીઓને તાલીમ આપી અને પ્લેસમેન્ટની કાર્યવાહી ચાલુ છે.

આ જ રીતે સર્વિસ એકસચેન્જ પ્રમોશન સેન્ટરની એક નવી જ યોજના લઇને આ રાજય સરકારના માધ્યમથી અમદાવાદ અને સુરત ખાતે એના સેન્ટર બનાવવા જઇ રહ્યા છીએ. માનનીય બલવંતસિંહજીને આમંત્રણ આપુ છું કે તારીખ અગિયારમીએ અમદાવાદ ખાતેના આવા જ એક સર્વિસ એકસચેન્જ પ્રમોશન સેન્ટરનું લોકાર્પણ થવા જઇ રહ્યું છે તો આપ અચૂક પધારો. આ એકસચેન્જ પ્રમોશન સેન્ટરમાં બિન સંગઠીત ક્ષેત્રના કામદારોને બોલાવીને એમની નોંધણી કરીને એમને યોગ્ય તાલીમ આપીને નોકરી દાતાઓ અને નોકરી વાંચ્છુઓ વચ્ચેની કડીરૂપ કામગીરી કરીને ઇન્ડસ્ટ્રીમાં એમને પ્રોપર પ્લેસમેન્ટ મળે એ દિશામાં આ સર્વિસ સેન્ટર કામ કરશે. એથી પણ આગળ વધીને અર્બન રીસોર્સીસ સેન્ટરના માધ્યમથી શહેરના જુદાજુદા વોર્ડની અંદર પણ આવા જ પેટા કેન્દ્રો ઉભા કરીને નોકરી વાંચ્છુ યુવાનો યુવતીઓને નોકરીદાતાઓની વચ્ચે કડીરૂપ કામગીરી કરવામાં આવનાર છે.

સફળ વાઇબ્રન્ટ સમિટને કારણે ન માત્ર મોટા ઉદ્યોગો પણ સ્મોલ અને મીડીયમ ઉદ્યોગોમાં પણ એક ક્રાંતિ જોવા મળી રહી છે. હું ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલો છું ત્યારે અનેકવિધ ઔદ્યોગિક વસાહતોમાં મારે જવાનું થાય છે ત્યારે ઔદ્યોગિક વસાહતોમાં જુદી જુદી ફેકટરીઓમાં બોર્ડ મારેલા જોવા મળે છે કે ટર્નર જોઇએ છે, ફીટર જોઇએ છે, મિકેનિક જોઇએ છે, ઓપરેટર જોઇએ છે. આવી જગ્યાઓ ખાલી પડી છે. એને સ્કિલ ડેવલપમેન્ટના માધ્યમથી પૂરવા સરકાર મથામણ કરી રહી છે. જ્યારે સ્કિલ ડેવલપમેન્ટમાં આ સરકાર નોંધનીય કામગીરી કરી રહી હોય અને વાયબ્રન્ટ સફળ થવાના કારણે રોજગારી પૂરતા પ્રમાણમાં મળી રહી હોય ત્યારે આ વિધેયક અપ્રસ્તુત છે. એથી પણ આગળ આ વિધેયકમાં બેરોજગાર યુવાનોની ચિંતા કરતાં પોલિટિકલ માઇલેજ લેવાનો હેતુ વધારે જણાય છે તેથી હું આ વિધેયકને સમર્થન આપતો નથી પણ એનો વિરોધ કરૂં છું.

**શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આ બિલ લઇને આવ્યા છે એ ગુજરાતમાં રોજગારી માટેની ચિંતા કરતાં થોડા સૂચનો એમાં મૂકેલા છે. છેલ્લા દસ વર્ષમાં આ સરકારે નીતિ બનાવી છે એ નીતિના કારણે રોજગારીની તકો વધી છે. આપ વિચાર કરો કે રોજગારી કોણ આપે? એક ઉદ્યોગ સેકટર આપે, એક સર્વિસ સેકટર એટલે ટુરિઝમ આપે, કન્સ્ટ્રકશન સેકટર એટલે કે હાઉસીંગ આપે, ચોથું એગ્રીકલ્ચર સેકટર આપે. આ ચાર સેકટરમાં વધારેને વધારે રોજગારી મળે એ માટે આપણે છેલ્લા દસ વર્ષથી એ પ્રમાણે આયોજન કર્યું છે કે એના કારણે સૌથી વધારે રોજગારીની તકો ઉભી થાય અને લોકોની આવક વધે. તમે એકે એક નીતિ જુઓ. ઉદ્યોગની અંદર આપણે વાયબ્રન્ટ ગુજરાત લાવ્યા, ઉદ્યોગની અંદર આપણે મેન્યુફેકચરિંગ પોલિસી લાવ્યા, ઉદ્યોગની અંદર આપણે ટેક્સટાઇલ પોલિસી લાવ્યા. આના કારણે નવા નવા એસ્ટેટો દ્વારા એસ.આઇ.આર અને એસ.ઇ.ઝેડ ના કારણે અનેક જગ્યાએ રાજ્યમાં નવા નવા સ્થળો ઉપર ઉદ્યોગો આવ્યા અને એના કારણે રોજગારીની તકો ઉભી થઇ.

હમણાં જ સભ્યશ્રીએ કહ્યું કે માઇગ્રેશન થાય છે. આજે છાપું ખોલીને તમે જુઓ, ૧૦ વર્ષ પહેલા સૌરાષ્ટ્રમાંથી લોકો સુરત જતા હતા, સૌરાષ્ટ્રમાંથી લોકો અમદાવાદ આવતા હતા. આજની તારીખમાં છેલ્લે જ્યોતિગ્રામ યોજના આવવાના કારણે ડાયમન્ડ સેકટર થકી ગામડાંઓમાં ઘેર ઘેર ઘંટીઓ થઇ હોય તો જ્યોતિગ્રામના કારણે થઇ છે. અમે નીતિ બનાવી છે. અમારૂં મિશન આ છે કે ૨૪ કલાક વીજળી આપો કે જેથી ત્યાં નાના નાના કામો કરે, કોટેજ ઇન્ડસ્ટ્રીઝ બનાવે, સેલ્ફ એમ્પ્લોયમેન્ટ લે અને એના કારણે આવકો ઉભી કરે અને ગામડાંમાં જ રહે. એગ્રીકલ્ચર સેકટરમાંથી ખેતી વિશે વધારે આપણે ચિંતા કરીએ છીએ. આ સરકારે પાણીના રક્ષણ માટે ડ્રીપ ઇરિગેશન કર્યું, કૃષિ મહોત્સવો કર્યા. આ શા માટે? આપણે ગ્રીન હાઉસ માટે પ્રમોશન કર્યા. ગ્રીન હાઉસ માટેના બધા પ્રયત્નો કરીએ છીએ એટલા માટે કે લોકો ખેતીમાં રહે અને ખેડૂતોને આવક મળે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે ૧૦ વર્ષમાં નીતિ બનાવી જેના કારણે ઘેર ઘેર રોજગારી ઉપલબ્ધ થઇ અને છેવટે સેલ્ફ એમ્પ્લોયમેન્ટ માટેના કામો કર્યા. આજે આઇ.ટી.આઇ.માં પ્રવેશ લેવો હોય તો સહેલાઇથી મળતો નથી. એ જ બતાવે છે કે આઇ.ટી.આઇ.ની અગત્યતા કેટલી છે. પ્લમ્બર્સ,

સુથારી કામ આમ સરકારે એકે એક વિષય પર ચિંતા કરી છે અને છેલ્લે તો ગરીબ કલ્યાણ મેળા દ્વારા પણ આપણે રોજગારી પ્રમોશન કરવાના પ્રયત્નો કર્યા છે.

મારે સભ્યશ્રીને કહેવું છે કે અમે ચિંતા કરીએ છીએ. દરેક જગ્યાએ અમને લાભ થવાનો છે. હમણાં જ ટેક્સટાઇલ પોલિસી લાવ્યા. આપણને ખબર છે કે આનો કેટલો મોટો લાભ થવાનો છે. આવતા દિવસોમાં ખેડૂતોને એના કપાસના ભાવો વધારે મળે અને આખું વેલ્યુ એડિશન ચેન્જ કોટનથી માંડી ફાઇનલ પ્રોડક્ટ એટલે રેડીમેડ શર્ટ ગારમેન્ટ બને એ બધાને મદદ કરવા માટે ટેક્સટાઇલ પોલિસીમાં જોગવાઇ કરી છે. અને આપણી તાકાત છે અને એના માટે આપ નહિ માનો કે આ લોકોને સ્પિનીંગ યુનિટમાં ટ્રેઇન વર્ક કરવા માટે અત્યારે આપણે સ્પેશ્યલ પી.પી. મોડ ઉપર સંસ્થાઓની જોડે જોડાણ કરીએ છીએ. એક સંસ્થાને જવાબદારી આપીએ કે વર્ષે તુ ૫૦૦૦ લોકોને ટ્રેઇન કર અને એ ૫૦૦૦ને ટ્રેઇન કરીને એના પ્લેસમેન્ટ માટે ચિંતા કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત જ એક રાજ્ય છે કે જેણે આટલા સરસ રીતથી ઇન્ડસ્ટ્રીયલ જોબ ફેર એટલે મેળા કર્યા છે. કોઇ રાજ્યએ આવા મેળા નથી કર્યા. ગઇ સાલ ૪૮૯ ઇન્ડસ્ટ્રીયલ જોબ ફેર્સ કર્યા અને એના કારણે ૧૦૨૮ બે ફેઇઝની અંદર કર્યા અને એના કારણે ૧,૦૬,૧૯૩ લોકોને રોજગારી આપી. આ સહેલું નથી. એકબાજુ રોજગારીની તકો ઊભી કરવી પડે અને આ તકો ક્યારે ઊભી કરીએ છીએ. સદસ્યોએ જો નીતિનભાઇના આખા બજેટને સ્ટડી કર્યુ હોત ને તો ત્યારે ખબર પડત કે આ તકો કેવી રીતે ઊભી થાય છે? અને આપ વિચાર કરો કે આખા દેશની અંદર સૌથી મોટી ચિંતા કરતા હોય તો નાણામંત્રીશ્રી અને પ્રધાનમંત્રી પ્લાન સાઇઝની વાત કરતા હોય, જી.ડી.પી. ગ્રોથની વાત કરતા હોય આ કેમ કરે છે, ભાઇ? ૧૦% જી.ડી.પી. ગ્રોથ આવે એટલે રોજગારી વધે. આ ૨% જી.ડી.પી. ગ્રોથ આવતો હોય તો રોજગારીનું ડીપ લેવલ થાય. એ રોજગારી ક્યારે આવે? જ્યારે તમે રૂપિયો ખર્ચો ત્યારે આવે. એક પાંચ કિલોમીટરનો રોડ બનાવીએ એની પાછળ ૧૦૦ જણને રોજગારી મળે. એટલે આ ૫૮૦૦૦ કરોડની પાછળ આ બધું ધ્યાનમાં રાખીને કર્યુ છે, એટલે સભ્યશ્રીની ચિંતા સાચી છે, પણ આ સરકારની નીતિ બહુ સ્પષ્ટ છે. આવતા દિવસોની અંદર જે પ્રમાણે અમે પાંચ વર્ષનો પ્લાન કર્યો છે અને ૨ લાખ ૮૩ હજાર કરોડ ખર્ચવાના છે એમાં સૌની યોજનાથી માંડી, નર્મદાના પાણીથી માંડી કૃષિનું ઉત્પાદન કરી રોજગારી આપશે. આવતા દિવસોની અંદર જુદા જુદા ઇન્ડસ્ટ્રીઝ અને એસ.ઇ.ઝેડ દ્વારા ઉદ્યોગની અંદર રોજગારી આપશે. આઇ.ટી.આઇ. વધારે કરીને સ્કિલ ડેવલપમેન્ટ કરશે અને એના કારણે મારી એક છેલ્લી વાત કરીને પૂરી કરૂં કે અમને સફળતા કેટલી મળી છે? દર વર્ષે એપ્લોયમેન્ટ એક્ષચેંજની અંદર સૌથી વધારે જો રોજગારી આપતું હોય તો એકલું માત્ર ગુજરાત છે. રોજગારીની તકો પણ કેવી? ૨૦૧૦ની અંદર ૫,૦૯,૦૦૦ દેશમાં એપ્લોયમેન્ટ એકસચેંજની અંદરથી રોજગારી આપી હોય તો ૨૦૭૫૮૬ એક માત્ર ગુજરાતે આપી છે. આ આંકડા છેને એ કેન્દ્ર સરકારના એક્ષચેંજના છે. હમણાં કેરળની વાત કરી. કેરળની અંદર પ્લેસમેન્ટ ૧૩૫૦૦ છે, વેસ્ટ બેંગાલમાં ૩૦૦૦ છે, આ એમ્પ્લોયમેન્ટ એકસચેંજની ચોપડી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરૂં કે બિલ પાછું ખેંચે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ કદાચ મને ખાતરી આપી હોત તો મને આનંદ થાત. એમની જ સરકારના આંકડા જ્યારે આજે ૩૨ લાખ લોકો બેકાર છે અને જે બાબતની ચિંતા કરીને માનનીય મંત્રીશ્રીએ મોટુ મન રાખીને કદાચ એમ કીધુ હોત કે હું આમાં સંમત થાઉં છું તો હું મારૂં બિલ ચોક્કસ પાછું ખેંચી લેત પણ આવી કોઇ ખાતરી નથી આપી એટલે પાછું ખેંચતો નથી.

અધ્યક્ષશ્રી : સંમત થઇ જાય તો બિલ પાસ થઇ જાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

## સન ૨૦૧૩નું વિધેયક *ક્રમાંક:૧૫
## ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક, ૨૦૧૩
## જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક, ૨૦૧૩

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક:૧૫ – સન ૨૦૧૩નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય વિધાનસભા ગૃહ સમક્ષ ગુજરાતી જોડણીના સાચા ઉપયોગ માટેનું વિધેયક માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત આ સભાગૃહ સમક્ષ લાવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ભાષાની સાચી જોડણી અંગે જયારે આ વિધેયક લાવવાની જરૂર પડી છે ત્યારે તે અંગે ગૌરવની વાત છે કે, આજે વધતા જતા આઇ.ટી.ના યુગમાં ઇંગ્લીશ ભાષાના પડકારોને પહોંચી વળવા માટે પ્રાદેશિક ભાષા સુસજ્ઞ થઇ શકે તેની આમાં ચર્ચા થાય એવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહનું નમ્ર ધ્યાન દોરવું છે કે, ઉંઝા ખાતે મળેલ સાક્ષરોની પરિષદે ઉંઝા જોડણીના નામે સાર્થ જોડણી કોશને અવગણીને ભાષામાં શુદ્ધિ દાખલ કરવાનો પ્રયત્ન કર્યો છે, એમ કહીએ તો તે અસ્થાને નહીં ગણાય. જો આ રાજ્યમાં બધાય પોતપોતાની રીતે જોડણી કરવા માંડે તો તેના કારણે ભાષા પ્રયોજનમાં અંધાધૂંધી અને અરાજકતા ફેલાય. ગુજરાતી ભાષા સાચી જોડણીથી લખાય તે માટે ખરેખર તો ભાષા સંવર્ધક કેન્દ્રો પણ રચીને જનજાગૃતિ કરાવવાનું એક અભિયાન શરૂ કરવું જોઇએ, તેવો મારો નમ્ર મત છે અને આ બિલ દાખલ કરવાનો મારો આશય શુદ્ધ જોડણી અને સાચી જોડણી સર્વ ક્ષેત્રે અપનાવાય તે માટેનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી સરકારમાં ગુજરાતી ભાષાના ઉપયોગનો સવાલ છે ત્યાં સુધી, મારે કહેવું જોઇએ કે, રાજય સરકારે ભાષા નિયામકની કચેરી હવે સામાન્ય વહીવટ વિભાગમાંથી અલગ કરીને રમત–ગમત,યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગ સાથે જોડેલ છે. એટલે રાજય સરકારે ભાષાને સંસ્કૃતિ સાથે, જોડે ગણી છે અને જે આપણી સંસ્કૃતિનો ભાગ છે તે સાચી રીતે સચવાય, જળવાય અને તેનું જતન થાય તેવા બનતા પગલાં આપણે લેવા જોઇએ. આપણા રાજયમાં ગુજરાત સાહિત્ય અકાદમી સ્થાપીને ગુજરાતી ભાષાના સંવર્ધન માટે અનેક પ્રયત્નો કર્યા છે. જેમાં સાહિત્યકારોને ગૌરવ પુરસ્કાર પણ અપાય છે અને બાળ સાહિત્ય, હાસ્ય, કાવ્ય, નાટક, નવલકથા અને નવલિકા તથા નિબંધ આમ સર્વ ક્ષેત્રોના સાહિત્યના ખેડાણ માટે પારિતોષિક અપાય છે. જેથી ગુજરાતી ભાષાની સાચી સેવા થાય છે. (અંતરાય) આ સભાગૃહમાં ઉલ્લેખ થયો અને આપણે જોયું તેમ રાજય સરકારની ભાષા નિયામકની કચેરી, ગુજરાતી ભાષાની સાચી જોડણીના ઉપયોગ માટે અવિરત કાર્ય કરે છે પરંતુ ગુજરાતની અંદર પૂ. મહાત્મા ગાંધીજીના સમયથી ગુજરાતી સાર્થ શબ્દ કોશ બહાર પડાયેલ છે અને તેની જોડણી રાજય સરકારે અધિકૃત જોડણી તરીકે સ્વીકારી છે ત્યારે પૂ. મહાત્મા ગાંધીજીએ આ સાર્થ કોશ ઉપરના પૂર્વવચનમાં લખેલા શબ્દો યાદ આવે છે કે, "હવે પછી ગુજરાતીમાં કોઇને ખોટી જોડણી લખવાનો અધિકાર નથી". આથી આપણે ત્યાં હવે ખોટી જોડણી લખાય, તે સ્વીકારવા યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના ધ્યાન ઉપર મૂકું કે, કેન્દ્રીય અને રાજયના સનદી વર્ગના અધિકારીઓ રાજ્ય બહારથી આવે તેમને ગુજરાતી પ્રાવિણ્યની તાલીમ અપાય, વહીવટના વડા એવા સર્વે સચિવશ્રીઓ, ખાતાના વડા, કલેકટર એ બધાય ભારતીય સનદી સેવાના અધિકારીઓ પણ ગુજરાતી ભાષામાં પ્રવિણતા

* આ વિધેયક સન ૨૦૧૩ના ફેબ્રુઆરી મહિનાની ૨૧મી તારીખના ગુજરાત રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

મેળવે એ પણ જરૂર છે. મારી જાણ મુજબ ભાષા નિયામકની કચેરી માટે ચાલુ વર્ષમાં પંદર લાખ રૂપિયાનું માતબર પ્રોવિઝન કરેલું છે અને આગામી વર્ષમાં પણ એના માટે સત્તર લાખ રૂપિયાની જોગવાઇ કરેલ છે. તે જોતાં આપણે ગુજરાતીના સાચા ઉપયોગ માટે પૂરતા પ્રયત્નો કરીએ એવી મારી લાગણી છે. આમ જુદા જુદા સ્તરે, જુદા જુદા ખાતાઓમાં થતી આ કામગીરી વધુ ચોકસાઇથી થાય અને ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ થાય તેથી આ વિધેયકને ચર્ચા માટે રજૂ કરતાં હું અનુરોધ કરૂં છું કે, સભાગૃહ તેનો સ્વીકાર કરે અને આ વિધેયક પસાર કરે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ ૧૫ જાહેર સંસ્થાઓમાં ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા માટેનું વિધેયક લઇને આવ્યા છે. આપણું રાજ્ય ગુજરાત રાજ્ય છે. આપણી માતૃભાષા પણ ગુજરાતી જ છે, એટલે અહીંયા ગુજરાતી જોડણી માટેનું જે વિધેયક લાવ્યા છે, તે બરાબર છે. અહીંયા જે કારણો અને ઉદ્દેશો આપ્યાં છે, એમાં અહીંયા ગુજરાતી જોડણી લખી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકારની કચેરીઓમાં, સત્તા મંડળોમાં, કોર્પોરેશનોમાં અને સરકારની માલિકી અને નિયંત્રણ હેઠળની કંપનીઓમાં જે તેમ થતું અટકાવવા માટે જરૂરી બન્યું છે. અહીંયા આપણું જે વહીવટી તંત્ર છે, એમાં આપણે પરિપત્ર જોઇશું તો અંગ્રેજીમાં જ આવે છે અને આમાં ગુજરાતનો છેવાડાનો માણસ અથવા સામાન્ય નાગરિક અંગ્રેજી પરિપત્રને સમજી શકતો નથી. આ ગુજરાતી ભાષા દ્વી–અર્થી છે. અને આમાં આપણે અહીંયા દા.ત. પાણી એને આપણે હ્રસ્વ ઇ આપીશું તો તેનો અર્થ 'હાથ' થશે અને દીર્ઘ ઇ આપીશું તો 'પીવાનું પાણી' થશે. એ જ રીતે દિન માં દિ એ હ્રસ્વ ઇ તો દિન એટલે 'દિવસ' થશે અને તેને દી એ દીર્ઘ ઇ કરીશું તો દીન એટલે 'ગરીબ' થશે. આ રીતે ગુજરાતી ભાષા દ્વિ–અર્થી છે, એટલા માટે અહીંયા વાત કરવામાં આવી છે. આ વિધેયક લાવવામાં આવ્યું છે. એને ખરેખર ભાષા નિયામક પણ હોય છે અને આ રીતે અહીંયા ગુજરાતમાં વહીવટી તંત્રમાં આનો જે પરિપત્ર હોય એ ગુજરાતી ભાષામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

અહીંયા આપણે જોઇશું તો ગુજરાતી જોડણીનો શબ્દનો સાચો ઉપયોગ ન થવાના કારણે અહીંયા માર્ગ અને મકાન વિભાગના ટેન્ડરો જોઇશું તો એમાં ઘણી વખત દરેક વિભાગની અંદર જે કરોડો રૂપિયાનું નુકસાન થાય છે અને આમાં અર્થનું અર્થઘટન સાચુ ન થવાના કારણે ખોટા લોકોને ફાયદો થતો હોય છે અને સામાન્ય ગરીબ માણસને અર્થઘટનના કારણે નુકસાન થાય છે. અહીંયા શબ્દના અર્થઘટનને એ રીતે જોઇશું. આ સરકાર આખે આખી જોડણીને જોઇશું તો અપમાનિત શબ્દનો પ્રયોગ કરતી હોય તેવું મને લાગે છે. જે આદિવાસી છે, તેઓ આ દેશના મૂળ માલિક છે, એટલા માટે વનવાસી કહ્યા છે. એમને જંગલમાં ધકેલી દીધા છે. અહીંયા ગુજરાત બહારના અધિકારીઓ આપણા રાજ્યની અંદર વહીવટ કરે છે અને એમાં ખરેખર ગુજરાતી ભાષાનું જ્ઞાન જોઇએ, સમજાવી જોઇએ, ન સમજવાના કારણે ઘણી વખત અર્થનો અનર્થ થાય છે. એ રીતે આપણે જોઇશું તો ગુજરાતની અંદર એ ખરેખર આ જોડણીની જે બાબત છે. એ ખરેખર આ વિધેયક બરાબર સમયે આવ્યું છે. આ રીતે આપણે જોઇશું તો ગુજરાતની અંદર જોઇએ તો બાર ગાઉએ બોલી બદલાય. એ રીતે ભાષામાં જુદાપણું જોવા મળે છે અને સ્ટાન્ડર્ડ ઓરિજનલ કહીએ તે ભાષા પ્રયોજાય એ માટે ગુજરાત સાહિત્ય અકાદમી, પરીષદ તેમજ ભાષા નિયામક કઇ રીતે સાચી જોડણી લખાય તેની કાર્યવાહી કરે. જે શબ્દકોશ હોય છે, તેમાં સ્પષ્ટતા હોય છે. સાચો અર્થ સમાયેલો હોય છે, એટલે એ રીતે વહીવટની અંદર ગુજરાતીનો પૂરો ઉપયોગ થાય અને ગુજરાતી પરિપત્ર આ રાજ્યની અંદર આવે એ ખૂબ જરૂરી છે. અહીંયા ઘણી બધી ભિન્નતા જોવા મળે છે. મોટા ભાગે જોડણીના દીર્ઘનો ઉપયોગ કરવામાં આવતો હોય અને હ્રસ્વ ઇ મોટા ભાગે જોડણીમાં ઓછી જોવા મળે છે. માર્ગ અને મકાન વિભાગમાં પણ ઘણી વખત રસ્તા ઉપરનું સાઇન બોર્ડ જોઇએ તો સાઇન બોર્ડ ઉપર ઘણી ભૂલ જોવા મળે છે, એ રીતે સાઇન બોર્ડ લખવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, દેખીતી રીતે આવી ભૂલો જોવા મળે છે. સરકારી જાહેરાતોમાં કોઇ વખત ભૂલ ન થાય અને તેનું અનુકરણ ન થાય તે માટે ખરેખર સરકારે જોવું જોઇએ. અહીંયાં આપણે જોઇએ તો ઉદ્દેશો અને કારણોની અંદર જે સરકારી કંપની અને બોર્ડ નિગમોમાં આ રીતે તેના અર્થઘટનો ખોટા થતા હોય છે ત્યારે તેમાં સાચી જોડણી અથવા શબ્દકોશમાં જોઇ તેનો ઉપયોગ થાય તે ખૂબ જરૂરી છે.

ડો. ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ સન્માનનીય ગૃહમાં મને સૌ પ્રથમવાર મારા વિચારો વ્યકત કરવાની જે આપે તક આપી છે તે માટે આપનો આભાર માનું છું અને આ આદરણીય ગૃહ સુધી મને પહોંચાડનાર મારી ભારતીય જનતા પાર્ટી અને આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો પણ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સભ્યશ્રી જાહેર સંસ્થાઓમાં ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે તેના પર મારા વિચારો વ્યકત કરવાની અનુમતિ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માણસને જન્મ આપે છે તે મા પછી જીવનમાં બીજું કોઇ સ્થાન હોય તો તે માતૃભાષા ગુજરાતીનું છે. માતા, માતૃભૂમિ અને માતૃભાષા વિના માણસ અનાથ ગણાય છે. આપણી માતૃભાષા ગુજરાતી એ દરેક ગુજરાતીની દૂધની ભાષા છે. જન્મતાંની સાથે જ તે ભાષા બાળકના કાનમાં સંભળાય છે તે આપણી માતૃભાષા છે. જે ભાષામાં સ્વપ્ન આવે છે તે આપણી માતૃભાષા ગુજરાતી છે. તહેવારની નહીં પણ વહેવારની ભાષા તે આપણી ગુજરાતી ભાષા છે. છ કરોડ ગુજરાતીઓના વૈયક્તિક વિકાસ અને ગુજરાતની સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે આપણી માતૃભાષા ગુજરાતી ખૂબ જ શુદ્ધ હોય તે અત્યંત અગત્યનું છે. દુનિયાને જાણવા અન્ય ભાષાનો ઉપયોગ કરવો જ પડશે, પરંતુ દુનિયાને સમજવા અને સમજાવવા માટે ગુજરાતી ભાષા જ આપણો સાથ નિભાવી શકે છે. અન્ય ભાષા આપણી પાંખ બની શકે પણ આંખ તો આપણી માતૃભાષા ગુજરાતી જ બની શકે. એટલા માટે આ દેવ લિપિનો ઉપયોગ કરવો, તેનું સંરક્ષણ કરવું, તેનું સંવર્ધન કરવું અને આપણી માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધારવું તે દરેક ગુજરાતીની ફરજ બને છે. આ સત્ય આપણા નરસિંહ મહેતા, વીર નર્મદ, મેઘાણીથી માંડીને ગોંડલ સ્ટેટના તે વખતના માનનીય રાજવી ભગવતસિંહજી અને આપણા પૂજય મહાત્મા ગાંધીજીએ પણ સારી રીતે જાણ્યુ હતું અને તે માટે ભાષા શુદ્ધિના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો પણ કર્યા હતા. ભાષા શુદ્ધિમાં સાચી જોડણી મહત્વનું અંગ છે અને એટલા માટે જ રાજયની વહીવટી ભાષામાં શુદ્ધ ગુજરાતી ભાષાનો પ્રયોગ થાય તે હેતુથી આપણા ગોંડલ સ્ટેટના તે વખતના રાજવી ભાષા વત્સલ હતા. તેમણે ખૂબ મોટો ગ્રંથ ગો–મંડલ નામનો એક શબ્દકોશ અમલમાં મૂકયો હતો. રાજયની વહીવટી ભાષામાં શુદ્ધ ગુજરાતી ભાષાનો તે વખતે પણ ઉપયોગ થતો હતો. આપણા પૂજય મહાત્મા ગાંધીજીનો પણ તેવો જ આગ્રહ હતો. રાજકીય અને વહીવટી ભાષા ખૂબ જ શુદ્ધ હોવી જોઇએ. એટલે ખૂબ પ્રાચીન સમયથી આપણે શુદ્ધ ગુજરાતી ભાષાના આગ્રહી રહ્યા છીએ. આ ઉપરાંત અત્યારે પણ ગુજરાતી ભાષાની જોડણીમાં સુધારો કરવા ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ગુજરાતી જોડણીકોશને આપણે સંવર્ધ ગ્રંથ તરીકે સ્વીકાર્યો છે. એટલું જ નહીં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતી ભાષાની જોડણીને વધુ સાચી અને સરળ બનાવવા માટે જોડણી સુધારા સમિતિની રચના ૨૦૦૧માં માનનીય શ્રી કે.કા.શાસ્ત્રીજીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. તે સમિતિએ ગુજરાતી ભાષાની જોડણી માટે સાર્થ જોડણીકોશને આધારભૂત અને સર્વમાન્ય ગણ્યો છે. આ ઉપરાંત પણ ગુજરાતી ભાષાની જોડણી નિયમ મુજબની થાય તેવું સરકારશ્રીએ ઠરાવેલ છે. આ પ્રકારે જોડણીનો વ્યવસ્થિત ઉપયોગ કરવા રાજય સરકારે શિક્ષણ વિભાગ દ્વારા એક અલગ ઠરાવ બહાર પાડેલ છે, એ તરફ પણ હું સન્માનનીય ગૃહનું ધ્યાન દોરૂં છું.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર સંસ્થાઓમાં ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબતે માનનીય ધારાસભ્યશ્રી બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, મહા ગુજરાતના આંદોલનથી જૂના મુંબઇ રાજયમાં સમાવેશ થયેલું ગુજરાત રાજય તારીખ પહેલી મે, ૧૯૬૦થી અસ્તિત્વમાં આવ્યું અને ત્યાર પછી સૌરાષ્ટ્રના અને કચ્છના પ્રદેશોને પણ ભેળવીને આજનું જે ગુજરાત છે તે ગુજરાત અસ્તિત્વમાં આવ્યું એનાથી આપણે સૌ વિદિત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે જ આપણી સરકારે મા ગુર્જરીનું ગૌરવ વધે અને પ્રજાની આકાંક્ષાઓની પૂર્તતા થાય એ માટે રાજ્ય વહીવટને ગુજરાતીમાં ચલાવવા માટે રાજભાષા ગુજરાતીને સ્વીકારતો અધિનિયમ એ જ વર્ષે બહાર પાડ્યો હતો. આપણને સૌને એ જાણીને લાગણી થાય કે રાજ્ય સરકારે બહાર પાડેલ અધિનિયમોમાં અધિનિયમ જે હતો એ રાજભાષા ગુજરાતીનો અધિનિયમ હતો. આમ, સરકારી વહીવટ ગુજરાતી ભાષામાં ચલાવવા માટે પછીથી પણ જે કામગીરી થઇ તે આજ સુધી ટકીને રહી છે. એથી પણ આગળ કહું કે, આજે એકવીસમી સદીની અંદર ઇન્ટરનેટના જોડાણ પછી પણ ગુજરાતીને સુપેરે ચલાવવા માટે આ રાજ્ય સરકારે સફળતાપૂર્વક પ્રયત્ન કર્યો છે. આજે જીસ્વાન સેવામાં રાજ્ય સરકારની જિલ્લાવાર માહિતી હોય, વિભાગની પ્રવૃત્તિઓ હોય એ બધુ જ સર્વે ગુજરાતીમાં આવેલું છે. આથી, આ ગુજરાતીમાં આવેલું હોવાથી છેવાડાના ગામડાંમાં વસતો માનવી સરકારની વિવિધ યોજનાઓને વેબસાઇટ ઉપર જોઇ શકે છે અને સરકારની કામગીરીને નિહાળી શકે છે, એટલું જ નહીં પણ રાજ્ય સરકારના કોઇ નિયમો હોય, કાયદાઓ હોય કે અધિનિયમો હોય આ બધુ જ ગુજરાતીમાં છાપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે, આ માનવંતા ગૃહનો તમામ વહીવટ અને સઘળું કામકાજ ગુજરાતીમાં જ ચાલે છે ત્યારે ગુજરાતી સાચી જોડણીના ઉપયોગ માટે આપણે સૌ કટિબધ્ધ છીએ એ સાબિત થાય છે. શિક્ષણની અંદર પણ પહેલા ધોરણથી જ ગુજરાતીનો વિષય અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવે છે આ ઉપરાંત સામાન્ય પ્રવાહની અંદર ધોરણ બાર હોય તો પણ એમાં ગુજરાતી વિષયને ફરજિયાત બનાવવામાં આવ્યો છે. જે સરકારી કર્મચારીઓ સરકારી જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામતા હોય છે તેમને પણ એક પ્રશ્નપત્ર ગુજરાતીમાં એનો જવાબ આપવાનો હોય છે અને આ રીતે એની ચકાસણી કર્યા પછી એની નિયુક્તિ થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની અનેક ભાષાઓ છે એમાં ફ્રેન્ચને પ્રથમ નંબર આપવામાં આવ્યો છે પરંતુ ગુજરાતી ભાષા એ વિશ્વની મીઠી, મધુર અને સરળ ભાષાના દ્વિતિય ક્રમે મૂકવામાં આવેલી છે. આવી ગૌરવવંતી આપણી ગુજરાતી ભાષાની અંદર બીજું પણ એક ગૌરવ લઇ શકાય એવું વિશ્વની અનેક નવલકથાઓની અંદર આપણા ગોવર્ધનરામ ત્રિપાઠીએ "સરસ્વતી ચંદ્ર'' જે લખ્યું અને એ ''સરસ્વતી ચંદ્ર'' ને વિશ્વની અંદર જે સ્થાન મળ્યું છે એ જાતની ગુજરાતી ભાષાની કેટલી તાકાત છે એ બતાવે છે. કવિ–લેખકોનું અદ્ભૂત આલેખનની ભેટ ગુજરાતી ભાષામાં તો આપણને મળ્યું છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ભાષાના ગૌરવ માટે અનેક પગલાં લેવાયાં છે ત્યારે એ માટે અલગથી બિલ લાવવાની મને કોઇ જરૂરિયાત જણાતી નથી અને એટલા માટે માનનીય સભ્યશ્રી જે આ બિલ લઇને આવ્યા છે એ પરત ખેંચે એવી હું મારી લાગણી વ્યક્ત કરૂં છું.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્યશ્રી શંભુજી ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબતનું વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારો પ્રતિભાવ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વતંત્રતા પછી ૧૯૪૯માં આપણા દેશનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું અને દેશના વહીવટની ભાષા અંગ્રેજીને સ્થાને રાષ્ટ્રભાષા હિન્દીને સ્થાન આપવામાં આવ્યું ત્યારે બંધારણમાં પણ એક વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, સમગ્ર દેશના રાજયોનો વહીવટ અને લોકશિક્ષણનું કામ જે તે રાજયોની સ્થાનિક ભાષામાં આપવામાં આવે અને માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ પછી ગુજરાતમાં પણ આપણે સૌ આપણી માતૃભાષા ગુજરાતીમાં આ વહીવટ કરી રહ્યા છીએ ત્યારે રાજય સરકારે રાજયના તમામ વહીવટોમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ થાય એ માટે ખૂબ પ્રયત્નો કર્યા છે.

વહીવટના તમામ વિભાગોમાં આપણે ગુજરાતીનો ઉપયોગ તો કરીએ જ છીએ પણ હાઇકોર્ટની ભાષા, હાઇકોર્ટમાં આપણી ગુજરાતી ભાષામાં વહીવટ થાય, માટે આપણે સર્વોચ્ચ અદાલતને એક દરખાસ્ત કરીને મોકલી છે. સર્વોચ્ચ અદાલતે એમાં નિર્ણય કર્યો નથી એટલે આપણે એમાં આગળ વધી શક્યા નથી. પણ ગુજરાતમાં ગુજરાતના તમામ વિભાગોમાં સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે ફોર્મ્સ હોય, પત્રકો હોય, નાના મોટા ઠરાવો હોય, પરિપત્રો હોય, નિયમો હોય, હિસાબી કામકાજ હોય આ તમામ કામ આપણે

ગુજરાતી ભાષામાં કરીએ છીએ ત્યારે ગુજરાતના કર્મચારીઓની ભરતીના સમયે એણે પ્રારંભિક પરિક્ષા ગુજરાતીમાં પાસ કરેલી હોવી જોઇએ અને જે બિન ગુજરાતી કર્મચારીઓ હોય છે એને નિયમિત કર્યા પહેલા પણ એણે ગુજરાતી પરિક્ષા પાસ કરેલી હોવી જોઇએ એવો આપણે આગ્રહ રાખીએ છીએ.

જયારે ગુજરાતી ભાષાની વાત થાય છે ત્યારે માતૃભાષા ગુજરાતી વિશે તો ઘણું કહી શકાય. આ વિશ્વમાં માનવજાત અંગે એક તત્ત્વચિંતકે તો ઘણું કહ્યું છે કે, આ પ્રકૃત્તિનું દરેક તત્ત્વ, દરેક ચીજ વાત કરે છે પણ એ ભાષા આપણે સમજી શકતા નથી. દેશમાં અને આખા વિશ્વમાં અનેક ભાષાઓ છે. ૫૫૦૦ વર્ષ પહેલા ભાષાનો જન્મ થયો અને વિશ્વની ૬૯૦૦ ભાષાનો આ માનવ જાત અત્યારે ઉપયોગ કરે છે. આપણી ગુજરાતી ભાષાનો ઈતિહાસ પણ એવો સુવર્ણ છે, દસમી અગિયારમી સદીમાં રાજસ્થાનમાંથી આપણી ભાષા આ ગુજરાતી ભાષા અપભ્રંશ થઇને આવી છે. ઈ.સ. ૪૦૦–૫૦૦ માં ભકત કવિ નરસિંહ મહેતાએ પણ ગુજરાતીનો ઉપયોગ કર્યો છે. તત્કાલિન સમયમાં પ્રાકૃત ભાષામાં કવિ અખાએ પણ ગુજરાતી ભાષાનો ઉપયોગ કર્યો છે અને ઈ.સ. ૭૦૦માં પ્રેમાનંદ કવિએ પણ ગુજરાતી ભાષાનો ઉપયોગ કર્યો છે. આવો ભવ્ય ભૂતકાળ માતૃભાષાનો હોય ત્યારે માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ હોવું જોઇએ એ અત્યંત જરૂરી છે. એક મનોવૈજ્ઞાનીક કહે છે કે, માણસ જ્યારે પોતાની ભાષા શીખતો હોય ત્યારે એને લગભગ ૨૫૦૦ શબ્દો માતૃભાષાના આવડી જાય પછી જ એણે બીજી ભાષાનું જ્ઞાન લેવુ જોઇએ.

મને એક ઉદાહરણ યાદ આવે છે અને એ ઉદાહરણ વિક્સીત દેશનું છે. જર્મનીનું નાણું આજે વિશ્વમાં સૌથી મોંઘું છે. જર્મની જેવા દેશનું ઉદાહરણ આપીને કહું છું કે, એક તામિલ પરિવાર પોતાના બાળકને પ્રાથમિક શાળામાં દાખલ કરવા માટે એક જર્મન સ્કૂલમાં ગયો ત્યારે સંચાલકોએ પૂછ્યું કે તમારા બાળકની માતૃભાષા કઇ છે? ત્યારે એમણે કહ્યું કે અમારી માતૃભાષા તામિલ છે. તો સંચાલકોએ કહ્યું કે તમે એક મહિના પછી આવજો, એક મહિના પછી આ તામિલ પરિવાર ફરીથી શાળામાં જાય છે તો ત્યાંના સંચાલકોએ કહ્યું કે હજુ પણ તમે એક મહિના પછી આવજો, એક મહિના પછી ફરી તામિલ પરિવાર ગયો ત્યારે એમણે કહ્યું કે હજુ પણ તમે એક મહિના પછી આવો. એટલે ત્રણ મહિના પછી તામિલ પરિવારે સંચાલકોને કહ્યું કે તમે એડમિશન આપવાના હોવ તો હા પાડો નહીં તો ના પાડો. તમે અમને વારંવાર એક એક મહિના પછી કેમ ધક્કા ખવડાવો છો? ત્યારે સંચાલકોએ કહ્યું કે અમે સતત ત્રણ મહિનાથી છાપાઓમાં જાહેરખબર આપીએ છીએ અને પૂછીએ છીએ કે જો કોઇ તામિલ શિક્ષક મળતો હોય તો તમારા બાળકને શિક્ષણ આપવા માટે અમે તામિલ શિક્ષક આખા દેશમાં શોધી રહ્યાં છીએ. તામિલ ભાષામાં કોઇ શિક્ષક ન મળતા એ પરિવારને સંચાલકોએ વિનંતી કરી કે, તમારી ધર્મપત્નિ તમારા જ બાળકને તામિલ ભાષામાં શિક્ષણ આપશે તો અમે એને નોકરી આપીશું અને અમે એમને જોબ આપીશું. માતૃભાષાનું આટલું મહત્વ છે. જયારે ગુજરાતની આ વાત થાય છે અને ગુજરાતમાં ગુજરાતની જોડણીનો સાચો ઉપયોગ થઇ રહ્યો છે ત્યારે માનનીય શંભુજીભાઇનું આ વિધેયક •(xxxxxx)છે. એ વાત સાથે મારી વાત પૂરી કરૂં છું.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એમ ન કહી શકાય, ટેકો આપવો ન આપવો એ વાત જુદી છે. •(xxxxxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક ૧૫ સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબતનું વિધેયક જે લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે મિત્રોએ વાત કરી કે, ગુજરાતી ભાષા સરળ તો છે જ. સાથે સાથે વર્ષો પહેલા જે વાત કહેવાતી હતી કે ગુજરાતી ભાષાની કિંમત 'સુ સા પૈસા ચાર' આજે એ દિવસ નથી. આજે ગુજરાતી ભાષા પ્રબળ બની છે અને સમૃદ્ધ બની છે અને ગુજરાતી સાહિત્યનું બીજી ભાષાઓની અંદર રૂપાંતર પણ થાય છે, આ સ્તરે લઇ જવાનું કામ સાહિત્યકારોએ, કવિઓએ અને લેખકોએ કર્યું છે અને હમણાં

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

દેવુસિંહભાઇ જે નામ આપીને કહેતા હતા એવા મહાન લેખકોએ આ ભાષાને સમૃદ્ધ બનાવવાનું કામ કર્યું છે. ભાષા અને બોલી એ બન્ને વચ્ચે ઘણો તફાવત છે, બોલી થોડા થોડા અંતરે બદલાતી હોય છે પણ ભાષા એક જ હોય છે. આ સમગ્ર દેશમાં અનેક ભાષાઓ છે. જ્યારે આપણે એમ નક્કી કર્યું કે ગુજરાતમાં ગુજરાતી ભાષા દ્વારા જ સરકારી વ્યવહાર કરવામાં આવે ત્યારે જોડણી એ બહુ મહત્વની બની જાય છે અને એમાં શબ્દકોશ પ્રમાણે જો ન લખાય તો અર્થનો અનર્થ થઇ જાય અર્થઘટન પણ બદલાઇ જાય. ઘણી વખત સરકારી જે ઠરાવો હોય છે એ અંગ્રેજીમાં લખાય અને જ્યારે એનું અર્થઘટન ગુજરાતીમાં કરીને સમજાવવાની વાત આવે ત્યારે આ અર્થઘટન જુદું થવાના કારણે ઘણી વખત ઘણાને અન્યાય થતો હોય છે અને મોટેભાગે જે યુનિયનો હોય છે, કર્મચારીઓ હોય છે એમને મળતા વેતનોના અર્થઘટનમાં આવો ઘણી વખત વાદવિવાદ થતો હોય છે એટલે આ જે શબ્દો છે અને જોડણી એનો સાચો ઉપયોગ થાય તો એનું અર્થઘટન યોગ્ય થાય અને એ થવાના કારણે કોઇ બીજી મુશ્કેલીઓ ઉભી ન થાય અને એટલા માટે આ સર્વપ્રથમ–પહેલો જોડણીકોશ જે છે એ બહાર પાડવાનું કામ ગુજરાત વિદ્યાપીઠે કરેલ છે અને એમના દ્વારા સાર્થ જોડણીકોશ બહાર પાડવામાં આવેલ છે. મહાત્મા ગાંધીની પ્રેરણાથી આ જોડણીકોશ બહાર પડેલો અને આ જોડણીકોશ બહાર પડ્યા પછી ખુદ ગાંધીજીએ કહેલું કે આ જોડણીકોશ બહાર પડ્યા પછી બીજા કોઇ જોડણીકોશનો ઉપયોગ કોઇએ મન ફાવે તે રીતે કરવો જોઇએ નહિ અને આ જ જોડણી યોગ્ય છે અને એનો જ ઉપયોગ કરવો જોઇએ એવો એમનો આગ્રહ હતો. જોડણીમાં પ્રવર્તતી અંધાધૂંધીને દૂર કરવા માટે અને રોકવા માટે મહાત્મા ગાંધીજીએ આ વાત કરી હતી અને ગુજરાત વિદ્યાપીઠ તરફથી તે સમયે નવજીવન પ્રકાશન દ્વારા આ બહાર પાડવામાં આવેલ. ત્યારપછી તો સરકારે પણ જોડણીકોશ બહાર પાડેલો છે અને હમણાં બહેનશ્રીએ કહ્યું તેમ આવા ૧૪ પ્રકાશનો છે પણ આ જે બિલ છે એમાં આ વિદ્યાપીઠના જોડણીકોશને જ મહત્વ આપવામાં આવ્યું છે અને તે અંગે જો કોઇ અર્થઘટન કરવાનું થાય તો આ પ્રમાણે કરવું અને એનો અધિકાર સાહિત્ય પરિષદને આપવો.

સાહિત્ય પરિષદ ગુજરાતમાં ગુજરાતી ભાષા પ્રબળ બને, બળવત્તર બને એ માટે અથાગ પ્રયત્નો કરે છે અને સમાજજીવનમાં પણ આનું એટલું જ મહત્વ છે આનાથી અંધાધૂંધી ન ફેલાય. કોમ્યુનિકેશન, વિચારોની જે આપ લે થાય છે એ આપ લે કરવામાં પણ સરળતા રહે અને પ્રત્યાર્પણ કરવામાં પણ સરળતા રહે. એ ઉપરાંત જ્ઞાન પ્રક્રિયામાં પણ વિચારોની આપ લે દ્વારા સરળતા રહે એટલે આ કોશ બહુ જ જરૂરી છે અને જોડણી સાચી થાય એ અત્યંત જરૂરી છે અને એના કારણે કોઇ નુકસાન છે નહિ અને આગળના વક્તાઓએ જે વાત કરી એને હું સમર્થન આપું છું

જ્યારે પણ રાજ્ય સરકાર દ્વારા જે કોઇ પ્રકાશનો બહાર પડે તો એમાં પણ આનો જ આગ્રહ રાખવામાં આવે અને ગુજરાતી ભાષામાં જ આ થાય. કારણ કે ભાષા જે છે એ બાળક જન્મે એ સ્કૂલમાં જાય કે ન જાય, એને શીખવવામાં આવે ન આવે છતાંય એ પોતાની માતૃભાષા એ આપમેળે જ શીખી જતો હોય છે અને દુનિયામાં જે જે દેશની અંદર જે ભાષા હોય ત્યાંની ભાષા બાળક જન્મ્યા પછી પ્રથમ શીખી જતા હોય છે એ માતૃભાષા જ શીખતા હોય છે. અને એ દૃષ્ટિએ પણ આપણી જે માતૃભાષા છે એનો આગ્રહ રાખવામાં આવે તો ખોટું નથી અને માનનીય સભ્યશ્રી શંભુજી જે બિલ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને આ જોડણીકોશ સ્વીકારાય અને આ બિલથી ફાયદો જ થવાનો છે અને કોઇ નુકસાન થવાનું નથી, વિચારોની દૃષ્ટિએ, સમાજમાં ફેલાતી અંધાધૂંધીને દૂર કરવા માટે અને બહુ સચોટ એનો ખ્યાલ આવી શકે, બીજી ભાષાઓમાં લખવાથી અર્થઘટનોમાં ઘણી વખત ફેરફાર થતો હોય છે અને એનાથી ઘણું નુકશાન થતું હોય છે એ ટાળવા માટે પણ આ જરૂરી છે અસ્તુ.

શ્રી રમણલાલ વોરા ( યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહના સદસ્ય માનનીય શંભુજીભાઇ ઠાકોર જે વિધેયક લઇને આવ્યા છે તેમાં આદરણીય શ્રી માનસિંહભાઇ, ભારતીબેન, વર્ષાબેન, દેવુસિંહજી, પ્રોફેસર હીરાભાઇ આ બધા લોકોએ પોતાના સારા વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વ્યકિત મળે તેના કરતાં પણ કંઇક લેખિત કરે તો કાયમ એ ચિરંજીવ રહેતું હોય છે. મનોજ ખંડેરિયાના શબ્દોમાં કહું તો **મને સદ્દભાગ્યે કે શબ્દો મળ્યા તારે નગર જવા, ચરણ લઇ**

**દોડવા બેસુ તો વર્ષોના વર્ષો લાગે**. આ ગુજરાતી ભાષાનો એક અમૂલ્ય વારસો અમારા આ ગૃહના તમામ વિદ્વાન સભ્યોએ કહ્યું છે. ૧૯૬૦થી જયારે ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારથી આપણે રાજભાષા તરીકે ગુજરાતી અને હિંદીનો સ્વીકાર કર્યો છે. યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગમાં આ વિભાગને તેમાં મૂકવામાં આવેલો છે. અને એટલા માટે જેમ હમણાં કહેવાયું તે પ્રમાણે જોડણી હોય, શબ્દો હોય, મુહાવરા હોય આ બધી જ બાબતોનો યોગ્ય સમયે જો ઉપયોગ થાય તો એ કામમાં લાગે છે. અને એટલા માટે રાજય સરકારની અંદર અનેક શબ્દકોષો, માર્ગદર્શિકાઓ, લઘુકોષ, શબ્દ સંચય આ પ્રકારના બધા જ સાહિત્યો પ્રકાશિત કરીને જે તે જગ્યાએ પહોંચાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કવિ દલપતરામે જયારે આપણે મહારાષ્ટ્ર સાથે હતા અને તે વખતે તેમની લાગણી એવી હતી કે અમે ગુજરાતમાં છીએ તો અમારી ભાષા ગુજરાતી જ હોવી જોઇએ. અને તે વખતે શબ્દ પ્રયોગ એવો કર્યો હતો કે **રૂડી ગુજરાતી વાણી, શાણી રાણીનો હું વકીલ છું.** અને આ દલપતરામના શબ્દો પછી રાજભાષા મરાઠીને બદલે ગુજરાતી ભાષા અમલી બની હતી. આદરણીય માનસિંહભાઇએ કહ્યું એ પ્રમાણે આપણે ત્યાં જે બીજા રાજયોથી અધિકારીઓ આવતા હોય છે. આઇ.એ.એસ.અધિકારી હોય, આઇ.એફ.એસ.અધિકારી હોય, આઇ.પી.એસ.અધિકારી હોય તો આ બધાજ અધિકારીઓ જયારે બીજા રાજયમાંથી આવતાં હોય ત્યારે તેમને ફરજિયાત ગુજરાતી ભાષા શીખવી પડે છે. તેના માટેની તાલીમ લેવી પડે છે અને તેના માટેની પરીક્ષા પાસ કરવી પડે છે. આ કરવા પાછળનો આશય જેમ તેમણે કહ્યું તે પ્રમાણે કોઇપણ સ્તરે, કોઇપણ નાગરિક જયારે મળે ત્યારે તેમની ભાષા અધિકારીઓ સમજી શકે અને સમજયા પછી તેનો ઉકેલ કરવાની દિશામાં તે આગળ વધી શકે એટલા માટે રાજય સરકારે આ વ્યવસ્થા કરી છે.

ગુજરાતી ભાષા પરિચય,ગુજરાતી ભાષાની જોડણી, નિયમો અને શબ્દાવલી, ભાષા વિવેક, વ્યવહારોપયોગી ગુજરાતી શબ્દકોષ, આ બધી જ બાબતો આ રાજય સરકારે કરી છે. જેમ અગાઉ કહ્યું તે પ્રમાણે કોઇ આમંત્રણ પત્રિકા છાપવી હોય તો એ વખતે પણ આ જ બધા શબ્દોને ધ્યાનમાં રાખીને એમાં કયાંય પણ ચૂક ના થાય તેના માટેની રાજય સરકાર કાળજી લે છે. આ માટેના તાલુકા મથકે, જિલ્લા મથકે પ્રદર્શનો ગોઠવવામાં આવે છે. ભાષા નિયામકની કચેરી તરફથી આ અંગેના સાહિત્ય જે પ્રકાશિત થાય છે, પુસ્તકો છપાય છે, સીડી થાય છે અને તમામ જગ્યાએ તે મોકલવામાં આવે છે. આ બધા પાછળનો મૂળ આશય આપણે બધા ગુજરાતી છીએ અને ગુજરાતી એ આપણી માતૃભાષા છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમ વર્ષાબેને કહ્યું એમ સમગ્ર વિશ્વમાં આપણે બીજા નંબરે છીએ, ત્યારે અંગ્રેજી તરફ ઝોક હોઇ શકે, આપણી રાષ્ટ્રીય ભાષા હિન્દી છે, તે પણ શીખીએ તેની સામે વાંધો નથી, પરંતુ આપણે જન્મ્યા છીએ એ ગુજરાતમાં આપણી ગુજરાતી ભાષા શુદ્ધ અને સાત્વિકતાથી આપણે બધા ઉપયોગ કરીએ, અને તે દિશામાં રાજય સરકાર પ્રયાસ કરી રહેલ છે, ત્યારે માનનીય સભ્યશ્રી શંભુજીની લાગણી અને ભાવના છે તે ભાવનાને ચરિતાર્થ કરવા માટે રાજય સરકાર પ્રયત્નો કરી રહી છે ત્યારે તેઓ એમનું બિલ પાછું ખેંચી લેશે તેવી માનનીય સભ્યશ્રીને હું વિનંતી કરૂં છું.

શ્રી શંભુજી ચે. ઠાકોર : મારા આ બિલ ઉપર આ સભાગૃહના જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેમના પ્રત્યે હું આભારની લાગણી વ્યકત કરૂં છું, અને હં પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૩નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક પાછું ખેંચવાની હું સભાગૃહ પાસે પરવાનગી માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૩નું જાહેર સંસ્થાઓએ ગુજરાતી જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયક હું સભાગૃહની પરવાનગીથી પાછું ખેંચું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

**બિન સરકારી વિધેયક**

સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૧૦.
સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૧૦-સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) ઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રમત ગમત પ્રાધિકરણ, રમત ગમતને ઉત્તેજન આપવાના કાર્યક્રમો ઘડવામાં આવે છે અને તેના અનુસંધાને આ સભાગૃહ સમક્ષ મારા કેટલાક સૂચનો રજૂ કરવા માગું છું. આ સભાગૃહમાં પૂર્વ ક્રિકેટના ખેલાડી અને માનનીય સભ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલ ૨૦૧૧માં આ વિધેયક લઇને આવ્યા હતા, અને એમના વિધેયકમાં રમત ગમત ક્ષેત્રે, રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે એક રમત ગમત નીતિ નકકી કરવામાં આવેલ અને એ નીતિમાં આ વિધેયક દ્વારા રમતવીરો વૈજ્ઞાનિક રીતે તાલીમબદ્ધ થાય તે માટે રમતવીરોને પ્રોત્સાહન પૂરૂં પાડવું, મહિલાઓ, આદિવાસી, ગ્રામ્ય પ્રજાની રમતગમતમાં ભાગીદારી વધારવી, રમતગમતને ઉત્તેજન આપવા કોર્પોરેટ ક્ષેત્રોને સામેલ કરવા, અને જાહેર ક્ષેત્રે રમતગમત ક્ષેત્રે ચેતના ઉભી કરવી, આવી તમામ બાબતો આવરી લઇ રમતગમત નીતિની જાહેરાત કરવી અત્યંત જરૂરી છે. જેથી હું રાજય સરકારને વિનંતી કરૂં છું કે રમત ગમત ક્ષેત્રને આવરી લેતી અને રમતવીરોનો સર્વાંગી વિકાસ થાય અને તેનો લાભ સમાજના છેવાડાના યુવાનોને પણ મળે તેવી સર્વગ્રાહી રાજય રમત ગમતની નીતિ જાહેર કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારૂં બીજું સૂચન રમત ગમતના સંકૂલો બાંધવા માટેનું છે. રમત ગમત નીતિને આધારે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ તમામ કક્ષાએ રમત ગમતના સંકૂલો બાંધવા જોઇએ. રમત ગમત સંકૂલ બાંધવા માટે જમીનની જરૂર પડે, એ જમીનો પછી રસ્તા અને મકાન વિભાગની જરૂર પડે, અને આવા જોઇએ તો આપણે આ વિધેયકથી રમત ગમતને પૂરતી માળખાકીય સવલતો જેવી કે રમત ગમતના સંકૂલોના બાંધકામ દરેક જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ સમાનતાના ધોરણે, સમાનતાના ધોરણે એટલા માટે કે દરેક જિલ્લામાં જેમ અગાઉની સરકારોએ દરેક જિલ્લામાં આંબેડકર ભવન બાંધ્યા, અને આંબેડકર ભવનો દરેક જિલ્લામાં સમાનતાના ધોરણે બાંધ્યાં છે. એ રીતે દરેક જિલ્લા કક્ષાએ રમતગમત સંકુલો સમાનતાના ધોરણે બંધાય એ ખાસ જરૂરી છે. આજે જોઇએ તો અમરેલી,ગાંધીધામ, ગોધરા, હિંમતનગર, જુનાગઢ, લીમડી, નડિયાદ, પાટણ, રાજપીપળા અને સાપુતારા જિલ્લાઓમાં જ બંધાયેલા છે. તો બાકીના જિલ્લાઓમાં સત્વરે રમતગમત સંકુલ બાંધવા માટે બજેટમાં જોગવાઇ કરવી અને તેનું મોનિટરીંગ રમતગમત પ્રવાસ અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા થવું જોઇએ.

એ જ રીતે ગાંધીનગર, વલસાડ અને આણંદ જિલ્લાઓમાં ચોખ્ખા કબજા વગરની જમીનની ફાળવણી કરેલ છે, તો આ અંગે વિભાગે આ પ્રશ્નનું ઝડપથી નિરાકરણ થાય તે દિશામાં પ્રયત્ન કરવા જોઇએ. કબજા વગરની જમીનો માટે બજેટમાં જોગવાઇ લઇને આવ્યા છે પરંતુ જમીનના ટાઇટલ પણ આપણી પાસે નથી તેથી એ જમીનના ટાઇટલ આ રાષ્ટ્રીય નીતિ સાથે જોડીને તથા તમામ વિભાગોને સાથે લઇને કલીયર ટાઇટલવાળી જમીન થાય તથા એક સરખું બાંધકામ થાય અને એ પણ શાળા કોલેજોની નજીકમાં બાંધકામ થાય એ ખાસ જરૂરી છે. અમુક જિલ્લામાં રમતગમત સંકુલો એવી જગ્યાએ બાંધવામાં આવ્યા છે કે જયાં રમતગમત વીરો જઇ શકતાં નથી કે ભાગ લઇ શકતાં નથી.

ત્રીજો પ્રશ્ન રમતગમતના સાધનો ખરીદવા બાબતનો છે. આ રમત નીતિની વાત કરીએ ત્યારે સામાન્ય રીતે રમતો શાળા કક્ષાએ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શાળા કે શાળા કે કોલેજોમાં રમાતી હોય છે ત્યારે અને રમતવીરોને પ્રોત્સાહન આપવાની વાત હોય ત્યારે પ્રાથમિક શિક્ષણ જિલ્લા પંચાયત હસ્તક છે ત્યારે જિલ્લા પંચાયતના બજેટોમાં ગુજરાતી શાળાઓમાં વાર્ષિક રમતોત્સવ થાય તેમાં બજેટની પૂરી જોગવાઇ કરવામાં આવતી નથી એટલે આ અંતર્ગત જિલ્લા પંચાયતોને પણ આવા વાર્ષિક ઉત્સવ કરવા માટે રમતગમત ક્ષેત્રે રકમની જોગવાઇ કરવી જોઇએ.

સ્પોર્ટસ કવોટામાં રમતવીરો માટે રેલવે એરપોર્ટ ઓથોરિટી, ઇન્કમટેકસ, વગેરેમાં સ્પોર્ટસ કવોટાની જગ્યાઓ રાખેલી છે એ રીતે ગુજરાતના બોર્ડ કોર્પોરેશન,નિગમોમાં પણ રમતવીરો માટે અનામતની જોગવાઇ કરવી જોઇએ. રમતગમતના સંકુલો માટે છાત્રાલય, માટે આપણે જે જગ્યાએ ગ્રાઉન્ડ બનાવીએ છીએ એની નજીક આવી હોસ્ટેલો બાંધવી જોઇએ. દલિત આદિવાસી છોકરાઓને કવોટા પ્રમાણે એડમિશન આપવું જોઇએ અને આ હોસ્ટેલોની જાળવણી પણ સમાજ કલ્યાણ મારફતે કે રમતગમત વિભાગ મારફતે થાય એ સાથે મારુ આ સૂચન રજૂ કરૂં છું.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય સભ્યશ્રી મણીલાલભાઇ વાઘેલાએ સન ૨૦૧૩નું રમતવીર પ્રોત્સાહન વિધેયક રજૂ કર્યું છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય સભ્યશ્રીએ રમતવીરો માટે રાજયમાં હોસ્ટેલની સુવિધા સ્કોલરશીપ, નાણાકીય સહાય, એવોર્ડ, નોકરી આદિ બાબતો અંગે જોગવાઇ કરવા અંગેના નિયમો બનાવવા અંગેનું વિધેયક રજૂ કર્યું છે ત્યારે એમને જણાવવા માગું છું કે આ રાજય સરકાર ગુજરાત રાજય બન્યા પછી પહેલી વખત છેલ્લા દસ વર્ષની અંદર સમૃદ્ધ ગુજરાત તંદુરસ્ત ગુજરાતની દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે અને જેના અનુસંધાને જોઇએ તો છેલ્લા ચાર વર્ષથી ગુજરાતની અંદર ખેલમહાકુંભ થાય સ્પેશ્યલ મહા ઑલમ્પિક થાય, ૨૫-૨૫ લાખ લોકો એની અંદર જુદી જુદી રમતોની અંદર ભાગ લે, પહેલા કયારેય કોઇ રમતવીરને પૂછતું નહોતું, શાળા કક્ષાએ શહેર કક્ષાએ, જિલ્લા કક્ષાએ કે રાજય કક્ષાએ કોઇ રમ્યું હોય તો એ રમતવીરની કોઇ કદર એ શહેર કે રાજયમાં થતી નહોતી. એ છેલ્લા દસકામાં થવા માંડી. એમણે આ વિધેયકમાં રાજય સરકાર દ્વારા સ્પોર્ટસ હોસ્ટેલની રચના કરવા જણાવ્યું છે ત્યારે નડિયાદ, પોરબંદર, ભાવનગર ખાતે સ્પોર્ટસ હોસ્ટેલો છેલ્લા ઘણા સમયથી ચાલુ છે. ગોધરા, દેવગઢબારિયા ખાતે સ્પોર્ટસ હોસ્ટેલ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. એટલું જ નહીં, રાજયમાં ખેલની પ્રવૃત્તિઓને યોગ્ય ઉત્તેજન મળે તેના માટે સરદાર વલ્લભભાઇ પટેલ ખેલ સંકૂલ યોજના અને જિલ્લે જિલ્લે જિલ્લા ખેલ સંકૂલો ઉભા કરવાની કામગીરી આ રાજય સરકારે હાથ ધરી છે. અમદાવાદ-મણિનગર ખાતે આવેલ ખોખરા-મહેમદાવાદ ખાતે વિશ્વ કક્ષાની સુવિધા ધરાવતું રાજયનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ જયાં લોકો પૈસા ખર્ચીને જઇ શકે એવી જગ્યાએ નહીં પણ ગરીબ અને મધ્યમ વર્ગના વિસ્તારમાં આવું સંકૂલ એ આદરણીય નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે ખુલ્લું મૂકાયેલું છે, જે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલું છે. વિશ્વ કક્ષાની સુવિધાઓમાં રમતો માટે તૈયાર કરવા માટે જોગવાઇ કરેલ છે તે બદલ સરકારને મારા ખૂબ ખૂબ અભિનંદન છે. અમરેલી, આણંદ, નડિયાદ, હિંમતનગર, પાટણ, ગાંધીધામ, જુનાગઢ, ભાવનગર, રાજકોટ અને પોરબંદર ખાતે પણ આવા ખેલ સંકૂલો ઉભા કરવાની કામગીરી હાલમાં પૂરઝડપે ચાલુ છે. ખેલ સુવિધા ઉભી કરવાની આવી જબરજસ્ત કામગીરી સરકાર કરતી હોય ત્યારે રમતવીરો માટે સ્વાભાવિકપણે આનુષાંગિક સેવાઓ મળી રહે છે. જયાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચ દ્વારા તેઓને પ્રશિક્ષણ અને સુવિધાઓ પણ ઉપલબ્ધ થાય છે. આશાસ્પદ ખેલાડીઓની જયારે વાત કરીએ ત્યારે તેમને શિષ્યવૃત્તિ આપવાની પણ યોજના છે અને તેઓને એવોર્ડ પણ અપાતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી મણીભાઇએ રજૂ કરેલ વિધેયકની સર્વે જોગવાઇઓ અંગે સરકારે પણ જોગવાઇઓ કરેલ છે આથી આ બિલની આ તબક્કે કોઇ જરૂરિયાત રહેતી નથી, જેથી માનનીય સભ્યશ્રી મણીભાઇને આ બિલ પાછું ખેંચી લેવા માટે આ સભાગૃહ વતી હું અનુરોધ કરૂં છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલા રમતવીર પ્રોત્સાહન વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને ફિલ્મ કલાકાર સ્વ. રાજકુમારનો એક ડાયલોગ યાદ આવે છે. ‘‘હારા વો નહીં, જો કભી જીતા નહીં, હારા વો હૈ જો કભી ખેલા નહીં.’’

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેટને બબ્બે વખત રિપ્રેઝન્ટ કર્યું છે. મને એ પાછલા ૫૦ વર્ષો બરાબર યાદ છે. એ પાછલા ૫૦ વર્ષોમાં મારે નથી જવું, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વિભાગ જયારથી હાથમાં લીધો છે અને એ કેમ લીધો? ગુજરાતના સુપ્રસિદ્ધ પરમવંદનીય સ્વ. ડોંગરેજી મહારાજ સાચું કહી ગયા. ‘‘તંદુરસ્તીની રક્ષા કરે છે કેળવણી, કેળવણી હશે જયાં તંદુરસ્તી હશે ત્યાં.’’

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જયંતિ આજે ઉજવી રહ્યા છીએ ત્યારે એમના પણ વાકય છે કે ‘‘બે હાથ જોડીને ઉભેલું બાળક મંદિરમાં હોય એના કરતા રમતના મેદાન પર એ બાળક મને જોવું વધારે પસંદ છે.’’

માનનીય અધ્યક્ષશ્રી, ઘણું બધું લખાયું છે. આ વિભાગ માટે એવું પણ લખાયું છે કે હાંસિયામાં ધકેલાઇ ગયેલો વિભાગ. જયારથી મુખ્યમંત્રીશ્રીએ એનો ચાર્જ લીધો છે ત્યારથી આ વિભાગને સમાજના મુખ્ય પ્રવાહમાં પ્રતિષ્ઠા કેવી રીતે મળે તેવા તમામ પ્રયાસો કર્યા છે. તેમનો એક મંત્ર રહ્યો છે કે, સાઉન્ડ માઇન્ડ ઇન ધ સાઉન્ડ બોડી. મજબૂત શરીરમાં મજબૂત મન વસે છે. એ માટે જ ગ્રામ્ય કક્ષાએ વનવાસી ક્ષેત્રે, શહેરી ક્ષેત્રે સ્પાર્ટા અને એથેન્સ જેવી રમત સંસ્કૃતિ ઉભી કરવા આ સરકાર કૃતનિશ્ચયી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષથી ખેલ મહાકુંભનું આયોજન થાય છે. ગ્રામ્ય કક્ષાએથી લઇને શહેરી કક્ષા સુધી, સ્કૂલોથી લઇને કોલેજ સુધી દરેક એઇઝ ગ્રૃપ પ્રમાણે રમત રમાય છે. સિનિયર સિટિઝન માટે અને વિકલાંગો માટે આ રમતનોનું આયોજન કર્યું છે. આ વર્ષે ૨૫ લાખ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો છે અને એના કારણે ખેલ મહાકુંભે ગુજરાતના રમતગમત ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા અપાવી છે. આ ખેલ મહાકુંભને લીધે આપણા ખેલાડીઓ નેશનલ રિપ્રેઝન્ટ કરતા થયા છે. એક લાખ રમતવીરોએ સ્પેશિયલી એબેલ્ટ સ્પોર્ટસ કોમ્પિટીશનમાં આ વર્ષે ભાગ લીધો છે અને મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે, આ વર્ષે વિજેતા ખેલાડીઓને ૨૫ કરોડ રૂપિયાના ખેલ પુરસ્કારો અપાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ કહેવું છે કે, જ્યારે એમણે અનુદાનની વાત કરી, આ વર્ષે બજેટમાં જોગવાઇ કરી છે. રમતગમત મંડળોને અનુદાન, વ્યાયામ શાળાઓને અનુદાન, રમતવીરોને શિષ્યવૃત્તિ પણ આપવાની જોગવાઇ કરી છે. જુદા જુદા કોચીંગ કાર્યક્રમો માટે આ વર્ષે જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત સ્પોર્ટસ્ યુનિવર્સિટીની સ્થાપના થઇ. આ યુનિવર્સિટીની અંદર જુદા જુદા કોર્સ ચલાવવામાં આવે છે. આ વર્ષના બજેટની અંદર સ્પોર્ટસ્ યુનિવર્સિટી માટે દસ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને આ જોગવાઇથી માનનીય સભ્યશ્રીને જણાવું કે, બધા જિલ્લાઓમાં સ્પોર્ટસ્ સ્કૂલો ખોલવાની છે અને તેમાં જીમ બનાવવાના છે. ટેલેન્ટ ધરાવતા વિદ્યાર્થીઓ અને યુવાનો પોતાની પસંદગીની રમત શીખી રહ્યા છે. તે કોચની તાલીમ લઇ રહ્યા છે, તેઓ સ્પોર્ટસ્ કિટ્સ મેળવશે, રહેવાની વ્યવસ્થા થશે, સૌથી અગત્યનું રમતાં રમતાં પોતાનું શિક્ષણ ન બગડે શિક્ષણના કલાસની આની સાથે જોગવાઇ કરવામાં આવી છે. તમામ ક્ષેત્રમાં મારે એ પણ કહેવું છે કે, હું આ સ્પોર્ટસમાં રમેલો છું. આ સ્પોર્ટસમાં રહેલા તમામ ખેલાડીઓ પોતાની કેરીયર બનાવી શકે છે. વ્યાયામ ટીચર બની શકે છે, ક્યાંક કોચ બની શકે છે, ક્યાંક એમ્પાયરીંગ કરી શકે છે, ક્યાંક ટેકનિકલ સપોર્ટ આપી શકે છે. આજે ક્રિકેટની વાત કરૂં તો, પીચ કયુરેટર હોય, ગ્રાઉન્ડ મેન હોય, વિડિયો એનાલિસીસ હોય, સ્પોર્ટસ ફિઝિયોથેરાપીસ્ટ હોય, આવા તમામ ક્ષેત્રે ખેલાડીઓ પોતાની કારકીર્દિ બનાવી શકતા હોય છે. આ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ સ્પોર્ટસ વિભાગને જેટલો ન્યાય આપ્યો છે એટલો આગળના ૫૦ વર્ષની અંદર અપયો નથી. હું માનનીય સભ્યશ્રીના વિચારો સાથે સંમત થતો નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મણીલાલ ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક ૨૦૧૩ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું અને રાજય સરકારે આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામગીરી કરી છે એ આ સન્માનનીય સભાગૃહના ધ્યાને

મૂકવા માગું છું. રાજયમાં હાલમાં રમતગમત ક્ષેત્રમાં અનેક પ્રવૃતિઓ આખા વર્ષ દરમિયાન ચાલતી રહે છે. એ જ રીતે રાજયમાં કામગીરી થઇ છે. આજે જોઇએ તો બાળકો માટે બાળ કલ્યાણ રમતોત્સવ, શાળાઓ માટે શાળાકીય રમતોત્સવ, ગ્રામ્ય કક્ષાએ ગ્રામીણ રમતોત્સવ, મહિલાઓ માટે મહિલા રમતોત્સવ, વિકલાંગો માટે સ્પેશિયલ ઓલિમ્પિક જેવી જુદી જુદી ખેલ પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમિયાન આપણા રાજ્યામાં ચાલે છે. ઉપરાંત જુડો, જિમ્નાસ્ટીક માટે સ્પર્ધાઓ યોજાય છે. વિનુ માંકડ અને સી.કે. નાયડુ ટ્રોફી માટે સ્પર્ધા યોજાય છે. સુબ્રતો મુખરજી ફૂટબોલ સ્પર્ધા યોજાય છે. હોકી માટે જવાહરલાલ નહેરુ હોકી કપ સ્પર્ધા યોજાય છે. રાજયના યુવક યુવતીઓને સાહસિક પ્રવૃત્તિઓ તરફ અભિમુખ કરવા તેમનામાં પડેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને રમતગમત ક્ષેત્રનું કૌશલ્ય બતાવવા માટે આપણી રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. સન્માનનીય સભાગૃહમાં વાત થઇ, ખેલ મહાકુંભની. સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રની રચના કરીને છેક ગ્રામ્ય કક્ષા સુધી રમત ગમત ક્ષેત્રમાં પ્રોત્સાહન મળે એવું આયોજન આ રાજય સરકારે કર્યુ છે. જે રીતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા ખેલાડીઓને રાજયમાં રાજય રમતવીર એવોર્ડ, એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ, જયદિપસિંહજી એવોર્ડ, એકલવ્ય જૂનિયર એવોર્ડ, સરદાર પટેલ જૂનિયર એવોર્ડ આ રીતે લગભગ ૩૦હજારથી માંડીને એક લાખ સુધીના પુરસ્કારો, ધનની રાશિ આપણા રાજયની અંદર રમતવીરોને અપાય છે. રાષ્ટ્રીય સ્તરે ભાગ લીધેલ નિવૃત્ત રમતવીરોને માસિક આવક મર્યાદાને ધ્યાનમાં લઇને પ્રતિમાસ પેન્શન પણ અપાય છે. ગુજરાત એક એવું રાજય છે જયાં સર્વ પ્રકારની રમતોના સર્વક્ષેત્રે વિકાસ માટે કામ કરાઇ રહ્યું છે. આગામી વર્ષે રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગને રૂ ૩૦૦ કરોડ જેટલી રકમ બજેટમાં અપાઇ છે.

મારા વિસ્તારની અંદર પણ જે ટ્રાયબલ બેલ્ટ છે ઘોઘંબા તાલુકો એની બોરીયા પ્રાથમિક શાળા એમાં અભ્યાસ કરતી દીકરીઓએ રાષ્ટ્રીય કક્ષાએ કબડ્ડીમાં ભાગ લીધો અને આ દેશની અંદર શ્રેષ્ઠ દેખાવ આ ટીમે કરેલ છે અને એમના કાર્યક્રમમાં પણ જવાનું થયું હતું. રાજય સરકારે આ કામગીરી ખેલ મહાકુંભની શરૂઆત કરી એની વાત જયારે ટ્રાયબલ બેલ્ટમાં પણ એ વિદ્યાર્થીનીઓએ કરી ત્યારે આપણને લાગે કે આ રાજય સરકાર જે ચિંતા કરે છે એનો લાભ છેવાડાના વ્યકિતને ટ્રાયબલ બેલ્ટને પણ મળે છે. આદરણીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રકક્ષાએ અને રાજયકક્ષાએ પ્રથમ આવનાર ખેલાડીઓને ૪૮૦૦, દ્વિતીય ક્રમે આવનારને ૩૬૦૦ અને તૃતિય ક્રમે આવનારને ૨૪૦૦ લેખે રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં ૪૨૨૦ મહિલા ખેલાડીઓને રુ. ૧૮૫.૬૦ લાખ કરતા વધુ રકમના પુરસ્કાર આપી વિતરણ કરવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજયની ૨૩૦૮૧ કરતા પણ વધારે મહિલા ખેલાડીઓને જુડો અને કરાટેની તાલીમ આપવામાં આવેલ છે.

એજ રીતે ગ્રામીણ ઓલમ્પિકમાં ભાગ લેનાર ખેલાડીઓ ૫ વર્ષમાં કુલ ૨૭૪૭૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ અને એમને રોકડ પુરસ્કાર ૨૦ લાખ ૫૮ હજાર જેટલી માતબર રકમ આપવામાં આવેલ છે અને જયારે રાજય સરકાર આટલી સારી કામગીરી આ ક્ષેત્રમાં કરતી હોય ત્યારે હું વિચાર રજૂ કરૂં છું કે રાજય રમતવીર પ્રોત્સાહન બિન સરકારી વિધેયક અત્યારે અલગ રીતે દાખલ કરવાની કોઇ જરૂરિયાત જણાતી નથી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં મારા મિત્ર મણીભાઇ રમતવીર પ્રોત્સાહન ૨૦૧૩નું આ વિધેયક લાવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરુ છું. અત્યાર સુધી અન્ય ક્ષેત્રની બહુ વાત સાંભળી પણ રમતગમત ક્ષેત્ર અને એની ચિંતા કરતા અમારા મિત્ર જે વાત લાવ્યા છે એ ખરેખર ખૂબ સારી બાબત છે. ગુજરાત રમતગમત ક્ષેત્રે આમ જોવા જઇએ તો ખૂબ પાછળ છે. ગુજરાતથી બીજા નાના નાના રાજયો હરિયાણા, મણિપુર પંજાબ આ બધા રાજયોની અંદર આપણે જોયું હશે તો એ બધા ઘણા નાના છે પણ ત્યાં રમતગમત માટે ખૂબ ચિંતા કરવામાં આવે છે અને રમતગમતના જે ખેલાડી છે એ ખેલાડીને ત્યાં સારી રીતે પ્રોત્સાહન આપવામાં આવે છે. સારી તાલીમ આપવામાં આવે છે એ રમતો હોય તો એને કોઇ આર્થિક ચિંતા ન કરવી પડે એ માટે રાજય સરકાર એની સંપૂર્ણ જવાબદારી લઇ લેતી હોય છે જયારે ગુજરાતમાં એનો અભાવ છે. આમ જોવા જઇએ તો રમતગમતને આપણે વધારે પ્રોત્સાહિત કરવું હોય તો રમતગમતના જે ખેલાડીઓ કોણ તૈયાર કરે છે એ બાબતે વધારે ધ્યાન આપવું જોઇએ. આપને વાત કરૂં તો રમત ગમતના જે શિક્ષકો જે સંસ્થાઓની અંદર તૈયાર થાય છે એ સી.પી.એડ, બી.પી.એડ., બી.પી.ઇ., અને એમ.પી.ઇ. આવી અલગ અલગ પ્રકારની સંસ્થાઓ હોય છે. આજે પ્રાથમિકની અંદર અને હાઇસ્કૂલની અંદર સી.પી.એડ જે સંસ્થા હતી એ ધીરિધીરિ સરકારશ્રીની કંઇક સેલ્ફ ફાઇનાન્સ નીતિના કારણે આ સી.પી.એડ સંસ્થાઓ બંધ થઇ ગઇ છે.એના કારણે એવું થયું કે સ્કૂલ લેવલે જે રમતો રમાતી હતી અને જે રમતો રમવા માટે એના શિક્ષકો હતા એ શિક્ષકો આજે ખૂબ ઓછા થઇ ગયા છે. આડેધડ નીતિના કારણે જ્યાં ને ત્યાં સી.પી.એડ થઇ ગયા એના કારણે તૈયાર થતા શિક્ષકો હતા એમને નોકરી ન મળવાના કારણે એ સંસ્થાઓ ધીરે ધીરે બંધ થઇ ગઇ છે.

રમત–ગમતને વધારે પ્રોત્સાહન આપવું હોય, એને વિકાસલક્ષી કરવી હોય તો એમાં રમતાં ખેલાડીઓ હોય એમને પણ સારી એવી રકમ મળે, એની સંસ્થા હોય એને પણ સારૂં એવું પ્રોત્સાહન મળે એ જરૂરી છે. વધારે વાત ન કરતાં રમત ગમતમાં જે ખેલાડીઓ હોય છે એ ખેલાડીઓને તૈયાર કરવાનું કામ એના રાહબર એટલે કે કોચ આજે રમત ગમતની સ્પેશિયલ તાલીમ આપવાના બદલે વહીવટી કામ વધારે કરતા હોય છે. એના કારણે તેઓ સ્પેશિયલ તાલીમ આપી શકતા નથી. આજે ખેલ મહાકુંભ થકી રમતો રમાય છે અને ખૂબ સારી બાબત છે, પણ ખેલ મહાકુંભનો અર્થ શું? જે સ્કૂલમાં રમતો રમાય એ પછી તાલુકા કક્ષાએ રમાય, પછી જિલ્લા કક્ષાએ રમાય છે. જે રમતો રમાય છે એમાં જે રમતવીર હોય એને પ્રમાણપત્ર મળતું હોય છે અને એ પ્રમાણપત્રની કિંમત હોય છે. એને ક્યાંય કામ કરવું હોય, સારી નોકરી મેળવવી હોય તો એ એને કામ આવે. ખેલ મહાકુંભમાં જે રમતો રમાય છે એ રાજ્ય લેવલ સુધી રમાય છે પણ તેના પ્રમાણપત્રમાં ક્યાંય જોવા મળતું નથી કે આ ખેલાડીને નોકરી મેળવવામાં કામ લાગશે. એની કોઇ કિંમત આવતી નથી. એવી જ રીતે અત્યારે ખેલ મહાકુંભમાં જેટલો ખર્ચ કરવામાં આવે છે એની જગ્યાએ સ્કૂલ લેવલે વિદ્યાર્થીઓને જે રમતો રમાડવામાં આવે છે એના તરફ વધારે ખર્ચ કરવામાં આવે એ જરૂરી છે.

આજે દરેક જગ્યાએ જુદી જુદી રમતો રમાય છે. ગુજરાતમાં ક્રિકેટની વાત કરીએ તો ક્રિકેટમાં અત્યારે જે ખેલાડીઓ છે એ રાષ્ટ્ર લેવલે અને આંતરરાષ્ટ્રીય લેવલે રમતાં હોય એવા ખેલાડીઓ આપણે જોયા છે. રવિન્દ્ર જાડેજા, ચેતેશ્વર પુજારા, પઠાણ બંધુઓ છે એ રીતે ક્રિકેટની રમતને વધારે પ્રોત્સાહિત કરવી હોય તો આજે ગામડે ગામડે અંતરિયાળ વિસ્તારમાં અને શહેરોમાં પણ રમતો રમવા માટેના મેદાનો હોતા નથી. ક્રિકેટની રમત રમવી હોય તો ટર્ફ વિકેટ જોઇએ. સારૂં મેદાન જોઇએ. ટર્ફ વિકેટ કે સારૂં મેદાન ન હોવાના કારણે આજે જે ખેલાડીઓ છે એ ગલી–મહોલ્લામાં રમે છે અને ટેનિસ બોલથી રમે છે. ટેનિસ બોલથી રમતા ખેલાડીઓ કોઇ દિવસ આગળ આવી શકશે નહીં. એના માટે સ્પેશિયલ તાલીમ માટે મોટા મેદાનો જોઇએ. આજે જિલ્લા લેવલે જેમ સ્પોર્ટસ સ્કૂલો કરવાનો વિચાર છે એમ તાલુકા વિસ્તારમાં અને જે વિસ્તારમાં સારી રમતો રમાતી હોય એ વિસ્તારને પ્રોત્સાહન આપવું જોઇએ. દેવગઢબારિયા આદિવાસી વિસ્તાર છે અને ત્યાં તીરંદાજી સારી રીતે રમાય છે, એથ્લેટિક્સ સારી રીતે રમાય પણ હમણાં જ હું દેવગઢબારિયા ગયો હતો. ત્યાં જયદિપસિંહજી બારિયા સ્પોર્ટસ સંકુલ છે. જયદિપસિંહજી બારિયાનું રમત–ગમતમાં ખૂબ મોટું નામ છે. મેં જોયું કે ૪૦૦ મિટરનો સિંગલ ટ્રેક હતો એ ખાડા–ટેકરાવાળો અને ધૂળિયો ટ્રેક હતો. ખરેખર સિન્થેટિક ટ્રેક

હોવો જોઇએ. અત્યારે આધુનિક સ્પોર્ટસનો ખૂબ વિકાસ થઇ રહ્યો છે. નાની નાની રમતો પણ સ્પોર્ટસમાં ખૂબ આગળ છે ત્યારે આપણે પણ રમત–ગમતમાં ગુજરાતને વધારે આગળ લાવવું હોય તો વધુને વધુ ખર્ચ કરવો જોઇએ. આ વિષયમાં થોડું વધારે ધ્યાન રાખવું જોઇએ. ફક્ત ને ફક્ત શહેરો પૂરતી પ્રવૃત્તિ સિમિત ન રહે અને ગુજરાતના અંતરિયાળ અને પછાત વિસ્તારમાં પણ રમત–ગમત તરફ વધારે ધ્યાન અપાય, એના નિષ્ણાતો તૈયાર કરવામાં આવે, એમાં રમતા ખેલાડીઓને પણ માર્ગદર્શન આપે. સારા વિચારો લઇને મારા મિત્ર આવ્યા છે એને હું સમર્થન કરૂં છું.

શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના રમતવીરોને પ્રોત્સાહન આપવા માટેનું જે બિનસરકારી વિધેયક દાખલ કરાયું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગુજરાત રાજ્યની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકારે ગુજરાત રાજ્યના રમતવીરોને અનેક રીતે પ્રોત્સાહિત કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે, સમાજમાં રમતગમત એ સ્વભાવ ન હોય તો ખેલદિલીનો સ્વભાવ ક્યારેય ન આવે. ખેલદિલી ત્યારે જ આવે જ્યારે સમાજમાં એને પ્રાથમિકતા મળે. ખેલ મહાકુંભનું પર્વ આખે આખા ગુજરાતમાં વિસ્તરશે અને આખું ગુજરાત એ ખેલદિલીનું મેદાન બની જશે અને આ સાકાર થયું છે, જ્યારે ૨૭ લાખ યુવાનોએ ખેલ મહાકુંભમાં ભાગ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભ એ રાજ્યની પ્રવૃત્તિનું એક અંગ બની ગયું છે. ભારત દેશમાં કોઇપણ રાજ્યમાં કોઇપણ મુખ્યપ્રધાને રમતગમતના ક્ષેત્રમાં સમય ફાળવ્યો નથી પણ આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આની ચિંતા કરી છે. રમતગમતને માન, પ્રતિષ્ઠા આપી છે. આજે બાળકમાં ઓવર ઓલ ડેવલપમેન્ટમાં માનવાવાળા આપણા મુખ્યમંત્રીશ્રી એજ્યુકેશનની સાથે સાથે ખેલકૂદને પણ એટલું જ મહત્વ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં યુવાનો અને ખેલ એ એકબીજાના પર્યાય બની ગયા છે. **''રમવું એ જ જીતવું''** નું સાર્થક સૂત્ર એ આ સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. જેથી દરેક રમનારમાં જીતની ભાવના કેળવાય અને રમતમાં ભાગ લેવા પ્રેરાય તેવા પ્રયાસો કરાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ખેલ મહાકુંભમાં ૨૭ લાખ લોકોએ જ્યારે ભાગ લીધો છે એમાં મહિલા રમતવીરોની સંખ્યા ૭ લાખ હતી અને ૭૨ રેકોર્ડ જે બન્યાં છે તેમાંથી ૨૧ રેકોર્ડ મહિલા રમતવીરોએ કર્યા છે. રાજ્યમાં મહિલા રમતવીરોને પ્રોત્સાહન આપવા મહિલા દિનના દિવસે જે મહિલા રમતવીરોએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલ હોય અને વિજેતા ક્રમ હાંસલ કર્યો હોય તેવી મહિલા રમતવીરોને પ્રોત્સાહન, પુરસ્કાર આપવાનું આયોજન આ સરકારે કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં મહિલાઓને રમતમાં પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે મહિલા ચેસ મહોત્સવનું આયોજન કર્યુ હતું, જેમાં ઇન્ટરનેશનલ માસ્ટર મહિલા ચેસ ખેલાડી અને ગુજરાતનું ગૌરવ એવી કુ.ધ્યાની દવેએ એક સાથે ૧૫૦ મહિલા ખેલાડીઓ સાથે ચેસ રમીને એક વિક્રમ સ્થાપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, લીમકા બૂક ઓફ રેકોર્ડમાં આની નોંધ લેવામાં આવી છે. આમ, ચેસ ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ગુજરાતની યુવા તરવરાટવાળી મહિલા ખેલાડી અંકિતા રોયે આ વર્ષે ઇન્ટરનેશલ ક્ષેત્રે ફેડરેશન કપમાં સાનિયા મિર્ઝાની સ્થાને રાષ્ટ્રની મહિલા ટેનીસ ટીમની કપ્તાની હાંસલ કરી હતી. જૂનાગઢની મહિલા ખેલાડીઓ દ્વારા પણ વોલીબોલ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ ટ્રોફી જીતીને આવી છે. ચાલુ વર્ષના ખેલ મહાકુંભમાં શારીરિક રીતે પૂર્ણત: કે સક્ષમ ના હોય તેવા ખેલાડીઓને પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક સરકારે પૂરી પાડેલ છે. માનસિક રીતે પડકાર ધરાવતા ખેલાડીઓના કિસ્સામાં મહેસાણાની ખેલાડી કુ.માયા દેવીપૂજક દ્વારા સીઓલ, સાર્ક, કોરિયા ખાતેના સ્પેશ્યલ ગેમ્સમાં ભાગ લઇને ગુજરાતનું નામ રોશન કર્યુ છે. આમ રાજ્યના રમતવીરોને પ્રોત્સાહન આપવાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નવી સિદ્ધિઓ હાંસલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર રમતવીરોને પ્રોત્સાહન મળે એ માટે વધુ ઘનિષ્ઠ આયોજન અને ફાળવણી કરતી રહી છે. આ વર્ષના બજેટમાં રમતગમત વિભાગ માટે ગુજરાત સરકારે ૩૦૦ કરોડની

જોગવાઇ કરેલ છે. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી રાજ્યના યુવાનો અને યુવાધન બીજી પ્રવૃત્તિઓમાં ધકેલાઇ ન જાય અને રાજ્યના કાર્યમાં ઉપયોગી થાય એ માટે સતત ચિંતિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યે રમતવીરોને પ્રોત્સાહનનું બિલ અલગ રીતે લાવવાની કોઇ જરૂરિયાત જણાતી નથી અને તે પાછું ખેંચી લેવામાં આવે તેવી હું માનનીય સભ્યશ્રી મણીભાઇ વાઘેલાને વિનંતી કરૂં છું.

શ્રી રમણલાલ વોરા ( યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મણીભાઇ વાઘેલા જે વિધેયક લઇને આવ્યાં છે અને એમાં ભાઇશ્રી ભૂષણભાઇ, દુષ્યંતભાઇ, જયદ્રથસિંહજી, ભાઇશ્રી ગૌતમભાઇ, બહેનશ્રી મનીષાબેને પોતાના વિચારો વ્યકત કર્યા છે.

ભાઇશ્રી મણીભાઈની જે લાગણી છે યુવા મિત્રો માટે, રમતગમત માટે માત્ર એક વાક્યમાં મારે કહેવું હોય તો ૨૦૦૧ સુધી રમતગમત વિભાગ માટે કેવળ ૨૬ કરોડ રૂપિયાનું બજેટ હતું. આજે ૨૦૧૩–૧૪ માં ૩૪૯.૪૬ કરોડ રૂપિયા ૨૬ કરોડની સામે ૩૪૯.૪૬ કરોડ એટલે ૧૩ ગણો વધારો થયો અને એટલા માટે જ અગાઉ કહ્યું એ પ્રમાણે આખા દેશમાં રમતગમત માટે છેલ્લા એક દાયકામાં જો કોઇ સરકારે સિદ્ધિ હાંસલ કરી છે તો એ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે કરી છે.

આપણે બધા જાણીએ છીએ તેમ ખેલ મહાકુંભ સ્વર્ણિમ વર્ષથી ૨૦૧૦થી ચાલે છે. આ ખેલ મહાકુંભમાં અબાલ વૃદ્ધ, બાળકોથી માંડી સિનિયર સિટીઝનના ૭૫ વર્ષની ઉંમરના લોકો આ ખેલ મહાકુંભમાં ભાગ લે છે. અત્યાર સુધીમાં આ વખતે ૧૭ લાખ જેટલા લોકોએ ભાગ લીધો, ૧,૨૭૨ મેડલ એનાયત થયા અને ગયા વર્ષની સરખામણીમાં ૭૨ જેટલા નવા વિક્રમો આ વખતે સ્થપાયા. ભાઇશ્રી મણીભાઇની ચિંતા હતી કે, હોસ્ટેલો વિદ્યાર્થીઓ માટેની, તો નડીયાદ, ખેડા જિલ્લામાં એથ્લેટિક કુસ્તી, કબ્બડી અને રમત માટેની હોસ્ટેલ છે. ભાવનગર મુકામે હેન્ડ બોલ, બાસ્કેટ બોલની રમત માટે છે. પોરબંદર મુકામે ક્રિકેટ અને સ્પોર્ટસ હોસ્ટેલ કાર્યરત છે અને જે જે એના જરૂર પ્રમાણેના તમામ ખેલાડીઓમાં એને પૂરતી સુવિધા આપવામાં આવે છે. એ સાથે સાથે હોસ્ટેલમાં જે ખેલાડીઓ આવે, એ ખેલાડીઓને પ્રતિ માસ ૩૦૦/– રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. રાજય સરકારે આ ખેલાડીઓ માટેનો વીમો લીધો છે. ૫૦,૦૦૦/– રૂપિયાના વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે, એનું જે લવાજમ છે એ રાજય સરકાર પોતે ભોગવે છે અને પ્રતિ વર્ષે આ ખેલાડીઓને રૂપિયા ૩,૦૦૦/– એની સાથે એનો ગણવેશ, ટ્રેક સૂટ અને બાકીની બધી જરૂરિયાતો છે એ પૂરી કરવામાં આવે છે.

વિશેષ કરીને એમણે અનુસૂચિત જાતિ અને જનજાતિના બાળકોની વાત કરી, તો હોસ્ટેલમાં જયારે લેવાતાં હોય ત્યારે એની કસોટી લેવામાં આવે છે અને કસોટીમાં પાર ઉતર્યા પછી એને હોસ્ટેલમાં એડમિશન મળતું હોય છે. આ દલિત, પિડિત, શોષિત સમાજ માટેની કોઇપણ તાલીમ કે એના માટે કોઇ ટેસ્ટ લેવામાં આવતી નથી. જેટલા પણ વિદ્યાર્થીઓ આવે એ તમામને એમાં એડમિશન આપવામાં આવે છે. એ સાથે સાથે આ ખેલાડીઓને સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. રાજય કક્ષાએ મહિલા ખેલાડીઓ હોય એમને વાર્ષિક ૪,૮૦૦/– રૂપિયા પ્રથમ નંબરે હોય તો, દ્વિતિય નંબર હોય તો ૩,૬૦૦/– રૂપિયા અને તૃતિય ક્રમે ૨,૪૦૦/– રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવે છે. ૮ મી, માર્ચ એટલે મહિલા દિન અને આ દિવસની ઉજવણી પ્રસંગે આ તમામ મહિલાઓનું સન્માન કરી અને એમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ છે એટલે મારા મૂળ વિષય ઉપર આવું પણ માત્ર જાણકારી માટે કહું, ભાઇ શ્રી ગૌતમભાઇ કહેતા હતા કે, ભાઇ સ્કૂલથી શરૂ કરીએ ખેલ મહાકુંભ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે, આપને.

શ્રી રમણલાલ ઇ. વોરા : અમને તો બધું..

અધ્યક્ષશ્રી : તમારે ગમે તે હોય, મારે ૪૦ મિનિટમાં પૂરૂં કરવાનું છે. પાંચ મિનિટ કુલ તમને આપેલ હતી.

શ્રી રમણલાલ ઇ. વોરા : તો પેલા એમનું તો રહી જશે. (અંતરાય)રાષ્ટ્રીય કક્ષાએ એમને ૨,૫૦૦/– રૂપિયા શિષયવૃત્તિ આપવામાં આવે છે. પ્રતિભાશાળી ખેલાડીઓને વગર વ્યાજની લોન આ રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ખેલાડીઓ રમવા જતા હોય છે એને

આના પહેલાં ૨૦,૦૦૦/– રૂપિયા આપવામાં આવતાં હતા, આજે ૭૫,૦૦૦/– રૂપિયાની સહાય આ ખેલાડીઓને આપવામાં આવે છે. વિદેશમાં, આંતરરાષ્ટ્રીય સ્તરે જતા હોય એમના માટે એની મુસાફરી ખર્ચ તો એમાં ૫૦ ટકા, બાકીના ૫૦ ટકા એમ કુલ મળીને મેં કહ્યું એ પ્રમાણે ૭૫,૦૦૦/– રૂપિયા આપવામાં આવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૧,૦૦,૦૦૦/– રૂપિયાનો એકલવ્ય એવોર્ડ, ૫૦,૦૦૦/– રૂપિયાનો સરદાર પટેલ એવોર્ડ અને ૨૫,૦૦૦/– રૂપિયાનો જયદીપસિંહજી એવોર્ડથી એમનાં સન્માન કરવામાં આવે છે. તમામ જગ્યાએ સ્પોર્ટસ સંકુલો રાજ્ય સરકાર વારાફરતી કરી રહી છે. દેવગઢબારીયામાં પણ આ વર્ષના બજેટની અંદર એના ટ્રેક માટેનું રાજ્ય સરકારે આયોજન એમાં કર્યું છે.

ક્રિકેટના મેદાન વધારે બને એ અમારી અપેક્ષા છે. બધી જગ્યાએ મેદાનો નથી તે વાત સાચી, પણ મેદાનો અમે ખોદી કાઢ્યા એવું નથી. જ્યાં જ્યાં નથી થયા ત્યાં બધા જ પૂરતા કરીશું. આ વખતે દક્ષિણ કોરિયાની અંદર જે સ્પેશ્યલ ઓલમ્પિક રમાઇ, એમાં ગુજરાતના દેવીપૂજક સમાજની દીકરી કુ.માયા એ ગોલ્ડ મેડલ લઇને આવી છે અને દેવીપૂજક સમાજના મહેશ ચૌહાણ નામનો યુવક એ સિલ્વર મેડલ લઇને આવ્યો છે. તેમને બંનેને ૨–૨ લાખ રૂપિયા આપીને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું છે. અગાઉ કહ્યું તે પ્રમાણે રમત ગમત ક્ષેત્રમાં રાજ્ય સરકાર ખૂબ સારી કામગીરી કરી રહી છે, ત્યારે એમણે કહ્યા છે, પણ સમયના અભાવે બધી વાત કરી નથી. બધી વિગતો રાજ્ય સરકારે આવરી લીધી છે, એટલે એમને વિનંતી કરૂં કે આ બિલ પરત ખેંચે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ મારા સૂચનો છે, તે સૂચનો અંગે વાત સારી કરી, પણ જે મારી પાસે માહિતી છે તે મુજબ સરકાર રમતવીરો માટે બજેટમાં જોગવાઇ કરે છે તેનો પૂરેપૂરો અમલ થતો નથી અને માત્ર વાતો કરવાથી રમત રમાતી નથી, તેથી મારા બિલને પાછું ખેંચતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : વિધેયક નામંજૂર કરવામાં આવે છે.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૨ કલાકે પૂરૂં થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર તા.૮મી માર્ચ, ૨૦૧૩ ના રોજ સવારના ૮–૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૩**
**ફાલ્ગુન ૧૭, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ભાવનગર જિલ્લામાં વિધવા સહાય બંધ હોવા બાબત

* ૨૪૦૮ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે,

(૨) કેટલી વિધવા બહેનોને કેટલા સમયથી સહાય ચૂકવાયેલ નથી,

(૩) બાકી રહેતી સહાયની રકમ સરકાર ક્યારે ચૂકવવા માંગે છે, અને

(૪) બંધ થયેલ વિધવા સહાયના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૧ અને ૨૦૧૨માં બંધ થયેલ વિધવા સહાય |
|---|---|---|
| ૧ | ભાવનગર (શહેર) | ૪૨૫ |
| ૨ | ભાવનગર (ગ્રામ્ય) | ૨૨૯ |
| ૩ | ઘોઘા | ૦૪ |
| ૪ | શિહોર | ૩૭ |
| ૫ | વલ્લભીપુર | ૧૦ |
| ૬ | ઉમરાળા | ૧૨ |
| ૭ | મહુવા | ૧૦૮ |
| ૮ | તળાજા | ૧૦૬ |
| ૯ | પાલીતાણા | ૧૩૦ |
| ૧૦ | ગારીયાધાર | ૪૩ |
| ૧૧ | બોટાદ | ૩૦ |
| ૧૨ | ગઢડા | ૫૧ |
| | **કુલઃ** | **૧૧૮૫** |

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ તમામ લાભાર્થી વિધવા બહેનોને ડિસેમ્બર–૧૨ના માસ સુધીની સહાય ચૂકવેલ છે.

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) વિધવા સહાય બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. લાભાર્થીનો પુખ્ત વયનો પુત્ર થવાથી
૨. લાભાર્થીનું અવસાન થવાથી
૩. લાભાર્થી પુનઃલગ્ન કરતાં
૪. લાભાર્થીની આવક વધતાં
૫. ખોટી રીતે સહાય મેળવતા હોઈ
૬. રહેઠાણ છોડી જતાં હોવાથી

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલાદિન નિમિત્તે હું મારી તમામ બહેનોને શુભેચ્છા પાઠવું છું, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત લાભ મેળવવા માટેની પાત્રતા શું છે? તેમજ આ યોજના હેઠળ પુનઃ સ્થાપન તાલીમ અંગેનો લાભ કોને મળવાપાત્ર છે?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત લાભ મેળવવા માટેની જે પાત્રતા છે તેમાં અરજદાર મહિલા વિધવા હોવા જોઇએ, અરજદારની વય ૧૮ વરસથી વધુ હોવી જોઇએ, ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂપિયા ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂપિયા ૩૬,૦૦૦થી ઓછી હોવી જોઇએ, કોઇનું ઘરકામ કરતા હોય તો તેની આવક ગણવાની હોતી નથી. ૨૧ વરસથી વધુ ઉંમરનો પુત્ર ન હોવો જોઇએ. અપવાદરૂપ ૨૧ વરસથી વધુ વયનો પુત્ર હોય, પરંતુ માતાનું ભરણપોષણ કરી શકે તેમ ન હોય, સક્ષમ ન હોય, પાગલપન, શારીરિક અપંગતા, આજીવન કારાવાસ અથવા તેનું મૃત્યુ વિગેરે કિસ્સામાં તે મળવાપાત્ર થાય છે.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે આ નિરાધાર વિધવા આર્થિક સહાય યોજનામાં પહેલાંનું ધોરણ શું હતું અને હાલનું ધોરણ શું છે? બીજું એમાં કયા કયા દસ્તાવેજો રજૂ કરવાના રહે છે?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની નિરાધાર વિધવાઓની આર્થિક સહાયની યોજના ૧૯૮૦થી અમલમાં આવી અને ત્યારે સહાયનું ધોરણ માત્ર ૩૦ રૂપિયા હતું, પરંતુ તારીખ ૩૦–૫–૨૦૧૨ના ઠરાવ પ્રમાણે માસિક સહાય રૂપિયા ૭૫૦ અને તેના બે બાળકો હોય તો સો–સો એમ ૯૫૦ રૂપિયાની સહાય કરવામાં આવી, બે બાળકોની મર્યાદામાં બાળકદીઠ આ સહાય ચૂકવવામાં આવે છે. બીજું કયા કયા દસ્તાવેજની આવશ્યકતા છે તો એમાં અરજદારની ઉંમરનો દાખલો, પતિના અવસાનનું પ્રમાણપત્ર, એની આવકનો દાખલો, નિવાસનો દાખલો અને પુરાવો અને નિયત નમૂનામાં એફિડેવીટ કરેલું હોવું જરૂરી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આજે વિશ્વ મહિલા દિન છે બહેને પ્રશ્ન પુછ્યો છે અને બહેનશ્રી જવાબ આપે છે, વિધવા બહેનોનો પ્રશ્ન છે, મારી એટલી જ વિનંતી છે કે વિધવા બહેનોને આ દિવસે એક સરસ મેસેજ જાય એટલા માટે આપ એમાં કંઇક વધારો કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી : કેન્દ્ર સરકાર તરફથી માત્ર ૨૦૦ જ રૂપિયા આપવામાં આવે છે અને આ સરકારે નવો વિભાગ પણ શરૂ કર્યો અને સહાયની રકમ પણ વધારી છે વધારાની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર પાસેથી મેળવીને આપશે તો જરૂર આપીશું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : આજના વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા સભ્યોને અભિનંદનની સાથે સાથે આજની પ્રશ્નોત્તરીમાં મહિલાથી પ્રશ્નની શરૂઆત થઇ છે અને જવાબ આપનાર મંત્રીશ્રી પણ મહિલા છે અને તેના પેટાપ્રશ્નો પૂછનાર પણ મોટાભાગના મહિલા સભ્યો જ છે. એટલે ગુજરાતની અંદર વિધાનસભામાં જે મહિલા પ્રતિનિધિત્વ છે એ માનનીય મુખ્યમંત્રીશ્રીના કારણે છે એ આ સરકારની અંદર મહિલાઓના પ્રાધાન્યથી દેખાઇ રહ્યું છે. મારો પ્રશ્ન એટલો જ છે સહાયની ચૂકવણીમાં વિલંબના કારણો શું શું છે?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી : આ યોજના અંતર્ગત સહાયની જે ગ્રાન્ટની રકમ છે એ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમાજ સુરક્ષા ખાતાને ફાળવવામાં આવે છે વિભાગ તરફથી આ રકમ ગુજરાત રાજ્યની ગુજરાત જનરલ પોસ્ટ ઓફિસને ફાળવવામાં આવે છે, એ રકમ ત્યારબાદ જિલ્લા હેડ પોસ્ટ ઓફિસને ફાળવવામાં આવે છે અને તેઓ તાલુકા પોસ્ટ ઓફિસને ફાળવે છે અને તાલુકા કક્ષાની પોસ્ટ ઓફિસ દ્વારા આ રકમ જે તે લાભાર્થીના ખાતામાં જમા કરાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં વિલંબ થવાના કારણે સહાય મોડી મળતી હોય છે.

શ્રી અમિત અ. ચાવડા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વર્ષ–૨૦૧૨માં આ જે વિધવા બહેનોને સહાય તારીખ ૩૧ ડિસેમ્બર સુધીની ચૂકવાઇ છે એ ૨૦૧૨ના વર્ષમાં કયા કયા મહિનામાં રાજ્ય સરકારે જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ફાળવી છે?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી : જિલ્લા કક્ષાએ ફાળવેલ ગ્રાન્ટનું લિસ્ટ હું આપી દઇશ. બધા જિલ્લાનું લાંબુ લિસ્ટ છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા દિન નિમિત્તે અમારા ભાઇઓ તરફથી પણ બહેનોને શુભેચ્છા. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, મહિલા વિભાગ કયારથી અલગ કરવામાં આવ્યો ? અત્યારે જે વિધવા સહાય ચૂકવવામાં આવે છે તેમાં છેલ્લે કયારે વધારો કરવામાં આવ્યો ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીજી મુખ્યમંત્રી તરીકે બિરાજયા ત્યાર પછીથી સમગ્ર ગુજરાતની બહેનો સાથેના સદ્ભાવના અને મહિલા સશકિતકરણને ધ્યાનમાં રાખીને ૨૦૦૫થી આ વિભાગને જુદો કરવામાં આવ્યો અને પહેલા મંત્રી તરીકે આપણાં આનંદીબેનની નિમણૂક કરવામાં આવી. ઉત્તરોત્તર ત્યાર પછી મહિલાઓના સશકિતકરણ માટેની અનેક યોજનાઓ બહાર પાડવામાં આવી અને મેં કહ્યું તેમ ત્યારથી જ મહિલાઓને તાલીમ આપવાનું કામ અને સહાયમાં વધારો કરવામાં આવ્યો.

**જામનગર જિલ્લામાં ચેરનું વાવેતર કરવા બાબત**

* ૨૩૭૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) જામનગર જિલ્લામાં દરિયા કિનારે ચેરનું તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વાવેતર થયું, અને | (૧) | સને ૨૦૧૧માં | ૨૪૭૬.૦૦ હેકટર |
| | | સને ૨૦૧૨માં | ૧૭૨૩.૦૦ હેકટર |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) | સને ૨૦૧૧માં | રૂપિયા ૩૩૭.૫૬ લાખ |
| | | સને ૨૦૧૨માં | રૂપિયા ૩૦૯.૭૩ લાખ |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, જામનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કઇ કઇ યોજનામાં ચેરનું વાવેતર કેટલું થયેલ છે ? અને આ વાવેતરમાંથી જીવંત રોપાની ટકાવારી કેટલી છે ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, સને ૨૦૧૧ અને ૧૨ બે વર્ષમાં એકશન પ્લાન ફોર કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ ઓફ મેન્ગ્રોવ્સ ઇન ગલ્ફ ઓફ કચ્છ એક યોજના Gujarat Forestry Development Project બીજી યોજના Integrated Coastal Zone Management ત્રીજી યોજના રાષ્ટ્રીય ચક્રવાત આપદા નિવારણની ચોથી યોજના અને વન સંરક્ષણ ધારા અન્વયે કેમ્પા ફંડ આ પાંચ યોજનાઓ નીચે કુલ ૪ લાખ ૧ હજાર ૯૯ હેકટર વિસ્તારમાં ૭,૯૯,૦૫૯ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. અને તે પૈકી ૪ ,૭૯,૦૫૫ રોપાઓ જીવંત છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ રોપાઓ તૈયાર કરવામાં આવ્યા તે રોપા કેટલા મહિનાના હતા ? અને આ રોપા તૈયાર કરવામાં આવ્યાં તે કઇ નર્સરીમાં તૈયાર કરવામાં આવ્યાં ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેર એક એવી વનસ્પતિ છે કે જે માત્ર દરિયા કાંઠાના ખારા પાણીના વિસ્તારમાં જ થાય છે. ત્યાં બે પદ્ધતિથી વાવેતર કરવામાં આવે છે એક તો કયારી પદ્ધતિ અને બીજી નીક પદ્ધતિ. સીધી છોડની શીંગો લઇને એ શીંગો સીધી વાવવામાં આવે છે એ કયારી

પદ્ધતિથી વાવવામાં આવે છે અને નીક પદ્ધતિથી વાવવામાં આવે છે. મોટાભાગની આ શીંગો ઉગે છે અને તે પ્રકારનું ત્યાં વાવેતર કરવામાં આવે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ચેરના સંવર્ધન માટે સરકારશ્રી દ્વારા કયા કયા વિશિષ્ટ પગલાં ભરવામાં આવે છે ? અને બીજો પ્રશ્ન ચેરના વિસ્તારમાં તાજેતરમાં રાજયમાં કેટલો વધારો થયેલો છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ચેરને લાંબા સમયથી સંવર્ધિત કરવા માટેની રીતો જુદી જુદી અપનાવવામાં આવે છે. હાલ તેનું અસ્તિત્વ ધરાવતા વનોને આરક્ષણ પૂરૂં પાડવુ, ઉપજાવ વિસ્તારમાં ચેરનું વાવેતર કરવુ, લોકોને ચેરના નિદર્શન દ્વારા જાગૃતિ લાવવી અને ખાનગી કંપનીઓ દ્વારા સહભાગી વન વ્યવસ્થા હેઠળ રાજય સરકાર દ્વારા ૨૦૧૦માં સ્વર્ણિમ વર્ષના વન વિભાગ માટે ચેર સંરક્ષણ અને સંવર્ધનને એક સ્વર્ણિમ ધ્યેય ગોલ્ડન ગોલ તરીકે લેવામાં આવેલ. અને ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાના સને ૨૦૧૧ના રિપોર્ટ પ્રમાણે સમગ્ર દેશમાં ૨૩.૩૪ કિલોમીટરનો ચેરનો વિસ્તાર વધેલ. તે પૈકી ૧૨ કિલોમીટર માત્ર ગુજરાતમાં વધેલ છે. એટલે સમગ્ર દેશમાં ચેરના વાવેતરમાં ગુજરાતનો નંબર વન રહ્યો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, ચેરનું વાવેતર અમારા જિલ્લામાં દરિયા કિનારે મોટા પ્રમાણમાં છે. દુષ્કાળના સમયમાં ભૂતકાળમાં ખેડૂતો ચેરના પાંદડાથી પોતાના ઢોરને નભાવતા. ચાલુ વર્ષે દુષ્કાળ જેવી ભયંકર સ્થિતિ છે, ખેડૂતો અને માલધારીઓ પાસે તેમના ઢોરને ખવડાવવા માટે ઘાસ નથી, તેવા સંજોગોમાં જે લોકો ચેરના પાંદડા વડે પોતાના ઢોરને નીભાવવા માગતા હોય તેમને આવી મંજૂરી આપવા માગે છે કે નહીં?

શ્રી ગોવિંદભાઇ પટેલ : આ ચેરના ઝાડ છે તે દરિયા કાંઠા ઉપરની આરક્ષિત વનસ્પતિ છે, એ વિસ્તારમાં દરિયાની ખારાશ આગળ ન વધે અને દરિયાના પાણી આગળ ન વધે તેના માટે તેનો ઉપયોગ થાય છે. એટલે આ પ્રકારની છૂટ આપી શકાય નહીં.

**સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ પૂરક પોષણ આપવા બાબત**

* ૨૪૧૩ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિશોરી શક્તિયોજના હેઠળ કુલ કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે,

(૨) આ યોજના પાછળ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ યોજના હેઠળ પૂરક પોષણ આપવાનું બાકી હોય તે કયાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે.

| | **ગ્રામ્ય** | **શહેરી** | **કુલ** |
|---|---|---|---|
| ૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ | ૨૨૩૧૮ | ૨૦૧૨૭ | ૪૨૪૪૫ |
| ૩૧/૧૨/૨૦૧૨ની સ્થિતિએ | ૨૧૦૮૭ | ૨૧૭૩૬ | ૪૨૮૨૩ |

(૨) આ યોજના પાછળ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબ કુલ ખર્ચ કરવામાં આવ્યો

| | |
|---|---|
| તા. ૧/૧/૨૦૧૧ થી ૩૧/૧૨/૨૦૧૧ સુધી | રૂા. ૮.૬૫ કરોડ |
| તા. ૧/૧/૨૦૧૨ થી ૩૧/૧૨/૨૦૧૨ સુધી | રૂા. ૮.૩૫ કરોડ |
| કુલઃ | રૂા. ૧૭.૦૦ કરોડ |

(૩) પ્રશ્ન નથી. પૂરકપોષણ આપવા પાછળ લાભાર્થીને આંગણવાડી કેન્દ્ર પર લાભ આપવામાં આવે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આ યોજના હેઠળ કુલ કેટલી કિશોરીઓને પૂરક પોષણ યોજનાનો લાભ આપવામાં આવેલ છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તાલુકાવાર જોઇએ તો મહુવા તાલુકામાં ૩૫૩૩ કિશોરીઓ પાછળ ૭૦,૪૮,૩૩૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. માંડવી તાલુકામાં ૮૭૮૭ કિશોરીઓ પાછળ ૧ કરોડ ૭૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. માંગરોળ તાલુકામાં ૫૭૩૨ કિશોરીઓ પાછળ ૧ કરોડ ૧૪ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. બારડોલી તાલુકામાં ૬૭૬૪ કિશોરીઓ પાછળ ૧ કરોડ ૩૪ લાખ અને ૯૪ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. ઓલપાડ તાલુકામાં ૩૮૭૫ કિશોરીઓ પાછળ ૭૭૩૦૬૨૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. ચોર્યાસી તાલુકામાં ૫૩૪૮ કિશોરીઓ પાછળ ૧ કરોડ ૭ લાખ ૪૯ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. કામરેજ તાલુકામાં ૨૯૫૩ કિશોરીઓ પાછળ ૫૮,૯૧,૨૩૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. પલસાણા તાલુકામાં ૩૩૬૩ કિશોરીઓ પાછળ ૬૭,૦૯,૧૮૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિશ્વ મહિલા દિન નિમિત્તે તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કિશોરી શકિત યોજનાનો હેતુ શું છે અને કિશોરી દીઠ પોષણ આપવા માટેના ધોરણો શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આજની કિશોરી એ આવતી કાલની માતા છે, જો કિશોરી અવસ્થામાં કિશોરી શારીરિક અને આર્થિક રીતે સક્ષમ હશે તો ભાવિ જીવનમાં સશકત માતા અને સક્ષમ સ્ત્રી બની શકશે. અને લગ્ન જીવન પછી બાળકોનું સારી રીતે પોષણ અને સારું શિક્ષણ પણ આપી શકશે. અને એટલા માટે આ કિશોરી શકિત યોજના હેઠળ કિશોરીને પૂરક પોષણ પૂરૂં પાડવામાં આવે છે, આ ઉપરાંત કિશોરીને કૌશલ્યવર્ધક આર્થિક ઉપાર્જનની તાલીમ, જાતિય શિક્ષણ અંગેની જાગૃતિ, મહિલા કાયદાઓ, મહિલા ઉત્થાનની સરકારની યોજનાઓ વગેરેથી માહિતગાર કરવામાં આવે છે. એક કિશોરી પાછળ ૧ દિવસના ૫ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઇ કરેલી છે. પરંતુ રાજય સરકાર ૬ રૂપિયા અને ૬૫ પૈસાનો ખર્ચ કરે છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે રાજય સરકાર દ્ધારા સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજનામાં ન્યુટ્રીશન કમ્પાઉન્ડ પૂરક પોષણ આહાર તરીકે શું શું આપવામાં આવે છે અને તેમાં કેટલા પ્રમાણમાં પોષક તત્વો સમાયેલા હોય છે અને તે લાભ કિશોરીઓને કઇ રીતે આપવામાં આવે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ન્યુટ્રીશન કમ્પોનન્ટમાં સરકાર દ્ધારા ૧૧ વર્ષ થી ૧૮ વર્ષની કિશોરીઓને શીરો, સુખડી, ઉપમા પ્રી–મીકસના પેકેટ આપવામાં આવે છે. દર મહિને કિશોરીઓને સુખડી પ્રી–મીકસનું એક કિલોગ્રામનું પેકેટ, શીરા પ્રી–મીકસના ૫૦૦ ગ્રામના ત્રણ પેકેટ અને ઉપમા પ્રી–મીકસના ૫૦૦ ગ્રામના પેકેટસ આપવામાં આવે છે. સુખડી પ્રી–મીકસમાં ઘઉ, મગ,તેલ અને ગોળથી બને છે. જેમાં ૧૩૦ ગ્રામ દૈનિક પ્રમાણમાં ૧૮ થી ૨૦ ગ્રામ પ્રોટીન, ૬૦૦ કેલેરી, ૧૫ મિલીગ્રામ લોહ તત્વ, ૩૦૦ મિલીગ્રામ વિટામીન એ, ૫૦૦ મિલીગ્રામ કેલ્શિયમ, ૬૦ મિલીગ્રામ થયામીન, ૬૫ મિલીગ્રામ રીબોફલેવીંન, અને ૭ મિલીગ્રામ નીયાસીન ૨૦ મિલીગ્રામ વિટામીન સી અને ૧૦૦ મિલીગ્રામ ફોલિક એસિડ આપવામાં આવે છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે રોજના એક કિશોરીને ૬ રૂપિયાને ૬૫ પૈસાનું પૂરક પોષણ આપવામાં આવે છે. તો એક દિવસમાં એક કિશોરીને કેટલી કેલેરી જોઇએ અને ૬.૬૫ રૂપિયામાં કેટલી કેલેરી ખોરાક મળે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ રાજય સરકારે એક કિશોરી પાછળ પાંચ રૂપિયાનો ખર્ચ ઠરાવેલ છે. પરંતુ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી આ કિશોરી પાછળ ૬ રૂપિયા અને ૬૫ પૈસા

પૂરક પોષણ પાછળ ખર્ચે છે. એનાથી આગળ વધીએ તો માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે. એનો જવાબ દોઢ પાનાનો છે. તેથી માનનીય સભ્યશ્રીને હું આપી દઇશ.

અધ્યક્ષશ્રી : એનો જવાબ આપવો રહેવા દો.

શ્રી જસાભાઇ ભા. બારડ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૩૧-૧૨-૨૦૧૧ના ૪૨,૪૪૫ કુલ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ૮ કરોડ ૬૫ લાખની સહાય આપવામાં આવી, હવે ૩૧-૧૨-૨૦૧૨ના કુલ ૪૨,૮૨૩ ને ૮ કરોડ ૩૩ લાખની સહાય આપવામાં આવી તો આમાં તફાવત કેમ છે? ગામડાંની કિશોરી અને શહેરની કિશોરીને જે દર આપવામાં આવે છે એમાં કંઇ ફેરફાર છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : દર સરખો જ છે જેટલી પણ કિશોરી સુરત જિલ્લામાં નોંધાયેલી છે એ તમામ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવે છે.

**ગુજરાતમાં સિંહોની વસ્તી ગણતરી**

* ૨૩૬૮ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતમાં સિંહોની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી, | (૧) સને ૨૦૧૦માં. |
| (૨) ગણતરી મુજબ સિંહોની કેટલી સંખ્યા હતી, અને | (૨) અંદાજે ૪૧૧. |
| (૩) અગાઉની ગણતરી કરતાં સિંહોની સંખ્યામાં કેટલો વધારો થયેલ છે ? | (૩) અંદાજે ૫૨. |

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : ગુજરાત રાજયમાં આવેલ ગીર અભ્યારણ્ય જે દેશમાં વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી તરીકે પ્રવાસન સ્થળોમાં અગ્રિમ સ્થાન જયારે ધરાવે છે ત્યારે સિંહની ગણતરી કેટલા વરસને અંતરે અને કઇ કઇ ઋતુમાં કરવામાં આવે છે, છેલ્લે કરેલ ગણતરી મુજબ નર, માદા અને બચ્ચાની સંખ્યા અને જુદા જુદા અભ્યારણમાં તેની સંખ્યા કેટલી છે, બીટ વેરિફિકેશન પદ્ધતિ એટલે શું તેમજ ગણતરી દરમિયાન વન્ય પ્રાણી ગણતરીમાં પ્રાણી બેવડાય નહિ એના માટે શું પગલાં ભરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ગુજરાતનું એ ગૌરવ છે કે સમગ્ર એશિયાના સિંહ તરીકે ઓળખાતા સિંહ માત્રને માત્ર સૌરાષ્ટ્રમાં બચ્યા છે. એક વખત સમગ્ર એશિયામાં આ સિંહોની વસતિ હતી અને ક્રમશઃ આ સિંહો સૌરાષ્ટ્રમાં જ બચ્યા છે. બીજું સિંહની ગણતરી સામાન્ય રીતે દર પાંચ વરસે કરવામાં આવે છે. સિંહની ગણતરી ઉનાળાની સીઝનમાં એક જ દિવસ ૨૪ કલાકના સમયમાં અને પૂનમની રાત્રિ આવતી હોય એ દિવસે કરવામાં આવે છે. જયારે નદી નાળામાં પાણી ખૂટયા હોય અને માત્ર પાણીના સ્ત્રોત જંગલખાતાએ બનાવેલ હોય એને ધ્યાને રાખવામાં આવે છે અને ૨૪ કલાક એની પાછળ આખી ટીમ કાર્યરત હોય છે. છેલ્લે ૨૦૧૦-૧૧માં વસતિ ગણતરી કરી એમાં ૪૧૧ સિંહ અંદાજવામાં આવેલી છે. જેમાં નર ૯૭, માદા ૧૬૨ અને બચ્ચાં ૧૫૨. ગીર અભ્યારણ્યમાં આવેલ ૨૭૯, ગીરનાર અભયારણ્યમાં ૨૪, મીતીયાણામાં ૭, પાળીયામાં ૯, ઉના, કોડીનાર, સુત્રાપાડા અને છારામાં ૨૧. બીટ વેરીફીકેશન પદ્ધતિ છે, જે ગણતરી કરવામાં આવે એ પહેલાં તો એને ભક્ષણ મૂકવામાં આવતું અને ગણતરી કરવામાં આવતી. હવે બીટ વેરીફીકેશનમાં આ પ્રકારની કોઇ સિસ્ટમ રાખવામાં આવેલ નથી.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિવસે તમામ મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે તેના માટે ખૂબ ખૂબ આભાર. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વન્ય પ્રાણી મિત્ર યોજના શું છે અને બૃહદ ગીર વિસ્તારમાં આવેલ કેટલી પ્રાથમિક શાળાઓમાં ઇકો કલબની રચના કરવામાં આવેલ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વન્ય પ્રાણી મિત્ર યોજના એ જંગલની આજુબાજુ વસતા ગામડાંઓમાં જયાં વન્ય પ્રાણીઓ ઘૂસી જતા હોય છે અને એને રંજાડતા હોય છે, એવા સમયે આ પ્રાણીનો બચાવ થાય અને એ પ્રાણીને સુરક્ષિત જગ્યાએ પાછું મોકલવા માટે વન્ય પ્રાણી મિત્રની યોજના રાજય સરકાર તરફથી કરવામાં આવી છે કે જેથી આવા કોઇ પ્રાણીઓ જંગલની બહાર કોઇ ગામડાંમાં આવે

તો તેની જાણ જે તે બીટગાર્ડને કે ફોરેસ્ટ ઓફિસરને કરવામાં આવે છે અને વન્યપ્રાણી પાછું સુરક્ષિત જગ્યાએ પહોંચે છે. બૃહદ ગીર વિસ્તારમાં ૮૯૮ પ્રાથમિક શાળામાં ઇકો ક્લબની રચના કરવામાં આવેલી છે.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા વિસ્તારનો પ્રશ્ન છે. મારે એ જાણવું છે કે સિંહોની વસતિમાં બાવનનો વધારો બતાવે છે તેમાં મૃત્યુ કેટલાના થયા અને આ ગીરનું સુરિક્ષત અભયારણ્ય છે એ...

અધ્યક્ષશ્રી : આમાંથી કેટલા મૃત્યુ થયા એ કહો છો કે વર્ષમાં કુલ મૃત્યુ કેટલા થયા એ કહો છો?

શ્રી જસાભાઇ ભા. બારડ : આ કેટલા થયા અને દીપડાનો અત્યારે ત્રાસ થઇ રહ્યો છે, ૧૧૬ની નોટિસથી વનમંત્રીશ્રીને જાણ કરી. એક દીપડો ગાંડો થયો છે.

અધ્યક્ષશ્રી : આમાં સિંહનું પૂછો ને, દીપડાનું રહેવા દો.

શ્રી જસાભાઇ ભા. બારડ : દીપડાની વસતિ ગણતરી કરીને એને અભયારણ્યમાં મૂકવા માગો છો કે કેમ? હકીકતમાં ૧૫ બાળકોને ફાડી ખાધા. રોજ ફરિયાદ આવે છે સાહેબ, આ હકીકત છે એટલા માટે હું સિરીયસલી કહું છું. એક પણ દિવસ પેપરમાં આવ્યા વગરનો બાકી નથી.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિંહોની ઉંમર સામાન્ય રીતે જંગલમાં જે છૂટા ફરતા હોય છે એની ૧૨થી ૧૪ વર્ષની હોય છે અને જે સુરક્ષિત જગ્યાએ હોય છે એની ઉંમર લગભગ ૧૬ વર્ષની આજુબાજુમાં આયુષ્ય હોય છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૪૧૧ જેટલા સિંહો માટે બૃહદ ગીર વિસ્તારમાં કયા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે, એમાં શું કામગીરી થાય છે અને આ સિંહોને સુરક્ષિત કરવા માટે કેટલા કૂવાઓના પેરાપેટ બનાવવામાં આવ્યા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : મેં શરૂઆતમાં કહ્યું એ પ્રમાણે સિંહોની વસતિ આખા એશિયામાં હતી અને માત્ર સૌરાષ્ટ્રમાં બચી તેનું કારણ એ છે કે સૌરાષ્ટ્રમાં આજુબાજુના વિસ્તારમાં લોકોને રંજાડતા હોવા છતાં, જાન-માલનું ભક્ષણ કરતા હોવા છતાં, અનેક વખત હુમલાઓ કરતા હોવા છતાં ત્યાંના લોકોએ આ સિંહોને પોતાના જાણીને પાળ્યા છે, પોષ્યા છે તેના કારણે સિંહો બચ્યા છે.

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મંત્રીશ્રીએ કહ્યું કે આખા એશિયામાં સિંહો હતા. ક્યારેક એવું પણ બની શકે કે ઓચિંતો રોગચાળો ફાટે અને સિંહોના મૃત્યુ થઇ શકે એવું બને. તો કચ્છમાં બન્ની વિસ્તાર બહુ મોટો ઘાસિયો વિસ્તાર છે તો તેમાં ટ્રાન્સફર કરીને સિંહોને જો ત્યાં લઇ આવવામાં આવે તો આવું કરવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : બન્નીની ભેંસોને અહીં લઇ આવો ગીરમાં અને સિંહને ત્યાં લઇ જાવ એમ.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : આ રાજય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોના કારણે આ પ્રકારે રામપરા વીડીમાં તેનું સંવર્ધન કેન્દ્ર ઉભું કર્યું છે. ત્યાં ચાર સિંહો અને પાંચ સિંહણોને રાખ્યા છે અને એમાં પાંચ બચ્ચાનો જન્મ પણ થયો છે. ભવિષ્યમાં એવું લાગશે તો કરીશું અને બીજું એમનું સૂચન છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, સિંહોની પ્રજાતિઓ કઇ છે? ભારતમાં જોવા મળતા સિંહો ગીર સિવાય અન્ય ક્યા વિસ્તારમાં જોવા મળે છે? આ સિંહોનું ગીરમાં સંવર્ધન થવાના કારણો શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દુનિયામાં આફ્રિકન અને એશિયાટીક એમ બે પ્રકારની સિંહોની જાતિઓ છે. રાજ્યમાં ગીર સિવાય બીજે ક્યાંય સિંહો જોવા મળતા નથી. ભારતમાં ફક્ત ગીરમાં જ એશિયાટીક સિંહો જોવા મળે છે. ભારતમાં સ્થાનિક વાતાવરણ સિંહો માટે અનુકૂળ વાતાવરણ હોવા છતાં સ્થાનિક લોકો દ્વારા સિંહોને જીવવા માટે વાતાવરણ પૂરૂં પાડવામાં આવતું ન હોવાથી સિંહો બચ્યા નથી.

**નર્મદા જિલ્લાના પ્રતાપનગર-રાજુવાડીયા-નાવરા રોડને પહોળો કરવા બાબત**

* ૨૩૮૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના પ્રતાપનગર–રાજુવાડીયા–નાવરા રોડને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) રૂ।. ૬૮૫.૦૦ લાખનો ખર્ચ અંદાજેલ છે. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ઉત્તમ કામ ક્યારે શરૂ થયું છે, અત્યાર સુધીમાં કેટલો ખર્ચ થયો છે, એનું કામ ક્યારે પૂર્ણ થશે, આ રોડ પહોળો કરવાથી કયા ગામની કેટલી વસ્તીને લાભ થશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લો એ આદિવાસી જિલ્લો છે. આ જ વર્ષની અંદર રૂ.૪૭/– કરોડ જેટલી જંગી રકમ નર્મદા જિલ્લાના કામો માટે રાજ્ય સરકારે ફાળવી છે. તા.૧૧–૭–૧૨ના દિવસે આ રોડ બનાવવાની શરૂઆત થઇ. અગાઉ આ રોડ ૩.૭૫ મિટર જેટલો પહોળો હતો હવે એને ૫.૫૦ મિટર પહોળો બનાવીએ છીએ. આ કામ પૂર્ણ થવા માટે ૧૫ માસ આપ્યા છે. તા.૧૦–૧૦–૧૩ સુધીમાં આ રોડનું કામ પૂર્ણ કરાશે. આ રોડથી પ્રતાપનગર, રાજુવાડીયા, રાજપરા, નાવરા, વરાછા, કાનરોજ, નિકોલી, ઉમરવા અને રેલ એમ કરીને ૧૦૦૦૦ કરતાં વધારે વસ્તીને આનો લાભ થશે. આ રોડને પહોળો કરવા માટે રૂ.૪.૧૪ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મોડલ નગરપાલિકાની ગ્રાન્ટ**

* ૨૩૮૬ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ? | દાહોદ જિલ્લાની નગરપાલિકાઓ માટે મોડલ નગરપાલિકા ઘટક હેઠળ કુલ રૂ।. ૪૧૨.૫૦ લાખની ગ્રાન્ટ દાહોદ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)ના હવાલે મુકવામાં આવેલ છે. તે પૈકી ડુડા એ–<br>૧. દાહોદ નગરપાલિકાને રૂ. ૨૧૭.૯૩ લાખ<br>૨. ઝાલોદ નગરપાલિકાને રૂ. ૪૦.૭૭ લાખ<br>૩. દેવગઢબારીયા નગરપાલિકાને રૂ. ૯૪.૪૨ લાખ મળી કુલ રૂ. ૩૫૩.૧૨ લાખની ગ્રાન્ટ મંજૂર કરેલ છે. |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની અનુમતિથી મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ઉકત યોજના હેઠળ દાહોદ જિલ્લાની નગરપાલિકાઓને કુલ કેટલા કામો માટે કેટલી રકમ મંજૂર કરી અને હાલમાં આ કામોની સ્થિતિ શું છે અને તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થયા હતા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૯માં નગરપાલિકા વિકાસ યોજના માટે રૂ.૭૦૦૦/– કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી અને એટલે રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓને એમના વિકાસના કામો કરવા માટે પહેલીવાર આટલી જંગી રકમ પ્રાપ્ત થઇ. પહેલાં નગરપાલિકાઓ પોતાની આવકમાંથી જ વિકાસના કામો કરતી હતી. દાહોદ નગરપાલિકાને રૂ.૯.૫૦ કરોડ, ઝાલોદ નગરપાલિકાને રૂ.૪.૦૦ કરોડ અને દેવગઢબારીયા નગરપાલિકાને રૂ.૩.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવી. કુલ રૂ.૧૬.૫૦ કરોડ આ ત્રણ નગરપાલિકાઓને આપવામાં આવ્યા છે. આ ગ્રાન્ટ ડુડાના હવાલે મૂકી દેવામાં આવી છે. રૂ.૧૨.૨૧ કરોડની ગ્રાન્ટ આપી દેવામાં આવી છે અને ત્રણેય નગરપાલિકાઓના થઇને ૭૧ કામો મંજૂર થયા છે. એમાંથી ૧૮ કામો પૂર્ણ થયા છે અને ૫૩ કામો પ્રગતિ હેઠળ છે. જે આવતા છ વર્ષ દરમિયાન પૂર્ણ થશે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, રૂ.૧૬.૫૦ કરોડના કામ આ નગરપાલિકાઓમાં કરવામાં આવ્યા છે. આ નગરપાલિકાઓમાં ટ્રાયબલ વિસ્તાર નહીં પણ શહેરી વિસ્તારો આવેલા છે. તો મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ રૂ.૧૬.૫૦ કરોડ વાપર્યા છે. એમાં ટ્રાયબલ વિભાગના કેટલા પૈસા વાપરવામાં આવ્યા છે અને કઇ કઇ ટ્રાયબલ વસ્તીને એનો લાભ મળે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાની અંદર કામો થયા છે. નગરપાલિકાની અંદર એક રોડ બને તો ટ્રાયબલવાળા હોય કે જનરલવાળા બધા જ એ રોડ ઉપર થઇને જાય. ડ્રેનેજ બને તો ડ્રેનેજની અંદર બધા જ ઘરોનું પાણી એની અંદરથી પસાર થતું હોય છે. એટલે આમાં કયા ટ્રાઇબલ એરીયાને ફાયદો થયો અને કોને નુકસાન થયું છે. એવું ના હોય નગરપાલિકાની અંદર બધા જ પ્રકારની વસ્તી હોય છે. ઓ.બી.સી. પણ હશે, ટ્રાયબલ પણ હશે. ઉચ્ચ જ્ઞાતિની પણ હશે, મુસ્લિમો પણ હશે. એ પણ પાણી પીવે છે. આપણી પાણી પુરવઠાની યોજના બને દસ કરોડની તો એ બધા પાણી પીવે છે, એટલે પાણીમાં કોનું પાણી કેટલું મુસ્લિમ વિસ્તારમાં ગયું કે કેટલું પાણી ટ્રાયબલ વિસ્તારમાં ગયું એ કંઇ આની અંદર કાઢીને આપવાનું ના હોય.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે નગરપાલિકાઓમાં આંગણવાડીઓ ચાલે છે. સ્લમ વિસ્તારમાં આંગણવાડીઓ ચાલે છે. તો નાના ભૂલકાઓ માટે નંદઘર બનાવવા માટે ગ્રાન્ટની ફાળવણી કરી હોય તો કેટલી કરી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૫માં આંગણવાડીઓની શરૂઆત થઇ પરંતુ નગરપાલિકાઓની અંદર આંગણવાડીઓના નંદઘર હોવા જોઇએ એ એ સમયે ખબર જ નહોતી. નગરપાલિકાની અંદર પણ ૧૧૮૫ જેટલી આંગણવાડીઓ ૧૫૯ નગરપાલિકાઓની અંદર આવેલી છે પણ એના માટે પણ, કારણ કે આ સ્લમ વિસ્તારની અંદર આંગણવાડીઓ ચાલતી હોય છે એમાં આંગણવાડીઓના મકાનો હોવા જોઇએ પણ એના માટે ભૂતકાળમાં ગ્રાન્ટો ન અપાવામાં આવી પરંતુ આ રાજય સરકારે ૪ર કરોડ જેટલી જંગી રકમ આ આંગણવાડીઓના નંદઘર બનાવવા માટે આપી છે શહેરી વિસ્તારોની અંદર એટલી ગ્રાન્ટ. અત્યારે હાલ આ જ નગરપાલિકાઓની અંદર એ કામ ચાલી રહ્યું છે એમાં દાહોદમાં ૧૦ આંગણવાડીઓને ગ્રાન્ટ આપણે આપી છે. દસે દસ આંગણવાડીઓનું કામ શરૂ થઇ ગયું છે અને જૂન મહિના સુધીમાં આ બધી જ આંગણવાડીઓનું કામ પૂરૂં થઇ જશે. ઝાલોદની અંદર ૮ આંગણવાડીઓને આપણે ગ્રાન્ટ ફાળવી છે અને એમાંથી ૬ આંગણવાડીઓનું કામ શરૂ થયું છે. દેવગઢબારીયાની અંદર ૫ આંગણવાડીઓની ગ્રાન્ટ આપણે ફાળવી છે. એમાંથી ર પ્રગતિ હેઠળ છે અને ૩ને જમીન નહીં મળવાને કારણે આપણે જમીનની શોધમાં છીએ અને જમીન મળતાની સાથે જ એ ૩ આંગણવાડીઓના કામ આપણે પૂર્ણ કરીશું. આમ આ ત્રણે ત્રણ નગરપાલિકાઓમાં ર૩ આંગણવાડીઓના મકાનો આપણે મંજૂર કર્યા એમાંથી ૧ર આંગણવાડીઓના મકાનો અત્યારે પ્રગતિમાં છે અને ૧૧ આંગણવાડીઓના કામ શરૂ થયા છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓની ગુજરાતમાં જે સ્થિતિ છે એ બહુ ખરાબ છે.

અધ્યક્ષશ્રી : આખા ગુજરાતની વાત નહીં. દાહોદની જ વાત કરો.

શ્રી સી. કે. રાઉલજી : દાહોદની જ વાત કરુ છું. મારે એટલા માટે આ ગૃહને જણાવવું છે કે નગરપાલિકાઓમાં જે ઓકટ્રોયની આવક મળતી હતી, ઓકટ્રોય નાબૂદીને કારણે આજે નગરપાલિકાઓમાં પોતાના કર્મચારીઓના ..

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન પૂછો.

શ્રી સી. કે. રાઉલજી : મારો એટલો જ સવાલ છે કે શહેરી વિકાસ યોજનામાં મોડેલ નગરપાલિકાની ગ્રાન્ટ ઓછી છે, ગ્રાન્ટના અભાવે આજે મોટાભાગની નગરપાલિકામાં આજે પગાર થતો નથી. લાઇટબિલ ભરી શકાતું નથી એટલે લાઇટ બિલ કાપવાની પણ નોટીસો મળી છે.

અધ્યક્ષશ્રી : તમે દાહોદ જિલ્લાની નગરપાલિકામાંથી ત્રણની વાત કરો છો.

શ્રી સી. કે. રાઉલજી : હું એ કહેવા માગુ છું કે આ ગ્રાન્ટમાં વધારો કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : દાહોદ જિલ્લાની ગ્રાન્ટમાં વધારો કરવા માગો છો કે નહીં, આખા ગુજરાતનું નહીં.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મૉડેલ ટાઉન ઘટક કાર્યક્રમ હેઠળ ૮૨૨ કરોડ રૂપિયા આ રાજય સરકારે ફાળવ્યા છે અને એના કારણે નગરપાલિકાની અંદર આજે ગૌરવપથ, ઇન્ટીરીયર રોડ, નગરપાલિકાના મકાનો આ બધું જ આના કારણે જ અત્યારે બની રહ્યું છે.

**ગીર અભ્યારણ્ય વિસ્તારમાં ચાલતા ગેરકાયદે લાયન શો**

* ૩૨૨૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર અભ્યારણ્ય અને તેની નજીકના વિસ્તારોમાં તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે લાયન શો યોજાયા અંગેની કેટલી ફરિયાદો મળી, | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) ગેર કાયદે લાયન શો ના આયોજકો કોણ કોણ હતા અને તેમની સામે કયા કાયદા નીચે શી કાર્યવાહી થઈ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મળેલી ફરિયાદો પરત્વે સરકારે ઉચ્ચ કક્ષાએ શી કાર્યવાહી થઈ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ગેરકાયદ લાયન શો ને સખ્તાઈથી બંધ કરવા શી કાર્યવાહી થઈ છે ? | (૪) ગીર અભ્યારણ્ય અને નજીકના વિસ્તારોમાં ગેરકાયદે લાયન શો ન થાય તે માટે સ્ટાફ ધ્વારા સતત સઘન પેટ્રોલીંગ તેમજ નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે. સ્ટાફ વાયરલેસ નેટવર્કને અદ્યતન કરવામાં આવેલ છે તેમજ સ્ટાફને વોકીટોકી ફાળવવામાં આવેલ છે. |

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ માનનીય મંત્રીશ્રીએ કીધું કે એશીયામાં એક માત્ર ગુજરાતમાં સિંહ છે અને એનું આપણને ગૌરવ છે. આ ગેરકાયદેસર લાયન શો યોજવાવાળા વારંવાર આવા લાયન શો કરી અને લાયન શોની ગેરકાયદેસર પ્રવૃત્તિ છે એ ચાલુ રાખે છે. મારા પ્રશ્ન નં. ૨ ના ઉત્તરમાં એમ કીધું છે કે ગેરકાયદેસર લાયન શો ના આયોજકો કોણ કોણ હતા અને તેમની સામે કયા કાયદા નીચે શી કાર્યવાહી થઇ તો એવો જવાબ છે- પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : એ પહેલા પ્રશ્નના અનુસંધાને છે. પહેલો પ્રશ્ન છે ને, એના અનુસંધાને છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગેર કાયદેસર લાયન શોનો જ એમણે ઈન્કાર કર્યો છે. મારી પાસે હકીકત છે. દસ દસ, પંદર પંદર હજાર રૂપિયા લઈ અને અમુક ટોળકીઓ આવા લાયન શો કરે છે. બળદને લઈ જાય લાંબા દોરડાથી બાંધી બળદને છૂટો કરી દે. દોરડું કાપી નાખે છે.

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછોને. પદ્ધતિમાં જવાની જરૂર નથી.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,મારો પ્રશ્ન એ છે કે આ ગેરકાયદેસર લાયન શો કરવાવાળા છે અને આ પ્રવૃત્તિ ચાલે છે એની સામે પ્રી. સી.સી.એફ. કક્ષાના ઉચ્ચ અધિકારીની અધ્યક્ષતામાં સરકાર કોઈ તપાસ કરાવવા માગે છે કે કેમ અને તપાસ કરાવીને આ પ્રવૃત્તિ કાયમ માટે બંધ થાય એવી કડક કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : ગેરકાયદેસર લાયન શોની જે વાત છે એમાં ગેરકાયદેસર એને ગણી શકાય કે જે પાડું કે બળદ બાંધે અને એનાથી આકર્ષાઈને સિંહ આવીને હુમલો કરીને એનું ભક્ષણ કરે. જંગલ ખાતામાં સાધુ-સંતો એમ કહેતા હોય કે અમને ઘૂસવા દેતા નથી તો આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા લોકો માટે સંભવ નથી. માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું કે કોઈ જગ્યાએ કોઈ સિંહ કોઈ ભક્ષણ કરતો હોય, એણે શિકાર કર્યો હોય અને એના આધારે જોવા મળ્યું હોય કે અહીં સિંહો ભક્ષણ માટે ભેગા થયા છે અને આજુબાજુના વ્યક્તિઓને ખબર પડે તો એ બતાવે એ પ્રકારે છે. આ પ્રકારની ૧૦ ફરિયાદો મળી છે અને એની તપાસ પણ થઈ છે અને એને દંડ પણ કરવામાં આવ્યો છે. કુલ ૩૫,૫૦૦ અને ૩૧,૪૦૦ દંડ કરવામાં

આવ્યો છે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : હું જાણવા માગું છું કે બૃહદ ગીર કયા વિસ્તારને કહેવામાં આવે છે? છેલ્લા ત્રણ વર્ષમાં ગીર અભયારણ્ય તથા દેવળિયા પરિચય ખંડ ખાતે મુલાકાત લીધેલ પ્રવાસીઓની સંખ્યા કેટલી છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : બૃહદ ગીર એટલે જે ગીર વિસ્તારની બહારનો ભાગ છે એને બૃહદ ગીર તરીકે ગણવામાં આવે છે. મિતિયાણા, માળિયા, ગીરનાર, આજુબાજુના અનામત તથા રક્ષિત જંગલ વિસ્તાર, અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લિલિયા તથા ભાવનગર જિલ્લાના પાલીતાણા, મહુવા, તળાજા તાલુકાના ઘાસિયા વિસ્તારોનો બૃહદ ગીર વિસ્તારમાં સમાવેશ થાય છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય મંત્રીશ્રીએ લેખિત જવાબમાં આપ્યું છે કે કોઇ ફરિયાદ મળી નથી. પાછા મૌખિક જવાબમાં કહ્યું કે ૧૦ ફરિયાદો મળી છે તો આ ૧૦ ફરિયાદો મળી એમાં કોઇ કર્મચારીઓ સંડોવાયેલા હતા કે કેમ? અને જો હા તો આ કર્મચારીઓ ઉપર કોઇ તાત્કાલિક પગલાં લીધા છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : લાયન શો અંગેની કોઇ ફરિયાદ મળેલ નથી. કારણ કે ફરિયાદ મળી એ લાયન શો ન હતો. જ્યાં ભક્ષણ માટે સિંહો ભેગા થયા હોય અને કોઇને ખબર પડી હોય અને બતાવતા હોય એવી જગ્યાએ ભેગા થયેલા લોકોની વાત છે. આ ગેરકાયદેસર બતાવતા હતા એના માટેના અમે પગલાં લીધેલા ૧૦ લોકોની વાત છે. અધિકારીઓએ જ પકડ્યા છે. અધિકારીઓ સિવાય કોઇ પકડવા જતું નથી એટલે અધિકારીઓએ જ પગલા લીધા છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : સિંહોના શિકારના જે કિસ્સાઓ નોંધાયા છે, આ કિસ્સાઓનું ફરી વખત પુનરાવર્તન ન થાય એના માટે વિશેષ કયા પગલાં લીધા છે અને આ અંગેની પકડાયેલાઓને શું સજા કરવામાં આવી છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ૨૦૦૭માં ત્રણ સિંહોના શિકારથી મૃત્યુ થયા હતા. આની ખબર થતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખુદ આ ગીર અભ્યારણ્યમાં જાત મુલાકાત લીધેલી અને ત્યાં રાત્રિ રોકાણ કરીને સમગ્ર સ્ટાફના લોકોને ભેગા કરીને એક સ્પેશિયલ પેકેજ જાહેર કર્યું અને એના માટેની યોજના જાહેર કરી. ભવિષ્યમાં આવા બનાવો ન બને એના માટેના સઘન બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારા પ્રશ્નનો જવાબ બાકી છે.

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્નનો જવાબ ત્યારે જ આપી દીધો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારા બે પ્રશ્નો હતા. ગીર અને આજુબાજુના વિસ્તારમાં ચાલતા લાયન શોની તપાસ માટે પ્રી.સી.સી.એફ.ની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની તપાસ કરાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ગેરકાયદેસર છે જ નહીં. (અંતરાય) જોષીયારાજી, તમે બેસો. ફરીથી પૂછો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીને પ્રશ્ન પૂછવા માગુ છું કે, ગીર અને ગીરની આસપાસ સતત ચાલતા ગેરકાયદેસર લાયન શોની તપાસ માટે પ્રી.સી.સી.એફ.ની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની તપાસ કરવવા માગો છો કે કેમ? અને તપાસ કરાવી આ પ્રવૃત્તિ કાયમ માટે બંધ થાય એના માટે શું કરવા માગો છો?

અધ્યક્ષશ્રી : જવાબમાં એ કીધું છે કે આવી કોઇ ગેરકાયદેસરની ફરિયાદ જ નથી મળી. મંત્રીશ્રી, ફરિયાદ મળી હોય તો તમે તપાસ કરાવવા માગો છો કે કેમ? એક મિનિટ. જવાબ આપે છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ ફરિયાદ મળી નથી, આ ગંભીર બાબતની ફરિયાદ મળશે તો આ બાતમાં ચોક્કસ વિચારીશું.

**વડોદરા જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ મંજૂર કરેલ એકલવ્ય મૉડેલ શાળા**

* ૩૦૬૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ કેટલી | (૧) ૨ (બે). |

એકલવ્ય મોડેલ શાળા મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કયા તાલુકામાં કેટલી એકલવ્ય શાળા મંજૂર કરવાની માગણી આવેલ છે ? (૨) કોઈ માગણી આવેલ નથી.

શ્રી જયંતિભાઈ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં ચાલતી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલોમાં કેન્દ્ર સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ? અને આ સ્કૂલો કઇ સંસ્થાઓ દ્વારા અને કયા માધ્યમમાં ચલાવવામાં આવે છે? અને હાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે? અને આ યોજના હેઠળ ચાલતી સ્કૂલો માટે પી.પી. મોડેલ શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ વડોદરા જિલ્લામાં એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલમાં કેન્દ્ર સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવતી નથી. ૧૦૦% રાજ્ય સરકારની સહાયથી આ સ્કૂલો ચાલે છે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા જોઇએ કે આદિવાસી વિસ્તારમાં અંગ્રેજી મિડિયમની પહેલીવાર આ સ્કૂલો શરૂ કરવામાં આવી છે. એમાં વડોદરા જિલ્લામાં ગોરજમાં જે સ્કૂલ ચાલે છે એમાં ૧૭૪ વિદ્યાર્થીઓ છે અને કવાંટમાં ચાલે છે એમાં ૧૭૦ વિદ્યાર્થીઓ આમ ૩૪૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ગોરજની એકલવ્ય મોડેલ રેશિડેશ્યલ સ્કૂલ મૂનીસેવા આશ્રમ દ્વારા ચલાવવામાં આવે છે. જ્યારે કવાંટ ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ સૂખી પરિવાર ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવે છે.

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ચાલતી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલોના સંચાલન માટે રાજ્ય કક્ષાએ કે સ્થાનિક કક્ષાએ કોઇ સમિતિની રચના કરવામાં આવી છે કે કેમ? અને કરેલ હોય તો તેનું બંધારણ શું છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય કક્ષાએ પણ સોસાયટી બનાવવામાં આવેલ છે અને જિલ્લા કક્ષાએ પણ સોસાયટી બનાવવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ જે સંચાલન માટેની સોસાયટી છે એની ગર્વનિંગ બોડીમાં આદિજાતિ વિકાસ વિભાગના સચિવશ્રી ચેરમેન હોય છે, શિક્ષણ વિભાગના સચિવશ્રી સભ્ય હોય છે, કમિશનરશ્રી આદિજાતિ, નાયબ કમિશનરશ્રી આદિજાતિ, નાણા વિભાગના સચિવશ્રી, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી માર્ગ અને મકાન, કમિશનર ઓફ સ્કૂલ, પ્રિન્સિપાલ આદર્શ નિવાસીશાળા અને ૩ બિનસરકારી સભ્યો છે અને જિલ્લા કક્ષાની જે મોનિટરિંગ કમિટી છે એમાં પ્રાયોજના વહીવટદાર, આચાર્ય તેમજ વાલી પ્રતિનિધિ મંડળ, જિલ્લા પ્રોજેકટ કન્સલ્ટંટ અને અનુસૂચિત જાતિની મહિલાઓ આ રીતની કમિટી બનાવવામાં આવેલ છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ ટ્રાયબલ તાલુકામાં આ સ્કૂલો વનબંધુ કલ્યાણ યોજનામાં શરૂ કરવામાં આવી છે તો ગોરજ જ છે. એ વાઘોડિયા તાલુકો ટ્રાયબલમાં આવે છે કે કેમ? અને આ પાંચ તાલુકા ટ્રાયબલમાં છે તો પાંચ તાલુકા વચ્ચે એક જ સ્કૂલ કવાંટમાં આપવામાં આવી છે તો બીજા અન્ય તાલુકા ટ્રાયબલના છે ત્યાં આવી કોઇ સ્કૂલ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ગોરજનો જ સવાલ છે. એમાં સમગ્ર વડોદરા જિલ્લાના જે કોઇ ટ્રાયબલ બાળકો આમાં પરીક્ષા લેવામાં આવે છે એમાં ઉર્તિણ થાય તો એમને પ્રવેશ આપવામાં આવે છે એટલે માત્ર કોઇ ટ્રાયબલ, નોન–ટ્રાયબલ તાલુકામાં જ શરૂ કરવું એવું નથી અને બાકીની એમની પાંચ તાલુકાઓની માગણી છે એ સૂચન છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વડોદરા જિલ્લાની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ચાલતી એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલમાં આદિજાતિના વિદ્યાર્થીઓને કેવા પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે, આ સ્કૂલોમાં પરીક્ષામાં પરિણામો કેવા આવે છે અને આ સ્કૂલોમાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, અંગ્રેજી માધ્યમ હોવા છતાં આદિવાસી બાળકોમાં સો ટકા પરિણામ જોવા મળેલ છે અને વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચાલતી આ રેસીડેન્સિયલ સ્કૂલમાં આદિજાતિના બાળકોને રહેઠાણની, ભોજન, શિક્ષણ, ગણવેશ, પુસ્તકો, નોટબૂકો, સ્ટેશનરી, પ્રવાસ તેમજ રોજબરોજની ચીજવસ્તુઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે અને એક વિદ્યાર્થી પાછળ વર્ષે ૩૦,૦૦૦/– રૂપિયાનો રાજય સરકાર ખર્ચ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, કવાંટ અને ગૌરેજની એકલવ્ય રેસીડેન્સિયલ મૉડેલ સ્કૂલ છે એમાં છેલ્લા બે વર્ષમાં ૩,૭૬,૪૬,૦૦૦/–નો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ટ્રાયબલ વિસ્તારમાં રાજય સરકારની ખાનગી સોસાયટી દ્વારા અમે એકલવ્ય સ્કૂલ ચલાવીએ છીએ એવું કહ્યું તો મંત્રીશ્રીને હું પૂછવા એ માગુ છું કે, ગુજરાત સરકાર આદિજાતિ આખો વિભાગ ચલાવે છે તો આદિજાતિ વિભાગ દ્વારા આ સ્કૂલ કેમ ચલાવવામાં આવતી નથી ? મારો પ્રશ્ન છે કે, કેમ સોસાયટી દ્વારા આ સ્કૂલ ચલાવવામાં આવે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ ખાનગી વાત નથી. આ સરકારના વિભાગમાંથી જ બનેલી સોસાયટી છે, એના મારફતે એના ઉપર સુપરવિઝન થાય છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે, એકલવ્ય રેસીડેન્સિયલ સ્કૂલ જે છે એ ટોટલ રાજય સરકારની ગ્રાન્ટમાંથી ચાલે છે. મંત્રીશ્રીનો જે જવાબ છે. મારે એમને કહેવું છે કે, આ ટોટલ કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બે જ સ્કૂલ એવી છે આપની કે જે રાજય સરકારની ગ્રાન્ટમાંથી ચાલે છે. તો મારે તો એમ કહેવું છે કે, આ ટ્રાયબલ વિસ્તાર છે, ત્યાંના બાળકોને સારું શિક્ષણ મળે એના માટેની સ્કૂલ હોય છે, તો તમે આપણા ચાર–પાંચ ટ્રાયબલ તાલુકાઓ અને હમણાં સભ્યશ્રી ધીરુભાઇએ વાત કરી તો એ તાલુકામાં આ કેમ ચાલુ કરતા નથી અને આ ગ્રાન્ટનું ડાયવર્ઝન થઇને બીજા તાલુકામાં આ સ્કૂલ ચાલુ કરવાનું કારણ શું છે? અને ચાલુ કર્યા પછી પણ (અંતરાય)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય તાલુકાઓ માટેનું એમનું સૂચન છે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ એકલવ્ય મૉડેલ શાળા જે ટ્રાયબલ એરિયાને જ આપવામાં આવે છે કે બીજા વિસ્તારને પણ એનો લાભ મળી શકે છે ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગે ટ્રાયબલ જિલ્લામાં આપણે શરૂ કરીએ છીએ.

### ભાવનગર જિલ્લામાં બોર કૂવા માટે બે ગુંઠા જમીનની અરજીઓ

* ૨૩૭૬ **શ્રી ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોર કે કૂવા માટે બે ગૂંઠા જમીન માટે કેટલી અરજીઓ તાલુકાવાર આવી, અને | (૧) કુલ ૧૧૨ અરજીઓ આવી. |
| (૨) કેટલી અરજી મંજૂર કરવામાં આવી કેટલી નામંજૂર કરવામાં આવી ? | (૨) (અ) મંજૂર અરજીઓ – ૦૬<br>(બ) નામંજૂર અરજીઓ–૬૮ |

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ગુજરાતમાં ખેડૂતોને બોર કૂવા માટે જમીન ફાળવવા માટે રાજય સરકારની નીતિ શું છે ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેડૂતોને બોર કૂવા માટે પહેલાં એક કોસે બે ગુંઠા જમીન બજાર કિંમતે ફાળવવાની જોગવાઇ ૧૯૬૬ના ઠરાવથી કરવામાં આવી હતી. હવે કોસનો

ઉપયોગ થતો નથી અને એટલે ઇલેક્ટ્રીક મોટર અને ઓઇલ એન્જીનનો ઉપયોગ જ્યારે થવા માંડ્યો છે ત્યારે ઓઇલ એન્જીન મૂકવા માટે ઓરડીની પણ જરૂર પડે અને કૂવો બનાવવા માટે જમીનની પણ જરૂર પડે એટલે તા.૧૮–૮–૨૦૧૦ના ઠરાવથી કેટલીક જોગવાઇઓમાં ફેરફાર કરવામાં આવ્યો. ખાતેદારની જમીનમાં કૂવો થઇ શકે તેમ ન હોય તો કૂવો બોર તેમજ ઇલેક્ટ્રીક મોટર, ઓઇલ એન્જીનની ઓરડી સાથે બે ગુંઠા જમીન, ખેતીની જંત્રીની કિંમતે નવી અને અવિભાજ્ય વિક્રિયાદિત કિંમતે નિયંત્રિત શરતે ફાળવવાની રહેશે. ધોરિયા પાઇપલાઇન માટે જો કૂવો ખાતેદારની જમીનથી દૂર હોય તો ધોરિયા પાઇપલાઇન માટે જંત્રી કિંમતના અઢી ટકા ભાડું વસૂલ લઇ ભાડાપટ્ટે ફાળવવાની રહેશે. જો કોઇ સંજોગોમાં કૂવા માટે ફાળવેલ જમીનમાંથી પાણી ન નીકળે તો ખાતેદારે કૂવો પૂરી સરકારને જમીન પરત કરવાની રહેશે. કૂવાનો ઉપયોગ થતો ન હોય અને દુરુપયોગ થતો હશે તો મામલતદારશ્રી લેખિત જણાવે ત્યારથી એક માસમાં કૂવાને પૂરી દેવો પડશે અને જમીન મૂળ સ્થિતિમાં લાવી સરકારને પરત સોંપવી પડશે. આ માટે ગૂંઠા જમીન ફાળવવાની સત્તા કલેકટરશ્રીને સોંપવામાં આવી છે, તેમાં પણ ફેરફાર કરી ૬–૮–૨૦૧૨ થી સુધારો કરી આ સત્તા પ્રાંત અધિકારીને સોંપવામાં આવી છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ–૨૦૧૧ માં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર ૫૧ અરજીઓ આવી અને ૫૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી. નામંજૂર કરવાનાં કારણો ઘણાં છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમના પ્રશ્નના જવાબમાં કુલ ૧૧૨ અરજીઓ આવી અને ૬ મંજૂર કરી અને ૬૮ નામંજૂર કરી અને બાકીની ૩૮ અરજીઓને મંજૂરી પણ નથી આપી કે નામંજૂરી પણ નથી આપી? એટલાં માટે શાં પગલાં લીધાં?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : કેટલીક અરજીઓ પડતર એટલા માટે રહે કે એના પુરાવા આપવા જોઇએ એ પુરાવાઓ સમયસર ન આપે. પુરાવા આપે એ નિયમાનુસાર આવતું હોય તો મંજૂર કરીએ છીએ. જો આધાર પુરાવા ન જ આપે તો પછી નામંજૂર કરવામાં આવે છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને આ વિષય એટલા માટે સૌરાષ્ટ્રમાં મોટા ભાગે પાણીની સમસ્યા છે.

અધ્યક્ષશ્રી : સવાલ પૂછો.

શ્રી આત્મારામ મ. પરમાર : એમાંથી જ આ સવાલ આવે છે. પાણીની સમસ્યામાંથી સવાલ આવે છે. તળમાં પાણી નથી હોતા, એટલે નજીકના નદી–નાળાં, વોકળા હોય ત્યાં માંગણી કરીએ છીએ. મારે જાણવું છે કે જ્યારે આખા જિલ્લાનો પ્રશ્ન છે, ત્યારે મારા મત વિસ્તારમાં ૩ તાલુકા છેઃ ગઢડા, ઉમરાળા...

અધ્યક્ષશ્રી : વર્ણન કરવાની જરૂર નથી. તમે સીધો પ્રશ્ન પૂછો. તમારા વિસ્તારમાં કેટલા તાલુકામાં કેટલી અરજીઓ આવી?

શ્રી આત્મારામ મ. પરમાર : ૩ તાલુકામાં કેટલી અરજીઓ આવી છે? કેટલી મંજૂર થઇ છે?

અધ્યક્ષશ્રી : ભાવનગર જિલ્લામાંથી એમના ૩ તાલુકામાં કેટલી અરજીઓ આવી? અને કેટલી મંજૂર થઇ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : શોધીને આપું. ગઢડામાં ૨૦૧૧ માં એક અરજી બાબુભાઇની આવી, પ્રેમજીભાઇની આવી, લક્ષ્મણભાઇની આવી..

અધ્યક્ષશ્રી : કુલ કેટલી અરજી આવી?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : મનજીભાઇની આવી છે.

અધ્યક્ષશ્રી : કોની કોની નહિ, કુલ કેટલી અરજી આવી એ કહો. નામ વાંચશો તો ૧૮૨ જણા છે ને, ૧૮૪ નાં નામ સાંભળવા પડશે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : ૧૦ અરજીઓ આવી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ

કૂવા કે બોરની માગણીની અરજી માટે મંજૂરી કે નામંજૂરી માટે કોઇ ચોક્કસ સમય મર્યાદા દાખલ કરવા માગો છો કે કેમ? એટલા માટે વર્ષો વર્ષ બબ્બે વર્ષ સુધી અરજીઓ પડી રહે છે અને ભ્રષ્ટાચાર થાય છે એટલા માટે.

અધ્યક્ષશ્રી : શું થાય છે, એ પછી વાત. ક્યારે થાતો હતો એ નથી. આના માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ એ કહો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : એના માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : જે સંપૂર્ણ પુરાવા સાથે અરજીઓ આપે તો તરત જ મંજૂર થાય. પુરાવા આપવામાં મહિનો,બે–ત્રણ મહિના, ચાર મહિના નીકળી જાય તો પછી એટલી મોડી મંજૂર થાય.

**રાજ્યની નગરપાલિકાઓના ચીફ ઓફિસરની ખાલી જગ્યાઓ**

* ૩૩૬૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કેટલી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની જગ્યા કયારથી ખાલી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કુલ ૨૯ નગરપાલિકાઓમાં ચીફઓફિસરોની જગ્યાઓ ખાલી છે તે પૈકી છ માસથી ઓછા સમયથી ૧૨, છ માસથી વધુ અને એક વર્ષથી ઓછા સમયથી ૯ અને એક વર્ષ કરતાં વધુ સમયથી ૮ નગરપાલિકાઓમાં ચીફઓફિસરોની જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટેની બાબત ગુજરાત જાહેર સેવા આયોગ સાથે પરામર્શમાં છે. |

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૧૫૯ નગરપાલિકાઓમાં જે ચીફ ઓફિસરની જગ્યાઓ નવી નગરપાલિકાઓમાં છેલ્લાં ૧૦ વર્ષ થયાં. ઘણી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યા ખાલી છે એ અતિ ગંભીર બાબત છે, કારણ કે ચીફ ઓફિસરની જગ્યા ખાલી હોવાના કારણે ૫૦,૦૦૦ રૂપિયા ઉપર કોઇપણ વિકાસનાં કામ કરી શકાતા નથી. સતત ચીફ ઓફિસર ચાર્જમાં જ રહેતા હોય તો આ જગ્યા તાત્કાલિક ભરવા માગો છો કે કેમ? અને જે ૫૦,૦૦૦ રૂપિયાવાળા, પણ ચાર્જવાળા ચીફ ઓફિસર હોય તો વાંધો નથી. પણ ૫૦,૦૦૦ થી વધારે વિકાસનું કોઇ કામ કરવાની એને છૂટ ન હોય તો તે પ્રતિબંધ ઉઠાવવા માગો છો કે કેમ? અને જાહેર સેવા આયોગમાં આ ભરતી કેટલા સમયમાં કરવા માગો છો?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ હજારથી નીચેની કિંમતના કામ હોય તો તે ચીફ ઓફિસર કરે છે. તેના ઉપર પ્રાંત અધિકારી છે અને તેના ઉપર કલેકટર પણ છે. એટલે આના કરતાં વધારે કિંમતના બજેટની જોગવાઇ કરેલી હોય તો તે બધી મંજૂરીઓ ત્યાં તાત્કાલિક આપવામાં આવે છે. એટલે એવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે જેના કારણે કામો અટકી જાય. જી.પી.એસ.સી.માંથી આ જગ્યાઓ ભરવાની હોય છે એટલે આપણે તેમાં દરખાસ્ત કરી હતી. એક વર્ષ પછી તે દરખાસ્તને કેટલીક કવેરી કાઢીને જી.પી.એસ.સી.એ પરત કરી છે. આપણે તાત્કાલિક દરખાસ્ત કરવાના છીએ. જી.પી.એસ.સી. જયારે મંજૂરી આપશે ત્યારે આ તમામ જગ્યાઓ ભરી દેવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હાલ કહ્યું કે એક વર્ષની અંદર આ અરજીઓનો નિકાલ નથી કરવામાં આવ્યો. આઠ જેટલી નગરપાલિકામાં છેલ્લા એક વર્ષ કરતાં વધારે સમયથી આ ચીફ ઓફિસરની જગ્યાઓ ખાલી છે તેના શું કારણો છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પ્રતિ નિયુક્તિથી આ જગ્યાઓ ભરવાની હોય છે તેને આપણે ભરીએ છીએ. જયારે ચીફ ઓફિસરો વય નિવૃત્ત થાય ત્યારે જગ્યા ખાલી પડે. સરકારી નોકરી મળતાં તેઓ ચાલ્યા જાય છે એટલે ખાલી પડે છે. મૃત્યુ થાય છે, સ્વૈચ્છિક નિવૃત્તિ થાય છે અથવા બીજા કોઇ કારણોસર સર્વિસ છોડીને જતા રહે ત્યારે આ જગ્યા ખાલી પડે છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે ૨૩ જગ્યા ખાલી છે ત્યાં હાલ પૂરતો કોને ચાર્જ આપવામાં આવ્યો છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિનિયુક્તિથી આ જગ્યાઓ ભરવામાં આવી છે.

**વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

* ૨૩૪૯ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૪૧૦૦ લાભાર્થી. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ના રોજની સ્થિતિએ ડેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા પશુઓ આપવામાં આવ્યા છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ડેરી વિકાસમાં જે પશુઓ આપવામાં આવે છે તે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આપવામાં આવે છે. આ યોજના સાહેબ એટલી બધી સફળ થઇ છે કે, સમગ્ર ભારતમાંથી આ યોજનાનો અભ્યાસ કરવા માટે નેપાળ, ગોવા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાનના લોકો, ત્યાંની સરકારના અધિકારીઓ ગુજરાત આવી રહ્યા છે. છેલ્લા બે વર્ષની વલસાડ જિલ્લાની વાત કરું તો ધરમપુર તાલુકામાં ૧૬૬૯ લાભાર્થીઓને ૩ કરોડ ૬૮ લાખ ૮૭ હજાર ૯૫૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. કપરાડા તાલુકાની વાત કરીએ તો કુલ લાભાર્થી ૧૦૦૨ છે. તેની પાછળ ૨ કરોડ ૨૫ લાખ ૨૩ હજાર, ૪૮૭ રૂપિયાનો ખર્ચ કરેલ છે. વલસાડ તાલુકાની વાત કરીએ તો ૬૭૪ લાભાર્થીઓ છે. તેની પાછળ ૧ કરોડ ૩૪ લાખ ૪૫ હજાર ૧૪૨ રૂપિયાનો ખર્ચ કરેલ છે. પારડી તાલુકાની વાત કરીએ તો ૭૨૨ લાભાર્થીઓ માટે ૧ કરોડ ૦૧ લાખ ૫૦ હજાર ૮૯૧ રૂપિયાનો ખર્ચ કરેલ છે. ઉમરગામ તાલુકાની વાત કરું તો ૩૩ લાભાર્થીઓ પાછળ ૧૨ લાખ ૬૪ હજાર ૦૭૩ રૂપિયાનો ખર્ચ કરેલ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૪૧૦૦ લાભાર્થીઓ પૈકી મહિલા લાભાર્થીઓ કેટલા છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મહિલા લાભાર્થી હોય છે અને પુરુષ લાભાર્થી પણ હોય છે. મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ જે લાભ આપવામાં આવે છે તે આદિવાસીઓને સીધો આપતા નથી અને......

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ. આનંદીબેન પટેલ મહિલા દિન નિમિત્તે શુભેચ્છા પાઠવે છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા સહાય બંધ હોવા બાબત

* ૨૪૧૦ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૧ અને ૨૦૧૨માં બંધ થયેલ વિધવા સહાય |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૯૭ |
| ૨ | લખતર | ૩૫ |
| ૩ | લીંબડી | ૯૮ |
| ૪ | ચુડા | ૧૦ |
| ૫ | સાયલા | ૧૩ |
| ૬ | ચોટીલા | ૩૮ |
| ૭ | મુડી | ૫ |
| ૮ | ધાંગધ્રા | ૯૦ |
| ૯ | હળવદ | ૩૩ |
| ૧૦ | પાટડી | ૫૪ |
| | **કુલઃ** | **૫૭૩** |

(૨) કેટલી વિધવા બહેનોને કેટલા સમયથી સહાય ચૂકવાયેલ નથી,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ ડિસેમ્બર ૧૨ સુધીની સહાય ચૂકવેલ છે.

(૩) બાકી રહેતી સહાયની રકમ સરકાર ક્યારે ચૂકવવા માંગે છે, અને

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બંધ થયેલ વિધવા સહાયના કારણો શાં છે ?

(૪) વિધવા સહાય બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થવાથી
૨. લાભાર્થીનું અવસાન થવાથી
૩. લાભાર્થી પુનઃલગ્ન કરતાં
૪. લાભાર્થીની આવક વધતાં
૫. ખોટી રીતે સહાય મેળવતા હોઈ
૬. રહેઠાણ છોડી જતાં હોવાથી.

---------

### અમદાવાદ જિલ્લામાં ઘરેલુ હિંસા સામે સ્ત્રીને રક્ષણ આપવા શેલ્ટર હોમ

* ૨૪૦૪ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ હેઠળ કેટલી સંસ્થાઓને શેલ્ટર હોમ તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કોઈપણ સંસ્થાને શેલ્ટર હોમ તરીકે જાહેર કરવામાં આવેલ નથી.

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓને સર્વિસ પ્રોવાઈડર તરીકે મંજૂરી આપવામાં આવેલ છે ?

(૨) ૦ (શૂન્ય).

---------

**ભરૂચ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત**

* ૨૩૫૩ **શ્રી છત્રસિંહજી પૂં. મોરી (જંબુસર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) રૂ. ૨૯૦૯.૧૦ લાખ. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) રૂ. ૨૮૫૫.૪૫ લાખ. |
| (૩) કેટલી રકમ બચત રહેવા પામેલ છે, અને | (૩) રૂ. ૫૩.૬૫ લાખ |
| (૪) બાકીની રકમ કયાં સુધીમાં ખર્ચવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દી. |

---------

**તાપી જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજના**

* ૨૩૪૭ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) પદમડુંગરી અને આંબાપાણી. |
| (૩) વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂપિયા ૩.૩૭ લાખ તથા વર્ષ ૨૦૧૧–૧૨માં રૂપિયા ૯.૨૮ લાખ. |

---------

**ખેડા જિલ્લામાં વિધવા બહેનોની સહાય બંધ થવા બાબત**

* ૨૪૦૭ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે,

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૧–૧૨માં બંધ થયેલ વિધવા સહાય |
|---|---|---|
| ૧ | નડિયાદ (શહેરી) | ૫૪ |
| ૨ | નડિયાદ (ગ્રામ્ય) | ૪૫ |
| ૩ | બાલસિનોર | ૨૦ |
| ૪ | કઠલાલ | ૪૮ |
| ૫ | કપડવંજ | ૫૬ |
| ૬ | ઠાસરા | ૫૨ |
| ૭ | વિરપુર | ૩૦ |
| ૮ | ખેડા | ૩૫ |
| ૯ | માતર | ૪૦ |
| ૧૦ | મહેમદાવાદ | ૪૪ |

| | | |
|---|---|---|
| ૧૧ | મહુધા | ૨૯ |
| | **કુલ** | **૪૫૩** |

(૨) કેટલી વિધવા બહેનોને કેટલા સમયથી સહાય ચૂકવાયેલ નથી,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ડિસેમ્બર ૨૦૧૨ સુધીની સહાય ચૂકવેલ છે.

(૩) બાકી રહેતી સહાયની રકમ સરકાર ક્યારે ચૂકવવા માંગે છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બંધ થયેલ વિધવા સહાયના કારણો શાં છે ?

**(૪) વિધવા સહાય બંધ થવાના કારણો નીચે મુજબ છે.**

૧ લાભાર્થીનો પુત્રની ઉંમર ૨૧ વર્ષની થવાથી
૨ લાભાર્થીનું અવસાન થવાથી
૩ લાભાર્થી પુનઃ લગ્ન કરતાં
૪ લાભાર્થીની આવક વધતાં
૫ ખોટી રીતે સહાય મેળવતા હોઈ
૬ રહેઠાણ છોડી જતાં હોવાથી

---------

**અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

* ૨૩૫૯ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે,

(૧) ૪ (ચાર).

(૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા છાત્રાલયો છે,

(૨) કન્યા માટે ૧ (એક) અને કુમાર માટે ૩ (ત્રણ).

(૩) તેમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ૪૭૯.

(૪)તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૪) રૂ. ૨૯૦.૪૭ લાખ.

---------

**આણંદ જિલ્લામાં વન વિભાગ દ્વારા વૃક્ષો કાપવાની મંજૂરી આપવા બાબત**

* ૨૩૬૦ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા કેટલા વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવી,

(૧) નીચેની વિગતે કુલ ૨૮,૦૦૦ વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવી.

| વર્ષ | વૃક્ષોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧ | ૧૫,૦૦૦ |
| ૨૦૧૨ | ૧૩,૦૦૦ |
| કુલ | ૨૮,૦૦૦ |

(૨) કપાયેલા વૃક્ષોની વર્ષવાર કુલ કેટલી કિંમત ઉપજાવવામાં આવી, અને

(૨) નીચેની વિગતે કુલ રૂ.૬૫૪.૮૨ લાખ કિંમત ઉપજાવવામાં આવી.

| વર્ષ | ઉપજેલ કિંમત (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧ | ૪૧૨.૭૧ |
| ૨૦૧૨ | ૨૪૨.૧૧ |
| કુલ | ૬૫૪.૮૨ |

(૩) વૃક્ષો કાપ્યા બાદ વર્ષવાર કેટલા નવા વૃક્ષો રોપવામાં આવ્યા ?

(૩) નીચેની વિગતે કુલ ૯.૩૦ લાખ નવા વૃક્ષો રોપવામાં આવ્યા.

| વર્ષ | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૧૧ | ૫.૦૧ |
| ૨૦૧૨ | ૪.૨૯ |
| કુલ | ૯.૩૦ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે આપેલ લોન**

* ૩૩૬૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાના કેટલા વિદ્યાર્થીઓની તા.૩૧–૧–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદેશ અભ્યાસ માટેની લોન માટે અરજીઓ મળી,

(૧) સાબરકાંઠા જિલ્લાના મૂળ વતની હોય તેવા ૨ (બે) વિદ્યાર્થીઓની અરજીઓ મળેલ છે, જે ભિલોડા તાલુકાની અરજીઓ છે.

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની લોન મંજૂર કરવામાં આવી,

(૨) ૨ (બે).

(૩) કેટલાની લોન નામંજૂર કરવામાં આવી અને નામંજૂર કરવાના કારણો શા છે,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) લોન મંજૂર કરી તે પૈકી કેટલાને લોનની ચૂકવણી કરવામાં આવી અને કેટલાને ચૂકવવાની બાકી છે, અને

(૪) ૧(એક) ને ચૂકવણી કરવામાં આવી અને ૧(એક) ને ચૂકવવાની બાકી.

(૫) ચૂકવણી બાકી રહેવાના શા કારણો છે ?

(૫) વિઝા રજુ કરેલ નથી.

---------

**અંકલેશ્વર અંદાડા–સામોરથી માંડવા રોડ પહોળો કરવાની કામગીરી**

* ૨૩૮૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર–અંદાડા સામોરથી માંડવા રોડ પહોળો કરવાનું કામ તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ કયા તબકકે છે, અને

(૧) પ્રગતિમાં.

(૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) રૂ. ૭૦૦.૦૦ લાખનો ખર્ચ અંદાજેલ છે.

---------

**જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ ગુજરાત રાજ્યને મળેલ એવોર્ડ**

* ૩૦૫૬ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના હેઠળ ગુજરાત રાજ્યને છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા એવોર્ડ પ્રાપ્ત થયેલ છે ?

છેલ્લા બે વર્ષમાં કુલ ૨ (બે) એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કેસોનો નિકાલ કરવા બાબત**

* ૨૩૮૨ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ મહેસાણા

(૧) ગુજરાત જમીન મહેસૂલ નિયમો૧૯૭૨ના

જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનાં નિકાલ કરવાનો બાકી છે,

(૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે, ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે, ૩ થી ૬ માસના કેટલા કેસો છે, ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને

(૩)આ કેસોનો નિકાલ કયારે થશે ?

નિયમ ૧૦૮(૬) હેઠળના ૩૩૪ કેસોનો નિકાલ કરવાનો બાકી છે.

(૨) એક વર્ષ ઉપરના - શૂન્ય
૬ થી ૧૨ માસ સુધીના - ૧૩૦
૩ થી ૬ માસના - ૧૫૨
૩ માસથી નીચેના - ૫૨

(૩) અર્ધન્યાયિક પ્રક્રિયા હોઇ સમય-મર્યાદા આપી શકાય તેમ નથી.

---------

**ભરૂચ જિલ્લામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓમાં ગંદા પાણી નિકાલની સમસ્યા**

* ૩૦૫૫ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગંદા પાણી નિકાલની સમસ્યાને પહોચી વળવા માટે ભરુચ જિલ્લાની કુલ કેટલી નગરપાલિકાનો સમાવેશ કરેલ છે, અને

(૨) તે પૈકી કેટલી નગરપાલિકાના કામો પૂર્ણ થયેલ છે અને કેટલી નગરપાલિકાના કામો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) કુલ ત્રણ નગરપાલિકાઓનો સમાવેશ કરેલ છે.

(૨) જંબુસર નગરપાલિકાનું કામ પ્રગતિમાં છે.

---------

**કચ્છ જિલ્લામાં ચેરનું વાવેતર કરવા બાબત**

* ૨૩૭૧ **શ્રી વાસણભાઇ ગો. આહીર(અંજાર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં દરિયા કિનારે ચેરનું તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું વાવેતર થયું, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સને ૨૦૧૧ માં ૬૪૭૦.૦૦ હેકટર
સને ૨૦૧૨ માં ૬૯૮૩.૦૦ હેકટર

(૨) સને ૨૦૧૧ માં રૂા. ૧૩૨૮.૬૪ લાખ
સને ૨૦૧૨ માં રૂા. ૧૧૯૮.૦૫ લાખ

---------

**નાગધરા મહુડી પૂણી રોડને પહોળો કરવા બાબત**

* ૨૩૯૨ **શ્રી મંગુભાઇ છ. પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના નાગધરા મહુડી પૂણી રોડને પહોળો કરવાનું કામ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબકકે છે, અને

(૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પ્રગતિમા.

(૨) રૂા. ૪૧૩.૦૦ લાખનો ખર્ચ અંદાજેલ છે.

---------

તા. ૮મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામા ઘરદીવડા યોજનામાં આર્થિક સહાય**

૨૪૦૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરદીવડા યોજના હેઠળ કેટલી મહીલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે, અને | (૧) ૨૪૨. |
| (૨) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) કુલ રૂ. ૧૬,૬૦,૧૦૨/-(અંકે રૂપિયા સોળ લાખ સાઇઠ હજાર એકસો બે પૂરાં.) |

---------

**અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર**

૨૩૬૩ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામૂહિક વન નિર્માણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) ૧૦.૩૩ લાખ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૫૫.૨૩ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં ઝાલોદ-ગરાડુ બારા-ફતેપુરા-બટકવાડા રોડ પહોળો કરવા બાબત**

૨૩૯૦ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ઝાલોદ-ગરાડુ બારા-ફતેપુરા-બટકવાડા રોડને ફતેપુરાથી તાલુકાની હદ સુધી પહોળો કરવાનું કામ તા.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કયા તબકકે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) તેના માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૫૮૪.૧૬ લાખનો ખર્ચ અંદાજેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓએ માંગેલ સરકારી પડતર જમીન**

૨૯૧૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની કઇ કઇ સ્વૈચ્છિક સંસ્થાઓની સરકારી પડતર જમીન મેળવવાની દરખાસ્તો કયા કયા તબકકે છે, | (૧), (૨), (૩), (૪) અને (૫) આ સાથેના પત્રક મુજબ. |
| (૨) સંસ્થાવાર કયા કયા હેતુ માટે કયા કયા ગામની જમીનની માંગણી કરવામાં આવી છે, | |
| (૩) આ સંસ્થાઓએ કઇ કઇ તારીખે જમીનની માંગણી કરી હતી, | |
| (૪) લાંબા સમયથી આ દરખાસ્તો પડતર રહેવાનાં કારણો શા છે, અને | |
| (૫) કેટલા સમયમાં દરખાસ્તોનો નિકાલ કરવામાં આવશે ? | |

**પત્રક**

| ક્રમ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ, સરનામું | અરજી કર્યા તારીખ | તાલુકો | ગામ | હેતુ | તા. ૩૧-૧-૧૩ સુધીમાં નિર્ણય થયેલ અરજીઓ | પડતર રહેવાના કારણો | ક્યા તબક્કે | કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | શ્રી સહારા ચેરીટેબલ ટ્રસ્ટ, ધોરાજી | ૧૬-૩-૧૨ | રાજકોટ તાલુકા | કોઠારીયા | આંખની હોસ્પિટલ | ૧ | - | માંગણી નામંજુર ૧૯-૭-૧૨ | - |
| ૨ | શ્રી સ્વામિનારાયણ સર્વોપરી સિધ્ધાંત દિગ્વિજય ટ્રસ્ટ, ગાંધીનગર | ૧૭-૫-૧૨ | રાજકોટ તાલુકા | માધાપર | બગીચા માટે | ૧ | - | માંગણી નામંજુર ૧૯-૬-૧૨ | - |
| ૩ | કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ,રાજકોટ | ૪-૧૨-૧૨ | રાજકોટ તાલુકા | મવડી | પશુ ચિકિત્સાલય તથા પશુપાલન માટે | ૧ | - | માંગણી નામંજુર ૧૧-૨-૧૩ | - |
| ૪ | બાલમુકુંદ એજ્યુકેશન એન્ડ ચેરી. ટ્રસ્ટમુ. વાગુદડ | ૫-૫-૧૨ | લોધીકા | વાગુદડ | શૈક્ષણિક હેતુ | ૧ | - | માંગણી નામંજુર ૨-૧૦-૧૨ | |
| ૫ | શ્રી આર.બી. કોઠારી પોલીડાયગ્નોસ્ટીક સેન્ટર, રાજકોટ | ૨૦-૭-૧૨ | રાજકોટ તાલુકા | રૈયા | નિદાન તથા ચિકિત્સા માટે | ૦ | તા. ૨૦-૮-૧૨ના પત્રથી સંસ્થાને પ્રોસેસ ફી ભરવા જાણ કરેલ છે. | અરજદારશ્રી પાસે | પ્રોસેસ ફી ભરપાઇ થયે વિચારણા કરવાની રહે છે. |
| ૬ | જયશ્રી ગાત્રાલ માતાજી ચેરી. ટ્રસ્ટ | ૯-૮-૧૨ | રાજકોટ તાલુકા | - | સેવાકીય હેતુ | ૦ | પ્રાથિમક અરજી છે. પુરતા આધાર પુરાવાઓ આવેલ નથી. | મામલતદાર કક્ષાએ | આધાર / પૂરવા રજૂ થયે વિચારણા કરવાની રહે છે. |
(૧) અને (૨) છેલ્લા પાંચ વર્ષમાં ૩ કલાક માટે વાહનવ્યવહાર બંધ રહેલ જે દરમ્યાન વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ રહેલ. તેથી હાલ આયોજન નથી.

---------

**ગીર પશ્ચિમ વન વિસ્તારમાં માલધારીઓને માલઢોર અને માલધારીઓ માટે પીવાના પાણીની મુશ્કેલી**

૧૬૩૪ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૨ ની સ્થિતિએ ઓછા વરસાદના કારણે ગીર પશ્ચિમ વન વિસ્તારમાં પ્રાણીઓ અને માલધારીના માલઢોર તથા માલધારીઓ પીવાના પાણીની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પીવાનું પાણી ઉપલબ્ધ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે આગામી સમયમાં પીવાના પાણીની કોઈ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે તે માટે આગોતરું આયોજન કરવામાં આવેલ છે.

---------

**ફોર્ડ પ્યુજોટ અને મારૂતિ કંપનીને આપેલ જમીન**

૨૬૯૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફોર્ડ પ્યુજોટ અને મારૂતિ કંપનીને રાજ્યમાં કોઇ જગ્યાએ જમીનો આપવામાં આવી છે, અને

(૨) જો હા, તો ક્યા પ્રકારની, કેટલી જમીન, કઇ જગ્યાએ, શા ભાવે, ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

ફોર્ડ અને મારૂતિ કંપનીને અમદાવાદ જિલ્લામાં જમીન ફાળવવામાં આવેલ છે, જ્યારે પ્યુજોટ કંપનીને જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) સામેલ **પત્રક** મુજબ

**પત્રક**

| સંસ્થાનું નામ | જમીનનો પ્રકાર | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ | ફાળવેલ જમીનનું સ્થળ | ભાવ | જમીન ફાળવણીની તારીખ |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ફોર્ડ ઈન્ડીયા પ્રા.લી. | સરકારી | હે. ૧૮૬–૩૬–૮૭ ચો.મી. | નોર્થ કોટપુરા તા. સાણંદ જી. અમદાવાદ | રૂા. ૧૧૦૦/– પ્રતિ.ચો.મી. | ૪.૧૦.૧૧ |
| મારૂતી સુઝુકી લી. | સરકારી | હે. ૨૫૯–૦૦–૮૦ ચો.મી. | હાંસલપુર તા. માંડલ જી. અમદાવાદ | રૂા. ૬૭૩ /–પ્રતિ. ચો.મી. | ૧૧.૯.૧૨ |
| | | હે. ૩૦–૩૫–૨૫ ચો.મી. | ઉઘરોજપુરા તા. માંડલ જી. અમદાવાદ | રૂા. ૩૮૫ /–પ્રતિ. ચો.મી. | |

---------

તા. ૮મી માર્ચ, ૨૦૧૩
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં ગેસની સુવિધા પૂરી પાડવા બાબત**

૧૮૬૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતા ગરમ પૌષ્ટિક આહાર માટે ગેસની સુવિધા પૂરી પાડવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ ગેસ આપવાના દર શું છે, અને

(૨)

| | | |
|---|---|---|
| ૧ | ગેસ સીલીન્ડર ડિપોઝીટ (પ્રતિ સિલીન્ડર) | રૂા. ૧૨૫૦/– |
| ૨ | રેગ્યુલેટર ચાર્જ | રૂા. ૧૫૦/– |
| ૩ | રબ્બર ટયુબ | રૂા. ૧૮૦/– |
| ૪ | પાસબુક | રૂા. ૪૫/– |
| ૫ | વહીવટી ખર્ચ | રૂા.૧૦૦/– |
| ૬ | હોટ પ્લેટ વેરીફીકેશન ચાર્જીસ / મીકેનીકલ ચાર્જીસ | રૂા. ૨૫૦/– |
| ૭ | ઈન્સ્ટોલેશન ચાર્જીસ | રૂા. ૪૫/– |
| ૮ | સ્ટેમ્પ ચાર્જીસ | રૂા. ૧૦૦/– |
| ૯ | ગેસ સ્ટવ આઈ.એસ.આઈ. માર્કવાળો ૧૮.૪૦ | રૂા. ૨૮૦૦/– |
| | **કુલ** | **રૂા. ૪૯૨૦/–** |

(૩) આંગણવાડીઓને અપાતા ગેસનો ખર્ચ કોણ ભોગવે છે ?

(૩) આંગણવાડીઓને અપાતા ગેસનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં રીકાર્પેટ થયા વગરના પ્લાન/નોન પ્લાન રસ્તાઓ**

૨૫૬૪ **શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૨ ની સ્થિતિએ સાત વર્ષથી વધુ સમયથી રીકાર્પેટ ન થયેલ પ્લાન અને નોન પ્લાન ક્યા ક્યા રસ્તાઓ બાકી છે,

(૧) **પરિશિષ્ટ મુજબ**

(૨) આ બધા જ રસ્તાઓ અવર–જવર અને વાહનવ્યવહાર માટે બીસ્માર હાલતવાળા છે તે બાબત સરકારના ધ્યાનમાં છે, અને

(૩) જો હા, તો સરકાર આ બધા રસ્તાઓનું રી કાર્પેટ કામ ક્યાં સુધી પૂર્ણ કરશે ?

(૨) અને (૩) રસ્તાઓ વાહનવ્યવહાર યોગ્ય છે. હાલ પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**પરિશિષ્ટ––૧**

| પ્લાન રસ્તાઓ | નોન પ્લાન રસ્તાઓ |
|---|---|
| ઉદરા રતનકુવા રોડ | ઉંદરા વીરવાણી રોડ |

| **પ્લાન રસ્તાઓ** | **નોન પ્લાન રસ્તાઓ** |
|---|---|
| મઘવાસ હરીજનવાસ | ફતાજીના ગોરાડા વાડીના ગોરાડા રોડ |
| ગોડના મુવાડા ચનસર ઝાંઝરી રોડ | પટ્ટણ ચંદપુર રોડ |
| ઉંટડી એ. રોડ | ઉચરપી કાણજાવ રોડ |
| રામપુર પાદેડી માનાજીના મુવાડા રોડ | માલના મુવાડા એ. રોડ |
| ગરીયા કોલવણ હાડોડ રોડ | ઉંટલી કસલાલ ચાંપેલી રોડ |
| શેણાદરીયા ગોરાડા ફતાજીના ગોરાડા મોવાસા રોડ | વાણીયાવાળા ગોરાડા એ. રોડ |
| મોતીપરા એ. રોડ | કોલવણ છાપરી રોડ |
| માળીયા એ. રોડ | ચપટીયા એ. રોડ |
| કોઠંબા પાલ્લા થાણાસાવલી રોડ | કાકચીયા એ. રોડ |
| ગોકળપરા એ. રોડ | મોટી પાલ્લી નાની પાલ્લી એ. રોડ |
| નવાગામ છાણી | ગોલાના પાલ્લા એ. રોડ |
| ઈસરોડા થી માળીયા | અરીઠા બ્રમપુરી રોડ |
| | સકલીયા એ. રોડ |
| **નોન પ્લાન રસ્તાઓ** | મોટા વાડોદર સવદસના મુવાડા ટાંકના મુવાડા રોડ |
| વાઢેલા ચાણી ગરજવા રોડ | ચારણગામ સાલાવાડા કસલાલ રોડ |
| કાલાખેતરા ઉંડાવા રોડ | ભલાડા તરણોચા દેગાવાડા ચાંપેલી રોડ |
| ધૂળેટા જલઈ રોડ | કાકાના ભેંસાવાડા એ. રોડ |
| દલેલપુરા મસાદરા | થાણાસાવલી એ. રોડ |
| દલેલપુરા રૂઝડા રોડ | ખારોલ ભોજા ભીમથલ રોડ |
| લીંવડીયા મૈયાપુર વાવો સાંપડીયા | જામાના મુવાડા એ. રોડ |
| ઘોઘાવાડ ભુવાબાર રોડ | ભાણપુર એ. રોડ |
| મોટા ખાનપુર નાના ખાનપુર રોડ | વીરણીયા મોટાડોકવા સબલપુર રોડ |
| વીરણીયા એ. રોડ | ભાયાસર ખોડા આંબા સાતતલાવ રોડ |

---------

**રાજુલા તાલુકાના કાતરથી બારમણ બે તાલુકાને જોડાતા રસ્તાની મંજૂરી**

૨૦૦૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજુલા તાલુકાના કાતર થી બારમણ બે તાલુકાને જોડતા રસ્તાનું કામ મંજૂર કરી બનાવવા માટે તા.૩૧-૧૨-૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કોઇ દરખાસ્ત આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બે તાલુકાને જોડતો ટૂંકો રસ્તો બનાવવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) હાલ આયોજન નથી. |

---------

**અમદાવાદ સહિત અન્ય શહેરોમાં બી.આર.ટી.એસ. પ્રોજેક્ટના બાકી કામો**

૨૮૫૯ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૦૧-૨૦૧૩ ની સ્થિતિએ અમદાવાદ અને | બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ હેઠળ શહેર વાર કામોની |

અન્ય શહેરોમાં બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ હેઠળ કેટલા કામો બાકી છે?

વિગત નીચે મુજબ છે.

| ક્રમ | અમદાવાદ | સુરત | રાજકોટ |
|---|---|---|---|
| ૧ | ફેઝ–૧માં ૧૨ કિ.મી.નું ડીપીઆર–૧ મુજબનું કામ ૧૦૦% પૂર્ણ થયેલ છે. | ૩૦ કિ.મી. પૈકીનું ૫૦% કામ બાકી છે. | ૧૦૦% કામો પૂર્ણ થયેલ છે. |
| ૨ | ફેઝ–૧માં ૪૬ કિ.મી.નું ડીપીઆર–૨ મુજબનું કામ ૧૦% બાકી છે. | | |
| ૩ | ફેઝ–૨માં ૩૧ કિ.મી.નું ડીપીઆર–૧ મુજબનું કામ ASI ના વાંધાના કારણે ૩૮ % બાકી છે. | | |

---------

## માળિયાથી જામનગર સુધીનો રસ્તો ચોમાસામાં બિસ્માર થવા બાબત

૩૩૭૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કોસ્ટલ હાઇવે નં.૬ જે માળીયાથી જામનગર સુધી લંબાયેલો છે તેમાં ચોમાસા દરમ્યાન પ્રતિ વર્ષ પાણીનો નિકાલ ન થવાથી જોડિયા તાલુકાના (૧) ખારસીયાથી આમરણ વચ્ચે (૨) દૂધઇથી તારાણા વચ્ચેનો રસ્તો તથા (૩) મોરાણાથી ભાદરા પાટીયા વચ્ચેનો રસ્તો બિસ્માર થઇ જાય છે, તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) (૧) કોસ્ટલ હાઇવે નં.૬ માળીયાથી જામનગર સુધી લંબાયેલો છે તેમાં જોડિયા તાલુકાના (૧) ખારચીયાથી આમરણ (૨) દૂધઈથી તારાણા (૩) મોરાણાથી ભાદરા પાટીયા વચ્ચેનો રસ્તો ચોમાસા દરમ્યાન પાણીનો સંપૂર્ણપણે નિકાલ થઈ જતો હોય જેથી વરસાદના પાણીના નિકાલ ન થવાથી રસ્તો બિસ્માર થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં નદીઓ ઉપર પૂલ બાંધવાની મંજૂરીઓ

૩૩૭૧ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ માં જૂનાગઢ જિલ્લામાં કઇ કઇ નદીઓ પર કેટલા પૂલ બાંધવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તેમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| ૧. | નારીયેલો નદી પર | ૧ |
| ૨. | હિરણ નદી પર | ૧ |
| ૩. | પ્રજમી નદી પર | ૨ |
| ૪. | ઉબેણ નદી પર | ૧ |
| ૫. | સીંગોળા નદી પર | ૧ |
| ૬. | બંધુકીયા નદી પર | ૩ |
| ૭. | સાંબલ નદી પર | ૧ |
| ૮. | સાંગાવાડી નદી પર | ૧ |
| ૯. | ઉતાવળી નદી પર | ૧ |
| ૧૦. | ખરેડો નદી પર | ૧ |
| ૧૧. | નેત્રાવડી નદી પર | ૧ |
| ૧૨. | સોમત નદી પર | ૧ |

(૨) રૂ. ૨૧૨૦.૦૦ લાખ

| | |
|---|---|
| (૩) પૂલ બાંધવાની કામગીરી હાલમાં ક્યા તબક્કે છે ? | (૩) ૪ પુર્ણ<br>૭ પ્રગતિમાં<br>૨ ટેન્ડર પ્રક્રિયામાં<br>૨ સર્વે ઈન્વેસ્ટીગેશન પ્રક્રિયામાં |

---------

**રાજકોટ અને કચ્છ જિલ્લામાં ઉદ્યોગ ગૃહોને ઔદ્યોગિક હેતુ માટે આપેલ જમીન**

૨૯૧૨ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને કચ્છ જિલ્લામાં કયા કયા ઉદ્યોગ ગૃહને ઔદ્યોગિક હેતુ માટે કયા કયા ગામની કેટલી જમીન શા ભાવ થી મંજૂર કરવામાં આવી, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) કયા કયા ઉદ્યોગ ગૃહોની કયા કયા વિસ્તારની જમીનર્ની માંગણી પડતર છે, અને<br>(૩) આ માંગણી પડતર રહેવાનાં કારણો શા છે? | (૨) અને (૩) ***પત્રક ૨** મુજબ |

**પત્રક-૧ (રાજકોટ)**

| **ક્રમ** | **ઉદ્યોગગૃહનું નામ** | **હેતુ** | **મોજે/ગામ/તાલુકો** | **ફાળવેલ જમીનનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.** | **ભાવ (પ્રતિ ચો.મી.)** |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | શ્રી ભીમશીભાઈ ખીમાભાઈ તથા શ્રી ધીરૂભાઈ ભાવુભાઈ | હોટલ ઉદ્યોગ | વિંછીયા જસદણ | ૦-૦૨-૦૦ | ૨૨૪૩ |
| ૨ | શ્રી અતુલકુમાર બાબુલાલ ઠુમર | ઔદ્યોગિક હેતુ | વાગુદડ લોધિકા | ૦-૨૦-૦૦ | ૧૬૮૦ |
| ૩ | શ્રી વૃજલાલ મેઘજીભાઈ ઠુમર | ઔદ્યોગિક હેતુ | વાગુદડ લોધિકા | ૦-૨૦-૦૦ | ૧૬૮૦ |
| ૪ | શ્રી ગુણવંતરાય વી. ગઢવી | હોટલ ઉદ્યોગ | ગારીડા વાંકાનેર | ૦-૧૬-૭૨ | ૫૮૫ |
| | **પત્રક-૧ (કચ્છ)** | | | | |
| ૧ | શ્રી કોસ્ટલ ગુજરાત પાવર લી. નવી દિલ્હી | પાવર પ્રોજેક્ટ | ત્રગડી તા. માંડવી | ૩૨-૩૭-૬૦ | ૧૬૦/- |
| ૨ | શ્રી કોસ્ટલ ગુજરાત પાવર લી. નવી દિલ્હી | પાવર પ્રોજેક્ટ | ટુન્ડા, તા. મુંદરા | ૦-૨૯-૯૬ | ૩૩.૮૩/- |
| ૩ | શ્રી એ.બી.જી. સિમેન્ટ, અ.વાદ | સિમેન્ટ પ્રોજેક્ટ | અકરી મોટી, તા. અબડાસા | ૨-૩૩-૫૨ | ૮૫/- |
| ૪ | શ્રી બાલક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ લી. | ટાયર ટ્યુબ | પદ્ધર, તા. ભુજ | ૧૦-૧૮-૦૪ | ૪૪૨/- |
| ૫ | શ્રી ઓ.પી.જી. પાવર ગુજરાત પ્રા. લી. | પાવર પ્રોજેક્ટ | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૧૩-૪૨-૧૪ | ૯૫૫/- |

**પત્રક-૨ (રાજકોટ)**

| **ક્રમ** | **માંગણી કરનાર ઉદ્યોગગૃહનું નામ** | **કયા વિસ્તારની જમીનની માંગણી પડતર છે.** | **માંગણી પડતર રહેવાના કારણો** |
|---|---|---|---|
| ૧ | શ્રી પુજા પ્રિન્ટર્સ | જમીન : ગવરીદડ, (તા. રાજકોટ) સ.નં. ૫૦૭ | નિયત ચેકલીસ્ટ મુજબ સ્થળ તપાસ તેમજ સાધનિક કાગળો તૈયાર કરવાના કારણે પેન્ડીંગ |
| ૨ | પ્રજાહિત પાક્ષિક | જમીન : આણંદપર, (તા. રાજકોટ) સ.નં. ૨૦૭ | અરજદાર દ્વારા માંગણી ના સંદર્ભે માંગેલ પુર્તતા રજુ ન થવાના કારણે પેન્ડીંગ |
| ૩ | શ્રી કેપ્ટન ટ્રેક્ટર્સ પ્રા. લી. | જમીન : શાપર, (તા. | તા. ૭-૧-૨૦૧૩ના પત્રથી મામલતદારશ્રી પાસે |

| ક્રમ | માંગણી કરનાર ઉદ્યોગગૃહનું નામ | કયા વિસ્તારની જમીનની માંગણી પડતર છે. | માંગણી પડતર રહેવાના કારણો |
|---|---|---|---|
| | | કોટડાસાંગાણી) | તપાસ/પુર્તતા માંગેલ છે. |
| ૪ | બાયોમાસ બ્રીકિટસ | જમીન : માખાવડ, (તા.લોધિકા) સ.નં. ૨૫૬ પૈકી ૩૫ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો અભિપ્રાય અર્થે પડતર |
| ૫ | શ્રી રામરાજય ઈન્ટરનેશનલ ગોંડલ | જમીન : થોરાળા, (તા. જેતપુર) સ.નં. ૧૭૪ પૈકી અને સ. નં. ૧૭૫ | પ્રાંત અધિકારીશ્રી, મોરબી પાસે તપાસ અર્થે પેન્ડીંગ |
| ૬ | કોરોસ્ટાર સીરામીક–મોરબી | જમીન : મકનસર, (તા. મોરબી) સ.નં. ૧૩૩ પૈકી | પ્રાંત અધિકારીશ્રી, મોરબી પાસે તપાસ અર્થે પેન્ડીંગ |
| ૭ | સેન્ટોસા ગ્રેનાઈટો–મોરબી | જમીન : મકનસર, (તા. મોરબી) સ.નં. ૧૩૩ પૈકી | પ્રાંત અધિકારીશ્રી, મોરબી પાસે તપાસ અર્થે પેન્ડીંગ |
| ૮ | કોલેસ્ટ્ર વિટ્રીફાઈડ–મોરબી | જમીન : મકનસર, (તા. મોરબી) સ.નં. ૧૩૩ પૈકી | પ્રાંત અધિકારીશ્રી, મોરબી પાસે તપાસ અર્થે પેન્ડીંગ |
| ૯ | રોયલ સેલીબ્રેસન્સ C /O ધી ગોંડલ ઓઈલ મીલ્સ એન્ડ ટ્રેડર્સ પ્રા. લી. ગોંડલ | જમીન : નવાગામ, (તા. ગોંડલ) સ.નં. ૯૫ પૈકી ૨ | સ્થળ તપાસ ઉપર પેન્ડીંગ |
| ૧૦ | શ્રી કેપ્ટન ટ્રેકટર્સ પ્રા. લી. | જમીન :શેમળા, (તા. ગોંડલ) સ.નં. ૬૫ પૈકી | અરજદાર કંપની પાસે પૂર્તતા અર્થે પેન્ડીંગ તથા જમીનની ઉપલબ્ધી અંગે જરૂરિયાત અંગે |
| ૧૧ | અરીહંત ઈન્ડસ્ટ્રીઝ | જમીન :વાજડીવડ, (તા. લોધિકા) સ.નં. ૧૦૦ પૈકી | (૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા (૨) રૂડાના અભિપ્રાય અર્થે પડતર |
| ૧૨ | યજન રીફ્રેકટરીજ | જમીન : હસનપર, (તા. વાંકાનેર) સ.નં. ૧૨૮ પૈકી ૧ | પ્રાંત અધિકારીશ્રી, વાંકાનેર તરફથી તાજેતરમાં મળેલ હોવાથી |
| ૧૩ | વાંકાનેર સીરામીક ઉદ્યોગ સહકારી મંડળી | જમીન : સરધારકા, (તા. વાંકાનેર) સ.નં. ૭૩૯ પૈકી | મામલતદારશ્રી પાસે તપાસ પુર્તતા અર્થે પડતર |
| ૧૪ | વિમલ સીરામીક ઈન્ડસ્ટ્રીઝ | જમીન : ધમલપુર, (તા. વાંકાનેર) સ.નં. ૧૦૯ પૈકી | મામલતદારશ્રી પાસે તપાસ અર્થે પડતર |
| ૧૫ | વાઘાણી ભરતભાઈ બાબુભાઈ | જમીન :જાલીડા, (તા. વાંકાનેર) સ.નં. ૧૫૬ પૈકી ૧ | મામલતદારશ્રી પાસે તપાસ અર્થે પડતર |
| ૧૬ | પંકજ પોટરીઝ–મોરબી | જમીન : લીલાપર, (તા. મોરબી) સ.નં. ૨૩૦ પૈકી સ. નં. ૧૫૮ | પ્રાંત અધિકારીશ્રી મોરબી પાસે તપાસ અર્થે પેન્ડીંગ |
| ૧૭ | શ્રી અતુલ મોટર્સ પ્રા. લી. રોજકોટ | જમીન : આણંદપર, (તા. નવાગામ) તા. રાજકોટના સ.નં. ૨૦૭ | કલેકટરશ્રીએ ૮–૨–૧૩ના પત્રથી લેન્ડ યુઝ પ્લાન ની વિગતો રજુ કરવા અરજદારને જણાવેલ છે વિગતો રજુ થયેલ નથી. |
| ૧૮ | શ્રી અતુલ ઓટો પ્રા. લી. રાજકોટ | જમીન : આણંદપર, (તા. નવાગામ) તા. રાજકોટના સ.નં. ૨૦૭ | કલેકટરશ્રીએ ૮–૨–૧૩ના પત્રથી લેન્ડ યુઝ પ્લાન ની વિગતો રજુ કરવા અરજદારને જણાવેલ છે વિગતો રજુ થયેલ નથી. |

**પત્રક–૨ (કચ્છ)**

| ક્રમ | માંગણી કરનાર ઉદ્યોગગૃહનું નામ | કયા વિસ્તારની જમીનની માંગણી પડતર છે. | માંગણી પડતર રહેવાના કારણો |
|---|---|---|---|

| ક્રમ | માંગણી કરનાર ઉદ્યોગગૃહનું નામ | કયા વિસ્તારની જમીનની માંગણી પડતર છે. | માંગણી પડતર રહેવાના કારણો |
|---|---|---|---|
| ૧ | શ્રી એશિયા મોટર વર્કસ લી. | કનૈયાબે, તા. ભુજ | દિવાની દાવો ચાલુમાં હોવાથી સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવા પર બાકી |
| ૨ | ઈન્ડીયન ઈન્ફ્રાસ્ટ્રકચર કોર્પો. લી. | ત્રગડી, તા. માંડવી | મુલ્યાંકન ને બે વર્ષ પૂર્ણ થતાં નગર નિયોજકશ્રીને મૂલ્યાંકન માટે તા. ૦૧-૦૯-૨૦૧૨ના લખેલ છે. |
| ૩ | શ્રી સીલેન્ડ પોર્ટસ પ્રા. લી. | ઉનડોઠ, તા. માંડવી | રા. ક.મુ. સમિતિએ ઉધોગ વિભાગનો અભિપ્રાય માંગેલ છે. |
| ૪ | શ્રી સીલેન્ડ પોર્ટસ પ્રા. લી. | ગોધરા, તા. માંડવી | રા. ક.મુ. સમિતિએ ઉધોગ વિભાગનો અભિપ્રાય માંગેલ છે. |
| ૫ | શ્રી રેણુકા સુગર્સ લી. | ભારાપર, તા. ગાંધીધામ | રા. ક.મુ. સમિતિ માટે રજુઆતમાં છે. |
| ૬ | શ્રી યુરો સીરામીકસ લી. | ભચાઉ, તા. ભચાઉ | કલે. શ્રી. એ તા. ૧૮-૧૦-૨૦૧૧ના પત્રથી નગર નિયોજકશ્રી, ભુજને મુલ્યાંકન માટે લખવામાં આવેલ છે. નગર નિયોજકશ્રીની કચેરીમાં બાકી. |
| ૭ | શ્રી આઈ.એલ.એન્ડ એફ.એસ. રીન્યુઅલ એનર્જી લી. | ચરાખડા, તા. નખત્રાણા | આ કામે સ્થાનિકે સીવીલ કોર્ટમાં દાવો પેન્ડીંગ હોવાથી પ્રકરણ બાકીમાં છે. |
| ૮ | રીલાયન્સ સીમેન્ટ પ્રા. લી. | ભુઆ તથા ઉકીર, તા. અબડાસા | કલે. શ્રી. એ તા. ૧૯-૦૬-૨૦૧૨ના પત્રથી શ્રી નાયબ વન સંરક્ષકશ્રી, ભુજ તથા ભુસ્તરશાસ્ત્રીનો અભિપ્રાય માંગેલ છે. જે રજુ થયેલ ન હોતા બાકી. |
| ૯ | શ્રી જી.એમ.ડી.સી. લી. તથા જયપ્રકાશ ઈન્ડસ્ટીઝનું સંયુક્ત સાહસ | શિણાપર, તા. લખપત | કલે. શ્રી. એ તા. ૨૫-૦૫-૨૦૧૧ના પત્રથી નગર નિયોજકશ્રીને ફેર મુલ્યાંકન માટે લખેલ છે. જે થયેલ નથી. |
| ૧૦ | શ્રી એ. બી. જી. સિમેન્ટ લી. | કરમટા તથા નાની બેર, તા. અબડાસા | કલે. શ્રી. એ તા. ૨૮-૦૧-૨૦૧૧૩ના પત્રથી મામલતદારશ્રી અબડાસાને પુર્તતા માટે લખેલ છે. જે રજુ થયેલ ન હોઈ. |
| ૧૧ | શ્રી એ. બી. જી. સિમેન્ટ લી. | થુમડી તથા અકરી મોટી, તા. અબડાસા | કલે. શ્રી. એ તા. ૨૧-૧૧-૨૦૧૨ના પત્રથી મામલતદારશ્રી અબડાસાને પુર્તતા માટે લખેલ છે. જે રજુ થયેલ ન હોઈ . |
| ૧૨ | શ્રી એ.બી.જી. સિમેન્ટ લી. | અકરી મોટી, તથા નાની બેર તા. અબડાસા | કલે. શ્રી. એ તા. ૨૩-૧૧-૨૦૧૨ના પત્રથી મામલતદારશ્રી અબડાસાને પુર્તતા માટે લખેલ છે. જે રજુ થયેલ નથી. |
| ૧૩ | સાંઘી એનર્જી લી. | અકરી મોટી, તા. અબડાસા | પ્રોજેક્ટની વાયેબીલીટી ચકાસવા રા.ક.સ.એ પ્રકરણ મુલત્વી રાખેલ છે. |

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં કલેકટર કચેરીમાં મહેસૂલી પડતર તુમારો

૩૩૨૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં કેટલા મહેસુલી તુમારો જિલ્લા કલેકટર કચેરીમાં પડતર છે,

(૨) આ તુમારો કેટલા સમયથી પડતર છે,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં **૧૭૪** અને ખેડા જિલ્લામાં **૧૦૦**

(૨) પડતર તુમારો વર્ષવાર નીચે મુજબ છે.

| | આણંદ | ખેડા |
|---|---|---|
| ૧ વર્ષ ઉપરના | ૨૨ | ૦૮ |
| ૬ થી ૧૨ માસના | ૫૪ | ૦૬ |

| | | |
|---|---|---|
| ૬ માસથી નીચેના | ૯૮ | ૮૬ |
| **કુલ** | **૧૭૪** | **૧૦૦** |

(૩) લાબાં સમયથી તુમારો પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) કલેક્ટર કચેરીનું મહેકમ વસ્તી ગણતરી, મતદારયાદી, આધારકાર્ડ, વિધાનસભાની ચૂંટણી જેવી સમયમર્યાદાવાળી કામગીરીમાં રોકાયેલ હોવાથી.

(૪) તમામ પડતર તુમારો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) પડતર તુમારમાંથી જાન્યુઆરી-૨૦૧૩ અંતિત આણંદ જિલ્લાના ૮૨ અને ખેડા જિલ્લાના ૭૬ તુમારોનો નિકાલ થઇ ગયેલ છે. બાકી રહેલ તુમારોની નિકાલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

## દાહોદ જિલ્લામાં ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા પરાઓને પાકા રસ્તાથી જોડવા બાબત

૨૪૭૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા પરાને પાકા રસ્તાથી જોડવા છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલી રકમના કામો કયારે મંજૂર કરેલ છે,

(૧) વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં નીચે મુજબ

| તાલુકો | રકમ રૂા. લાખમાં |
|---|---|
| દાહોદ | ૧૯૮૫.૯૯ |
| ગરબાડા | ૩૫.૦૦ |
| લીમખેડા | ૨૦૫૯.૯૬ |
| ધાનપુર | ૧૪૪૧.૩૭ |
| ઝાલોદ | ૩૪૧૨.૫૧ |
| ફતેપુર | ૨૬૦૩.૫૩ |
| દે. બારીયા | ૩૦૬૯.૨૮ |

(૨) તે અન્વયે કેટલા પરાને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા, અને

(૨) ૬૧ પરાને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા.

(૩) બાકી રહેલ પરાઓ કેટલા સમયમાં પાકા રસ્તાથી જોડવામાં આવશે?

(૩) પ્રગતિમાં હોઈ બનતી ત્વરાએ.

---------

## કચ્છ જિલ્લાના નખત્રાણા ગામે બાયપાસ રોડની દરખાસ્ત

૧૯૫૧ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના નખત્રાણા ગામના બાયપાસ રોડની દરખાસ્ત કયા તબક્કે છે, અને

(૧) હાલ આયોજન નથી.

(૨) કેટલા સમયમાં બાયપાસ રોડ બનાવવામાં આવશે?

(૨) બાયપાસ માટે વિવિધ દરખાસ્તોની અંદરોઅંદરની અગ્રતા તથા નાણાંકીય ઉપલબ્ધતા ધ્યાને લઈ નિર્ણયનું આયોજન છે.

---------

## ગાંધીનગર મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આપેલ ગ્રાન્ટ

૨૧૩૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર મહાનગરપાલિકાને તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં રાજ્ય અને કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ કયા કયા હેડ હેઠળ આપી,

(૧)

| આપેલ ગ્રાન્ટ | ૨૦૧૧ | ૨૦૧૨ | કુલ |
|---|---|---|---|
| રાજ્ય | ૧૪.૭૦ | ૩૮.૩૧ | ૫૩.૦૧ |

| | | | |
|---|---|---|---|
| કેન્દ્ર | ૦.૩૫ | ૧.૧૭ | ૧.૫૨ |
| કુલ | ૧૫.૦૫ | ૩૯.૪૮ | ૫૪.૫૩ |

હેડવાર વિગતો સામેલ **પત્રક** મુજબ

(૨) ઉપરોક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ મળવાપાત્ર થાય છે, અને

(૩) રાજ્ય સરકાર દ્વારા પુરતી ગ્રાન્ટ ન મળવાના કારણો શાં છે?

(૨) યોજનાની જોગવાઇઓ તેમજ મહાનગરપાલિકાઓની દરખાસ્તો મુજબ ગ્રાન્ટ મળવાપાત્ર થાય છે.

(૩) નિયત ધોરણ મુજબ ગ્રાન્ટ આપવામાં આવતી હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **ક્રમ** | **યોજનાનું નામ** | **ફાળવેલ** | | |
|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૧** | **વર્ષ ૨૦૧૨** | **કુલ** |
| ૧ | ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૧૪,૨૦,૦૦,૦૦૦ | ૧૧,૦૦,૦૦,૦૦૦ | ૨૫,૨૦,૦૦,૦૦૦ |
| ૨ | મનોરંજન કર, કેબલ ટીવી | ૧૮,૮૫,૦૪૦ | ૧૯,૭૬,૪૩૬ | ૩૮,૬૧,૪૭૬ |
| ૩ | મનોરંજન કર, SCSP | ૯૧,૩૯૬ | ૯૧,૩૯૬ | ૧,૮૨,૭૯૨ |
| ૪ | ગુડ ગવર્નન્સ | ૧,૮૧,૮૭૫ | ૬,૦૧,૮૨૪ | ૭,૮૩,૬૯૯ |
| ૪ (અ) | કોમ્પ્યુટર ખરીદી ગ્રાન્ટ | ૭,૫૦,૦૦૦ | ૦ | ૭,૫૦,૦૦૦ |
| ૫ | જમીન મહેસુલ, બીનખેતી આકાર, લોકલ ફંડ સેસ | ૯,૧૭,૨૬૩ | ૧૮,૩૪,૫૨૬ | ૨૭,૫૧,૭૮૯ |
| ૬ | વ્યવસાય વેરો ૫૦ ટકા | ૦ | ૧,૩૦,૧૭,૦૩૩ | ૧,૩૦,૧૭,૦૩૩ |
| ૭ | સ્વર્ણીમ જયંતિ ઉજવણી | ૧૨,૦૦,૦૦૦ | ૦ | ૧૨,૦૦,૦૦૦ |
| ૮ | સ્વર્ણિમ જયંતિ શ.વિ.યોજના UDP – 57 | ૦ | ૧૪,૦૦,૦૦,૦૦૦ | ૧૪,૦૦,૦૦,૦૦૦ |
| ૯ | સ્વર્ણિમ જયંતિ શ.વિ.યોજના UDP – 78 | ૦ | ૧૧,૨૫,૦૦,૦૦૦ | ૧૧,૨૫,૦૦,૦૦૦ |
| ૧૦ | નિર્મળ ગુજરાત | ૦ | ૧૧,૦૩,૪૯૨ | ૧૧,૦૩,૪૯૨ |
| ૧૧ | મીશન મંગલમ | ૦ | ૩,૮૪,૦૦૦ | ૩,૮૪,૦૦૦ |
| ૧૨ | સ્વામી/વિવેકાનંદ યુવમંડળ/કેન્દ્ર રમતગમતના સાધનો પુરા પાડવા | ૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧૩ | ઉમ્મિદ | ૦ | ૨,૫૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ |
| ૧૪ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (USEP SUB) | ૦ | ૪,૭૯,૫૦૦ | ૪,૭૯,૫૦૦ |
| ૧૫ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (UWEP SUB) | ૦ | ૨,૨૩,૫૦૦ | ૨,૨૩,૫૦૦ |
| ૧૬ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (UWEP REV FUND) | ૦ | ૫૨,૭૫૦ | ૫૨,૭૫૦ |
| ૧૭ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (USEP) | ૦ | ૪,૩૫,૫૦૦ | ૪,૩૫,૫૦૦ |
| | **કુલ** | **૧૪,૭૦,૨૫,૫૭૪** | **૩૮,૩૧,૪૯,૯૫૭** | **૫૩,૦૧,૭૫,૫૩૧** |

**ગાંધીનગર મહાનગરપાલિકાને કેન્દ્ર સરકાર તરફથી આપેલ ગ્રાન્ટની વિગતો** **રકમ રૂ.**

| ક્રમ | યોજનાનું નામ | ફાળવેલ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૧ | વર્ષ ૨૦૧૨ | કુલ |
| ૧ | ૧૩મું નાણાંપંચ | ૩૪,૬૮,૫૮૪ | ૭૪,૫૩,૭૮૯ | ૧,૦૯,૨૨,૩૭૩ |
| ૨ | ઉમ્મિદ | ૦ | ૭,૫૦,૦૦૦ | ૭,૫૦,૦૦૦ |
| ૩ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (USEP SUB) | ૦ | ૧૪,૩૮,૫૦૦ | ૧૪,૩૮,૫૦૦ |
| ૪ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (UWEP SUB) | ૦ | ૬,૭૦,૫૦૦ | ૬,૭૦,૫૦૦ |
| ૫ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (UWEP REV FUND) | ૦ | ૧,૫૮,૨૫૦ | ૧,૫૮,૨૫૦ |
| ૬ | સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (USEP) | ૦ | ૧૩,૦૬,૫૦૦ | ૧૩,૦૬,૫૦૦ |
| | **કુલ** | **૩૪,૬૮,૫૮૪** | **૧,૧૭,૭૭,૫૩૯** | **૧,૫૨,૪૬,૧૨૩** |
| | **એકંદર કુલ** | **૧૫,૦૪,૯૪,૧૫૮** | **૩૯,૪૯,૨૭,૪૯૬** | **૫૪,૫૪,૨૧,૬૫૪** |

---------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઉદ્યોગ ગૃહોને જમીન આપવા બાબત**

૨૦૭૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઉદ્યોગ ગૃહોને કુલ કેટલી સરકારી જમીન ફાળવવામાં આવી,

(૨) તે પૈકી દરેક ઉદ્યોગ ગૃહોને કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૩) તે દરેક જિલ્લામાં કયા કયા ભાવે જમીન ફાળવવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને ૩ : સામેલ **પત્રક** મુજબ

**પત્રક (બનાસકાંઠા)**

| ક્રમ | ઉદ્યોગ ગૃહનું નામ | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.) | ભાવ |
|---|---|---|---|
| ૧ | સુથાર મફાભાઈ દાંનાભાઈ | ૦–૪૦–૪૭ | પ્ર.ચો.મી. રૂા. ૩૬૫/– |
| ૨ | ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લી. | ૦–૩૦–૦૦ | પ્ર.ચો.મી. રૂા. ૨૮૫/–ની અઢી ગણી રકમ |
| ૩ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ., ગાંધીનગર | ૫૧૦–૩૧–૩૧ | આગોતરો કબજો સોંપેલ છે. |
| ૪ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ., ગાંધીનગર | ૮૧–૭૫–૩૮ | આગોતરો કબજો સોંપેલ છે. |
| ૫ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ., ગાંધીનગર | ૧૮૬–૬૨–૯૩ | આગોતરો કબજો સોંપેલ છે. |
| | કુલ હે.આ.પ્ર.આરે. | ૭૭૯–૪૦–૦૯ | |
| | **પાટણ જિલ્લો** | | |
| ૧ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ., ગાંધીનગર | ૧૦૨૦–૦૦–૦૦ | પ્ર.ચો.મી. રૂા. ૧૧૦/– |
| ૨ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ., ગાંધીનગર | ૧૩૧–૯૭–૯૦ | પ્ર.ચો.મી. રૂા. ૨૪૦/– |

| | | | |
|---|---|---|---|
| ૩ | જય હિંદ પ્રોજેક્ટસ લી. અમદાવાદ | ૦૦-૧૦-૦૦ | પ્ર.ચો.મી. રૂા. ૨૨૦/- |
| ૪ | કિન્ટેક સેનર્જી પ્રા. લી., અમદાવાદ | ૯૧-૫૦-૦૦ | વાર્ષિક રૂા. ૧૦,૦૦૦ ના ભાડાપટ્ટે |
| ૫ | શ્રી મારૂતી વિન્ડપાર્ક (ઈ) પ્રા. લી. રાજકોટ | ૭૯-૦૦-૦૦ | વાર્ષિક રૂા. ૧૦,૦૦૦ ના ભાડાપટ્ટે |
| | **કુલ હે.આ.પ્ર.આરે** | **૧૨૪૩-૫૭-૯૦** | |

---------

**વડોદરા અને રાજકોટ જિલ્લામાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહેતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફૂડબીલ ચૂકવવા બાબત**

૨૬૭૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા તથા રાજકોટ જિલ્લામાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કેટલી રકમનું ફૂડબીલ ચુકવવામાં આવ્યું, | (૧) વડોદરા જિલ્લામાં દરખાસ્ત ન મળેલ હોવાથી ચૂકવેલ નથી. રાજકોટ જિલ્લામાં રૂા. ૧૩.૩૫ લાખ ચૂકવેલ છે. |
| (૨) કેટલા વિદ્યાર્થીઓને ફૂડબીલ ચુકવેલ નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ફૂડબીલ નહી ચૂકવવાના કારણો શા છે? | (૩) દરખાસ્ત ન મળવાથી. |

---------

**આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચાલતી આશ્રમશાળામાં શિક્ષકોની ભરતી કરવા બાબત**

૨૮૭૮ **શ્રી અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચાલતી આશ્રમશાળાઓમાં તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા કેટલા સમયથી શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી, | (૧) તા. ૨૨-૧-૨૦૧૩થી. |
| (૨) આશ્રમશાળામાં શિક્ષકોની ભરતી ન કરવાના કારણો શા છે, અને | (૨) કોર્ટ કેસોના કારણે તેમજ છઠ્ઠા પગારપંચ મુજબનું પગાર ધોરણ મંજુર થતાં રદ થયેલ જગ્યાઓ મંજુર કરાવવાની વહીવટી પ્રક્રિયા અને આચાર સંહિતા જેવા કેટલાક કારણોસર ભરતીમાં વિલંબ થયેલ છે. |
| (૩) હવે કયાં સુધીમાં આ ભરતી કરવામાં આવશે? | (૩) કોર્ટ કેસોનો નિકાલ થયેથી તેમજ રદ થયેલ જગ્યાઓ મંજુર થયેથી. |

---------

**સૌરાષ્ટ્રના જિલ્લામાં અને કચ્છ જિલ્લામાં ઓછા વરસાદને કારણે અછતગ્રસ્ત જાહેર કરેલ ગામડાઓ**

૧૬૩૫ **શ્રી જસુભાઈ ધા. બારડ(તાલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ રાજયમાં ઓછા વરસાદના કારણે સૌરાષ્ટ્રના જિલ્લા અને કચ્છ જિલ્લાના કેટલા ગામડાઓને અછત કે અર્ધ અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) શૂન્ય |
| (૨) જો હા, તો કયારે , અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો જાહેર નહીં થવાના કારણો શા છે? | (૩) રાજયમાં ખરીફ પાક-૧ અન્વયે મળેલ આનાવારી અનુસાર આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

---------

**રાજુલા તાલુકાના રાજુલા-થોરડી-સાવરકુંડલા અને રાજુલાથી વાવેરા રોડને જોડતો રસ્તો મંજૂર કરવા બાબત**

૨૦૦૭ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૮મી માર્ચ, ૨૦૧૩

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજુલા તાલુકાના રાજુલા–થોરડી–સાવરકુંડલા અને રાજુલાથી વાવેરા રોડને જોડતો રસ્તો બનાવવાનું કામ મંજૂર કરાયેલ છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેને માટે કેટલી રકમ મંજૂર કરાયેલ છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે? | |

---------

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલાઓને શુભેચ્છાઓ)

શ્રીમતી આનંદીબેન પટેલ (મહેસુલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આઠમી માર્ચ છે, વિશ્વ મહિલા દિન તરીકે પૂરા વિશ્વની અંદર મહિલાઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવતી હોય છે. મહિલાઓ માટે એનું સશક્તિકરણ થાય, એના શિક્ષણનું કામ થાય, એના આરોગ્યની સેવાઓ થાય, એના માટે કામ થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, નારી એ સાક્ષાત શક્તિ સ્વરૂપા છે. ગૃહથી લઇને ગ્લેમર સુધી, ખેતરથી લઇને ખેલજગત સુધી, શિક્ષણથી લઇને સૈન્ય સુધી, કુટિર ઉદ્યોગથી લઇને કોર્પોરેટ વર્લ્ડ સુધી અને ઓટોમોબાઇલથી લઇને અંતરિક્ષ સુધી દુનિયાનું એવું કોઇ ક્ષેત્ર નથી જેને નારીએ પોતાની આગવી શક્તિઓથી અજવાળ્યું ન હોય. નારીને આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ શક્તિ સ્વરૂપા ગણાવાઇ છે, અને તેણે દરેક યુગમાં પોતાની પ્રતિભાના પરચા આપ્યા છે. આઠ માર્ચના રોજ આજે આખી દુનિયા આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવી રહી છે ત્યારે સાક્ષાત શક્તિ સ્વરૂપા નારીઓની વિજયગાથાના ગૌરવપૂર્ણ સંભારણા સાથે તમામ મહિલાઓને અમે સૌ સો સો સલામ કરીએ છીએ. દેશની અને વિશ્વની સૌ મહિલાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આઠમી માર્ચના દિને આ લોકસભાના અધ્યક્ષશ્રી પણ મહિલા છે, રાજયના ગવર્નર પણ મહિલા છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે હું વિશ્વની સર્વે મહિલાઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ, (આ તબકકે મહિલા ધારાસભ્યશ્રીઓ ઉભા થતાં) એક મિનિટ, એક મિનિટ.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન હોવાથી ગુજરાત સરકાર દ્વારા જે પચાસ ટકા મહિલા અનામત બિલ પાસ કર્યું છે એ બિલને મંજૂરી આપવા માટે થઇ વિનંતી કરવા માટે અમે ઉભા થયા છીએ.

અધ્યક્ષશ્રી : એ વાત જુદી છે, ચાલો નેકસ્ટ.

મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

**Chief Minister Services of Experts at Treatment Unit (C.M.SETU)** નામની યોજનાની જાહેરાત અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ –૪૪ હેઠળ નિવેદન રજૂ કરું છું. **Chief Minister Services of**

**Experts at Treatment Unit (C.M.SETU)** નામની યોજનાની હું જાહેરાત કરું છું.

આરોગ્ય અને તબીબી સેવાઓ રાજયના અંતરિયાળ વિસ્તારો સહિત સમગ્ર રાજયના નાગિરકો સુધી પહોંચે તે રાજય સરકારનો ધ્યેય છે. આ ધ્યેયની પરિપૂર્તિ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ પ્રયત્નના ભાગરૂપે આરોગ્ય અને તબીબી સેવાઓનું માળખું ઉત્તરોત્તર સુદ્રઢ અને સંગીન બનાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત જાહેર આરોગ્યની સંસ્થાઓનો વ્યાપ અને તેમાં અપાતી સેવાઓને નિરંતર સંગીન બનાવવામાં આવી રહી છે. આ માટે લોકભાગીદારી Public Private Partnership (PPP)ના મોડલનો પણ રાજય સરકારે રચનાત્મક રીતે ઉત્કૃષ્ટ ઉપયોગ કરેલ છે. જેના ઉદાહરણરૂપે 'ઇમરજન્સી ૧૦૮' એમ્બ્યુલન્સની સેવાઓથી રાજયના તમામ પ્રજાજનો સુપેરે માહિતગાર છે. ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ અંતર્ગત ઇમરજન્સીમાં લાખો લોકોને સમયસર મદદ મળી છે અને હજારો લોકોના જીવ બચ્યા છે.

ચિરંજીવી યોજના અને બાલસખા યોજના દ્વારા ખાનગી વ્યવસાયમાં રોકાયેલા સ્ત્રી રોગ નિષ્ણાત અને બાળ રોગ નિષ્ણાતોની સેવાનો ઉપયોગ કરી માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા સરકાર કટિબધ્ધ છે. રાજયના ગરીબ પરિવારોના સભ્યોને કેન્સર, કિડની, હૃદયરોગ, ટ્રોમા, પ્લાસ્ટીક સર્જરી અને નવજાત શીશુ સંભાળ વગેરે સુવિધા વિનામૂલ્યે મળે તે માટે રાજય સરકારે ‘મુખ્યમંત્રી અમૃતમ યોજના’ અમલમાં મૂકી છે. તે ઉપરાંત રાજયના મધ્યમ અને નવોદિત મધ્યમવર્ગને સારવારના ખર્ચમાં રાહત મળે તે પ્રકારની યોજના શરૂ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના લાખો નાગરિકોને નિષ્ણાત-તજજ્ઞ ડોકટરોની દર્દીઓને નજીકમાં જ સારવાર સેવાઓ મળી રહે તે માટે રાજય સરકારે C M SETU (મુખ્યમંત્રી સર્વિસીસ ઓફ એક્સપર્ટસ એટ ટ્રીટમેન્ટ યુનિટ - સેતુ) યોજના અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ યોજના અંતર્ગત જે તે ગામ શહેરમાં ખાનગી પ્રેક્ટીસ કરતા તજજ્ઞ ડોક્ટરો જેવા કે, ફીઝીશ્યન, સર્જન, ઓર્થોપેડીક સર્જન, બાળરોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત, રેડીયોલોજીસ્ટ, કાન-નાક-ગળાના નિષ્ણાત(ENT), પેથોલોજીસ્ટ જેવા તજજ્ઞ ડોકટરોની સેવા યોજના ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે અને ઉપર બતાવેલ નિષ્ણાત ડોકટરોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર-સબ ડીસ્ટ્રીકટ અને ડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં નિયુક્ત કરવામાં આવશે. આ ડોકટરો દરરોજ ત્રણ કલાક સુધી આ હોસ્પિટલોમાં સેવા આપશે અને દર્દીઓને સરકારી ખર્ચે સારવાર આપવામાં આવશે. આ નિષ્ણાત ડોકટરોને પ્રતિ કલાકના રૂપિયા ૬૦૦/- મહેનતાણું આપવામાં આવશે અને અઠવાડિયાના ૧૮ કલાકની સેવાઓ આ નિષ્ણાત ડોકટરો પાસેથી લઇ શકાશે.

આ યોજનાના અમલથી સમગ્ર રાજયમાં દર્દીઓને ખાનગી નિષ્ણાત ડોકટરોની સેવાઓનો સરકારી હોસ્પિટલમાં સરકારના ખર્ચે લાભ મળશે અને સરકારી હોસ્પિટલની સેવાઓનો વ્યાપ વધશે.

આ નિષ્ણાતોની સેવાઓનો મહત્તમ ઉપયોગ જરૂરિયાતના સમયે થઇ શકે તે માટે સ્થાનિક કક્ષાએ બંને પક્ષે (હોસ્પિટલ અને તજજ્ઞો) અનુકૂળ કલાકો નક્કી કરવામાં આવશે અને તે મુજબ ખાનગી વ્યવસાયમાં જોડાયેલા તજજ્ઞો હોસ્પિટલોમાં તમામ પ્રકારની સેવાઓ જેવી કે કન્સલ્ટેશન, ઓપરેશન, ઇન્વેસ્ટીગેશન ઇમરજન્સી સેવાઓ વગેરે પૂરી પાડશે.

આ યોજનાના અમલીકરણથી રાજયની આરોગ્ય અને તબીબી સેવાઓ ખાનગી તજજ્ઞોની ભાગીદારીથી વધુ સંગીન અને પરિણામદાયી બનશે અને હજારો દર્દીઓને તેનો લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અમલમાં આવવાથી ડોકટરોની જે શોર્ટેઝ છે એના કારણે સરકારી હોસ્પિટલોમાં એ સેવાઓ ગરીબોને નથી મળતી, હવે સારી રીતે આપણે આપી શકીશું.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે સ્વાઇન ફ્લૂ બહુ બધે થઇ રહ્યો છે તો એના માટે આમાં કાંઇ કરવા માગે છે કે નહીં?

અધ્યક્ષશ્રી : સ્વાઇન ફ્લૂની વાત આમાં નથી આવતી. એ પછી વાત કરીશું. એનું અત્યારે આમાં નથી, નેકસ્ટ. એક મિનિટ, શું છે બલવંતસિંહ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નિયમ ૪૪ નું આટલું મહત્વનું નિવેદન હોય ત્યારે અમારા ખાનામાં સવારે ૮–૩૦ સુધી કોપી મૂકવામાં નહોતી આવી. અમને કોપી મળી નથી, તેઓ બોલતા હોય ત્યારે અમને કોપી મળવી જોઇએને?

અધ્યક્ષશ્રી : તમામ સભ્યશ્રીઓને મારે કહેવાનું કે આ વર્ષોથી પદ્ધતિ છે કે નિયમ ૪૪ નીચેનું નિવેદન અહીં વાચવાનું શરૂ કરે ત્યારે બધાના ખાનામાં નાંખવામાં આવે છે જેના કારણે અહીં સભ્યશ્રીઓ ફકત સાંભળી જ શકે વાંચી નથી શકતા. આના માટે મેં ગઇકાલે જ સેક્રેટરી સાથે વાત કરી કે આમાંથી કાંઇ બીજો રસ્તો નીકળી શકે કે કેમ? એ વાચતા હોય ત્યારે આપણે પણ જોઇ શકીએ એવું કાંઇક થાય એવો મારો વિચાર હતો પણ આ ૩૦ વર્ષમાં કોઇ દિવસ ત્યાં ખાનામાં નાંખ્યા સિવાય બીજી કોઇ પદ્ધતિ અપનાવેલ નથી. અહીં કોઇ દિવસ આપ્યું જ નથી, કોઇને અગાઉ પણ નહોતા આપતા અને આ ૩૦ વર્ષનો મને પણ અનુભવ છે એટલે કોઇ સવાલ નથી. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ વ્યકિત સ્વાઇન ફ્લૂમાં મૃત્યુ થયા છે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ પછી બીજું જે કાંઇ હોય એ તમે કહેજો, પણ અત્યારે તો નિયમ ૪૪ નું નિવેદન વાચવાની બાબતની વાત છે અને એક બીજી સૂચના સાથોસાથ આપી દઉં, કોઇપણ સભ્યએ પોતાની સીટ છોડવાની નથી. આ હાઉસ છે હાઉસની અંદર વાત કરવાની પણ મનાઇ છે, ડીસીપ્લીન મેઇન્ટેન થવું જોઇએ, બે સભ્યો આગળની બેંચવાળા પાછળના સભ્યશ્રીઓ સાથે વાતો કરે, અહીંથી સભ્ય ઉભા થઇને ત્યાં જાય એ બરાબર નથી. તો તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે કોઇ પોતાનું સ્થાન છોડે નહીં અને જેને સ્થાન છોડવું હોય અને અગત્યતા હોય અને વાત કરવી જરૂરી હોય તો ગૃહની બહાર જઇને કરી શકે છે. ફકત બંને પાર્ટીના દંડકો જેને કાંઇ સૂચના આપવી હોય કામગીરી માટે થઇને તો એ રીતે એ જઇ શકશે. બાકીનાએ પોતાની સીટ ઉપર જ બેસવાનું છે અને વાત કરવાની નથી. આટલી માનનીય સભ્યશ્રીઓને વિનંતી. નેકસ્ટ.

## મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)
## રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા અંગે

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પર્યાપ્ત વીજળી પૂરી પાડવા સારું વિવિધ સ્ત્રોતો મારફત નિશ્ચિત કરાયેલ રાજયની હાલની વીજ સ્થાપિત ક્ષમતા નીચે દર્શાવ્યા મુજબ છે.

**Table 1**

| | | |
|---|---|---|
| ૧ | પરંપરાગત સ્ત્રોત | ૧૭૨૮૯ મે. વો. |
| ૨ | બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોત | ૦૩૮૭૩ મે. વો. |
| | .. કુલ .. | ૨૧૧૬૨ મે. વો. |

રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોરપોરેશન લીમીટેડ (જી.એસ.ઇ.સી.એલ.) ના તાપી જિલ્લા ખાતે આવેલ ઉકાઇ કોલસા આધારિત વીજ મથકની સ્થાપિત ક્ષમતા ૮૫૦ મેગાવોટની છે. રાજ્યની ભવિષ્યની વીજ માંગને પહોંચી વળવા માટે રાજ્ય સરકારના આગોતરા આયોજનના ભાગરૂપે આ વીજ મથકની વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાના હેતુથી ૫૦૦ મેગાવોટ સ્થાપિત ક્ષમતાવાળું આધુનિક ટેકનોલોજી ધરાવતું યુનિટ નંબર–૬ હાલમાં અમલીકરણ હેઠળ છે. કોલસા આધારિત આ ૫૦૦ મે. વોટની ક્ષમતાના યુનિટ નંબર–૬ ના પ્રોજેક્ટની કાર્યવાહી તારીખ ૭–૩–૨૦૦૭ના રોજ શરૂ કરવામાં આવેલ.

આ સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદની લાગણી થાય છે કે, આ યુનિટને તારીખ ૫–૩–૨૦૧૩ના રોજ પૂર્ણ વીજ ઉત્પાદન ક્ષમતાએ એટલે કે ૫૦૦ મે. વોટની ક્ષમતાએ કાર્યરત કરવામાં આવેલ છે.

જેનાથી ઉકાઇ વીજ મથક ખાતેની કોલસા આધારિત વીજ ઉત્પાદન ક્ષમતા ૫૯ ટકા વધીને હવે ૧૩૫૦ મેગાવોટ થઇ છે. ભારત સરકારના સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરિટી, નવી દિલ્હીએ તારીખ ૪-૩-૨૦૧૩ના પત્રથી આ યુનિટ કાર્યરત થવાની જાહેરાત કરીને, રાજ્ય સરકારની કંપનીને અભિનંદન પાઠવ્યા છે.

આ યુનિટ કાર્યરત થતાં પરંપરાગત અને બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોત મળીને રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતા હવે ૨૧૬૬૨ મે. વોટ થઇ છે.

રાજ્યના વીજ ક્ષેત્ર દ્વારા હાંસલ થયેલ આ એક વધુ સુંદર સિદ્ધિથી હું આ સન્માનનીય ગૃહને વાકેફ કરું છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો અહેવાલ**

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ**

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી: ) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા (કૃષિ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી : ) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૧–૧૨નો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૮–૦૯ના વાર્ષિક હિસાબો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ અને વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, વહીવટી અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચનાઓ

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ની ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેની

(૧) તાઃ૮–૧૦–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચઆર–૨૦૧૨–૧૧૮–જીએસઇ–૧૯–૨૦૧૧–૬૨૩૪૧૪–એમ(૩)

(૨) તાઃ૮–૧૦–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચઆર–૨૦૧૨–૧૧૯–જીએસઇ–૧૯–૨૦૧૧–૪૪૬૩૪૫–એમ(૩)

(૩) તાઃ૮–૧૦–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચઆર–૨૦૧૨–૧૨૦–જીએસઇ–૧૯–૨૦૧૨–૬૨૩૪૧૮–એમ(૩)

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

•માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સને વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓનો વિચાર કરવા અંગે માનનીય રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવીશ.

‘‘ભારતના બંધારણની કલમ–૨૦૩–૧૩(૩)સાથે વાંચતા તેની કલમ–૨૦૨ મુજબ પોતાને અપાયેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલશ્રી આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ સને ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરે છે.’’

સામાન્ય વહીવટ વિભાગ

**માગણી નંબર–૩૦**

• પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સન ૨૦૧૩-૧૪ ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગ વતી માનનીય નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૯૧,૪૨,૦૦૦ની માગણી ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**માગણી ક્રમાંકઃ ૩૧**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગ વતી માનનીય નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૪,૪૪,૯૩,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**માગણી ક્રમાંકઃ૩૩**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગ વતી માનનીય નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ સેવાને લગતી, સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૧,૧૬,૨૯,૦૦૦/–ની માગણી ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

શ્રી છબીલભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

માહિતી અને પ્રસારણ વિભાગ

**માગણી ક્રમાંકઃ૫૪**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી, માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૮,૭૨,૭૧,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૫૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૫૪ ઉપરની કાપ દરખાસ્તો**

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ – માનનીય સભ્યશ્રી ગેરહાજર.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બાવકુભાઇ ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદ જાવેદ પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**માગણી નં. ૮૯**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ અંગેની રૂ. ૩૧,૫૫,૮૪,૦૦૦ની માગણી ક્રમાંક ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૮૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૮૯ ઉપરની કાપ દરખાસ્તો**

શ્રી જશાભાઇ બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વીનભાઇ કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **શુક્રવાર, તા. ૮–૩–૨૦૧૩ (પહેલા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **સામાન્ય વહીવટ વિભાગ<br>માગણી નં. ૩૦** | | | | |
| ૧. | ૨૦૧૩–મંત્રી પરિષદ | ૧૦૦ | મંત્રીઓની નિયુકિત પછી લાંબા સમય | શ્રી પ્રહલાદભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧–મંત્રીઓ... પગાર<br>રૂ. ૨,૩૯,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૨૩ | | સુધી કર્મચારીઓની નિમણૂંક ન થતાં પ્રજાના કામકાજના નિકાલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | (ગૌતમભાઇ ચૌહાણ) |
| ૨. | —— " —— | ૧૦૦ | પ્રજાના પ્રશ્નો અગે ધારાસભ્યોએ કરેલા ઉપવાસના કાર્યક્રમનો નિવેડો લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩.* | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૪–સરભરા.... ખર્ચ<br>રૂ. ૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૨૪ | ૧૦૦ | મંત્રીશ્રીઓ દ્વારા થતા બેફામ આતિથ્ય સરભરા ખર્ચને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| | | **માગણી નં. ૩૧** | | |
| ૪. | ૨૦૧૫–ચૂંટણી<br>૧૦૧– ચૂંટણી પંચ<br>રૂ. ૭,૬૯,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૩૨ થી ૩૩ | ૧૦૦ | આમ જનતા નજીકના સ્થળેથી મતદાન કરી શકે તે અંગેની લેખિત ફરિયાદોનો નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર<br>(જોઇતાભાઇ પટેલ) |
| ૫. | —— " —— | ૧૦૦ | ચૂંટણી કામગીરીમાં ફરજ બજાવતાં કર્મચારીઓ પ્રત્યે રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષીયારા<br>(ચંદ્રીકાબેન બારીયા) |
| ૬.* | —— " —— | ૧૦૦ | ચૂંટણી વખતે મહીલા કર્મચારીઓને નજીકના સ્થળે ફરજ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી તેજશ્રીબેન પટેલ |
| | | **માગણી નં. ૩૩** | | |
| ૭. | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૬– રાજય..ટ્રીબ્યુનલ<br>૦૪–ગુજરાત.....<br>ટ્રીબ્યુનલ<br>રૂ. ૧,૮૬,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૨૮–૨૯ | ૧૦૦ | ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલમાં પડતર કેસોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૮.* | ૨૦૫૨–સચિવાલય...<br>સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૫૫,૩૩,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પા.નં. ૫૦ થી ૫૩ | ૧૦૦ | રાજયમાં આઇ.એ.એસ. અધિકારીઓની ઘટ પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ<br>(રાજેન્દ્રસિંહ ચાવડા) |
| ૯.* | —— " —— | ૧૦૦ | સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૧૦*<br>. | —— " —— | ૧૦૦ | મુખ્યમંત્રીશ્રીની ઓન લાઇન ફરીયાદોનો જે તે વિભાગોમાંથી ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૧*<br>. | —— " —— | ૧૦૦ | જુદા જુદા શહેરો–જિલ્લાઓના વિકાસ કામ માટે જાહેરાત થયા બાદ તેનું | શ્રી છનાભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઝડપી અમલીકરણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | __ " __ | ૧૦૦ | રાજયમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ની નાયબ કલેકટર, મામલતદાર, વેચારણવેરા અધિકારી અને સેકશન અધિકારી વગેરેની જગ્યાઓ પર સમયસર ભરતી નહીં થવાને કારણે સરકારી કામકાજ પર થતી વિપરિત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણિલાલ વાઘેલા (રાજેન્દ્રસિંહ ઠાકોર અને પુનમભાઇ પરમાર) |
| ૧૩. | __ " __ | ૧૦૦ | રાજયમાં વર્ગ–૧ અને વર્ગ–૨ના અધિકારીઓને પ્રમોશન આપવામાં થતાં વિલંબના કારણ વહીવટી તંત્રની કામગીરી પર થતી વિપરિત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (મીતેશભાઇ ગરાસીયા) |
| ૧૪. | __ " __ | ૧૦૦ | સરકારી કચેરીઓમાં ખાલી નિયમિત જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૧૫. | __ " __ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગમાં કુશળ અને અનુભવી અધિકારીઓની ઘટ પૂરી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજી પટેલ |
| ૧૬. | __ " __ | ૧૦૦ | મંત્રીમંડળના મહેકમ પરના વર્ગ–૧–૨ ના હોદા પર સંબંધિત અધિકારીઓની નિમણૂંક અને છૂટા કરતા હુકમો સમયસર કરવામા તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૭. * | ૨૦૫૨–સચિવાલય... સેવાઓ<br>૦૯૧–સંલગ્ન કચેરીઓ<br>રૂ. ૮,૭૪,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પા.નં. ૫૪ થી ૫૫ | ૧૦૦ | નિવાસી આયુકતની કચેરી નવી દિલ્હી ખાતે લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજો બજાવતા બિન–ગુજરાતી અધિકારીઓને અન્યત્ર બદલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૧૮. | __ " __ | ૧૦૦ | નિવાસી આયુકત, કચેરી નવી દિલ્હી, ધ્વારા રાજયના સાંસદો અને ધારાસભ્યો પ્રત્યે રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છબીલભાઇ પટેલ (ધારશીભાઇ ખાનપુરા) |
| | | **માહિતી અનુ પ્રસારણ વિભાગ<br>માગણી નં. ૫૪** | | |
| ૧૯. * | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૦૧–ચલચિત્રો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૫૪,૪૬,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪<br>પા.નં. ૧૯ થી ૨૧ | ૧૦૦ | માહિતી નિયામક કચેરીના બિન અનુભવી સ્ટાફને યોગ્ય તાલીમ આપી કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૨૦. | __ " __ | ૧૦૦ | સરકારી પ્રશંસા પાછળ થતો વ્યાપક ખર્ચ રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૧. | __ " __ | ૧૦૦ | મંત્રીશ્રીઓના ઉદઘાટનના ફોટાઓ છપાવવા અંગે થતો ખર્ચ અટકાવવામાં તેમજ સત્ય હકીકતો પ્રકાશિત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઇ ઉંધાડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨. | -- " -- | ૧૦૦ | વિપક્ષના નેતાની વાજબી અને સાચી રજૂઆતોને પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદ જાવેદ પીરવદા |
| **માગણી નં. ૫૫** | | | | |
| ૨૩. | ૨૦૫૨-સચિવાલય. સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ. ૩૧,૫૫,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૩<br>પા.નં. ૫ થી ૭ | ૧૦૦ | સ્માર્ટ કાર્ડના દૂરૂપયોગને અટકાવવા અને હાજરીનું પ્રમાણ નિયમિત થાય તે માટે બાયોમેટ્રીક મશીનો મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (પરશે ધાનાણી, જસાભાઇ બારડ અને મંગળભાઇ ગાવિત) |
| ૨૪. | -- " -- | ૧૦૦ | જીસ્વાનની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સી. કે. રાઉલજી (જીતુભાઇ ચૌધરી અને મંગળભાઇ ગાવિત) |
| ૨૫. | -- " -- | ૧૦૦ | કોમ્પ્યુટરોની મરામત-જાળવણીમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (મહેશકુમાર પટેલ) |
| ૨૬. | -- " -- | ૧૦૦ | વેબ-સાઇટ ઉપર સાયબર ક્રાઇમ ન થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા (અમીત ચૌધરી અને રમેશભાઇ ચાવડા) |
| ૨૭. | -- " -- | ૧૦૦ | વિભાગોના પરિપત્રો સમયસર વેબ-સાઇટ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ (ગેંદાલભાઇ ડામોર) |

* **આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૦, ૩૧, ૩૩, ૫૪ અને ૮૯ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. આજે વિશ્વ મહિલા દિન છે તે નિમિત્તે મારી તમામ બહેનોને હું આજે શુભેચ્છાઓ પાઠવું છું.

માગણી નંબર ૩૦ ઉપર મારે ખાસ એ કહેવું છે કે માનનીય મંત્રીશ્રીઓના પગાર, એમની ઓફિસના ખર્ચ અને પ્રવાસના ખર્ચ અંગે જે રીતે વધારો કરવામાં આવ્યો છે તે સાડા બાર ટકાથી વધારે એમાં વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતનું પહેલા મંત્રી મંડળ એ મોટું હતું, અને ખર્ચ ઓછો હતો. અત્યારે મંત્રી મંડળ નાનુ હોવા છતાં અનેક પ્રકારના ખર્ચા વધ્યા છે. આમાં ખાસ કરીને જે પ્રવાસના ખર્ચ છે તે અંગેના આ વર્ષનાં અંદાજો મૂકયા છે એમાં ૨૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. એટલે આ બધા જે પ્રવાસના ખર્ચા છે તે ભૂતકાળમાં મેં જોયું તો છેલ્લા ૩ વર્ષમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં ૧૭ વાર વિદેશ પ્રવાસ કર્યો છે. એટલે આટલા મોટા ખર્ચા આ ગુજરાતમાં થયા છે, જો એમાં ઘટાડો કર્યો હોત તો મને એવું લાગત કે લોક હિતના કામો માટે એ નાણા વાપરી શકાયા હોત, આજે મહિલા દિન હતો, મેં વિધવા બહેનો માટે પેન્શનમાં વધારો કરવાનું સૂચન હમણા કર્યુ હતું, તો એ નાણાં આમાં વધારો કરવામાં વાપરી શકાયા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે સદ્ભાવનાની કરવી છે, સદ્ભાવના યાત્રા થઇ, તેની અંદર વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં ૨ કરોડ અને ૯૪ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૧૨-૧૩માં સાડા પંદર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. આ વખતે ૧ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મને એ ખબર નથી

પડતી કે સમગ્ર ગુજરાતની અંદર આખે આખી સરકારે એવું તે શું કંઇક કર્યું હશે જેના કારણે ગુજરાતના જિલ્લે જિલ્લે જઇને આ સદ્ભાવના યાત્રા કરવી પડે, કયા પ્રકારનું •(xxxxxx) કર્યું હશે?

અધ્યક્ષશ્રી : હું (xxxxxx) શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) શબ્દ હું પાછો ખેંચી લઉં છું. એમણે શું કર્યું હશે કે જિલ્લે જિલ્લે જઇને સદ્ભાવના યાત્રા કાઢવી પડે? પહેલા અમદાવાદની અંદર સદ્ભાવના યાત્રા કરવામાં આવી. એમાં સમગ્ર લોકોને ભેગા કરવામાં આવ્યા અને એમાં કયાંક ગુજરાતની છ કરોડની જનતા એકબાજુ થઇ જતી જોવા મળી હોત તો અમને એમ લાગત કે જે ખર્ચ કર્યો છે એ ગુજરાત માટે ઉગી નીકળત. છેલ્લા દસ વરસમાં ગુજરાતમાં એવી તો શી સ્થિતિ નિર્માણ થઇ કે ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં કલંકિત પરિસ્થિતિમાં થયું એ કદાચ છ કરોડની જનતાએ સામે જોઇ છે. સદ્ભાવના યાત્રામાં લોકો આવે, લોકો જુએ અને મેં પણ ટીવી ઉપર જોયેલું, સાધુ સંતો તથા બધા સમાજના લોકો માનનીય મુખ્યમંત્રીશ્રીને કાંઇકને કાંઇક ભેટ સોગાદો આપી રહ્યા હતા ત્યારે એક મૌલવી સાહેબ પણ આવ્યા હતા, મુસ્લિમ સમાજની બિરાદરી માટે સૌથી મોટી વસ્તુ ટોપી કહેવાય, એ મૌલવી સાહેબ પહેરાવવા આવ્યા ત્યારે મુખ્યમંત્રીશ્રી છ ડગલા પાછળ પડ્યા ત્યારે મને એ નથી સમજાતું કે આ સદ્ભાવના યાત્રા કહેવાય કે માત્ર એક જાતનો પ્રચાર કહેવાય? બધાને સાથે લઇને ચાલ્યા હોત, ગુજરાતમાં સૌ સાથે મળીને એક કદમ મીલાવી રહ્યાં હોય તેવી પરિસ્થિતિ થાત, આનો ખર્ચો સમગ્ર જિલ્લે જિલ્લે કરવામાં આવ્યો છે, દરેક જિલ્લા મથકે જઇને મોટી મોટી જાહેરાતો કરવામાં આવી છે ત્યારે મને દુઃખ એ વાતનુ થાય છે કે ગુજરાતની ગમે તેવી સ્થિતિ હોત, કાલે માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ કહેતા હતા કે ગુજરાતના ભથ્થાં લેવાય અને કયા રાણી માટે વફાદાર રહો છો. હું ગૌરવ સાથે કહીશ કે આજે મહિલા દિન છે એ મહિલા દિને એમ કહીશ કે ત્યાગની મૂર્તિ કે જેને વડાપ્રધાનની ખુરશી મળવાની હતી એ ત્યાગની મૂર્તિ સોનિયા ગાંધીએ એ ઠુકરાવી દીધી ત્યારે એમને બિરદાવું છું અને અમે એમના વફાદાર સૈનિકો છીએ. મારે એ કહેવું છે કે કદાચ નીતિનભાઇ સાહેબને ખબર નહિ હોય મારે એ કહેવું છે કે અમારા સોનિયા ગાંધી ૧૮-૧૮ કરોડનો ખર્ચ નથી કરતાં.(અંતરાય) એક વડાપ્રધાન બનવા સદ્ભાવના યાત્રા થાય જેમાં ૧૮-૧૮ કરોડનો ખર્ચો કરવામાં આવે. જયારે અમારા રાણીએ વડાપ્રધાન પદ મળતું હતું એ ઠુકરાવી દીધું હતું.

હમણાં અહીંયા બહેનો ઉભી થઇ ત્યારે એ બહેનો કહેતી હતી એ મારે માનનીય આનંદીબહેન અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કહેવું છે કે મંત્રીમંડળમાં જો ૫૦ ટકા બહેનોને સમાવી હોત તો અમને ચોક્કસ ગૌરવ થાત અને અમે અભિનંદન આપત. બહેનો માટે કેન્દ્રમાં ૩૩ ટકાનું બિલ કોંગ્રેસ સરકાર લાવી હતી. આજે પેપર જોયું હોય તો એમાં ત્યાગની મૂર્તિનું ગૌરવ બતાવેલ છે. પેપરની અંદર એક સરવે આવેલો છે. તેમાં સમગ્ર ભારતમાં કોઇ લોકપ્રિય નેતા હોય તો આજે સોનિયા ગાંધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આજે ગુજરાતમાં સામાન્ય વહીવટની વાત કરું તો જે સ્થિતિ છે તે એ થઇ રહી છે કે તલાટી હોય તે પાંચ ઠેકાણે ચાર્જમાં હોય. જયાં જયાં જોઇએ ત્યાં દરેક જગ્યાએ ચાર્જથી સરકાર ચાલતી હોય એ સ્થિતિમાં છે. આટલો બધો વધારો કરતા હોય ત્યારે મારે સરકારશ્રીને કહેવું છે કે બધા જ કર્મચારીઓની જગ્યા જો ભરાય તો લોકોના હિતની વાત થાય. એટલો ચોક્કસપણે આનંદ થાય અને ગુજરાતમાં સાડાપાંચથી છ લાખ કર્મચારીઓ હોય ત્યારે મારે એમને વિનંતી કરવી છે કે આ સરકારમાં છ લાખમાંથી થોડા લોકો એવા હશે કે પગાર સરકારનો ખાય, પણ ઘણી વખત અમારા વિસ્તારમાં અને ગુજરાતમાં એ પરિસ્થિતિ પણ જોતા હોઇએ છીએ. એવા અધિકારી હોય છે, કોઇ પાર્ટીનો પ્રચાર કરતા હોય, કોઇ વ્યકિતના બનતા હોય તેના કારણે ગુજરાતને સૌથી મોટું નુકસાન થતું હોય છે. મારે એ લોકોને કહેવું છે કે પરિસ્થિતિ બદલાતી રહેતી હોય છે. કહેવત છે કે '' દેર છે પણ અંધેર નહીં'' એમ આવનાર સમયમાં જેમ ભૂતકાળમાં જોયું છે કે જે લોકોએ કાયદા વિરુદ્ધ, કાયદા ઉપરનું કામ કર્યું હશે એવા લોકો પણ આજે

• આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગુજરાતમાં જેલમાં છે. આવનારા સમયમાં કર્મચારી ભાઇઓએ ધ્યાન રાખવું પડશે કે કોઇ પાર્ટીના નહીં, લોકહિતના કામ કરે એવી મારી અપેક્ષા છે અને એ વિનંતી કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરું તો સૌથી મોટો ખર્ચ, આજે આ બજેટમાં કદાચ ઘટાડો કરવામાં આવ્યો છે પણ છેલ્લા ત્રણ વર્ષમાં ૭૩ કરોડ રૂપિયા માત્ર જાહેરાત પાછળ ખર્ચવામાં આવ્યા છે. કયા પ્રકારની પ્રસિદ્ધિ? કદાચ ગુજરાતની છ કરોડની જનતાની પ્રસિદ્ધિ કરી હોત તો, સરકારના વિકાસના કામો કર્યા હોત તો અમને એમ લાગત કે આ બરાબર કામ થઇ રહ્યું છે. માત્ર કોઇ વ્યક્તિની પ્રસિદ્ધિ પાછળ ૭૩ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે આ બહુ મોટી વસ્તુ છે. (અંતરાય) મારે એ કહેવું છે કે માહિતી અને પ્રસારણમાં અમે જોતા હોઇએ છીએ. •(xxxxxx) એવી સ્થિતિનું નિર્માણ થતું હોય.

અધ્યક્ષશ્રી : એ શબ્દો અને એ વિષય કાઢી નાખો.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : રીયાલીટીની જ્યારે હું વાત કરતો હોઉં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારે બોલવાની જરૂર નથી. એ પ્રોસીજરની ખબર છે. એ અધ્યક્ષ પાસેથી થઇને જાય છે. એટલે એની ટીકા ન થઇ શકે. ન હોય. એના માટે કાલે તમે રજૂઆત પણ કરી છે અને જોવાની પણ વાત કરી છે. પછી એ હાઉસમાં લાવવાની જરૂર નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી છે કે કદાચ સરકાર આ બધી પરિસ્થિતિમાં સારી રીતે અને સારું લાવ્યા હોત તો ચોક્કસ અમે સહયોગ આપત. આ બાબતમાં કંઇકને કંઇક વિચારે અને એમાં કંઇક સુધારા કરે એવી હું સરકારને વિનંતી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩-૧૪ના અનુદાનોની માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં. ૮૯, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગમાં હું મારા વિચારો રજૂ કરું છું. સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની સ્થાપના ૯-૪-૨૦૦૨ના રોજ કરવામાં આવી હતી. હું જરા આ પહેલાંનું જો ધ્યાન દોરૂં તો સાયન્સ અને ટેક્નોલોજીની આપણે ચર્ચા કરીએ તો તે પહેલાં જાપાન, ચાઇના, કેનેડા, અમેરિકા જેવા દેશોના નામ યાદ આવે છે. જ્યારથી આ વિભાગની સ્થાપના થઇ અને તે ક્ષેત્રે વિજ્ઞાન, સાયન્સ અને ટેકનોલોજી, ઇન્ફર્મેશન ટેકનોલોજી, બાયો ટેકનોલોજી, જીયો સ્પેશિયલ ટેકનોલોજી, સિસ્મોલોકોજીકલ રિસર્ચ જેવા વિવિધ વિભાગોનું અધતન અમલીકરણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ અને ૨૦૧૩ને યાદ કરાવવું છે. આવા વિકસિત દેશો આ રાજ્યની અંદર પાર્ટનર બન્યા હતા. આ દેશોએ વિશ્વની અંદર સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે વિકસિત દેશ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. જાપાન અને કેનેડા જેવા દેશો વિકાસની સર્વોચ્ચ ટોચ ઉપર બેઠા છે. તેઓ જ્યારે ગુજરાતની અંદર ભાગીદાર બનતા હોય ત્યારે તેઓએ ગુડ ગવર્નન્સનું ધ્યાન રાખ્યુ હોય, પોલિટિકલ સ્ટેબિલિટીનું ધ્યાન રાખ્યુ હોય, પોલિટિકલ વીલનું ધ્યાન રાખ્યુ હોય, ગુડ પોલીસી અને સાથોસાથ ગુજરાત પાસે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી જેવા ડિપાર્ટમેન્ટ છે. આવા અનેક ડિપાર્ટમેન્ટને ધ્યાનમાં રાખીને આપણા વાઇબ્રન્ટ ગુજરાતમાં પાર્ટનર બન્યા હતા ત્યારે મને પેલું અંગ્રેજી વાક્ય યાદ આવે છે. "Time is always with the people who have courage to fly, not with the people who stand on the ground and watch the sky." સમય એની સાથે છે કે જે આકાશમાં ઉડવા માગે છે, એવા લોકો પાસે નથી કે જેઓ જમીન ઉપર રહીને આકાશને જોવા માગે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વિભાગની રચના કરી ત્યારે સૌથી પહેલાં એમનું વાક્ય હતું. ‘‘ We cannot promise you the moon, but we promise you the platform from where you can reach the height of success.’’ આ વિભાગની રચના કર્યા બાદ આજે દેશની અંદર અને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

દુનિયાની અંદર આ વિભાગે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. સાયન્સ અને ટેકનોલોજીનો વિકાસ આધુનિક માનવ સંસ્કૃતિનો પાયો રચે છે અને તેમણે એમ કહ્યું હતું કે, સાયન્સ અને ટેકનોલોજીનો વિભાગ સર્જનાત્મક વિભાગ છે. તેમાં હંમેશાં નવું નવું રિસર્ચ અને નવા નવા ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખવામાં આવે છે. તેના માટે આ વિભાગની રચના કરવામાં આવી છે. આજે ગુજરાત સર્વોચ્ચ સ્થાને બેસે છે, દેશનું મોડેલ સ્ટેટ છે અને એ મોડેલ સ્ટેટ હોય ત્યારે આ વિભાગે દરેક ક્ષેત્રની અંદર પોતાની આગવી ઓળખ ઉભી કરેલ છે. આનું મુખ્ય કારણ હોય તો તે વિજ્ઞાન માટેનું શિક્ષણ, એની જન જાગૃતિ, એનો પ્રચાર, એનો પ્રસાર અને તેના પ્રચાર–પ્રસારથી સાયન્સને એટલી લોકપ્રિયતા પ્રાપ્ત થઇ છે કે તે વિજ્ઞાન અને સમાજ વચ્ચે સેતુ બન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણે જોતા હતા કે, વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓની રૂચિ નહોતી દેખાતી. આજે જોઇએ તો ધોરણ દસ અને બારની અંદર ભણતા લાખો વિદ્યાર્થીઓ આ વિજ્ઞાન માટે રસ દાખવાતા થયા છે અને રૂચિ દાખવતા થયા છે. ઇન્ડિયામાં સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે જ્યારથી આ ડિપાર્ટમેન્ટની રચના થઇ છે ત્યારથી ગુજરાત મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે. એના માટે લોક વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. સાયન્સ અને ટેકનોલોજીની અંદર જુદાજુદા છ વિભાગો શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાત ઇન્ફર્મેટીક્સ લિ., ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સીટી, ગુજકોક્સ, ગુજરાત સાયન્સ એન્ડ ટેકનોલોજી, બાયસેગ, સ્ટેટ બાયો ટેકનોલોજી મિશન, ઇન્સ્ટીટયૂટ ઓફ સિસ્મોલોજીકલ મિશન.

માનનીય અધ્યક્ષશ્રી, આ છએ છ વિભાગો ઉપર વાત કરવા જઇએ તો ઘણો સમય લાગે. આવી સંસ્થાઓ દ્વારા ગુજરાત રાજ્યે દેશ વિદેશમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. સાયન્સ અને ટેકનોલોજી વિભાગ પોતાની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રસ વધે તે માટે અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. એક સર્વે પ્રમાણે, પ્રણાલિકા પ્રમાણે છેલ્લી બે સદીઓમાં વૈજ્ઞાનિક સંશોધન દ્વારા મળેલી સફળતાઓ અને તેના ટેકનોલોજીકલ અમલીકરણના કારણે આપણું જીવન ઘણું સરળ બન્યું છે. આ વિભાગે રાજયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રચાર થાય, પ્રસાર થાય એ માટે મહત્વની ભૂમિકા ભજવે છે અને નવી નવી ઉભરતી ટેકનોલોજીના સ્ત્રોતની વૃદ્ધિ અને વિકાસ પર દેખરેખ રાખે છે. એક ઉદાહરણ તરીકે લઇએ તો આજે જે મોબાઇલ ફોન છે એમાં રોજેરોજ ટેકનોલોજીના ફેરફાર આવે છે. આજે એક કંપની એમ કહે કે હું એનરોઇડ મૂકુ છું તો કાલે સવારે એની ટેકનોલોજી બદલીને બીજી કંપની એમાં નવા અને નવા આયામો અંદર ઉમેરીને, ફંકશનસ ઉમેરીને આગળ અને આગળ એ ટેકનોલોજીને વધારતા જાય છે ત્યારે આ વિભાગ એ પણ કાળજી રાખે છે કે આ ક્ષેત્રની અંદર મહત્વની નીતિઓ ઘડવાની અને તેનો અમલવારી કરાવવાની જવાબદારી પણ ધરાવે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ દેશને એક સૂત્ર આપ્યું છે. I.T. + B.T. = B.T. Information Technology + Bio–technology = Bharat Technology. દિલ્હીની અંદર હમણા એક કોલેજની અંદર તેઓ પોતાનું પ્રવચન આપવા ગયા હતા ત્યારે એમણે વાત મૂકી હતી. સ્કેલ, સ્કીલ અને સ્પીડ આ ત્રણ આવિષ્કારોથી આપણે સામૂહિક શકિતથી આવતીકાલની પેઢીનું વિશ્વ તૈયાર કરવા જઇ રહ્યા છીએ. આવી સંસ્થાનું દાયિત્વ એ છે કે તે સતત પ્રયત્નશીલ રહે. આ ટેકનોલોજી વિભાગ એવો છે જે હંમેશા રોજે રોજ નવું અને નવું રીસર્ચ કરતું રહે અને તેથી જ આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ આપણા રાજયના વિદ્યાર્થીઓ એવા વિશ્વની સાથે સમર્થ બને, આવતી કાલની સામે તેઓ ઉભા રહી શકે, ભારત દેશને અગ્રિમ હરોળની અંદર લઇ જવા માટેનું સપનું સાકાર કરવા માટે આ રાજય કટિબદ્ધ છે. આજના ટેકનોલોજી યુગમાં સૌથી વધુ ટેકનોલોજી સંસ્થા આજે ગુજરાત ધરાવે છે.

રાજય સરકાર દ્વારા એપ્રિલ ૨૦૦૪માં બાયો ટેકનોલોજીના સંકલિત વિકાસ માટે ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજી મિશન એક નોડેલ એજન્સી તરીકે વિકસાવવામાં આવી છે. જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થામાં આવા ક્ષેત્રોનો વિકાસ ખૂબ અનિવાર્ય છે. બાયોટેકનોલોજી સંશોધનનો મુખ્ય હેતુ માનવ સંશોધન છે. વ્યાપાર અને જાગૃતિમાં પાસાઓને વેગવાન બનાવવાનું છે. આમ મિશનનો આ મુખ્ય ઉદ્દેશ છે. બાયોટેક એજયુકેશન અને રીસર્ચ તેમજ વાણિજય ક્ષેત્રે વિશિષ્ટ માળખાકીય સુવિધાઓનો જી.એસ.બી.ટી. દ્વારા

ઝડપી વિકાસ થઇ રહ્યો છે. આ વિભાગ દ્વારા એનો મુખ્ય ધ્યેય જો જોવા જઇએ તો એક સાઇડે રીસર્ચ છે, બીજું ટ્રેઇનીંગ છે અને ત્રીજું એજ્યુકેશન છે.

ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ અને ટેકનોલોજીથી આજે આપણે જોઇએ તો આ રાજ્યની અંદર એના ફાયદા ઉદ્યોગમાં જણાય છે, ખેતીની અંદર એનાથી ફાયદો થાય છે. એનીમલ હસબંડરીમાં એનાથી ફાયદો થયો છે. વુમન એન્ડ ચાઇલ્ડ ડેવલપમેન્ટમાં એનાથી ફાયદો થયો છે. એજ્યુકેશનમાં થયો છે. ફુડમાં થયો છે, જંગલમાં, ફોરેસ્ટમાં થયો છે. એન્વાયર્મેન્ટ ડિપાર્ટમેન્ટમાં મદદરૂપ થઇ છે. હેલ્થમાં મદદ થઇ છે, ઇરીગેશનમાં આની મદદ થઇ છે, વોટર રીસોર્સીસમાં આની મદદ થઇ છે. ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી નં. ૩૩ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. સામાન્ય વહીવટ વિભાગ એ રાજ્ય સરકારનો સૌથી અગત્યનો અને નીતિ વિષયક નિર્ણયો લેવા માટેનો મહત્વનો વિભાગ છે. આ વિભાગમાં સચિવાલય સંવર્ગના અધિકારીઓ, કર્મચારીઓ, આઇ.એ.એસ. સંવર્ગના અધિકારીઓ, જીએએસ સંવર્ગના અધિકારીઓ એવી વિવિધ કેડરનું મોનીટરીંગ અને ઓપરેશન થાય છે.

સચિવાલય સંવર્ગના અધિકારીઓ કર્મચારીઓની વાત કરીએ તો હાલમાં જે સંખ્યાબળ સચિવાલયની અંદર કર્મચારીઓનું અધિકારીઓનું જોવા મળે છે એ પૂરતી સંખ્યામાં નથી. કેટલાય અધિકારીઓ એવા છે કે એક કરતા વધારે ચાર્જથી જગ્યાઓ સંભાળે છે. કેટલાય કર્મચારીઓ એવા છે કે એક કરતા વધારે જગ્યાનો હવાલો સંભાળે છે અને પરિણામે એ એમના કામને પૂરતો ન્યાય આપી શકતા નથી અથવા તો એ ટેન્શનયુક્ત વાતાવરણમાં જીવી રહ્યા છે. આ બાબતમાં મારું એક સૂચન છે કે આવી જગ્યાઓ વેળાસર ભરવામાં આવે, આથી જે કર્મચારીઓ કામ કરી રહ્યા છે એમને કામમાં હળવાશ રહે, સરકારનું સમયસર કામ થાય, જનતાનું કામ પણ સમયસર થાય એ બાબત વિચારવા જેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સચિવાલયની સાથોસાથ જિલ્લા કચેરીઓની વાત કરીએ તો જિલ્લા અને તાલુકા કચેરીઓમાં આજે ૪૦ થી ૫૦ ટકા જેટલી જગ્યાઓ ફિલ્ડમાં ખાલી છે. આ જગ્યાઓ ઉપર મહદ્અંશે કોન્ટ્રાક્ટ પદ્ધત્તિથી અથવા તો એક કર્મચારી પાસેથી એને વધારાનો હવાલો આપીને કામગીરી લેવામાં આવે છે. એના કારણે સરકારના કામો તો થાય છે પણ જનતાના કામો, જનતાની અરજીઓ છે એનો સમયસર નિકાલ થવો જોઇએ એ નિકાલ સમયસર થતો નથી અને એના કારણે જનતા હેરાન થાય છે. જનતાના કામો સમયસર થતા નથી અને એમની પરેશાનીનો કોઇ પાર રહેતો નથી. મારું આ બાબતમાં પણ એક સૂચન છે કે આ જગ્યાઓ વેળાસર ભરવામાં આવે. આના માટે સમયબદ્ધ આયોજન કરવામાં નહીં આવે તો આવતા ૪-૫ વર્ષમાં આ બધી જ જગ્યાઓ તદ્દન ખાલી હશે અને તો સરકાર વહીવટ કેવી રીતે ચલાવશે એ પણ વિચારવા જેવો મુદ્દો છે. આ બાબતમાં ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવે એવી મારી વિનંતી છે.

તાજેતરમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા લગભગ ૭૪ જેટલા અધિકારીઓને પ્રમોશન આપવાની વિચારણા થઇ. ૭૪ માંથી ૫૩ જેટલા અધિકારીઓને પ્રમોશન આપ્યા અને બાકીનાને પડતા મૂકવામાં આવ્યા. મારું આ બાબતમાં સૂચન એવું છે કે આ પડતા મૂકવામાં આવ્યા એ અધિકારીઓ કદાચ કયા કારણોસર પડતા મૂકવામાં આવ્યા એ ખબર ન પડે પણ સરકારના અણ-માનીતા અધિકારીઓ હશે અથવા તો એમને જાણી જોઇને પ્રમોશન આપવામાં આવતા ન હોય એવું બનવાજોગ છે. સામાન્ય વહીવટ વિભાગ જ્યારે અગત્યની વહીવટી કામગીરીનો હવાલો ધરાવે છે ત્યારે તમામ અધિકારીઓને સરખો ન્યાય મળે એ પણ ઇચ્છનીય છે. સરકારના વહીવટમાં જે જિલ્લા કચેરીઓ અને તાલુકા કચેરીઓ છે એનો હવાલો સંભાળવામાં વહીવટી કેડરમાં મુખ્ય ભૂમિકા છે એવા ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓ છે. આ અધિકારીઓની ભરતી છેલ્લે ૨૦૦૬માં થઇ હતી. ત્યાર પછી કોઇ ભરતી થઇ નથી અને આ સંવર્ગની પણ એવી હાલત છે કે કેટલીય જગ્યાઓ ખાલી હોવાના કારણે એકથી વધારે જગ્યાનો હવાલો રાખી અધિકારીઓને કામગીરી કરવી પડે છે. આ બાબતમાં સરકારે ગંભીરતાથી વિચારી અને જગ્યાઓ તાત્કાલિક ભરાય એ પણ જરૂરી છે. આજે ફિલ્ડમાં લોકોના કેટલાય કેસો આવતા હોય છે, કાયદાના લિટિગેશનો જિલ્લા

અને તાલુકાના અધિકારીઓ પાસે આવતા હોય છે ત્યારે આ લાંબા સમય સુધી પડતર રહે ત્યારે ન્યાય પણ સમયસર ન મળે એ બનવાજોગ છે. એટલે આવા અધિકારીઓની જગ્યાઓ પણ સમયસર ભરાય એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌણ સેવા પસંદગી મંડળ બાબતે થોડી વાતો કરવી છે. ગૌણ સેવા પસંદગી મંડળ સચિવાલય સાથે જિલ્લા કક્ષાના વર્ગ-૩ની ભરતીનું કામ કરે છે. આ ભરતીની કામગીરી થોડી વિચારવા જેવી છે. બે-ત્રણ વર્ષ પહેલા ભરતીની એક પ્રક્રિયા મેં જોઇ. ભરતી માટે ઇન્ટરવ્યૂના કોલ ઇસ્યુ કરવામાં આવ્યા અને બીજા દિવસે પેપરમાં જાહેરાત કરવામાં આવી કે આયોગ દ્વારા તમામ ઉમેદવારોના ઇન્ટરવ્યૂ કોલ ઇસ્યુ કરી દેવામાં આવ્યા છે. જેમને મળ્યા ન હોય એમણે જિલ્લા કચેરીમાં જઇને મેળવી લેવા. પરિસ્થિતિ એવી બની કે કેટલાય ઉમેદવારોને આ ઇન્ટરવ્યૂ કોલ મળ્યા જ નહીં. હજુ બે-ત્રણ વર્ષથી મળ્યા નથી.આ ઉમેદવારો જ્યારે કલેકટર કચેરીમાં ઓર્ડર લેવા ગયા ત્યારે આખો દિવસ હજારોની સંખ્યામાં આ ઉમેદવારો ઊભા રહ્યાં અને સાંજ પડતા સુધીમાં આમાં મોટાભાગના ઉમેદવારોને ઇન્ટરવ્યું કોલ ના મળ્યાં અને પોતાની ઉમેદવારી કરવામાંથી પણ આ બાકાત રહી ગયાં. આવી પરિસ્થિતિ આયોગના મારફતે થાય છે આ પણ વિચારવા જેવી બાબત છે. ભવિષ્યમાં આવું ના બને એના માટે સામાન્ય વહીવટ વિભાગ એની નીતિઓમાં ફેરફાર કરે, આનો વહીવટ પારદર્શક બનાવે એ મારું આપને સૂચન છે.

આજે વિશ્વ મહિલા દિન છે એ નિમિત્તે હું સૌ બહેનોને નમસ્કાર કરું છું અને મારી શુભેચ્છા પણ પાઠવું છું. સાથે સાથે વિશ્વ મહિલા દિન છે ત્યારે હું એવો અનુરોધ પણ ચોક્કસ કરું કે સરકારી નોકરીઓમાં મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવે. થોડી ઘણી લાયકાતોમાં પણ છૂટછાટ મૂકીને એમની ભરતીમાં અગ્રીમતા આપવામાં આવે એ પણ વિચારવા જેવો મુદ્દો છે. યુ.પી.એસ.સી.માં પણ સામાન્ય રીતે એવું છે કે જે બહેનો ઉમેદવાર થઇને જાય છે તેમના પ્રત્યે ઉદાર વલણ રાખવામાં આવે છે અને ઉદાર વલણના કારણે મહત્તમ બહેનોની ભરતી યુ.પી.એસ.સી.માં થાય છે. એવી જ રીતે આયોગ દ્વારા આ વિચારધારાને ગુજરાતમાં પણ અમલમાં મૂકવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ફિલ્ડમાં અને સચિવાલય કક્ષામાં પણ કેટલીક જગ્યાએ કોન્ટ્રાકટ પદ્ધતિથી કામ લેવામાં આવે છે. એમાં જે કર્મચારીઓને રોકવામાં આવે છે. ( સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : રજનીભાઇ..

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યાં છે એને સમર્થન આપવા માટે તથા મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે તમામ બહેનો અને માતાઓને હું વંદન કરું છું અને શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસપક્ષના દંડકશ્રીએ ત્યાગમૂર્તિની વાત કરી. હકીકત એ છે કે સત્તા જોઇએ છીએ પણ જવાબદારી લેવી નથી અને જવાબદારી લીધા વગરની સત્તા ચેરમેન, નેશનલ એડવાઇઝરી કાઉન્સિલ તરીકે કામ કરીને આ દેશના વડાપ્રધાનનું જે પદ છે એને •(xxxxxx) જેવું બનાવ્યું, નાઇટવોચમેન તરીકે કામ કરવાની ફરજ પાડવામાં આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એક મિનિટ, એ શબ્દો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : ત્યાગમૂર્તિની વાત કરી એટલે (અંતરાય) એ શબ્દો, હું પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે વડાપ્રધાન પદનો ત્યાગ કરવાની વાત કરી એમાં એણે બીજું શું (અંતરાય) (આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યો પોતાની જગ્યાએથી ઊભા થઇ જતાં)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) એવું કહે છે. (અંતરાય )

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ સાંભળો. (xxxxxx) શબ્દ કાઢી નાંખીએ છીએ. જે વ્યકિત હાજર ના હોય, એમાં આપણે ટીકા રહેવા દો. તમારી વાત કરો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : નાઇટ વોચમેન બને. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેય તરફથી આ માગણીઓ ઉપર જ બોલોને.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : આ દેશના વડાપ્રધાનની જે સ્થિતિ છે એની અસરકારકતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : આ દેશના વડાપ્રધાનની પ્રતિભા ખૂબ મહત્વની છે. અને જ્યારે બલવંતસિંહે વાત કરી છે ત્યારે વહીવટની જ્યારે વાત કરીએ. આખું વિશ્વ વડાપ્રધાનની અસરકારકતા જોઇ રહ્યું છે. આ દેશના બંધારણની વિરુદ્ધમાં જવાબદારી વગરની સત્તા ભોગવનાર ભાઇ-બહેનોને મારે કહેવું છે કે આ દેશની અંદર કાયદાનું શાસન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, રાઉલજી, કાંઇ એવો શબ્દ હશે તો હું જ કાઢી નાંખીશ. શાંતિથી સાંભળો. (અંતરાય) એક મિનિટ, કોઇ આર્ગ્યુમેન્ટ નહિ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : એવું કહેવામાં આવ્યું કે, અધિકારી/કર્મચારીઓ જે છે એ તટસ્થતાથી કામ કરતા નથી. આ સરકારે ૬ લાખ કર્મચારીઓને કર્મચારી તરીકે નહિ પણ કર્મયોગી તરીકે જોયેલા છે અને એના પરિણામો પણ આપણે જોયા છે કે ૯૪૦ થી વધારે ગરીબ કલ્યાણ મેળાની અંદર પંચોતેર લાખ લોકોને, અગિયાર હજાર કરોડની સહાય પહોંચાડવાનું કામ આ છ લાખ કર્મચારીઓએ કર્યું છે. મારે એમને બિરદાવવા છે કે, એ લોકોએ મહેનત કરીને, પક્ષાપક્ષીથી ઉપર જઇને ગરીબ માણસોને મદદ કરવા માટેનું કાર્ય કર્યું છે. વીસ લાખ લોકોને મકાનો આપ્યા છે આ સરકારે આ કર્મયોગીઓ મારફતે, દસ લાખ લોકોના ઘરની અંદર અંધારામાંથી અજવાળું કર્યું છે અને લાઇટ આપી છે. લાખો લોકોને સ્વરોજગારીના સાધનો આપેલા છે. એટલે આ સરકાર જે છે એ કર્મચારીઓને કર્મચારી ગણતી નથી પણ કર્મયોગી ગણે છે. આ દેશની અંદર આઝાદી મેળવવા માટે જે લોકોએ ભોગ આપ્યો એવા છસો એંસી લોકોને પેન્શન આપે છે, છ હજાર રૂપિયા અને એના માટે ૨૦૧૩-૧૪માં ચાર કરોડ અને ત્રેસઠ લાખ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવી છે. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન થયું, એના જે ભોગ બનેલા હતા એવા બાવીસ માણસોને અને એમના આશ્રિતોને એક હજાર રૂપિયાનું પેન્શન આપવામાં આવી રહ્યું છે.

માનનીય સભ્યશ્રીએ વાત કરી ખાલી જગ્યાઓની, મને કહેતાં આનંદ થાય છે કે, છેલ્લા બે વર્ષની અંદર એક લાખથી પણ વધારે જગ્યાઓ ભરવામાં આવી છે. તલાટી, કારકુન, મુખ્ય સેવિકા, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પરપઝ, તમે જાહેરાતો જુઓ. અહીંયા આખી જે વ્યવસ્થા છે એ ઓન-લાઇન. પોતે ઓન-લાઇન, ઓજસ સોફ્ટવેર મારફતે અરજી કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ કર્મચારીઓની જે ભરતી છે એના ઉપર કોઇ બાન નથી. એની જે જગ્યાઓ ખાલી છે એના માટે મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાત સરકાર કર્મચારીઓની સાથે સાથે બિનનિવાસી ગુજરાતીઓ, કે જે ગુજરાત બહાર અથવા તો દેશની બહાર જે વસ્યા છે, એના કલ્યાણ માટે પણ ચિંતા કરી છે. એના માટે જુદો પ્રભાગ બનાવવામાં આવ્યો છે અને આની અંદર આજે, જેમ શ્રી ખબરદારે કહેલું કે, "જયાં જયાં વસે ગુજરાતી, ત્યાં સદા કાળ ગુજરાત". આજે ગુજરાતની અસ્મિતા, ગુજરાતી ભાષાનું ગૌરવ અને આ દેશ પ્રત્યેની પોતાની જે દેશ-દાઝ ધરાવનારાઓ આવા બિનનિવાસી લાખ્ખો ગુજરાતીઓ માટે એક જુદો પ્રભાગ બનાવવામાં આવ્યો છે. ૧,૭૨,૦૮૨ ગુજરાતીઓના ડેટા બેઝવાળું ઇન્ટર એકવીટ પોર્ટલ બનાવવામાં આવ્યું છે, એ લોકોની માહિતી રાખવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનની સ્થાપના કરવામાં આવી છે. ૧૦,૫૦૦ જેટલા ગુજરાત કાર્ડની વ્હેંચણી કરવામાં આવેલી છે અને અમદાવાદ, વડોદરા, આણંદ, સુરત ( સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિશે કેન્દ્રની સરકાર દ્વારા કેટલું ઓરમાયું વર્તન રાખવામાં આવે છે એનો મને ઉલ્લેખ કરતાં બહુ દુઃખ થાય છે કે, યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ગુજરાતી પ્રશ્નની ભાષાને કાઢી નાખવામાં આવી છે અને એના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને સહન કરવાનું આવશે. ગુજરાતના

વિકાસમાં ભાગીદાર થવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતીઓને આહવાન આપ્યું અને એના કારણે લાખ્ખો લોકો પોતે આરોગ્ય માટે, શિક્ષણ માટે, સામાજિક સેવાના કાર્યની અંદર આજે ગુજરાતના વિકાસની પ્રક્રિયા જે છે એમાં ભાગીદારી લેવા માટે ભાગ લઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુશાસન શું કહેવાય ? એ જો શીખવું હોય તો એ સામાન્ય વહીવટ વિભાગના આપણા જે કર્મઠ છ લાખ કર્મયોગી છે એમની કામગીરી જોઇને કરી શકાય. આજે જે લોકો અત્યારે ભરતી કરવાની વાત કરી રહ્યા છે એમના શાસનમાં સાહેબ બાન હતો, એમની પાસે પૈસા નહતા, જગ્યાઓ ભરવામાં આવતી નહતી. આજે કોઇપણ જાતનો બાન અસ્તિત્વમાં નથી. તમામ વિભાગો પોતે જરૂરિયાત મુજબ ભરતીની કામગીરી કરી રહ્યા છે ત્યારે આ જે માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**(વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર. ઓર્ડર. ડો. અનિલ જોષીયારા.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ પોતાના જુદા જુદા વિભાગોની જે માગણી લઇને આવ્યા છે, એમાં માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માહિતી ખાતુ એટલે જે સરકારની વિવિધ કલ્યાણકારી યોજના છે, સરકારની નીતિઓ છે, તે પ્રજા સુધી પહોંચાડવાનું, પ્રજાને અવગત કરવાનું કામ કરતું હોય છે. એમાંથી એનો ફીડબેક પણ મેળવતું હોય છે. આજે શું જોઇએ છીએ? દરેક જગ્યાએ જોઇએ, મેગેઝિનો જોઇએ, ચોપાનિયા જોઇએ, પોસ્ટરો જોઇએ, હોર્ડિંગ્સ જોઇએ તો અત્યારે એક જ બાબત જોવા મળે છે. મુખ્યમંત્રીના વખાણ. વિભાગમાં ગયા વર્ષે અંદાજ કરેલ હતો. એમાં ૧૦૩ કરોડ ૭૯ લાખનો સુધારેલ અંદાજ છે, તેમાં મોટા ભાગનો ખર્ચ લગભગ સોએક કરોડનો ખર્ચ એ મુખ્યમંત્રીશ્રીના પ્રચાર માટે વપરાય છે. મારે કહેવાનું છે કે આપણી પાસે માહિતી વિભાગમાં અધિકારીઓ સારા છે, અનુભવી છે. આપણે એનો ઉપયોગ કરતા નથી. આપણે આઉટ સોર્સિંગથી માણસો લઇએ છીએ અને આ માણસો સરકારના વખાણ કરતા હોય છે. સરકારના મંત્રી બોલે એ આખી પ્રેસનોટ તૈયાર કરે છે અને એ આખી પ્રેસનોટ પેપરમાં આવતી હોય છે. આપણે કોઇપણ સરકાર હોય એકબાજુ જોવાની છે? આ પત્રકારો છે એ સાચી વાત કહેતા હોય છે એને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ પત્રકારો માટે આપણે ટાટા મોટર્સ, અદાણી, સત્યમ એ બધાને જમીન આપીએ છીએ. તો એમને નાનો સરખો પ્લોટ ન આપી શકીએ? ધારાસભ્યશ્રીઓને પ્લોટ આપીએ છીએ, તો આપણે આમનો વિચાર કરવો જોઇએ. આપણે ૫ વર્ષ માટે આવીએ છીએ. પેલા કાયમી બેઠા છે. પ્રજાનો અવાજ રજૂ કરી રહ્યા છે. આમના માટે વિચાર કરવો જોઇએ. આ પત્રકારો માટે કોંગ્રેસના શાસનમાં પત્રકાર કોલોની બનતી. તેમને અમદાવાદથી લઇ આવવા માટે બસો મૂકાતી હતી. ટાઇમસર આવે અને જઇ શકે એટલા માટે બસ મૂકાતી હતી. જ્યારે આ સરકારમાં આ બધુ બંધ થઇ ગયું છે. આ લોકશાહીની ચોથી જાગીર કહેવાય. એના માટે વિચાર કરવો પડશે. એ લોકો ટીકા-ટિપ્પણી કરે, પણ એનાથી વહીવટનો સુધારો આવતો હોય છે.

મારે જે બીજી બાબત કહેવાની છે કે વિધાનસભામાં જે ધારાસભ્ય આવે છે એ પ્રજાના પ્રશ્ન માટે અને એ પ્રશ્ન ઉકેલે એટલા માટે આવતા હોય છે. ઘણા ધારાસભ્યો કોઇ સંજોગોમાં કયાંક •(xxxxxx) આમાં એમને પણ થોડીક સ્વતંત્રતા આપવી જોઇએ. લોકશાહી દેશ છે,ત્યારે સ્વતંત્રતા જરૂર મળવી જોઇએ.

સામાન્ય વહીવટ વિભાગ માટે વાત કરવી છે. સામાન્ય વહીવટ વિભાગ એ હાર્ટ કહેવાય અને એ હાર્ટ ધબકતુ રહે તો સારાં કામ થાય. આ આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. હોંશિયાર માણસ હોય છે. પ્રજાના હિતનાં કામ કરતાં હોય છે, પરંતુ તેમને સ્વતંત્રતા આપવામાં નથી આવતી. દબાણ કરવામાં આવે છે. એ લોકો ધીરે ધીરે ટેવાય જાય છે. સાહેબને સારું લાગે તેવું નોટિંગ કરવું પડશે, નહિતર સાઇડ પોસ્ટિંગ થઇ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

જશે. આ સાઇડ પોસ્ટિંગની બીકે બીકે અધિકારીઓ સારો વહીવટ કરી શકતા નથી. ઘણા જૂના અધિકારીઓ આઇ.એ.એસ., આઇ.પી.એસ. હતા અને સ્વતંત્ર રીતે કામ કરી શકતાં હતાં. આજે ઘણા જે નથી કરી શકતા. બલવંતસિંહે કહ્યું નિયમની વિરુદ્ધમાં જાય છે તો ક્યાંક એમને જેલમાં જવું પડયું છે. જી.પી.એસ.સી અને ગૌણ સેવા પસંદગી મંડળ વર્ગ–૧ થી ૩ સુધીના કર્મચારીઓની નિમણૂક કરતા હોય છે. જી.પી.એસ.સી. એ વર્ગ–૧ થી ૨ ની નિમણૂક કરે છે. એની પાસે જે તે વિભાગના સમયસર માગણા જાય એ રીતે સામાન્ય વહીવટ વિભાગ મોકલે અને સમય મર્યાદા પણ નક્કી કરવાની જરૂર છે. કારણ કે સમય મર્યાદા વગર એક માગણુ ગયું જેમ આનંદીબેન કહેતા હતા કે ઘણી વખતથી મોકલ્યું પણ હજુ સુધી થયું નથી. એ લોકો વાંધા–વચકા કાઢીને માહિતી પાછી આવે, એના લીધે વહીવટમાં ખૂબ મુશ્કેલી પડતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે અધિકારીઓ છે તેમના સમયસર ઇન્ટરવ્યુ થઇ જવા જોઇએ. તેમની સમયસર નિમણૂક થાય તેની કોઇ ટાઇમ લીમીટ નકકી કરવી જોઇએ. જે ગૌણ સેવા પસંદગી મંડળ છે તેમાં પણ ઘણી મુશ્કેલીઓ પડે છે. એમાં પણ જે ઓર્ડરો આપવામાં આવે છે તે સમયસર આપતા નથી. તેના લીધે ઘણીબધી જગ્યાઓ ખાલી રહે છે. હમણાં આર.એમ.પટેલ સાહેબ બહુ સારી વાત કરતા હતા કે તલાટીઓની જગ્યા ભરેલી છે. હું એમ કહું છું કે જિલ્લા મથકે જાઓ કે તેની નીચે પંચાયતમાં જાઓ મોટાભાગની જગ્યાઓ ચાર્જથી ચાલે છે. એક એક તલાટી પાસે ચારથી પાંચ જગ્યાનો ચાર્જ હોય છે. પહેલાં જે મહેકમ હતું તે આજે ઘટી ગયું છે. પહેલાં ૨ લાખ ૧૫ હજાર જેટલા કર્મચારીઓ–અધિકારીઓ હતા. આજે ૧ લાખ ૭૪ હજાર જ રહ્યા છે. ઘણી વખત એવું થાય છે કે બંધારણની જોગવાઇ હોય તો તે પ્રમાણે તે લોકો ભરતી કરતા નથી. પછી ઉમેદવારોને નછૂટકે કોર્ટમાં જવું પડે છે અને પછી આખી ભરતી પ્રક્રિયા ઉપર બાન આવી જાય છે. તેના લીધે મુશ્કેલી પડે છે. તેના લીધે તેઓ સમયસર વહીવટમાં સામેલ થવા જોઇએ તે થઇ શકતા નથી. મારે તો એ કહેવું છે કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો અવાજ તો કમસેકમ સંભળાવવો જોઇએ. જયારે એક સમય હતો કે વિરોધ પાર્ટીના હોય તો પણ તેનો અવાજ સંભળાતો હતો. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આ તો આપણી લાઇનમાં નથી. આ અન્યાય જે થઇ રહ્યો છે તે જે તે ધારાસભ્યનો અન્યાય નથી જે તે વિસ્તારને અન્યાય થાય છે. એટલે મારી મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓને વિનંતી છે. ઘણીવાર એવું કહેવામાં આવે છે કે તમારો લેટર નહીં મોકલતાં કોઇક કમળવાળાનો લેટર મોકલજો. એટલે એના દ્વારા તમારું કામ થશે. આ જાતની પરિસ્થિતિ છે. આ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું અપમાન છે. તમારે આ બાબતમાં મંત્રીશ્રીઓને સૂચના આપવી જોઇએ અને તેનો સમય નકકી કરવો જોઇએ. ધારાસભ્યનો કાગળ આવે એટલે તેને સમયસર જવાબ મળવો જોઇએ.

હું એક દાખલો આપું. મેરીટાઇમ બોર્ડમાં ભરતી થતી નથી. તે વખતે મને એમ લાગ્યું કે આમાં કંઇક મુશ્કેલી છે. હું ચીફ સેક્રેટરીને મળ્યો, હું તત્કાલિન મંત્રીને મળ્યો. મંત્રીને એમ લાગ્યું કે આમાં કંઇક ખોટું થઇ રહ્યું છે. તેમાં આર.આર. સુધારવાના હતા. જે તે વખતે સમયસર આર.આર. સુધારવામાં ન આવ્યા. તે પ્રમાણે તેમાં ભરતી પ્રક્રિયામાં મુશ્કેલી થઇ. તેનો જવાબ સાહેબ ચાર મહિને મને મળ્યો. ચાર મહિના પછી બધી ભરતી પ્રક્રિયા પૂરી થઇ ગઇ ત્યારે મળ્યો. એટલો આવો અન્યાય થાય છે. એટલે મારી વિનંતી છે કે જે ધારાસભ્યોને સમયસર, પ્રાઇવેટ વિસ્તારમાં તો તેમને ન્યાય નથી મળતો પણ અહીંયાં પ્રજાના પ્રશ્નો ઉજાગર કરતા હોય તો તેમને ન્યાય મળવો જોઇએ. આયોજન છે, ડીસ્ટ્રીકટ ડેવલપમેન્ટ પ્લાન છે તેમાં મને એમ હતું કે તેમાં આ વખતે વધારો થશે. તેમાં વધારો ન થયો. ધારાસભ્ય ફંડ છે તે છેલ્લા ઘણા સમયથી ઓછું છે. એટલા માટે કે હવે ધારાસભ્યોના વિસ્તારો વધી ગયા છે. એક એક ધારાસભ્યશ્રી પાસે બે–બે તાલુકા છે. શહેર માટે હમણાં નીતિનભાઇ ગઇકાલે વાત કરતા હતા કે વિસ્તારને જોવામાં આવે છે. કેન્દ્ર ૩.૦૧ ટકા ગ્રાન્ટ આપે છે.

અધ્યક્ષશ્રી : માનનીય દેવુસિંહ. બસ બસ જોષીયારાજી પૂરૂં થયું.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે ભારતની સંસ્કૃતિના એક વાકય સાથે મારી વાત કરું છું. 'યત્ર નારી પૂજયતે્ તત્ર રમન્તે દેવતા:' જયાં જયાં નારીનું સન્માન થાય છે ત્યાં ઇશ્વરનો વાસ હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ પવિત્ર ધરતી છે

ત્યારે માનનીય મંત્રીશ્રી જે સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

સામાન્ય વહીવટ વિભાગ એ સમગ્ર વહીવટી તંત્રને ગતિશીલ રાખતો એક હૃદય સમાન વિભાગ છે. કોઇ કાળે જેમ માણસના શરીરમાં, હાર્ટમાં લોહીનું પરિભ્રમણ અટકી જાય તો લાંબાગાળે તે શરીર ચેતનહીન થઇ જાય. સામાન્ય વહીવટ વિભાગ હંમેશાં સતત ધબકતો રહેવો જોઇએ. આ વિભાગે દબાણ વચ્ચે કામ કરવાનું હોય છે. સામાન્ય વહીવટ વિભાગ નિર્ણય લેનાર અને લાભ લેનાર આ બંને વિભાગની વચ્ચે કામ કરતો વિભાગ છે ત્યારે ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગે ગુજરાતને જે સિદ્ધિઓ મળી છે, જેની ચર્ચા રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે થાય છે ત્યારે તે વિભાગને હું અભિનંદન આપું છું કે તેમણે ખૂબ કામ કર્યુ છે. સામાન્ય વહીવટ વિભાગ અને ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબમાં બહુ મોટી સામ્યતા છે. સામાન્ય વહીવટ જે રીતે કામ કરે છે ત્યારે એમના માટે હજુ વધારે અપેક્ષાઓ ઉભી થઇ છે, અને વધારે અપેક્ષાઓ ઉભી થઇ હોય ત્યારે એ અપેક્ષાઓ પૂરી ન થતાં એની ટીકાઓ પણ થતી હોય છે. જે રીતે ગુજરાતમાં ગુજરાતના ધરતીપુત્ર નરેન્દ્રભાઇનું વ્યક્તિત્વ સમગ્ર રાષ્ટ્ર આજે જોઇ રહ્યું છે ત્યારે એમના માટે પણ એટલી જ અપેક્ષાઓ ઉભી થઇ છે. સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું એ લોકશાહીની પાયાની વાત છે અને જિલ્લા વિકાસ અને તાલુકા વિકાસનું કામ થાય એટલા માટે જિલ્લા વિકેન્દ્રીકરણ આયોજન મંડળની રચનાઓ જે રીતે થઇ છે ત્યારે સરકારે છેવાડાના માણસને આ લાભ મળે એટલે તાલુકા સરકારનો એપ્રોચ લાવી છે. તાલુકા કક્ષાએ દરખાસ્ત તાલુકાની જરૂરિયાત પ્રમાણેની તૈયાર થાય એ જિલ્લા આયોજન મંડળમાં આવે, જિલ્લા આયોજન મંડળમાં જે તે જિલ્લાના રાજયના પ્રભારી મંત્રીશ્રી, પાલક મંત્રીશ્રી એ જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ હોય છે અને આયોજન અધિકારી એના સભ્ય સચિવ હોય છે અને આ આયોજન મંડળે તાલુકાએ જે દરખાસ્ત મોકલી હોય છે એમાં વિવેકાધિન પ્રોત્સાહકની રકમ હોય છે એના આધારે નિર્ણય કરતા હોય છે. એ વિવેકાધિનની જોગવાઇ સો ટકા ગ્રાન્ટ સરકાર આપે છે અને પ્રોત્સાહકમાં લોકો લોકફાળાની રકમ આપે છે અને એની સહાયની રકમ આજે સરકાર એમાં આપતી હોય છે. એ જ રીતે, ભૌગોલિક રીતે પછાત તાલુકાઓ હોય, સામાજિક રીતે જે પછાત તાલુકાઓ હોય અને જે વિકાસશીલ તાલુકાની સાથે જે તાલુકાઓ હજુ બાકી રહી ગયા છે એને પણ જોડવાનું કામ કરી અને એને નાણાં આપવાનું, સહાય આપવાનું કામ આ જિલ્લા વિકેન્દ્રીકરણના આ કાર્યક્રમ હેઠળ થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી બલવંતસિંહે સદ્ભાવનાની જે વાત કરી છે ત્યારે મારે કહેવું પડે છે કે, સમાજમાં એકતા વધે, સમાજમાં સંપ થાય, સમાજ એક થાય એ જોવાની જવાબદારી પણ સરકારની હોય છે અને માટે જયારે આ કાર્યક્રમ થયો છે ત્યારે મને એ પણ યાદ આવે છે કે પોતાના નેતાઓના છાપાઓમાં ફોટા છાપીને રાષ્ટ્રીય એકતાદિન, શાંતિ દિન, વડાપ્રધાનના નામે, ભૂતકાળના વડાપ્રધાનોના ફોટા મૂકી કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર છાપાઓમાં– સમાચાર પત્રોમાં જાહેરાત આપીને કરતા હતા એના કરતાં સદ્ભાવનાનો કાર્યક્રમ ખૂબ ઉંચો થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ભારતના બંધારણનું રાજ છે અને ભારતનું બંધારણ કહે છે કે, કોઇ વિદેશી મહિલા કયારેય આ દેશની વડાપ્રધાન થઇ શકે નહીં ત્યારે આ દેશના બંધારણના આધારે આ નિર્ણય થયો છે ત્યારે કોઇને ત્યાગમુર્તિ કહેવા અને એ ત્યાગમુર્તિમાં હજુ પણ શકિત હોય તો ફરીથી જીતીને વડાપ્રધાન થઇ શકે પણ આ દેશનું બંધારણ એમ કરતાં રોકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ જે રીતે કામ કરે છે ત્યારે ભૂતકાળમાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ગાંધીનગરમાં કે કયાંક કાગળ ઉપર થતી, ચાહે એ પ્રજાસત્તાક દિન હોય, સ્વાતંત્ર્ય દિન હોય કે પહેલી મે ગુજરાતના દિનની ઉજવણી હોય પણ જયારથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા છે ત્યારથી આ તમામ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી જે તે તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ થવા માંડી છે. પ્રજામાં એક રાષ્ટ્ર માટેનો ભાવ ઉભો થયો છે. પ્રજા રાષ્ટ્ર માટે બલિદાનો આપનારા શહીદોને યાદ કરે છે અને પ્રજા જે આઝાદી મળી છે એની અપેક્ષા મુજબ આવનારી પેઢીને આ રાષ્ટ્ર શું આપવા માગે છે અને એના નેતાઓ પાસે શું અપેક્ષાઓ રાખે છે એની સીધી વાત પ્રજા વચ્ચે જઇને કરે છે

ત્યારે તાલીમ પણ એક અતિ મહત્વનો ભાગ હોય છે અને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા દ્વારા સ્પીપામાં ગુજરાતના યુવાનો U P S C ની એક્ઝામ અને સિવિલ સર્વિસીસ માટે તૈયાર થાય એની તાલીમનું કામ પણ સ્પીપામાં થઇ રહ્યું છે. ગુજરાતના યુવાનોને પ્રિલિમનરી પરીક્ષા હોય, મેઇન પરીક્ષા હોય કે જયારે ઇન્ટરવ્યુ માટે આ તાલીમ આપવામાં આવે છે ત્યારે હોસ્ટેલની સગવડ આપવામાં આવે છે. સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે અને એ રીતે ગુજરાતનો નવયુવાન આ લોક પ્રશાસનની સંસ્થાઓમાં જોડાય અને લોક પ્રશાસન કેવી રીતે આપી શકાય એ રીતે નવી પેઢી તૈયાર કરવાનું કામ કરે છે ત્યારે અભિગમ કેટલો ફરક કરે? માણસનો એટીટ્યુડ કેટલું ફરક કરે? ત્યારે મને વાત યાદ આવે છે કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એ સંસ્થાના પ્રવચનમાં પોતે પાણી ભરેલો અર્ધો ગ્લાસ બતાવીને કહ્યું હતું કે, લોકો એમ સમજે છે કે આ ગ્લાસ પાણીથી અર્ધો ભરેલો છે અને અર્ધો ખાલી છે, પણ હું આને અર્ધો પાણીથી ભરેલો અને અર્ધો હવાથી ભરેલો સમજુ છું. આ અભિગમથી એમણે ગુજરાતના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા છે. અને એમનામાં જે સંવેદનશીલતા ઉભી કરી છે, એમનામાં જે આત્મિયતા ઉભી કરી છે કે તમારી સમક્ષ ઉભો રહેલો જે પણ અરજદાર આવે છે એ તમારા પોતાના પરિવારનો છે એ ભાવથી જ્યારે કામ કરે છે ત્યારે ગુજરાત પ્રગતિ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મને એક વાત યાદ આવે છે કે તાલીમથી શું ફર્ક પડે છે? એક નવયુવાન બેરોજગાર કામ માટે અહીં તહીં ભટકતો હતો અને કયાંય કામ મળતું ન હતું ત્યારે એન જંગલમાં લાકડા કાપવાનું કામ મળ્યું. કામ મળ્યું એટલે ખુશ થઇ ગયો અને પહેલા દિવસે પાંચ ઝાડ કાપી નાંખ્યા, બીજા દિવસે ચાર ઝાડ કાપ્યા, ત્રીજા દિવસે ત્રણ ઝાડ કાપ્યા, ચોથા દિવસે અડધું જ કાપ્યું એટલે એના સુપરવાઇઝરે એને બોલાવ્યો અહીં આવ, તને જ્યારે કામ ન હતું મળતું અને કામ આપ્યું ત્યારે તું શરૂઆતમાં ચાર અને પાંચ ઝાડ કાપતો હતો અને આજે કેમ એક ઝાડ પણ પૂરૂં કાપી શકતો નથી? ત્યારે તેણે કહ્યું કે એ જ પ્રમાણિકતાથી હું કામ કરું છું, મહેનતથી કામ કરું છું, ઇમાનદારીથી કામ કરું છું પણ આ ઝાડ કપાતું નથી. પેલા સુપરવાઇઝરે કહ્યું કે તારી કૂહાડી લાવ અને કૂહાડી જોઇ તો એની ધાર બૂઠી થઇ ગઇ હતી. માનનીય અધ્યક્ષશ્રી, જેની ધાર બૂઠી થઇ જાય પછી એ ગમે તેટલી મહેનતથી કામ કરે તો પણ એ ઝાડ કાપી શકે નહીં. પણ આ સામાન્ય વહીવટ વિભાગની ધાર કાઢવાનું કામ તાલીમ દ્વારા, ચિંતન શિબિરો દ્વારા નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યુ છે. આટલું કહી હું મારી વાત પૂરી કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની ૨૦૧૩-૧૪ના વાર્ષિક બજેટની માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ ઉપર હું મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ દર વર્ષે ૧૦૦ કરોડથી વધારે રકમનો ખર્ચ કરે છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦૪ કરોડની જોગવાઇ સામે વર્ષ ૨૦૧૩-૧૪માં ૮૯ કરોડની જોગવાઇ અંદાજેલ છે. માહિતી અને પ્રસારણ વિભાગની મોટા ભાગની રકમ મુખ્યમંત્રીશ્રીની અંગત પ્રસિદ્ધિ અને વાહ વાહ કરવા માટે વાપરવામાં આવે છે. સન ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ગત વર્ષ કરતા ૧૫ કરોડ ઓછાની જોગવાઇ કરીને મુખ્યમંત્રીશ્રીના ગુણગાન ગાવા થતો ખર્ચ ઇરાદાપૂર્વક ઓછો બતાવવાનો પ્રયત્ન કરેલ છે જેથી ટીકાઓથી બચી શકાય. છેલ્લા ત્રણ વર્ષમાં જાહેર ખબરો, જાહેરાતો માટે સન ૨૦૧૦-૧૧માં ૨૬ કરોડ, ૨૦૧૧-૧૨માં ૨૭ કરોડ, ૨૦૧૨-૧૩માં અત્યાર સુધી ૨૦ કરોડ મળી કુલ ૭૩ કરોડ જેટલી માતબર રકમ મુખ્યમંત્રીશ્રીની પ્રસિદ્ધિ અને પ્રશંસા પાછળ વેડફી નાંખવામાં આવી છે. જો આ નાણાં રાજયના અંતરિયાળ, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વિસ્તારના કલ્યાણ માટે વાપરવામાં આવ્યા હોત તો ગરીબ પ્રજાનો વિકાસ થયો હોત. માહિતી કમિશનરની વડી કચેરીના સમગ્ર મહેકમ, વહીવટી ખર્ચ, ગાડીઓના પેટ્રોલ-ડીઝલ અને ટેલિફોન ખર્ચ, પ્રવાસ, ફોટોગ્રાફ અને પત્રકારોની સરભરા વગેરે માટે ખર્ચ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૧.૧૪ કરોડની જોગવાઇ સામે ૨૦૧૩-૧૪માં ૧૨.૪૫ કરોડની એટલે કે ૧.૩૪ કરોડ જેટલી વધારે રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. જે રકમનો ઉપયોગ મુખ્યમંત્રીશ્રી પ્રસિદ્ધિ માટે વાપરવા કરવામાં આવશે.

રોજગાર સમાચાર, ગુજરાત પાક્ષિક સાપ્તાહિક પુસ્તિકા સમયસર ગામડાઓમાં પહોંચતી નથી પણ રાજયની જુદી જુદી યોજનાઓ, કાર્યક્રમો, સિદ્ધિઓના પ્રચાર સાથે મુખ્યમંત્રીશ્રીનો પ્રચાર થાય એ રીતે ચોપાનિયા, ફોલ્ડર, સમાચાર પત્રો અને મોટી સાઇઝના મુખ્યમંત્રીશ્રીના ફોટાઓ અને હોર્ડીંગ્સની પાછળ બહુ મોટો ખર્ચ કરવામાં આવે છે. રાજયના જિલ્લાઓમાંથી કેટલાક મથકોએ ચલાવાતા માહિતી કેન્દ્રોનો ખર્ચ કરવામાં આવે છે. જેમાં રાજય પ્રગત્તિના મૉડેલ ફોટાઓ, અન્ય રાજયોની પ્રગત્તિની માહિતી સાથે સરખામણી કરી રાજયના મુખ્યમંત્રીશ્રીના ફોટાઓ દર્શાવવામાં જ મોટો હિસ્સો ખર્ચાય છે. ચાલુ સાલે ૧ કરોડ ૪૪ લાખ વધારાનો ખર્ચ અંદાજવામાં આવે છે. માહિતી વિભાગ દ્વારા દરેક તાલુકામાં ફરતા પ્રચાર વાહનો મારફતે મુખ્યમંત્રીના ગાણા ગાવા માટે પ્રજાના પરસેવાના નાણાંમાંથી ૮ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ રાખવામાં આવી છે.

રાજયના યાત્રાધામો, પ્રદર્શનો તેમજ અલગ અલગ સ્થળોએ મેળા–ઉત્સવો ગોઠવવા માટે ચાલુ નાણાકીય વર્ષમાં ગત સાલની ૭૦.૬૮ કરોડની રકમ સામે ૮૦.૩૬ કરોડની જોગવાઇ કરેલ છે. આમ ૯.૭૯ કરોડની રકમ મુખ્યમંત્રીના ફોટા અને કટ–આઉટ પાછળ ખર્ચવાનો હું ખરેખર વિરોધ કરું છું. સરકારે મનોરંજન અને સુખ–સુવિધા કરની આવક વધારવા કોઇ દરખાસ્ત કરી નથી. કારણ કે, રાજયમાં ઠેર ઠેર આવેલ સિનેમા ઘરો અને મલ્ટીપ્લેક્ષ •(xxxxxx) ચાલે છે. એમની પાસેથી કર વધારી નાણાં મેળવવાની સરકારની દાનત નથી.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. એક મિનિટ. ક્રોસીંગ ધ ફલોરનો સવાલ નથી આવતો કારણકે અહીંયા ડાયરેક્ટ જોયું છે મેં જાતે જોયું છે. તમે તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી પૂનમભાઇ મા.પરમારઃ  માહિતી કમિશનરની વડી કચેરીના સમગ્ર મહેકમ, વહીવટી ખર્ચ, ગાડીઓના પેટ્રોલ, ડિઝલ અને ટેલીફોન ખર્ચ, પ્રવાસ, ફોટોગ્રાફ અને પત્રકારોની સરભરા વિગેરે માટે ખર્ચ કરવામાં આવે છે. વરસ ૨૦૧૨–૧૩માં ૧૧ કરોડ ૧૪ લાખની જોગવાઇ સામે ૨૦૧૩–૧૪માં ૧૨.૪૫ કરોડની એટલે કે ૧.૩૪ કરોડ જેટલી વધારે રકમની જોગવાઇ કરવામાં આવી છે. જે રકમનો ઉપયોગ મુખ્યમંત્રીશ્રીની પ્રસિદ્ધિ માટે વાપરવા માટે કરવામાં આવશે. હમણાં મારા સાથી મિત્ર શ્રી રજનીભાઇ પટેલ, આઇ.એ.એસ. અધિકારી તરીકે ૧૦ વરસ સુધી માનનીય *(xxxxxx) તરીકે રહ્યા એટલે એ પોતે ધારાસભ્ય તરીકે આવી શક્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. વ્યક્તિગત રીતે કોઇ આક્ષેપ ન થાય અને તે રીતે આક્ષેપ કરવા નહિ. આ શબ્દ હું રેકર્ડ પરથી કાઢી નાંખું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વડાપ્રધાન અર્થશાસ્ત્રી છે. આખી દુનિયામાં શ્રેષ્ઠ વડાપ્રધાન છે. એમણે એમને (xxxxxx) કહ્યા છે એટલા માટે મારે કહેવું પડ્યું છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ બધા બેસી જાઓ તમામ સભ્યશ્રીઓને સૂચના આપું છું. એ માઇક ઉપર બોલ્યા છે,વ્યક્તિગત એલીગેશન કરવાના નથી. આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. એક મિનિટ, તમે બેસો. શબ્દો દૂર કરવાની વાત છે. પાછા ખેંચવાના હોય તો બધાને લાગુ પડે નહિ. બધા બેસી જાઓ, બધા બેસી જાઓ. નવા સભ્ય છે, બેસી જાઓ બધા. તમારે શું કહેવાનું છે, (સતત અંતરાય) તમે બેસી જાઓ, અરે બેસી જાઓ તમે, તમે બેસી જાઓ બધા, એક મિનિટ, ફરીથી તમામ સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે કોઇપણ વ્યક્તિની કે કોઇની ક્યાંય ટીકા કરવાની નથી. ટીકા કરવી હોય તો પહેલા પરવાનગી લેવી પડે એટલે તમારા શબ્દો હું કાઢી નાંખું છું, તમે પ્રવચન ચાલુ રાખો. કોઇ સવાલ નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ વડાપ્રધાન વિશે બોલ્યા એટલે મારે બોલવું પડ્યું છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી :કોઇ સવાલ નથી એ ગમે તે તરફદારી કરી શકે,

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વડાપ્રધાન અર્થશાસ્ત્રી અને આખી દુનિયાના શ્રેષ્ઠ વડાપ્રધાન છે એમના વિશે તેઓ બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, તમે બેસી જાઓ તમે શું કરવા ઉભાં થાઓ છો? બેસી જાઓ તમે, બધા બેસી જાઓ. મેં એ શબ્દો કાઢી નાંખેલા છે હવે એ સવાલ રહેતો નથી. તમે બેસી જાઓ પિયુષભાઇ, શેના માટે ઉભાં થાઓ છો?

શ્રી પુનમભાઇ મા. પરમાર : રજનીભાઇ તમે બોલ્યા અમે સાંભળ્યું છે એટલે અમે બોલીએ ત્યારે તમારે પણ સાંભળવાની તૈયારી રાખવી પડે. ૨૦ જેટલા ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓને સરકાર દ્વારા આર્થિક સહાય આઠ લાખ સામે,

અધ્યક્ષશ્રી : એક મિનિટ, રજનીભાઇ બેસી જાઓ તમે, અરે શબ્દો કાઢી નાંખ્યા છે હવે બીજું શું થાય. બેસી જાઓ તમે,

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ જેટલા ગુજરાતી ચલચિત્રોના ..(અંતરાય) સાહેબ, આ મારો સમય બગડે છે મારો સમય વધારવો પડશે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે, આપનું પ્રવચન પૂરૂં થાય છે. માનનીય ભૂષણભાઇ ભટ્ટ, તમે તમારું પ્રવચન ચાલુ કરો. (અંતરાય) તમે પણ શેના માટે ઉભાં થાઓ છો? એ ભલેને ઉભાં રહ્યા. એક તો વાંક તમારા પક્ષના લોકોનો હોય એના શબ્દો કાઢી નાંખ્યા છે. દુષ્યંતભાઇ બેસી જાઓ બધાય, બેસી જાઓ બધા. મારે કંઇ સાંભળવું નથી. એક તો આવા ન બોલવા જેવા શબ્દો બોલો અને પાછું ઉપરાણું લો. એ ગમે તે કરતાં હોય. એ માઇકમાં નથી બોલતાં, એ માઇકમાં નથી બોલતાં, એ માઇક ઉપર બોલ્યા છે, તમારા બધામાંથી કોઇના શબ્દો રેકર્ડ પર આવતા નથી તમે માઇકમાં નથી બોલતા તમે બેસો માનનીય ભૂષણભાઇ તમારું પ્રવચન ચાલુ કરો અને મહેરબાની કરીને તમામ સભ્યશ્રીઓને જણાવવાનું કે કોઇને અપમાનિત કરતાં શબ્દો બોલવાની જરૂર નથી. બેઠાં બેઠાં બોલે પણ તમે જે બોલો છો એ કશું રેકર્ડ પર નથી. મારું કામ રેકર્ડ સ્ટ્રેઇટ રાખવાનું છે. માનનીય ભૂષણભાઇ..

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૫૪, માહિતી અને પ્રસારણ વિભાગની રૂપિયા ૮૮,૭૨,૭૧,૦૦૦- ની જે લઇને આ સભાગૃહમાં આવ્યા છે તેના સમર્થનમાં અને સૂર પૂરાવવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી એ જ્ઞાનની સદી અને વિજ્ઞાનની સદી છે. અને તે જ્ઞાન અને વિજ્ઞાનની સદીની સાથે સાથે આ સદી માહિતીના આદાન-પ્રદાનની પણ સદી છે. લોકોની અને લોકો માટે, લોકો વડે ચૂંટાયેલ આ સરકારની લોક કલ્યાણ યોજનાઓ સામાન્યમાં સામાન્ય માણસને ઉપયોગી થાય તેવી યોજનાઓ પ્રવૃત્તિઓ, કાર્યક્રમો વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચે અને લોકો તેને જુએ, સાંભળે, અનુભવે તે યોજનાઓનો લાભ મેળવતા થાય એટલા માટે દ્રશ્ય, શ્રાવ્ય અને પરંપરાગત નવી ટેકનોલોજીના માધ્યમથી ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચીએ તેના માટેની ચિંતા અને ચિંતન આ વિભાગ કરે છે. અને એટલા માટે આ વિભાગની ઉપયોગિતા મારા અને આપણા સૌ માટે ખૂબ વિશેષ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો એવો હતો,એક સમય એવો હતો કે જયારે માહિતીનું આદાન-પ્રદાન કરવું હોય, કોઇ માહિતી કોઇ જગ્યાએ પહોંચાડવી હોય તો એ પહોંચી નહોતી શકતી ત્યારે રબારી સમાજની વાત કરીએ તો લાકડીયો તાર, એ લાકડીયા તાર દ્વારા એક મિનિટમાં કે કલાકમાં તે આખા ગુજરાત અને જયાં માહિતી પહોંચાડવી હોય તો એ ત્યાં સમાચાર પહોંચી શકતા હતા. આ તે જમાનાની વાત છે. પણ આજે યુગ પરિવર્તન થયો છે અને તેની અંદર ટી.વી., રેડિયો, મોબાઇલ, કેમેરા,ઇન્ટરનેટ, ફેસબુક, ટવીટર, બ્લોગ આવી બધી અનેક જાતની વસ્તુઓ આજે આ આપણે ત્યાં આવી છે અને ઉપલબ્ધ છે. એવા જમાનાની અંદર, એવા સમયની અંદર કયાંક ક્ષણિક ઘટના બને, કોઇ નાની ઘટના બને કે કોઇક જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયો હોય, કોઇક જગ્યાએ બળાત્કાર થયો હોય, કોઇ ભંવરીદેવી ખોવાયેલ હોય કે કોઇ દિપીકાએ આપઘાત કર્યો હોય, કોઇ મધુમીતાનું ખૂન થયું હોય કે કોઇ સુપ્રીમ કોર્ટે ૯૨ વર્ષે કોઇકને પિતા છે

એવું ઠેરવ્યો હોય, એવુ જજમેન્ટ જો આવે તો મિનિટમાં દેશ અને દુનિયાની અંદર તે સમાચાર આજે પહોંચતા થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાઓ અને સરકાર તરફથી લોકોને મળતા લાભો લોકો સુધી પહોંચે એટલું જ નહીં પણ લોકોની જરૂરિયાતો પણ લોકોને પૂછવામાં આવે અને તેના સૂચનો મેળવવામાં આવે આવી અનેક પ્રકારની કામગીરી આ વિભાગ, સરકાર અને લોકો વચ્ચે સેતુરૂપ બની રહી છે. સરકારની કામગીરીની કલ્યાણની યોજનાઓ હાંસલ કરેલ છે પારદર્શક વહીવટની જે અતિ મહત્વની બાબતો કહેવાય તેની જાણકારી છ કરોડના જન સમુદાય સુધી પહોંચાડવા માટે વિજ્ઞાપન અને જાહેરાતનું સાધન. હમણાં એક સભ્ય મિત્રએ વાત કરી એમ કે જાહેરાતની અંદર આદરણીય નરેન્દ્રભાઇના જ ફોટા મૂકવામાં આવે છે. તો મારે એમને એમ કહેવું પડે કે દિલ્હીથી ફરમાન આવ્યું છે કે આ વિરોધપક્ષના લોકોને કે હવે તમે ખિસ્સામાં લીંબુ અને મરચું એટલા માટે રાખો કે તમે એમના મોહમાં ના આવી જાવ. અને મોહમાં તમે જુઓ તો પંચાયતથી પાર્લામેન્ટ સુધી ત્રણ મહિનામાં કેટલી વિકેટો પડી ગઇ ? હવે બાકીની વિકેટો ના પડે, તેઓ એમના મોહમાં ના આવી જાય એટલા માટે લીંબુ અને મરચું તમે જોડે રાખો. મોહમાં આવી જાશો તો ફરી પાછાં ત્યાંથી ઉડીને આ તરફ આવી જશો.

માનનીય અધ્યક્ષશ્રી પ્રચાર પ્રસારની વાત કરીએ તો વિજ્ઞાપનની અંદર જાહેરાતનું માધ્યમ તે આ રાજયમાં અસરકારક માધ્યમ બન્યુ છે. સરકારની નાનામાં નાની યોજનાઓ છેક છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વિજ્ઞાપનનું માધ્યમ તે ખૂબજ અસરકારક બન્યું છે. એવા સંજોગોમાં વર્ષ ૨૦૧૨–૧૩ની અંદર કલ્યાણકારી યોજનાઓ હોય જેવી કે ગરીબ કલ્યાણ મેળો હોય, કૃષિ મેળો હોય, નારી ગૌરક્ષા યોજના હોય, યુવાનોની કોમ્પ્યુટરને લગતી માહિતી હોય, રાજયના સર્વાંગી વિકાસની વાત હોય, નેશનલ ગુડ ગવર્નન્સ ડે હોય, ગુજરાતના સ્થાપના દિવસની હોય, માનનીય અધ્યક્ષશ્રી, સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી હોય, પ્રજાસતાક દિવસની ઉજવણી હોય કે શાળા આરોગ્ય કાર્યક્રમ હોય, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસની યોજનાની વાત હોય, આ બધી માહિતી વિજ્ઞાપન અને જાહેરાતના માધ્યમ દ્વારા છેક છેવાડાના ઘર સુધી પહોંચાડવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગે કર્યુ છે. છેલ્લા ૧૨ વર્ષમાં જોવા જઇએ તો આ વિભાગે ખૂબ મહત્વની કામગીરી બજાવી છે. અને જનજાગૃતિના કાર્યક્રમો જેવા કે વૃક્ષારોપણ, સ્વાસ્થ્યલક્ષી પ્રોગ્રામ, આવશ્યક ચીજ વસ્તુઓના વિતરણમાં પારદર્શકતા લાવવાનું કામ હોય, કુદરતી કે માનવ સર્જીત હોનારત હોય, આકાશીય વીજથી બચવાના પગલા હોય, કોઇનો દીકરો કે દીકરી બોર કે કૂવામાં પડે નહીં તેવી સંવેદના અને સૂચના આપવાનું કામ હોય, અછતની પરિસ્થિતિનો સામનો કરવા માટેના પગલાં લેવાની સૂચના આપવાની હોય, આવી અનેક બાબતોનું કામ માહિતી વિભાગે આ વર્ષની અંદર કર્યુ છે અને તેનો અનેકગણો લાભ ગુજરાતના ૬ કરોડ લોકોને, ગુજરાતના જન જનને મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી. આ ઉપરાંત આપણે જોવા જઇએ તો ટેકનોલોજીના માધ્યમથી જીસ્વાન, ફેસબુક, વેબસાઇટ, ટવીટર અને બ્લોગ જેવા માધ્યમનો ઉપયોગ કરી અને આ રાજય સરકારે આજના યુગમાં ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. મને કહેતા આનંદ થાય છે કે ફેસબૂક ઉપર છેલ્લા વર્ષમાં જે માહિતી મૂકવામાં આવી તેને ૩ લાખ કરતા વધુ લોકોએ લાઇક કરી છે, અને આવા અનેક પ્રચાર–પ્રસારના માધ્યમો આઉટડોર પ્રચાર માટે હોર્ડીંગની વાત હોય કે અને શેરી નાટકોની વાત હોય કે ભવનાથ જેવા મેળાઓ હોય કે અન્ય મેળાઓ હોય તેવી અનેક બાબતોની કામગીરી આ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવેલી છે.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ઉપરની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનો માહિતી અને પ્રસારણ વિભાગ આ રાજયના મુખ્યમંત્રીશ્રીની પ્રશંસા કરનાર વિભાગ બની ગયો છે. મારે એટલે જ આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે માહિતી અને પ્રસારણ વિભાગ દ્ધારા રાજયના લોકોને રાજયની સાચી પરિસ્થિતિથી વાકેફ કરવામાં આવે તેની સવિશેષ જવાબદારી ભૂતકાળમાં વિભાગ દ્ધારા નિભાવવામાં આવતી હતી. કાલે હું કામગીરી અંદાજપત્રનો અહેવાલ વાંચી ગયો હતો, સરકારે માહિતી અને પ્રસારણ વિભાગના તમામ વિભાગોની અંદર કરોડો રૂપિયાના બજેટની ફાળવણી વધારી છે, મને આનંદ થાત કે આ વિભાગ દ્ધારા કયાંક ટી.વી. ના માધ્યમથી, પ્રીન્ટ મીડીયાના માધ્યમથી, પેમ્ફલેટના માધ્યમથી જનજાગૃતિનું અભિયાન ચલાવવામાં આવ્યું હોત, લોકોને પીવાના પાણી નથી મળતા, આ રાજયમાં કયાંક સાબરમતીમાં સૂરંગ ખોદાય, કયાંક ટેબલેટમાં સાચુ–ખોટું જોતા દેખાયા, આ રાજયમાં જેની જેલની જવાબદારી હતી તે •(xxxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, તમે આ માગણીઓ ઉપર બોલો. કાયદો અને વ્યવસ્થાની માગણી હોય ત્યારે આ બોલજો, તમારા શબ્દો (xxxxxx) તે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું

શ્રી પરેશ ધાનાણી : માહિતી અને પ્રસારણ વિભાગની મૂળભૂત જવાબદારી છે રાજયની પરિસ્થિતિથી રાજયની પ્રજાને વાકેફ કરવાની. મારે કોઇ ટીકા ટીપ્પણીમાં નથી પડવું પરંતુ મારા મિત્રો કોઇ નવા સભ્યશ્રી બોલે અને એને દબડાવવાનો પ્રયત્ન કરે. (અંતરાય) મારુ રક્ષણ કરજો, ઓછો સમય મળ્યો છે, માહિતી અને પ્રસારણ વિભાગ દ્ધારા પત્રકારો ને એક્રેડિટેશન કાર્ડ આપવામાં આવે છે. આ વિભાગ દ્ધારા છાપાઓને જાહેરાત આપવામાં આવે છે. આ વિભાગ દ્ધારા ઇલેકિટ્રોનિક મિડિયા મારફતે રાજયના મેળાવડાઓની જાહેરાત કરવામાં આવે પરંતુ આ વિભાગને પત્રકારોની ચિંતા કરવાની થાય તો એનો વીમો ન લે. જયાં ન સલવાર પહોંચે, ન તલવાર પહોંચે ત્યાં કલમકાર પહોંચે છે . અને આવા કલમકારોને માહિતી અને પ્રસારણ વિભાગ રાજકીય ઇચ્છા શકિતથી જે એડિટ થયેલું મટિરિયલ છે એ જ પ્રચાર પ્રસાર મારફત રાજયની તિજોરીના ખર્ચે કોઇ વ્યકિતની પ્રસિદ્ધ કરાવવાનો પ્રયાસ આ વિભાગ દ્ધારા થઇ રહ્યો છે મારે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ વિભાગ જયારે કયાંક જોગવાઇ કરવામાં આવી હતી કે પત્રકારોને ૫૦ હજારનો અકસ્માત વીમો આપવામાં આવે એ રકમને બદલે પાંચ લાખનો વીમો આપત તો કોઇ વાંધો નહોતો. આ પ્રસારણ વિભાગે એવું નક્કી કર્યું હોત કે આજે દેશની લોકસભા, રાજયસભા કે આ લોકશાહીનું મંદિર એવું વિધાનસભાનું જીવંત પ્રસારણ કરે છે. માહિતી પ્રસારણ વિભાગે આ દરખાસ્તમાં એવું લાવ્યા હોત કે આપણા આ ધબકતાં ગુજરાત એની વિધાનસભાનું જીવંત પ્રસારણ આમ આદમીનો મત લઇને ચૂંટાઇને આવતા બધા જ જવાબદાર સન્માનીય પ્રતિનિધિઓ વિધાનસભા ગૃહમાં ચર્ચા કરે એની જાણકારી એના સુધી પહોંચે આવું આયોજન માહિતી અને પ્રસારણ વિભાગે કર્યું હોત તો અમારે ચોક્કસ અભિનંદન આપવા હતા, પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે માહિતી અને પ્રસારણ વિભાગ લોકશાહીના ધબકારા, કાર્યક્રમનું નામ જોઇએ તો લોકશાહીનો ધબકારો, અને પ્રસારણ જોઇએ તો ખબર પડે કે અહીંયા • (xxxxxx) તેવું પ્રસારણ હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, તમે લોકશાહીના ધબકારા માટે જે શબ્દ બોલ્યા એ કાઢી નાખો એ એટલા માટે કે માહિતી ખાતું જે કરે એ હાઉસમાંથી એને એપ્રુવ કરીને પછી મોકલવામાં આવે છે. માહિતી ખાતા વિશે તમે બોલે કે આમ કરે છે તેમ કરે છે, પરંતુ લોકશાહીના ધબકારા વિશે ન બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ આ કાર્યક્રમો રજૂ કરે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એ રજૂ કરે પણ એમાંથી કેટલું રાખવું અને કેટલું ન રાખવું એ અધ્યક્ષને ત્યાંથી નક્કી થાય છે. તમારી જાણ માટે કહી દઉં કે એનું પ્રસારણ યોગ્ય રીતે થાય એના માટે સૂચના પણ આપી દેવામાં આવી છે.

શ્રી પરેશ ધાનાણી : માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સન ૨૦૧૨-૧૩ની અંદર ૨૧ જેટલા ચોપાનીયા, પુસ્તિકા અને ફોલ્ડરો છપાવવામાં આવ્યા, આપના મારફત મંત્રીશ્રીને પૂછવું છે કે આ ૨૧ જાતના પ્રકાશનો કર્યા છે એમાંથી એક પણ ચોપાનીયું એવું બતાવી દે કે જયાં માનનીય મુખ્યમંત્રીશ્રીના ફોટા સિવાય સવિશેષ કાંઇ માહિતી આપવામાં આવી હોય. આ વિભાગને અમે. (સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપનો સમય પૂરો થાય છે, માનનીય છત્રસિંહ મોરી....

શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી હ્દય સમ્રાટ નરેન્દ્રભાઇ મોદી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં સાયન્સ એન્ડ ટેકનોલોજીની માગણી ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું અને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિન છે ત્યારે પહેલાં તો હું અંતઃકરણપૂર્વક આ વિશ્વની તમામ બહેનોને શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક કવિએ એવું કહ્યું છે કે " જયાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ અને જયાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે વૈજ્ઞાનિક." આ વાત કરી છે ત્યારે આ વિજ્ઞાનના યુગમાં મારે એ વાત કરવી છે કે આ આખા વિભાગમાં સર્જનાત્મક અને ઉત્સાહી, સાહસિક, રચનાત્મક અને વિધેયાત્મક અનેક બાબતની આ વિભાગમાં કામગીરી થાય છે અને તેને અસરકારક બનાવવા માટે આ રાજય સરકારે સમયસરની કામગીરી હાથ ઉપર લીધી છે અને આખો વિભાગ એ એવી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીના હ્દયમાં આ રાજય સરકારે પ્રસ્થાપિત કર્યો છે તેનું મૂળ ૨૦૦૧ કચ્છમાં જયારે ભૂકંપ આવ્યો અને આખા વિશ્વમાં આખા રાજયના લોકો આ ભૂકંપના કારણે તેમના દિલ દ્રવી ઉઠે એ પ્રકારની પરિસ્થિતિ ઉભી થઇ અને જયારે ભૂકંપ આવ્યો ત્યારે કેન્દ્ર સરકારના અનેક તે સરકારના આગેવાનો અહીં રાજય સરકારમાં આવતા હતા. તે સમયે રાજયના મુખ્યમંત્રીશ્રીએ આજીજી કરી કે હવે એ યુગ આવ્યો છે, એવી ટેકનોલોજી આવી છે કે હવે આ ભૂકંપમાંથી બહાર આવવા માટે કંઇ કરી ન શકીએ? અને આ પ્રસ્તાવના કેન્દ્ર સમક્ષ મૂકી. મારે દુઃખ સાથે કહેવું પડે કે ૨૦૦૧માં મૂકેલો પ્રસ્તાવ, આ કેન્દ્રની સરકારે આમાં કંઇ વિચાર્યું નહીં અને કંઇ કર્યું નહીં અને તેના માટે નરેન્દ્રભાઇ માટે હંમેશા કહેવામાં આવ્યું કે અડગ ધ્યેયના કારણે અને પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. પ્રભુમાં તેમણે જે શ્રદ્ધા મૂકી છે તેના કારણે તેમના જીવનનો જીવનમંત્ર છે-" કોઇ ચલે ન ચલે, હમ ચલે. " તેમાં તેમણે હમેશા કહ્યું છે કે ચર્વેતિ, ચર્વેતિ. આ એમના જીવન મંત્રને કારણે આજે પરિસ્થિતિ એ ઉભી થઇ છે કે " હમ થે અકેલે, ચલતે ગયે, ચલતે ગયે, લોગ જૂડતે ગયે, કારવાં બનતા ગયા" અને એ કારવાં આજે ત્રીજી વખત હેટ્રીક રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ જયારે પ્રાપ્ત કરી છે. ત્યારે આ યોજના ૨૦૦૩માં નરેન્દ્રભાઇ આ રાજય સરકાર જ કરશે. એ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં આજ સુધીના વિશ્વમાં માત્ર બે જ જગ્યાએ કામ થતું હતું. એક છે અમેરિકા અને બીજું છે વેસ્ટર્ન ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા-દહેરાદૂનમાં. આ ગુજરાતની રાજય સરકારે જયારે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં કામની શરૂઆત કરી. આજે મારે ગૌરવ સાથે કહેવું પડે કે, એના આયામો પ્રાપ્ત કર્યા છે, એ વિભાગે અલગ ઓળખ ઉભી કરી છે. આ રાજ્યને નંબર વન એમને એમ નથી મળ્યું. આ વિભાગોની કામગીરીને કારણે અનેક યોજનાઓ મૂળ સુધી જાય, ગુજરાતની જનતાને એની સેવાનો લાભ મળે એના માટેની કામગીરીનો કોઇ શ્રેય જતો હોય તો આ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે એને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બધા વિભાગની વાત નહીં કરી શકું, પરંતુ બે-ત્રણ વિભાગની વાત કરું છું. ઇન્સ્ટીટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ એન્ડ સરવે આઇએસઆર અને મારે બીજી વાત કરવી છે, ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટયૂટ ફોર સ્પેસ એન્ડ એપ્લીકેશન એન્ડ જીઓ ઇન્ફર્મેટીક્સ. એટલે બાયસેગ. આ બે સંસ્થાઓની બાબતમાં હું વાત કરીશ. આઇએસઆર બાબતમાં વાત કરું તો ૭૦ જેટલા ભૂકંપની તપાસણી માટેના કેન્દ્રો આ રાજ્ય સરકારે ભૂકંપ પછી શરૂ કર્યા છે અને એના માટે અનેક ડેટા સેન્ટરો શરૂ કર્યા છે. આ

કેન્દ્રો ૨૪ કલાક અને ૩૬૫ દિવસ કાર્યરત રહે છે. પહેલાં આપણને ભૂકંપ આવે ત્યાં સુધી ખબર નહોતી પડતી. પરંતુ હવે ભૂકંપ આવે તેના ૩ દિવસ પહેલાં આ કેન્દ્રોના કારણે આપણને ખબર પડી જાય છે. એના માટે આ બધી શોધખોળ કરવામાં આવી છે. આ બધું ૧૧ પ્રકારના પેરામીટરથી નક્કી કરવામાં આવે છે. આ ધરતીના પેટાળમાં જુદા જુદા શું ફેરફાર થાય છે એ એના કારણે આપણને ખબર પડે છે. એના થકી અનેક લાભો મળે છે અને એમાંથી સર્જન થયું છે, ગીફ્ટ સીટી ગાંધીનગરનું, સરદાર પટેલનું સ્ટેચ્યુ કેવડીયા કોલોનીમાં બનાવવાનું છે. એલએનજી મુન્દ્રા પોર્ટ, કાકરાપાર, ન્યુકલીયર પાવર પ્લાન્ટ, આના કારણે શોધખોળ કરીને આ બરાબર છે કે નહીં એનું સંશોધન કરવામાં આવે છે. મને ગૌરવ સાથે કહેવાનું મન થાય છે કે, ૩૦ જેટલા પીએચડી, ૨૨૦ જેટલા રિસર્ચ વૈજ્ઞાનિક અને ૧૫૦ જેટલા સ્પેશ્યાલિસ્ટો આ વિભાગ શરૂ કર્યા પછી આ ગુજરાતમાં પ્રાપ્ત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બાયસેગની વાત કરવી છે. મારા ધ્યાન ઉપર છે કે, રાજ્યના નકશાઓને એકત્રીત કરવાનું કામ દેશમાં ક્યાંય થયું નથી. પહેલી વખત આ ગુજરાતમાં ઉપગ્રહ દ્વારા આ નકશાઓ એકત્રીત કરવામાં આવ્યા છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ વિભાગોની ચર્ચામાં મારા વિચારો વ્યકત કરું છું. આ રાજ્યમાં સાયન્સ સીટી આવેલું છે. એમાં મારે આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, રામાયણમાં રામ ભગવાને એમ કહ્યું કે વધારેમાં વધારે પ્રિય હોય તો મનુષ્ય પ્રિય છે, મનુષ્યમાં પણ વધારે પ્રિય હોય તો મને ભક્ત પ્રિય છે અને ભકત કરતાં પણ વધારે પ્રિય મને વૈજ્ઞાનિક છે.

અધ્યક્ષશ્રી : આ કઇ રામાયણમાં છે..

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : તુલસીકૃત રામાયણમાં છે. આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે હું મુખ્યમંત્રીશ્રી પાસેથી એટલી અપેક્ષા રાખું છું કે, સાયન્સ સીટીમાં જે વિદ્યાર્થીઓ, દિકરા– દિકરીઓ અને મહિલાઓ જોવા માટે આવે છે એમની પાસેથી ફી લેવામાં આવે છે, એ ફી ન લેવાની તેઓ આજે જાહેરાત કરે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એટલે સરકારના હાથ–પગ અને દિલ–દિમાગ હોય છે. ત્યારે અહીંયાં બેઠેલા સન્માનનીય ધારાસભ્યશ્રીઓ છે. એમને આ વિભાગ દ્વારા જે પરિપત્રો બહાર પાડવામાં આવે છે એની કોઇ નકલ આપવામાં આવતી નથી. તો હું અપેક્ષા રાખું છું કે, જે પરિપત્રો અમલમાં હોય એ બધા જ પરિપત્રોની નકલો તમામ ધારાસભ્યશ્રીઓને આપવી જોઇએ, કારણ કે એમણે ફિલ્ડમાં કામ કરવાનું હોય છે, અધિકારીઓ સાથે કામ કરવાનું હોય છે.

જે રાજય ચૂંટણી પંચ છે એની કામગીરીમાં કેટલી બેદરકારીઓ રાખવામાં આવે છે એનો એક નમૂનો આપું. અમરેલી જિલ્લાના કુકાવાવમાં તાલુકા પંચાયતની એક સીટ ખાલી થઇ તો એની ચૌદ પંદર મહિને ચૂંટણી થઇ. તો ચૂંટણી નિયમ પ્રમાણે કરવામાં પણ ચૂંટણીપંચ પૂરૂં ધ્યાન રાખતું નથી ત્યારે એની પણ વ્યવસ્થિત અમલવારી થાય. નાગરિક અધિકાર પત્રો દરેક જગ્યાએ દરેક ઓફિસે હોય છે. પણ નાગરિક અધિકાર પત્રો એ બોર્ડ ઉપર હોય છે એની કોઇપણ જાતની અમલવારી થતી નથી. નિયમ પ્રમાણે કામગીરી થતી નથી અને એમાં એક વ્યકિતએ જો વ્યવસ્થા કરી હોય, વહીવટ કર્યો હોય એટલે એની કામગીરી ઝડપથી થાય અને જેનો વહીવટ ન કરવામાં આવે તો એની કવેરી ઉપર કવેરી કાઢવામાં આવે. એ કવેરી કાઢીને સોલ કરે એટલે બીજી કાઢે. તો તમારે કવેરી કાઢવી હોય તો એક સાથે જ કાઢી નાખોને. ત્યારે આ રીતે રાજયના લોકોને આ નાગરિક અધિકાર પત્રોની અમલવારી કરવામાં આ સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઇ છે.

રાજયની અંદર આપણો પરિપત્ર છે કે શિક્ષક હોય કે તલાટી મંત્રી હોય કે એસ.ઓ. હોય એણે આઠ કિલોમિટરની અંદર જ જયાં નોકરી કરવાની હોય ત્યાં રહેવાનું હોય છે પણ આ રાજયના કોઇપણ શિક્ષકો, તલાટી મંત્રીઓ, ગ્રામ સેવકો, એસ.ઓ. કોઇપણ જિલ્લા તાલુકા મથકે જ રહે છે. જે તે આઠ કિલોમિટરથી વધારે અંતરમાં રહે છે ત્યારે એની અમલવારી પણ આ રાજયની અંદર થતી નથી. મુખ્ય સચિવને જયારે ધારાસભ્યો પત્રો લખે છે, છેલ્લા દસ વર્ષમાં મેં જોયું છે કે મુખ્ય સચિવને ધારાસભ્યો પત્ર લખે એનો મુખ્ય સચિવે કયારેય જવાબ આપ્યો નથી. પત્ર મળ્યો એની નકલ કે એવી કોઇ જવાબદારી મુખ્ય સચિવે

નિભાવવી જોઇએ. આ ધારાસભ્યને નથી આપતા તો રાજયની જનતાને એનો જવાબ કઇ રીતે મળતો હશે? માહિતી અધિકારનો કાયદો આ રાજય આ દેશના વડાપ્રધાને એક નાનામાં નાના માણસને, ઝુંપડામાં રહેતા માણસને એક અધિકાર આપ્યો છે ત્યારે આ માહિતી અધિકારના કાયદા નીચે જે માહિતીઓ માગવામાં આવે તો એનો સમયસર જવાબ ન આપવામાં આવે પછી અપીલ કરવામાં આવે તો આ રાજયની અંદર જે અપીલ માટેના જે કર્મચારીઓ, કમિશનરો નિમાવા જોઇએ એ નિમાતા નથી અને આવા માહિતી માગવામાં આવે તો વિભાગ દ્વારા ઘણી વખત છૂપાવવા માટેના પ્રયત્નો થાય છે.

હમણા અહીંયા કર્મયોગી કર્મચારીઓની બહુ વાત થઇ કે અમે બધા કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા છે. છ લાખ કર્મયોગી આ રાજયમાં આવ્યા પછી આ રાજયની પરિસ્થિતિ અને કેવી તાલીમ આપી એ કંઇ સમજાતું નથી. જયાં એક લાખ રૂપિયા ભ્રષ્ટાચારના લેતા હતા ત્યાં અત્યારે ૫૦ લાખ થઇ ગયા છે. આ કર્મયોગીને કઇ રીતની તાલીમ આપવામાં આવી છે? આ રાજયની અંદર જે સાત બાર આઠ-અ ના દાખલા જે કાઢવામાં આવે છે એમાં નામમાં ભુલ હોય,અટકમાં ભૂલ હોય, કયાંય જમીન ઓછી વધારે થઇ હોય તો આ જવાબદારી કોની? કોઇ ખેડૂત તો એમાં કંઇ કરતા નથી અને છતાંય એના માટે જે તે ભૂલ કરનાર અધિકારી કે જે તે મામલતદાર ઓફિસમાં કંઇ એની કાર્યવાહી થતી નથી અને આ તમામે તમામ જવાબદારી જે તે ખેડૂત ઉપર ઝીંકવામાં આવે છે અને ખેડૂતે એની ચોખવટ કરવાની, એની રજૂઆતો કરવાની, પ્રાંતમાં કે એમાં આગળ કામગીરી કરવાની રહેતી હોય છે.

રાજયની અંદર જે રાજયના યુવાનો માટે સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવવાની કામગીરી આ રાજય સરકાર કરે છે પણ આ રાજયના યુવાનોનું કેવડું મોટું શોષણ કરવામાં આવે છે. રાજયની અંદર જે યુવાનો છે એને રહેમરાહે નોકરી આપવામાં આવતી નથી. રાજયની અંદર જે ફીકસ પગારથી નોકરી આપવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી પાસે હું એટલી અપેક્ષા રાખું કે ફીક્સ પગારની યોજનાઓ કાઢી નાખવામાં આવે, રાજયના કર્મચારીઓ છે એમને પૂરા પગારથી નોકરીએ રાખવામાં આવે અને રહેમરાહે માટેની ફાઇલ જે દબાવીને બેઠા છે એમની જે વિધવાઓ છે અને વિધવાઓના જે યુવાન દીકરાઓ છે એ રાહ જોઇને બેઠા છે કે આ નોકરી કયારે મળશે? રાજયની અંદર આપણે મોટી મોટી વાતો કરીએ છીએ.પણ તમામે તમામ વિભાગોમાં પૂરૂં મહેકમ નથી. ૧૯૬૦ની વસતિ સવા કરોડની હતી. આજે ૬ કરોડની વસતિ થઇ છે. ત્યારના મહેકમ પ્રમાણેનું પણ મહેકમ નથી. આ મહેકમ પૂરેપૂરૂં ભરવામાં આવે. આજે ટી.ડી.ઓ., મામલતદાર, ફૉરેસ્ટરોની જગ્યાઓ ખાલી છે. એમને બઢતી આપવાની હોય એમાં પણ પૂરી કામગીરી થતી નથી. *(xxxxxx)

**અધ્યક્ષશ્રી :** આ પ્રશ્નનો ભૂતકાળમાં ઉલ્લેખ થઇ ગયો છે. (xxxxxx) એ શબ્દો હું કાઢી નાખું છું. આપનું પ્રવચન પૂરૂં થાય છે.

**શ્રી ગણપતભાઇ વે. વસાવા (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) એ શબ્દો પણ કાઢી નાખવા જોઇએ.

**અધ્યક્ષશ્રી :** એ શબ્દો પણ કાઢી નાખું છું.

**શ્રી કેતન મ. ઇનામદાર(સાવલી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના સમક્ષ સામાન્ય વહીવટ વિભાગમાં મારી વાત મૂકવા માગું છું. હું એ વાત કહેવા માગુ કે સામાન્ય વહીવટ એ ખરેખર ગુજરાત સરકાર નહીં લોકશાહીના બનેલા આ દેશમાં તમામ જગ્યાઓ પર સામાન્ય વહીવટ દ્વારા દરેક પ્રશ્નોનો ઉકેલ કરવામાં આવે છે. જ્યારે ગુજરાત સરકાર આજે આટલી પ્રગતિશીલ હોય અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાત રાજ્યમાં ત્રણ ટર્મથી ચૂંટાતા હોય ત્યારે ગુજરાતની તમામ પ્રજા નરેન્દ્રભાઇ ઉપર પૂરેપૂરો ભરોસો કરે છે તો એક વસ્તુ કહીશ કે સામાન્ય વહીવટ વિભાગમાં વર્ગ-૧ થી વર્ગ-૪ની જગ્યાઓની થોડી મુશ્કેલી છે એ મુશ્કેલીને લીધે થોડી અગવડતાઓ જે પ્રજાને પડી રહી છે, એના કારણો સરકારે બતાવ્યા છે પણ મને પોતાને એવું થાય છે કે ટૂંક સમયમાં આ બધી ભરતી થાય તો વહીવટમાં અનુકૂળતા અને સાનુકૂળતા પણ આવે. એટલું પણ કહીશ કે ગત સરકારો કરતા પણ હું જ્યારથી સમજણો થયો છું અને લોકશાહી ઢબે કામ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

કરતી સરકારો મેં જોઇ છે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને ખરેખર અભિનંદન આપવાનું મન થાય છે. ઓન લાઇન પદ્ધતિથી માંડીને જે પણ વસ્તુઓ લાવ્યા છે ત્યારે પ્રજામાં કોઇપણ વાત હોય તો ઓન લાઇન ફરિયાદ કરે તો તાત્કાલિક નિકાલ આવે છે. કોઇપણ વ્યક્તિને બીક છે કે પ્રજાને જો ન્યાય નહીં મળે તો કાલે ઉઠીને આગળ પહોંચશે અને ઓન લાઇન થશે તો એના કારણે અમારે જવાબ આપવો પડશે. આવી બીકના કારણે પ્રજામાં સારામાં સારી કામગીરી કરી રહ્યા છે.

સાથોસાથ કહીશ કે જ્યારે સાવલી તાલુકામાં મામલતદાર કચેરીની વાત નીકળે અને માનનીય ધારાસભ્યશ્રી બાવકુભાઇએ કહ્યું એમ અમુક અગવડતાની વાત છે. ૭/૧૨, ૮–અ માં કોઇ સુધારા કરવાના હોય અને કોઇ અરજદારે ભૂલ ન કરી હોય અને કોમ્પ્યુટરાઝડ કોઇ ભૂલ થઇ ગઇ હોય તો જે તકલીફ પડે છે એ ન પડે એના માટે સરકારે વિચારવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલા આપને મળ્યો અને આપની સાથે ચર્ચા માટે સમય માગ્યો અને એક અપક્ષ ધારાસભ્ય તરીકે મને બોલવાનો સમય આપ્યો એ બદલ આપનો આભાર માનું છું.

**અધ્યક્ષશ્રી :** એ આપનો અધિકાર છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ)) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અનુદાનો માટેની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી નં. ૫૪ ઉપર મારા વિચારો રજૂ કરું એ પહેલા આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે દેશભરની મહિલાઓને વિનંતી કરું છું કે ગુજરાતમાં મહિલાઓ જે અડધી રાત્રે નિર્ભયપણે સલામત અને સુરક્ષિત ફરી શકે છે એવી સલામતી અને સુરક્ષા દિલ્હી અને દેશભરની મહિલાઓને પ્રાપ્ત થાય એવી હું પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે અનુદાનની માગણીઓ લઇને આવ્યાં છે એમાં ૫૪ નંબરની માગણી ઉપર મારી વાત કરતા ગુજરાત સરકારની કામગીરી લોકો સુધી અંતરિયાળ વિસ્તાર હોય, આદિવાસી વિસ્તાર, શિક્ષિત હોય , અશિક્ષિત હોય તમામ લોકો સુધી પહોંચે એના માટેના તમામ પ્રયત્નો કરે છે. એમાં શિરમોર સમાન ગુજરાત પાક્ષિક જે દર ૧૫ દિવસે પ્રસિદ્ધ થાય છે, એ પર વર્ષથી પ્રસિદ્ધ થાય છે. ૨૪ અંકો અને એના વિશેષાંકો એ બધું જોવા જઇએ તો માત્ર ૫૦ રૂપિયાની અંદર ઘણી બધી માહિતી પ્રજાજનો સુધી પહોંચાડવાની જે કામગીરી કરે છે અને એમાં પણ છેલ્લા ૧૦ વર્ષની અંદર ગુજરાત પાક્ષિકનું લેઆઉટ કલરફૂલ બનાવવામાં આવ્યું છે. માત્ર બહારનો જ લે–આઉટ નહિ પરંતુ અંદરના કન્ટેન્ટ પણ ગુણવતાસભર બનાવવામાં આવેલ છે અને એના કારણે આ પાક્ષિકને ખૂબ પ્રસિદ્ધિ પ્રાપ્ત થઇ છે. ગુજરાત સરકાર દ્વારા આ પાક્ષિકની અંદર યોજનાકીય માહિતી, જનસમર્થન મેળવેલા ફ્લેગશીપ પ્રોગ્રામ, સાફલ્ય ગાથા, પુસ્તકોની સમીક્ષા, મૂઠ્ઠીઉચ્ચેરા માનવીની ગાથા અને વાચકોના સરકારશ્રીની કામગીરીના લખેલા શબ્દશ: એના જે પ્રતિભાવ હોય એ પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત પાક્ષિકનો દિપોત્સવી અંક એવો દળદાર અને ગુણવત્તાસભર હોય છે કે વાંચન ભૂખ્યા ગુજરાતના લોકો આની જાણે કાગડાળે રાહ જોતા હોય એવી રીતે આની રાહ જોતા હોય છે અને એની અંદર જે કન્ટેન્ટ આવે છે, પણ પ્રતિષ્ઠિત લેખકો જેવા કે– ગુણવંતભાઇ શાહ, અજય ઉમટ, દોલત ભટ્ટ, વિષ્ણુ પંડયા, ડો.ભરત ગરીવાલા, ચમન વ્યાસ જેવા નીવડેલા અને તજજ્ઞ લેખકોના લેખો અંદર છપાતા હોવાના કારણે એની પ્રસિદ્ધિ દિન દૂની ચાર ચોગુની વધી રહી છે. આની અંદર નવા વિભાગો પણ સમાવવામાં આવ્યાં છે. અહીંયા જે વિધાનસભાની પ્રશ્નોત્તરી ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ થાય છે. લોકો સુધી આ વાત પણ પહોંચતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ૧૦ વર્ષ પહેલા જેનું ૧૨૦૦૦નું સરક્યુલેશન હતું એ આ ૧૦ વર્ષની અંદર એની કન્ટેન્ટ અને એનું લે–આઉટ અને બધું વધારવાના કારણે આજે એ ૯ લાખની પ્રત સુધી સરક્યુલેશન પહોંચ્યું છે. મહારાષ્ટ્ર જેવા રાજ્યની અંદર જે આટલું મોટું રાજ્ય છે એમાં પણ ૫ લાખથી વધારે સરક્યુલેશન વધી શક્યું નથી. ત્યારે ગુજરાતની અંદર વચ્ચેના સમયની અંદર અત્યાર સુધીમાં આ ખૂબ મોટું સરક્યુલેશન જે પ્રાપ્ત કર્યું છે એ આની ગુણવત્તા અને આની પ્રસિદ્ધિથી સાબિત થયેલ છે. માત્ર ગુજરાતમાં જ નહિ પણ ગુજરાત બહારના લોકો વિશ્વની અંદર પણ ગુજરાતની વિકાસની અને વિશ્વની અંદર જે વાત થાય

છે એ પહોંચે એના માટે થઇને દર ૩ મહિને The Gujarat નામનું અંગ્રેજીમાં એક મેગેઝીન બહાર પાડવામાં આવે છે. તેણે પણ ખૂબજ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મારા અહીંયા બોલેલા ઘણાં બધા મિત્રોએ ઘણી બધી વાત કરી એમણે એવું કહ્યું કે, ભાઇ, એકજ વ્યક્તિના વખાણ કરવામાં આવે છે અને એકજ વ્યક્તિનો ફોટો છાપવામાં આવે છે. મને એવું લાગે છે કે, મારી સામે પાટલીએ બેઠેલા લોકોને કદાચ •(xxxxxx) વાત એટલા માટે કરું છું કે, વિરોધપક્ષના અગાઉના જે નેતા હતા એમણે જ્યારે ટાઇમ મેગેઝીનમાં વિશ્વની અંદર પ્રખ્યાત ટાઇમ મેગેઝીનની અંદર (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. (અંતરાય)

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : (xxxxxx) આ બધા જોડાયેલા છે (અંતરાય) (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. (અંતરાય) કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. (અંતરાય) ભાઇ, તમને નથી પૂછતા. (અંતરાય) એક મિનિટ. શું છે? (અંતરાય) તમે શું કહેવા માગો છો એ કહોને.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમારે સવાલ નથી પૂછવાનો. રેકર્ડ ઉપરથી આ બધા શબ્દો કાઢી નાખો. તમારું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય)

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ, ટાઇમ મેગેઝીનની અંદર જ્યારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇનો ફોટો વિશ્વની અંદર છપાણો(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું પ્રવચન ચાલુ રાખો. રિપિટ કરવાની જરૂર નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : એની પ્રસિદ્ધિ થઇ એ સમયે પણ સામેના પક્ષના વ્યક્તિઓએ એનો વિરોધ કર્યો ત્યારે યાદ કર્યું હતું કે, ઓસામા બિન લાદેનની તસ્વીર એમાં છપાઇ હતી એવી રીતની વાત કરી હતી એટલા માટે આ વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે અહીંયા એમ કહેવામાં આવે છે કે, સરકારની પ્રસિદ્ધિ કરવામાં આવે છે. તો શું આ સરકાર કોંગ્રેસ શાસિત રાજ્યની અંદર જ્યાં લઘુમતી વોટબેંકને અંકે કરવા માટે સામાન્ય પ્રવાહથી લઘુમતીઓને દૂર કરવા માટે ધર્મ આધારિત અનામતની જ્યારે વાત કરવામાં આવે અને એમ જાહેર કરવામાં આવે અને એની સામે એને સુપ્રીમ કોર્ટ સરકારને ફટકાર કરે એવા છાપા, એવી વસ્તુ ગુજરાત મેગેઝીનની અંદર પ્રસિદ્ધ કરવાની જરૂરિયાત છે? ખરેખર ગુજરાત સરકારની જે સિદ્ધિઓ છે એ પ્રસિદ્ધ થાય છે અને પ્રસિદ્ધ થતી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કારણ કે આજે વિશ્વ મહિલા દિન છે. ભવરીદેવી, બીજા રાજ્યોની અંદર ભવરીદેવીને અનેક મંત્રીઓએ કેસમાં સંડોવાયેલા હતા. મહિલાનું શોષણ કરવામાં આવ્યું હતું (અંતરાય) શું આ વાત ગુજરાત મેગેઝીનમાં પ્રસિદ્ધ કરવામાં આવે તેવું આ સભ્યો ઇચ્છે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શું? (અંતરાય) (સતત ઘોંઘાટ) એક મિનિટ, જ્યંતિભાઇ, તમે શાંત રહોને.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે અહીંયા આગળ ફોટો અને પોસ્ટરની વાત કરવામાં આવે છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના કવિશ્રી નરેન્દ્ર મોદીના એક કાવ્ય સંગહ **આંખ આ ધન્ય છે** એ કવિતા સંગ્રહમાંથી કવિતા એટલા માટે વાંચવા માગુ છું કે (xxxxxx) ખ્યાલ આવે કે આ બાબતે નરેન્દ્રભાઇની વિચારસરણી શું છે? હું વાંચુ છું –

**"હું મારી તસ્વીરમાં છું અને નથી**(અંતરાય)

અધ્યક્ષશ્રી : અરે કવિતા વાંચે છે એમાં (અંતરાય) એક મિનિટ, (આ તકે કોંગ્રેસના સભ્યશ્રી રાઘવજીભાઇ તેમના સ્થાનેથી ઉભા થતાં) તમારે શું છે ? બેસો રાઘવજીભાઇ. કવિતા વાંચવાની બધાને છૂટ છે.(અંતરાય)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ, મારો સમય વેડફાય છે.

અધ્યક્ષશ્રી : (અંતરાય) લોકો, લોકો, (xxxxxx) કહે છે એ કહેવા દો. આપણા બધા સભ્યો જ છે. બધા સરખા જ છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સભ્યો, સભ્યો. સામી પાટલીના

અધ્યક્ષશ્રી : આ લોકોને બદલે, *(xxxxxx) શબ્દ કાઢી નાખું છું. મહિલા દિનના દિવસે આટલું તો જતું કરો.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :

**"હું મારી તસ્વીરમાં છું અને નથી,**
**હું મારા પોસ્ટરમાં છું અને નથી,**
**આમાં કોઇ વિરોધ નથી કે, નથી કોઇ વિરાધાભાસ.**
**તસ્વીર તો આત્મા જેવી નથી,**
**એ તો પાણીથી ભીંજાય અને અગ્નિથી બળે,**
**એ ભીંજાય કે બળે ત્યારે મને કશું જ ન થાય".**

**"તમે મને મારી છબીમાં નહીં પણ પરસેવાની સોડમમાં પામો,**
**યોજના ના અંબાર ની સોડમાં વિસામો,**
**મારા અવાજ ના રણકાથી ઓળખો,**
**મારી આંખ માં તમારું જ પ્રતિબિંબ છે. પ્રજાજનોનું જ પ્રતિબિંબ છે.**
**તમે મને મારી તસ્વીરમાં કે પોસ્ટરમાં શોધવાનો મિથ્યા પ્રયત્ન ના કરો,**
**હું તો પલાઠીવાળી ને બેઠો છું મારી આત્મશ્રદ્ધામાં,**
**મારી વાણી, વર્તન અને કર્મ માં,**
**મને મારા કાર્યથી ઓળખો.**
**તસ્વીરથી અને પોસ્ટરોથી નહીં".**

અધ્યક્ષશ્રી : ચાલો, પૂરી થઇ ગઇ કવિતા?

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : હા, કવિતા પૂરી થઇ ગઇ.

અધ્યક્ષશ્રી : તો આપનું પ્રવચન પૂરૂં. માનનીય શ્રી પ્રદિપસિંહ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની માગણીઓ લઇને આ સન્માનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સવારથી આના જુદા જુદા વિષયોને જે રીતે મૂકાયા એમાં વિપક્ષના દંડકે કહ્યું કે, અમારા ફોટા છપાતા નથી. મેં માહિતી વિભાગ પાસે મંગાવ્યા. મારી પાસે "ગુજરાત પાક્ષિક" છે અને એમાં કઇ જગ્યાઓએ, કયા પક્ષના, કયા ધારાસભ્ય, કોના ફોટા છપાયા એની વિગતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એમણે એવું કહ્યું કે,અમારી સમક્ષ કેમેરો ફેરવવામાં આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવાનું છે કે, ગુજરાતની (આ તકે વિરોધપક્ષના દંડક કાંઇક બોલતાં) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કાંઇ વાંધો નહીં(અંતરાય) મૌખિકને કહેવા દોને.(અંતરાય) હવે એને કહો ને, રોડ રોલર ફેરવી નાખ્યું હવે કેમેરો ન ફેરવે તો શું ફેર પડવાનો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, *(xxxxxx) (અંતરાય)

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ના, ના. એ શબ્દો કાઢી નાખીએ છીએ. એ શબ્દો કાઢી નાખો. (xxxxxx) એ શબ્દો કાઢી નાખું છું. તમે ચાલુ કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના સભ્યો દ્વારા પત્રકારોના હિતોની ચિંતા કરવામાં આવી. પત્રકારોના રક્ષણ માટેની વાત કરવામાં આવી. હું એમને યાદ કરાવવા માગુ છું કે, જયારે ૧૯૮૫માં "ગુજરાત સમાચાર"ના માલિક, એ વખતની સરકારને એમણે પત્ર લખ્યો, ૧૯મી માર્ચ, ૧૯૮૫ના રોજ કે, અમારા ઉપર હુમલો થવાની શક્યતા છે. માનનીય અધ્યક્ષશ્રી, પછી એમણે બીજો પત્ર ૧૦ એપ્રિલે લખ્યો, રાજ્યપાલને કે, અમારા ઉપર જાનમાલથી હુમલો થવાની શક્યતા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૨મી એપ્રિલે આખેઆખું ટોળું ત્યાં ગુજરાત સમાચારની સામે ભેગુ થયું, પેટ્રોલ લઇને, હથિયારો લઇને માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સમાચારને સળગાવવાનું ષડયંત્ર કર્યું. (આ તકે શેઇમ, શેઇમના પોકારો થતાં, અંતરાય) અંદર પત્રકારો હતા, માલિકો હતા, કર્મચારીઓ હતા. એને પેટ્રોલ છાંટીને જીવતા ભૂંજવા માટેનું જે કામ કર્યું હતું. કયા મોંઢે તમે પત્રકારોના હિતોની વાત કરો છો ? માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આ હકીકત છે એ રેકર્ડ ઉપર જ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે રેકર્ડ ઉપર છે અને જસ્ટીસ દવે કમિશનના અહેવાલ ઉપરથી હું બોલું છું. માનનીય અધ્યક્ષશ્રી, પત્રકારોને જાનથી મારી નાખવાના ષડયંત્ર કરવાવાળા આ લોકો, પત્રકારોના હિતોની કેવી રીતે ચિંતા કરી શકે ? માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળની વાત કરું, આ દેશમાં કટોકટી આવી. કટોકટીના આ કાળની અંદર જે તે વખતના માહિતી પ્રધાને આ એનું જે કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ જે.સી.શાહ, રિટાયર્ડ જજ દ્વારા જે પ્રસિદ્ધ કરેલ અહેવાલ છે. એ અહેવાલની અંદર લખ્યું છે કે એ વખતના માહિતી ખાતાના પ્રધાન જે તે અખબારના માલિકોને બોલાવીને સરકારની વિરુદ્ધ નહિ છાપવા માટેનું દબાણ કરતા હતા. કેવી રીતે તમે સ્વાતંત્ર અધિકારની વાત કરો છો? અને એ વખતના વડાપ્રધાને એમણે એવું કહ્યું હતું કે પત્રકારોને મળતી સવલતોની પુનઃવિચારણા કરવી પડશે. આ ગુજરાતની સરકાર પત્રકારોના અકસ્માતના વીમાની ચિંતા કરે, પણ તમારા મૂળ ગોત્રની અંદર કઇ રીતે તમે આ પત્રકારો સાથેનો વ્યવહાર કર્યો છે? આ દિવસોની અંદર આ પત્રકારો, આ અખબારી આલમ, આખે આખા તંત્રી લેખો, આ અખબારી આલમ પરના અત્યાચારના કારણે આખાને આખા કોરા મૂકવા માટેના દિવસો આવ્યા હતા. પત્રકારોના હિતોની તમે ચિંતા કરી છે?

માહિતી વિભાગ દ્વારા એક જનરલ નોલેજ ક્વિઝ કોર્નરનો કાર્યક્રમ હાથ ધરાયો છે. આ જનરલ નોલેજ ક્વિઝ કોર્નરનો કાર્યક્રમ એટલા માટે હાથ ધરાયો છે કે આ ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની અંદર ઉત્તિર્ણ થાય. આજે જ યુ.પી.એસ.સી.એ નિર્ણય લીધો અને યુ.પી.એસ.સી.ના નિર્ણયમાં ગુજરાતી ભાષાની બાદબાકી કરવામાં આવી. મારે એ કહેવું છે કે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને અનેક અન્યાય થાય છે. શા માટે ગુજરાતનો યુવાન જેની ઉજ્જવળ કારકિર્દી છે એને ગુજરાતી ભાષા દૂર કરીને જે લોકો ગુજરાતી ભાષાની અંદર છેલ્લાં ૩ વર્ષથી આ યુ.પી.એસ.સી.ની અંદર સ્વપ્ન લઇને બેઠા છે કે હું તૈયારી કરીશ. હું આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. થઇશ. કોના ઈશારે આ ગુજરાતના યુવાનોનું સ્વપ્ન રોળવાનું કામ કરવામાં આવ્યું છે?(અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓછો અવાજ કરો. હરખ બધાને આવે, પણ જરાક મનમાં સ્માઇલ કરો. હો, હો, કરો નહિ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ૪ વખતથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ શપથ લીધા. પ્રબળ રાજકીય ઇચ્છા શક્તિ સાથે, રાજકીય સ્થિરતા સાથે, સબળ નેતૃત્વના આધારે એમને જે સફળતા મળી, એ સફળતાનો શ્રેય હું ગુજરાત સરકારના માહિતી વિભાગ જે ૨૪ x ૭ ગુજરાત સરકારની પડખે રહીને કામ કરે છે. એમને હું અભિનંદનના અધિકારી ગણું છું. એક ટોળકી ગુજરાતને, દેશ અને દુનિયામાં વિકૃત રીતે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાં કાઢી નાખવામાં આવ્યા.

•(xxxxxx) એ (xxxxxx)ની સામે આ અસત્યની સામે સત્યની હકીકતનું નિરુપણ કોઇ કરતું હોય તો આ ગુજરાત સરકારનું આ માહિતી વિભાગ કરી રહ્યું છે. ગુજરાતના વિકાસના યજ્ઞની અંદર કેટલાય લોકો એમનાથી જોવાતું નથી. આ વિકાસના યજ્ઞની અંદર કેટલાય •(xxxxxx) આવા લોકોને (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ વ્યક્તિનું નામ નથી લેતા. પક્ષનું નામ નથી લેતા. પ્રદીપસિંહ, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમે માથે ના લેશો. હું તમારા ઉપર નથી કહેતો. ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ કરવામાં માહિતી ખાતાનો એકે એક કર્મચારી કાર્યરત છે. સેવા એ જ સાધના અને શબ્દની આરાધના એ માહિતી ખાતાના કર્મયોગીનો કર્મમંત્ર છે. હમણા બાવકુભાઇએ ભ્રષ્ટાચારની ચિંતા કરી. આ માહિતી વિભાગ અખબારી આલમ લોકશાહીની ચોથી જાગીર છે અને આજના પ્રસંગે હું યાદ કરાવવા માગું છું કે આ અખબારોની તાકાતને યાદ કરાવવા માગું છું. કોમ્યુનિકેશનમાં જે કૌભાંડ કરવા ગયા તે તમામ રાજાઓ જેલમાં જતા રહ્યા. માનનીય અધ્યક્ષશ્રી, અને કોમન રીતે વેલ્થ ભેગી કરવાની કરામત કરવાવાળા દલવાડીઓ કારાવાસની અંદર આ અખબારોની તાકાતના કારણે જતા રહ્યા છે. નાઇટ વોચમેનની નબળાઇઓ આજે આખો દેશ જાણી ચૂક્યો છે. આપણું ગુજરાત જે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે, આપણી ટીમના કેપ્ટન નરેન્દ્રભાઇ મોદી તે સમગ્ર દેશની આશાનું કિરણ બન્યા છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રી દર વખતે કેન્દ્ર સરકારનું બોલે છે. બહાર બોલે તો બરાબર છે.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારનું કયાં કઇ કહ્યું છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર નાઇટ વોચમેનની વાત કરી. ગૃહની અંદર વડાપ્રધાનની નાઇટ વોચમેનની વાત કરી.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, વડાપ્રધાનનું નામ નથી લીધું. એક મિનિટ, પાછળવાળા ઉભા નહીં થાઓ. બરાબર સાંભળું છું. મને ખબર જ હોય. આવો શબ્દ આવશે તો હું તરત જ કાઢી નાંખીશ. તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદજીની જન્મ શતાબ્દિનું વર્ષ છે. એક વખત વિવેકાનંદજીએ અમેરિકાની અંદર ધર્મ સંસદ ગજાવી હતી. આજે આ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી દેશ સહિત વિદેશની અંદર અમેરિકામાં હોય, યુ.કે.માં હોય, જર્મનીમાં હોય ત્યાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બ્રાન્ડ ગુજરાતની ઇમેજ આજે દેશ અને દુનિયાની અંદર સ્થાપવામાં સફળ રહ્યા છે. હમણાં ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય પરિષદ થઇ. તે પરિષદમાં આ દેશના તમામ જિલ્લાના અધ્યક્ષો આવ્યા હતા અને સતત ચોથીવાર મુખ્યમંત્રી તરીકે શપથ લેવાવાળા આ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી માટે એકસાથે આખું તાલકટોરા સ્ટેડિયમ ઉભું થઇ ગયું. આ સરકાર એક એક વસ્તુ માટે મિશન તરીકે કામ કરે છે. કન્યા કેળવણી અમારા માટે મિશન છે. ગુણોત્સવ અમારા માટે મિશન છે. કૃષિ મહોત્સવ અમારા માટે મિશન છે. ગરીબ કલ્યાણ મેળો અમારા માટે મિશન છે. સદ્ભાવના પણ અમારા માટે મિશન છે. વી આર ફોર મિશન અને યુ આર ફોર કમિશન.

આ માહિતી વિભાગ દ્વારા વેબસાઇટ ડેવલપ કરવામાં આવી છે. ત્રણ લાખ કરતાં વધારે લોકોએ તેને લાઇક કરી છે. દેશનો કોઇ પહેલો રાજપુરુષ એવો છે કે જેને ૧૩ લાખ કરતાં વધારે લોકો સોશ્યલ નેટવર્કિંગની સાઇટથી આ મુખ્યમંત્રી સાથે જોડાયેલા છે. હમણાં ગુગલ પ્લસનો કાર્યક્રમ થયો. ૧૧૬ રાષ્ટ્રોના ૪૦ લાખ કરતાં વધારે લોકો માનનીય મુખ્યમંત્રી સાથે આ કાર્યક્રમમાં જોડાયા. આ ગુજરાતની સરકાર, તે સરકારે કરેલા કામોના કારણે ૨૫૦ ઉપરાંત એવોર્ડસ ગુડ ગવર્નન્સ અને ડેવલપમેન્ટના કારણે આ સરકારને મળ્યા છે. હું કોંગ્રેસના સભ્યશ્રીઓને કહેવા માગું છું કે નીચે પોડિયમમાં જઇને ચક્કર મારી આવે કે કયા કયા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ખાતાને, કઇ કઇ સારી કામગીરીના કારણે એવોર્ડસ મળ્યા છે. તે માહિતીથી વાકેફ થશે. આ દેશની અંદર કોઇ એક રાજયના મુખ્યમંત્રીનું વિશ્વના ૮૦ દેશોની અંદર વાંચતા હોય તેવા ટાઇમ્સ મેગેઝિનમાં પહેલા પાને કોઇનો ફોટો આવ્યો હોય તો તે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો ફોટો આવ્યો છે.

આજે વિશ્વ મહિલા દિવસ છે. વિશ્વ મહિલા દિવસ માટે ગુજરાતની સરકારે પણ જાહેરાત આપી છે. ગુજરાતમાં લોકોના મતથી ચૂંટાયેલા મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદીએ જાહેરાત આપી છે. તેની સાથે બંને મંત્રીઓના પણ ફોટા છે. કેન્દ્ર સરકારની પણ મેં જાહેરાત જોઇ. કેન્દ્ર સરકારની અંદર વડાપ્રધાનના ફોટા હોય તે સમજી શકાય. બંધારણીય રીતે નેશનલ કાઉન્સિલને કોઇ માન્યતા નથી. કેન્દ્ર સરકારની બધી જ યોજનામાં સોનિયા ગાંધીના ફોટા શા માટે છાપવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : એની સાથે આપણે કંઇ લેવાદેવા નથી. આપણું ચલાવો. કેન્દ્ર સરકારે કયા ફોટા આપવા કે ન આપવા તે કેન્દ્ર સરકાર નકકી કરશે. આપણે આપણા પૂરતું રાખો. કમ્પેરીઝન કરી છે. ટીકા નથી કરી. એમાં પોઝિટીવ થયું કે અહીં છે અને ત્યાં એ રાખ્યું છે. (અંતરાય) એટલે જ હું કહું છું. કેન્દ્ર સરકારની ટીકા નથી. કેન્દ્રએ કોના ફોટા રાખવા એ નકકી કરવાનું કામ એનું છે આપ એ વાત રહેવા દો, ગમે તેના ફોટા રાખે. કેન્દ્રને એ હકક અને અધિકાર છે.

શ્રી પ્રદિપસિંહજી ભ. જાડેજા : સાહેબ, ગુજરાત પાક્ષિકના ૧૧ લાખ વાચકો. (અંતરાય) •(xxxxxx) ગુજરાત પાક્ષિક અને

અધ્યક્ષશ્રી : કોઇ નહીં, તમારી વાત ચલાવો, ગુજરાત સરકારે રાખ્યા હોય તો આપણે શું કરી શકીએ? એ એનું છે, સરકારનો હકક અને અધિકાર છે.

શ્રી પ્રદિપસિંહજી ભ. જાડેજા : સાહેબ, (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ નહીં, તમારી વાત ચલાવો, કેન્દ્ર સરકારની અહીં બહુ વાત થતી નથી. સરખામણી નહીં.

શ્રી પ્રદિપસિંહજી ભ. જાડેજા : સાહેબ, ના, બહુ વાત નથી કરતો. સાહેબ, •(xxxxxx) (અંતરાય).

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આપ બોલો.

શ્રી પ્રદિપસિંહજી ભ. જાડેજા : સાહેબ, ગુજરાત પાક્ષિકનો કોર્પોરેટ લૂક છે અને એ કોર્પોરેટ લૂકના આધારે આજે ૧૧ લાખ કરતાં વધારે લોકો એના વાચક બન્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય પરેશભાઇ શું છે?

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભાગૃહના સભ્ય ન હોય એના વારંવાર ઉલ્લેખ અંગે

શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય અધ્યશ્રી, સભાગૃહના નિયમોના નિયમ ૪૭ અન્વયે આપના મારફતે હું ધ્યાન દોરવા માગું છું. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે સભ્યશ્રી આ સભાગૃહના સભ્ય ન હોય એવા લોકોનો નામોલ્લેખ આ સન્માનનીય સભાગૃહ કરતું નથી, આપની સૂચના પછી પણ માનનીય મંત્રીશ્રીએ વારંવાર આ શબ્દોનો પ્રયોગ કર્યો છે. કેન્દ્ર સરકારનો પ્રયોગ કર્યો છે..

અધ્યક્ષશ્રી : વારંવાર જે, પહેલીવાર વાત કરી છે. એ સિવાય, વારંવાર કર્યો હોય તો એ શબ્દો હું દુર કરું છું. (અંતરાય) તમારી વાત પૂરી થઇ, હવે, ચર્ચા કરવી જ જોઇએ? અરે, એ તો મારે કોઇ ચર્ચા કરવાની નથી, એમણે જે વાત કરી એનો મુદ્દો માન્ય રાખી અને બાકીનું કર્યું હોય, શું કરવું એ મારે જોવાનું છે. આપ શાંતિ રાખો, તમે બેસી જાઓ, તમારે બીજું શું કહેવાનું છે? પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો એનો નિકાલ મેં કર્યો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણયને સન્માન કરીએ છીએ પણ વારંવાર આપે ચેર પરસન તરીકે કોઇ શબ્દો દૂર કરવા પડે ત્યારે આ સન્માનનીય સભાગૃહના અધ્યક્ષશ્રીની રૂએ વારંવાર જે શબ્દોનો ઉલ્લેખ ન થાય એવા શબ્દો બોલી અને પછી એમને પાછા ખેંચવા માટે થઇને ...

અધ્યક્ષશ્રી : એ બન્ને બાજુ લાગુ પડે છે, એક બાજુ લાગુ નથી પડતું અને એટલે જ આપણે પદ્ધતિ રાખી છે કે શબ્દો પાછા ખેંચી લે. એકવાર શબ્દો પાછા ખેંચ્યા પછી રિપીટેશન કરતા હોય તો તમે કહેજો તો આપણે બાકીની કાર્યવાહી કરીશું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

શ્રી પ્રદિપસિંહજી ભ. જાડેજા : સાહેબ, ગુજરાત વિધાનસભાની ચૂંટણી થઇ અને ચૂંટણીમાં લોકોએ મતદાન શાના માટે કર્યું? ઇવીએમ મશીન અને માહિતી વિભાગે લોકજાગૃતિ કરી અને એ લોકજાગૃત્તિના કારણે આજે ૭૦-૭૫ ટકા જેટલું મતદાન થયું પણ એ મતદાનની અંદર લોકોનું સૂત્ર હતું, ઇવીએમ નહીં, ઇચ વોટ ફોર મિશન ઓફ મોદી હતું, એના કારણે લોકોએ મતદાન કર્યું અને જયારે જયારે ગુજરાતને અન્યાય કરવામાં આવે છે, જયારે જયારે ગુજરાતના હિતની સાથે ખિલવાડ કરવામાં આવે છે ત્યારે ગુજરાતની પ્રજા એની સામે આકરો જવાબ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીનમાં કાપ મૂકવાવાળા લોકોને પ્રજાએ થપ્પડ મારી છે, સીબીઆઇનો દુરોપયોગ કરવાવાળા લોકોને પ્રજાએ થપ્પડ મારી છે. કોલસાની ખાણોમાં ફોટો પાડવાવાળાને પ્રજાએ થપ્પડ મારી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના રિક્ષાવાળાઓને ઉંચાભાવે સીએનજી આપવાવાળા લોકોને પ્રજાએ થપ્પડ મારી છે. ગુજરાતની પ્રજાના છ કરોડ પ્રજાએ (અંતરાય) દશા અને દિશા.. મને અટકાવે છે,

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, શું તમે વારંવાર ઉભા થાઓ છો? એક મિનિટ, તમે બેસી જાઓ, શું છે જવાહરભાઇ, બેઠા બેઠા બોલો છો? ના, ના, તમે બેસી જાઓ. એ માહિતી ખાતાની જ વાત કરે છે, આ જે ન્યુઝ આવ્યા છે, એની બધી વાત કરે છે એમાં એને શું બોલવું એ, (અંતરાય) માનનીય બલવંતસિંહ, આપના તરફથી પણ બધા બોલતા હતા.

શ્રી પ્રદિપસિંહજી ભ. જાડેજા : સાહેબ, મારો સમય બગડે છે, મને રક્ષણ આપો. ગુજરાતની પ્રજાએ એવી તો થપ્પડો મારી કે આજે પણ આ બધા •(xxxxxx) ફરે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમે જયારે બોલતા હોઇએ ત્યારે અમે સહેજ પણ બહાર જઇએ તો અમને રોકવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી, માગણીઓ ઉપર બોલે. માગણીઓ ઉપર નથી બોલતા.

અધ્યક્ષશ્રી : આ જે ન્યુઝ છાપામાં આવ્યા છે એના માટેની વાત કરે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ન્યુઝ નથી આવ્યા, આ ન્યુઝની વાત નથી કરતા.

અધ્યક્ષશ્રી: એક મિનિટ. આપ બોલો.

**(આ તબક્કે વિપક્ષના માનનીય સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો)**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ૬ કરોડની જનતાએ દશા અને દિશા બદલવાના લટકા-મટકા સાથેની જાહેરાતો આપવા વાળાની દુર્દશા કરી નાંખી છે.

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ, નીકળવું હોય એ શાંતિથી નીકળો. બોલતા, બોલતા જવાની કોઇ જરૂર નથી. અહીં હાઉસમાં હશો ત્યાં સુધી એ અશિસ્ત કહેવાશે. આપ ચાલુ કરો માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની પણ માગણી ક્રમાંક ૮૯ના સંદર્ભમાં મારી વાત રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯મી સદી એવી સદી હતી કે જેની પાસે બાહુબળ હતું એણે જગત ઉપર રાજ કર્યું, ૨૦મી સદી એવી સદી થઇ કે જેની પાસે મૂડી હતી એણે જગત ઉપર રાજ કર્યું અને આ ૨૧મી સદી જ્ઞાનની સદી છે, વિજ્ઞાનની સદી છે, માહિતીની સદી છે અને ગુજરાતના મુખ્યમંત્રીએ દીર્ઘદષ્ટિના આધાર ઉપર ગુજરાતની અંદર સાયન્સ અને ટેકનોલોજીના માધ્યમથી ગુજરાતનો વિકાસ થાય એના માટે ૨૦૦૪ થી આ વિભાગને મહત્વ આપ્યું છે. અગાઉના મારા વક્તાઓએ જેમ કહ્યું છે તેમ આ વિભાગના જુદા જુદા અનેક માધ્યમથી ગુજરાતના સાયન્સ અને ટેકનોલોજીનો વિકાસ કરવા માટે આ સરકાર કામ કરી રહી છે. વિશ્વમાં ક્યાંય ન થયું હોય તેવું આ ટેકનોસેવી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રવર્તમાન વિધાનસભાની ચૂંટણીની અંદર થ્રી ડી ટેકનોલોજીના માધ્યમથી ગુજરાતમાં એક સાથે ૨૫-૨૫ જગ્યાએ જાહેર સભાઓ કરીને ગુજરાતની પ્રજાને જે રીતે ભારતીય જનતા પાર્ટીને મત આપવા માટે એમણે અપીલ કરી અને એમની અપીલને વ્યાપક જન સમર્થન મળ્યું તો આજે દેશ કે વિદેશની અંદર ટેકનોલોજીના આધાર ઉપર પ્રચાર કરવાની શરૂઆત કોઇએ કરી હોય તો એ માત્રને માત્ર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.આઇ.એલ.ના માધ્યમથી એડમિનિસ્ટ્રેશન એફિસન્ટ અને ટ્રાન્સપરન્સી લાવવા માટે ઇ-પ્રોક્યોરમેન્ટના માધ્યમથી આખું ગુજરાત ઇન્ફોર્મેટીક લિમિટેડ કામ કરે છે અને આખા એશિયામાં સૌથી મોટું કોઇ વાઇડ એરિયા નેટવર્ક હોય તો એ ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્ક છે. ૨૫ જિલ્લાના ૨૨૫ તાલુકા અને ૩૮૦૦ થી વધુ સરકારી કર્મચારીઓના માધ્યમથી જી-સ્વાનનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે અને એના ડેટા સાચવવા માટે ડેટા સેન્ટર્સ પણ ઉભા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઇ-ગ્રામ અને વિશ્વ ગ્રામની સુભાષચંદ્ર બોઝના જન્મ જયંતિના દિવસે શરૂઆત કરવામાં આવી અને ઓનલાઇન લેન્ડ રેકર્ડના માધ્યમથી બર્થ સર્ટીફીકેટ, ડેથ સર્ટીફીકેટ આવા જુદા જુદા અનેક દાખલાઓ આખી સિસ્ટમમાં ઇ-ગવર્નન્સના ઉપયોગના માધ્યમથી કરવામાં સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ગુજરાત ઇન્ફોર્મેટીક લિમિટેડનો મહત્તમ રોલ છે. આ રાજયની અંદર ૯૮.૫ લાખ જેટલા ઇલેક્ટ્રિસિટીના બિલો ઇ-ગ્રામ પંચાયત કેન્દ્રોના માધ્યમથી સ્વીકારવામાં આવે છે. જે બાર કોડેડ રેશન કાર્ડ આપવામાં આવ્યા એમાં પણ લગભગ ૪૮ લાખ લોકોને બાર કોડેડ રેશન કાર્ડ આપવામાં આવ્યા છે. ગુજરાતની આ સરકાર માત્ર સડક પરના રોડ બનાવવાના કારણે આ દેશની અંદર જાણીતી નથી પરંતુ આ સરકારે ડિજિટલ રોડના માધ્યમથી દેશની અંદર ગુજરાતે ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સાયન્સ ટેકનોલોજીની અંદર એક આગવું સ્થાન મેળવ્યું છે.

કોઇપણ પ્રકારની રીક્રૂટમેન્ટ અને એ રીક્રૂટમેન્ટમાં ટ્રાન્સફરન્સી કેવી રીતે આવે? વિદ્યા સહાયકોની ભરતી એનું ઉત્તમ ઉદાહરણ છે. ૨૦૧૦માં ૧૦ હજાર અને ૨૦૧૧માં ૧૩ હજાર વિદ્યા સહાયકોની નિમણૂક સાયન્સ એન્ડ ટેકનોલોજીએ ડેવલપ કરેલા મૉડેલના આધાર ઉપર કરી છે. આપણે બધા જાણીએ છીએ કે, કોઇપણ દસ્તાવેજની નોંધણી થાય એ મહિનાઓ પછી આપણને મળતા હતા પણ આજે પ્રોપર્ટી રજીસ્ટેશન થયા પછી આપણને હવે ઝડપથી મળે છે. રાજય સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એ.ટી.વી.ટી. એમાં એક લાખ કરતા વધારે સર્ટીફીકેટ્સ આપવામાં આવ્યા છે. ઓજસ અને ઓજસની અંદર પણ અરજીઓ પ્રોસેસની અંદર ઉપયોગી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વહીવટની અંદર ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટેનું ઉત્તમ ઉદાહરણ કયું, તો એ ગુજરાતની ચેકપોસ્ટો છે, આજે ત્યાં કમ્પ્યુટરાઇઝેશન કરેલ છે હું આપની સમક્ષ એ આંકડો આપવા માગું છું કે આ આર.ટી.ઓ. ની આવક ચેકપોસ્ટો ઉપર ૨૦૦૨-૦૩માં ૮૧૧ કરોડ રૂપિયા હતી, ૨૦૧૧-૧૨ની આ આવક ૨૩૮૬ કરોડ રૂપિયા થઇ. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં ચેકપોસ્ટોની આટલી આવક નહોતી પણ વહીવટની અંદર ઇ-ગવર્નન્સના માધ્યમથી ટેકનોલોજીનો ઉપયોગ કરીને જે ભ્રષ્ટાચારમાં રૂપિયા જતા હતા તે રોકીને એ પૈસા તિજોરીમાં આવે અને જેના આધારે પ્રજાનો વિકાસ થાય, એના માટે આ ચેકપોસ્ટના કામની અંદર પણ આ ટેકનોલોજી ઉપયોગી થઇ છે.

સ્વાગત પ્રોજેક્ટ ચાલે છે. આ એક એવો પ્રોજેક્ટ છે કે જેને યુનાઇટેડ નેશન્સ અને ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ પુરસ્કારો મળ્યા છે, ગુજરાતના મુખ્યમંત્રી ઓનલાઇન એની અંદર બેસે અને ગામડાંમાં બેઠેલો

અંતરિયાળ માણસ તાલુકા સ્થાનેથી મુખ્યમંત્રીશ્રીની સાથે પોતે સીધો સંવાદ કરીને પોતાના પ્રશ્નની અસરકારક રજૂઆત કરી શકે છે. ગુજરાત સરકારને આ સાયન્સ એન્ડ ટેકનોલોજીના ડિપાર્ટમેન્ટના કારણે આખા દેશમાં કોઇને ન મળ્યા હોય એવા યુનાઈટેડ નેશન્સ અને કમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા તરફથી મળેલા એવોર્ડોનો હિસાબ કરીએ તો ૨૦૦૧ થી ૨૦૦૩ દરમ્યાન પાંચ, ૨૦૦૪ થી ૨૦૦૬ દરમ્યાન આઠ, ૨૦૦૭–૦૮માં ૨૬, ૨૦૧૦ થી ૧૨માં ૩૧ એમ મળીને કુલ ૭૪ જેટલા એવોર્ડો ગુજરાત સરકારને આ સાયન્સ એન્ડ ટેકનોલોજીના માધ્યમથી મળ્યા છે. ૨૦૦૬માં કેન્દ્રની કોંગ્રેસની સરકારે ઇ–ગવર્નન્સ માટે મિશન મોડ નામનો પ્રોગ્રામ નક્કી કર્યો અને એમાં એમણે ૧૦ મુદ્દા નક્કી કર્યા. ૨૦૦૬માં એમણે જ્યારે મુદ્દા નક્કી કર્યા ત્યારે એ ૧૦ મુદ્દા પૈકીના ૬ મુદ્દાનું ગુજરાતની સરકારે સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના માધ્યમથી ગુજરાતની અંદર અમલીકરણ શરૂ કરી દીધું. એટલે દેશની અંદર આજે ગુજરાત એ નંબર–વન રાજ્ય તરીકે આપણે સૌ જોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા વિભાગમાં બાયસેગ આવે છે, એના માધ્યમથી ટ્રેનીંગ ઉત્તમ પ્રકારની આપણે પૂરી પાડીએ છીએ. સેટેલાઇટ દ્વારા એની ઈમેજના દ્વારા ક્યાં નદી છે, ક્યાં નાળા છે ક્યાં રસ્તા છે, ક્યાં વોટરશેડ સિંચાઇ કરી શકાય, આની માહિતી એકત્રિત કરીને બાયસેગના માધ્યમથી કામ થાય છે અને એ રીતે રાજ્યના વિકાસની અંદર પણ બાયસેગનું એક મોટું યોગદાન છે. એના સિવાય કેન્દ્રનો વન અધિકાર ૨૦૦૬ અંતર્ગત કેટલાક ડિસ્પ્યુટ હતા અને જંગલની જમીનમાં ખેડાણ કરતાં વનબંધુઓને સેટેલાઇટના માધ્યમથી એની ઈમેજ ડેવલપ કરીને અત્યારે ૨૦૦૦૦ જેટલા વનબંધુઓને એની સનદ આપવાનું કામ ગુજરાત સરકારે આ બાયસેગ ડિપાર્ટમેન્ટના માધ્યમથી કર્યું છે. અન્ય રાજ્યોની સરકારો જ્યારે કેન્દ્ર સમક્ષ જાય વડાપ્રધાન સમક્ષ જાય ત્યારે માગણી લઇને જાય કે અમને રૂપિયા આપો, આ ગુજરાતની સરકારે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં ઉત્તમ પ્રકારનું કામ કર્યું ગામોગામ વીજળી અને કમ્પ્યુટર પહોંચાડ્યા. ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્કના માધ્યમથી નેટવર્કની કનેક્ટીવિટી પહોંચાડી. ગુજરાતના મુખ્યમંત્રી એ વડાપ્રધાન સમક્ષ ગયા અને એમની સમક્ષ જઇને એમણે કહ્યું કે તમારા કેન્દ્રના સ્પેસ ડિપાર્ટમેન્ટ દ્વારા અમને કે.યુ. બેન્ડની જો ફાળવણી કરવામાં આવે તો એ કે.યુ. બેન્ડના ૩૬ મેગાહર્ટઝના ટ્રાન્સફોર્મરના માધ્યમથી અમે ગુજરાતના બાળકોને ભણાવી શકીએ. અમે ગુજરાતના ખેડૂતોને શીખવી શકીએ. અમે ગુજરાતની અંદર કૌશલ્ય વર્ધનમાં વધારો કરી શકીએ. આ ડિપાર્ટમેન્ટે સંમતિ આપી, રાજ્ય સરકારે ૬ કરોડ રૂપિયા ભર્યા પરંતુ એમના ઈન્ફરમેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ ડિપાર્ટમેન્ટે ગુજરાતની સરકારે જે ગુજરાતના યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટ માટે કે.યુ. બેન્ડની માગણી કરી છે ૬ કરોડ રૂપિયા લીધા છે,છતાં પણ ગુજરાતની આ સરકારને હજી સુધી કે.યુ. બેન્ડની ફાળવણી કરવામાં નથી આવતી. બાયસેગની કચેરીના માધ્યમથી આયોજન પંચે પણ ગુજરાતના બાયસેગના મોડલને અનુસરવા માટે દેશના તમામ રાજ્યોને કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બાયસેગની કામગીરીના કારણે, જીઓ સ્પોર્ટીકલ સ્ટેટ ઓફ ધ ઇયર ૨૦૦૯નો એવોર્ડ આપણને મળ્યો છે. આપણે ત્યાં ગુજરાતની સાયન્સ સીટી ચાલે છે. સાયન્સ સીટીમાં એક આઇમેકસ થ્રીડી થિયેટર છે. હું આપના ધ્યાન ઉપર મૂકવા માંગુ છું કે, ૨૦૧૩ સુધીમાં લગભગ ૫૭ લાખ જેટલા લોકોએ સાયન્સ સીટીની મુલાકાત લીધી છે. અને આ આઇમેકસ થ્રીડી થિયેટરની અંદર કે જેમાં ભવ્ય ડિજિટલ સરાઉન્ડ સાઉન્ડની વ્યવસ્થા છે અને વિશ્વનો સૌથી મોટો વિશાળ એક રસપ્રદ ખંડ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ગુજરાતના સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના માધ્યમથી આપ સૌ માનનીય ધારાસભ્યશ્રીઓને એ આમંત્રણ આપવા માંગુ છું કે, ૧૧મી તારીખે સોમવારે, સાંજે ૬–૩૦ વાગ્યે આખા દેશની અંદર પહેલીવાર થ્રીડી ટાઇપનું જે ટાઇટેનિક પીકચર છે એ ટાઇટેનિક થ્રીડીની મુવી જોવા માટે હું સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના માધ્યમથી આપ સૌને આમંત્રણ આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાયન્સ સીટીની અંદર ૨૦૦૫માં અબ્દુલ કલામ આઝાદ આવ્યા હતા. ૧૪ નવેમ્બર,૨૦૧૨માં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ જયારે સ્પેસમા હતા, ત્યારે આપણા સાયન્સ સીટીના વિદ્યાર્થીઓનું એમની સાથેનું ઇન્ટરેકશન કરાવી અને આ એક અલૌકિક દ્રશ્ય હતું કે ત્યાં

અવકાશમાં પણ ગુજરાતી અને સાયન્સ સીટીની અંદર આપણો વિદ્યાર્થી પણ ગુજરાતી. ઓલિમ્પિક ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે અને ઇન્ટરનેશનલ સાયન્સમાં ગુજરાતના વિદ્યાર્થી શરદ મીરાણીએ સતત ત્રીજી વખત ભારતનું પ્રતિનિધિત્વ કરીને ગુજરાત અને ભારત સરકારનું આંતરરાષ્ટ્રીય ગૌરવ વધાર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાયન્સ સીટીને યુનાઇટેડ નેશન વર્ષ–૨૦૧૦ દ્વારા તેને પેટર્ન તરીકે બિરદાવેલી છે. એક ગુજકોસ્ટ પણ અમારે ત્યાં ચાલે છે. ગુજકોસ્ટમાં ૧૮ જિલ્લામાં તેની નિમણૂક કરવામાં આવી છે. ૧૮ વિજ્ઞાન કેન્દ્રો છે. આ વિજ્ઞાન કેન્દ્રોમાં ૩૬૦૦ જેટલાં પોગ્રામ થયા છે અને ૧૬ લાખથી વધારે વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે. અત્યારે દસમા બારમાની પરીક્ષા ચાલે છે અને અમારી આ ટેકનોલોજીના માધ્યમથી દસમા કે બારમા ધોરણના વિદ્યાર્થીને કંઇ માર્ગદર્શન જોઇતું હોય તો અમારો સંપર્ક કરે છે. કોઇ સાયકોલોજીકલ રીતે ડિસ્ટર્બ થઇ જાય તો એવા વિદ્યાર્થીઓ પણ અમારો સંપર્ક કરે છે. આ સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા તેને મદદરૂપ થવા માટેનો પ્રયાસ કરવામાં આવે છે. ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ. તેના સંદર્ભમાં મારે બે વાત કરવી છે. ભૂકંપના સંદર્ભમાં આખા દેશની અંદર વિશેષ જો કામ થયુ હોય ( સમય–સૂચક ઘંટડી ) અને આ સંસ્થાએ ઇટાલી, જાપાન, કોરિયા, ફ્રાન્સ, રશિયા, યુક્રેન, અમેરિકા જેવી અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ આપણી સિસ્મોલોજીકલ ઇન્સ્ટિટયૂટ સાથે એમ.ઓ.યુ. કરેલા છે. ગુજરાતની અંદર એકવીસમી સદીમા ગુજરાતનો સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ વિભાગ સમગ્ર દેશની અંદર દિશાસૂચક છે. એટલા માટે આ સાયન્સ એન્ડ ટેકનોલોજીની વાત સાથે આપ સૌનું સમર્થન માંગુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ **(**નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની મંત્રી પરિષદ અંગેની માગણી–૩૦, ચૂંટણી કામગીરી અંગેની માગણી–૩૧ અને સામાન્ય વહીવટ વિભાગની માગણી–૩૩ લઇને આ સન્માનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વધારે સમય નથી લેવો. માનનીય પ્રદિપસિંહજીએ અમારા માહિતી અને પ્રસારણની સાથે સાથે વિપક્ષના જે સભ્યશ્રીઓએ મુદ્દા રજૂ કર્યા હતા તેની વિશદ્ છણાવટ કરી અને માહિતી આપી છે. સામાન્ય વહીવટ વિભાગ એટલે આખા રાજયની સરકારી વહીવટી તંત્રની એ ટોચની પાંખ ગણાય એવો વિભાગ છે. રાજયની અંદર મુખ્ય સચિવશ્રીથી માંડીને દરેક કેડરના કર્મચારીઓ, અધિકારીઓનું સંકલન, રાજય સરકારની સેવાઓ માટે એમની સક્રિયતા અને જે પ્રમાણે અહીંયા કહેવાયુ એ પ્રમાણે કર્મચારી નહીં પણ એમને સરકારના કર્મયોગી તરીકે ટ્રેનિંગ આપી અને સરકારી કામની સાથે સાથે પોતે ઉત્સાહપૂર્વક વૈચારિક રીતે અને માનસિક રીતે જોડાય એ પ્રમાણેનું કામ આ સામાન્ય વહીવટ વિભાગના નેજા નીચેના સરકારના દરેક વિભાગો કરે છે.

વિપક્ષના દંડક શ્રી બલવંતસિંહે હમણાં એમ કહ્યું કે મંત્રીશ્રીઓનો પ્રવાસનો ખર્ચ વધારે છે, માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ભારત સરકારનું બજેટ રજૂ થયું છે, એમાં ભારત સરકારના મંત્રીશ્રીઓને પરદેશના પ્રવાસો કરવા માટેની જોગવાઇ છે એ ૨૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ ભારત સરકારે કરેલ છે. મને ખ્યાલ નથી કે અહીં બેઠેલા કોઇ માનનીય મંત્રીશ્રી આવી રીતે વિદેશ પ્રવાસે ગુજરાતમાંથી જતા હોય, અને સરકારની તિજોરી ઉપર કોઇ ખર્ચ પડતો હોય. બીજું એમણે એમ કહ્યું કે આ મંત્રી મંડળ મોટું છે, ભૂતકાળમાં કોંગ્રેસની સરકાર હતી, ૪૫ મંત્રીઓની સરકાર આ કોંગ્રેસના નેતાઓ ચલાવતા હતા, અને આ હાઉસમાં બેસીએ ત્યારે કોણ મંત્રી અને કોણ સભ્ય તે પણ ખબર નહોતી પડતી એ પ્રમાણેનું મોટું મંત્રી મંડળ એ વખતે હતું. મને ખબર છે, હું પણ એ વખતે ધારાસભ્ય હતો, છાપાઓમાં કેવા સમાચાર આવે, જમ્બો મંત્રી મંડળ, આ જમ્બો મંત્રી મંડળ ચલાવનારા આ ૧૬ સભ્યોના મંત્રી મંડળને કેવી રીતે મોટું કહે છે તે હું તો સમજી શકતો નથી. એમણે સદ્ભાવના મિશનની વાત કરી, એ કાર્યક્રમની ટીકા કરી, મેં અગાઉ પણ કહ્યું હતું કે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૩૩ કાર્યક્રમો રાજયમાં કર્યા, દોઢ કરોડ કરતા વધારે નાગરીકો, ગુજરાતીઓ, અબાલ–વૃદ્ધ સૌ કોઇ તમામ જ્ઞાતિ અને સમાજના લોકોએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો અને જોડાયા, એ આપણે બધા જાણીએ છીએ. પરંતુ માનનીય બલવંતસિંહ એમના પક્ષની વાત ભૂલી ગયા, તે વખતે

માનનીય મુખ્યમંત્રીશ્રીએ સદ્ભાવના મિશનની શરૂઆત અમદાવાદમાં કરી ત્યારે અત્યારના વિપક્ષના નેતા શ્રી શંકરસિંહજી, અને તે વખતના વિપક્ષના આગેવાનો અર્જુનભાઇ મોઢવાડીયા અને શકિતસિંહ ગોહિલ આ બધાએ ઉત્સાહભેર જાહેરાત કરી કે અમે પણ પેરલલ સાથે સાથે સદ્ભાવના મિશનનો કાર્યક્રમ કરીશું, આ સાબરમતિ આશ્રમની ફૂટપાથ ઉપર દેખાડો કરવા માટે એમણે શરૂઆત તો ઉત્સાહભેર કરી દીધી, પણ બે દિવસમાં રાત્રે મંડપમાં સૂવાનું બંધ થઇ ગયું, અને રાત્રે ગાડીઓના એ.સી. ચાલુ રાખી અને એ.સી. ગાડીમાં સૂઇ રહ્યા, પત્રકાર મિત્રો જોઇ ગયા અને ટી.વી. મીડીયાવાળા જોઇ ગયા, છાપામાં ફોટા આવ્યા ટી.વી.માં આવ્યું અને ત્રીજા દિવસે ઉલાળીયો કરી અને જતા રહ્યા. આ કોની સદ્ભાવના એ ખબર નથી. નકલ કરવા ગયા પણ આવડત વગર અને •(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું કાર્યવાહીમાંથી રદ કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નકલમાં અકલ ન હોય તેવી આપણે ત્યાં કહેવત છે, ગુજરાતની પ્રજાનું કયાંય સમર્થન એ વખતે પણ ન મળ્યું અને વિધાનસભાની ચૂંટણી થઇ ત્યારે પણ ન મળ્યું, તેના પછી નગરપાલિકાઓ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં પણ પ્રજાથી વિમુખ થઇ ગયા, હમણા માનનીય પ્રદિપસિંહજીએ કહ્યું કે સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ એમનો વિભાગ વિદ્યાર્થીઓને આપે છે, તો હું એમને વિનંતી કરીશ કે આ કોંગ્રેસી મિત્રોને પણ થોડીક ટ્રીટમેન્ટ આપે. તો એમને સદબુદ્ધિ થોડી આવે.

અધ્યક્ષશ્રી : કોંગ્રેસીઓને શું કામ, બધા રાજકારણીઓ માટે રાખોને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જે લોકો નિરૂત્સાહ થઇ ગયા છે, હતોત્સાહ થઇ ગયા છે, નિરાશ થઇ ગયા છે એમને જરૂર છે. અમે બધા તો ઉત્સાહથી ભરપૂર છીએ અને ગુજરાતની સેવા કરવા અને વિકાસ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આપના માધ્યમથી આ ગૃહ દ્વારા કામગીરી કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : ઘણી વાર આપણને શું ટ્રીટમેન્ટની જરૂર છે તેની આપણને ન ખબર હોય, સામે વાળાને ખબર હોય. ચલાવો તમે, પૂરૂં કર્યું તમે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા છે તે પણ અમે જોયા છે, માનનીય સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે આ માગણીઓને સમર્થન આપ્યું છે અને કેટલાક સૂચનો કર્યા છે તે પણ અમે ચોક્કસ ધ્યાને રાખીશું. હા. હું ટૂંકમાં થોડા સમયમાં બધી વિગતો આપી દઉં. આઇ.એ. એસ. અધિકારીઓની જગ્યાઓ વધારવા ઘણા સમયથી રાજયમાં પ્રક્રિયામાં હતું, હમણાં ૨૬૦ આઇ.એ.એસ. અધિકારીઓ આપણા રાજયમાં છે. ભારત સરકારે આ જગ્યાઓ વધારીને ૨૯૭ કરવાની મંજૂરી આપી છે, એટલે નવા વધારાના ૩૭ આઇ.એ. એસ. અધિકારીઓ આવશે એની સેવાનો લાભ રાજયને મળશે. એમાંથી ૨૬ જગ્યાઓ સીધી ભરતીથી ભરાશે અને ૧૧ જગ્યાઓ જે આઇ.એ. એસ.માં નોમીનેટ થશે એ અત્યારે ગુજરાતની વિવિધ કેડરોમાં કામ કરતા ગુજરાતી અધિકારીઓ છે એને પણ આઇ.એ. એસ. ના પ્રમોશનની તક વધારાની ઉપલબ્ધ થશે.

કર્મચારીઓની ભરતી અંગેની વાત પણ માનનીય સભ્યશ્રીઓએ કરી. મારે એમને કહેવું છે કે આ ભરતી ઉપર કાપ ૧૯૯૧માં શરૂ કરવામાં આવેલો અને એને ખૂબ લાંબા સમય સુધી કોંગ્રેસની રાજપાની સરકાર વખતે પણ ચાલુ રાખવામાં આવેલો. માનનીય નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી એ કાપની મર્યાદા રદ કરી અને નવા કર્મચારીઓ, અધિકારીઓની ભરતીની પ્રક્રિયા ચાલુ કરી અને એના કારણે જુદી જુદી રીતે છેલ્લા ત્રણ વર્ષની અંદર જુદા જુદા તબક્કે ભરતી થઇ. એમાં પ્રથમ તબક્કે ૨૦૪૫૧ અને બીજા તબક્કે ૪૬૨૬૫ એમ કુલ મળીને ૬૬૭૧૬ જગ્યાઓ ભરવામાં આવી છે. માનનીય નરેન્દ્રભાઇની સરકારના દસ વરસની વાત કરીએ તો આ સરકાર દ્વારા સીધી ભરતીથી ૨,૬૨,૩૧૨ કર્મચારી, અધિકારીઓની ભરતી નિયમિત રીતે કરવામાં આવી છે. એટલે કોંગ્રેસના લોકો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

એમ કહેતા હોય કે આ સરકારના સમયમાં સરકારી ભરતીઓ થઇ નથી પરંતુ ૨, ૬૨,૩૧૨ જેટલી ભરતી આ સરકાર દ્વારા કરવામાં આવી છે.

એચ.આર. એમ. એસ. યોજના ચાલુ પદ્ધતિથી આપણે કર્મચારીઓને વૈજ્ઞાનિક રીતે સારી રીતે વહીવટી પ્રક્રિયામાં સમાવેશ થાય અને આઇ.ટી. આધરિત એમનું નોલેજ વધે અને એમની કામ કરવાની શકિત વધે એ માટે આ વખતના બજેટમાં એમની ટ્રેનિંગ માટે દસ કરોડની જોગવાઇ કરી છે. જેમ ડોકટર જૂના હોય પણ નવી નવી શોધખોળો નવી દવાઓ એ જોતાં જ જતાં હોય એમ આપણા સરકારી કર્મચારી અધિકારીઓને નવી નવી વહીવટી પદ્ધતિ નવા નિયમો, નવી જોગવાઇઓથી સુશિક્ષિત કરવા માટે આપણે સ્પીપા દ્વારા સતત ટ્રેનિંગ આપીએ છીએ. ગુજરાતના વિદ્યાર્થીઓ ભારત સરકારની વિવિધ પરીક્ષાઓ છે એમાં ભાગ લઇ શકે અને એમાં ટ્રેનિંગ આપવાનું કામ પણ કરીએ છીએ, અત્યાર સુધીમાં ૯૬૦૬ વિદ્યાર્થીઓને આપણા સ્પીપા દ્વારા તાલીમ આપી છે અને ઘણા આપણા ગુજરાતી ભાઇ બહેનો આઇ.એ. એસ. અને આઇ.પી.એસ.ની પરીક્ષામાં સફળ થયા છે અને એના કારણે ગુજરાતનું નામ ભારત સરકારની સેવામાં પણ વધ્યું છે. હવે આ વખતે નવો ઉમેરો કરીને આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. સિવાય ભારત સરકારની અન્ય પરીક્ષાઓ છે અન્ય જે ભરતી પ્રક્રિયા છે એમાં પણ કેન્દ્રીય જાહેર સાહસોમાં ગુજરાતીઓ સીલેક થાય એ માટેની ટ્રેનિંગ આપાવાનું આપણે શરૂ કરવાના છીએ એના માટે ૩૦ લાખની જોગવાઇ પણ આપણે કરી છે.

